ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૨૭

મંગળવાર, તા. ૬ઠ્ઠી માર્ચ ૨૦૦૭
ફાલ્ગુન ૧૫, ૧૯૨૮ શાકે

થી

ગુરુવાર, તા. ૮મી માર્ચ, ૨૦૦૭
ફાલ્ગુન ૧૭, ૧૯૨૮ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ

## અગિયારમી ગુજરાત વિધાનસભા

## અગિયારમું અધિવેશન


ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય

ગાંધીનગર.

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **મંગળવાર, તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૭ / ફાલ્ગુન ૧૫, ૧૯૨૮ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧ - ૩૩ |
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૩૪ - ૪૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૭ - ૯૩ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૯૪ - ૯૫ |
| માનનીય મુખ્યમંત્રીશ્રીનું નિવેદન નિયમ-૪૪ | ૯૬ - ૯૮ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૯૯ - ૧૧૯ |
| **બુધવાર, તા.૭મી માર્ચ, ૨૦૦૭ / ફાલ્ગુન ૧૬, ૧૯૨૮ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૨૦ - ૧૩૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩૩ - ૧૬૩ |
| ગુજરાત(પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૦૭ | ૧૬૪ - ૧૭૦ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૧૭૧ - ૧૯૨ |
| **ગુરુવાર, તા.૮મી માર્ચ, ૨૦૦૭ / ફાલ્ગુન ૧૭, ૧૯૨૮ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૯૩ - ૨૦૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૦૩ - ૪૩૮ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૪૩૯ - ૪૪૧ |
| શિક્ષણમંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪) | ૪૪૨ - ૪૪૬ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૪૪૭ - ૪૪૭ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૪૪૮ - ૪૫૫ |
| બિન સરકારી સંકલ્પો | ૪૫૬ - ૪૭૩ |


***

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૬ઠ્ઠી માર્ચ ૨૦૦૭**
**ફાલ્ગુન ૧૫, ૧૯૨૮ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

### અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાની મર્યાદા અંગે

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીઓ જાણે છે કે અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા માટે ચાર દિવસ ફાળવવામાં આવ્યાં છે. અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા દરમ્યાન આખા અંદાજપત્ર ઉપર અથવા તો તેમાં સમાયેલા કોઈ સિદ્ધાંતના પ્રશ્ન ઉપર ચર્ચા કરી શકાય. અગર તો સેવાની અગત્યતા અનુસાર ખર્ચની યોગ્ય ફાળવણી, અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણે કર નાખવાની નીતિ અને માનનીય નાણામંત્રીશ્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકાય. પરંતુ ખાતાની ઝીણીઝીણી વિગતો કે સ્થાનિક પ્રશ્નોની છણાવટ આ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં થઈ શકે નહિ પણ અનુદાનની માગણીઓ ઉપરની ચર્ચા કરતી વખતે કરવાની હોય છે. માનનીય સભ્યશ્રીઓ આ બાબત ખ્યાલમાં રાખશે તો પુર્નરુકિત થશે નહિ અને ચર્ચા ઉપયોગી થશે. હવે અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા શરૂ થશે.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૦૭-૦૮નું ૪૩,૩૫૮.૩૪ કરોડના ખર્ચવાળું જે બજેટ લઈને આવ્યા છે એ બાબતે હું મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટ લઈને આવ્યા છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રીએ સભ્યોને અને સમાજને રાજ્યને રાજ્યની જે વાસ્તાવિક સ્થિતિ છે, આવકની સ્થિતિથી માંડીને રાજ્યની સ્થિતિ સુધી એમણે બહુ સ્પષ્ટ રીતે પત્રકો સાથે આવવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી બજેટ લઈને આવ્યા છે. હું વિકાસ કાર્યક્રમની પુસ્તિકા જોતો હતો, મને એમ થયું કે હું પોઈન્ટ ઓફ ઓર્ડર ઊઠાવીને વાત કરું, પરંતુ જ્યારે મારા મિત્રોએ નિયમોની મર્યાદા છોડી દીધી એટલે હું એમાં જતો નથી. દર વર્ષે વિકાસ કાર્યક્રમની પુસ્તિકા હોય એની અંદર સ્પષ્ટ રીતે બંને ભાષામાં અગ્રેજી અને ગુજરાતી ભાષાની અંદર એના પત્રકો આપવાં જોઈએ. પહેલી વખત આ વખતે એવું થયું છે કે કેન્દ્ર સર્મપિત જે પુરસ્કૃત યોજનાઓ છે એના જે ટેબલો છે એ ગુજરાતી ભાષામાં પણ અંગ્રેજીમાં આપ્યા અને કોઈને ખ્યાલ ના આવે એટલા માટે એકેય પત્રક, એકેય યોજનાનો સરવાળો કરી ટોટલ પુરસ્કૃત યોજનાઓ કેટલી છે એ કહેવામાં ના આવ્યું. ગુજરાત રાજ્યનો જે gross domestic productનો growth rate છે એ સામાન્ય રીતે constant prices ઉપર સ્થિર ભાવે આપવાના હોય અને આપણે ત્યાં એવું બનતું આવ્યું છે કે હંમેશા જે domestic product એ GDP growth છે. એ રાજ્યનો દર હંમેશા છેલ્લા પાંચ વર્ષની અંદર ઉદ્યોગોની નથી વધી પણ બહુ સારું વર્ષ થાય ત્યારે ખેતીની અંદર જે વધે એના કારણે આપણે saturate થતા રહ્યાં છીએ. સરકારને આ વખતે એમ લાગ્યું કે આ ખેતીનો GDP growth rate છે રાજ્યનો એ ખૂબ ડાઉન થાય તેમ છે એટલે એ રેટ છે એ સ્થિર ભાવે આપવાના બદલે એણે current pricesમાં બોલવાનું શરૂ કર્યુ, જેમ માનનીય મુખ્યમંત્રીશ્રી બીજા રાજ્યમાં જઈ current price અને constant price જે સામાન્ય લોકોની terminology નથી. એની અંદર બોલવાનું શરૂ કર્યુ, એમ અહીંયા ફરી પાછું બોલવાનું શરૂ કર્યુ, એમ કહ્યું કે, ૧૩ ટકા ગ્રોથ રેઈટ વધે છે પણ જે સ્થિર ભાવોની આ વખતે ગણતરી થશે, અહીયાં આપ્યું નથી એ લોકોએ, તો એ ૮ ટકાથી વધવાનો નથી. છેલ્લા વર્ષોનો જે ગ્રોથ રેઈટ થયો છે એ હું એમને કહેવા જાઉં છું, આ લોકોના શાસનમાં, એમના જ આંકડામાં છે, ૨૦૦૦-૨૦૦૧માં માઈનસ ગ્રોથ રેઈટ છે, માઈનસ ૪.૮૯ ટકા થયો, ૨૦૦૨-૦૩માં ૮.૪૧ ટકા, ૨૦૦૧-૦૨માં ૮.૧૪ ટકા,૨૦૦૩-૦૪માં બહુ સારું વર્ષ થયું એટલે ૧૪.૭૭ ટકા થયો, ૨૦૦૪-૦૫માં ૭.૩૮ટકા થયો, ૨૦૦૫-૦૬માં બહુ સારૂં વર્ષ થયું ૧૨.૧૭ ટકા થયો અને આ વર્ષનો ગ્રોથ રેઈટ છે જે એમણે બતાવ્યો નથી. કાયદા મુજબ બતાવવો જરૂરી હતો પણ કોન્સ્ટન્ટ પ્રાઈસીસનું ગણીશું તો ૮ ટકાથી વધવાનો નથી અને એણે આ વિકાસ કાર્યક્રમમાં આખા ભારતની જે દસમી પંચવર્ષીય યોજના છે એનું એપ્રોચ પેપર આપ્યું, અગિયારમી પંચવર્ષીય યોજનાનું આખા ભારતનું એપ્રોચ પેપર આપ્યું પણ જેનું બજૅટ પાસ કરવા જઈ રહ્યા છે એને છુપાવવા જેવું છે. કારણ કે, દસમી પંચવર્ષીય યોજનાના જે એપ્રોચ પેપરમાં આપણે જે ટાર્ગેટ નક્કી કર્યા હતા એમાંથી એક પણ ટાર્ગેટ આ રાજયમાં આપણે પ્રાપ્ત કરી શક્યા નથી એટલા માટે એનું એપ્રોચ પેપર ના આપ્યું.

અગિયારમી યોજનાનું એપ્રોચ પેપર ના આપ્યું અને અગિયારમી યોજનામાં, દસમી યોજના હતી એ દસમી યોજનામાં આપણે શું પ્રાપ્ત કરવા ધાર્યું હતું અને શું બાકી રહી ગયું અને અગિયારમી યોજનામાં શું કરવાનું

છે એનું કોઈ એપ્રોચ પેપર ના આપ્યું અને એટલા જ માટે જે ચિત્રો ઊભા કર્યા છે અહીંયા એ આભાસી ચિત્રો ઊભા કરવામાં આવ્યા છે અને એ કરે પણ ખરા ,એટલા માટે કે દર વર્ષે વજુભાઈનું કેટલામું બજૅટ છે એ આવે, દર વખતે આવે કે આ દસમું બજૅટ છે, નવમું બજૅટ છે, બારમું બજૅટ છે પણ• * (xxxxx) * (xxxxx) * (xxxxx) * (xxxxx) * (xxxxx) * (xxxxx) * (xxxxx) * (xxxxx) * (xxxxx) * (xxxxx) * (xxxxx) * (xxxxx) * (xxxxx) * (xxxxx) આ જે બજૅટ છે એ વજુભાઈનું બારમું બજૅટ છે અને મારી બધાને વિનંતી છે કે, ઘણા બધા ધારાસભ્યોની તો હાલત તો શી છે એ પૂછવા જેવું નથી પણ મારે આ આગલી હરોળમાં બેઠા છે એમને વિનંતી કરવાની કે અહીંયા જાહેરાત કરી દે કે અમે મત વિસ્તાર કોઈ બદલવાના નથી. કારણ કે, અત્યારથી ઘણા મત વિસ્તારો શોધવા નીકળ્યા છે, કોણ જીતાડી દેશે આપણને, પણ એ બધું પ્રજા નક્કી કરીને બેઠી છે એટલે બહુ ચિંતા કરવા જેવી નથી અને એટલા માટે નથી કરવાની કે, આ જે બજૅટ છે (અંતરાય) પોરબંદર તો સાચવશું અને ત્યાં હડકાયેલા કૂતરાને કેટલાકને રેઢાં મૂક્યાં છે એનું જ પૂરું થઈ જશે આ વખતે. (અંતરાય ) તમે તો કેટલાયને ચઢાવી દીધા અને કેટલાક બિચાડાને ઘરે બેસાડી દીધા અને કેટલાકને ઉપર મોકલી દીધા એની બહુ ચિંતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રભારી મંત્રી બોલ્યા બહુ સારું થયું ( અંતરાય )

**અધ્યક્ષશ્રી .** : બધા હવે મર્યાદા રાખો ( અંતરાય ) શરૂઆત આપે કરવાની છે એટલે આપ આ ગૃહ શાંતિથી ચાલે એવું વાતાવરણ રાખો. પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ સરકાર જે બજૅટ લઈને આવી છે એમાં જે ખર્ચ થવાનો છે. આ ખર્ચની ૧૦૧૫૯.૮૬કરોડ એટલે કે દસ હજાર કરોડ કરતા વધારે રકમ એટલે કુલ બજેટની ૨૩.૪૩ટકા રકમ માત્ર લોન લઈને પૂરી કરવાની છે. આ વખતે જે જવાબદારી રાજયની ઉભી થઈ છે એ ૮૭૫૦૪કરોડ ચૂકવવાની જવાબદારી ઉભી થઈ છે. આપણું એટલું દેવું છે એના માટે આ વર્ષે ૭૮૦૦કરોડ રાજયને વ્યાજ ભરવું પડે. આ ૪૩૩૫૮કરોડના બજેટમાં ૭૮૦૦કરોડ વ્યાજ ભરવું પડે. વ્યાજ ભરવા માટે દસ હજાર કરોડનું દેવું કર્યું છે. માલજીભાઈએ વાત કરી હતી કે સરકાર દર વર્ષે ઘી પીવા માટે દેવું કરે છે. ફીસ કાલ ડૅફિસિટની વાત થઈ છે. ૨૦૦૬-૦૭માં ૬૧૬૫કરોડ હતું. આપણને એવું હતું કે આ વર્ષે ઘટશે પણ ૨૦૦૭-૦૮માં ૫૯૯૪કરોડ છે. આ વખતે ખૂબ મોટી આવક ઉભી થઈ છે કારણકે રાજય સરકારે જ કહ્યું એ પ્રમાણે આ બે વર્ષમાં માત્ર વેટ લાગુ કર્યો એને કારણે ૫૦૦૦ ક્રોડ કરતાં વધારે આવક ઉભી થઈ એને કારણે આ એક જ વર્ષમાં ૨૩૯૩કરોડની વેટના વેરાની આવકમાં વધારો થયો છે. લગભગ રાજયની આવક ૧૮ટકાથી વધી અને કેન્દ્રની આવક છે જેમાં આપણને હિસ્સો મળે છે એ ૨૦ટકા વધી. યોજનાની આવકમાં વધારો થયો છે. આટલું કર્યા પછી જે વિકાસ લક્ષી ખર્ચ થયો એમાં સો કરોડનો વધારો થયો. ૨૦૦૬-૦૭માં વિકાસ લક્ષી ખર્ચ હતું ૨૫૪૦૭.૮૪કરોડ એની સામે ૨૦૦૭માં નિર્ધારિત ખર્ચ ૨૫૫૦૮.૭૫કરોડ માત્ર આટલો નીગ્લીઝીબલ વધારો થયો. જયારે બીન વિકાસ લક્ષી ખર્ચ છે એમાં ૪૦૦૦કરોડનો વધારો આ વખતે સૂચવ્યો છે. ૧૩૨૭૬કરોડ ૨૦૦૬-૦૭માં બીન વિકાસ લક્ષી ખર્ચ હતો એ ૨૦૦૭-૦૮માં ૧૭૧૪૪કરોડ નિર્ધારિત કર્યો છે. ૪૦૦૦કરોડનો આ એક જ વર્ષમાં બીન વિકાસ લક્ષી ખર્ચમાં વધારો થયો અને છતાં ગ્રામ વિકાસનું જે બજેટ છે એ ૨૦૦૬-૦૭માં ૫૧૯કરોડ હતું એની જગ્યાએ ૨૦૦૭-૦૮માં ૫૧૩કરોડ છે. જો ગ્રામ વિકાસમાં ખર્ચ કરવાનો નથી તો કયાં ખર્ચ કરવાનો છે? આ ચૂંટણી લક્ષી વર્ષ છે. મને વાંધો નથી પણ ૪૦૦૦કરોડ પ્રજાની તિજોરીમાંથી લઈને ચૂંટણી લક્ષી ખર્ચ કરવાનો હોય તો એ ગુજરાતનું દુર્ભાગ્ય છે. આ વર્ષે આટલી ઊંચી આવક હોવાછતાં ૨૦૦૫-૦૬ કરતા ૨૮૦૦કરોડ માત્ર વેટની અંદર વધારાની આવક ઉભી થઈ છે અને છતાં જાહેરાત એવી કરી કે ૪૦૦કરોડની રાહત આપી છે. એક તરફ જંત્રીના ભાવ બજેટ પહેલા અને બજેટ સત્રની જાહેરાત થયા પછી ૫૦ટકા વધારી દેવાના. એમાંથી ૩૫૦કરોડ વધારાના મેળવી લેવાના. વેટમાંથી વધારાની આવક મેળવી લેવાની અને માત્ર બતાવવા ખાતર એમ કહેવાનું કે અમે ૪૦૦કરોડની રાહત આપી છે. જેમાં રાહત આપી છે એમાંથી વધારાની ૪૦૦ કરોડ રાજય સરકાર પાસે આવવાના.

રાજય સરકારે વચન આપ્યું હતું. ભારતીય જનતા પક્ષનું વચન હતું. અમે ઑક્ટ્રૉય મહાનગરપાલિકામાંથી નાબૂદ કરવાના છીએ. ચૂંટણી વચન ભૂલી ગયા એમાં કાંઈ નવું નથી. તમે કર્ણાવતીનું નામ ભૂલી ગયા, રામને ભૂલી ગયા અને પ્રજાને પણ ભૂલી જાય એમાં કાંઈ વાંધો નહિ. વિધાનસભા ગૃહની અંદર વચન આપ્યું હતું. વેટ આવશે એટલે નાબૂદ કરી દેવાના છીએ. પણ વેપારીઓ આવશે ત્યારે બધાને નાબૂદ કરી દેવાના. બધા રાહ જોઈને બેઠા છે. ક્યારે તમે આવો પ્રજાની વચ્ચે. એક વિચારકે વાત કરી છે કે દંભીને દશકો હોતો નથી અને સત્યની સદી હોય છે અને એટલા માટે આ લોકોને વારંવાર પાટિયા બદલવા પડે છે. અને ચહેરા બદલીને જવું પડે છે, એટલે ચહેરા બદલીને જવું ન પડે, એની તૈયારી રાખજો. આ વખતે બહુ સરસ શબ્દ લઈ આવ્યા વાય ગુજરાતને બદલે માય ગુજરાત. ગ્રામ રાજ્યથી શરૂ કરીને રામ રાજ્ય. વાય ગુજરાત માય ગુજરાત કોના માટેનું ગુજરાત. મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓને લાગે છે કે આ માય ગુજરાત છે, કારણ કે એને ફાયદો

• * (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ ચર્ચા અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવી છે.

થાય એવી બધી જ વાત બહાર થાય છે, અહીંયા પણ થાય છે, પણ ખેડૂતોના આપઘાતની વાત થવા દેવાતી નથી. મહિલાઓના આપઘાતની વાત થવા દેવામાં આવતી નથી અને એક વખત એવું હતું કે દેશના વડાપ્રધાન હોય કે રાજ્યના મુખ્યમંત્રી હોય ખેડૂતોની વચ્ચે બેઠા હોય, આદિવાસીઓની વચ્ચે બેઠા હોય અને ગૌરવ અનુભવાતું અને આજે ઉદ્યોગપતિઓની વચ્ચે રહેવામાં મુખ્યમંત્રીશ્રી ગૌરવ અનુભવે છે. ખેડૂતોની વચ્ચે જવામાં સરકારની સલામતી નથી કે શું? રથો કાઢીને, યાત્રા કાઢીને એનાથી વિકાસ થતો હોય તો અહીયા આવવાની જરૂર નથી. કાયમ રાથયાત્રા કાઢતા રહો.(અંતરાય) એને તો રાજ્યમાં રથયાત્રા કાઢી અને પોતે શાસનમાં આવ્યા ત્યારે કહ્યું અબ *(* (xxxxx) * (xxxxx) * (xxxxx) * (xxxxx) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ આવું આપ બોલશો તો પછી બધા બોલશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મને ડિસ્ટર્બ ન કરે નહિતર હું બોલીશ.

**શ્રી વજુભાઈ વાળા** : આવા શબ્દો કાઢી નાખવા જોઈએ, નહિતર એનો જવાબ ચોક્કસ મળશે. આપે નક્કી કરવાનું છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : જવાબ આપજો મને વાંધો નથી.(અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : આપ એવું કહેશો કે જવાબ બરોબર આપતા નથી, બરાબર બોલતા નથી. આપ શરૂઆત કરો છો. પ્લીઝ શરૂઆત ન કરવી જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો વાંધો પ્રશ્નોત્તરીમાં હતો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : * (xxxxx) એ શબ્દ કાઢી નાખજો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આપ કઢાવી નાખજો. મે કોઈ વાંધો નથી, પણ ઈતિહાસમાં લખેલ છે એ નાબૂદ થતું નથી. ઈતિહાસમાં લખેલ હોય કયાંય નાબૂદ થતું નથી. ગઈ વખતે ચર્ચા નાબૂદ કરાવી હતી.

**અધ્યક્ષશ્રી .** : તમે શા માટે શરૂઆત કરો છો?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મને તો ત્યાંથી કહેવામાં આવે એટલે કહું છું. મને શાંતિથી પ્રવચન કરવા દો.

**અધ્યક્ષશ્રી** : તમે પ્રવચનમાં આવા શબ્દો શા માટે લાવો છો?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : વંચિતોના વિકાસની વાત આવી છે. આ સરકાર વંચિતોનો વિકાસ કરે છે અને એના માટેની પંચવર્ષીય યોજના બનાવી એ યોજનાની જાહેરાત થાય છે. અહીંયા પણ એ મુખ્યમંત્રીશ્રીના નામે થાય. અહીંયા એ સિવાયનું બીજું આવે નહિ. એક જ નામ આવે. પ્રેરણા બધી ત્યાંથી જ મળે (અંતરાય) એના માટે સોનિયા ગાંધી થવું પડે, સત્તા માટે થઈને કોઈકનું કરવું ન પડે. તેના માટે તો સોનીયા ગાંધી થવું પડે. ત્યાગ આપવો પડે. રાજસત્તા માટે કોઈનું કરી નાંખવું નહીં પડે. માત્રને માત્ર વંચિતોના વિકાસની વાત કરું છું બજૅટમાં કેટલું થયું? મારે પૂછવું છે. મારે તો સાહેબ પાંચ જ આંકડા આપવા છે આ મિત્રોને. હમણાં ભારત સરકારનું બજૅટ આવ્યું. તેમાં બીજું કંઈ યાદ ન આવ્યું માનનીય મુખ્યમંત્રીશ્રીને એટલે એમણે એમ કહયું કે પાળેલા જનાવર માટે એક ટકો ઓછો થયો અને તેનું મોટું કરી બતાવ્યું પણ મારે તો પૂછવું છે કે ગુજરાતનો જે જેમ્સ એન્ડ જવેલરીનો ઉદ્યોગ છે તેમાં ઘટાડ્યા છે. આખો ઉદ્યોગ ઉભો થઈ જવાનો છે તેવી એકસાઈઝની વાત ન કરી. સાહેબ, રેલવેના બજૅટની અંદર ઈતિહાસમાં પહેલીવાર ભાડા ઘટ્યા છે તેનું કંઈ દેખાયું નહીં પણ જે બીજું કંઈ હતું તેમાં મજાક કરવા માટે કહેવામાં આવ્યું. મારે બજૅટના આંકડા આપવા છે. ૨૦૦૩-૦૪માં કોની સરકાર હતી તે મારે કહેવું નથી. ૨૦૦૩-૦૪માં આદિવાસીઓ માટે ૯૦૧ કરોડ રૂપિયા બજેટમાં હતા એન.ડી.એ.નું શાસન હતું. જયારે આ વખતના બજૅટમાં ૧૭૩૨ કરોડ રૂપિયાની જોગવાઈ થઈ છે.

**અધ્યક્ષશ્રી** :મેં ઘણીવાર કહયું છે કે કેંદ્રની વાત નહીં કરો. તો પણ ચાલુ રાખો છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : કેંદ્રની વાત દરરોજ આવે છે. મારે ચાર બાબતોના આંકડા આપવા છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ પછી વાંધો ન લેતા. પછી વાંધો આપ લો છો. અત્યારે આપ બોલો છો અને પછી વાંધો લો છો આવી સ્થિતિ આવે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા રેફરન્સમાં છે. આટલો વધારો થયો છે. ગુજરાતને પૈસા મળવાના છે. સ્કૂલ એજ્યુકેશનમાં ૫૪૩૭ કરોડ હતા તેના ૨૩૦૦૦ કરોડ રૂપિયા થયા. પ્રાથમિક શિક્ષણમાં ૫૦૦૦ કરોડ હતા તેની સામે ૧૬૯૩૪ કરોડ રૂપિયા થયા. ગ્રામ વિકાસમાં ૧૫૫૧૯ કરોડ હતા તેની સામે ૨૭૫૩૨ કરોડ રૂપિયા થયા. આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે ૭૦૦૦ કરોડ રૂપિયા હતા તેના ૧૪૩૬૩ કરોડ રૂપિયા થયા. આ તો માત્ર આટલા આંકડા આપ્યા છે. ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી એમ કહે કે ૧૫ હજાર કરોડ રૂપિયાનું બજૅટ વંચિતોના વિકાસ માટે લઈ આવ્યા છીએ અને આ બજૅટમાંથી આપણને મળવાના છે. ૧૫ હજાર કરોડ રૂપિયા તે પાંચ વર્ષ માટેની જોગવાઈ હોય તો એક વર્ષના ૩૦૦૦ કરોડ રૂપિયા આપવા પડે. પાંચ વર્ષમાં આ રૂપિયા વાપરવાના છે. પંચવર્ષીય યોજનામાં કહયું છે કે આટલા રૂપિયા વાપરીશું પણ ૧૫૦૦૦ કરોડ

* * (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

રૂપિયા વાપરવા હોય તો એક વર્ષમાં ૩૦૦૦ કરોડ રૂપિયા વાપરવા પડે. આ વખતે આ તો ચૂંટણીલક્ષી વર્ષ છે છતાં ૨૩૦૦ કરોડ રૂપિયાની તેમાં જોગવાઈ કરી છે. ૨૩૦૦ કરોડ રૂપિયા પહેલા વર્ષે વાપરવાના હોય અને ચૂંટણીના વર્ષમાં હોય ત્યારે આદિવાસી સમાજ સમજી જશે કે આવતા વર્ષોમાં કેટલા વાપરવાના છે. તેમને આંકડા આપું છું. મારે વાત એટલી કરવાની છે કે વાત પ્રજાને કંઈ કહેવી અને વાસ્તવિકતા જુદી હોય. કુંવરબાઈનું મામેરું આપીશું. ગયા વર્ષે ૧૬૦૦ બહેનોને કુંવરબાઈનું મામેરું આપ્યું. ગુજરાતના ૧૮ હજાર ગામડાઓમાં માત્ર ૧૬૦૦ બહેનોને કુંવરબાઈનું મામેરું આપ્યું અને તેના માટે કોઈ જોગવાઈ કેટલી કરી. મારે કહેવું નથી અને આંકડા કહેવાય તેવા નથી. કેટલા લોકો રાહ જુએ છે કે અમારા મામાઓ આવે અને મામેરું આપી જાય. પણ એ બધાને હવે એવું થઈ ગયું છે કે અમને મામા બનાવ્યા છે. પછી કોઈ મામા મામેરું લઈને કોઈ ગામમાં ગયા નથી. કુંવરબાઈનું મામેરું નામ લખ્યું છે. અત્યારે સાહેબ છાત્રાલયોની અંદર એક વિદ્યાર્થીદીઠ ૪૫૦ રૂપિયા અપાય છે. તેમાં કેટલાય વર્ષોથી વધાર્યા નથી. ૪૫૦ રૂપિયામાં પ્રોપર કેલરીનો ખોરાક મળી શકે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ બેસી જાઓ. બહેન અત્યારે કંઈ નહીં. બેસી જાઓ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ૪૫૦ રૂપિયામાં આ વિદ્યાર્થીઓનું શું થવાનું છે? (અંતરાય) પણ આ ગરીબ વિદ્યાર્થીઓની ચિંતા એટલા માટે નથી કે...

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, બેસો, પૉઈન્ટ ઑફ ઑર્ડર છે? નો, નો, બેસો.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી આદિવાસીઓ માટે જે શબ્દ વાપર્યા છે એ દૂર થવા જોઈએ.

**અધ્યક્ષશ્રી .** : પ્લીઝ, બેસો. બધા બેસો, પ્લીઝ.

**શ્રીમતી રમીલાબેન બ. બારા** : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતાશ્રીએ કુંવરબાઈના મામેરામાં મામા એ મામેરું લઈને આવે છે, તો મામા એ દિયર-જેઠ થાય છે, આ તો આદિવાસીઓનો રિવાજ છે માટે આદિવાસીઓ માટે જે મામાઓ શબ્દો વાપર્યો છે એ શબ્દો પાછા ખેંચાવા જોઈએ,

**અધ્યક્ષશ્રી** : એ તો એમને અહીંયા ખબર ન હોય, બેસો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મામેરું હંમેશાં કૌટુંબિક મામા હોય એ મામેરું લઈને આવે પણ અહીયાં એ મામા થવાના છે પણ એ નિષ્ફળ ગયા છે, માનનીય અધ્યક્ષશ્રી, ૪૫૦ રૂપિયામાંથી એક પણ રૂપિયો વાપર્યો નહીં, ૧૫૦૦૦ કરોડ રૂપિયા લાવ્યા પણ વિદ્યાર્થીઓ માટે કોઈ વધારો ન લાવ્યા, અનુસૂચિત જાતિ માટે માત્ર કહેવાય એટલા પૂરતો વધારો કર્યો છે, ૫૦ ટકા હિસ્સો બક્ષીપંચના જાતિઓનો છે પણ એમના માટે ૨૦૪ કરોડ.. (અંતરાય) ..

**અધ્યક્ષશ્રી** : માનનીય બધા જ સભ્યશ્રીઓ, બેસી જાઓ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાની વાત છે, આપણો સામૂહિક સંકલ્પ છે, પણ એમાં ૨૨૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયા પછી આજે માત્ર અઢી લાખ હેકટર જમીનમાં પાણી અપાય છે. આટલો ખર્ચ થયા પછી અમને અપેક્ષા હતી કે કેનાલોના જે નૅટવર્ક બન્યા છે, એમાં તો કોઈ પ્રકારની, કોઈ કોર્ટ કે ટ્રિબ્યુનલની મંજૂરીની જરૂર નથી પણ દશ વર્ષથી આ મુદ્દા ઉપર પ્રચાર કર્યા રાખો અને કેનાલના નૅટવર્કને ભૂલી જવાયું અને એના કારણે ટોટલ ૮૫૦૦૦ કિલોમીટર લાંબી કેનાલનું નૅટવર્ક કરવાનું છે એના બદલે ૧૪૦૦૦ કિલોમીટર આજે પૂરી કરી શક્યા છે, સંસદની ચૂંટણી આવી ત્યારે સુજલામ સુફલામ યોજના જાહેર થઈ અને એમાં વાત એવી કરવામાં આવી કે, ૬૨૦૦ કરોડ રૂપિયા ખર્ચી ત્રણ વર્ષમાં પૂરી કરી દેવાના છીએ, આજે ત્રણ વર્ષ પૂરાં થયાં અને છતાંય ૨૨૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો નથી, અને એમાંય ૫૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે, એમાં સામૂહિક ધારાસભ્યશ્રીઓએ ભેગા થઈને રિપોર્ટ આપ્યો, માનનીય અધ્યક્ષશ્રી, આ રિપોર્ટ જો બહાર આવી જાય તો આ ગુજરાત રાજયના સૌથી મોટામાં મોટા કૌભાંડ તરીકે બહાર આવે એમ છે પણ ઇરાદાપૂર્વક એને અટકાવવામાં આવે છે. (અંતરાય) કોઈના ખિસ્સાઓ ભરવા માટે આ યોજનાઓ બનતી નથી, ખેડૂતો માટે આ યોજનાઓ બનાવાય છે, અને જો એવું જ હોય તો આ યોજનામાં મારી જાહેર ચેલેન્જ છે કે, આ યોજનામાં એક પંચ નીમી એની તપાસ કરવામાં આવે, તો સાચી પરિસ્થિતિ શું છે એ બહાર આવી જવાની છે પણ એકાદ અધિકારીને આડાઅવળા કરીને, અને નામ પૂરતું જે અધિકારીઓ હતા એમને લઈને એની તપાસ શરૂ કરી છે એવું બતાવવામાં આવે છે અને પ્રજાએ એનાથી વિશ્વાસ કરવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, દર વખતે સરકાર બજૅટમાં એમ કહે છે કે અમે એક મિલિયન એકર ફીટ કચ્છ માટે, એક મિલિયન એકર ફીટ સૌરાષ્ટ્ર માટે નર્મદાનું પાણીનું વધારાનું આયોજન કર્યુ છે, હવે પહેલા વર્ષે ૫૦૦ કરોડનું આયોજન, આ વર્ષે ૫૦૦ કરોડનું આયોજન પણ વાપર્યા કેટલા તો દશ કરોડ રૂપિયા પૂરા વાપર્યા નહીં. એક પણ મોટી સિંચાઈ યોજના બનાવી નહીં. ખાત મુહૂર્ત કરી ગયા હતા ચૂંટણી પહેલા જિલ્લે જિલ્લે આજે એ ખાત મુહૂર્ત થયેલી તકતીઓ ધૂળ ખાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, નિર્મળ ગામની બહુ મોટા પાયે જાહેરાતો કરવામાં આવી. મને લાગે છે કે, નિર્મળ જો થતું હોય તો કોઈ વાંધો ન હોય કેંદ્ર સરકારનો કાર્યક્રમ છે. પણ મારે એટલું જ કહેવું છે કે, પહેલા ત્રણ વર્ષમાં ૪૫ કરોડ રૂપિયા કેંદ્ર સરકારે આપ્યા એમાંથી ૧૦ કરોડ રૂપિયા વાપરી શકાયા નહીં અને ૨૦૦૫માં આ રાજય

સરકારના આંકડા છે એ પ્રમાણે એક જ નિર્મળ ગામ થયું અને ૨૦૦૬માં માત્ર ચાર નિર્મળ ગામ થયા. હવે નિર્મળ ગામ અને નિર્મળ વર્ષ તરીકેની ઉજવણીઓ થાય છે. ઉજવણીઓ ભલે કર્યે રાખે વાંધો નહીં પણ સાચો વિકાસ લોકો સુધી પહોંચતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણમાં ૧૫ હજાર શિક્ષકોની જગ્યાઓ ખાલી છે અને ૨૦ હજાર ઓરડાઓ બનાવવાના બાકી છે. શિક્ષણમાં આપણે ૧૧મા ક્રમે છીએ, કન્યા કેળવણી રથ કાઢ્યો પણ હમણા આપણે જેન્ડર્સ પેરીટી ઈન્ડેકસનો સ્ટડી થયો દેશમાં એમાં ગુજરાતમાં ૧૦૦ છોકરીએ કેટલા છોકરાનું એન્ડોર્સમેન્ટ થયું? એમાં ગુજરાત દેશમાં સૌથી છેવાડાના રાજય તરીકે આવ્યું. રાજય ૧૩માં નંબરે આવ્યું. રામ રાજયની વાત કરે છે, તો રામ રાજય કોના માટે? તો કહે આ શૈક્ષણિક માફિયાઓ માટે કે જેને ૨૫ ટકા ટ્રસ્ટીઓની શીટોનો મેનેજમેન્ટ કવોટા આપવામાં આવ્યો અને એમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો, ૫ લાખ, ૧૦ લાખ કે ૨૫ લાખ લેવાયા. માનનીય અધ્યક્ષશ્રી, આની સામે એસ.ટી., એસ.સી., ઓ.બી.સી.ની જે અનામત હતી એ સેલ્ફ ફાઈનાન્સ કૉલેજોમાં બંધ કરી દેવામાં આવી. આ શૈક્ષણિક માફિયાઓની જે અનામતો ચાલુ રાખવામાં આવી છે એમાં કોઈ આ સરકારને તકલીફ નથી. પણ ગરીબ માણસોના બાળકો છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે પાંચ મિનિટ લેવી પડે એમ છે.

**અધ્યક્ષશ્રી** : આપને ૩૦ મિનિટ આપી છે. એટલે આપનો સમય પૂરો થાય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું નેતા છું. હું નક્કી કરીશ. હું પાંચ મિનિટમાં પૂરું કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ કલ્યાણની વાત થઈ. ૩ હજાર બાળકોના અપહરણ થયા છે એમાંથી ૧૭૦ બાળકોના અપહરણ કરીને હત્યા કરવામાં આવી છે. મહિલા અને બાળ કલ્યાણ માટેની માનનીય અશોકભાઈએ બૂકલેટ બહાર પાડી છે એમાં રાણી લક્ષ્મીબાઈ અને કલ્પના ચાવલાનો ફોટો આપ્યો છે. મને બહુ આનંદ થયો કે આ બે ફોટા આપ્યા છે, પણ એક આપણી ગુજરાતની ત્રીજી દીકરી અને હિંદુસ્તાનની ત્રીજી દીકરી આજે અવકાશમાં ફરે છે સુનિતા વિલિયમ એનો ફોટો છાપ્યો હોત તો વિશેષ આનંદ થાત અને એની બીક રાખ્યા વગર, અશોકભાઈ ડરવાનું ન હોય. તો આજે ગુજરાત તમને ધન્યવાદ આપત. (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : પ્રકાશન જોઈ લેવું સહેજ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પ્રકાશન મારા હાથમાં આજે જ આવ્યું છે પણ તમે તો સુનિતા વિલિયમને ધન્યવાદ આપવાનું ચૂકી ગયા. (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : સુનિતાજીને મેં ટેલિફોન કરીને જતા પહેલા અભિનંદન આપ્યા છે, તમે નથી આપ્યા.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તમે એ જાહેર નથી કરી શકતા. કર્યા હોય તો ખાનગીમાં કર્યા હશે.

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જાની વાત કરું તો મારે ઊર્જાના માત્ર થોડાક આંકડા આપવા છે. કૉન્ગ્રેસ રાજયમાં ૩૫૦૦ કરોડ રૂપિયાની સબસીડી ખેડૂતોને આપતી હતી, આજે ૯૦૦ કરોડ રૂપિયાની સબસીડી આપીએ છીએ. ૮ કલાક વીજળી ગામડાંમાં આપવાની વાત થાય છે પણ ગુજરાતમાં ટોટલ ૬૦ લાખ ગામડાઓના ઘરો છે એમાંથી સાડા અઢાર લાખ ઘરોમાં આજે વીજળીના કનેકશનો નથી. ૨૪ કલાક વીજળીની વાત કરે છે ત્યારે મારે કહેવું છે કે, ગઈ કાલે એક ઉદ્યોગ ગૃહની ચર્ચા થતી હતી, સુરતનું એ ઉદ્યોગ ગૃહ છે એણે પાવર સ્ટેશન નાંખ્યું એમાં એમની સાથે કૉન્ટ્રેક્ટ એવો હતો કે ૩૦૦ મેગાવોટ જી.ઈ.બી. ડ્રો કરે અને ૨૧૫ મેગાવોટ એ પોતાના કૅપ્ટિવ યુનિટ માટે રાખે. પણ એણે એકસેસ પાવર ૧૯૯૮ થી ૨૦૦૫ સુધી ડ્રો કર્યો એની ૧૨૦૫ કરોડ રૂપિયાની વસુલાત કરવાની બાકી છે આ ઉદ્યોગ ગૃહ પાસેથી એ લેતા નથી અને ૧૫૦ કરોડ રૂપિયાની વધારાની સબસીડી લઈ ગયું છે એ ઉદ્યોગ ગૃહ એ પાછી લેતા નથી. આ ગૃહની પબ્લિક અન્ડરટેકીંગ કમિટી છે તેને રિપોર્ટ આપ્યો તેને દાદ દેવી નથી. આ ઉદ્યોગ ગૃહ સાથે તેમને પાવર આપવાનું એગ્રીમેન્ટ હતું અને છતાં તેમની એક સીસ્ટર કન્સર્ન છે સ્ટીલ કોર્પોરેશન ઓફ ગુજરાત તેને પાવર અપાયો અને માત્ર ૨ વર્ષના વીલીંગ ચાર્જ માટે ૬૯ કરોડ રૂપિયાની વસૂલાત લેવા માટે ગુજરાત હાઈકોર્ટે આદેશ આપ્યો અને એની આગળના જો લઈએ તો ૧૨૦૦ કરોડ રૂપિયા વધારાના લેવાના છે તે પણ આદેશ આપેલો છે. ૩ હજાર કરોડ રૂપિયા એક જ યુનિટ પાસેથી લેવાના છે તેનો વાંધો નથી. પણ ગુજરાતના ખેડૂતો પાંચ દિવસ, પંદર દિવસ દંડ ભરવામાં મોડું કરે તો તેને આપઘાત કરવો પડે છે. આ ત્રણ હજાર કરોડ રૂપિયા કોના ઈશારે નથી દેવાતા તેમની કોઈ વાત નહીં કરે કારણ એટલા માટે કે પ્લેનોમાં ફરવું છે અને પ્લેનોમાં ફરી તેમનો લાભ લેવો છે. કયાંક અસ્ત્રાખાન જવું છે, કયાંક હોંગકોંગ જવું છે અને ગુજરાતના હિતોની વાત કરવી છે. ઉદ્યોગ ગૃહોની વાત થાય છે રામ રાજય શૈક્ષણિક માફીયાઓ અને ઉદ્યોગ માફીયાઓ બે માટે રામ રાજય આવ્યું છે. ગુજરાતની અંદર ગરીબ માણસને સો વારનો પ્લોટ નથી મળતો પરંતુ ગાંધીનગર અને અમદાવાદની વચ્ચેની જમીનો છે જેનો પાંચ હજાર અને દશ હજાર રૂપિયા ભાવ છે તે માત્ર ચારસો પચાસ રૂપિયે મીટર ક્યાંક પાંચસો પચાસ રૂપિયે મીટર ડી.એલ.એફ અને રહેદા જેવા બિલ્ડરોને અપાય છે અને આપણી બાજુમાંજ આપણું એર ડિફેન્સ કમાન્ડ છે તેની પાસે ૧૧૦૦ રૂપિયા મંગાય છે ૫૨ સ્કવેર મીટરના કારણકે એર ડિફેન્સ જે છે તેનો ગુન્હો એટલો છે કે તે દેશનું રક્ષણ કરે છે અને ઉદ્યોગપતિઓ એવા છે કે પ્રજાને લૂંટી અને કોઈકના હાથ ભીનાં કરે છે. આ બધા ઉદ્યોગોને જે જમીન અપાય છે

તે આઈ.ટી.ના નામે અપાય છે. આઈ.ટી.માં તો આપણો એકડોય નથી અને અહીંયા ઈન્ફોસીટી બનાવ્યું, બે ટાવર બન્યા છે હજુ દશ ટાવર બને તેમ છે પણ બે ટાવર પણ પૂરાં ભરાયા નથી તેની આત્મખોજ કરતા નથી પણ આઈ.ટી.ના નામે એસ.ઈ.ઝેડના નામે, ઉદ્યોગના નામે લાખો મીટર જમીન તેમને પધરાવી દેવામાં આવે છે અને પાછાં તે દુ:ખી ના થાય, બહારથી આવે એટલે એસ.ઈ.ઝેડમાં દારૂ પીવાની બધાને છૂટ આપવામાં આવે છે. બધી સગવડતાઓ આ પ્રકારની સાચવવામાં આવે છે પણ દેશની પ્રજા માટે કશું થતું નથી. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ માટે માત્ર ૨૦ લાખની ફાળવણી કરી. શ્યામજી કૃષ્ણવર્માની પાંચ લાખની ફાળવણી કરી. માનનીય અધ્યક્ષશ્રી, સરદાર પટેલના નામની વાત કરી પણ તમારું તો આમાં સરદાર પટેલમાં નામ આવ્યું નથી કોઈ જગ્યાએ કન્ટ્રીબ્યુટ નહીં કરવાનું •* (તમાશાઓ) કરવાના, ઉત્સવો કરવાના, રથયાત્રાઓ કાઢવાની અને તેમાં માનનીય મુખ્યમંત્રીઓના ફોટા સાથેના બેનરો લગાડવાના પણ આ મહાનુભાવોને ભૂલી જવાના? મારે એટલું જ કહેવાનું કે કાયદો અને વ્યવસ્થા માટેની જોગવાઈ ઘણી બધી કરી છે પણ કાયદો અને વ્યવસ્થા પ્રજા માટે કેટલી છે તે માત્ર બે મિનિટમાં કહી મારી વાત પૂરી કરીશ.

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે કે વિરોધ પક્ષના નેતાશ્રીએ જે *(તમાશા) કરવાના શબ્દો વાપર્યા છે તે પાછા ખેંચે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું *(તમાશો) શબ્દ પાછો ખેંચુ છું. મારે એટલી જ વાત કરવાની છે કે કાયદો અને વ્યવસ્થાના નામે ગુજરાત સરકારના મુખ્યમંત્રીના મુંબઈના એક હોલની અંદર જઈ ૭૫ કલાક સુધી રિહર્સલ કરીને ભાષણ કર્યુ અને અફઝલના નામે ભાષણ કર્યુ પણ અહીંયા બાજુમાંજ અક્ષરધામ મંદિર છે ત્યાં હુમલો કર્યો ત્યારે ભાષણ કયાં ગયુ હતું? કોની જવાબદારી હતી? આ અફઝલને ફાંસી આપવાની વાત વારંવાર મારા મિત્રો કરે છે. અરે, ફાંસી મળવાની છે. તમે ચિંતા ના કરો. તમે ના પાડશો તો પણ દેશની કોર્ટો કરાવવાની છે. પણ અફઝલનો ગુરૂ મૌલાના અઝહર મશહુદ તે તેનો ગુરૂ છે અને આ ગુરૂ કાશ્મીરની જેલમાં હતો અને તે જેલમાં હતો ત્યારે આપણાં પ્લેનનું અપહરણ થયું અને તે વખતના માનનીય વિદેશ મંત્રી આ અઝહર મશહુદ અને બીજા જણોને લઈ પોતાની બાજુમાં બેસાડી બિરિયાની ખવડાવી અને કંદહાર મૂકી આવ્યા. આ અફઝલ તો એનો ચેલો છે. એનું કેમ કયારેય બોલ્યા નહીં? બધી જગ્યાએ કાયદો અને વ્યવસ્થાની વાત થાય. આ રાજયની બનતી ઘટનાઓની વાત થાય. પણ, આપણી આ વાતોથી અને ભાષણોથી ત્રાસવાદ અટકવાનો નથી. રાજયની સલામતિ.. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બજેટની વાત કરો, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આ એની જ વાત છે.

**અધ્યક્ષશ્રી** : એની કયાં વાત છે આ? બજેટની વાત કરો, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા**: ગુજરાતમાં છેલ્લા દિવસોમાં જે ઘટનાઓ બની છે એ આંખ ખોલનારી છે. આ શિયાળામાં ખાલી ઉત્તર ગુજરાતના ૧૨ મંદિરોમાં લૂંટ થઈ છે. જૈન મૂનિ ઉપર હુમલો થયો, સ્વામી સચ્ચિદાનંદ ઉપર હુમલો થયો. ધર્મની વાત કરે છે, તો આ રક્ષણ કોણે કરવાનું છે? આટલા મંદિરોમાં ચોરી થઈ છે, છતાં ધર્મના નામે વાત કરીને લોકોને બનાવે છે, પણ સાચી વાત એ છે કે આ સરકારના શાસનમાં કાયદો અને વ્યવસ્થા કથળ્યા છે. માત્ર પોલીસ ડિપાર્ટમેન્ટ પાસે એનું મોરલ તોડીને રામ રાજયના બદલે રાવણ રાજયનું પ્રસ્થાપન થયું છે, એના ફળ આ સરકારે ભોગવવા પડશે. પ્રજા એનું બારમું કરવા માટે તૈયાર બેઠી છે, એને જવાબ આપવો પડશે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રી માનનીય શ્રી વજુભાઈ વાળા આ હાઉસ સમક્ષ બજેટ લઈને આવ્યા છે, તેના સંદર્ભમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે વર્લ્ડ કપના દિવસો શરુ થયા છે. ઈન્ડિયન ક્રિકેટ ટીમ એના યંગ ખેલાડીઓને (અંતરાય) લઈને જીતવાના સંકલ્પ સાથે તૈયાર છે. એની અંદર સચિન તેંડુલકર જેવા ફાંકડા બેટસમેન છે. નાણામંત્રી શ્રી વજુભાઈ વાળાએ ૧૨મી વખત બજેટ રજૂ કરીને સચિન તેંડુલકરની જેમ વિક્રમ સર્જયો છે. વજુભાઈ બેટીંગ પણ કરે છે અને બોલીંગ પણ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, તેમણે તેમના આ બજેટથી કોંગ્રેસને કલીનબોલ્ડ કરી નાંખેલ છે.

હમણા આ સભાગૃહના વિપક્ષના નેતા વિદ્વાન માનનીય શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા જુદા જુદા વિષયો પર પોતાના વિચારો વ્યકત કરતા હતા. (અંતરાય) અર્જુનભાઈ, મારી વાત ચાલુ છે. (અંતરાય) હું એ જ વાત કરવાનો છું. આ અર્જુનભાઈ પહેલા છેલ્લી પાટલી પર બેસતા હતા. ત્યાંથી દોલતભાઈ જેવા સિનિયર હોવા છતા પહેલી પાટલી ઉપર બેસે છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને વાંધો એટલો જ છે કે દોલતભાઈ કે ચંદ્રિકાબેન જેવા વર્ષો જૂના સિનિયર સભ્યોએ બજેટની ચર્ચામાં મૂકયુ હોત તો રાજકીય અવલોકન કરવાના બદલે ગરીબ અને

• * ( ) આ શબ્દો અહેવાલમાંથી પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

છેવાડાના માનવી માટેનું બજેટ છે, એના મુદ્દા સારી રીતે રજૂ કરી શકયા હોત. દુ:ખની વાત તો એ છે કે ગુજરાતના અંબાજીથી ઉમરગામ સુધી આવડો મોટો ગિરિવન સમાજ વસે છે, એને મામા કહીને ક્રુર મશ્કરી કરી છે. (અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : મેં માત્ર પ્રધાનમંડળના સભ્યો મામા ન બન્યા અને મામા બનાવ્યા એવી વાત કરી છે. કોઈ જાતિની વાત કરી નથી. આ શબ્દો રેકર્ડ પર ન રહેવા જોઈએ. (અતંરાય)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : એમણે આદિવાસી સમાજને કહ્યું છે. એમણે માફી માગવી જોઈએ. (અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : મેં અલગ સંદર્ભમાં કહ્યું છે. આ ખોટી વાત ન ચલાવાય. મેં કોઈ જાતિ વિશેષની વાત કરી નથી. નરેન્દ્રભાઈ અને વજુભાઈએ મામા બનાવ્યા, એની વાત કરી છે. લ ંપ્રજાને મામા નથી બનાવ્યા એની વાત છે.(અંતરાય)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : ૭૫ ટકા જેટલી રકમ અને ૧૫ હજાર કરોડ રૂપિયાની પંચવર્ષીય યોજના-વન બંધુની યોજના રજૂ કરતા હોય અને આ જ સભાગૃહમાં એ આદિવાસીઓ માટે 'મામા' શબ્દ કહેવામાં આવે તો આ સભાગૃહનો કોઈપણ સભ્ય એ વાતને સાંખી લેવા માટે તૈયાર નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : 'મામા'નો કોઈ સાવલ જ નથી. કોઈ વાતનું બહેને એ રીતે અર્થઘટન કર્યુ હતું અને બહેનને મેં બેસાડી દીધા છે કે તમે બેસી જાઓ. (અંતરાય) તમે બધા ભાષણ કરો એમાંથી એ અર્થઘટન કરી શકે (અંતરાય) બધા કરે છે અને એ બહેને એ રીતે અર્થઘટન કર્યુ હતું અને એમને મેં બેસાડી દીધા છે. (અંતરાય)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયનું બજેટ એ ૫ વર્ષના ફાઈનાન્સ મેનેજમેન્ટનો અરીસો છે. અમે સૌ પંડિત દીનદયાળની એકાત્મ માનવતાવાદની વિચારધારાને અનુસરેલા લોકો છીએ. વંચિતોનો વિકાસ, દરિદ્રનારાયણની સેવા,અંત્યોદય અને ગરીબોનું કલ્યાણ અને છેવાડાના માનવી સાથે આમ આદમીને કેન્દ્રમાં રાખીને ગુજરાતના સર્વાંગી વિકાસ માટેનું આ કમિટેડ બજેટ છે જેમાં ૯૦ ટકા રૂપિયા આદિવાસી વંચિતો, ગરીબો અને સામાજીક સેવામાં ફાળવ્યા છે. સરકારની શકિત સીમીત અને પ્રજાની શકિત અમાપ છે અને એ પ્રજાની શકિત અને સરકારની શકિતને સાથે જોડવા માટે જન ભાગીદારીના સંદેશાવાળું આ બજેટ છે. થોડા સમય પહેલાં યુ.પી.એ.નું કોંગીનું બજેટ હું જયારે સાંભળતો હતો એ બજેટમાં આમ આદમી ખોવાયો છે, વધતી જતી મોંઘ ાવારી અને ફુગાવાના વધતા જતા દરને અંકુશમાં લાવવા માટે કોઈ જ આયોજન આ બજેટમાં કર્યુ નથી. આ બજેટ નિરાશાજનક, પ્રજાની સાથે ક્રૂર મશ્કરી સમાન ફલોપ શો જેવું આ યુ.પી.એ.નું બજેટ છે. સૌથી દુ:ખની વાત એ છે કે જયારે કેન્દ્રના મંત્રીશ્રી એમની બજેટ સ્પીચ વાંચતા હતા તેમાં એમણે કહયું હતું કે We are reducing the customs duty on pet foods for dog and cat upto ૩૦ per cent to ૨૦ per cent. માનનીય અધ્યક્ષશ્રી, ગૌ માતાની ચિંતા કરવાને બદલે કૂતરા બિલાડાની ચિંતા એમણે કરી છે. ગૌ ઘાસ ખાઈ જનારને સાથે રાખ્યા છે અને આમ આદમી સાથે છેડો ફાડયો છે. પંજાબ અને ઉત્તરાંચલ પછી પણ હજી આ યુ.પી.એ. અને કોંગ્રેસની માનસિકતા સુધરતી નથી. આ બજેટ વિશેષ એટલા માટે છે કે જેમાં અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટે ૩૦ ટકાનો વધારો કર્યો છે, દોલતભાઈ, ૩૦ ટકા વધારો કયો છે, બક્ષીપંચના કલ્યાણ માટે ૨૦ ટકાનો વધારો કર્યો છે, વિકલાંગોના કલ્યાણ માટે એમની સામાજિક સુરક્ષાની કટિબધ્ધતા સાથે ૭૫ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. આઈ.ટી. સમિટ, અર્બન ડેવલપમેન્ટ સમિટ, ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ એ બધાના માધ્યમથી ઔદ્યોગિક વિકાસ થકી રોજગારીનું લક્ષ્ય આ બજેટમાં પ્રતિબિંબીત થાય છે. યુ.એન.ડી.પી.નો હયુમન ઈન્ડેક્ષ ઉંચો લાવવા માટેનું આયોજન આ બજેટમાં દેખાય છે. આ દેશમાં દિનપ્રતિદિન રાજયોની અને કેન્દ્રની નાણાકીય પરિસ્થિતિ ખાડે જતી હતી એ નાણાકીય પરિસ્થિતિને અંકુશમાં લાવવા માટે રાજયો અને કેન્દ્ર સરકારે રિસ્પોન્સીબિલિટી એકટ લાવવાનું નકકી કર્યુ અને એ રિસ્પોન્સીબિલિટી એકટ શામાટે લાવવો પડયો કે મહેસૂલી ખાદ્ય વધતી જતી હતી અને આડેધડ ગેરન્ટીઓ વધતી જતી હતી અને નાણાકીય ખર્ચ એસ.ડી.પીના ખર કરતાં ઘણો વધારે જણાય છે. જે રાજય ફિસ્કલ રિસ્પોન્સીબિલિટી એકટ પ્રમાણે રાજયનો વહીવટ કરે એને ૧૧ મા નાણાપંચની ભલામણ અનુસાર દેવા અને વ્યાજમાં રાહત મળે, દેવાનું રિસ્ટ્રકચરિંગ થાય... આનાથી કરોડોની બચત થાય અને આ બચત ડેવલપમેન્ટ માટેના નાણામાં વાપરી શકાય. આપણે પણ ગુજરાત ફિક્સલ રિસ્પોન્સિબિલિટી એકટ ૨૦૦૫માં આ હાઉસમાં પસાર કર્યો અને તેની અંદર મુખ્ય ૪ મુદ્દાઓ હતા, એમાંનો મુદા નંબર ૧ જાહેર દેવાની મર્યાદા, જાહેર દેવાની મર્યાદા સ્ટેટ ડોમેસ્ટીક પ્રોડકટના ૩૦ ટકા કરતા ઓછી હોવી જોઈએ. આપણે આ ૨૦૦૮ માં હાંસલ કરવાની હતી. આપણે ૨૦૦૬-૦૭ માં ૩૦ ટકા કરતા ઓછું અને ૨૦૦૭-૦૮માં એસ.ડી.પી.ના ૨૮ ટકા જેટલાં દેવાની મર્યાદામાં પહોંચ્યા છીએ, કેન્દ્રનું દેવું જી.ડી.પી.ના ૩૦ ટકા હોવું જોઈએ, જ્યારે આજે કેન્દ્રનું દેવું જી.ડી.પી. ના ૭૦ ટકા જેટલું છે. રાજયનું દેવું ૭૩ હજાર કરોડનું છે એવી વિપક્ષના મિત્રોએ વાત કરી છે. પણ એમાં ૪૪ હજાર કરોડ તો એવા છે કે જે નાની બચતના રોકાણો થાય તે રાજયે ફરજિયાત લેવા પડે છે. અને બીજા ૧૧ હજાર કરોડ એવા છે કે જે કેન્દ્રની અમુક યોજનાઓ હોય છે કે જેના ૫૦ ટકા ગ્રાન્ટ પેટે અને ૫૦ ટકા લોન પેટે લેવા પડે છે. અને આ ફરજિયાત વસ્તુ છે. એટલે ૭૩ હજાર કરોડમાંથી ૫૫ હજાર કરોડ તો આ પ્રકારની લોનના છે. એટલે કુલ દેવાના ૭૬ ટકા લોન આ પ્રમાણેની છે. સરકારે ડાયરેકટ લીધેલી લોન તો ૧૪ હજાર કરોડ છે જયારે આઈ.ડી.બી.આઈ., એ.ડી.બી., વર્લ્ડબેંક કે નાબાર્ડમાંથી ૩ હજાર કરોડની લોન છે. એટલે

આ રીતે કુલ ૧૭ હજાર કરોડની લોન છે. પાંચ વર્ષમાં ભૂકંપ, વાવાઝોડું, પહેલાં સુરતનું પુર અને પછી વિપક્ષના મિત્રોએ લાવેલો અફવાઓનો આતંક, તેની વચ્ચે પણ રાજય સરકારે છેલ્લા ૩ વર્ષમાં કોઈપણ જાતનો ઓવરડ્રાફટ લીધા સિવાય, ભૂકંપના પુનઃવસનના નામે કેન્દ્ર સરકારે જે સેસના નાણા ૧૫૦૦ કરોડ રૂપિયા પોતાની પાસે રાખી મૂક્યા છે તે આજે પણ ગુજરાતને કેન્દ્ર સરકાર આપતી નથી. સુરતની ૨૫૦૦૦ કરોડની સામે કોઈ વિશેષ સહાય નહીં, માત્ર નેશનલ કેલામીટી ફંડ દરેક રાજયને આપે છે તેના ૫૦૦ કરોડ રૂપિયા આપ્યા. ગુજરાત એવું રાજય છે કે ગુજરાતના માથાદીઠ દેવા કરતાં કેન્દ્રનું માથા દીઠ દેવું એ ડબલ કરતાં પણ વધારે છે. એ જ રીતે મહેસૂલી ખાદ્ય ફિક્સલ રિસ્પોન્સિબિલિટી એકટ પ્રમાણે ૨૦૦૮ માં પુરી કરવાની હતી. ૨૦૦૧-૦૨ માં ૬૩૦૨ કરોડ હતી. તેની સામે ૨૦૦૬-૦૭ માં પુરાંત થઈ ગઈ છે. ૨૦૦૮ માં પુરી કરવાની હતી, પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકારની  નાણાકીય શિસ્તના કારણે ૨૦૦૭ માં પૂરી કરી દીધી છે. એક દુઃખની વાત એ છે કે કેન્દ્રના બજેટમાં નાણા વિભાગે ઈકોનોમિક સરવે જાહેર કર્યો અને એ સરવેમાં એમણે કબૂલ્યું કે બેફામ વહિવટી ખર્ચને કાબૂમાં લાવી શકાતો નથી. કેન્દ્ર પોતાની મહેસૂલી ખાદ્ય પુરી કરી શકતું નથી. તેના કરતાં વિશેષ બીજા આંકડા આપું તો કેન્દ્ર સરકારનું ડેવલપમેન્ટ એકસ્પેન્ડીચર પ્લાનના ૩૨ ટકા છે જયારે ગુજરાતનું ડેવલપમેન્ટ એકસ્પેન્ડીચર ૫૯ ટકા છે. એ જ રીતે કેન્દ્ર સરકારનું નોન પ્લાનનું ખર્ચ ૬૮ ટકા છે જયારે ગુજરાતનું ૪૧ ટકા. એટલે કેન્દ્ર વિકાસ માટે ૩૨ ટકા રૂપિયા વાપરે છે. જ્યારે ગુજરાતે ૫૯ ટકા રકમ વિકાસની અંદર વાપરીને સાચી દિશાના દર્શન કરાવ્યા છે. ગૅરન્ટી આડેધડ ચૂકવાતી હતી. આપણે ગૅરન્ટી માટેની મર્યાદા નક્કી કરી. ૧૬ હજાર કરોડ રૂપિયાની મર્યાદા બાંધી અને તે ગૅરન્ટીમાંથી અત્યારે ૧૪ હજાર કરોડ સુધીની ગૅરન્ટીમાં આપણે પહોંચી ગયા છીએ. નાણાકીય ખાદ્ય માર્ચ ૨૦૦૮-૦૯ સુધીમાં એસ.ડી.પી.ના ૩ ટકા થી ઓછી કરવાની હતી. જે ૨૦૦૫-૦૬ માં આપણે ૨.૮૯ ટકા કરી. કેન્દ્રની નાણાકીય ખાદ્ય ૩ ટકા કરતા ઓછી થવી જોઈએ તે આજે ૩.૭ ટકા છે. કોઈપણ રાજયનો વહીવટ અને તેની પારાશીશી એની મહેસૂલી આવક અને જાવક ઉપર હોય છે. આ રાજયની ૨૦૦૧-૨૦૦૨માં ૧૫૯૮૬ કરોડની આવક હતી જ્યારે ૨૦૦૬-૨૦૦૭માં એ આવક વધીને ૩૦૪૬૦ કરોડ રૂપિયાની થઈ છે. આ આવક વધવાના કારણો જે ટેકસનું માળખું છે  એ માળખાનું સરલીકરણ કર્યુ છે, કોઈપણની સાડાબારી રાખ્યા સિવાય મોટા માથાની પણ ચિંતા કર્યા સિવાય કડક હાથે કરચોરી પકડી અને રાજયના કરના પૈસા  સરકારી તિજોરીમાં જમા કરાવ્યા છે.  કરકસરયુકત વહીવટના કારણે પાંચ વર્ષની અંદર એક હજાર કરોડ રૂપિયાની રાહતો આપવા છતાં કોઈપણ જાતના ટેકસ વધાર્યા સિવાય સરકારી ટેકસ સરકારી તિજોરીમાં પહોંચાડ્યો છે.  મહેસૂલી  ખર્ચ પણ  ૨૦૦૧-૨૦૦૨માં ૨૨૧૭૮ કરોડ હતો જે ૨૦૦૬-૦૭માં ૨૮હજાર કરોડ થયો છે.  એક તરફ ૬.૭૫ ટકાના દરે વધતો જતો ફુગાવો અને બીજી તરફ મહેસૂલી ખર્ચમાં મા ૪.૭૫ ટકાનો નજીવો વધારો આ વરસે ૧૮૦૦ કરોડની પુરાંત થવાની શક્યતા છે.

આ દેશની અંદર આ હાઉસની અંદર આપણે વખતો વખત ચર્ચા કરીએ છીએ.  મહારાષ્ટ્રની અંદર કિસાનોની આત્મહત્યા થાય,  આંધ્ર પ્રદેશમાં કિસાનો આત્મહત્યા કરે જ્યારે બીજી તરફ ગુજરાતના કિસાનો સમૃદ્ધ બનતાં જાય  છે.  મહારાષ્ટ્રની અંદર કિસાનો આત્મહત્યા કરે, આંધ્ર પ્રદેશની અંદર કિસાનો આત્મહત્યા કરે છે. જ્યારે ગુજરાતનો ખેડૂત કે પ્રજા સંવેદનશીલ છે, આ સંવેદનાને કારણે જગતનો તાત નોધારો બનતો હોય ત્યારે એની ચિંતા સૌને થાય પરંતુ ગુજરાતની અંદર  જળ સંચયનું વૈજ્ઞાનિક આયોજન, આધુનિક ખેતી અને માર્કેટીંગ માટેનું વૈશ્વિક આયોજન, આવા વ્યૂહાત્મક પરિણામોને કારણે   આપણે સરેરાશ કૃષિ ઉત્પાદન ૨૦૦૩ માં ૯ હજાર કરોડ રૂપિયા હતું એ  અત્યારે ૩૨ હજાર કરોડે પહોંચાડ્યું છે.  કૃષિ વિષયક વિકાસ દર દેશનો બે ટકા છે જ્યારે આપણો ૧૩ ટકા થયો છે. ચિંતાનો વિષય એ છે કે દેશમાં કૃષિ રાજયો કૃષિની અંદર  સ્ટેટ ડોમેસ્ટીક પ્રોડક્શનની અંદર રાજયોનો હિસ્સો  અન્ય રાજયોની અંદર સતત ઘટતો જાય છે.  જ્યારે ગુજરાત એક માત્ર એવું રાજય છે કે જેમાં સન ૨૦૦૦માં એસ.બી.પી. માં કૃષિનો હિસ્સો ૧૮.૬૨ ટકા હતો જ્યારે આજે ૨૦૦૫-૨૦૦૬માં ૨૦.૨૩ ટકા એટલે કે પોણા બે ટકા વધારો એસ.બી.પી.ની અંદર કૃષિનો થયો છે.   કૃષિ ક્રાંતિ  થકી  વૈશ્વિક બજારની અંદર  પ્રવેશ એ ભારતીય જનતા પાર્ટીનો સંકલ્પ  છે. સિંચાઈમાં ૩૭ ટકાનો અને કૃષિમાં ૫૦ ટકાનો વધારો  ગ્રામ રાજયથી રામ રાજય તરફ  રાજયમાં કિસાનોને કેન્દ્ર સ્થાને રાખીને આ બજેટનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૨માં નાણાં પંચે  ૧૧માં નાણાં પંચની સરખામણીમાં કેન્દ્રીય  કરવેરાનો હિસ્સો ૨.૮૨ ટકા  હતો એ રાજયના  ફાઈનાન્શિયલ ડિસિપ્લીનના  કારણે ૩.૫૬ ટકા થયો છે.  ૨૦૦૫ થી ૨૦૧૦ સુધીમાં રાજયની ફાઈનાન્શિયલ ડિસિપ્લીનના કારણે રાજયને કેન્દ્રમાંથી મળવી જોઈતી રકમમાં આપણને આ પાંચ વર્ષમાં ચાર થી પાંચ  હજાર કરોડ જેટલી વધારાની રકમ મળશે. ૪૧ વર્ષ સુધી પંચવર્ષીય યોજનાનું કદ ૫૫ હજાર કરોડ હતું પરંતુ ૨૦૦૨-૦૩ થી  ૨૦૦૬-૦૭ની અંદર આ યોજનાનું કદ ૪૭ હજાર કરોડ જેટલું થવા પામ્યું છે. રાજય સરકારે  વહીવટની અંદર સૌથી કોઈ વધારે મુદ્દો કેન્દ્ર સ્થાને રાખ્યો હોય તો એ માત્રને માત્ર કરકસરનો મુદ્દો રાખ્યો છે.

ડેડ સ્વેપની જે યોજના હતી એ યોજનાની અંદર આપણે ઊંચા વ્યાજની લોનો નીચા વ્યાજમાં ટ્રાન્સફર કરી  ૧૪.૫ ટકાના વ્યાજનો દર આ રાજયનો  હતો એ ૯.૩ ટકાની અંદર ટ્રાન્સફર કરી ૨૦૭૮ કરોડની વ્યાજમાં બચત કરી છે. પબ્લિક સેકટર ચલાવવામાં પહેલા સરકારે રૂપિયા આપવા પડતા હતા.  પણ ગવર્નમેન્ટે

તેનું ફાયનાન્સીયલ રીસ્ટ્રકચરીંગ કરી આપ્યું. પબ્લિક સૅકટરને આપવા પડતાં રૂપિયા બંધ કર્યા અને ગુજરાત ઈલૅક્ટ્રીસીટી કંપની જે એક વખતે ૨૫૦૦ કરોડ જેટલી જંગી ખોટમાં હતી, આજે ૨૦૦ કરોડ જેટલા નફામાં પરિવર્તિત થઈ છે. ગુજરાતનું સૌથી મોટું જાહેર સાહસ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કૉર્પોરેશન જે ૫૦૦ કરોડના લોસમાં હતું. આજે ૪૦ કરોડના પ્રોફિટમાં છે. રાજયના વિકાસ માટે કડવા છતાં મક્કમ નિર્ણય લઈને બિનજરૂરી નિમણૂંકો નહીં કરીને વહિવટી ક્ષમતાના આધારે વહિવટી ખર્ચ ઘટાડ્યો છે. પહેલાં એવા દિવસો હતા કે ૧૫ દિવસે ગાંધીનગરથી ફરમાન થાય, કલેક્ટર, ડી.ડી.ઓ. અને ડી.એસ.પી.ને કૉન્ફરન્સના નામે ગુજરાતભરમાંથી ગાંધીનગર સચિવાલયમાં બોલાવતા હતા. રાજયના વહીવટમાં ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીનો ઉપયોગ કર્યો અને વિડિયો કૉન્ફરન્સના માધ્યમથી એ લોકોનું ટ્રાન્સપોર્ટેશન ઘટાડ્યું, સમય બચાવ્યો અને ખર્ચ અટકાવ્યો. રાજયના જુદા જુદા ટેન્ડરોમાં અનેક પ્રકારની ખાયકીઓ ચાલતી હતી. આમાં ટ્રાન્સપરન્ટ બને અને કોમ્પીટિટીવ પ્રાઈસથી રાજયના વિકાસનું નાણું યોગ્ય રીતે વપરાય તેના માટે ઈ-ટેન્ડરીંગની સિસ્ટમ લાવીને તેનું સુદ્રઢ આયોજન કર્યું. નાની વાત હોય કે મોટી વાત હોય, સચિવાલય કોપ્લેકસમાં ઈલૅક્ટ્રીસીટીની બચત હોય કે ટેલિફોન મોનીટરીંગ હોય, વાહનોનો બિનજરૂરી વપરાશ હોય, આ તમામમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે વિશેષ ધ્યાન આપ્યું છે. આ કરકસરના કારણે નૉન ડૅવલપમેન્ટ એકસપેન્ડીચરની અંદર ઘટાડો થાય, હું ત્રણ રાજયોના તુલનાત્મક આંકડા આપની સમક્ષ કહેવા માગું છું. ગુજરાતમાં ૨૦૦૧-૦૨માં ૨૫,૮૬૨ કરોડનો ખર્ચ હતો તે ૨૦૦૬-૦૭માં ૧૫,૬૯૬ કરોડ સુધી ઘટાડો થયો. મહારાષ્ટ્રમાં જે ૨૦૦૧-૦૨માં ૧૮,૦૦૦ કરોડ હતો એ ૨૦૦૬-૦૭માં ૩૩,૦૦૦ કરોડ સુધી પહોંચ્યા. આંધ્ર પ્રદેશમાં ૧૧,૦૦૦ કરોડ હતું એ ૨૩,૦૦૦ કરોડ સુધી પહોંચ્યું. આ કરકસરયુકત વહીવટથી નૉન પ્લાન એકસપેન્ડીચર ઘટે જેથી વિકાસની અંદર વધારે રૂપિયા ફાળવી શકાય. એક તરફ વધતી જતી મોંઘવારી, વધતો જતો ફુગાવાનો દર, વિષમ પરિસ્થિતિ અને આ વિષમ પરિસ્થિતિમાં નાગરિકો ઉપર ટેક્સનો બોજો ન પડે, ડૅવલપમેન્ટની પ્રોસેસ આગળ વધે તે માટે ચાર વર્ષની અંદર ટેક્સ-ઈલૅક્ટ્રીસીટીમાં ૭૫૦ કરોડ અને ચાલુ વર્ષે ૨૫૦ કરોડ એમ પાંચ વર્ષમાં વીજકરમાં ૧,૦૦૦ કરોડ રૂપિયાની માતબર રાહત આપી. વીજકર ઉપરાંત જુદી જુદી ૪૦૦ કરોડની જાહેરાતોના આધારે ગુજરાત સરકારે આ રાજયના એક કરોડ લોકોને તેનો લાભ થાય તેવું આયોજન કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં હમણાં છાપામાં બોફોર્સના કેસ આવે છે. હમણાં વિપક્ષના નેતા ભ્રષ્ટાચાર માટે કહેતા હતા. પણ લોકો પૂછે છે કે આ બોફોર્સના ૬૪ કરોડ રુપિયા કયાં ગયા? હમણાં કોઈ સભ્યશ્રીને ખબર હોય તો આ બાબતમાં ધ્યાન આપે. ૬૪ કરોડ રૂપિયા કયાં ગયા એ તપાસનો વિષય છે. તખ્તીઓની વાત કરે છે. પણ એ ભૂલી ગયા કે આ સભાગૃહમાં ૧૯૯૦ પહેલાં એક પ્રવચન હું વાંચતો હતો. તેમાં માનનીય વજુભાઈ વાળાએ કહ્યું હતું કે એક વખત હું રસ્તામાંથી પસાર થતો હતો તો રસ્તાની અંદર એક કૂતરો પોતાનો પગ ઉંચો કરીને તમે ખાતમુહૂર્ત કર્યું હતું તેને સલામી કરતો હતો. પણ તેમાં બાજુમાં બેઠાં હતા તેણે કહ્યું કે જૂઓ, એ આગળનો પગ ઉંચો નથી કરતો પણ પથરા ઉપર પાછળનો પગ ઉંચો કરે છે. આવી હાલત તમારા વખતમાં હતી. તમે જે આક્ષેપો કરો છો એ આક્ષેપોથી તમને અખબારોમાં પ્રસિદ્ધિ મળશે પણ સિદ્ધિ નહીં મળે. સિદ્ધિ માટે પુરુષાર્થ કરવો પડે. જે ભારતીય જનતા પાર્ટીની સરકાર એ પુરુષાર્થ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજૅટ એ સૌને ન્યાય, સૌનું સન્માન, સૌનો વિકાસ અને સૌની ચિંતા સાથે ગોલ્ડન ગુજરાત અને ગ્લોબલ ગુજરાતના ધ્યેયવાળું બજૅટ છે. આ બજૅટમાં સત્તા નહીં સેવાના અભિગમવાળું બજૅટ છે, અધિકાર નહીં પરંતુ કર્તવ્યની ભાવનાવાળું બજૅટ છે, સફળતા નહીં પણ સંતોષના આનંદવાળું બજૅટ છે. સમૃદ્ધિ સાથે સંસ્કારની સુવાસ સાથે રાષ્ટ્ર નિર્માણની અંદર પ્રથમ સ્થાન જાળવી રાખવાની હરણફાળ ભરતા ગુજરાતનું આ વિકસિત બજૅટ છે. જય જય ગરવી ગુજરાત.

**શ્રી સી.ડી. પટેલ (રાજય કક્ષાના દેવસ્થાન અને યાત્રાધામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, પૂજ્ય ગાંધીજીના ગુજરાતમાં પૂજ્ય સરદાર સાહેબને યાદ કરીએ, પૂજ્ય શ્યામજીકૃષ્ણ વર્માને યાદ કરીને આ ગુજરાતની ગરિમા, ગુજરાતનું ગૌરવ એ દેશમાં અને દુનિયામાં પ્રસ્થાપિત થાય એના માટેના સતત પ્રયત્નો ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી કરતા રહ્યા છે અને ૨૦૦૬-૦૭નું બજૅટ આ ગૃહમાં ગુજરાતના નંબર વન મુખ્યમંત્રીશ્રીએ રજૂ કર્યું હતું. એમણે જ્યારે બજૅટ રજૂ કર્યું હતું ત્યારે એક સામાન્ય ગરીબ, દલિત, છેવાડાના વ્યકિતને ધ્યાનમાં રાખીને એ જ્યારે વર્ષે પૂર્વે બજૅટ વાંચતા હતા ત્યારે સાહેબ, એમની આંખ હું નિહાળી રહ્યો હતો. એ આંખથી નહોતા વાંચતા, એ અંતરની પાંખથી એ ગૃહમાં બજૅટ રજૂ કરતા હતા. એ જીભથી નહોતા બોલતા, જીવથી બોલતા હતા અને સમગ્ર વર્ષ દરમિયાન વિકાસના રાજમાર્ગને એ લોકો સુધી પહોંચાડી શક્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં ૨૦૦૭-૦૮નું બજૅટ ૧૨મી વખત અમારા નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા લાવ્યા છે અને એ વંચિતોના વિકાસનું બજૅટ બની રહેવાનું છે ત્યારે બજૅટ ૧૨મી વખત રજૂ કર્યું છે. બજૅટ ઉપરની ચર્ચામાં મારે બીજું કાંઈ નહીં કહેવું જોઈએ. પણ વિરોધપક્ષના નેતાએ આ ગૃહનું જે રીતે ધ્યાન દોરવું જોઈએ અને બજૅટની બાબતમાં ચર્ચા કરવી જોઈએ એના બદલે ક્યાંક બારમું અને તેરમાની વાતો કરી છે. મારે ૧૨મી તારીખ યાદ દેવડાવવી છે. તા.૧૨-૧૨-૨૦૦૨ને હું ચોક્કસ યાદ કરું છું. આ ગુજરાતની પ્રજાએ તા.૧૨-૧૨-૨૦૦૨ના રોજ આ સન્માનનીય ગૃહમાં સભ્ય મોકલવા માટે મતદાન કર્યું હતું. ૧૨મી તારીખ યાદ આવે,

બાર યાદ આવે, રેંટિયા બારસ યાદ આવે એટલે મને બાપુની રેંટિયા બારસ યાદ આવે છે. પૂજ્ય બાપુએ રેંટિયા બારસ આપીને આ દેશમાંથી ભૂખડી બારસ એવા અંગ્રેજોને ભગાડી મૂક્યા હતા. ત્યાર પછી એ બારસનો, એ રેંટિયા બારસનો આશરો લઈને આ દુઃખડી બારસે આ ગુજરાતને, આ સમગ્ર દેશને દુઃખી દુઃખી કરી મૂક્યો છે એનું મને દુઃખ છે. હું એ જ કહેવા માગું છું કે આ લોકોનું કામ સમાજને ગેરમાર્ગે દોરવાનું છે ત્યારે ગુજરાતની આ સરકાર, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી પંડિત દિન દયાળ ઉપાધ્યાયજીના આદર્શને લઈને સમગ્ર ગુજરાતને ઊંચું ઉઠાવવા માટે પ્રયત્ન કરી રહ્યા છે અને અમારા મંત્રો છે " લક્ષ્ય તક પહૂંચે બીના, પથમેં પથિક વિશ્રામ કૈસા" સામાન્ય રીતે ગરીબ વ્યકિત, દલિત વ્યકિત, છેવાડાની વ્યકિત, આ અર્જુનભાઈ મારા આ વંદનીય આદિવાસી બાંધવોને ભલે મામા કહેતા હોય, પણ ગોસ્વામી તુલસીદાસજીએ રામચરીત માનસમાં જયારે સામાન્ય લોકો વચ્ચે જઈને એક નાવિકને પોતાના હ્રદયે લગાડયો હતો, રામજી ગુહ સાથે વનમાં રહ્યા હતા, એને છાતીએ લગાડયો હતો. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી જેમણે જે આદિવાસીઓએ આ રાજય, આ દેશની રક્ષા કરવા માટે પોતાના પ્રાણ રેડયા હતા એની ચિંતા કરી છે. એનું ચિંતન કર્યુ છે અને ૧૫હજાર કરોડ રૂપિયાના વંચિતોના વિકાસ માટેની યોજના, દસ મુદ્દાઓ સાથે લઈને પાંચ વર્ષ માટે આવ્યા છે. સમગ્ર કેન્દ્રનું બજેટ (અંતરાય) આ અંગે સાહેબ ભાડૂતી રેલી કરવી પડી છે અને અહીં આવીને વાત કરે છે. ભાડૂતી રેલી કરવી પડી છે. સાહેબ ફોર્મ ભરાયા હતા એમાં ૧૦૦-૧૦૦ રૂપિયા આપ્યા હતા એમાં એમ કહેવામાં આવ્યું હતું કે તમને જમીન આપવામાં આવશે. ગુજરાતની આ સરકાર ગુજરાતના મુખ્યમંત્રી કયારેય આ વાત નહીં કરે પણ હું વાત કરુ છું. કેન્દ્રનું બજેટ આદિવાસીઓ માટે સમગ્ર દેશમાં થઈને કયાંક ૧૮૦૦કરોડની વાત કરે છે જયારે ગુજરાતના મુખ્યમંત્રી ચાલુ વર્ષે ૨૩૩૦ કરોડ રૂપિયા આદિવાસીના વિકાસ માટે, જેમ રામજીએ ગુહને ગળે લગાડયા હતા એમ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ આદિવાસીઓની ચિંતા કરીને વંચિતોના વિકાસ માટે એના ઘરમાં, એના દીકરા સાથે બેસીને એ મા એના દીકરાને પીરસીને જમાડી શકે એની ચિંતા કરી શકે, એને પીવાનું સ્વચ્છ પાણી આપી શકે, એને છત્ર આપી શકીએ એની ચિંતા અને ચિંતનના ભાગરૂપે ગુજરાતના મુખ્યમંત્રી જયારે આ વિકાસની યાત્રા લઈને આગળ વધી રહ્યા છે ત્યારે આપઘાતની વાત વિરોધ પક્ષના નેતાના મોંઢે શોભતી નથી. કેન્દ્રીય બજેટમાં આદરણમાં આપઘાતો કરનાર ખેડૂતો માટે વડાપ્રધાનશ્રીએ પેકેજ બનાવ્યું એ પેકેજ બનાવવું પડયું છે એ બતાવે છે કે આ દેશના વિવિધ રાજયોમાં જયાં કોંગ્રેસની સરકાર છે ત્યાં ત્યાંના ખેડૂતોને આપઘાત કરવા પડે છે. મારી કેટલીય માતાઓ આ આપઘાત કરવાને કારણે વિધવા બની છે. એના આંસુ લૂછવાને બદલે અહીં આગળ અપપ્રચાર કરીને ગુજરાતના ખેડૂતોને ગેરમાર્ગે દોરવા માટે પ્રયત્ન કરે છે ત્યારે હું એમને કહેવા માગુ છું કે ગુજરાતનો ખેડૂત એ સાચા અર્થમાં ગુજરાતની પ્રત્યેક ખેડૂતલક્ષી યોજનાને લઈને આગળ વધતો થયો છે અને એના કારણે છેલ્લા ૫ વર્ષમાં જે બીજી હરિયાળી ક્રાંતિ તરફ આ ગુજરાત આગળ વધી રહ્યું છે એના મીઠા ફળ આજથી આપણને મળી રહ્યા છે. રાજયના પ્રજાજનોનું જીવનધોરણ સમૃદ્ધ બને, આમ આદમી સમાજમાં ગૌરવભેર જીવી શકે, સ્વાભિમાનપૂર્વકનું જીવન જીવી શકે એવા રાષ્ટ્રીય લક્ષ સાથે માનનીય નાણામંત્રીશ્રી આ બજેટ લાવ્યા છે. ૧૫૫૦૬ કરોડનું બજેટ (અંતરાય) પ્રવિણભાઈ, કેટલા મીંડા આવે એ ખબર પડે? પડે ખબર? સાહેબ આમાં કોઈ દિવસ જોયું જ ન હોય, સમજયા પણ ન હોય, સમજ પણ ના પડે અને આ રીતની વાત કરે છે. રાજયને દેશમાં સર્વશ્રેષ્ઠ રાજય બનાવવું છે. આ રાજયની નેમ છે કે ગુજરાત ગૌરવવંતુ બને અને આંતરરાષ્ટ્રીય લક્ષ્ય સિદ્ધ કરવા માટે આ બજેટ એ આદર્શ બને છે. નમૂનેદાર બજેટ છે. ગ્લોબલ ગોલ રાજયની વિશ્વમાં શ્રેષ્ઠ પ્રતિભા દ્વારા એક સામાન્ય માનવી (અંતરાય )

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : (બેઠા બેઠા ) સાહેબ હું તો સામાન્ય દલિત વર્ગમાંથી આવુ છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રવિણભાઈ, પ્લીઝ, બોલ બોલ નહીં કરો પ્લીઝ.. પ્લીઝ કહું છું.

**શ્રી સી.ડી. પટેલ** : સાહેબ પ્રવિણભાઈ (અંતરાય)

**અધ્યક્ષશ્રી . :** ચાલો ચાલો, આગળ ચાલો.

**શ્રી સી.ડી. પટેલ** : સાહેબ કલા કારીગરીથી કોર્પોરેટ સુધી એક નાનો માણસ હાટડી લઈને બેઠો છે, એ મારી બહેન દીકરી હસ્તકલાનું કામ કરી રહી છે. ત્યાંથી કોર્પોરેટ સુધીનો વિકાસ. જ્યોતિગ્રામના કારણે ઈ-ગ્રામ, ઈ-ગ્રામથી વિશ્વ ગ્રામ સુધીનો વિકાસ, હાથશાળથી હોરીઝન્ટલ, પાણીથી પાવર અને પાવરથી પાણી. આ લોકો કહેતા હતા કે ખેડૂતોને આઠ કલાક માટે વીજળી આપે છે. એ લોકોએ આટલા વર્ષોમાં જો ખેતીનો અભ્યાસ કર્યો હોત અને પછી ખેતીની વાત કરતા હોત તો એનો સ્વીકાર કરતો. માનનીય અધ્યક્ષશ્રી, બચપણથી હું મારા પિતાશ્રી સાથે ખેતી કરવા જતો હતો અને આજે પણ કરું છું. પાકને વીજળીની જરૂર હોતી નથી પણ પાણીની જરૂર હોય છે. ખેતરો સુધી જો એમણે પાણી આપ્યું હોત, ૪૦ વર્ષ સુધી પાણી પહોંચાડવાની ચિંતા કરી હોત તો ખેડૂતોની આ દશા ન આવતી. પાણી પણ આખી જમીનને નહિ, જે પાક છે એને પાણી મળવું જોઈએ અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રીનું આ વિઝન, કૃષિ મંત્રીશ્રીએ કૃષિ મહોત્સવ દ્વારા ગામડે ગામડે જઈને ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા ટપક સિંચાઈ પદ્ધતિની યોજના અને એમાં ખેડૂતોને ૫૦ ટકાની સબસિડી. કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા ખેડૂત ૫૦૦૦ રૂપિયા વાવી શકે અને ૫૦૦૦ રૂપિયા દ્વારા એને ૫૦ હજારની સબસિડી અને બાકીની લોન દ્વારા ખેડૂત પોતાના ખેતરમાં હરિયાળી કરી શકે, પાણીનો બચાવ, સીમ તળાવો, ગામ તળાવો, ચેકડેમો, બોરીબંધ,

સુજલામ-સુફલામ, આડબંધો દ્વારા પાણીનું તળ ઊંચું આવ્યું છે. એના પરિણામે વીજળીનો વપરાશ ઘટ્યો છે અને ખેડૂતોની આવક બમણી થઈ છે. ખેડૂતો સતત પાણી મૂક્યા કરે એના કારણે જમીનો ક્ષારવાળી થતી હતી. ખેડૂતોને સાચું જ્ઞાન આપવામાં આવ્યું છે. ઘેર ઘેર જઈને આ જ્ઞાન આપવામાં આવ્યું છે. આ સરકાર ગ્રામ રાજ્યથી રામ રાજ્યની કલ્પના લઈને ચાલી છે અને નિકાસથી વિકાસ સુધીની વાત ગામડાં સુધી પહોંચાડી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હવે જે કોઈ સભ્યશ્રી બેસીને બોલશે એના ઉપર કંઈ પણ નિર્ણય કરીશ. કોઈને એવું ન થાય કે મારા પર એકશન લીધા. કોઈપણ વ્યક્તિ બેસીને બોલશે તો મારે નિર્ણય કરવો પડશે, પ્લીઝ.

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશ ગામડાનો બનેલો છે, આ રાજ્ય ગામડાનું બનેલું છે. ગ્રામ રાજ્યથી રામ રાજ્ય સુધીની વાત એને સમજાય કે જેણે ગામડામાં રહીને પોતાનું જીવન ગુજાર્યું હોય. ગામડામાંથી નિકાસથી વિકાસ સુધીની વાત એ પણ આ સરકાર જ કરી શકે કે ગામડાના ખેડૂતો જે કાંઈ પકવે એ પકવીને ખેતીવાડી બજાર સમિતિમાં જાય. ત્યાં એના મોલનું ગ્રેડીંગ થાય અને એમાંથી એને મૂલ્યવર્ધિત જે કાંઈ પરિવર્તનો છે એનું સંકલન, રૂપાંતરિત કરવામાં આવે અને ગામડાના ખેડૂતની એ ખેતપેદાશ નિકાસ થાય અને નિકાસ દ્વારા વિકાસ, ખેડૂતને એના પાકના અને મોલના પૂરા દામ મળે એની ચિંતા આ સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રદૂષણ મુક્ત ગુજરાત, રોજગારયુક્ત ગુજરાત, ગુજરાત એ પ્રદૂષણમુક્ત બની રહ્યું છે અને આવનારા દિવસોમાં ડિસેમ્બરમાં આપણને એ જોવા મળશે. આજે નિર્મળ ગુજરાતનો સંકલ્પ લઈને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી આવ્યા છે ત્યારે અનેક દૂષણો આ રાજ્યમાં ગુજરાતની પ્રજાને ઘમરોળવા માટે પ્રયત્નો કરી રહ્યા છે. ગુજરાતને દૂષણ અને પ્રદૂષણમુક્ત કરવાની વાત જ્યારે ભારતીય જનતા પક્ષની સરકાર કરી રહી છે ત્યારે આ દૂષણો અહીંયા પણ જોવા નહિ મળે એવું મને લાગે છે. પેણ થી પેન, પાટીથી પુસ્તક અને પુસ્તકથી પ્રકાશ. સાહેબ, હું નાનો હતો ત્યારે પેણ કહેવામાં આવે એ પેણ નહોતું ટુગો લઈને સ્કૂલે જતો હતો. આ સરકારે પેણ આપી છે, પેન આપી છે, પાટી આપી છે, પુસ્તક આપ્યું છે એ એટલા માટે આપ્યું છે કે વ્યકિત પોતાના જીવનમાં રહેલ આંતરિક તાકાત બહાર લાવે અને વિકસે એના માટે બજેટમાં અઢળક જોગવાઈ થઈ છે. પહેલા બાળકો હતા તો ઓરડા નહોતા, કયાંક ઓરડા ભૂલથી બન્યા હતા તો શિક્ષકો નહોતા આ પરિસ્થિતિનું નિર્માણ કર્યુ છે. ૪૦-૪૦ વર્ષ સધી પ્રજાને ગેર માર્ગે દોરીને, અંધારામાં રાખી છે. સરકારોનું મોં માતેલા સાંઢ જેવા જાહેર જીવનમાં પડેલા કેટલાક લોકોને મારે કહેવું છે કે આ સરકારે સામાન્ય વ્યકિતને હાથ પકડી એના ઘરેથી સ્કૂલ સુધી લાવ્યા છે, એનું માથું સ્કૂલમાં ઓળે, સ્વચ્છ સ્કૂલ રાખે, એના આરોગ્ય, કપડા અને અભ્યાસની ચિંતા થાય. ઓરોગ્યની ચિંતા થાય અને કયાંક ના બનવાનું બને તો એનું જીવન રક્ષિત અને મદદ મળે એના માટે વીમાની યોજના થાય અને વીમાનું કવચ પૂરું પાડવામાં આવે અને આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં કયાંક કોઈ દીકરા કે દીકરીને ખામી જણાય તો એનું ઑપરેશન થાય. દીકરો બચે, દીકરી બચે પણ દીકરો ભણે, દીકરી ભણે એ વાત ગુજરાતના આ જ મુખ્યમંત્રી કહી શકે કે હું આપની પાસે ભિક્ષુક તરીકે આવ્યો છું, મને ભિક્ષામાં દીકરીને ભણાવવાનું વચન દો. એક માતા સો શિક્ષકની ગરજ સારે છે. એક દીકરી ભણે, ગોસ્વામી તુલસી દાસજીએ રામચરિત માનસમે પણ એ બાત કહી હૈ કી -"દીકરી પવિત્ર પિયે કુલ હૈ" પવિત્ર કરનાર દીકરીને ભણાવવાની ચિંતા આ સરકારે કરી છે. સમાજ સુધરે એ વાત નહિ પણ હમ સુધરે, સમાજ સુધરે. મારે તો વિપક્ષના મિત્રોને કહેવું છે સાહેબ, અર્જુનભાઈ છે નહિ મને આ ગમશે પણ નહિ કહેવાનું આ વાત પહોંચાડજો. 'અવરોધ નહિ આત્મખોજ કરો' આ પરિસ્થિતિનું નિર્માણ કેમ થયું હતું? એક સમયે આ બાજુ બેસતા હતા એ આજે આ પરિસ્થિતિમાં કેમ આવી ગયા છે? અપહરણની કાર્યવાહી બંધ કરી સમપર્ણ કરે. પ્રજા જીવન માટે આજ દિન સુધી ગુજરાતની તિજોરીમાં પૈસા તો આવતા હતા, ટેકસ ઉઘરાવાતો હતો, ટેકસ વસૂલ કરવામાં આવતો હતો. પરંતુ વિકાસના ફળ કયાંય નહોતા દેખાતા એનું કારણ એ હતું કે આ લોકો હંમેશા અપહરણની પ્રવૃત્તિથી સાહેબ, તિજોરીમાં મોટા બાકોરા, ક્યાંથી નીકળી જાય એ ખબર ના પડે. બાકી પૂજ્ય મહાત્મા ગાંધીજીએ જ્યારે આઝાદીના અમૃતફળ આપણને ચાખવા આપ્યા હતા ત્યારે ગુજરાત એક હાથી હતું. હાથી જેવી સુરત ગુજરાતની હતી એ હાથીમાંથી ઉંદર બનાવવાની પ્રક્રિયા કોઈએ કરી હોય, ખાઈ, ખાઈને કોંગ્રેસના મિત્રોએ કરી છે. આજે ગુજરાતના નાણામંત્રી ગજરાજ જેવું બજેટ લઈને આવ્યાં છે, વિકાસની અનેક વાતો, અનેક સીમાડાઓ લઈને અહીંયા ગૃહમાં આવ્યાં છે ત્યારે અર્જુનભાઈ હાથીના પગના નખ આગળ ત્યાં ખોતરતા જાય છે અને કહે છે કે બજેટમાં આ નથી, આ નથી કર્યુ. તેમને કોણે ના કહી હતી કે ૪૦-૪૦ વર્ષ સુધી લોકોની જ્યારે સેવા કરવાની તક હતી ત્યારે તેમણે કોણે ના કહી હતી. હાથી જોવો હોયને તો ગુજરાતને સમગ્રતયા જોવાય, ગુજરાતનું આ બજેટ જોવું હોય તો સમગ્રતયા એકેએક વિષયની ચિંતા અને એનો અભ્યાસ કરાય. સાહેબ, મચ્છરથી હાથી કોઈ દિવસ મરે નહિ, પણ મચ્છર એમ સમજી બેઠું હું હાથીને મારી નાખું. એક ચૂહો હાથીની નીચેથી જાય હાથીના ગળે ઘંટ લબડતો હતો એની એક દોરડી લબડતી હતી, હાથી રસ્તા વચ્ચે મદમસ્તીથી ચાલતો હતો એટલામાં ઉંદર નીકળ્યો અને હાથીની દોરડી પકડી લીધી અને પછી દોડતો દોડતો આગળ નિકળી ગયો અને કહે કે હાથી કો મેને ખીંચા. ૪૦-૪૦ વર્ષ સુધી ઉંદર જેવું કર્યુ છે અને આજે જ્યારે હું કહેવા માગું છું કે દખલગીરી નહિ દીલથી કામ કરે. વિકાસની યાત્રામાં જોડાવવા માટે આપ સૌને આહવાન છે.સમાજને શસ્ત્રથી નહીં, શાસ્ત્રો અને કાર્ય સંતોષની જરૂર છે અને આ કાર્ય સંતોષનો અનુભવ ગુજરાતના આદરણીય મુખ્ય મંત્રીશ્રીએ કરાવ્યો છે. ( સમય સૂચક ઘંટડી ) સાહેબ એક

છેલ્લી વાત મારે કહેવી છે. પૂજ્ય બાપુને યાદ કરીને, એટલે યાદ કરીશ કે, બાપુએ લોક ભાગીદારીની વાત કરી હતી અને સમાજમાં લોક ભાગીદારીની જે વાત છે એ આ બજેટમાં સ્વીકાર થઈને આવ્યો છે ત્યારે લક્ષ્મી લીલા હોય તો લાડવો, કોઈક દાતા ખોળી કાઢવો , શું કરવું કોઈક દાતા ખોળી કાઢવો , દાતા તે પંદરમું રતન, જો જાણે તો કરો જતન અને સાહેબ જન ભાગીદારીથી સમાજમાં જે લોકો જોડાવા આવ્યા છે, દેશ - વિદેશથી દુનિયાના લોકો આ રાજયમાં ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ દ્વારા, આઈ.ટી. સમિટ દ્વારા અને અર્બન સમિટ દ્વારા જે રોકાણો કરવા આવ્યા છે એનું સ્વાગત કરી રહ્યા છે ત્યારે વિપક્ષના મિત્રોને આ પણ ગમતું નથી. ૨૧લાખ બેરોજગારોને રોજી મળવાની છે અને બીજા ૩૨ લાખ લોકોને અપ્રત્યક્ષ રોજી મળવાની છે ત્યારે ગ્લોબલ ગુજરાતનું જે વિઝન આવનારા દિવસોમાં પૂર્ણ થવાનું છે ત્યારે એટલું જ કહીશ કે બાપુએ ટોપી આપી હતી, મારા પિતાશ્રી ૯૪ વર્ષની ઉંમરે દેવા થયા, હું એમને જયારે એમના ફોટામાં ટોપી પહેરેલી પરિસ્થિતિમાં જોઉં ત્યારે પૂજ્ય બાપુને યાદ કરું છું, બાપુના આદેશને લઈને મારા પિતા જીવ્યા હતા. આ ગૃહમાં બે વડીલો ટોપી પહેરે છે, મને એનો આનંદ છે કે એ ટોપી પહેરે છે પણ સાહેબ આકાર લેવાથી આચાર ન બદલાય, હું એ કહેવા માગું છું. માત્ર આકાર આચાર બદલી શકાતો નથી, આચારણ બદલવું પડે. હમણાં જ થોડા દિવસ પહેલાં જ્યારે હું અમદાવાદમાંથી પસાર થતો હતો અને ત્યાં આગળ એક કાર્યક્રમમાં ઊભો હતો ત્યારે મારી સાથે ઉભેલા યુવાન મિત્રો વાતો કરતા હતા કે આ લોકો ટોપી પહેરીને બેસે છે? મેં કહ્યું હા, ટોપી પહેરીને બેઠા હતા, ત્યારે એ કહે કે એ •* (xxxxx) * (xxxxx). * (xxxxx) * (xxxxx) * (xxxxx) ( અંતરાય ) માનનીય અધ્યક્ષશ્રી, આચર બદલાથી આચાર બદલાય, વેશ પહેર્યાથી કોઈ ના બદલાય (અંતરાય )

**અધ્યક્ષશ્રી .** : પ્લીઝ, * (xxxxx) એ શબ્દો દૂર કરીએ છીએ. કેટલાક શબ્દો કોઈને દુ:ખ આપે એવા નહીંબોલવા જોઈએ. ( અંતરાય )

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વાત જો એમને લાગુ પડતી હોય અને કઢાવતા હોય તો મને વાંધો નથી. સાહેબ આ લોકોએ * (xxxxx) અને લાગુ પડતું હોય અને કઢાવતા હોય તો મને કોઈ વાંધો નથી. કારણ કે, મને ખબર છે કે, * (xxxxx) * (xxxxx) (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : સી.ડી. તમારા શબ્દો છે એ કોઈને દુ:ખ આપે એવા છે માટે એ શબ્દો દૂર કરવામાં આવે છે અને એ શબ્દો ન બોલો પ્લીઝ, એક વખત કહ્યા પછી ફરીથી બોલો એ ઠીક નહીં. (અંતરાય)

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી કોઈને દુ:ખ થાય, આ ગૃહમાં એવું હું બોલવા માગતો નથી, મારો અધિકાર નથી, મારા સાથી મિત્રોને દુ:ખ થાય એવું, પણ કોઈ પોતાને બંધબેસતી વ્હોરી લેશે એમાં હું શું કરું ? (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** :નહીં પ્લીઝ, તમે અહીંયા ટોપીવાળા જે બેસે છે એનું બોલ્યા એટલા માટે. આપ બદલી શકો પણ શબ્દ પ્રયોગ એવો હતો (અંતરાય)

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી , માનનીય વજુભાઈ અહીંયા જે બજૅટ લઈને આવ્યા છે એ બજૅટ સહિયારા પુરુષાર્થ અને પ્રગતિને આગળ વધારનારું છે ( અંતરાય )

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : અમે શાંતિથી બેસી રહ્યા છીએ અને ( અંતરાય)

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નીતિ નિર્ધારકો અને અમલકારોના સમૂહ ચિંતનના કારણે ૪૦ વર્ષ સુધીની સમસ્યાઓનો ઉકેલ નહતો આવ્યો, માનનીય અધ્યક્ષશ્રી, ચાર વર્ષના જ સમૂહ કલ્યાણની ભાવનાનો દીપ પ્રગટાવ્યો છે ત્યારે ન્યાય માટે ઝઝૂમતા સામાન્ય માનવીની છેલ્લી આશા સ્વાગત સાહેબ મુખ્ય મંત્રીશ્રીનો સ્વાગત ઑન લાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ, કોઈ પણ સાચો માણસ અહીંથી નિરાશ થઈને અહીંથી પાછો ફરતો નથી. આ ગાંધીજીના ગુજરાતની વાત છે એમાં અહીંયાથી ગાંધી વિચાર, આચાર અને લોકોના પ્રશ્નોને ઉકેલે તે લોકશાહી, ફરિયાદોના નિવારણ માટે કૃતનિશ્ચિયી એવા ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીએ ગ્રામોદ્ધારનું ગાંધીજીનું સ્વપ્ન સાકાર કરવા સતત મથતી આ સરકાર માત્ર ૩૦ માસના ટૂંકા ગાળામાં ૧૮,૦૦૦/- જેટલા ગામડાઓમાં અસાધારણ ઝડપે પહોંચાડવામાં આવતી જ્યોતિ ગ્રામની યોજના, એ દ્વારા સતત ગુજરાતના વિકાસની જે વાત છે આગળ વધી રહ્યા છે ત્યારે ગુજરાત હવે દેશનું એક માત્ર રાજય જે આ ગામડાઓમાં પણ શહેરોની જેમ જળહળે છે સાહેબ ગામડું, શહેરોની જેમ જળહળે છે આ ગુજરાત એ એક માત્ર રાજય છે. ગ્રામ અર્થતંત્રની ઉન્નતિ, પ્રજા જીવનમાં સુધારો ( અંતરાય ) માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય અર્થતંત્રની ઉન્નતિ, પ્રજાના જીવન ધોરણમાં સુધારો અને દરેકના હાથમાં કામ આવું ભવ્ય ઐતિહાસિક બજેટ લઈને આવ્યા છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી બારમુ બજેટ લઈને આવ્યા છે ત્યારે મારા કેટલાક વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. આજે ગુજરાતની પ્રજા કાગના ડોળે રાહ જોઈ રહી છે કે ગુજરાત કયારે હરિયાળું બનશે. એમ કહેવામાં આવ્યું છે કે નર્મદાનું પાણી સૌરાષ્ટ્ર સુધી આટલા વર્ષોમાં ૮૦૦૦ ગામડાંમાં પહોંચાડીશું. મંત્રીશ્રી કહેતા હતા કે ગુજરાતના એકેએક ગામડાં અમે હરિયાળા બનાવીશું. આજે

• * (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

આપના દ્વારા મંત્રીશ્રીને કહેવા માગું છું કે ગુજરાતનાં કેટલાક ગામડાં એવા છે કે ત્યાં પીવાનું પાણી આજે પણ મળતું નથી અને જે વાત કરે છે. સાહેબ, દક્ષિણ ગુજરાતમાં આવો અને ધરમપુર તાલુકો અને ડાંગ જિલ્લો લગભગ ૯૯ ટકા આજની તારીખે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, પ્રવિણભાઈને રોકો. આદિવાસીઓની મશ્કરી કરનારા અમે નથી. પૂજય મહાત્મા ગાંધીજીના આશીર્વાદથી આદિવાસીઓ ભણ્યા, ગણ્યા અને નોકરીએ ચડયા. આ આદિવાસીઓનો હકક જે છે આ સરકારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે ભારત સરકારે તા. ૧૬-૧૦-૦૫ ના રોજ ગુજરાતના આદિવાસીઓને જંગલની જમીન આપવા માટેની જાહેરાત કરી ત્યારે આ રાજય સરકારે અમલ ન કર્યો અને મારે દુઃખ સાથે કહેવું પડે છે કે અમને દબાવી રાખ્યા. ત્યારપછી અમે ગામડે ગામડે લોકોને જાગૃત કર્યા અને પછી હવે સૂચના આપી છે કે આદિવાસીઓને જંગલની જમીન મળવાની નથી. આવું કેટલાક આદિવાસીઓ ગામડાંમાં કહે છે. મારે દુઃખ સાથે કહેવું પડે કે આ સરકાર એમ કહે છે કે અમે ગરીબોની સરકાર છીએ. તો અશોકભાઈને વિનંતી છે. એમણે પોતે પીપરીનંદન પી.એચ.સી.ને સી.એચ.સી. બનાવી અને એમાં એક પણ પૈસો ફાળવ્યો નથી. માત્ર એક ડોકટર છે અને બે સીસ્ટર છે. આવી જ રીતે આદિવાસીઓની મશ્કરી કરી રહયા છે. હું માનું છું કે એમનું કહેવું છે કે ગુજરાત સરકાર ભારત સરકાર કરતાં વધારે પૈસા આપે છે. તો મારે દુઃખ સાથે કહેવું પડે કે ભારત સરકારે ૨૦૦ જિલ્લા ભારતમાં છે એમાં ડાંગ જિલ્લો અને બીજા ૬ જિલ્લા લીધા છે. અમે ગૌરવ સાથે કહી શકીએ કે ડાંગ જિલ્લામાં ૨૩કરોડ ફાળવ્યા. ભારત સરકારે લોકોને સ્વરોજગારી અને ૧૦૦ દિવસની રોજગારી માટે ફરીથી સૂચના મળે એવું મારા અધિકારી ઉપર દબાણ આવ્યું એ પછી કોંગ્રેસ બદનામ થાય, સરપંચ બદનામ થાય, તલાટી કામ ન કરે એવી સૂચના અવારનવાર અહીંથી મળે છે. એટલું જ નહીં પણ શિક્ષણ પણ આજે જે આદિવાસીઓ ભણવામાં આગળ વધી રહયા છે ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે જે હાઈસ્કૂલો હતી એ હાઇસ્કૂલો એન.જી.ઓ.ને અપાઈ ગઈ. અને એન.જી.ઓ. ને અપાય છે, ત્યારે આજે ખાવાનું બરોબર મળતું નથી. માનનીય મંત્રીશ્રીને મારી નમ્ર વિનંતી છે કે તપાસ બરાબર કરાવે, એટલું જ નહિ, પણ આજે આંકડાની માયાજાળમાં હું જતો નથી. હું કહી શકું છું કે ૮૭,૦૦૦ વાડી પ્રોજેકટો તૈયાર કર્યા છે. મારે આ ગૃહનું આપના દ્વારા ધ્યાન દોરવું છે કે ૮૭,૦૦૦ વાડી પ્રોજેકટો તૈયાર કર્યા છે, તેની અંદર કેટલા આંબાની કલમો, કાજુઓ અને કેટલા વાડી પ્રોજેકટો તૈયાર થયા છે અને કેટલાને ફાયદો મળ્યો છે એ જોઈ શકાય તેમ છે. એમાં તપાસ માનનીય મંત્રીશ્રી આપે અને કોઈ સમિતિ બનાવી કે પછી ઉચ્ચ અધિકારી દ્વારા તપાસ થાય તો સાચી હકીકત બહાર આવે એવું છે. આજે આદિવાસી માટે ગુજરાતની પ્રજા જે ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી નંબર-૧ જ્યારે કહેવાય ત્યારે મને ચિંતા થાય છે, જ્યારે હું બસ જોઉં છું, ત્યારે દરેક બસની પાછળ માનનીય મુરબ્બીશ્રી અશોકભાઈ સાહેબ અને માનનીય મુખ્યમંત્રીશ્રીના ફોટા ટીંગાડેલા હોય અને બસ ખાલીખમ હોય. બસમાં કોઈ માણસ ન હોય. પુરતી સુવિધા ન હોય, ટાઈમસર બસ ન મળતી હોય ત્યારે કોણ બસમાં બેસે? અમને ચિંતા થાય કે આજે બસમાં કોઈ જ નથી અને પાછળ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય આઈ.કે.જાડેજા સાહેબ અને અશોકભાઈના ફોટા ટીંગાડીને બસ જતી હોય. આજે ચિંતા થાય છે. આજે ગુજરાતની અંદર આપણે કહીએ છીએ કે ગુજરાત વૃંદાવન બનવું જોઈએ. એની અંદર અમે તમામ વિરોધપક્ષના સભ્યશ્રીઓ સંમત છીએ, પણ માત્ર જાહેરાત, માત્ર રથ કાઢીને, માત્ર પતંગ ઉડાવીને, માત્ર ગરબા દ્વારા નચાવીને? શું ગુજરાતની બહેનોને ગરબા નથી આવડતા? આ ભારતીય જનતા પાર્ટીને આવડે છે.

આજે ગુજરાતની પ્રજામાં કળા જોવા જઈએ તો અમારા આદિવાસીઓમાં ૫૨ જાતની કળાઓ છે અને આ સરકારને બતાવશે ત્યારે યાદ કરશે કે ખરેખર આદિવાસીઓમાં અને ગુજરાતની પ્રજામાં કળાઓ છે. મારા મિત્ર દ ણું બોલતા હતા. હું ટીકા-ટિપ્પણમાં નથી પડવાનો, પણ દુઃખ સાથે મારે કહેવું પડે છે કે ભારતીય જનતા પાર્ટી બોલે એટલું જ પાળે તો બસ છે. ગુજરાતનું કામ તો થઈ શકે, પણ આજે ગુજરાતની અંદર એકેએક ખાતાઓમાં તમે જાવ ત્યાં એક એક કર્મચારી હોય, એની પાસે ૪-૫ ટેબલનું કામ હોય અને કામ હોય ત્યારે જિલ્લા હોય કે તાલુકા હોય, એની અંદર કેવી રીતે કામ કરી શકવાના છે, એટલું જ નહિ પણ હવે ભારતીય જનતા પાર્ટીની સરકારે ફતવો બહાર પાડ્યો છે. હવે દવાખાનામાં જ્યારે જાય ત્યારે ૩ રૂપિયા એક કેસ પેપર કાઢવા માટે (અંતરાય) ફરજિયાત નથી એવું નહિ, પણ ફરજિયાત છે. આજે હું દક્ષિણ ગુજરાતનો દાખલો આપી શકું તેમ છું. બીજી વાત એમ કહી કે ઈ-ગવર્નન્સ એમાં દાખલા મળી જશે. ડાંગથી શરૂઆત થઈ, ત્યારે આજે પુરાવા કરી આપવા તૈયાર છું કે આજે ૩-૩, ૬-૬ દિવસે ૫૦ કિ.મી., ૧૦૦ કિ.મી. સુધી લોકો આહવામાંથી ૭-૧૨ અને ૮-અ ના દાખલાઓ લેવા માટે આવે છે, એટલું જ નહિ પણ જ્યારે મારા ડાંગથી શરૂઆત થઈ જ્યોતિગ્રામ યોજનાની ત્યારે મારા ડાંગની અંદર જ્યારે ખરેખર બહેનો રોટલા બનાવતી હોય, જમવા બેઠા હોઈએ ત્યારે ત્યારે સાહેબ લાઈટ દોઢ કલાક જાય છે. એ લોકો એમ કહે છે કે ૨૪ કલાક થ્રી ફેઈઝ લાઈટ આપીએ છીએ. પ્રવિણભાઈ તમે બહુ નહીં બોલો. જયોતિગ્રામ યોજના બહુ સારી છે. ત્યારે મારે એમ કહેવું છે અને માનનીય મુખ્યમંત્રી અને ઉર્જામંત્રી એમ કહે છે કે અમે આ યોજનાની અંદર ગુજરાતને ધમધમતું કરી દઈશું. (સમયસૂચક દ ંટડી) સાહેબ મને બે મિનિટ વધારે આપો. મારે જંગલની વાત કરવી છે. આજે ગુજરાતમાં ૩૩ ટકા જંગલો છે.

**અધ્યક્ષશ્રી** : માધુભાઈ બેસો. પ્લીઝ બેસો. નેકસ્ટ પ્રાગજીભાઈ પટેલ.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)**: માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણા મંત્રીશ્રી આ સભાગૃહની અંદર આ વર્ષનું અંદાજપત્ર રાજયની આશાઓ અને અરમાનો સાથે લઈને આવ્યા છે ત્યારે તેમાં મારો સૂર પુરાવું છું અને મારા વિચારો વ્યક્ત કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ પ્રદેશ કે દેશનો વિકાસ કરવો હોય તો તેની અંદર શિક્ષણનું ખૂબ મહત્ત્વ છે. આપણા રાજયની અંદર પણ અમારી સરકારે શિક્ષણને ખૂબ પ્રાધાન્ય આપ્યું છે. મારે સાહેબ થોડીક મૌલિક વાત કરવી છે. સાક્ષરદીપ યોજનાની વાત કરું તો હું એકવાર મારા વિસ્તારની અંદર રાત્રીના નવ-દસ વાગ્યાની આસપાસ ગયેલો. રાત્રી શાળામાં ગયેલો તો દસ થી પંદર બહેનો અભ્યાસ કરતી હતી. હાથમાં સ્લેટ-પેન હતી. તે બહેનો પોતાનું નામ લખતી હતી. પોતાના પતિનું નામ લખતી હતી. પોતાના બાળકોનું નામ લખતી હતી. ત્યારે મેં એક બહેનને કહ્યું કે તમે આ ઉંમરે ભણવા બેઠા છો તો તમને શરમ નથી આવતી ? ત્યારે બીજી બહેને કહ્યું કે અમને શરમ નથી આવતી પણ જેણે અમને ભણાવ્યા નથી તેમને શરમ આવવી જોઈએ. આ બહેનોની વેદના હતી. ભૂતકાળમાં લોકોએ શિક્ષણ પ્રત્યે કેટલી બેદરકારી દાખવી છે. સાહેબ તેમની બાજુમાં તેમના નાના નાના બાળકો હતા, કોઈકના ખોળામાં બાળક હતું ત્યારે મેં તેમને કહ્યું કે આનાથી તમને ફાયદો શું થયો? ત્યારે તે બહેનોએ કહ્યું કે દૂધની ડેરીમાં અમને અમારા હિસાબની ખબર પડતી ન હતી અને તેમના ઉપર અમારે ભરોસો રાખવો પડતો હતો ત્યારે આજે અમે હિસાબ જાતે કરી શકીએ છીએ. બહારગામ જઈએ ત્યારે એસ.ટી.નું પાટિયું વાંચતા ન્હોતું આવડતું. કયારેક કોઈ બીજી બસમાં ચડી જતા અને બસ ઉપડે પછી કન્ડકટર અમને નીચે ઉડાડી દેતો અને કહેતો કે આ બસ આ ગામ જતી નથી. આ અમારી મુશ્કેલીઓ હતી. આજે આ યોજના થકી રાત્રી શાળાના કાર્યક્રમથી અમારી સમસ્યાઓ હલ થઈ છે. આના કારણે સાહેબ છેલ્લા ત્રણ વર્ષની વાત કરું તો ૨૬૭૪૯૧૫ વ્યકિતઓ સાક્ષર થઈ છે અને તેમાંથી ૧૬૨૧૬૬૯ તો મહિલાઓ સાક્ષર થઈ છે. ખૂબ મોટી વાત કહેવાય. આ રાજયની પ્રગતિ બતાવે છે. એમાં પણ આ રાજય સરકારે ધ્યાન આપ્યું છે. બીજી વાત કરું કે એક બહેન કહેતા હતા કે હમણાં અમારા ગામમાં રથ આવ્યા હતા. કન્યા કેળવણી રથ આવ્યા હતા. તેમણે મુખ્યમંત્રીશ્રીનું નામ નહોતું આવડતું એટલે કહેતા હતા કે એક દાઢીવાળા સાહેબનો ફોટો હતો. દાઢીવાળા એમને એમ નથી થવાતું. ઉજાગરા કરવા પડે છે. રાજયનું કામ કરવું પડે છે. આજે કેટલાક નેતાઓએ તો દાઢી કઢાવી નાંખી છે. આજે કન્યા કેળવણી રથની અંદર રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી જોડાય, શિક્ષણ મંત્રી જોડાય, અન્ય વિભાગના મંત્રીઓ જોડાય, પ્રભારી સચિવો જોડાય, રાજયના કલેકટરો અને સમગ્ર રાજયના વિકાસ અધિકારીઓ, ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીઓ જોડાય, શિક્ષણ વિભાગના અધિકારીઓ જોડાય અને આ અઢારે અઢાર હજાર ગામોમાં, આખા ગુજરાતમાં દીકરીઓને ભણાવવા માટે જ્યારે પ્રયત્ન કરતા હોય ત્યારે એ પ્રશંસનીય કાર્ય છે. એક બહેને તો આવીને એવું કહ્યું કે, અમને અમારી દીકરીઓને ભણાવવાની વાત કરી અને ઉપરથી એક હજાર રૂપિયા આપ્યા, આ વિદ્યા લક્ષ્મી બૉન્ડની વાત કરું તો એ દિવસે ઘણા બધા દાતાઓ આવીને એમને સ્લેટ, બેન અને ડ્રેસ પણ આપતા હોય એવા સુંદર મજાના કાર્યક્રમ અમારા ગુજરાતમાં બની રહ્યા છે.

વિદ્યાદીપની યોજનાની વાત કરું તો ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ મહા વિનાશ કારી ભૂકંપ આવ્યો અને એ ભૂકંપમાં કેટલાય વિદ્યાર્થીઓ અને શિક્ષકો જીવતા દટાઈ ગયા હતા, ખૂબ જ મોટી વેદના સરકારની અને ગુજરાત રાજયની હતી, આ જે બનાવ બન્યો એનાથી પ્રેરણા લઈને રાજય સરકારે વિદ્યાદીપ યોજના મૂકી , આ યોજનામાં પ્રજાધર્મ બજાવવા માટે સરકારે આકસ્મિક વીમો એના વારસદારોને મદદરૂપ થવા માટે એક યોજના મૂકી અને સમગ્ર ગુજરાતના તમામ વિદ્યાર્થીઓનો વીમો ઉતરાવ્યો, ન કરે નારાયણ અને બાળકને કંઈક થાય તો પ્રાથમિક શાળાના વિદ્યાર્થીને ૨૫૦૦૦ રૂપિયા અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીને માટે ૫૦૦૦૦ રુપિયાનો વીમો, અને જેનું પ્રીમિયમ સરકાર ભરે એવી યોજના રાજયના તમામ વિદ્યાર્થીઓને માટે, ૮૫ લાખ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને ૨૯ લાખ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો વીમો સરકારે ઉતરાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાંસલપુર શેરેશ્વર મારા વિસ્તારનું એક ગામ છે ત્યાં હું ગયો, ત્યાં એક બહેને કહ્યું કે, અમે હમણાં માનનીય મુખ્ય મંત્રીશ્રી સાથે વાત કરી તો મને એવું લાગ્યું કે માનનીય મુખ્ય મંત્રીશ્રી સાથે ગામનો સરપંચ હોય એનો મેળ હજુ નથી પડતો તો આ બહેને કેવી રીતે વાત કરી, અને મેં એ બહેનને સવિસ્તારથી વાત કરી કહ્યું કે તમે કેવી રીતે વાત કરી તો એ બહેને કહ્યું કે, હમણાં અમારા ગામમાં સવારના પહોરમાં નવ વાગે આઠ દશ ગાડીઓ આવીને ગામ વચ્ચે ટીવી ગોઠવ્યું અને અમને બધાને સામે બેસાડ્યા, અર્ધા કલાકમાં માનનીય મુખ્ય મંત્રીશ્રી અમને ટીવીમાં દેખાયા, એમણે અમારું નામ પૂછયું અને કહ્યું કે, બહેન તમે શું કરો છો ? તમારી દીકરી ભણે છે કે નહીં? એવી એમણે અમારી સાથે ટીવીમાં વાત કરી, ત્યારે એમને કહ્યું કે, સાહેબ, અમારા ગામમાં રથ આવ્યો હતો અને અમે અમારી દીકરીને ભણાવીએ છીએ, અને અમને એવું પણ કહ્યું કે, તમે કેટલી ભેંસો રાખો છો અને કેટલી આવક થાય છે ? તો અમે કહ્યું કે બે ભેંસો રાખીએ છીએ, પછી એમણે કહ્યું કે કેટલા તોલા સોનું ખરીદ્યું? આવી વાત ગામડાની મહિલાઓ સાથે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કરી, આ પ્રજાની એક જાગૃતિ છે અને માનનીય મુખ્ય મંત્રીશ્રી સાથે ઓનલાઈન ઉપર ગામોમાં જો વાત થતી હોય તો એનાથી મોટી કોઈ સિદ્ધિ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પરીક્ષાની પદ્ધતિની વાત કરું તો, કોંગ્રેસના શાસનમાં પરીક્ષાની પદ્ધતિઓ કેવી હતી, ત્યારે બોર્ડની કે કોઈ પરીક્ષાઓ આવે ત્યારે ચોરીઓ કરવાનો માહોલ જામ્યો હોય તેમ રાત્રે બાર વાગે મોટરસાઈકલ લઈને ઘરની બહાર નીકળે અને પેપર ફૂટવાની રાહ જુએ, સાચા ખોટા પેપર ફૂટે, અને એમાં કેટલાય લોકો લૂંટાય, એવા બનાવો બનતા હતા, ક્યારેક તો પેપર સૅન્ટર ઉપર ગોળીબાર થતા અને પરીક્ષા જ્યારે થાય ત્યારે ભૂતકાળમાં છાપામાં વાંચેલું કે, પેપરની ચોરીની કાપલીઓના ઢગલા જોયેલા છે, ચોરીઓની કાપલીઓના ઢગલા, અને એ ચોરીઓની અંદર વિદ્યાર્થી જોડાય, એના વાલી જોડાય અને અને ક્યારેક તો પોલીસ પણ ચોરીના કામમાં જોડાયા હોય એવા બનાવો બનેલા છે, હું એમના શાસનની, એમના જમાનાની વાત કરું છું, આવી ચોરીઓ તે વખતે થતી હતી પણ માનનીય અધ્યક્ષશ્રી, આજે પરીક્ષા પારદર્શક પરીક્ષા થાય છે, એની વિડિયોગ્રાફી થાય છે અને મહેસૂલી અધિકારીઓને એની જવાબદારી સોંપાય છે અને ક્યારેક તો માનનીય શિક્ષણ મંત્રીશ્રી આકસ્મિક રીતે એ પરીક્ષા કેન્દ્રની વિઝીટ કરે, કયાંય ચોરીઓ નહીં, અને પરીક્ષા મૂલ્યાંકનની વાત કરું તો પહેલાના જમાનામાં પોસ્ટમાં પેપરો જતા, પેપરના બંડલો પોસ્ટ દ્વારા જતા કે જે બંડલોમાં વિદ્યાર્થીઓનું ભાવિ હોય, એવા પેપરો ક્યારેક રોડ ઉપર દેખાતા હતા, અને ક્યારેક તો એ પેપરો ગાયો ખાઈ ગયાના દાખલા છે, એ જમાનામાં પેપરો રોડ ઉપર દેખાતા અને ગાયો ખાઈ ગઈ હોય એવા બનાવો બનેલા છે, માનનીય ગોવાભાઈ હોય તો મારે એમને કહેવું છે કે, એ ગાયને કોઈએ પૂછ્યું કે તમે પેપર કેમ ખાઓ છો તો એણે કહ્યું કે, બિહારમાં લોકો અમારું ઘાસ ખાઈ ગયા એટલે અમે પેપર ખાઈએ છીએ, એવા બનાવો તે વખતે બનતા. (સમયસૂચક ઘ ંટડી) અને માનનીય અધ્યક્ષશ્રી, એ ગામડામાં જ્યારે પેપર તપાસવા માટે ગામડાનો શિક્ષક પેપર તપાસતો હોય ત્યારે ગામડામાં માંચડા ઉપર બેઠાં બેઠાં તપાસતો હોય એવા બનાવો છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના નાણામંત્રીશ્રી એમનું બજૅટ લઈને આવ્યા છે એના સમર્થનમાં બોલવા ઊભો થયો છું. હું એક ખેડૂત પુત્ર હોવાથી સિંચાઈ માટેના મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સરોવર યોજનામાં નર્મદા બંધની ઊંચાઈ આપણે ૧૨૧.૯૨ મીટર સુધી સભાગૃહના દરેક સભ્યના સહકારથી લઈ જઈ શક્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મહત્ત્વનું પાસું એક એવું છે કે, આપણે ૧૪૫૦ મેગાવોટનું વિદ્યુત મથક રાષ્ટ્રને આપી શક્યા છીએ. કેનાલનું કામ પણ એટલી જ પુરઝડપે ચાલી રહ્યું છે. આજની પરિસ્થિતિમાં ૫ લાખ હેકટર સુધીની સિંચાઈનું કામ આપણે પૂર્ણ કરી શક્યા છીએ. ૨૦૧૦ સુધીમાં આપણે એ કામને ૧૦ લાખ હેકટર સુધી પહોંચાડી શકીશું. આ બધી નાની-શુની વાત નથી. આ કેનાલમાંથી સૌરાષ્ટ્રના લોકોને પીવાનું અને સિંચાઈનું પાણી આપવા માટે સુરેન્દ્રનગર જિલ્લાના ઢાંક ગામે એશિયાનું મોટામાં મોટું પંપીંગ સ્ટેશન આપણે ઊભું કરી શક્યા છીએ અને પંપીગ સેટ કાર્યરત થઈ શક્યો છે. ૨૦૧૦ સુધીમાં ૧૮ લાખ હેકટર સુધી પાણી પૂરું પાડવાનો આપણો અંદાજ છે અને એમાં ૨૦૦૭ અને ૨૦૦૮માં ૩૦૧૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત રાજયમાં સિંચાઈ એ મહત્ત્વનો વિભાગ છે, કારણ કે ઉત્તર ગુજરાત જેવા સૂકાભંઠ વિસ્તારોની પ્રજા વર્ષોથી પાણી માટે ઝંખતી હતી અને એના કારણે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી સુજલામ-સુફલામ યોજના ચાલુ કરી અને સરકારે એક નેમ કરી કે એક ટીપું પણ પાણીનું બગડવું ન જોઈએ, સિંચાઈના કામમાં એનો ઉપયોગ થવો જોઈએ. એ રીતે આ બધી યોજનાઓ કાર્યરત કરવામાં આવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬-૨૦૦૭માં સુધારેલા અંદાજો ૬૭૫ કરોડ હતા એ વધારીને ૨૦૦૭-૨૦૦૮માં ૧૫૫૯ કરોડની જોગવાઈ સૂચવેલ છે અને એ રીતે ૩૩ ટકાનો આમાં વધારો આપણે કરી શક્યા છીએ. સુજલામ-સુફલામ યોજના અંતર્ગત ઉત્તર ગુજરાતના ૧૦ જિલ્લાઓમાં પાણી પૂરું પડવા માટેની આ એક ભગીરથ યોજના છે. નર્મદાના બંધમાંથી આપણે ૮ પાઈપ-લાઈનોથી ઉત્તર ગુજરાત જેવા સૂકાભઠ્ઠ રહેતા વિસ્તારના બંધોમાં પાણી નાંખવા માટે આપણે ૮ પાઈપ-લાઈન નાંખવાનું આયોજન કર્યું છે. બે પાઈપ-લાઈનોનું કામ પૂર્ણ કર્યું છે અને બીજી ૬ પાઈપ-લાઈનોનું કામ પૂર્ણતાના આરે છે. સુજલામ-સુફલામ સ્પ્રેડીંગ કેનાલોના કામો પ્રગતિમાં છે, કચ્છ જિલ્લાના ૨૯ બધારાનું કામ પ્રગતિમાં છે, સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૦૭ ચેક ડૅમોમાંથી ૭૦ ચેક ડૅમોનું કામ પૂર્ણ થયું છે અને બાકીના કામો પ્રગતિમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાતના ૩ જિલ્લાઓની વાત કરું તો મહેસાણામાં ૪૮૨ ચેક ડૅમો અને ૭૩૦ તળાવો ઊંડા કરવામાં આવ્યા છે. પાટણ જિલ્લામાં ૭૫૭ ચેક ડૅમો અને ૨૪૮ તળાવો ઊંડા કરવામાં આવ્યા છે, સાબરકાંઠા જિલ્લામાં ૬૩૨૬ ચેક ડૅમો અને ૭૭૦ તળાવો ઊંડા કરવામાં આવ્યા છે. આ તળાવો ઊંડા કરવાના કારણે રવી પાકમાં આજે આ તળાવોનું પાણી ઉપયોગમાં લઈ ખેડૂતો એ રવી પાકની સફળ રીતે ઊપજ લઈ શક્યા છે એ નોંધનીય બાબત છે અને ચેક ડેમો અને તળાવો ઉંડા કરવાને કારણે સિંચાઈના તળના પાણી ઉંચા આવ્યા અને ત્રણથી પાંચ મીટર સુધી આ તળ ઉંચા આવેલા છે. તેનાથી ભવિષ્યમાં ફાયદો થશે. સુજલામ્ સુફલામ્ યોજના તળે દશ જિલ્લાઓમાં ૮૯૯૧૦ ખેત તલાવડીઓ બનાવવામાં આવી છે. આ નાની સૂની વાત નથી. એક ભગીરથ કાર્ય આ એક વર્ષમાં પૂર્ણ કરવું તે કોઈ નાની સૂની વાત નથી. સુજલામ્ સુફલામ્ યોજના તળે ખેડૂતોને સહ ભાગીદારીની યોજના આપણે દાખલ કરી છે. જૂના વખતમાં કેનાલ ચાલતી હતી તેનું રણી ઘણી કોઈ નહોતું.

લોકો વહીવટ કરે સહ ભાગીદાર થાય પિયત મંડળીઓ થાય અને પિયત મંડળીઓ દ્વારા પાણીનો દુર્વ્યય ના થાય અને ખેડૂતોને સમતોલ પાણી મળે તેની યોજના આ સારું દાખલ કરી છે. આ યોજના સમગ્ર ભારતના રાજયોમાંથી આ યોજનાનો અભ્યાસ કરવા પ્રતિનિધિ મંડળો અહીંયા આવી રહ્યાં છે. ગુજરાત સરકાર ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા ટપક પદ્ધતિ અને તેમાં લોન અને ઓછાં વ્યાજની સબસીડી આ પણ આયોજન કર્યુ છે. કેમકે ખેડૂતો કેમ સધ્ધર થાય એ એક માત્ર ઉદેશથી આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આ યોજના અમલમાં મૂકી છે. આજસુધી ૪૦ હેકટરનો તે યોજનાનો લાભ લેવાયો છે અને હું માનું છું એક લાખ હેકટર સુધીમાં એકાદ વર્ષમાં આ યોજનાનો ખેડૂતો લાભ લેતાં થશે. સુજલામ્ સુફલામ્ યોજના તળે બનાસકાંઠા જિલ્લામાં ૪૮૦, મહેસાણા ૧૮૬, પાટણમાં ૨૨૬, ગાંધીનગરના ૩૧, સુરેન્દ્રનગર જિલ્લામાં ૯૪, અમદાવાદના ૩૪, પંચમહાલમાં ૧૭૯ ગામોને પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે અને આજસુધી આપણે ફલોરાઈડવાળું પાણી પીતાં હતા અને તેને કારણે અનેકવિધ રોગો આપણને થતા હતા. ધરોઈમાં ઉત્તર ગુજરાત અને બનાસકાંઠા, પાટણ અને મહેસાણા નર્મદામાંથી મહેસાણાનો અમુક ભાગ અને પંચમહાલ અને તે બધાને તેમાંથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં ઘણા માનનીય ગૃહમાં બેઠેલા ધારાસભ્યો તે ટીકા ટિપ્પણ કરતા આવ્યા છે અને હું માનું છું કે કોઈ સારું કામ થતું હોય અને સારું પ્રયોજન થતું હોય તો હવનમાં હાડકાં નાંખવા જોઈએ નહીં અને સારા કામને સહકાર આપવાનું આપણે કામ કરવું જોઈએ અને ઘણી વખત આપણે સાંભળીએ છીએ કે ૨૨૦૦ કરોડ રૂપિયા ખર્ચાયા હોય અને અહીંયા વાત થાય કે (અંતરાય) સવજીભાઈ તમારે ત્યાં કચ્છ સુધી આ નર્મદાનું પાણી ગયું છે ત્યારે તમે ઉજળા છો નહીંતર આજસુધી કચ્છ નધણિયાતો હતો. આ નર્મદાનું પાણી જવાને કારણે તમારી પણ હરિયાળી ક્રાંતિ થવાની છે તો ધીરજ રાખો. બીજું કે ૨૨૦૦ કરોડ ખર્ચાયા હોય તેમાં ૫૦૦ કરોડનો ગોટાળો કહેતા ભી દીવાના ઔર સુનતા ભી દીવાના એવી વાત આ વિરોધ પક્ષના સભ્યો કરી રહ્યા છે. હું એ પૂછું છું કે કોઈ પણ કાર્ય થતું હોય તેમાં ૨૧ નદીઓ તેના ઉપર પુલો બાંધવાના, તેના હાઈવેના સ્પેડ કેનાલ કરવાની આ નાની સૂની વાત નથી. તમે લોકોએ ધરોઈના વિસ્તારમાં હું છું,

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનો વિરામનો સમય થયો છે, સભાગૃહ ફરીથી ૧૧-૦૦ કલાકે મળશે. આપનું પ્રવચન પૂરું થાય છે.

## વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય જાડેજા સાહેબ હમણાં વાત કરતા હતા કે મોટા ભાગની, ૯૦ ટકા રકમ આદિવાસી વિસ્તારોમાં વાપરવામાં આવશે. અમે વંચિતોના વિકાસ માટે કામ કરીએ છીએ અને એને વરેલા છીએ એવી વાત એમણે કરેલી. આ સરકારે નાણામાં કોઈ જોગવાઈ કરી નથી. બજેટમાં ઉલ્લેખ કર્યો નહીં, પણ મુખ્યમંત્રીશ્રીએ નિવેદન કર્યુ કે આગામી અગિયારમી પંચવર્ષીય યોજનાનું કદ ૧ લાખ કરોડનું છે અને એમાં ૧૫ ટકા વસતિ પ્રમાણે આગામી ૫ વર્ષની વાત કરી નાંખી. દરેક વિભાગમાં વર્ષે વર્ષનું બજેટ હોય છે, તો ટ્રાયબલ વિભાગમાં આમ કેમ કરવું પડયુ? (અંતરાય) સાંભળો. કદાચ તમારે ૫ વર્ષનું આયોજન કરવું હતું, તો એના હિસાબે ૩ હજાર કરોડ મૂકવાના થતા હતા. એના બદલે કેમ ૨૩૩૫ કરોડની જોગવાઈ કરી? કયા કારણોસર ઓછા બજેટની ફાળવણી કરવામાં આવી? મંત્રીશ્રીએ એ પણ કહ્યું કે અમે આ આયોજન કદ ૧ લાખ કરોડ કર્યુ. ૯મી પંચવર્ષીય યોજનાનું કદ ૨૮ હજાર કરોડનું હતું. ૧૦મી પંચવર્ષીય યોજનાનું કદ ૪૭ હજાર કરોડનું હતું. વર્ષે વર્ષે વૃદ્ધિ થાય, તેમ કદ વધારવું પડતું હોય છે. પહેલાના જમાનામાં કર્મચારીઓનો પગાર ૧૦૦ રૂપિયા હતો અને આજે ૨૫ હજાર રૂપિયા થાય છે. એમ ક્રમે ક્રમે બજેટ વધતું જ હોય છે. એમાં ખુશ થવાની કોઈ જરૂર નથી. આ સરકાર ગરીબોના વિકાસ માટે હું તો એમ કહીશ કે કંઈ જ કરતી નથી. એટલા માટે કે બજેટમાં રજૂઆત કરે છે. ગયા વર્ષે બજેટમાં એમણે કહ્યું હતું કે ગુજરાત પેટર્નમાં ટ્રાયબલમાં ૪૧૪ કરોડ ફાળવવામાં આવશે. પણ, બજેટમાં ૨૬૫ કરોડ જ ફાળવ્યા. એમણે ૧૫૨ કરોડ ફાળવ્યા નહીં. એ જ રીતે ટ્રાયબલનું આખું મેઈન બજેટ ૧૩૮૭ કરોડની વાત કરી હતી. એ પણ છેલ્લે ૧૦૩૭ કરોડ થઈ. આ રીતે ગૃહમાં બધા સભ્યોને તાળીઓ પડાવવા માટે ગેરમાર્ગે દોરવા માટે મોટી મોટી વાતો કરે અને ફાળવવામાં આવે ત્યારે ખૂબ ઓછા ફાળવવામાં આવે છે.

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે ગૃહમાં તાળીઓ પડાવવા માટે એ શબ્દો અસંસદીય શબ્દોમાં એનો ઉલ્લેખ થયેલો છે. એમણે કહ્યું કે ગૃહમાં તાળીઓ પડાવવા માટે સરકાર આ પ્રકારે કરે છે.

**અધ્યક્ષશ્રી** : બધા શબ્દો બાજુમાં મૂકીશું તો બોલીશું શું આપણે ? (અંતરાય) ડોકટર, પ્લીઝ, મેં કહયું એટલું ધ્યાન રાખો. માપનું બોલવું જોઈએ બધાએ. (અંતરાય)

**ડૉ. અનિલ જોષીયારા** : ગામડાનો વિકાસ અટકી ગયો છે. સરકાર કહે છે કે ૧૮ હજાર ગામડાને થ્રી ફેઈઝ લાઈટ મળે છે. પણ જે મળતી હતી તે પણ આજે મળતી નથી. એ પ્રમાણે (અંતરાય) થ્રી ફેઈઝ લાઈટ મળે ખરી? આજે ૨૨ ટકા ગામોમાં વીજળી જ નથી. આવા બધા ગામડા અંધારામાં છે. ૪૦૦ મેગાવોટ જેટલું ઉત્પાદન

થોડા સમયમાં કરીશું, એમ કહે છે, પણ ગામડામાં વીજળી મળવી જોઈએ એ મળી શકી નથી. જે ખેડૂતોને તો ચાર કલાક જ ટ્રિપીંગ સાથેની વીજળી મળે છે. એટલે મોટાભાગનો વીજળી વગરનો વિસ્તાર છે. મને તો એમ હતું કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહયું છે એ પ્રમાણે નર્મદા યોજનામાંથી જે ૧૪૫૦ મેવાગોટની વીજળી પેદા થવાની છે એ વીજળી સબસિડાઈઝ રેટથી જે વિસ્તારોમાં સિંચાઈ વયવસ્થા ઉપલબ્ધ નથી થઈ શકતી એ વિસ્તારમાં એ સબસિડાઈઝ રેટથી વીજળી આપશે તો એ વિસ્તારોનો સમતોલ વિકાસ થઈ શકશે,પરંતુ એવું કરવામાં આવ્યું નથી. સરકારે સાથે સાથે એમ પણ કહયું છે કે ૫ લાખ હેકટરમાં પીયત થવાનું છે. તો આ જે વિસ્તારોમાં પીયત થવાનું નથી એવા વિસ્તારોને એનો લાભ આપ્યો હોત તો સમતોલ વિકાસ થઈ શકયો હોત.

માનનીય અધ્યક્ષશ્રી, વિકાસ દર ૧૩ ટકા વધી ગયો છે એમ કહેવામાં આવ્યું છે. તો ગામડાંમાં જઈને ખેડૂતોને પૂછો કે બિયારણના ભાવ શું છે? આજે જોઈએ તો કૂદકે અને ભૂસકે બિયારણના ભાવ એટલા બધા વધતા જાય છે કે ખેડૂતો બિયારણ ખરીદી પણ શકતા નથી અને બિયારણ મળતું પણ નથી. હમણાં જ એક પ્રશ્ન હતો કે ઘઉંનું બિયારણ સમયસર મળી શકયું ન હતું અને અત્યારે જયારે મગની વાવણીનો પ્રશ્ન છે ત્યારે એ પણ અત્યારે મળી શકતું નથી. તો મારી માનનીય કૃષિ મંત્રીશ્રી પણ અત્યારે અહીં બેઠા છે ત્યારે તેમને વિનંતી છે કે કમસે કમ તમે સમયસર ગામડાંમાં બિયારણ તો ઉપલબ્ધ કરાવો. કૃષિ ઉત્પાદન ૨૦૦૩ માં ૯ હજાર કરોડ રૂપિયાનું હતું અને આજે ૩૪ હજાર કરોડ ઉપર પહોંચ્યું છે એવી પણ વાત કરવામાં આવી છે. તો હું પણ ખેડૂત છું અને ગામડાંમાં સૌ કોઈ જાણે છે કે જયાં ૧૦૦ મણ ઘઉં પાકતા હતા ત્યાં ૫૦૦ મણ ઘઉં પાકી ગયા નથી અને છતાં પણ આવી •* (xxxxx) * (xxxxx) કરવામાં આવે છે. તેમની એક વાત સોઈલ હેલ્થ કાર્ડની સારી છે અને સોઈલ હેલ્થ કાર્ડ મળવાં જોઈએ અને એ આવકાર્ય છે, પરંતુ ગામડાંમાં....

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ * (xxxxx) એ શબ્દો વાપર્યા છે એ આ ચોપડીમાં આપેલ છે અને વારંવાર એનો ઉપયોગ કરે છે એ બરાબર નથી.

**અધ્યક્ષશ્રી .** : આ * (xxxxx) એ શબ્દો કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, સોઈલ હેલ્થ કાર્ડ જરૂરી છે. કયું ખાતર વાપરવું એ એનાથી ખ્યાલ આવી શકે છે એટલે એ જરૂરી છે, પરંતુ ગામડાંમાં અત્યારે પરિસ્થિતિ એ થઈ છે કે સોઈલ હેલ્થ કાર્ડ ચેક કરવા માટેની ઓફિસો હતી જમીનો ચકાસણી કરવા માટેની એ બંધ થઈ ગઈ છે. મારે ત્યાં પણ આવી રીતે ભિલોડામાં પણ ઘણા સમયથી આ ઓફિસ બંધ થઈ ગઈ છે. મેં તેની એકાદ વખત અગાઉ જાણ પણ કરી હતી. તાલુકા મથકે બીજ ઉત્પાદન કેન્દ્ર હતું એ પણ બંધ થઈ ગયું છે. એટલે સરકાર વાતો તો કરે છે, પણ મેં હમણાં જે શબ્દો વાપર્યા હતા એ ફરીથી નહીં વાપરું, પરંતુ છેતરામણી વાતો કરતી હોય એમ મને લાગે છે.

માનનીય અધ્યક્ષી, સિંચાઈની વાત કરું તો સિંચાઈમાં નર્મદામાં સરકારે ૨૨૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે અને હજુપણ ઘણીબધી કેનાલો કરવાની છે અને હજુપણ એટલો ખર્ચ થશે. સુજલામ્ સુફલામ્ દ્વારા પણ ૩૨૩૭ કરોડ રૂપિયાની યોજના હતી એના દ્વારા મને વિધાનસભામાં પાણી આપવાની વાત કરી છે, પરંતુ જેને કોઈપણ યોજનાનો લાભ મળવાનો નથી એમને આપણે કઈ યોજનાથી લાભ આપીશું? એના માટે કોઈ યોજનાનો લાભ આપવાનું સરકાર વિચારે છે ખરી? એ ખેડૂતો જે છે એમના ઉત્પાદનનો ખર્ચ સરખો રહે એવી કોઈ યોજના કરવાની જરૂર હતી એ આપણે કરી નથી અને ફકત બોરીબંધોની વાત કરે છે અને ચેકડેમો હતા એ બધા ચેકડેમો તો વરસાદમાં તૂટી ગયા છે અને કયાંય શોધ્યા પણ મળતા નથી આ પરિસ્થિતિ થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૂરતની વાત કરું તો સૂરતમાં તાપીમાં પૂર આવ્યું અને એમાં પણ જાણે કે અમારો વાંક હોય એવી વાતો કરે છે. સૂરતમાં આપણે ઉકાઈ ડેમ બાંધ્યો ત્યારે પૂર ના આવે એટલા માટે આપણે બંધ બાંધ્યો હતો એ એક કારણ હતું એટલે આ પૂર ના આવવું જોઈએ. આજે સમયસર ડેમમાંથી પાણી ના છોડવાને કારણે સૂરતમાં પૂર આવ્યું અને આ હોનારત સર્જાઈ છે એ એમની અણઆવડત બતાવે છે. સમયસર પાણી છોડીને લોકોને પૂરથી બચાવવાની જરૂર હતી. માનનીય અધ્યક્ષશ્રી, આજે ઘણીબધી જગ્યાએ પૂરના પાણીથી અને ભારે વરસાદથી ખેડૂતોની જમીનો ધોવાઈ ગઈ છે અને અને મૂળ સ્વરૂપે સમતલ કરવાની જરૂરિયાત છે એ પણ કરી શકાતી નથી. લોકોનાં ઘર પણ પડી ગયાં છે એની પણ સહાય અપાતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી,ગામડાંમાં બસો પણ મળતી નથી. ૨૦૦૫-૦૬ માં વાત કરી કે એક હજાર બસો ખરીદવામાં આવશે અને આ વખતે પણ ૧૫૦૦ સી.એન.જી.ની નવી બસો ખરીદવાની વાત કરી છે, પરંતુ પછાત વિસ્તારોમાં આ બસો જાય છે ખરી? પછાત વિસ્તારોમાં કાં તો પાટા તૂટી ગયા હોય અને બસોના ટાયરોમાં પંકચર પણ પડી જાય છે અને એવી બસો રોડ ઉપર ઉભી થઈ જાય છે અને લોકોને જે તે સ્થળે બસો સમયસર પહોંચાડશે એવો વિશ્વાસ રહેતો નથી એવું બને છે. તો ગામડાંના લોકો માટે સારી બસોની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાની જરૂરિયાત આજે ઉભી થઈ છે.

• * (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અંગેની વાત કરું તો ચિરંજીવી યોજના બરાબર છે કે આપણે ખાનગી ડોકટરોને એમાં સામેલ કરી શકીએ છીએ, પરંતુ પેટા આરોગ્ય કેન્દ્ર હતાં એના દ્વારા લોકોને સારી આરોગ્યની સેવા મળતી હતી અને આજે એ પેટા આરોગ્ય કેન્દ્રો ઉપર કોઈ દવા કરાવવા જતું નથી. એક પેટા આરોગ્ય કેન્દ્ર હતું એનાં બારીબારણાં પણ તૂટી ગયાં છે  એમાં અત્યારે આરોગ્ય મિત્રની નિમણૂક કરવાની વાત કરી હતી પણ કમસે કમ ત્યાં ફિમેલ હેલ્થ વર્કર અથવા બી.પી.એલ. નર્સ જો રહે તો સારી સેવા મળી શકે. સરકાર મેડિકલ ટૂરિઝમ અને આકસ્મિક સેવાનું બિલ લઈને આવી હતી. પણ આજે બી.પી.એલ. સિવાય કોઈના માટે સેવા મળતી નથી. આજે ગામડાંનો માણસ શહેરમાં આવે છે તો બી.પી.એલ.નું કાર્ડ હોય તો જ સેવા મળે છે.

**શ્રી પરસોત્તમભાઈ ના. ભોજાણી (જોડિયા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં વિક્રમસર્જક બજૅટ રજૂ કરનારા નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા ૧૩મી વખત ૨૦૦૮-૦૯નું બજૅટ લઈને આવવાના છે તે વાત નિશ્ચિત છે ત્યારે કારણ કે કોંગ્રેસના મિત્રોને ૧૨મું ગમતું નથી એટલે ૧૩મી વખત બજૅટ લઈને આવવાના છે તે પહેલાનું બજૅટ ૨૦૦૭-૦૮ના વર્ષનું બજૅટ લઈને આવ્યા છે ત્યારે હું એમને અભિનંદનની સાથે સાથે અનુમોદન આપું છું.

બજૅટ એ રાજ્યની આર્થિક પરિસ્થિતિની છબી બતાવે છે. રાજયમાં વિકાસ કરવો હોય તો કરવેરા નાખવા જરૂરી છે. પરંતુ ઓછામાં ઓછા કરવેરા નાખી અને રાજયનો વિકાસ કરવા માટેનો ત્રીજો ઉપાય એ કરકસર યુકત વહિવટ અને જ્યાં બિન ઉત્પાદક ખર્ચ હોય તે ઘટાડી અને આવકમાં વધારો કરવો. અને ગુજરાતના વિકાસમાં એ રકમ વાપરવી. માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈએ એનો દાખલો બેસાડ્યો છે. ત્યારે હું થોડાક દાખલા આપું છું કે છેલ્લા પાંચ વર્ષમાં ૨૦૦૧ માં રાજયની કુલ આવક ૯.૪ ટકા પેન્સન પાછળ ખર્ચવામાં આવતી હતી. તે ૨૦૦૬ના વર્ષમાં૮.૮ ટકા ખર્ચવામાં આવે છે. એમાં એક ટકાનો ઘટાડો કરી શકાયો છે. એ જ રીતે પગારની પાછળ ૩૬.૭ ટકા ખર્ચ કરવામાં આવતો હતો. તે પણ ૨૦૦૬ના વર્ષમાં ૨૫.૬ ટકા ખર્ચ કરવામાં આવ્યો છે. આ ખર્ચમાં અને બિન ઉત્પાદક ખર્ચમાં ઘટાડો કરી અને રાજયની આવકમાં વધારો કરી અને એ રકમ રાજયના વિકાસમાં વાપરવાનો માનનીય નાણા મંત્રીશ્રી અને રાજયના વડા માનનીય મુખ્ય મંત્રીશ્રીએ દાખલો બેસાડ્યો છે તે અનુકરણીય છે. ગુજરાતના ખોટ કરતા બોર્ડ અને નિગમો છે તેમાં થતી રાજકીય નિમણૂકો બંધ કરી અને એમાં બિન ઉતપાદક ખર્ચ તરીકે જે રકમ વપરાતી હતી તે રકમનો બચાવ કરીને રાજયના વિકાસમાં તે રકમ જોડી છે. ત્યારે આ ખોટ કરતા નિગમો અને બોર્ડ હતા તે બંધ કરી અને રાજય સરકારના એકમો હતા અને જેમાં રાજય સરકારની ભાગીદારી છે એમાં છેલ્લા પાંચ-છ વર્ષમાં હું દાખલા આપીશ કે ખોટ કરતા જે એકમો છે. તેને નફા તરફ લઈ જવા માટેના બે ચાર દાખલા હું આપીશ. જી.ઈ.બી ની ૨૦૦૨-૦૩ ના વર્ષમાં ૨૪૪૩ કરોડની ખોટ હતી. તે ૨૦૦૫-૦૬ ના વર્ષમાં ૨૦૩ કરોડનો નફો કરતું થયું છે. એ જ રીતે જી.એ.સી.એલ. ૨૦૦૧ના વર્ષમાં ૪૧ કરોડ રૂપિયાની ખોટ કરતું હતું તે ૨૦૦૫-૦૬ના વર્ષમાં ૨૯૪ કરોડનો નફો બતાવતું થયું છે. એ જ રીતે જી.એસ.એફ.સી. ૨૦૦૧ના વર્ષમાં ૮૮ કરોડની ખોટ કરતું હતું તે ૨૦૦૫-૦૬ ના વર્ષમાં ૪૩૭ કરોડ રૂપિયાનો નફો કરે છે. એટલે આ આવક રાજયના વિકાસના ખર્ચ પાછળ વાપરવામાં આવે છે.

કૃષિ ક્ષેત્રે છેલ્લા ચાર-પાંચ વર્ષમાં આ સરકારે જે મબલખ કામ કર્યુ છે તેમાં બજૅટની કુલ ફાળવણી છે એ કૃષિ અને સિંચાઈ અને આપત્તિના સમયે પુર નિયંત્રણ સમયે કુલ ૧૫૫૦૬ કરોડમાંથી ૫૫૯૦ કરોડ રૂપિયા એટલે કે ૩૫ ટકા રકમ ફક્ત કૃષિ, સિંચાઈ પાછળ બજૅટમાં ફાળવણી કરી અને સુંદર દાખલો બેસાડ્યો છે. તેથી હું નાણા મંત્રીશ્રીને અભિનંદન આપું છું. આજે ૭૦ ટકા પ્રજા જ્યારે ગામડાંમાં વસે છે અને કૃષિ આધારિત સમગ્ર ભારતનું અર્થ તંત્ર છે ત્યારે ગુજરાતમાં ખેતી પ્રત્યે જે લગાવ  છે અને ખેતી સારી રીતે થઈ શકે ખેડૂતો સુખી હોય તો સમસ્ત ગુજરાતની પ્રજા તેને આનુસાંગિક ઉદ્યોગો ચલાવી અને સુખી થાય તેવો દાખલો બેસાડવા માટે નાણા મંત્રીશ્રીએ કૃષિ, સિંચાઇ અને પુર નિયંત્રણમાં આટલી બધી રકમ ફાળવી છે તે સરાહનીય છે. કોંગ્રેસના મિત્રો વારંવાર કેન્દ્ર સરકારે બજેટમાં આ ગુજરાત સરકારને આટલું આપ્યું છે એવી વાતો કરે છે.  પરંતુ કેન્દ્ર સરકારની વૈદ્યાનિક જવાબદારી છે. ગુજરાત રાજયમાંથી કર ઉઘરાવે એના ભાગરૂપે ગુજરાત સરકારને આપવાનું છે.

કોંગ્રેસના મિત્રોને ચેલેન્જ છે કે નર્મદા યોજના માટે ૨૫-૫૦ કરોડ વધારાના લઈ આવો તો જાહેરમાં આ વિધાનસભામાં તમને અભિનંદન આપીશ.  ગુજરાતનો હક્ક છે એ કેન્દ્ર સરકાર આપે છે. ગુજરાતમાંથી કર રૂપે રકમો ઉઘરાવી જાય છે એમાંથી અમુક હિસ્સો આપણને પરત કરે છે. હમણાં પાંચ-સાત દિવસ પહેલા પંજાબ અને ઉત્તરાખંડના પરિણામો આવતા હતા ત્યારે કોંગ્રેસના મિત્રોએ કોમેન્ટ કરી હતી કે આ તો પરિવર્તન છે. પરિવર્તન તો ગુજરાતમાં પણ થવાનું છે.  એ પરિવર્તન તો જે અત્યારે ૪૮ સભ્યો છે એમાંથી  ૨૬ સભ્યો  થવાના છે. અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીની ૧૫૬ સભ્યો કરવાની નેમ છે. ગુજરાતમાં આ પ્રમાણે ચાલ્યું, આ પરિસ્થિતિ રહી તો મને સંપૂર્ણ વિશ્વાસ છે કે હવે પછીની ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષને ૧૫૬ સિટો  આવશે અને માનનીય વજુભાઈ વાળા આ ગૃહમાં તેરમી વખત બજેટ રજૂ કરશે. (અંતરાય)  સારી વાત છે કોઈએ કોમેન્ટ કરી રાદ ૧વજીભાઈ રાહ જોઈને બેઠા છે. ત્યારે મને એક વાત યાદ આવે છે.   દારૂબંધી હળવી કરવાના વિરોધમાં આંદોલનો થાય છે.  સાત આઠ વર્ષ પહેલાની વાત છે,  મારા એક કાર્યકર્તાએ કહ્યું કે જિલ્લાની  નશાબંધી સમિતિમાં મારુ નામ કોણે મુકાવ્યું. ત્યારે મેં કહ્યું કે  મેં  નથી મુકાવ્યું, મેં આ અંગેની ભલામણ નથી કરી. પરંતુ જેમણે  તમારા નામની ભલામણ કરી છે, તમારુ નામ સૂચવ્યુ  છે  એમણે બરાબર  અભ્યાસ કરીને નામ સૂચવ્યું

છે. કારણ કે નશાબંધી વિશે તમને સાચામાં સાચી ખબર હોય. ધ્રોળમાં કોંગ્રેસના પ્રદેશ આગેવાને દારૂબંધી હળવા કરવાના વિરોધમાં રેલી કાઢી, આંદોલન કર્યુ ત્યારે પ્રજામાંથી સૂર આવતો હતો એમાં એમ કહેતા હતા કે દારૂબંધી હળવી કરવાની વાત કરવાવાળા આજે ડોલતા ડોલતા દારૂબંધીનો વિરોધ કરે છે. ડોલવું એટલે શું એની મને જાજી ખબર નથી. પણ કેમ ડોલતા હશે, ડોલતા ડોલતા પ્રજા માંથી કોંગ્રેસનો વિશ્વાસ કેમ ઓછો થયો એનો આ નમૂનો છે.

માનનીય વિરોધપક્ષના નેતા અર્જુનભાઈ મોઢવાડિયા આ ગૃહમાં કોલેજોમાં ડોનેશનો લેવાય છે એવી વાત કરતા હતા. પરંતુ એમના જ સમર્થકો અહીંથી ચૂંટાયેલા અથવા તો બિન ચૂંટાયેલા આગેવાનો મોટી મોટી કોલેજો ચલાવે છે. એમાં ડોનેશન લેવામાં આવે છે. હું દાખલો આપવા તૈયાર છે જો એ બંધ કરાવવા તૈયાર હોય તો આ ગૃહ વચ્ચે આમંત્રણ આપવા આપું છું. ડોનેશનરૂપી લાંચ છે એ નામ પાડીને લેવામાં આવે છે. મારી પાસે દાખલા છે એ હું આ ગૃહમાં રજૂ કરવા તૈયાર છું. માનનીય અર્જુનભાઈ મોઢવાડિયા મારી ચેલેન્જ ઉપાડી લેવા તૈયાર હોય તો ચોક્કસ આપીશ. પરંતુ કહેણી અને કરણી વચ્ચે ફરક ઊભો થાય ત્યારે ગુજરાતમાં લોકોનો વિશ્વાસ કોંગ્રેસે ગુમાવી દીધો છે. આજે આપણે આ ગૃહમાં કેટલા બેઠા છીએ અને ભવિષ્યમાં કેટલા ચૂંટાઈશું એ નિશ્ચિત નથી ત્યારે પંજાબ અને ઉત્તરાખંડમાં જેવા પરિણામો આવ્યા એવા ગુજરાતમાં થાય અને આ સરકાર વિરુદ્ધ લોકો મત આપે એવી રાહ જોઈને બેઠેલા છે. પરિવર્તન ચોક્કસ થવાનું છે અત્યારે જે ૪૮ જણા છે એમાંથી ૨૬ થવાના છે. કારણ કે અમારો એક નિયમ છે ૩૫૬ વિરુદ્ધ ૧૫૬ એટલે ૩૫૬ તો આવે નહિ પરંતુ ૧૫૬ કરી બતાવવાની અમારા મુખ્યમંત્રીશ્રીની નેમ છે. અને એમાં આપ સૌ સાથ સહકાર આપશો અને પ્રજા વિરુદ્ધ કામ કરશો તો નિશ્ચિત છે કે અમે જરૂર ૧૫૬ પહોંચી જવાના છીએ.

કૃષિ વિભાગની વાત કરવામાં આવી ત્યારે અગાઉ પણ મેં કહ્યું હતું કે કૃષિ રથ લઈને અમે ગામડે જઈએ છીએ ત્યારે કોંગ્રેસના મિત્રો દૂર બેઠા બેઠા નાટકો કરે છે. નાટકો કયાં સુધી કે મહારાણા પ્રતાપનું કોઈ પાત્ર ભજવતું હોય તો એ વધારેમાં વધારે સવારના પાંચ વાગ્યા સુધી કરતાં હોય. અહીંયા તો એક મહિના સુધી માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, અધિકારીઓ સ્થળ ઉપર જઈને અખાત્રીજથી શરૂ થાય એટલે બપોરના બાર વાગ્યે બળબળતા તાપમાં, માથે ધોમ ધખતો તડકો હોય પરસેવે રેબઝેબ હોય એવી સ્થિતિમાં માનનીય મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ અધિકારીઓ, ધારાસભ્યો જાય છે એવા સમયે ગુજરાતના ખેડૂતોના હિતની વાત કરે એમાં ખેડૂતો કઈ જમીનમાં કયો પાક વાવવો જોઈએ એ વૈજ્ઞાનિક ઢબે સમજાવે છે. સોઈલ હેલ્થ કાર્ડની માનનીય જોષીયારાજી વાત કરતા હતા. એ પણ એક ડૉકટર છે એટલે માણસોની તબિયત જૂએ છે. પણ જમીનની તબિયત જોવાનું સંશોધન માનનીય કૃષિમંત્રીશ્રીએ કાઢ્યું છે, એટલે અમે જમીનની તબિયત જોઈને દવા આપીએ છીએ. જોષીયારાજી, અમે જમીનની તબિયત જોઈને દવા આપીએ છીએ. તો આટલી સુંદર વ્યવસ્થા અને આટલું સારું બજૅટ રજૂ કરનાર માનનીય નાણામંત્રીશ્રીને જેઓ ૨૦૦૭-૦૮નું બજૅટ લઈને અત્રે આવ્યા છે તેને અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ (રાવપુરા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ ૨૦૦૭-૦૮નું નવા કરવેરા વગરનું બજૅટ રજૂ કર્યું છે તેને હું આવકારું છું અને તેઓને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે છેલ્લા પાંચ વર્ષમાં વિકાસની હરણફાળ ભરી છે. તેઓના અભિગમે છેવાડાના માનવી સુધી વિકાસના ફળો પહોંચાડવાનું ભગીરથ કાર્ય આ સરકારે કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે તો દરેક ચીજોમાં વેરા વધાર્યા, પરંતુ રાજયની આ સરકારે વેરા વગરના બજૅટમાં પ્રજાને અનેક વેરામાંથી છૂટછાટ પણ આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારોમાં જે ગરીબ લોકો છે, મધ્યમ વર્ગના લોકો છે તેને રહેઠાણમાં જે વીજળીદરમાં ૩૦ ટકા વીજળીના દર હતા તે દરમાંથી ઘટાડીને ૨૦ ટકા કર્યો. તેનાથી ૬૯-૭૦ લાખ જેટલા લોકોને રાહત થવાની છે. ગુજરાતને ૨૦૧૦ના વર્ષમાં ૫૦ વર્ષ પૂરા થવાના છે. રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું આ રાજયને દેશનું પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવાનું સ્વપ્ન છે એ આ બજૅટ ઉપરથી ફલિત થાય છે. હું શહેરી વિસ્તારમાંથી આવું છું. શહેરની પ્રજા માટે સરકારે જે જે કાર્યો કર્યા છે, તેની ચિંતા કરી છે તેની વાત કહ્યા વગર હું રહી શકતો નથી. આ સરકારે રાજયનું શાસન સંભાળ્યા પછી ૭ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓનો એક સરખો વિકાસ કર્યો છે અને અર્બન ડૅવલપમેન્ટ મિશન હેઠળ ૭ વર્ષમાં આવતા દિવસોમાં ૧૬,૦૦૦ કરોડનું મૂડીરોકાણ કરીને શહેરોનો વિકાસ કરવાનું બીડું ઝડપ્યું છે. એ ખરેખર આવકારદાયક છે. રાજયની પાંચ કરોડની પ્રજા છે તેમાંથી ૪૦ ટકા જેટલી એટલે કે ૨ કરોડ જેટલા લોકો શહેરોમાં વસે છે. તેનું કારણ એ છે કે શહેરના જે આર્થિક કેન્દ્રો છે, રોજગારી પૂરી પાડવા માટે કે ઉચ્ચ શિક્ષણ મેળવવું હોય, આરોગ્ય માટે સુવિધા મેળવવી હોય તો તેના કેન્દ્રો શહેરમાં જ છે. ૨ કરોડની જનતાને સુવિધા પૂરી પાડવી એ રાજય સરકારની પ્રથમ ફરજ છે અને તે માટે રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદૃષ્ટિના કારણે જે આ શહેરોનો વિકાસ થયો છે, શહેરના માર્ગો પહોળા કર્યા છે. પીવાનું પૂરું પાડ્યું છે. એમ્બ્યુલન્સ પૂરી પાડી છે અને લોકોના જાન-માલ-મિલકત માટે ફાયરબ્રિગેડના સાધનો પૂરા પાડ્યા છે. શહેરને પ્રદૂષણમુકત કરવાનું ભગીરથ કાર્ય આ સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહાનગરપાલિકા અને નગરપાલિકાને સત્યમ્, શિવમ્ સુંદરમ્‌ની કલ્પના સાથે અમે શહેરોની નગરરચનાઓ કરી રહ્યા છીએ. રાજયના નાના નગરોને તમામ સુવિધાઓ મળતા લોકોને રહેવા માટે અને જીવન જીવવા માટે એક થનગનાટ ઉભો થયો છે. અમદાવાદમાં કોંગ્રેસનું જ્યારે શાસન હતું ત્યારે જે આશ્રમરોડ બનાવ્યો. હવે એ વખતે આશ્રમ રોડના બહુ ગુણ ગાયા કરતા હતા. પરંતુ આ સરકારે એના શાસન કાળ દરમિયાન, સી.જી.રોડ હોય, એસ.જી. રોડ હોય કે રિંગ રોડ હોય આ બધાને આશ્રમ રોડ જેવા બનાવી દીધા છે. અમદાવાદ શહેરમાં જે કેરોસીનથી રિક્ષાઓ ચાલતી હતી એના કારણે ધુમાડાના ગોટેગોટા ઊડતા હતા એનાથી પ્રદૂષણને નુકસાન થતું હતું. આ સરકારે ૩૫૦૦૦ જેટલી રિક્ષાઓને સી.એન.જી.થી સાંકળેલ છે અને ૪૩૫ જેટલી બસોને સી.એન.જી.માં પલટાવવાનું કાર્ય કરીને પ્રદૂષણ મુક્ત શહેર બનાવવાનું કાર્ય કર્યું છે એને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહીં પણ ૧૧૪ જેટલી નગરપાલિકાઓને ૧૧૪ જેટલી એમ્બ્યુલન્સ પૂરી પાડી છે અને ૭૦ કરોડ રૂપિયાના ખર્ચે ફાયર ફાઈટીંગના સાધનો આપ્યા છે. આપણા રાજયમાં વારંવાર ભૂકંપ થાય છે. આ ઘટનાને લીધે રાજયના મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્ર સરકારને કહ્યું છે કે, ૧ રૂપિયામાં હું જમીન આપવા તૈયાર છું, ટોકન ભાડાથી આપવા તૈયાર છું. પણ કેન્દ્ર સરકાર આ ઑફર સ્વીકારતી નથી અને કોંગ્રેસના મિત્રોને રાજયની પડી હોય તો આ ઑફર સ્વીકારી લે. એ લોકોને જવા-આવવાનો ખર્ચ પણ અમે આપીશું અને બીજું ખર્ચ પણ આપીશું.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત જેવા મોટા શહેરોમાં ઓવર બ્રિજ બનાવવાનું કામ ધમધોકાર ચાલી રહ્યું છે જે આપને આ શહેરોમાં જતા હશો ત્યારે નજરે જોવા મળશે અને આવતા દિવસોમાં આ ટ્રાફિકની સમસ્યા છે એ દૂર થવાની છે. એક નવો અભિગમ આ રાજયમાં આવ્યો છે, ઘેર ઘેરથી કચરો ઉઠાવવાનું કાર્ય આ સરકારે કર્યું છે. સૂકો કચરો હોય, લીલો કચરો હોય આ કચરો ઘેર ઘેરથી ઉઠાવી જવાનું કાર્ય આ સરકાર કરી રહી છે. ૧૪૧ નગરપાલિકાઓ અને ૭ મહાનગરપાલિકામાં બી.પી.એલ., એસ.સી., એસ.ટી. જેવા લાભાર્થીઓને શૌચાલયની સુવિધા પૂરી પાડવા માટે નિર્મળ ગુજરાત હેઠળ ૧૪૦૦૦ જેટલા શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે અને આવતા ૨ વર્ષમાં આવા ૭૫૦૦૦ શૌચાલયો કરવાનો કાર્યક્રમ આ સરકારે ઘડ્યો છે. ગટરો સાફ કરતા સફાઈ સેવકો કેટલીકવાર મરણને શરણ થતા હતા. આ સફાઈ સેવકોને વીમા યોજના હેઠળ જોડવામાં આવ્યા છે અને ગટરો સાફ કરવા માટે અદ્યતન મશીનરી અને જેટીંગ મશીન જેવા મશીનો લાવીને આ લોકોની જીંદગી બચાવી છે. એ લોકો કહે છે કે આ તો શહેરી પાર્ટી છે. પણ શહેરી પાર્ટી છે એમ કહેતાં એમને શરમ નથી આવતી? કારણ કે, રાજયની ૪૦ ટકા પ્રજા શહેરોમાં રહેતી હોય અને એને સુવિધા આપવાનું કામ સરકારનું નથી? અને આ લોકો જ ગામડાવાળાના મત લઈને આવ્યા છે અને ઘણા ખરા મિત્રો અત્યારે શહેરોમાં રહેતા હોય છે અને શહેરોની વાત કરો છો એ વાજબી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે રાજયપાલશ્રીએ અહીં બજૅટ રજૂ કર્યું ત્યારે ઘણા લોકો બૂમો પાડતા હતા. આ સરકારે દેવું કરી નાંખ્યું. અમે પટેલ લોકો દેવાથી ગભરાતા નથી. દેવું કરીને દીકરીને પરણાવીએ છીએ, દીકરાને ભણાવીએ છીએ અને દેવું કરીને એમને પરદેશમાં પણ મોકલીએ છીએ. એના માટે અમે દાગીના વેચી નાખીએ છીએ, જમીનો વેચી નાખીએ છીએ. એના કારણે અત્યારે દેશમાં જ નહીં પણ પરદેશમાં પણ અમારી આજે જે આર્થિક પરિસ્થિતિ અને નાણાકીય પરિસ્થિતિ ઊભી થઈ છે એ જોવા જેવી છે. એટલે સરકાર લોકો માટે સુવિધા ઊભી કરવાની હોય ત્યારે દેવું એ દેવું નથી કહેવાતું. અને દેવું કરવું એ મરદોનું કામ છે. અમારી જમણી બાજુના લોકો આ જમણેરીઓ હાઉસની અંદર આવે છે, સરકાર વિરોધી અને નરેન્દ્ર મોદી વિરુદ્ધ ખૂબ જ આક્ષેપો કરે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય યોગેશભાઈ આપનું પ્રવચન પૂરું થાય છે, ચલો માલજીભાઈ, આપ પ્રવચન ચાલુ કરો.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જયારે ૨૦૦૭-૦૮નું બજેટ લઈને આવ્યા છે ત્યારે મારા વિચારો ઉભા કરવા માટે ઉભો થયો છું. આઝાદીના સમયમાં અમારી જુવાનીમાં એક ગીત ગાતા હતા,

" અમે ન જુકશું, અમે ન રુકશું અમે ગરીબનું સ્વરાજય લાવશું."

આવી વાત દેશની આઝાદીની લડતમાં પડેલ લોકો, એની સામે આ દેશનો ગરીબ હતો. ગુજરાત એ પ્રગતિશીલ રાજય ગણાય છે પણ ગુજરાતનો જે વિકાસ થયો છે એ પાલનપુરથી વાપી તમે જાવ અને એની જે હાઈવે પટ્ટી છે એના પૂર્વના ૨૦ કિલોમિટર અને પશ્ચિમના ૨૦ કિલોમીટરની જે આ ગોલ્ડન પટ્ટી છે એ સિવાય બાકીનો જે વિસ્તાર છે એ વિસ્તાર તરફ આ રાજયના નાણા મંત્રીશ્રીનું હું ધ્યાન દોરું છું. અંબાજીથી ઉમરગામની પૂર્વપટ્ટીનું મુખ્યમંત્રીશ્રીએ એનું પેકેજ જાહેર કર્યુ છે. એનો અમલ બરાબર થાય તો અમારા જેવાને જરૂર આનંદ થશે. અમલ નથી થતો એનો મોટામાં મોટો પૂરાવો છે સુજલામ સુફલામ જેવી સ્કીમ જયારે કરી ત્યારે ઉત્તર ગુજરાતમાંથી જે વિસ્તારમાં પાણી નહોતું આવતું એ વિસ્તારના અમારા જેવા લોકોને ખૂબ આનંદ થયો હતો. અને આનંદ વ્યકત પણ કર્યો હતો એ અત્યારે શિવજીની જટામાં આખી સ્કીમ જે ફસાઈ છે એને નાણા પૂરા પાડો અને જલદી બહાર કાઢો અને ઉત્તર ગુજરાતને પાણી આપો એ તરફ મારે આપનું ધ્યાન દોરવું છે. ગુજરાતની

અંદર અનેક વિસ્તારો એવા છે ડાંગ જેવા વિસ્તારમાં સમગ્ર ગુજરાતમાં જે પાણી પડે છે એના કરતા વધારે પડે છે. પણ ઉનાળાના મે, જૂનમાં તમે તપાસ કરો તો આ આદિવાસીઓને કેટલા કિલોમીટર સુધી પાણી લેવા જવું પડે છે એના રાજયની પાસે આકડા હશે એ આજે પણ ૫૦-૬૦ વર્ષની આઝાદી પછી પણ એને પોતાને પોતાનું પાણી પણ આપણે આપી શકતા નથી એવી સ્થિતિમાં આપણે આપણો વિકાસ કરી રહ્યા છીએ. આપણા વિસ્તારની અંદર ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં શિક્ષણની જે સ્થિતિ છે એ તો આપણને આંખે ઉડીને વળગે એવી છે. આદિવાસી વિસ્તારની અંદર શિક્ષણની જે અપૂરતી સુવિધાઓ છે અને આ આઈ.ટી.ના જમાનામાં આજે વિજ્ઞાનની સ્કૂલો પણ ત્યાં નથી, આ બાળકોની શું સ્થિતિ થઈ હશે એ રાજય વિચારવાની ખાસ જરૂર છે. આ અગાઉ પણ રાજયે બે કદમ ઉઠાવેલા છે. એક કદમ એ ઉઠાવેલ છે કે અતિપછાત જે તાલુકા આ રાજયમાં જાહેર થયા છે અને આના અગાઉ પણ આ સરકાર કદાચ બક્ષીપંચને ભૂલી ગઈ હશે પણ બક્ષીપંચના તાલુકાઓ ઉપર માર્ક કરીને રાજયે અતિપછાત તાલુકાઓ જાહેર કર્યા હતા. એ વિસ્તારની અંદર આજે શું પ્રગતિ થઈ રહી છે અને કેટલા તમે નાણા ફાળવી રહ્યા છો એ નાણામંત્રીશ્રી જણાવશે તો મને આનંદ થશે. આ રાજયની ૫૦ ટકા ઉપરાંતની વસ્તી આર્થિક રીતે પછાત વિસ્તારમાં રહે છે, આ વિસ્તારનો જે વિકાસ નથી થઈ રહ્યો એ વિસ્તાર માટે રાજય વધારેમાં વધારે સક્ષમ થઈ નાણા ફાળવે એવી આ તબકકે મારી ખૂબ લાગણી છે.

આ રાજયમાં અનેક વિસ્તારો એવા છે એ વિસ્તારો તરફ પણ હું ધ્યાન દોરવા માગું છું. અવિકસિત વિસ્તારો છે ગીર, બરડો, આલેચ અને કચ્છના માલધારીઓ, આ હાઉસમાં બેઠેલા મિત્રોને ખબર ન હોય કે ગુજરાતનો પશુપાલક એના પશુઓને જીવાડવા માટે છેક આંધ્ર સુધી જાય છે ત્યાં નકસલવાદી લોકો છે, જંગલોમાં એની સાથે પોતે રહે છે, પોતાના પશુધનને બચાવે છે. એટલું જ નહિ, મધ્ય પ્રદેશ, ભોપાલ, એના અંતરિયાળ જંગલોમાં આ કચ્છના માલધારીઓ કચ્છમાંથી પેદલ જાય છે. આ લોકોની સ્થિતિ સુધરે એવું આ રાજ્યમાં થાય એવું હું ઈચ્છું છું. એવી જ રીતે જેને આપણે પછાત ગણીએ છીએ એવા નળકાંઠાના પઢાર લોકોની આજે પણ આટલા વર્ષની આઝાદી પછી સ્થિતિ એવી છે. સાબરકાંઠામાં માનનીય રમણભાઈ બેઠા છે. કાકોડી લોકો છે એની સ્થિતિ શું છે? એના માટે સ્પેશિયલ પૅકેજ કરીને એમાં પણ રાજ્યે અતિ પછાત જૂથો ગણ્યા છે એ જૂથો માટે રકમ માર્ક કરીને વધારેમાં વધારે સગવડો આપે એવી મારી વિનંતી છે. ગુજરાતનો વિશાળ દરિયા કાંઠો છે. એ દરિયાકાંઠા ઉપર માછીમારો અને અન્ય પછાત કોમો એના ઉપર પોતાનું જીવન જીવી રહ્યા છે. એની સ્થિતિ પણ એવી છે. બીજું ધ્યાન દોરવાનું કે દરિયાની પટ્ટી ઉપર ચેર નામનું વૃક્ષ થાય છે. એ ચેર વૃક્ષ એટલું બધું કિંમતી છે કે, આજે દરિયાકાંઠા ઉપર જે ઉદ્યોગો આવી રહ્યા છે એના કારણે એનું નિકંદન નીકળી રહ્યું છે. રાજ્યે એની અંદર કોઈ સજાગતાથી પુન:વિચારણા કરવા જેવું છે. માનનીય અધ્યક્ષશ્રી, રણ વિસ્તારમાં જંગલી ગધેડાઓ માટે રક્ષણનું કર્યું છે પણ એ જ વિસ્તારમાં પોતાના બાળકો સાથે સખત મજૂરી કરતા અગરિયા લોકો છે એની ચિંતા કરતા નથી. ભારત સરકારે પૅકેજ જાહેર કર્યું છે પણ એનો અમલ બરાબર થાય એવું હું આ રાજ્ય પાસે ઈચ્છી રહ્યો છું. ગુજરાતનો આટલો વિકસિત ગણાતો વિસ્તાર, ૬૫ ટકા ઉપરાંતની પ્રજા આજે ગામડામાં જીવી રહી છે. એ ૬૫ ટકામાં નાના અને સીમાંત ખેડૂતો છે, પશુપાલકો છે અને ઉભડક મજૂરો આ ત્રણ જૂથો આજે ગ્રામ્ય વિસ્તારમાં વસી રહ્યા છે. એ જૂથોને બચાવવાની જગ્યાએ એને આપણે વાયબ્રન્ટ ગુજરાતના નામે દેશના ઉદ્યોગપતિઓને લાવીને એની કિંમતી જમીનો એમના ચરણે ધરી દીધી?

આજે પણ મેં છેલ્લા સમાચાર જાણ્યા, મને નવાઈ લાગી કે એશિયાનો મોટામાં મોટો બન્ની વિસ્તાર, એમ કહેવાતું કે કોઈ ઘોડેસવાર એમાંથી પસાર થાય તો બન્નીના ઘાસમાં ઘોડેસવાર દેખાય નહિ. એવી સ્થિતિ થઈ છે કે, એમાંથી ૬૦૦૦ હેકટર જમીન બન્ની વિસ્તારમાંથી ઉદ્યોગપતિઓને આપવાનું આજે ચાલી રહ્યું છે. હું વિનંતી કરું છું કે બન્ની વિસ્તારને બચાવો. એ આપણા માટે ખૂબ જ ગૌરવશાળી વિસ્તાર છે. એનો વિકાસ કેમ થાય, એના લોકોનું રક્ષણ થાય, બન્ની અને બરડો આ વિસ્તારોની ઉત્તમ પશુ ઓલાદો છે. ગુજરાતમાં તમારી પાસે જે કિંમતી પશુધન છે એ ગીરની ગાય હોય, ઉત્તર ગુજરાતની કાંકરેજ ગાય હોય કે મહેસાણાની ભેંસ હોય, આ પશુઓ છે એ દેશમાં જ નહિ પણ દુનિયામાં એની નામના છે. એ પશુધનને બચાવવા માટે આપણે જંગલોમાં જ્યારે ગધેડાઓ માટે રક્ષણનું કરી રહ્યા છીએ ત્યારે આ ઓલાદોને સુધારવાના અને એના રક્ષણ માટે રાજ્યે બરાબર સક્રિય પગલાં લેવાં જોઈએ એવું હું ઈચ્છું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાઓમાંથી ઝડપભેર લોકો શહેર તરફ જઈ રહ્યા છે અને એવી સ્થિતિનું આજે નિર્માણ થઈ રહ્યું છે કે લોકો શહેરમાં જ પોતાનું સ્વર્ગ ધારી લે છે એ આપણા માટે બહુ જ ચિંતાજનક બાબત છે. માનનીય અમિતભાઈ નથી પણ મારે ધ્યાન દોરવું છે કે, અહિંસાનું પૂજારી ગુજરાત આજે સવારે છાપું વાંચો અને પહેલા સમાચાર હશે, ધાડ, ખૂન, લૂંટ, મંદિરોની લૂંટ અને મહંતોનું ખૂન. આ સ્થિતિ છાપાઓમાં આવી રહી છે અને આપણા રાજ્યને બિહારની સાથે સરખાવીએ? અરે ભાઈ, ક્યાં ગુજરાત અને ક્યાં બિહાર? કોઈએ બિહારના આંકડા આપીને સરખામણી કરી છે. તમારા આંકડા છે એમાં કંઈ સારું કરવા માગો છો કે નહિ? કે પછી એનાથી સંતોષ લો છો કે અમુક કરતાં વધારે સારા છીએ? પણ આપણે વધારે સારું થવું છે અને ગુજરાતની અંદર તો જેને પાટનગર કહેવાય એવા અમદાવાદ અને ગાંધીનગરની અંદર ઘરફોડ ચોરીઓ, ધોળા દિવસે ખૂન થઈ રહ્યાં છે એ ગુજરાત માટે મને લાગે છે કે ખૂબજ ચિંતાજનક છે. (સમય સૂચક ઘંટડી) બે મિનિટ આપો.

**અધ્યક્ષશ્રી .** : ના, તમારા દંડકશ્રીએ ના પાડી છે. શિરીષભાઈ.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત)** : માનનીય અધ્યક્ષ મહોદય, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૦૭-૦૮નું બજૅટ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે ઊભો થયો છું. થોડા દિવસ પહેલા મારા મિત્રોએ બેસણું યોજેલું, બીજા દિવસે ઉઠમણું થયું. એ ઉઠમણું એવું થયું કે બારમાના દિવસે બારમું કરનાર પણ કોઈ રહ્યું નહિ. હિન્દુ શાસ્ત્ર પ્રમાણે જેનું બારમું ના થાય તો તેની દુર્ગતિ થાય છે તો આવનારા દિવસોમાં દુર્ગતિ માટે તૈયાર રહેજો.

માનનીય અધ્યક્ષ મહોદય, ગુજરાત સરકારનું આ બજૅટે નાણાકીય શિસ્તને અનુસરીને કરવામાં આવેલ છે. નાણાકીય સિદ્ધાંતને અનુસરીને ગુજરાતની આ સરકારે પાંચ વર્ષથી જે બજૅટ રજૂ કર્યા છે તેની અંદર નાણાકીય માપદંડ હોય કે બિનઉત્પાદક ખર્ચ ઘટાડીને, ઉત્પાદક ખર્ચ વધારીને ગુજરાત રાજ્યનો વિકાસ કરવો જોઈએ, કરવેરા વધારવા ના જોઈએ એ બધા અનુસંધાનની અંદર કામ કર્યુ છે. પરિણામે આ ગુજરાત રાજ્ય વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. ગુજરાતની શરૂઆતના ૧૪ મુખ્યમંત્રીશ્રીઓ અને રાષ્ટ્રપતિ શાસનની અંદર જે યોજનાકીય કદ ૫૫૨૫૬.૭૭ કરોડ હતું અને કુલ ખર્ચ ૫૪૨૦૫.૩૨ કરોડ થાય છે જેની સામે ભારતીય જનતા પાર્ટીની આ સરકારે એ રીતે જે આયોજન કર્યુ તે ૪૭૦૦૦ કરોડ રૂપિયા ખાલી પાંચ વર્ષના આયોજનના કદથી અને આવનારા દિવસોમાં એનો સંપૂર્ણ અમલ થવાનો છે અને મિત્રો ૨૦૧૦ જ્યારે આપણા બધા માટે ગૌરવભરી સાલ છે. એ સુવર્ણ યુગ, સુવર્ણ ગુજરાત ૫૦ વર્ષ પૂરા કરશે તે દિવસે આપણા બધાની ફરજ છે કે ૫૦ વર્ષ પૂરાં થાય ત્યારે ગુજરાત પ્રગતિના પંથે, સર્વોચ્ચ સ્થાને હોય એ માટે આપણે બધાએ ભેગા થઈને પ્રયત્નો કરવાના છે. તે વખતનું લક્ષ છે કે આ યોજનાનો લક્ષ્યાંક છે એ એક કરોડ રૂપિયા થઈ જવાનું છે. મિત્રો આ ગુજરાત સરકાર ચીલાચાલુ બજૅટને પોતે અનુસર્યા નથી. પરંતુ આ ગુજરાતમાં જ્યારથી સરકાર આવી ત્યારથી દરેક ક્ષેત્રની અંદર મેરિટનો આગ્રહ રાખ્યો છે કે કોઈપણ જાતની સર્વિસ હોય, કોઈપણ જાતની ભરતી હોય એની અંદર લાગવગશાહીનો અંત અને ભ્રષ્ટાચારના અંતની શરૂઆત ત્યાંથી થાય છે. અમે ધારાસભ્યો ધારીએ તો પણ અમારા સગા દીકરાને પણ નોકરીએ ના રાખી શકીએ એવા પ્રમાણિક કાર્યક્રમો આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ઊભા કર્યા છે. એટલા માટે મુખ્યમંત્રીશ્રી આખા દેશની અંદર સર્વ પ્રથમ મુખ્યમંત્રીશ્રી ગણાય છે. આ રીતે દરેક ક્ષેત્રમાં, કૃષિક્ષેત્રે, શિક્ષણક્ષેત્રે કામ કર્યુ છે. આ મુખ્યમંત્રીશ્રીની જે આભા છે, આ મુખ્યમંત્રીશ્રીની જે ટેવ છે કે એ લોકોની અંદર ઓતપ્રોત થઈને કોઈપણ કાર્ય હોય, એ શિક્ષણનું કાર્ય હોય તો પણ એના અનેક પ્રસંગો એવા લાવવા કે જેથી કરીને લોકોનું એમની જોડે ઈનવોલ્વમેન્ટ થાય અને ઈનવોલ્વમેન્ટના એ કાર્યથી સમગ્રતયા સારુ થાય એ રીતનો કાર્યક્રમ છે.

પ્રાથમિક શિક્ષણ માટે પ્રવેશ ઉત્સવના દિવસે આખા ગામની અંદર તોરણ બંધાય, મા-બાપના ઘરે ૧૦-૧૦ દિવસથી શિક્ષકો આંટા ખાતા હોય કે તમારા દીકારા-દીકરીને ભણવા લઈ જવાના છે. આ તારીખે જબરજસ્ત આપણે વરઘોડો કાઢીને, ધામધૂમથી છોકરાઓને ચાંદલો કરીને, સાકર ખવડાવીને પ્રવેશ અપાવવાનો અને એ પ્રવેશ ઉત્સવથી ગુજરાતની અંદર સાક્ષરતાનું પ્રમાણ ઊંચું લાવવાનો પ્રયત્ન કરવાનો, આ રીતે જ ગુજરાતની અંદર પ્રવેશ ઉત્સવમાં મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ, ધારાસભ્યો અને સારા સારા અધિકારીઓએ ભાગ લઈને લોકો જોડે આજે ઓતપ્રોત થયા છે. આજે પ્રવેશ ઉત્સવને આખા ગુજરાતે આવકાર્યો છે. આવી જ રીતે આખા ગુજરાતમાં વિદ્યા લક્ષ્મી બૉન્ડ, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કન્યાઓ માટે જે નિધિ ઊભી કરી છે એ કન્યા નિધિમાં ગુજરાતમાં આપણું જે સાક્ષરતાનું પ્રમાણે જે ખૂબ વધારે છે એને ઊંચું લાવવા માટે, સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ ઊંચું લાવવા માટે, ગુજરાતમાં સ્ત્રીઓમાં શિક્ષણ વધે, એમના વિકાસ માટે, એમને શિક્ષણમાં મદદરૂપ થવા માટે આ વિદ્યા કેળવણી, કન્યા કેળવણી બૉન્ડ જે ઊભા કરેલા છે એ નિધિને એટલો બધો આવકાર મળ્યો છે કે, મુખ્ય મંત્રીશ્રીને મંગળવારે બપોરે એક થી બે, ગમે તે પ્રતિનિધિ મંડળ આવે કે કોઈ બીજા કામ માટે આવે તો પણ વિદ્યા કેળવણી નિધિમાં કાંઈક ને કાંઈક રકમનો ચેક આપતા જાય છે આ મુખ્ય મંત્રીશ્રીનું સફળ પાસું છે. એ રીતે જ્યારે આખા ગુજરાતમાં ભૂકંપ આવ્યો અને કચ્છમાં જ્યારે ભૂકંપ આવ્યો હતો ત્યારે નાના નાના બાળકો જે મલબામાં દબાઈ ગયા હતા ત્યારે ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીએ તે દિવસોને યાદ કરીને ગુજરાતના પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે જે રીતે તેમણે વીમાદીપ યોજના મૂકી, એમની યાદમાં, એમની સ્મૃતિમાં કે પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી જો અકસ્માતે મૃત્યું પામે તો ૨૫,૦૦૦/- રૂપિયા એના મા-બાપને આપવામાં આવે અને માધ્યમિક શાળાનો વિદ્યાર્થી અકસ્માતે દબાઈ જાય કે મૃત્યું થાય તો એમના મા-બાપને પચાસ હજાર રૂપિયા ગુજરાત સરકાર આપશે. આ રીતે આવો વિચાર કરવામાં ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે પ્રથમ વિચાર કર્યો છે એ હકીકત છે.

કન્યા કેળવણી માટે પણ આ ગુજરાત સરકારે જે કામ કર્યુ છે, આજે ઠેરઠેર કન્યા કેળવણી રથ લઈને અને એ રથ દ્વારા જ્યાં જ્યાં જઈએ ત્યાં અને આ દેશમાં જે સ્ત્રી ભ્રૂણ હત્યા એ એક મોટો ચિંતાનો વિષય છે એ વિષયને રાજકીય વિષય ન રાખતાં એક સામાજિક આંદોલનનું રૂપ આ મુખ્ય મંત્રીશ્રીએ આપેલું છે. હજી ગઈ કાલે જ મારા વિસ્તારમાં ભગિની સમાજની એક ૬૦ વર્ષ જૂની સંસ્થાનો કાર્યક્રમ હતો અને સ્વામી સચ્ચિદાનંદજી આવેલા અને એમણે પણ આ સ્ત્રી ભ્રૂણ હત્યા વિશે ગુજરાત સરકારે જે કામ કર્યુ છે એની સરાહના કરી છે.

આવનારા દિવસોમાં જે સામાજિક ભયંકરતા આવવાની છે એની સામે લાલબત્તી ધરીને ગુજરાત સરકારના મંત્રીશ્રીઓ હોય, ધારાસભ્યો હોય, કાર્યકર્તા હોય એ તમામ આ સ્ત્રી ભ્રૂણ હત્યા માટે જાગૃતિનું કામ કરી રહ્યા છે એ અભિનંદનને પાત્ર છે. આવનારા દિવસોમાં ગુજરાત શિક્ષણ ક્ષેત્રે પણ આગળ વધે, શિક્ષણમાં પણ આમૂલ પરિવર્તન લાવેલા છે. શિક્ષણમાં વિદ્યા સહાયકોની જે નિમણૂકો કરી છે, મેં અગાઉ કહ્યું એ પ્રમાણે એકેય વિદ્યા સહાયકને તમે ધારો તો પણ તમે રોકાવી ના શકો, જો એ મેરિટમાં એક માર્ક પણ ઓછો હોય તો, પણ મારા વિસ્તારમાં કોંગ્રેસમાં કહી દે કે કાલે આવજે, નોકરીએ ચઢી જાય,એને ૩૫ ટકા હોય તો પણ, એવું તો અમે કશું કર્યુ નથી. મને ખબર છે ઈશ્વરસિંહ ચાવડા કાકા ગમે ત્યારે ગમે તેને નોકરીએ રાખી દેતા હતા, જા કૂવા પર બેસી જા , જા તલાટીમાં ઘૂસી જા, આ બધા ધંધા બંધ થઈ ગયા એટલે તમને બધાને પેટમાં ચૂંક આવે છે. આ સરકાર મેરિટથી જ, ગુજરાત બધા કરતાં  ઊંચું છે, ગુજરાતની સરખામણી બીજા રાજયો સાથે થવાની છે આજે ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીને આપ બધા કહો છો કે, સોનિયાજીએ બોલાવ્યા હતા, તો દસ વખત બોલાવશે, ભેજુ હોય તો ભેજુ લેવા માટે બીજાને બોલાવવા પડે, બીજાની મદદ લેવી પડે, આજે જ્યારે ડૉ. મનમોહનસિંહને જ્યારે ખબર પડી કે, ગુજરાતમાં જ્યોતિ ગ્રામ યોજના થઈ છે એટલે નીકળી પડ્યા કે બક્ષીપંચવાળાને આપવામાં આવશે. આજે અમે પણ જાહેર કરીએ છીએ કે, અમે પણ બક્ષીપંચના દસ ગામોને સંપૂર્ણપણે વીજળી આપવાના છીએ આ રીતે ગુજરાતમાં જે કાર્યો થયા છે એ કાર્યોને અનુસારીને કેન્દ્ર સરકાર પણ પોતે એનો અનુભવ કરી રહી છે અને એ ક્રમમાં આગળ વધી રહી છે. તો આ રીતે આ કામ કરીને ગુજરાતના બજેટમાં જે જોગવાઈ કરી છે એ જોગવાઈ ખરેખર ખૂબ સારી છે.

પાણીના ક્ષેત્રે પણ અને બંદરના ક્ષેત્રે પણ, આપ બધા મિત્રોએ મારા ખંભાત શહેરના બંદરને તો નામશેષ કરી નાખ્યું હતું. માટી જામી ગઈ હતી, ડૂબી ગયું હતું, થવાનું જ નથી પણ આ વીર મુખ્ય મંત્રીશ્રીએ ખંભાતનું બંદર કરવા એનો સરવે કરાવ્યો અને એનો પ્રોઝેટિવ રિપોર્ટ આવ્યો અને ખાનગી ક્ષેત્રે ખંભાત, સૂત્રાપાડા અને મહુવાના વિકાસ કરવા માટેની જે નેમ છે એના માટે પંદર-પંદર લોકોએ ઑફરો આપી છે, ૮૦ હજાર કરોડના એમ.ઓ.યુ. કર્યા છે. (અંતરાય) અરે થશે, થવાના છે સો ટકા થશે, તમે અદેખાઈમાં રહી જવાના છો.  ગુજરાતનો વિકાસ જો કરવો હોય તો, ગુજરાતને આગળ વધારવું હોય તો આપણે બધાએ સાથે મળીને કામ કરવું જોઈએ. આપ સૌ આ કામમાં સહકાર આપશો તો ગુજરાતની જનતાની સેવા કરવાની નેમ છે એ આપણે ભેગા થઈને પૂરી કરી શકીશું.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર)**: માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રી આદરણીય વજુભાઈ વાળા ૨૦૦૭-૦૮નું બારમુ બજેટ લઈને આવ્યા છે ત્યારે એમને અભિનંદન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

*બહુજન સુખાય, બહુજન લાભાય, સર્વે સન્તુ નિરામયા, સર્વે ભદ્રાણી પશ્યન્તુ* એવું બજેટ લઈને આવ્યા છે. બારમુ બજેટ છે અને કૉન્ગ્રેસના બાર વગાડી દીધા છે. એટલે એમને અઘરું પડે છે. આ બજેટ ઉપર એમ કહી શકાય કે આમ જનતાનું આ બજેટ છે. મારે બજેટ ઉપર વાત કરવી નથી. મારે શિક્ષણ ઉપર થોડી વાત કરવી છે. મારે એમ કહેવું છે કે શિક્ષણની અંદર આ વિરોધ પક્ષના મિત્રો એમ પૂછે છે કે ડ્રોપ આઉટ રેશીયો કેટલો એમ પૂછે છે તો એમને એમ ડ્રોપ આઉટ રેશીયો ઓછો ન થાય. એના માટે કામ કરવું પડે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આર્ષદ્રષ્ટા અને દીર્ઘદ્રષ્ટા છે. એમણે વિચાર્યું કે પાયાનું પ્રાથમિક શિક્ષણ મજબૂત કરવું હશે તો પ્રાથમિક શાળાના ઓરડા બાંધવા પડશે, શિક્ષકોની ભરતી કરવી પડશે. વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવા પડશે. એમણે પ્રાથમિક શાળા માટે અભૂતપૂર્વ કામ ઉપાડી લીધું અને ૧૩૦૦૦ જેટલી પ્રાથમિક શાળાની કમ્પાઉન્ડ વોલ અને વિદ્યાલક્ષ્મી બોન્ડ લાવ્યા અને વિચાર કર્યો કે ડ્રોપ આઉટ રેશીયો ઘટાડવો છે. તો શું કરી શકાય? આદિવાસી વિસ્તારમાં બાલિકાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપ્યા. શરૂઆત છોટાઉદેપુરથી કરી. એમણે એમ કહયું હતું કે હું તમારી પાસે ભિક્ષુક બનીને આવ્યો છું. મારે કાંઈ ન જોઈએ તમારી દીકરીને ભણાવજો. ત્યારે એમ કહેવાય કે રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી *"વજ્રાદપિ કઠોરાણી, મૃદુની કુસુમાદપિ, લોકોત્તરાનાં ચેતસિ, કોન જાનતિ અર્પત:"* એવા પુરુષ કે જે વજ્રાદપિ કઠોરાણી, જેનું નામ સાંભળીને ભલભલાને કમ્પારી છુટી જાય. એમણે પુષ્પ જેવા કોમળ થઈને કહ્યું તમારી દીકરીને ભણાવજો. રાજયના મુખ્યમંત્રીશ્રીએ એવું કહયું અને બી.આર.સી. ભવન ત્યાં સાક્ષરતા માટે દીપ વગર કાર્ય કર્યું. પ્રાથમિક શિક્ષણમાં કર્યું, માધ્યમિક શિક્ષણમાં ધોરણ-૧૨, સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ, ઉત્તર બુનિયાદી પ્રવાહ અને સી.પી.એડ, ડી.પી.એડ એના માટે શિક્ષકોને તાલીમ આપીને જે પ્રયત્ન કર્યો છે એ અભૂતપૂર્વ છે. ઉચ્ચ શિક્ષણની વાત કરી લઈએ. એવું કહેવાય છે કે *નો નૉલેજ વિથાઉટ કૉલેજ, નૉલેજ ઈઝ ધ પાવર* એના માટે થઈને પ્રયત્ન કરવામાં આવ્યા, એમાં એન.સી.સી. દાખલ કરીને એને મહત્ત્વ આપવામાં આવ્યું.  રિસર્ચ સેન્ટરો ખોલવામાં આવ્યાં અને એને કારણ આપવામાં આવ્યું શક્તિ આવવી જોઈએ.  શક્તિ એટલે એવું નથી કે મસલ્સ પાવર. શક્તિ એટલે નૉલેજ ઈઝ ધ પાવર. એમાં પ્રયત્ન કર્યા.  સંસ્કૃતમાં કહ્યું છે કે *"શક્તિ નિપૂણતા લોકશાસ્ત્ર કાવ્યધવેધણા, કાવ્યજ્ઞ શીખશે અભ્યાસ ઈતિહેતુ સબુદભયે"*. આ કામ રાજ્યના શિક્ષણમંત્રીશ્રીએ કર્યુ. શક્તિ આપવી જોઈએ. એમને એમ થતું નથી.  વ્યવહારનું જ્ઞાન શિક્ષણમાં આવવું જોઈએ. ચાર દીવાલની અંદર શિક્ષણ મળતું નથી.  એને તૈયાર કરવા જોઈએ. એને પ્રયોગશાળાનું શિક્ષણ આપવું જોઈએ.

એ વિકાસલક્ષી કામ કરી શકે એવું શિક્ષણ આપવું જોઈએ એની વાત કરી. બીજી વાત એવી થાય કે આપણા રાજ્યની અંદર ગુજરાતીઓ સ્પર્ધાત્મક પરીક્ષામાં આઈ.એ.એસ., આઈ.પી.એસ., ગૌણ સેવા પસંદગી, બૅન્ક રિક્રુટમેન્ટ,, જી.પી.એસ.સી., યુ.પી.એસ.સી. જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની અંદર ગુજરાતીઓ આવતા નથી. ચિંતાનો વિષય છે, પણ એના કારણમાં મૂળ શું છે કે આપણે એવું શિક્ષણ આપીએ છીએ કે અંગ્રેજો મૂકીને ગયેલા. એમાં માત્ર પટ્ટાવાળા ઊભા કરવાના અને વિશેષ કરીને કદાચ કારકુન થઈ શકે, એનાથી વધારે શિક્ષણ તે વખતે આપવામાં આવતું નહોતું, જ્યારે શિક્ષણ મંત્રીશ્રી અને રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ નક્કી કર્યુ કે જો સારું શિક્ષણ આપવું હશે તો આ બધું ઊભું કરવું પડશે. મારે એક વાત કહેવી છે કે કદાચ મંદિર ઓછા બંધાશે તો ચાલશે. મસ્જિદોની જરૂર નથી, પણ સરસ્વતીના દેવાલયોની આ દેશને જરૂર પડશે. એ કર્યા વગર ચાલશે નહિ, એટલા માટે કવિઓએ સરસ મજાની વાત કરી છે. *"નિયતિકૃત નિયમરહિતા ફ્લાદય સમન્ય, નયન્ય પરતગામ્ નવ રસરૂચિરામ માધતીભારતી કવએચયતિ"*. સાહેબ, સરસ્વતી દેવી એ વિદ્યાની દેવી છે, એના વગર કોઈને ચાલવાનું નથી, એ પ્રમાણે જે વાત આમાં છે.

બીજી વાત એમ કહી શકાય કે આ વિદ્યા વગર કશું બનવાનું નથી, ગમે એટલા ધમપછાડા કરશો તો પણ કશું થવાનું નથી. આ શિક્ષણની અંદર ડ્રોપ આઉટ રેશિયો ઘટી ગયો છે. તમારી બાજુએ આ ડ્રોપ આઉટ વધી જવાનો છે. એની ચિંતા કરવાની જરૂર છે. આ શિક્ષણની વાત છે, એની અંદર આ પ્રમાણે વાત થઈ શકે. બીજી વાત જ્યારે પેલા વિરોધ પક્ષના નેતાજી એમ કહેતા હતા કે આદિવાસી એમના માટે મામા. સાહેબ, મામા એ શબ્દ આબુ અંબાજીથી લઈ આહવા ડાંગ સુધીના આદિવાસી લોકોનું આ ગૃહની અંદર અપમાન કર્યુ છે અને આ શબ્દનો દ્વિ અર્થ શબ્દ છે. મામા એટલે મામેરું ભરવા જાય તે મામા અને બીજો શબ્દ ખાસ કરીને જે દાહોદ જિલ્લાની અંદર, પંચમહાલની અંદર અને વડોદરા જિલ્લાની અંદર જે મહત્ત્વનું મોટામાં મોટું આ રાજ્યનું કામ કરે છે એ છે રોડ બનાવવાનું કામ અને એ આ આદિવાસી કરે છે, એને મામા તરીકે ઓળખવામાં આવે છે, એનું અપમાન કર્યુ એવા લોકોને આ આદિવાસી ક્યારેય માફ નહિ કરે અને જ્યારે વિરોધ પક્ષના નેતાશ્રી થોડી થોડી વારમાં વિરોધ કરે, પણ અમારા વજુભાઈ વાળા સાહેબે સરસ મજાનું આયોજન કર્યુ છે, બધા મંત્રીશ્રીઓએ આયોજન કર્યુ છે. નિંદક નહિને રાખે આંગન કુટીબસાએ બિનપાની બિનસાબુએ અપના મેલધુલાએ એવી યોજના કરી છે આવાં કામ કર્યાં છે અને કહેવતમાં કહ્યું છે તેમ લાંબા જોડે ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય તે માટે તક જોઈ તમામ શક્તિ વિચારી કરીએ કામ. આ વાત આપણા રાજ્યની અંદર આપણા મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી અને આનંદીબેને કામ કરે છે તે

માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે એક વાત કહી દઉં. જયારે આ આદિવાસીઓ માટે, અમે આદિવાસીઓ તરીકે આ ગૃહની અંદર આવીએ છીએ અને અમારા સમાજનું અને અમારી જ્ઞાતિનું આ ગૃહની અંદર અપમાન થાય છે અને તેને નિમ્ન કક્ષાએ મૂકવામાં આવે છે તે કોઈપણ શબ્દો છે તે સહન થઈ શકે તેમ નથી અને અમો તેને વખોડી કાઢીએ છીએ. આ માટે ગુજરાતની જનતા ચોક્કસ તેનો જવાબ આપશે. આ શબ્દો ચોક્કસ યાદ રાખશે.

**શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સ્વપ્નદૃષ્ટા અને ગુજરાતના પ્રણેતા આદરણીય મુખ્યમંત્રીશ્રીની રાહબરી હેઠળ આદરણીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબ જે બજેટ લઈને આવ્યા છે તેમાં મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતાશ્રી અને મારા વિરોધપક્ષના મિત્રો ગુજરાતના વંચિતોના વિકાસ માટેની વાત કરે છે ત્યારે મારે એમને કહેવું છે કે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ૧૯૯૧ની તત્કાલીન સરકારે ડો.બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિમાં જિલ્લે જિલ્લે આંબેડકર ભવનો બાંધવા માટે નક્કી કર્યુ હતું. તે વખતની સરકારે પાંચ લાખ રૂપિયાનું આયોજન કર્યુ હતું પણ સાહેબ આ યોજના કાગળ ઉપર રહી. આજદિન સુધી તે સરકારે એકપણ આંબેડકર ભવન બાંધ્યું ન હતું. પણ ૨૦૦૧ પછી ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતના અગ્રગણ્ય ૧૩-૧૪ જિલ્લાઓમાં આંબેડકર ભવન બાંધવા માટે ૩૫ લાખ જેટલી માતબર રકમનો ખર્ચ કરીને તેનું રાજયને લોકાર્પણ કર્યુ છે. હું માનું છું ત્યાં સુધી દલિત સમાજમાંથી આવેલ છું અને અમારે જ્યારે અમારી દલિત સમાજની મીટિંગ હોય, અમારા સમાજના ભણેલા છોકરા હોય, તેજસ્વી તારલા હોય તેને ઈનામ આપવાનો કાર્યક્રમ કરવો હોય તો કયાંક અમારે લીમડો શોધવો પડતો હતો. અમારા માટે કોઈ હોલ ન હતા, અમારા માટે કોઈ ધર્મશાળા ન હોય અને અમારી દરિદ્રતા બધાને દેખાય. લોકો એમ સમજે કે કોઈ વણકર, રોહિત સમાજનો કાર્યક્રમ હશે તેવું દેખાય. ત્યારે આ સરકારે જે આંબેડકર ભવનો બાંધ્યા છે તેમાં ગૌરવપૂર્ણ અમે ૧૦૦ કે ૫૦૦ રૂપિયા જે ફી હોય તે ભરીને દલિત સમાજના કાર્યક્રમો સારી રીતે ઉજવી શકીએ છીએ. તેમાં વાંચવા માટે લાઈબ્રેરી બનાવવામાં આવી છે. ત્યારે ગુજરાત સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી અને આ વિભાગના મંત્રીશ્રીને અભિનંદન આપું છું. કોણે અમારી ચિંતા કરી હતી ? ૧૯૬૦ પછી ગુજરાત અલગ થયું ત્યારથી સરકારો બની હતી. ગુજરાતમાં કોણ કોણ મુખ્યમંત્રીશ્રી રહી ચૂક્યા છે તેની બધાને ખબર છે. દલિત સમાજને ફેકતા રહ્યા છે. કૂતરાની જેમ જરૂર પડી ત્યારે ગરીબી હટાવો દેશ બચાવો, રોટી, કપડા ઓર મકાન

કરીને પોતાના મતો લીધા અને મત મળ્યા પછી શાસન હાથમાં આવ્યા પછી ફેંકી દીધા. આ કામ જો કર્યુ હોય તો તે સાથી મિત્રોએ કર્યુ છે. અત્યાર સુધી કેટલા દલિતો આગળ ગયા?

સાહેબ બીજી વાત કરું વિદેશમાં ભણવા જવા માટેની. અમેરિકા, ઑસ્ટ્રેલિયા, લંડન આ નામ અમારા દલિતને બોલતાં ન આવડે અને કદાચ અમૅરિકાનો માણસ અમારા દલિત સમાજે જોયો હોય તો તેને પગે લાગે, પ્રણામ કરે, તેને જોવા કયાંથી મળે? ત્યારે આ ગુજરાતની સરકારે, અમારા સ્વપ્નદષ્ટા, દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રીની રાહબરી હેઠળ સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રીએ અત્યાર સુધી ૧૬૫ જેટલા લોકોને વિદેશમાં ભણવા માટે મોકલ્યા છે. અભ્યાસ અર્થે ગયા છે. હમણાં બોરસદ તાલુકાના દાઓલ ગામનો કનુભાઈ ચાવડાના છોકરાને આદરણીય સામાજિક અધિકારીતા મંત્રીશ્રીએ પાંચ લાખ રૂપિયા એમ.ડી. થવા માટે રશિયા જવા માટે લોન આપી છે. બે દિવસ પહેલાંની વાત છે. તે સાહેબ થાકી ગયો હતો ત્યારે મેં કહ્યું કે સરકાર પાસે જાઓ, જરૂરી કાગળો કરો, જરૂરી કાગળો પછી લોન પ્રાપ્ત થઈ જશે. તે આજે રશિયા જઈ સારુ ભણી શકશે. મારા સાથી મિત્રો કહેતા હોય છે, તેઓશ્રીઓ વારંવાર વિરોધ કરતા હતા. અરે, ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી શકિતશાળી હોય, દીઘ ર્દિષ્ટિવાળા હોય, બુધ્ધિશાળી હોય, વિદેશમાં અને આખા દેશમાં એમની ઈમેજ હોય, રાજયમાં એમની ઈમેજ હોય ત્યારે એમનો વિરોધ આ રીતે કરવાનો? હું ચોકકસપણે કહું છું કે, તમે વિરોધ કરો પણ પ્રામાણિકપણે અને રચનાત્મક વિરોધ કરો.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર હોય કે કેન્દ્રની સરકાર હોય, બજૅટ તો આવતા હોય છે અને વાપરવાના હોય છે પણ કેટલાક બજૅટ કુદરત આધારિત હોય છે. આ સાલની થોડીક વાત કુદરતની કરું તો, ૨૮મી જુલાઇની સાંજ હતી અને એ દિવસે આણંદ જિલ્લામાં જે અતિવૃષ્ટિ થઈ છે, ૨૮ કે ૨૯મીએ, ખાસ મારી વેદનાભરી વાત છે, બે દિવસમાં વીસ વીસ ઈંચ વરસાદ આણંદમાં પડ્યો, અને અમારા ભાલ વિસ્તારમાં પડ્યો, ૪૦ ઇંચ વરસાદ બે દિવસમાં પડ્યો ત્યારે છેક પંચમહાલ સુધીનું પાણી, એકે એક કાંસ, એકેએક નહેર, એકેએક નદીએ જ્યારે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ હતું, ત્યારે આજે હું માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપતાં સહેજ પણ ખચકાતો નથી, એમને હું વંદન કરું છું, અને પ્રણામ કરું છું, મારા વિસ્તારના બાર ગામ સાબરમતી નદીના પાણીમાં ડૂબતાં હતાં, સાત સાત ફૂટ પાણી ગામમાં હતાં, ત્યારે એકેએક ગામમાં પંદર પંદર કાર્યકર્તાઓને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ફોન ઉપર વાત કરીને ખબરઅંતર પૂછ્યા છે જ્યારે માગ્યું ત્યારે હૅલિકૉપ્ટર ફુડ પેકેટ્સ સાથે મોકલ્યું છે તો એ આ માનનીય મુખ્યમંત્રીશ્રીની તાકાત અને ચિંતા છે. જ્યારે ગુજરાત માટે સતત ચિંતા માનનીય મુખ્ય મંત્રીશ્રી કરતા હોય, માનનીય નાણામંત્રીશ્રી અને અમારું મંત્રીમંડળ ચિંતા કરતું હોય ત્યારે એને અભિનંદન આપવા જ ઘટે. આવું વિશેષ કાર્ય અત્યાર સુધી કોઈ મુખ્યમંત્રીશ્રી કરી શક્યા નથી.

બીજું, મારે એ વાત કરવી છે કે, (અંતરાય) માનનીય જોષીયારા, શાંતિ રાખો, માનનીય ભીખાભાઈ, સાંભળો, મારે કોઈ રાજકીય અવલોકન નથી કરવા, અને જો રાજકીય અવલોકન કરું તો કેન્દ્રમાં પ્રધાનમંત્રી જ્યારે જવાહરલાલ નહેરુ બન્યા, સરદાર પટેલ સાહેબને આ રજવાડા સ્વતંત્ર કરવા માટે હવાલો સોંપ્યો હતો, જેટલું કામ સોંપ્યું હતું એટલું એમણે કર્યુ, પણ જવાહરલાલ નહેરુંને તો માત્ર જમ્મુ-કાશ્મીરનું કામ સોંપ્યું હતું •[*] * (xxxxx) * (xxxxx) * (xxxxx) જમ્મુ અને કાશ્મીરમાં સિત્તેર હજારથી વધુ લોકોની હત્યા કરનાર માત્રને માત્ર જો કોઈ હોય તો જવાહરલાલ નહેરું છે. (અંતરાય) અને આ તમે એનું સાહિત્ય છો. કારણકે આમાં જરા પણ મારું ખોટું નથી. (અંતરાય) શહીદી તો કોણે વહોરી, ભાઈ, કાન ખોલીને સાંભળો, શહીદી જેને વહોરી, ડો. શ્યામાપ્રસાદ મુખરજી, (અંતરાય) દેશમાં એવા ત્રણ પ્રધાન હતા, ડો. શ્યામાપ્રસાદ મુખરજીએ ત્યાં આગળ અવિરત પ્રયત્ન કરીને કસ્ટડીમાં એમનું અવસાન થયું પણ જમ્મુ-કાશ્મીરને જે પાસપોર્ટ લેવો પડતો હતો એ એમણે રદ કર્યો, ડો. દીનદયાલ ઉપાધ્યાયને યાદ કરીએ અને.....

**અધ્યક્ષશ્રી .** : * (xxxxx) શબ્દ હું દૂર કરું છું. કોઈ સવાલ જ નથી, એ કાઢી નાખું છું. પ્લીઝ, બેસો, કોઈ પૉઈન્ટ ઑફ ઑર્ડર નથી, સામેથી કોઈ ઉશ્કેરાટ માટેનો પ્રયત્ન ન કરો, પ્લીઝ, પ્લીઝ, માનનીય ગોવાભાઈએ કર્યો છે, અને એ શબ્દો હું દૂર કરું છું.

**શ્રી અંબાલાલ આ. રોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબા સાહેબ આંબેડકર આવાસની યોજના, ગુજરાતના દલિતો માટે (અંતરાય) અને માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં ઈન્દિરા આવાસ યોજના હતી ૩૦૦૦ રૂપિયાનું આવાસ બનાવતા હતા પણ આ સરકાર આવ્યા પછી બાબા સાહેબ આંબેડકર આવાસ યોજના, ઈન્દિરા આવાસ યોજના અને સરદાર પટેલ આવાસ યોજના, દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના, એમાં ચાલીશ ચાલીશ હજાર રૂપિયા આપીને મારા દલિત અને મારા પીડિત ભાઈઓ કે જેમને રહેવા માટે ઘર નહતું અને બાથરુમ-સંડાસ તો જોવા ન મળે, તો ચાલીશ હજાર રૂપિયાના મકાન બનાવીને આ ગુજરાતની સરકારના માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીને મારા લાખ લાખ અભિનંદન આપું છું કે ચાલીશ હજારનું મકાન આ ભાજપની સરકાર જ્યારે ગુજરાતમાં આવી ત્યારે અમારા દલિતોને એ આવાસ જોવા મળ્યા છે. (અંતરાય) પહેલાં ૩૦૦૦ રૂપિયાનું થોળિયાવાળું મકાન, થોળિયાને મોભ ન હોય, એક પણ મકાન

• માનનીય અધયક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

રહેવાલાયક ન હોય, એવી ક્રુર મશ્કરી. આજ દિન સુધી આ ભૂતકાળની કૉન્ગ્રેસ સરકારોએ દલિત સમાજની મશ્કરી કરીને કૂતરા સમાન રાખીને હડધૂત કરીને રાખ્યા હતા.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૦૭-૨૦૦૮નું અંદાજ પત્ર લઈને સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે એ અંગે હું કેટલાક અવલોકનો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ મારે બહુ સ્પષ્ટ રીતે કહેવું જોઈએ કે, આ અંદાજ પત્ર રાબેતા મુજબનું છે, આંકડાની માયાજાળ વાળું છે. પ્રજાની આકાંક્ષા હતી અને જે વિશ્વાસ પ્રજાએ આ સરકારમાં મૂકયો હતો એ પાર ન પાડવાના કારણે પ્રજા નિરાશ થઈ છે. પ્રજાની સાથે જીવંત સંપર્ક રાખવાની કાર્ય શૈલી ગણાવીને ફક્ત અધિકારીઓને જવાબદારી સોંપી હોય એવું લાગે છે. અગાઉના ભારતીય જનતા પાર્ટીના જેટલા સભ્યો ઊભા થયા એ બધા સભ્યોએ 'અમારા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ આટલા સુંદર કામો કર્યા છે' એમ કહીને વખાણ કરીને અભિનંદન આપ્યા છે. ત્યારે મારું એમ કહેવું છે કે, આ બધા મંત્રીશ્રીઓ શું કામ કરે છે? ફકત મુખ્યમંત્રીશ્રીના વખાણ થાય છે. નાણામંત્રીશ્રીએ એમના અંદાજ પત્રમાં વાત કરી છે એમાં એમણે એવો ઉલ્લેખ કર્યો કે, 'વિકાસ દર્શનથી ઐતિહાસિક પ્રવચન આ અંદાજ પત્રમાં અગાઉના વર્ષોનું કર્યું છે' ત્યારે મારે કહેવું જોઈએ કે અગાઉની કૉન્ગ્રેસની સરકારોએ વિકાસ કરવા માટે પાયો નાંખ્યો હતો. એ પાયો જે નાંખ્યો છે એ કામોનો વિકાસ થઈને આજે તે વટવૃક્ષ બન્યો છે. સિંચાઈ માટેની પાણીની યોજના ડૅમો, બંધો, નહેરો, કૂવા, વાવ, રસ્તાઓ, થર્મલ પાવર સ્ટેશનો, હવાઈ મથકો, મોટી હૉસ્પિટલો, એસ.ટી. બસ સ્ટેશનો, શાળાઓ, હાઈસ્કૂલો, છાત્રાલયો, કૉલેજો અને વિધાનસભાથી સચિવાલય સુધીના બાંધકામો કરીને કૉન્ગ્રેસની સરકારોએ સુંદર આયોજનબધ્ધ કામો કર્યા છે. આપે એનાથી આગળ વધીને તેથી વધુ વિકાસ કરવો હોય અને આપ એમાં પ્રયત્નશીલ થવા માગતા હોય તો મને એમાં વાંધો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અંદાજ પત્રમાં માનનીય નાણામંત્રીશ્રીએ ૧૯૬૦ થી ૨૦૦૧-૨૦૦૨ સુધીના ૪૧ વર્ષના ગાળામાં ત્રીજી પંચવર્ષીય યોજનાથી શરૂ કરીને નવમી પંચવર્ષીય યોજના સહિતની તમામ યોજનાઓનો કુલ કદનો ખર્ચ દર્શાવ્યો છે. એની સાથે ૨૦૦૩ થી ૨૦૦૬-૨૦૦૭ સુધીના માત્ર પાંચ વર્ષના શાસનમાં રૂા.૪૭૦૦૦ કરોડનો લક્ષ્યાંક આપીને એવી વાત કરી કે, મેં અગાઉ વાત કરી તેમ પાંચ વર્ષના કામો અને ૪૧ વર્ષના કામોમાં આટલો ફરક છે. કૉન્ગ્રેસે જે કામગીરી કરી છે એ નક્કર કામગીરી કરી હતી એ કામોમાં દેખાય એવા મજબૂત કામો કર્યા હતા અને લાંબા ગાળાનું આયોજન કરીને લોકો સુધી પહોંચાડ્યા છે. જ્યારે આપના વખતમાં મોટી રકમ ઉચાપત અને ભ્રષ્ટાચારમાં જાય છે. સુજલામ-સુફલામમાં ૫૦૦ કરોડ જેવો ભ્રષ્ટાચાર કર્યો છે. ફકત ઉદ્યોગપતિઓ અને મૂડીવાદીઓને લાભો આપ્યા છે ગરીબોને આ લાભોથી વંચિત રાખ્યા છે. ગરીબી અને બેકારી દૂર કરવાના પગલાં લેવાવાં જોઈતા હતા તે આ અંદાજ પત્રમાં દેખાતું નથી. ગામડાંમાં ઉદ્યોગો નથી, રોજગારી ઊભી કરી શક્યા નથી. આ સરકારમાં બેકારી વધી છે ત્યારે કેંદ્ર સરકારને મારે અભિનંદન આપવા છે કે કેંદ્ર સરકારના માનનીય વડા પ્રધાન મનમોહનસિંહ અને રાષ્ટ્રિય નેતા મૅડમ સોનિયા ગાધીને અભિનંદન આપવા ઘટે કે જેઓએ રોજગાર ગૅરન્ટી યોજના શરૂ કરી દરેક કુટુંબને વર્ષે ૧૦૦ દિવસ રોજના રૂા.૬૦ની મજૂરી આપી રોજગારી આપી છે. ૬ જિલ્લામાં આ યોજના કેંદ્ર સરકારે આપી હોવા છતાં ગુજરાત સરકાર એની ગ્રાન્ટ પણ પૂરી વાપરી શકી નથી એનું મને ખરેખર દુઃખ છે. સરકાર કરોડો રૂપિયાનો ખર્ચ બતાવે છે પરંતુ એમાં ગરીબો માટે કેટલા ખરચાય છે?

ગ્રામ વિકાસ વિભાગમાં જે કામો થાય છે, સુજલામ-સુફલામ યોજનામાં જે કામો થાય છે એ તદ્દન હલકી કક્ષાના થાય છે. આપે ટીવી માધ્યમમાં આ કાર્યક્રમો જોયા હશે, સિમેંટની જગ્યાએ સાગોળ વાપરીને તદ્દન હલકી કક્ષાનું કામ કર્યુ છે. તળાવ ઉંડા કરવાના કામમાં જે.સી.બી. વાપરીને આદિવાસીઓના મજૂરોના અંગૂઠા લેવાય છે અને ખરેખર રોજી આપવી જોઈએ તે અપાતી નથી અને ભ્રષ્ટાચાર ફૂલીને ફાલ્યો છે. આદિવાસીઓ માટે મુખ્યમંત્રીએ ૧૫ હજાર કરોડ રૂપિયાની જે વન બંધુ કલ્યાણ યોજના જાહેર કરી છે. વન બંધુ શબ્દ અમને ગમતો નથી. આદિવાસી આદિવાસી કરીને આદિવસી રાખ્યાં છે. હવે વન બંધુ રાખવા માગે છે. દાહોદમાં અમે એક મહારેલી કરી. લાખો લોકો ભેગાં થયા. તમે જે કંઈ સંમેલનો કરો છો તેમાં અધિકારીઓ લોકોને ભેગાં કરે છે. અમે અધિકારીઓનો ઉપયોગ કરતાં નથી અમારા કાર્યકરો કામ કરે છે અને લોકો ભેગાં થાય છે. સરકારે જે પૅકેજ જાહેર કર્યુ છે તે ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગરીબ આદિવાસી લોકોને ભોળવીને મત લેવાનું રાજકારણ કરી રહ્યાં છે ત્યારે ખરેખર મારે કહેવું જોઈએ કે વન બંધુ કલ્યાણ યોજના જાહેર કરીને માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ મહાત્મા ગાંધીના સ્વપ્નને સાકાર કરવાનો હેતુ સાકાર કરવા માગે છે? કઈ રીતે? ગુજરાતમાં દારૂબંધી હળવી કરવાની નીતિ અપનાવી ગરીબ આદિવાસીઓને ગરીબ જ રાખવા માગે છે. મહિલાની દશા સુધારા ઉપર હતી તેને ફરી પાછી દારૂબંધી હળવી કરીને દર્દનાક બનાવવાની વાત કરે છે. બહેન દીકરીઓની સલામતી રહેવાની નથી. અપહરણના કિસ્સાઓ કેટલાં બને છે. મારા નવસારી જિલ્લામાં પણ ધોળે દિવસે નાનાં છોકરાંનું અપહરણ કરીને મારી નાંખવામાં આવ્યો. બાજુમાં જ મારા વિસ્તારમાં મહિલાને લૂંટીને સાત આઠ લાખ રૂપિયા લઈ લીધા અને તેનું ખૂન કરી નાંખવામાં આવ્યું. બળાત્કારના રોજે રોજ કિસ્સા બનતાં હોય છે. ખૂન અને લૂંટે

તેમાં વધારો કર્યો છે. આ કરવા માટે આ દારૂબંધી હળવી કરી હતી? આદિવાસીઓનું સંખ્યાબળ ૭૫ લાખ એટલે ૧૫ ટકા થવા જાય છે. તેમના માટે પાંચ જ વર્ષમાં ૧૫ કરોડ રૂપિયાના પેકેજ ઐતિહાસિક ઘટના બની રહેશે તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું છે. પણ તેની અંદર બજેટમાં જે જોગવાઈ છે, બજેટમાં જે નાણાં છે તેમાં જે સુવિધા આપી છે શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, ઘરનું ઘર, આરોગ્ય, શુદ્ધ પાણી, સિંચાઈ, રસ્તા, બસ સ્ટેન્ડ, ઊર્જા, નવોદય અથવા એકલવ્ય શાળા, છાત્રાલય તે તો બજેટમાં છે જ. તેને ફરી પાછાં ૧૫ હજાર ભેગાં કરવાની અને જાહેરાત કરવી એટલે લોકોને, એક આદિવસીઓને છેતરવાની વાત કરી છે ત્યારે ગરીબ યુવાનને એકવીસમી સદીમાં જવું છે. આજના બેકાર યુવાનને રોજી સાથે નોકરી જોઈએ છીએ. નોકરીઓ માટે રાહ જોઈને બેઠાં છે. કોઈ ભણેલાં ગણેલાં છોકરાંઓ આજે બી.એ.,એમ.એ.,બી.એડ, એટીડી, પી.ટી.સી., આઈ.ટી.આઈ., તથા સી.ટી.આઈ. ભણીને દ ારે મા-બાપની મહેરબાની પર જીવે છે. આજે તે નોકરીની રાહમાં છે. દાહોદ જિલ્લાના ૨૧ આદિવાસીઓ હાલ ગાંધીનગર ખાતે નવ માસથી ગાંધી ચીંધ્યા માર્ગે ધરણાં પર છે. સમગ્ર ગુજરાત અને મારા વિસ્તારમાં છોકરાઓ પણ આ જગ્યાએ અપવાસ ઉપર બેઠાં હતા. ક્વોલીફાઈડ ઈન્સ્ટ્રકટરો ઈન્ટરવ્યુ બાદ આ સરકાર મેરિટ નીતિ અપનાવીને નોકરીથી તેમને વંચિત રાખ્યાં છે. તેમની રજૂઆત મારી સમક્ષ આવી છે. નોકરીની રાહ જોઈને બેઠાં છે પણ આ ભયંકર અન્યાય કરવામાં આવી રહ્યો છે.

વીજળીની વાત માનનીય મંત્રીશ્રીએ ૨૪ કલાક વીજળી જયોતિ ગ્રામમાં આપવાની જાહેરાત કરેલી અને નથી મળતી તો એમ કહે છે કે અનિવાર્ય સંજોગોને કારણે બંધ રહી છે. મારા વિસ્તારમાં અને ગામમાં રોજના ત્રણ કલાક બંધ રહે અને ત્રણ ત્રણ દિવસ લાઈટ મળતી નથી. અધિકારીઓને અમે જ્યારે ફોન કરીએ ત્યારે એવો જવાબ આપે કે રીપેરીંગમાં છે. પણ કેટલું રીપેરીંગ? રોજે રોજ રીપેરીંગ કરવાનું?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપની વાત ચાલતી હોય ત્યારે સાંભળો, પ્લીઝ.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : બીજો જવાબ એવો મળે છે કે લોડ શેડીંગના કારણે બંધ કરવું પડે છે. ખરેખર વીજળી ચોવીસ કલાક આ સરકારે આપવાનું વચન આપીને તે વચન પાળ્યું નથી અને હવે વચન પૂરું કરી શકે એવી પરિસ્થિતિ નથી. તેના કરતાં તો દીવા અને ફાનસના તળે અમારા આદિવાસીઓ ભણીને ડોકટર, એન્જીનીયર બનીને લાઈટ ના હોય તો ફાનસ. જ્યોતિ ગ્રામ યોજનામાં હજારો લાભાર્થીઓને હજુ પેટા પરામાં લાઈટ પહોંચાડવાની બાકી છે તે પણ કામ પૂર્ણ કરે એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી.

**શ્રીમતી રમીલાબેન બ. બારા (ખેડબ્રહ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૦૭-૦૮ના વર્ષનું જે બજેટ લઈને આવ્યા છે, તેને અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થઈ છું.

આ બજેટમાં ૧૯૬૦થી ગુજરાતના વિકાસનો ચિતાર રજૂ કરવામાં આવ્યો છે. સૌ પ્રથમવાર મહેસૂલી પૂરાંતવાળું બજેટ નાણામંત્રીશ્રીએ રજૂ કર્યુ છે. આ ગરીબલક્ષી, વિકાસલક્ષી અને આમજનતાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલું બજેટ છે. અહીંયા ઘણી વ્યકિતઓ અને ખાસ કરીને મારા સામેના મિત્રોએ બજેટ ઉપર અને તેમાંયે વિશેષ વંચિતોના વિકાસ ઉપર વાત કરી હતી તે હું સાંભળતી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ઉમરગામથી માંડીને, મધ્ય ગુજરાતથી માંડીને અંબાજી પટ્ટી સુધીનો વિસ્તાર આદિવાસીઓનો વિસ્તાર છે. લગભગ ૭૫ લાખ જેટલા આદિવાસીઓ ગુજરાતમાં વસેલા છે. ૧૯૭૪થી આદિજાતિ પેટા યોજના દ્વારા આદિવાસીઓના કલ્યાણની વાતો ચાલતી હતી. ત્યારથી માંડીને અમારી ભાજપની સરકારે ગુજરાત પેટર્ન યોજના અમલમાં મૂકી, ત્યારથી વચ્ચેના ગાળામાં અને ખાસ કરીને કોંગ્રેસના શાસનમાં આદિવાસીઓના વિકાસની અને કલ્યાણની બાબતોની ચર્ચા થઈ. તેમાં ખાસ કરીને આપણે જોઈએ તો ૧૯૭૪થી ૨૦૦૧ સુધી આદિવાસીઓના વિકાસ માટે લગભગ ૬૫૦૦ કરોડ જેટલા રૂપિયાનો ખર્ચ થયો, પરંતુ હમણા છેલ્લા ૫ વર્ષમાં અમારી સરકારમાં માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની અધ્યક્ષતાવાળી સરકારમાં આદિવાસીઓના વિકાસ માટે ૬ હજાર કરોડ રૂપિયાના ખર્ચે માત્ર અને માત્ર આદિવાસીઓના વિકાસ માટે ખર્ચ થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલ્પના કરો કે આદિવાસીઓના ખરેખર હિતબંધુઓ કોણ છે અને હિતશત્રુઓ કોણ હતા? મારા સાથી મિત્રો માધુભાઈ અને જોષીયારાજીએ પણ ઠીક ઠીક આલોચના કરી. મારે એમને ભૂતકાળ યાદ કરાવવો છે. એમના વખતમાં આદિવાસીઓની શું દશા હતી? આદિવાસીઓ કેવી રીતે જીવતા હતા? કેવી રીતે આદિવાસીઓ એમના વખતમાં શિક્ષણ મેળવતા હતા? પીવાના પાણીની શું સ્થિતિ હતી? આદિવાસીઓના ઘર સુધી પહોંચતા રસ્તાઓ એમના વખતમાં કેવા હતા? આદિવાસી પોતાના સમાજની વાત કરી શકે એ માટે સમાજ વ્યવસ્થા શું હતી એમના વખતમાં? કોંગ્રેસના વખતમાં માત્ર ને માત્ર જુઠ્ઠાણાથી સમાજ વ્યવસ્થા ખોખલી બનાવી દેવામાં આવી હતી. જુઠ્ઠા વચનો આપી આપીને આદિવાસીઓને ઉંચકવામાં આવ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, હું ખેડબ્રહ્માની વાત કરું. માનનીય અમરસિંહભાઈએ ૧૩ વર્ષ સુધી ખેડબ્રહ્માનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. પરંતુ ત્યાંના આદિવાસીઓનો સહેજ પણ વિકાસ કર્યો હોય, શિક્ષણનો વિકાસ કર્યો હોત, એ વિસ્તારના લોકોની વીજળીની ચિંતા કરી હોત, શિક્ષણની તો શું, સમાજ વ્યવસ્થા શું હતી. ચડોતરું પ્રથા એવી હતી કે કોઈકનું મરણ થાય તો..(અંતરાય) હું એ જ વાત કરું છું. એ વાત પર આવું છું. એ તમને સમજાવું છું કે

ચડોતરું પ્રથા જે હતી. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ચડોતરું પ્રથાને કારણે એક વખત કલેકટરને પણ એક લાખનો દંડ ચૂકવવો પડયો હતો. પરંતુ મને કહેતા આનંદ થાય છે કે છેલ્લા ૨, ૩ વર્ષમાં અને ખાસ કરીને આવા મુખ્યમંત્રીશ્રી જયારે મળ્યા છે, ત્યારે આ સરકારના પ્રયત્નોથી, કલેકટરશ્રીના પ્રયત્નોથી, ધારાસભ્ય હોય કે કોઈપણ, આ બધાના પ્રયત્નોથી આજે આ પ્રથા બંધ કરવામાં આવી છે. નહીંવત્ત પ્રથા એ થઈ ગઈ છે. (અંતરાય) એમાં મુખ્ય પ્રતાપ શિક્ષણનો છે. માનનીય અધ્યક્ષશ્રી, એનું મુખ્ય કારણ શિક્ષણ છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય દોલતભાઈ, કોઈ આક્ષેપ નથી કરતા. માહિતી આપે છે. (અંતરાય)

**શ્રી દોલતભાઈ પરમાર:** આ એક હકીકત છે.

**અધ્યક્ષશ્રી :** કોઈ આક્ષેપ નથી, એ માહિતી આપે છે.(અંતરાય)

**શ્રીમતી રમીલાબેન બ. બારા** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત કરું તો આદિવાસીનાં બાળકોને ભણતાં કર્યા હોય તો અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યા છે. મારા મત વિસ્તારમાં આ શિક્ષણનો રથ લઈને નીકળ્યા ત્યારે પહેલાં એ પરિસ્થિતિ હતી કે ૧ થી ૭ ધોરણ ભણનાર દીકરી શોધવી મુશ્કેલ હતી, પરંતુ અમારા માનનીય મુયમંત્રીશ્રીએ એમનું દર્દ જાણ્યું અને દીકરીઓને ભણવા માટે પ્રોત્સાહિત કરીને પ્રવેશોત્સવ કર્યો એના કારણે ગામડાંમાં દીકરીઓ ભણતી થઈ છે. માતાપિતાને દીકરીઓને ભણાવવાનું પ્રોત્સાહન મળે એ માટે ગરીબ દીકરીઓ માટે વર્ષે ૬૦ કિલો અનાજ આપવાની યોજના પણ રાજય સરકારે અમલમાં મૂકી છે અને એના માટે રાજય સરકારે આ બજેટમાં લગભગ ૪ કરોડ ૭૦ લાખ રૂપિયા જેટલી જોગવાઈ કરી છે. એટલું જ નહીં, પરંતુ હમણાં રોજગારીની વાત થઈ હતી તો મારે આ ગૃહ સમક્ષ કહેવું છે કે સૌથી વધારે ગ્રામીણ રોજગારી કોઈએ આપી હોય તો અમારી સરકારે આપી છે. આજે સ્વાસ્થય અને સુખાઈ કાર્યક્રમ દ્વારા હજારો યુવાનોને તાલીમ આપવામાં આવે છે. અમારી સરકાર સુથારી કામ, ટર્નર, ફીટર અને માટીકામ આવાં જે વારસાગત કામો જે કરે છે એમને એવાં વારસાગત કામોમાં સાંકળીને એવા હજારો યુવાનોને તાલીમ આપીને કામ કરતા કર્યા છે, એટલું જ નહીં, પરંતુ ગરીબ બહેનો છે જેઓ ઘેર બેઠી છે અને આપણે જાણીએ છીએ કે કેન્દ્રની યુ.પી.એ. સરકારના કારણે મોંઘવારી કેટલી બધી વધી ગઈ છે ત્યારે આ મોંઘવારીના જમાનામાં આજે ઘર કેમ ચલાવવું એ આવી બહેનો માટે દોહ્યલું બની ગયું છે ત્યારે એમને નિર્ભર અને પગભર બનાવવા માટેની માનવ ગરીમા યોજના અમારી સરકારે અમલમાં મૂકી છે અને આવી બહેનોને તાલીમ આપ્યા પછી બેંકેબલ લોન લીધા સિવાય રૂપિયા ૩૦૦૦ એમને આપવામાં આવે છે અને એ પોતે પોતાનો ધંધો રોજગાર સ્વતંત્ર રીતે કરી શકે એવી યોજના અમારી સરકારે અમલમાં મૂકી છે. એટલું જ નહીં, પણ ગરીબ લોકો માટે જે લોકો થોડુંઘણું ભણેલા છે અને પોતાનો ધંધો કરવા માગે છે તેમને પણ રોજગારીની તકો પૂરી પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારમાં જે છેવાડાનો માનવી છે જે રોગમાં સપડાયો છે અને ગરીબાઈના કારણે પોતાની દવા કરાવી શકતો નથી એની પણ રાજય સરકારે ચિંતા કરી છે. આજસુધી એની ઉપેક્ષા કરવામાં આવતી હતી, પરંતુ અમારી સરકારે અમારા આદિવાસી સમાજમાં કોઈને ક્ષય કે કેન્સર થયું હોય કે રકતપિત્ત થયો હોય, કોઈ મહિલાને ગર્ભાશયની ગંભીર બિમારી હોય, પાંડુ રોગ થયો હોય એની પણ રાજય સરકારે ચિંતા કરી છે. કોઈને ક્ષય થયો હોય અને એ આદિવાસી ગરીબ હોય તો એ ક્ષય મટે નહીં ત્યાં સુધી દર મહિને ૨૫૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે, કેન્સર થયું હોય અને એ ગરીબ હોય તો એ મટે નહીં ત્યાં સુધી દર મહિને ૫૦૦ રૂપિયા આપવામાં આવે છે, રકતપિત્ત થયો હોય તો એ મટે નહીં ત્યાં સુધી દર મહિને ૪૦૦ રૂપિયા આપવામાં આવે છે. પ્રસુતિની ગંભીર પ્રકારની બિમારી હોય તો એને દર મહિને ૫૦૦ રૂપિયા અને પાંડુ રોગ જેવી બિમારી મટે નહીં ત્યાં સુધી ૧૫૦ રૂપિયા આપવાની અમારી સરકારની યોજના છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ ઉપર અમારી સરકારે ખૂબ જ ભાર મૂકયો છે અને એટલા માટે આજે મને કહેતાં આનંદ થાય છે કે માધુભાઈ ભોયે આજે ગૃહમાં હાજર નથી, પરંતુ મારે તેમને કહેવું છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી ડાંગ જિલ્લામાં અને બીજે આદિવાસી કલ્યાણ માટેની કેટલી યોજનાઓ કરી એનું લિસ્ટ એ પોતે પોતાની પાસે રાખે અને એ વાંચીને ત્યાંની પ્રજાને એ બધું કહે. ડાંગ જિલ્લામાં પહેલીવાર સરકારી પોલીટેકનીક કોલેજ ખુલી, દાહોદમાં પણ પોલિટેકનીક કોલેજ ખોલી છે, એવા અનેક આદિવાસી વિસ્તારોમાં પોલીટેકનીક કોલેજો ખોલવામાં આવી છે અને આ વર્ષે માનનીય મુખ્યમંત્રીશ્રી જયારે ૧૫ હજાર કરોડ રૂપિયાની વનબંધુ કલ્યાણ યોજના લઈને આવ્યા છે ત્યારે શિક્ષણ ઉપર ખૂબ ભાર મૂકીને આદિવાસી વિસ્તારમાં બે કન્યા પોલીટેકનીક સરકારી ખર્ચે ખોલવાની છે. એટલું જ નહીં, પરંતુ દીકરીઓ ભણે એટલા માટે પહેલાં એક જ સરકારી કન્યા છાત્રાલય હતું અને મને ખબર છે કે અમદાવાદમાં સરકારી કન્યા છાત્રાલય હોય અને છેવાડામાં બેઠેલ આદિવાસી દીકરીને અમદાવાદ આવવું પડતું હતું, પરંતુ આજે પરિસ્થિતિ બદલાઈ છે અને તાલુકા કક્ષાએ પણ સરકારી હોસ્ટેલો થઈ છે, ડ્રાય હોસ્ટેલો થઈ છે. એટલું જ નહીં, પણ મને કહેતાં આનંદ થાય છે કે ખેડબ્રહ્મામાં આર્દશ નિવાસી છાત્રાલય માટે ૨ કરોડ ૬૭ લાખ રૂપિયાના ખર્ચે બનાવવાનું છે. એટલું જ નહીં પણ અમારા આદિવાસીઓના દીકરા-દીકરીઓ ભણી શકે તે માટે ૮ થી ૧૨ ધોરણમાં ભણવા માટે આદિવાસી દીકરાઓ માટે દસ ડ્રાઈ હોસ્ટેલ અને દીકરીઓ માટે ૬ ડ્રાઈ હોસ્ટેલ, તેમજ કોલેજમાં દીકરા દીકરીઓ ભણી શકે તે માટે ૨૪ ડ્રાઈ હોસ્ટેલ કરી છે. અને ૯૩૫ જેટલા સરકાર માન્ય છાત્રાલયો આ આદિવાસીઓના વિકાસ માટે

ઉપલબ્ધ છે. ત્યારે મારે આ ગૃહ સમક્ષ કહેવું છે કે આદિવાસી સમાજના વિકાસ માટે જો કોઈએ કાર્ય કર્યુ હોય તો તે માત્ર અને માત્ર આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે એટલી વાત કરી અને આ બજેટને હું અનુમોદન આપું છું.

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબ સન ૨૦૦૭-૦૮ના વર્ષનું બજેટ લઈને આવ્યા છે તેને હું આવકારું છું. આ બજેટ પ્રજા લક્ષી અને સર્વગ્રાહી બજેટ છે. તેને હું આવકારું છું અને તેના માટે મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં સન ૨૦૦૧ માં જ્યારે ભૂકંપ આવ્યો તે વખતે રાજય સરકારે કચ્છના વિકાસ માટે, કચ્છ ફરીથી બેઠું થાય તે માટે જે યોગ્ય આયોજન કર્યુ તે અભિનંદનને પાત્ર છે. હું પાણી પુરવઠાની વાત કરવા માગું છું. કચ્છ જિલ્લો ગુજરાતનો મોટામાં મોટો જિલ્લો છે. ત્યાં રણ પણ છે, ડુંગરો પણ છે અને દરિયો પણ છે અને એવા વિસ્તારમાંથી હું આવું છું. જ્યારે ભૂકંપ પછી પાણીની વ્યવસ્થા માટે સંપ અને પાઈપ લાઈનો તૂટી ગઈ અને ઘણું બધું નુકસાન થયું, પાણીના સોર્સ નીચે પણ ખારાશ આવી ગઈ ત્યારે રાજય સરકારે એશિયન બેંક, વિશ્વ બેંક અને રાજય સરકારના સહયોગથી અમારા જિલ્લામાં ૩૧૦ કરોડ રૂપિયા આપી અને પાણીની યોજના શરૂ કરાવી. ભૂકંપ પછી જમીનની ખારાશ વધવાથી પાણીના સોર્સ પણ ખારા થઈ ગયા ત્યારે રાજયના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નર્મદા કેનાલ યોજના લાવી અને પાણી આપ્યું. આજે સમગ્ર કચ્છમાં નર્મદાનું પાણી પહોંચ્યું છે અને પહોંચવાની અણી ઉપર છે. હું મારા મુન્દ્રા વિસ્તારની વાત કરું છું. મારા વિસ્તારમાં નર્મદા કેનાલમાંથી પાણી ગામે ગામ પહોંચી ગયું છે. મારા મુન્દ્રા તાલુકાના ૫૯ ગામો છે એમાં તમામ પ્રજાજનોને નર્મદાનું પાણી મળી ગયું છે અને તેઓ નર્મદાનું પાણી પીએ છે. મારા વિસ્તારમાં અમારા દલિત સમાજના ભાઈઓને પણ ઘરે ઘરે પાણી મળી રહ્યું છે અને તેઓ પાણી પી રહ્યા છે. અમારી ૫૦ વર્ષની જે પાણીની તલપ હતી તે આ રાજય સરકારે જોઈ અને પીવા માટેનું પાણી ઉપલબ્ધ કરાવ્યું તે બદલ હું રાજય સરકારને અભિનંદન આપું છું. આજે પાણી પુરવઠાની યોજનાઓ વિષે ઘણી બધી વાત મારે કરવી છે. આજે રાજય સરકાર તરફથી અમારી ખાસ અંગભૂત યોજનામાં દર વર્ષે એક કરોડ રૂપિયા આપવામાં આવે છે અને સમગ્ર કચ્છમાં જ્યાં જ્યાં દલિત સમાજના ભાઈઓ રહે છે ત્યાં પાણીના ટાંકાઓ, પાઈપ લાઈન વગેરેથી પાણી પહોંચાડવાની રાજય સરકારે વ્યવસ્થા કરી છે. મારા વિસ્તારમાં લોધાણી, કીડાણા છે એમાં ૭૦ લાખ રૂપિયા ખાસ અંગભૂતની ગ્રાન્ટમાંથી આપી અને પાણી પહોંચાડ્યું છે. તેથી રાજય સરકારને અભિનંદન આપું છું. કચ્છમાં જ્યારે ભૂકંપ પછી ગામડાંઓમાં પાણી મળતું નહોતું ત્યારે નર્મદા કેનાલ મારફત જે પાણી આપ્યું તેનાથી સમસ્ત ગામોમાં પાણી પહોંચ્યું છે. અબડાસા અને. લખપતના છેવાડાના ગામો છે ત્યાં પણ પાણી પહોંચાડવાના પ્રયત્નો થઈ રહ્યા છે. નેત્રા સુધી તો પાણી પહોંચી ગયા છે. માત્ર લખપત અને અબડાસા જ્યાં જૂની લાઈનોમાં પાણી પહોંચાડવાનું છે તેમાં મારે સૂચન કરવું છે કે ૩૦-૪૦ વર્ષ જૂની જે લાઈનો છે તે લાઈનો બદલવાની જરૂર છે. જો તે બદલવામાં આવશે તો આપણે તાત્કાલિક પાણી આપી શકીશું. જો તે પાઈપ લાઈન બદલવામાં નહીં આવે તો લાઈનો તૂટી જશે અને રાજય સરકારનું પાણી પહોંચાડવાનું કામ પુરું થઈ શકશે નહીં. એટલા માટે માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈને વિનંતી કરું કે આ બજેટમાં લાઈનો બદલવા માટેની જોગવાઈ કરે તેવી વિનંતી કરુ છું. કચ્છ જિલ્લામાં પાણી પુરવઠાના અસંખ્ય કામો થયા છે. સુજલામ સુફલામ યોજનાની વાત કરુ તો મારા વિસ્તારની દરિયાપટ્ટી છે તેમજ સમગ્ર કચ્છ માટે ૧૮૬ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. એમાં બંધારાની યોજના આદરણીય નરોત્તમભાઈ લઈને આવ્યા છે. એમાંથી પાંચ થી છ બંધારા તો ચાલુ પણ કરી દેવામાં આવ્યા છે. એનાથી દરિયાની ખારાશ આગળ વધતી ચોક્કસ અટકશે એટલા માટે હું આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું સાથે સાથે માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઈને પણ અભિનંદન પાઠવું છું. જરપરા-લુણી-ભદ્રેસર બંધારા યોજના માટે સાત કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે અને એના કામો પણ શરૂ કરવામાં આવ્યા છે. અબડાસાની અંદર પણ કામો શરૂ થયા છે. કચ્છ જિલ્લો પહેલેથી જ પાણી વગરનો હતો એને પાણી વાળો કરવા માટે આ રાજય સરકારે ઘણી યોજનાઓ કરી એ બદલ અભિનંદન પાઠવું છું.

સાથે સાથે એ પણ વાત કરવા માગું છું રાજય સરકારે ૧૯૯૬માં બંદર નીતિ ઘડી હતી. આ નીતિને કારણે મુંદ્રા બંદરનો ખૂબ જ વિકાસ થયો છે. એના લીધે કચ્છમાં અનેક મોટા મોટા ઉદ્યોગો આવ્યા છે. આ ઉદ્યોગો આવવાથી અનેક કામો થયા એ બદલ રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મારા વિસ્તારમાં અદાણી પોર્ટ થવાથી સારાયે કચ્છનો વિકાસ થયો છે. જીંદાલ, મહાશકિત કોક જેવી મોટી મોટી કંપનીઓ આવવાથી રોજગારીની તકો પણ વધી છે. સાથે સાથે મારા વિસ્તારમાં ચાર હજાર મેગાવોટ વીજળી પેદા કરવા માટેનો પ્લાન્ટ પણ આવી રહ્યો છે, એસ.ઈ.ઝેડની વાત આવી છે. આ બદલ રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન. કચ્છની અંદર આવા બધા ઉદ્યોગો અને બીજી અનેક યોજનાઓ આવવાનું કારણ આ ભારતીય જનતા પક્ષની સરકાર છે. એના આવવાથી આ વિકાસ થયો છે એના લીધે માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું.

કચ્છની વાત કરું તો ૧૯૯૫-૨૦૦૦માં મને કચ્છ જિલ્લા પંચાયતનો પ્રમુખ બનાવવામાં આવ્યો હતો એ પછી કચ્છની ચિંતા મારે કરવી પડે. કચ્છ આજે આગળ વધી રહ્યું છે ત્યારે એટલું કહીશ કે ભારતીય જનતા પાર્ટીની સરકારે જે જે વિકાસના કામો કર્યા છે એ અભિનંદનને પાત્ર છે. એકે એક વિભાગના થોડા થોડા કામો અંગે બોલવાની રજા લઈશ.

સૌ પ્રથમ બંદરની વાત કરુ તો કચ્છમાં બંદરોનો વિકાસ ઘણો બધો થયો છે. હજી પણ વિકાસ કરવાનો બાકી છે પરંતુ કેન્દ્રની યુ.પી.એ.ની સરકારે કચ્છ માટે હોલીડે ટેકસની મજૂરી ન મળવાથી ઘણા બધા ઉદ્યોગો અટકી પડયા છે, એ આગળ વધી શકતા નથી. એન.ડી.એ. ની સરકાર હતી ત્યારે હોલીડે ટેકસ માફ કરવામાં આવ્યો હતો. પરંતુ ૨૦૦૫ થી યુ.પી.એ. ની સરકારે એ બંધ કરેલ છે એના લીધે કચ્છની પ્રજા ખૂબ નારાજ છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે ઘણા બધા કાર્યો કર્યા છે.

નર્મદા યોજનાની વાત કરુ તો એની કેનાલો છે એ પણ જલદી કચ્છમાં આવવાની છે. ૩૬૦ કિલોમીટરની લંબાઈની કેનાલો આવેલી છે. એમાં ૭૬ કિલોમીટરનું કામ થઈ રહ્યું છે. ત્યારે મારે માનનીય વજુભાઈ સાહેબને વિનંતી છે કે ૩૬૦ કિલોમીટર પછી જે કેનાલો થવાની છે જે ૨૦૧૦ માં પૂરી થવાની છે તો મારુ સૂચન છે કે કચ્છની અંદર છેવાડેથી એ કેનાલ બનાવવાની શરૂઆત કરવામાં આવે જેથી પ્રજાને એવું થાય કે સિંચાઈ માટે કેનાલ ચોક્કસ આવવાની છે.

માર્ગ અને મકાન વિભાગની વાત કરુ તો માનનીય મંત્રીશ્રી આઈ. કે. જાડેજા સાહેબે મારા વિસ્તારમાં ઘ ણા બધા રોડો બનાવ્યા છે. મુંદ્રા તાલુકાનું એક પણ ગામ એવું નથી જે પેવર રોડથી જોડાયેલ ન હોય. ૧૦૦ ટકા પેવરના રોડો થઈ ગયા છે. મારા મત વિસ્તારમાં ચાર તાલુકા આવે છે. અંજાર, મુંદ્રા, ભૂજ અને ગાંધીધામ. ભુજના ૩૯ ગામો, મુંદ્રાના ૫૮ ગામો, અંજારના ૩૯ ગામો અને ગાંધીધામના પાંચ ગામો છે. ગાંધીધામના કુલ ૯ ગામો છે એમાંથી બાકીના નીમાબહેનના ગામો છે. એ ગામો માટે અમે ત્રણ ધારાસભ્યો છીએ તે એક થઈને વિકાસ માટે આગળ વધ્યા છીએ. જયારે જયારે આયોજનની વાત આવે ત્યારે વિકાસ સિવાય બીજી કોઈ વાત કરતા નથી. કચ્છની વાત આવે ત્યારે અમે ત્રણેય ધારાસભ્યો ગામડાંના વિકાસ માટે આગળ વધીએ છીએ. છેલ્લે મારે એટલું જ કહેવું છે કે માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા જે બજેટ લઈને આવ્યા છે તેને આવકારું છું.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં સતત ૧૨મી વખત આ કોંગ્રેસને ખતમ કરવા માટેનું વિકાસલક્ષી અને પ્રજાલક્ષી ૨૦૦૭-૨૦૦૮નું બજૅટ લઈને આવનાર(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ૧૨મી વખત બજૅટ લાવવાના વિક્રમના સર્જક એવા માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આ બજૅટને આવકારતા..

**શ્રી દોલતભાઈ પરમાર** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. જીતુભાઈ વાઘેલા પોતે કહે છે કે કોંગ્રેસને ખતમ કરવા માટેનું બજૅટ લાવ્યા છે. તો વજુભાઈ વાળા સંમત છે તે બાબતે? વાળાસાહેબ કહે. (અંતરાય) હું ઉભો છું. આપને રજા નથી આપી. આટલા જૂના ને પીઢ...(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : આ પૉઈન્ટ ઑફ ઑર્ડર છે કે ઑર્ડર છે?

**શ્રી દોલતભાઈ પરમાર** : ઑર્ડર સમજો તો ઑર્ડર છે.

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર છે.

**શ્રી દોલતભાઈ પરમાર** : પોતે સંમત છે કે નહીં? એ કહેતા નથી.

**અધ્યક્ષશ્રી** : ચાલો.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના નહીં પણ સમગ્ર રાજયોના નં.૧ મુખ્યમંત્રી એવા પ્રસ્થાપિત થયેલા માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને આ ગરવી ગુજરાતના ઈતિહાસના મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ પછીના કોઈ જો વિરલ વ્યકિત હોય તો તે આપણા મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી સાહેબ આ બજૅટમાં એક સત્તા વિહોણા કોંગ્રેસીઓ માટે યોજના ન લાવ્યા એટલા માટે તેમને આ બજૅટ પાચન થતું લાગતું નથી. માનનીય આરોગ્ય મંત્રીશ્રીને પણ વિનંતી કરું કે આ કોંગ્રેસના મિત્રોને બજૅટ પાચન થતું નથી એટલે તેમની પાચન ક્રિયા નબળી પડી ગઈ છે. તેના માટે કોઈ આરોગ્ય કૅમ્પનું આયોજન કરે. જેથી તેમની પાચનશકિત મજબૂત થાય. આ ગરવી ગુજરાતની ધરતી તો ધારદાર તલવાર જેવી છે. તેને વાપરનાર પણ પાણીદાર હોવો જોઈએ અને એ છે માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ. ઘ ણાં લોકો કહે છે કે પુરુષના વસ્ત્રોમાં હરતો ફરતો સિંહ એટલે નરેન્દ્રભાઈ મોદી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના લોકલાડીલા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની શહેર અને નગરોના સુનિયોજિત વિકાસ થાય તે માટે યોજનાબદ્ધ વિકાસ સામાન્ય નગરજનને ધ્યાનમાં રાખીને સુંદર શહેરના નિર્માણ અંગેનું જે સ્વપ્ન સેવનાર "એક શહર હો સપનોંકા" જેને સાકાર કરવા માટે માનનીય વજુભાઈ વાળા સાહેબ બજૅટમાં શહેરી વિકાસ માટે જે યોજના લાવ્યા છે, તેના માટે જે બજૅટ ફાળવ્યું છે તેના માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. શહેરના વિકાસ માટે તેની ટ્રાફિક વ્યવસ્થા, પ્રદૂષણ, લીલોતરી, પર્યાવરણ,

પાણી, રસ્તા, ગટર, લાઈટ, જનસુવિધા કે મકાન જેવી અનેક સુવિધાઓને સામેલ કરેલ છે. ભૂતકાળમાં આ કોંગ્રેસનું રોટી, કપડા ઔર મકાનનું સુત્ર હતું એ તો પૂરું ન કરી શક્યા પણ ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને વજુભાઈ વાળા સાહેબે આ ગુજરાત માટે શહેરી વિકાસ માટેનું સુત્ર પૂરું કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાફિકની વાત કરું તો ગુજરાતના મહાનગરોમાં વસતિને કારણે, વધારે વાહનોને કારણે ટ્રાફિકની સમસ્યા થતી હોય છે. આ ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે આ સરકારે મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના ટ્રાફિકને નિવારવા માટે ટ્રાફિક સર્કલો, હૅરીટેજ વૉક-વૅના વિકાસ માટે પાર્કિંગ વ્યવસ્થા, અંડરગ્રાઉન્ડ પૅ એન્ડ પાર્ક ઉભા કરીને પ્રજાને ટ્રાફિક અંગેનું માર્ગદર્શન આપવા માટેની શિબિરોનું આયોજન કરીને ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટેનો પ્રયત્ન કર્યો છે. ટ્રાફિક સિગ્નલોની વાત કરીએ તો શહેરોમાં ઠેરઠેર ટ્રાફિક સિગ્નલ હોય અને સિગ્નલોમાં વીજળીનો ઉપયોગ થતો હતો. આ વીજળીની બચત કરવા માટે આ રાજય સરકારે સૂર્યકિરણો દ્વારા ચાલતાં સિગ્નલો ઉભા કરીને આજે વીજળીની ઘણી બધી બચત કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા અમદાવાદ શહેરની વાત કરું તો આજે બી.આર.ટી.એસ. પ્રોજેક્ટ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન તથા ઔડા વિસ્તારના શહેરની ટ્રાફિક સમસ્યાને હળવી કરવા માટે બસ રેપીડ ટ્રાન્સપૉર્ટ સિસ્ટમ પ્રોજેક્ટમાં ૪૯૩.૩૨ કરોડ રૂપિયાના ખર્ચે ૫૮ કિ.મી.ના રસ્તા બનાવવા માટે આગળ ધપી રહ્યું છે. આ આંકડાની જાળ નથી. જેને જોવું હોય એ અમદાવાદમાં આવીને જોઈ શકે છે. રળિયામણા અને મનોહર નગરો તથા મહાનગરો બનાવવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીના સ્વપ્નને વધુ રળિયામણું બનાવવા માટે સાબરમતીની બન્ને બાજુની જમીનને ડેવલપ કરી અને સાબરમતી રીવર ફ્રન્ટ ડૅવલપમેન્ટ નામની મહત્ત્વાકાંક્ષી યોજના બનાવવામાં આવી છે. આ યોજનાને કેન્દ્ર સરકારના વડાપ્રધાને, યુ.પી.એ. સરકારના વડાપ્રધાને આર્કીટેકચર કન્સેપ્ટ એન્ડ ડીઝાઈનનો વડાપ્રધાનનો એવોર્ડ આપી આ યોજનાને બિરદાવી છે. આ રીવર ફ્રન્ટના કારણે આજે અમદાવાદમાં પાણીના તળ જે નીચે ઊતરી ગયા હતા એ તળ ઊંચા આવ્યા છે. આજે અમદાવાદમાં પમ્પો અને મોટરો દ્વારા વીજળીથી પાણી ખેંચવામાં આવતું હતું એના કારણે કરોડો રૂપિયાની લાઈટના બિલો આવતા હતા. આ રીવર ફ્રન્ટ યોજનાને કારણે આજે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના લાઈટ બિલનું ભારણ ઘટ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક મહત્ત્વની વાત. અમદાવાદ શહેરમાં પાણીજન્ય રોગો થતા હતા. પણ આ સાબરમતી નદીમાં પાણીના તળ ઊંચા આવવાના કારણે આજે પાણીજન્ય રોગો જેવા કે કૉલેરા, કમળા જેવા નેસ્ત નાબૂદ થઈ ગયા છે. આજે નર્મદા મૈયાના પવિત્ર નીર અમદાવાદ શહેરની ગલીએ ગલીએ, પોળે પોળે, ઘરે ઘરે સાક્ષાત માના સ્વરૂપમાં આવી ગયા છે. એવી જ રીતે કાંકરિયા તળાવની વાત કરું તો આપણા રાજયના જોવાલાયક સ્થળોની અંદર એક કાંકરિયા તળાવ છે. જેને ડેવલપ કરવા માટે રૂ.૨૮ કરોડનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. આ કાંકરિયા તળાવ આખા દેશમાં સૌથી ઉત્તમ જોવાલાયક શહેર બનવાનું છે. એના કારણે અમદાવાદ શહેરમાં નાના-મોટા ઉદ્યોગકારો અને ગૃહઉદ્યોગોને ફાયદો થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ઉપર લોકોને કેટલો બધો વિશ્વાસ છે? એની વાત કરું તો જનભાગીદારી દ્વારા રૂ.૫૭.૧૬ કરોડથી વધારે મૂલ્યના ૧૩૩૬ કામો લોકભાગીદારીથી પૂર્ણ થયા છે. એનો અર્થ એ થાય કે, લોકોને આ સરકાર ઉપર વિશ્વાસ છે. આ વિશ્વાસના કારણે આજે વિકાસના કામોમાં પોતે સામે ચાલીને સરકારની સાથે પ્રજા જોડાય છે. હું પોલ્યૂશનની વાત કરું તો આજે અમદાવાદ શહેરમાં અને બીજી મહાનગરપાલિકાઓમાં પોલ્યૂશનની સમસ્યા છે. આ સમસ્યાને દૂર કરવા માટે અમદાવાદ શહેરમાં સી.એન.જી. દ્વારા પહેલી પહેલ કરવામાં આવી. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ચાલતી ૪૧૫ એ.એમ.ટી.એસ. બસોને સી.એન.જી.માં રૂપાંતરિત કરવામાં આવી. એ જ રીતે અમદાવાદ શહેરમાં ચાલતી ૩૫૦૦૦ જેટલી રિક્ષાઓને સી.એન.જી.માં રૂપાંતરિત કરવામાં આવી. એના કારણે પોલ્યૂશનમાં ઘણો ફરક પડી ગયો છે. એના કારણે રિક્ષા ચાલકોની તબિયત જે વારંવાર બગડતી હતી એમાં હવે સારો એવો સુધારો થયો છે, એમના સ્વાસ્થ્ય સુધર્યા છે અને એમની આવકમાં પણ વધારો થયો છે. આવકમાં વધારો થવાના કારણે એ એમના બાળકોને સારું શિક્ષણ આપી શકશે, પોતે સારું ખાઈ શકશે અને પોતાના કુટુંબનું સારી રીતે ગુજરાત ચલાવી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, મહાનગરો અને નગરોમાં સ્મૃતિ વન, અમૃત વન અને પુનિત વન માટે લોકભાગીદારી કરી અને આવા વનો ઊભા કરવામાં આવ્યા છે. અમદાવાદમાં કે મહાનગરોમાં જ્યાં જ્યાં ખુલ્લી જગ્યા હોય ત્યાં સરકાર દ્વારા કે જે તે કૉર્પોરેશન કે નગરપાલિકા દ્વારા અથવા જનભાગીદારી દ્વારા વૃક્ષો રોપવામાં આવે છે. શહેરોમાં સૌથી વધુ કોઈ મોટી જરૂરિયાત હોય તો એ પાણીની છે. આ સરકારે તમામ શહેરોને પીવાના પાણી માટે અને અન્ય કામ માટે જોઈતું પૂરેપૂરું પાણી પહોંચતું કરવા માટે અનેક યોજનાઓ બનાવી છે. એક તો નગરપાલિકાઓને મા મૈયાનું પવિત્ર નીર પૂરું પાડવા માટે રૂ.૧૮૦.૭૪ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. પીવાના પાણીની યોજના કાર્યરત થાય સાથે એ માટે ૪૭ મહાનગરપાલિકાઓમાં રૂ.૨૯૪ કરોડના ખર્ચે આંતરિક વિતરણની વ્યવસ્થા માટે બજૅટમાં જોગવાઈ કરવામાં આવી છે. અમૃત ધારા યોજના હેઠળ ૧૨૧ નગરપાલિકાઓમાં પીવાના પાણી માટેનું સુંદર આયોજન ૨૦૦૭ના અંત સુધીમાં પૂરું કરવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, જનસુવિધાની વાત કરી, મને ખબર છે હું એવા વિસ્તારમાંથી આવતો હતો,

**અધ્યક્ષશ્રી** પૂરું , પ્લીઝ માનનીય નટુભાઈ, પાંચ મિનિટ

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વજુભાઈ વાળા સાહેબ જે અંદાજપત્ર લઈને આવ્યા છે એના માટે હું વાત કહેવા માગુ છું કે અંદાજપત્ર લઈને આવ્યા છે, જે ખર્ચ કરવાનો છે ગુજરાતમાં પણ તમે અત્યાર સુધી જોયું કે કોંગ્રેસના જેટલા મુખ્યમંત્રીશ્રીઓ આવ્યા એમણે આટલી બધી ગાડીઓ, કમાન્ડરો, રાખ્યા ખરા? રક્ષા માટે કોઈ રાખ્યા નથી. છેલ્લામાં છેલ્લા શંકરસિંહ બાપા હતા તો પણ એમણે આટલી બધી ગાડીઓ રાખી નથી રક્ષા માટે અને પછી સિંહનું ઉપનામ આપે છે. સિંહનું ઉપનામ કયારે અપાય કે કોઈ રક્ષણ ના હોય ત્યારે સિંહનું ઉપનામ અપાય. સિંહ તો એકલો જ હોય આવું બધું ખોટું ના બોલો, સામેની પાટલીવાળા સાચું બોલતા શીખો. કુદરત માફ નહીં કરે, સમજો તમે , નહીં સમજો તો કુદરત માફ નહીં કરે. તમે જુઓ અત્યારે ગુજરાતમાં ઠેરઠેર બોર્ડ નરેન્દ્રભાઈના છે. અત્યાર સુધીના કોઈ મુખ્યમંત્રીએ બોર્ડ માર્યા ખરા? કોના ખર્ચે? પ્રજાના ખર્ચે છે. પ્રજાના પૈસા છે. પ્રજાના પૈસાનો સદ્ઉપયોગ કરતા શીખો. પ્રજાના પૈસા ખોટા ના વેડફો. નહીં તો પ્રજા માફ નહીં કરે. જે પૈસા પ્રજાના છે એ સદ્ઉપયોગમાં વાપરો. ખોટા પૈસા વાપરશો તો પ્રજા માફ નહીં કરે. તમે કહો છો કે અમે આમ કરી નાખ્યું, તેમ કરી નાખ્યું. કશું કર્યુ નથી તમે.

ગુજરાતનું યુવાધન છે એને સારી રીતે નહીં વાળો તો તમને જ નડવાનું છે. અમને નથી નડવાનું. યુવાધન અમને નથી નડવાનું. અમારા જયારે માધવસિંહ હતા, અમારા હિતેન્દ્રભાઈ વગેરે જયારે મુખ્યમંત્રી હતા ત્યારે તો લોકોના કલ્યાણનું કામ કર્યુ છે અને તમને દાખલા બતાવું, માધવસિંહ આવ્યા, એમણે મધ્યાહન ભોજનની યોજના કરી એવી લોકઉપયોગી યોજના કરી. માધવસિંહ સોલંકી આવ્યા તો મહિલાઓનું શિક્ષણ છેક સુધી મફત અને અત્યારે તો આ લોકોએ * * (xxxxx) માંડયો છે.

**અધ્યક્ષશ્રી .** : * (xxxxx) શબ્દ કાઢી નાખીએ છીએ.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : જે મોંઘી સ્કૂલો કોલેજો બનાવી એમાં લાખ લાખ રૂપિયા ફી. મોટી સારી ડીગ્રી મેળવવી હોય , કોલેજ કરવી હોય તો કેટલી ફી આપવી પડે? આ ગરીબ લોકો કયાંથી લાવવાના? મહિલાઓ માટે મફત શિક્ષણ. જો મહિલાઓ સારી રીતે ભણશે તો આ ગુજરાતનો વિકાસ થઈ શકશે. આ ગુજરાત આગળ આવી શકશે. આ લોકોને નથી સુજતું આ લોકો તો બસ ઠઠારા અને ઉત્સવ કરવામાં રચ્યા પચ્યા રહે છે. ઉત્સવો ના કરો, લોકોના પૈસા સારી રીતે વાપરવા જોઈએ. ખોટી રીતે ના વાપરવા જોઈએ. ઉત્સવોમાં શું છે? એના કરતા ગરીબ લોકોનું યુવાધન છે એને આગળ લાવવાની વાત કરવી જોઈએ. યુવાધન આગળ આવશે તો ગુજરાતનો વિકાસ થવાનો છે. યુવાધન નહીં આગળ આવે તો કેવી રીતે થશે? ભણ્યા વગર કશું નથી. જો ભણશે તો આગળ આવશે. નહી ભણે તો સુજસમજ કયાંથી આવશે? યુવાધન ભણશે તો એનામાં સુજસમજ આવશે. સુજસમજ આવશે તો ગુજરાતનો વિકાસ થશે. સુજસમજ વગર ગુજરાતનો વિકાસ થવાનો નથી. માટે જે નાણા ખર્ચવાના હોય , ગુજરાતના સારા વિદ્યાર્થીઓ છે, એમને મદદ કરવાની હોય અને એમને, ગરીબ માણસને કોઈ સાંભળતું નથી. કોઈ કોલેજમાં એડમિશન નથી મળતું. અમારે ત્યાં સારા સારા વિદ્યાર્થીઓને એડમિશન નથી મળતું.

**અધ્યક્ષશ્રી** : નવી કોલેજો ઘણી બધી થઈ છે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : નથી સાંભળતું, આપતા જ નથી. ગમે તે હોય અમારા ગરીબ લોકોને કોઈ સાંભળતું નથી અને અમારા સામી પાટલીવાળા મંત્રીઓ છે એ વાત સાંભળતા નથી. અલા ભઈ ના બહુ ખેંચાવ, બહુ ખેંચાશો તો લોકો કાઢી મૂકશે તમને. અમારા કોંગ્રેસમાં જે છે એ એમનામાં નથી એ એમણે રાખવું જોઈએ.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહની અંદર માનનીય નાણામંત્રીશ્રી જે ૨૦૦૭-૦૮નું અંદાજપત્ર લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઉપસ્થિત થયો છું. આ ૨૦૦૭-૦૮નું અંદાજપત્ર નાણામંત્રીશ્રી વજુભાઈ કે જેમણે બારમી વખત અંદાજપત્ર રજૂ કરી વિક્રમ સ્થાપ્યો છે ત્યારે હું એમને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નરેન્દ્રભાઈના નિયંત્રણ હેઠળ ગુજરાતનો ઈતિહાસ, વિકાસ સર્જાઈ રહ્યો છે ત્યારે આ અંદાજપત્રને ગરીબલક્ષી અંદાજપત્ર કહીએ, વિકાસલક્ષી અંદાજપત્ર કહીએ તો ખોટું નથી. આ અંદાજપત્રની અંદર જ્યારે ગરીબ લોકોની વાતો થઈ છે ત્યારે સાથી વિરોધ પક્ષના સભ્યશ્રીઓને આ અંદાજપત્ર ગમતું નથી. આદિજાતિ સમાજના ઉત્થાન અને વિકાસ માટે આ સરકારે બજૅટમાં એમની વસ્તીના પ્રમાણમાં ફાળવણી કરી છે. આદિવાસી સમાજ ૧૫ ટકા વસ્તી ધરાવતો સમાજ છે અને એની સરખામણીમાં આજે ૨૩૩૫ કરોડ જેટલું બજૅટ વિકાસ માટે વર્ષ ૨૦૦૭-૦૮ માટે માનનીય નાણામંત્રીશ્રીએ આપ્યું છે ત્યારે આ સમાજનો વિકાસ ચોક્કસ થવાનો છે. કોંગ્રેસના લોકોએ અગાઉ ઘણા ખોટા વાયદાઓ આપીને આ લોકોને ગેરમાર્ગે દોરવાનું કામ કર્યું છે. વર્તમાન સરકાર ગરીબોના વિકાસ માટે જ્યારે કામ કરી રહી છે ત્યારે એમના પક્ષના આદિવાસી ધારાસભ્યશ્રીઓ છે એમને હું કહેવા માગું છું કે, આ સરકારમાં ૧૦મી પંચવર્ષીય યોજનાનું છેલ્લું વર્ષ અને ૧૧મી

* * (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

પંચવર્ષીય યોજનામાં પ્રથમ વર્ષની જ્યારે શરૂઆત થઈ છે ત્યારે ૧૫૦૦૦ કરોડના બજૅટની જોગવાઈ આ સરકાર ૧૧મી પંચવર્ષીય યોજનાના પાંચ વર્ષમાં કરવાની છે. ૩૦૦૫ કરોડ ઉપરાંતનું આયોજન પ્રથમ વર્ષે થયું છે એટલે તેમાં ૨૫ ટકા વધારો છે. મને કહેતા આનંદ થાય છે અને ગૌરવ સાથે કહું છું કે આ ૧૧મી પંચવર્ષીય યોજનામાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ૧૫૦૦૦ કરોડનું આદિવાસી સમાજ માટે વન બંધુ કલ્યાણ યોજના દ્વારા જે પૅકેજ આપ્યું છે એના થકી આ રાજ્યનો એક એવો ભાગ છે જે અંબાજીથી લઈને ઉમરગામ સુધીનો પૂર્વપટ્ટીનો આદિવાસી સમાજ રહે છે એ સમાજનો વિકાસ જે નહિવત્ થયો છે એને અન્ય સમાજની હરોળમાં લાવવા માટે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ જે પ્રયત્ન કર્યો છે, એ આવકારદાયક છે. આવનારી ૧૧મી પંચવર્ષીય યોજના માટે જે પૅકેજ જાહેર કરેલું છે એ પૅકેજ થકી અમારો સમાજ અન્ય સમાજની હરોળમાં આવવાનો છે અને એટલા માટે અમે ગૌરવ સાથે કહીએ છીએ કે આદિવાસીઓના જે પડતર પ્રશ્નો છે, સમસ્યાઓ છે એનો નિકાલ ભારતીય જનતા પક્ષની સરકારમાં થવાનો છે. આજે વિરોધ પક્ષના નેતા જે વાત કરતા હતા, આ સમાજના લોકોને મામા કહીને એમણે ઉચ્ચારણ કર્યું છે એ આ સમાજના લોકો અને સમાજ માટે ખૂબ મોટું કલંક લગાડ્યું છે. જેને અમે સમાજ વતી વખોડીએ છીએ. જે લોકોને મામા કહીને બોલાવો છો એ લોકો એટલે શ્રમ અને પરિશ્રમ કરીને ચાલવા માટે રસ્તાઓ બનાવે છે એ શ્રમિકોનો સમાજ છે અને એ સમાજને વિરોધ પક્ષના નેતા પણ ખોટી રીતે સમજીને ગેરમાર્ગે દોરવાની વાત કરતા હોય ત્યારે ચલાવી લેવાય નહિ. હમણાં થોડા સમય પહેલાં એમના માતૃશ્રી દેવગઢ બારિયામાં આવ્યા હતા અને આદિવાસી સમાજને ગેરમાર્ગે દોરીને લાખોની સંખ્યાની વાતો કરે છે. પણ એ લોકોને ફોસલાવી, પટાવીને વનની જમીનો આપીશું એમ કહીને લઈ આવ્યા હતા.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહની સવારની બેઠકનું કામકાજ પૂરું થાય છે, આપનું પ્રવચન પૂરું થાય છે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧-૦૦ વાગ્યે પૂરું થતાં, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૬ઠ્ઠી માર્ચ ૨૦૦૭**
**ફાલ્ગુન ૧૫, ૧૯૨૮ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યું**
**માનનીય અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**ભુજ તાલુકાના કુનરીયાથી લોડાઈ માર્ગ બિસ્માર હાલતમાં હોવા બાબત**

***૨૦૦૫૨ શ્રી શીવજીભાઈ ક. આહીર (ભુજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) ભુજ તાલુકાના કુનરીયા-લોડાઈ માર્ગ બિસ્માર હાલતમાં છે તે હકીકત સરકાર જાણે છે,
(૨) વર્ષો પહેલાં થયેલ પેવરકામ તદ્દન નબળું થઈ જતાં પેવર સપાટી કામ કરવાનું સરકારે શું આયોજન કરેલ છે, અને
(૩) આ કામ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) કુનરીયા-લોડાઈ અનુભાગને રીસરફેસીંગ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે.
(૨) અને (૩) સદર અનુભાગ ઉપર રીસરફેસીંગની કામગીરી મંજૂર કરેલ છે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયે કરારની જોગવાઈ મુજબ કામગીરી પૂર્ણ કરવા આયોજન છે.

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તો ૩૨ ગામોને જોડતો રસ્તો છે અને એ વિસ્તારમાં મોટાભાગે બક્ષીપંચ અને પીછડતી જાતિનો વિસ્તાર છે. બિસ્માર રસ્તાના કારણે અવારનવાર બસ બંધ થઈ જતી હોય તો આ રસ્તો વહેલામાં વહેલી તકે કરવા માટે સરકારની શું વિચારણા છે? ટેન્ડરની પ્રક્રિયા ચાલે છે તો એ કયા તબક્કે પહોંચી છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે કુનરીયા-લોડાઈ માર્ગને પુન:રીસરફેસ કરવા માટેની કાર્યવાહી હાથ ધરેલી છે. કુનરીયા-લોડાઈ માર્ગ ૩૨ થી ૪૮ કિલોમિટરનો રસ્તો એ ૧૬ કિલોમિટરનો રસ્તો છે અને ૧૨૦ લાખ રૂપિયાનો મંજૂર કરી આપ્યો છે, ૨૦મી ફેબ્રુઆરી ૨૦૦૭ના રોજ એ કાર્યવાહી કરી છે અને ૧૩ ફેબ્રુઆરીએ એના ટેન્ડરની જાહેરાત પણ કરી છે. ટેન્ડર પાછા મેળવવા માટે છેલ્લી તારીખ ૨૬મી માર્ચ ૨૦૦૭ છે અને એ ટેન્ડર પાછા આવી ગયા પછી બાકીની કાર્યવાહી જે કરવાની થાય એ કાર્યવાહી કરીને સમય મર્યાદાની અંદર કાર્યવાહી પૂર્ણ થાય એ પ્રકારના પ્રયત્નો કરવામાં આવશે.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, ભુજથી લોડાઈ રસ્તાની લંબાઈ કેટલી છે અને કયારે કયારે ડામર કામ થયેલું છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આખો આ ભુજ-લોડાઈ એ કુલ ૫૪ કિલોમિટરનો રસ્તો છે અને એ ૫૪ કિલોમિટરમાંથી ભૂજ-લોડાઈ રસ્તો ૩૨ કિલોમિટરનો રસ્તો છે અને ભુજથી લોડાઈમાં અલગ અલગ તબક્કે ૧૯૯૮-૯૯, ૨૦૦૦-૦૧, ૨૦૦૧-૦૨, ૨૦૦૨-૦૩, ૨૦૦૪-૦૫માં અલગ અલગ કિલોમિટરની ડામર સપાટીની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. અત્યારે છેલ્લે આ ૧૬ કિલોમિટરની ડામર સપાટી પુન: રીસરફેસ થશે એટલે સંપૂર્ણતયા બધો જ રસ્તો ભુજથી લોડાઈ રસ્તો યોગ્ય સ્વરૂપમાં પ્રાપ્ત થશે.

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** :માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપીશ કે મારા મતવિસ્તાર મુંદ્રાથી ભુજનો રસ્તો ૫.૩૫ કરોડનો મંજૂર કર્યો છે એ બદલ અભિનંદન. આ રસ્તાનું કામ ક્યારે મંજૂર કર્યુ, કેટલો અંદાજ છે અને કામની હાલની શું સ્થિતિ છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨૦ લાખના ખર્ચે આ રસ્તાનું કામ હાથ ધર્યુ છે અને ૨૬ માર્ચ ૨૦૦૭નાં રોજ ટેન્ટર પાછા આવવાની તારીખ છે અને ટેન્ડરની કાર્યવાહી પૂર્ણ થયા પછી વર્કઓર્ડર આપ્યા પછી ૬ માસની અંદર રસ્તાની કાર્યવાહી પૂર્ણ કરાશે.

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, આ લોડાઈ રસ્તાની વાત છે એક લોડાઈ રસ્તો એ વાયા નાંગોર થઈને જતો રસ્તો છે અને મારી જે વાત છે એ લોડાઈ વાયા કુનરીયા-કોટા થઈને જતો રસ્તો છે એટલે જે ટેન્ડરો બહાર પાડવામાં આવેલા છે એ લોડાઈ વાયા કુનેરિયાના ટેન્ડર છે કે લોડાઈ વાયા નાગોર થઈને જતા રસ્તાના છે ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ લોડાઈ- કુનેરિયા રસ્તાનો પ્રશ્ન પૂછયો છે અને ૧૨૦ લાખ રૂપિયા, લોડાઈ- કુનેરિયા, ૩૨ થી ૪૮ કિલો મિટરની લંબાઈના ૧૬ કિલો મિટરના મંજૂર કર્યા છે અને એજ રસ્તાના કામો હાથ ધરાશે.

**અધ્યક્ષશ્રી .** : નેકસ્ટ. પ્રશ્ન ક્રમાંક-૩, શ્રી કાંતિલાલ અમૃતિયા.

**અધ્યક્ષશ્રી .** : નેકસ્ટ. પ્રશ્ન ક્રમાંક : ૪.

**ચીકનગુનીયાના નોંધાયેલા કેસ**

***૧૯૦૧૩ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ** મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી હૉસ્પિટલોમાં જિલ્લાવાર ચીકનગુનીયાના કુલ કેટલા કેસો નોંધાયા હતા,

(૨) આ રોગના નિવારણ માટે રાજય સરકારે શાં પગલાં હાથ ધર્યા, અને

(૩) તેમાં કેટલો ખર્ચ થયો ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી હૉસ્પિટલોમાં ૧,૧૮,૯૨૪ શંકાસ્પદ ચીકનગુનીયાના કેસો નોંધાયેલ
જિલ્લાવાર વિગત દર્શાવતું પત્રક-૧ સામેલ રાખેલ છે.

(૨) ચીકનગુનીયા રોગ અટકાવવા માટે રાજય સરકારે નીચે મુજબના અસરકારક પગલાંઓ હાથ ધરેલ છે.

(૧) સ્વૈચ્છિક સંસ્થાઓ અને લોક સહયોગથી જુદા જુદા નિષ્ણાંતોની સેવાઓ મેળવી રોગ સર્વેક્ષણ, નિદાન અને સારવારની વ્યવસ્થા ગોઠવવામાં આવી.

(૨) સરકારી દવાખાનાઓ ઉપરાંત આરોગ્ય મેળવાઓ યોજી સારવાર માટે ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી.

(૩) ભારત સરકારશ્રીના માર્ગદર્શન અને એન.આઈ.વી.પુનાના સહયોગથી બી.જે.મૅડિકલ કૉલેજ, અમદાવાદ ખાતે ચીકનગુનીયા રોગના નિદાન અંગે સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી.

(૪) ચીકનગુનીયા રોગની સારવાર અને અટકાયત માટે જરૂરી તમામ દવાઓ અને સાધન-સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવી.

(૫) રોગગ્રસ્ત વિસ્તારોમાં મચ્છર ઉત્પત્તિ અટકાવવા માટે સઘન પોરાનાશક કામગીરી તેમજ ચેપી મચ્છરોના નાશ માટે ફોગીંગની કામગીરી હાથ ધરવામાં આવી.

(૬) રાજયમાં રોગ અટકાયત અને નિયંત્રણ અટકાયત અંગે લોકજાગૃતિ ઊભી કરી.

(૩) રોગ નિવારણ પગલાં લેવા માટે રાજય સરકારે રૂા. ૪૪૫.૪ લાખનો ખર્ચ કરેલ છે.

**પત્રક-૧**

જાન્યુઆરી-૦૭ની સ્થિતિએ રાજયમાં જિલ્લાવાર રિપોર્ટ થયેલ શંકાસ્પદ ચીકનગુનીયાના કેસોની વિગત.

| અ.નં. | જિલ્લાનું નામ | રિપોર્ટ થયેલ શંકાસ્પદ ચીકનગુનીયાના કેસો |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫૩૩૫ |
| ૨ | અમદાવાદ કોરપોરેશન | ૬૦૮૫૫ |
| ૩ | આણંદ | ૧૬૫ |
| ૪ | ખેડા | ૧૪૫૮ |
| ૫ | સુરેન્દ્રનગર | ૧૧૦ |
| ૬ | અમદાવાદ વિભાગ | ૬૭૮૪૫ |
| ૭ | ગાંધીનગર | ૮૭૬ |
| ૮ | બનાસકાંઠા | ૧૨૨૮ |
| ૯ | મહેસાણા | ૫૧૭ |
| ૧૦ | સાબરકાંઠા | ૧૧૨૬૪ |
| ૧૧ | પાટણ | ૩૨૫ |
| ૧૨ | ગાંધીનગર વિભાગ | ૧૪૨૧૦ |
| ૧૩ | વડોદરા | ૨૩૪ |
| ૧૪ | ભરૂચ | ૨૪૧ |
| ૧૫ | નર્મદા | ૧૭૯ |
| ૧૬ | પંચમહાલ | ૨૯૬ |

| | | |
|---|---|---|
| ૧૭ | દાહોદ | ૭ |
| ૧૮ | વડોદરા વિભાગ | ૯૫૭ |
| ૧૯ | સુરત | ૧૩૩ |
| ૨૦ | સુરત કોરપોરેશન | ૫૦ |
| ૨૧ | નવસારી | ૨૪૭૫ |
| ૨૨ | વલસાડ | ૩૦૩૬ |
| ૨૩ | ડાંગ-આહવા | ૦ |
| ૨૪ | સુરત વિભાગ | ૫૬૯૪ |
| ૨૫ | રાજકોટ | ૧૦૭ |
| ૨૬ | જામનગર | ૧૭૩૫૦ |
| ૨૭ | કચ્છ | ૧૦૧ |
| ૨૮ | રાજકોટ વિભાગ | ૧૭૫૫૮ |
| ૨૯ | ભાવનગર | ૧૧૩૭૯ |
| ૩૦ | અમરેલી | ૬૪ |
| ૩૧ | જૂનાગઢ | ૧૧૩૫ |
| ૩૨ | પોરબંદર | ૨ |
| ૩૩ | ભાવનગર વિભાગ | ૧૨૫૮૦ |
| ૩૪ | અન્ય | ૨ |
| કુલ | | ૧૧૮૯૨૪ |

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ચીકનગુનીયાના કેસોમાં ૧,૧૮,૯૨૪ જેટલા કેસો નોંધાયા છે તેવું જણાવ્યું છે. મારે માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવું છે કે,આ આંકડો છે એ સરકારી હૉસ્પિટલોનો માત્ર જે નોંધાયેલા કેસો છે, માનનીય અધ્યક્ષશ્રી એના કરતાં દસગણા, અનેકગણા પ્રાયવેટ હૉસ્પિટલોમાં પણ આ ચીકનગુનીયાના કેસો નોંધાયા છે અને એના કારણે આ ચીકનગુનીયા એવો એક રોગ છે કે, એને કોઈ દવા જ્યારે લાગું ના પડતી હોય અને એમાં કેટલાક સમય બાદ અનેક લોકો મૃત્યું પામ્યાં છે ત્યારે મંત્રીશ્રીને પૂછવું છે કે, ચીકનગુનીયાના કેસોમાં કેટલા માનવીઓ મૃત્યું પામ્યા છે અને ચીકનગુનીયા માટે રાજય સરકારે કઈ કઈ દવાઓ વાપરી અને આ દવાઓ બિનઅસરકારક રહી એ હકીકત સાચી છે ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ચીકનગુનીયાથી મૃત્યું થતા નથી એવું W.H.O.એ એના રિપોર્ટમાં કહ્યું છે અને યુનિસેફે પણ આજ પ્રકારનાં અને ભારત સરકાર પણ આજ વાત કરે છે કે, ચીકનગુનીયાના કારણે મૃત્યું થતા નથી પરંતુ ચીકનગુનીયા થવાના કારણે રોગની પ્રતિકારાત્મક શક્તિ ઘટી જાય છે અને એના કારણે જ્યારે રોગની પ્રતિકારક શક્તિ ઘટે તો અને એને કારણે હૃદય રોગ, કૅન્સર કે ટી.બી. જેવા દર્દીઓ હોય, ગંભીર પ્રકારના દર્દીઓનાં મૃત્યું થાય પરંતુ જ્યારે મૃત્યુની નોંધણી થાય ત્યારે અને મૃત્યુંનું કારણ ગણાય ત્યારે એ ચીકનગુનીયા ગણાતું નથી કારણ કે, એ સહાયક છે, મુખ્ય રોગના કારણે જે થયું હોય એટલા માટે રાજયમાં ચીકનગુનીયા પ્રમાણિત થયો હોય એવા જે દર્દીઓ હતા એમાંથી જે મૃત્યુંઓ થયા એનો આંકડો ૧૧નો છે અને ભારત સરકારે પણ એજ આંકડો જાહેર કરેલો છે.

એ વાત પણ સાચી છે કે, ચીકનગુનીયાને રોકવા માટેની જે દવાઓ છે એ આપણે પેરાસીટામોલ અને બાકીની દવાઓ જે કેન્દ્ર સરકારે નક્કી કરી હતી એ પ્રમાણે આપી છે અને પેરાસીટામોલ, ડાયકોફ્લીન સોડિયમ, તાવના ઉપયોગમાં સાંધાના દુખાવામાં રાહત આપે છે, એસ્પરીન આપે છે, સ્ટિરોઈડ જેવી દવાનો ઉપયોગ થઈ શકતો નથી. આ રોગમાં બીજો પ્રયોગ ગુજરાતે કર્યો એ ગૃહને જણાવવા જેવો છે કે ચીકનગુનીયા રોગથી મટવા માટે અને પ્રતિકારાત્મક પગલા લેવા માટે, સાહેબ  દેશ અને દુનિયામાં ચીકનગુનીયા ૧૯૯૩માં આવ્યો, પહેલીવાર દક્ષીણ આફ્રિકામાં એવું એલોપથી સાયન્સ કહે છે પણ આપણું આયુર્વેદ વિજ્ઞાન એવું કહે છે કે, આપણે ત્યાં ચીકનગુનીયાની નોંધ  એ યુગ પ્રભાવ નામના આયુર્વેદના ગ્રંથમાં નોંધેલી છે ૫૬૧મા પાના ઉપર અને ચીકનગુનીયાને સનીપાતક જવર કહેવામાં આવે છે અને એમાં જે વૈદકીય ( અંતરાય ) નવું નામ નથી.

**અધ્યક્ષશ્રી** : માહિતી હોય એ આપે, પ્લીઝ ( અંતરાય ) બધા સભ્યશ્રીઓને વિનંતી, જે પ્રશ્ન પૂછયો હોય એનો જવાબ તો આપે જ, તમે ના ઈચ્છતા હોય, તમારે પ્રશ્ન પૂછવો હોય અને ના આપે એવું નહીં, પ્લીઝ (અંતરાય) બેસો, આવું નહીં ( અંતરાય ) દરેકમાં માથાકૂટ ન કરવી, ચાલો પ્લીઝ

**શ્રી અશોક ભટ્ટ** : એટલા માટે જ આ રોગમાં આયુર્વેદનો ઉપયોગ કરવામાં આવ્યો અને રાજયમાં ૨૫ લાખ કરતાં વધારે લોકોને આપણે ઉકાળા પાયા.મારે એ સંસ્થાઓનો પણ આભાર માનવો જોઈએ કે અંબાજી મંદિર, અમદાવાદનું જગન્નાથ મંદિર, અનેક આયુર્વેદિક ડોકટરોએ આમાં સહાય કરી છે. રવિશંકર મહારાજ અને એવી સંસ્થાઓએ પણ સમગ્ર રાજયમાં આંદોલન રૂપે ઉકાળો પાયો એમાં જે પરિણામ આવ્યું એ ભારત સરકારે નોંધ્યું.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તમારે કોઈને જવાબ સાંભળવા નથી, માત્ર પ્રશ્ન પૂછવા છે એ બરાબર નથી.

**શ્રી અશોક ભટ્ટ** : એલોપથી દવા આપી, આયુર્વેદિક દવા આપી એ વાતની ભારત સરકારે ખાસ નોંધ લીધી છે. આયુર્વેદનો ઉપયોગ ગુજરાત એક જ રાજય એવું છે એણે કર્યો છે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયમાં જયારે ચીકનગુનિયાનો રોગ ફેલાયેલો હતો ત્યારે યુનિસેફ અને ડબલ્યુ.એચ.ઓ. જેવી સંસ્થાઓએ પણ રાજયની મુલાકાત લીધી હતી કે સરકારની કામગીરી કેવી હતી. આ સંસ્થાની કામગીરીનો રિપોર્ટ શું આવ્યો અને બીજો પ્રશ્ન એ છે કે દેશમાં દક્ષિણ ભાગમાં પણ ચીકન ગુનિયા ફેલાયેલો હતો તો ગુજરાતમાં અને દક્ષિણ ભારતની સરખામણીમાં ચિકનગુનિયાની સંખ્યા કેવી હતી?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા ભારત સરકારનો પ્રશ્ન પૂછયા National Vectorborn Disease Control Programmeનો જે રિપોર્ટ બહાર પડયો એના ચેરમેન શ્રી પી.એલ.જોષીએ એક જ વાકયમાં કહયું. The State's performance in the year ૨૦૦૬ and all the States were requested to follow similar plan for reduction in vectorborn disease. ભારત સરકારના ચેરમેને કહયું કે ગુજરાતે જે પગલાં લીધાં છે એ સારા છે. બીજો પ્રશ્ન એમણે કહયું યુનિસેફ અને ડબલ્યુ.એચ.ઓ.એ પણ કહયું યુનીસેફે તો વેકટર બોન ડીસીસ કન્ટ્રોલ કરવા દવાની મદદ કરી અને સો જેટલા ફોગીંગ મશીન આપ્યા.

**અધ્યક્ષશ્રી** : કુંવરજીભાઈ,

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, મારા બીજા પ્રશ્નનો જવાબ બાકી છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું જવાબ આપવા તૈયાર છું.

**અધ્યક્ષશ્રી** : સંતોષ માનો.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ચીકનગુનિયાનો રોગ રાજયમાં ફેલાયેલો હતો એ વખતે જે ખાનગી પ્રેકટીસ કરતા હતા અને જેમની પાસે કોઈ પ્રકારની ડોકટરની ડીગ્રી નથી એ લોકો પણ ગામડાંમાં એવું કહેતા હતા કે મારી આટલા વર્ષની પ્રેકટીસમાં આવો સમય, આવી સીઝન કયારેય આવી નથી. જે ડોકટર નથી, જેની પાસે પદવી નથી એ કહેતા હતા. આ સમયમાં રાજયમાં લગભગ આરોગ્યતંત્ર ગ્રામ વિસ્તારમાં નહીંવત કયાંક કામ કરતા ન હોય તેવી સ્થિતિ હતી ત્યારે અહીં ૪૪૪૫.૪૪લાખ ખર્ચ કરવામાં આવ્યો છે ત્યારે એ ખર્ચ શેના શેના પાછળ કઈ કઈ જગ્યાએ એનો ઉપયોગ કરીને કયાં કયાં ખર્ચ કરવામાં આવ્યો છે. બીજું કે રાજકોટ જિલ્લામાં અનેક ફરિયાદ કરી છે ત્યારે ૧૦૭ કેસ નોંધાયા છે. યાદીમાં તો ૧૦૭ છે તો બાકીના કેસ નોંધાયા એની યાદી નથી. તો આ વધારાની યાદી ખરેખર નોંધાયેલ વધારે સંખ્યા છે અને બતાવવામાં આવેલ છે ૧૦૭ તો આ ભૂલ છે કે કેમ તેની વિગત માગું છું?

**શ્રી અશોક ભટ્ટ** : સૌથી પહેલા કુંવરજીભાઈ જેવા સક્રિય ધારાસભ્ય અને વિશેષ કરીને આરોગ્યના ક્ષેત્રે ખૂબ ઊંડો રસ છે એ રસ ધરાવે છે, ત્યારે એમને વિનંતી છે કે તેઓ એમની પાસે ગમે ત્યારે કારણ પૂછતો નથી આજે ગૃહની અંદર વાત કરી કે કેટલાક ડિગ્રી ન ધરાવનાર ડૉક્ટરોએ જઈને ફરિયાદ કરી એમણે હર્ષ વ્યક્ત કર્યો કે અમારી પ્રૅક્ટિસ વધી ગઈ છે. મારે કુંવરજીભાઈ પાસેથી એમણે એ વખતે એ ડિગ્રી વિનાનાં ડૉક્ટરોનાં નામ આપ્યાં હોત તો હું પગલાં લઈ શક્યો હોત. ડૉક્ટરોનાં નામ નથી આપ્યાં. આજે તમે કહ્યું ઘણી મોટી આવક થઈ હતી. નામ નહિ આપવાનું કારણ શું છે એની મને ખબર નથી. કુંવરજીભાઈ, હજુ પણ મારી તમને વિનંતી છે કે એ ડૉક્ટરો આજે જો પ્રૅક્ટિસ કરતા હોય તો મને નામ આજે સભાગૃહ પૂરી થયા પછી આપજો. હું ચોક્કસ ડિગ્રી વિનાના ડૉક્ટરો સામે પગલાં લઈશ.

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય મંત્રીશ્રી અશોકભાઈ ધ્યાનથી સાંભળજો. આપે સૂચના આપી એટલે મને ચાનક ચડી. કુલ ૧,૧૮,૯૨૪ શંકાસ્પદ કેસો ચીકનગુનિયાના નોંધાયેલ છે. મારે એ જાણવું છે કે આ કેસોમાં ગુજરાતની ભારતીય જનતા પાર્ટી સરકારનો સમાવેશ થાય છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ફરી વાર પૂછે?

**અધ્યક્ષશ્રી** : એવું પૂછયું કે આ ચીકનગુનિયાના કેસોમાં ભાજપની સરકારનો સમાવેશ થયો છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : કોંગ્રેસના મચ્છરે કરડવાના ઘણા પ્રયત્ન કર્યા એ મચ્છર અમને કોઈપણ પ્રકારનો રોગ ફેલાવી શકે તેટલું અસરકારક નીવડ્યું નથી. મચ્છર મરી ગયું.

### હાલોલ અને જાંબુઘોડા તાલુકામાં એફ.ડી.આર. યોજના હેઠળનાં કામો

***૧૯૮૮૮ શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) પંચમહાલ જિલ્લામાં હાલોલ તેમજ જાંબુઘોડા તાલુકાઓમાં પંચાયતના રસ્તાઓ પર તા. ૩૧-૧૨-૨૦૦૬ ની પરિસ્થિતિએ કેટલા રસ્તાઓ અને સ્ટ્રક્ચરો એફ.ડી.આર. યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) આ મંજૂર થયેલા રસ્તાઓ તેમજ સ્ટ્રક્ચરો પૈકી કેટલાં કામો પૂર્ણ થયાં, કેટલા પ્રગતિમાં છે અને કેટલાં શરૂ કરવાનાં બાકી છે અને

(૩) આ પૂરાં નહિ થયેલાં કામો કયાં સુધી પૂર્ણ કરવા માંગો છો?

**માર્ગ મકાન મંત્રીશ્રી :**

(૧) એફ.ડી.આર. યોજના હેઠળ કુલ સ્ટ્રક્ચરનાં ૧૪ કામો મંજૂર કરવામાં આવેલ છે અને રસ્તાનું કોઈ કામ મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) આ મંજૂર કરેલ કામો પૈકી સ્ટ્રક્ચરનાં ૨ કામ પૂર્ણ થયેલ છે. ૪ કામ પ્રગતિ હેઠળ છે અને ૮ કામ શરૂ કરવાનાં બાકી છે.

(૩) ટેન્ડર પ્રક્રિયા તથા વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે જેમ બને તેમ ઝડપી.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું કે છેલ્લા ૫૦ વર્ષમાં મારા મત વિસ્તારમાં આટલા બધા સ્ટ્રક્ચર કયારેય પણ સરકારોએ મંજૂર નથી કર્યા. એટલાં બધાં સ્ટ્રક્ચરનાં કામ મારા મત વિસ્તારનાં કામ સરકારે મંજૂર કર્યાં, એટલે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ એફ.ડી.આર. માં રસ્તાનાં કોઈ કામની તા. ૩૧-૧૨ પછી મંજૂરી આપવામાં આવી છે કે કેમ અને બીજું કે મારા મત વિસ્તારમાં એફ.ડી.આર. નાં કામ મંજૂર કર્યાં અને એનો વર્કઓર્ડર જે તે એજન્સીને આપ્યો છે, એ એજન્સી પાસેથી સમય-મર્યાદામાં આ કામ પૂર્ણ કરાવવા માગો છો કે કેમ? કયાં સુધી આ કામ પૂર્ણ કરવામાં આવશે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : હાલોલ અને જાંબુઘોડા તાલુકામાં જુદા જુદા સ્ટ્રક્ચર માટે એફ.ડી.આર. માં જોબ નંબર આપ્યા છે. ૧૪ કામના કુલ સ્ટ્રક્ચરનાં જોબનંબર આપ્યાં છે. એમાં ૨૦૦૫-૦૬ માં ૬, ૨૦૦૬-૦૭ માં ૮ એમ કુલ ૧૪ એ બધા હાલોલ તાલુકામાં આપ્યા છે. જવાબ આપ્યા પછી જે કામ ચાલુ છે, કારણ કે માનનીય સભ્યશ્રીએ તા. ૩૧-૧૨-૨૦૦૬ ની સ્થિતિએ પ્રશ્ન પૂછ્યો હતો, તે પછી અત્યારે ૪ કામો પૂર્ણ થઈ ગયાં છે. ૭ કામ પ્રગતિમાં છે અને ૩ કામો શરૂ થયાં નથી. ૩ કામો શરૂ થયા નથી એ હમણાની જ અપાયેલી મંજૂરી હોવાથી એની પ્રક્રિયા ચાલી રહી છે.અને જે એમને પ્રશ્ન કર્યો છે કે બધા કામો સમય મર્યાદામાં પૂર્ણ થાય તે પ્રકારની તેમની લાગણી છે. આ પ્રકારના જે ફલડના કામો ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ માં જે સમગ્ર ગુજરાતમાં હાથ ધર્યા તેમાં બધા કામો સમય મર્યાદામાં પૂર્ણ થાય અને બીજા ચોમાસામાં કોઈ તકલીફ ન પડે તે માટેની કાળજી લેવામાં આવી છે. પરંતુ એક કામમાં ડેમમાં પાણી હોવાથી એક સ્લેબનું કામ હમણાં હાથ ધરી શક્યા છીએ. બાકીના બધા જ કામો સમયસર પૂર્ણ કરવાનો પ્રયત્ન છે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે કામો સોંપવામાં આવ્યા છે તેમાં કોઈ એજન્સી કામ છોડીને જતી રહી છે ખરી અને જતી રહી હોય તો તેની સામે શું કાર્યવાહી કરવાની યોજના છે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ એજન્સી કામ છોડીને જતી રહી નથી.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પંચમહાલ જિલ્લામાં એફ.ડી.આર. હેઠળ જે સ્ટ્રકચરો હાલોલ અને જાંબુઘોડા તાલુકામાં આપવામાં આવ્યા છે તો બીજા તાલુકાઓમાં આવા રસ્તાઓ આપવા માગો છો કે કેમ?

**અધ્યક્ષશ્રી** : આમાં નહીં આવે. જવાબ આપવાની જરૂર નથી.

**ચોટીલા અને સાયલા તાલુકામાં ડામર સપાટીવાળા રસ્તા**

***૧૯૪૪૭ શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકાના ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલા અને કયા કયા ગામો ડામરની સપાટીવાળા રસ્તા વિનાના છે,

(૨) ડામર સપાટીવાળા પાકા રસ્તાઓ ન કરવાના કારણો કયા છે, અને

(૩) સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા.૩૧-૧-૦૭ સુધીમાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :-**

(૧)

| | તાલુકો | ગામની સંખ્યા |
|---|---|---|
| ૧. | ચોટીલા | ૨૮ |
| ૨. | સાયલા | ૧૦ |
| | કુલ : | ૩૮ ગામો |

(ગામોની યાદી પરિશિષ્ટ-૧ મુજબ)

(૨) રાજયમાં વસ્તીના ધોરણે અગ્રતાક્રમ મુજબ તબક્કાવાર નાણાંકીય ઉપલબ્ધતા મુજબ ડામરની સપાટીથી જોડવામાં આવે છે.

(૩) કામવાર કે તાલુકાવાર ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવતી નથી.

**પરિશિષ્ટ-૧**

| **ક્રમ** | **તાલુકો** | **ગામનું નામ** |
|---|---|---|
| ૧ | ચોટીલા | અભેપર |
| ૨ | ચોટીલા | આણંદપુર (થાન) |
| **ક્રમ** | **તાલુકો** | **ગામનું નામ** |
| **ક્રમ** | **તાલુકો** | **ગામનું નામ** |
| ૩ | ચોટીલા | આંકડીયા |
| ૪ | ચોટીલા | ચાણપા |
| ૫ | ચોટીલા | દેવળીયા |
| ૬ | ચોટીલા | દેવપરા |
| ૭ | ચોટીલા | દેવપરા (આણંદપુર) |
| ૮ | ચોટીલા | દૂધેલી |
| ૯ | ચોટીલા | ગુગલીયાણા |
| ૧૦ | ચોટીલા | ગુંદાળા |
| ૧૧ | ચોટીલા | હબિયાસર |
| ૧૨ | ચોટીલા | વીરાણા |
| ૧૩ | ચોટીલા | જશાપર |
| ૧૪ | ચોટીલા | કંથારીયા |
| ૧૫ | ચોટીલા | લોમાકોટડી |
| ૧૬ | ચોટીલા | નાળિયેરી |
| ૧૭ | ચોટીલા | નાનીયાણી |
| ૧૮ | ચોટીલા | પરબડી |
| ૧૯ | ચોટીલા | રામપરા (રાજાવાડ) |
| ૨૦ | ચોટીલા | રામપરા (રાજપરા) |
| ૨૧ | ચોટીલા | રાવરાણી |
| ૨૨ | ચોટીલા | સખપર |
| ૨૩ | ચોટીલા | સાલખડા |
| ૨૪ | ચોટીલા | શેખલીયા |
| ૨૫ | ચોટીલા | તાજપર |
| ૨૬ | ચોટીલા | ત્રંબોડા |
| ૨૭ | ચોટીલા | વાવડી |
| ૨૮ | ચોટીલા | રૂપાવડી (રાજાવાડ) |
| ૨૯ | સાયલા | અડાળા |
| ૩૦ | સાયલા | કંસાળા |
| ૩૧ | સાયલા | કેસરપર |
| ૩૨ | સાયલા | મદારગઢ |
| ૩૩ | સાયલા | નાના સખપર |
| ૩૪ | સાયલા | નથુપુરા |
| **ક્રમ** | **તાલુકો** | **ગામનું નામ** |
| ૩૫ | સાયલા | નવા જશાપર |
| ૩૬ | સાયલા | શેખડોદ |
| ૩૭ | સાયલા | સોનપરી |
| ૩૮ | સાયલા | સુરીભડા |
| | એકંદરે કુલ: | ૩૮ |

**શ્રી પોપટભાઈ સ. જીંજરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ચોટીલા તાલુકાના ૨૮ અને સાયલા તાલુકાના ૧૦ એમ કુલ ૩૮ ગામો રસ્તાથી વંચિત ગામો છે. ચોટીલા અને સાયલા તાલુકા ઘણા મોટા વિશાળ છે અને છેવાડાના ગામડાઓ છે. તો આ જે ૩૮ ગામો છે તેને વહેલામાં વહેલી તકે ડામર સપાટીથી જોડી દેવા માગો છો કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે કહ્યું તે ૩૮ ગામો રસ્તાથી વંચિત ગામો નથી. ૨૮ ગામો ચોટીલાના અને સાયલા તાલુકાના ૧૦ ગામો રહેલા છે તે ૩૮ ગામોમાંથી ૩૭ ગામો મેટલ સપાટીથી રસ્તા ધરાવે છે અને ભારત સરકારની ગાઈડ લાઈન મુજબ મેટલ સપાટીની પાકા રસ્તામાં ગણતરી થતી હોય છે. આમ છતાં રાજય સરકારે બધા મેટલ સપાટીના રસ્તાઓને ડામર સપાટી તરફ લઈ જવા માટેની કાર્યવાહી હાથ ધરેલ છે. એક રસ્તો જે કાચો છે તે કાચો રસ્તો જે રૂપાવડી થી રાજાવાડ ગામનો છે તે માટીવાળો જે રસ્તો રહેલો છે તેને મેટલ કરીને ડામર સપાટીનો કરવા માટે જોબ નંબર આપવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં ગત વિધાનસભામાં જાહેર કર્યુ હતું કે એક હજારથી ઉપરની વસ્તીવાળા તમામ ગામડાઓને ડામર

રોડથી જોડવા માટેનો પ્રયત્ન કરવામાં આવશે. આ જે ૩૮ ગામો છે તે બધા સાહેબ ૧૦૦૦ થી નીચેની વસ્તી ધરાવે છે. સભ્યશ્રીની લાગણી ચોક્કસપણે હોઈ શકે કે બધા રસ્તા ડામર સપાટીના થાય. છેલ્લા ચાર વર્ષમાં એટલે કે આ ટર્મમાં ૧૬ રસ્તા એવા હતા જેની મેટલ સપાટીમાંથી ડામરની સપાટી કરવામાં આવી છે. ધારાસભ્યશ્રીના એકલાના મત વિસ્તારમાં છેલ્લા ચાર વર્ષમાં ૪૫૯૧ લાખના રસ્તાઓના કામ હાથ ધર્યા છે.

**શ્રી જયંતિલાલ ર૧. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ દેશમાં વડાપ્રધાન અટલબિહારી બાજપાઈજી હતા તે વખતે સમગ્ર દેશની અંદર પી.એમ.જી.એસ.વાય. નામની યોજના દાખલ કરી હતી. હજારો નહીં લાખો ગામડાઓને પાકા રસ્તાથી જોડવામાં આવ્યા છે. તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ તાલુકાના ૩૮ ગામો છે તે ગામો આ યોજનામાં વસ્તીના નોર્મ્સ મુજબ આવે છે કે કેમ ? પાછળથી તેમાં વસ્તીના નોર્મ્સમાં સુધારો થયો છે તો આ સુધારા મુજબ આ ગામોને પી.એમ.જી.એસ.વાય. યોજનામાં દાખલ કરી આ ગામોને સમાવવા માગો છો કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અનેક વખત કહ્યું છે અને કેન્દ્ર સરકારને લખ્યું છે કે પીએમજીએસવાયમાં ગુજરાતને જે પ્રકારે અન્યાય થઈ રહ્યો છે, પીએમજીએસવાયમાં મેટલ સપાટીમાંથી ડામર સપાટીવાળા કરવા માટેની યોજના હાથ ધરાતી નથી આમ છતાં પીએમજીએસવાયમાં અને બાકીનાં કામમાં આપણે રાજય લેવલે એક હજારથી ઉપરના રસ્તાઓને પાકા કરવા માટે કાર્યવાહી કરી, અને માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી છે એ પ્રમાણે ભારત સરકારની ગાઈડલાઈન મુજબ જ્યાં મેટલ રસ્તો હોય એ પાકો રસ્તો ગણતો હોય છે આમ છતાં આ વર્ષના બજેટમાં આપણે એ પ્રકારનું આયોજન કર્યુ છે કે જ્યાં આ પ્રકારના કાચા મેટલવાળા રસ્તા રહેલા છે એ મેટલ સપાટીમાંથી ડામર સપાટી કરવા માટે ૨૦૦૭-૦૮ના વર્ષમાં આયોજન હાથ પર લીધેલું છે.

### ગાંધીનગરમાં સરકારી મકાનો ખાલી હોવા બાબત

***૧૯૮૧૦ શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ગાંધીનગરમાં કેટલાં સરકારી મકાનો ખાલી છે,
(૨) આ મકાનોની સારસંભાળ પાછળ વાર્ષિક કેટલો ખર્ચ થાય છે, અને
(૩) સરકારી મકાનો વેચાણથી / હરાજીથી આપવા સરકાર વિચારે છે કે કેમ?

**પાટનગર યોજના મંત્રીશ્રી:**

(૧) ૨૨૫૩.
(૨) ગાંધીનગરમાં રહેણાંકના તમામ મકાનો પાછળ વર્ષ ૨૦૦૫-૦૬માં રૂ. ૧૧૭૨.૯૬ લાખનો ખર્ચ અને વર્ષ ૨૦૦૬-૦૭માં જાન્યુઆરી અંતિતમાં રૂ. ૭૨૧.૮૮ લાખનો ખર્ચ સારસંભાળ પાછળ થયેલ છે. ખાલી મકાનોનો અલગથી મરામતનો ખર્ચ કરવામાં આવતો નથી.
(૩) વધારાના ખાલી રહેણાંકના મકાનોનો નિકાલ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પહેલા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે ૨૨૫૩ મકાનો ખાલી છે અને મારો ત્રીજો પ્રશ્ન એ હતો કે સરકારી મકાનો વેચાણથી/ હરાજીથી આપવા સરકાર વિચારે છે કે કેમ? તો જવાબમાં જણાવ્યું છે કે, વધારાના ખાલી રહેણાંકના મકાનોનો નિકાલ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું એ પૂછવા માગું છું કે, ગાંધીનગરમાં સરકારી ખાલી મકાનો કર્મચારીઓને આપવા માટે કોઈ કમિટીની નિમણૂક કરવામાં આવી હતી કે કેમ? અને જો હા તો એ કમિટીની કેટલી મીટિંગો મળી અને એ કમિટીએ પ્રાથમિક અહેવાલ શું આપ્યો છે, અને જે ખર્ચ અહીંયાં પ્રશ્ન બેના જવાબમાં ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭નો ખર્ચ જણાવવામાં આવ્યો છે પણ હું એ જાણવા માગું છું કે આ જ્યારથી થયાં ત્યારથી આ મકાનો પાછળ કેટલો મહેકમ ખર્ચ થયો ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે કે, તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ગાંધીનગરમાં કેટલાં સરકારી મકાનો ખાલી છે અને આ મકાનોની સારસંભાળ પાછળ વાર્ષિક કેટલો ખર્ચ થાય છે, તો માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે એવો સવાલ જ્યારે પૂછે ત્યારે આપણે છેલ્લા એક બે વર્ષનો ખર્ચ લેતા હોઈએ છીએ. જેના કારણે અંદાજે એનો ખ્યાલ આવે, અને આજે ગાંધીનગરમાં ૨૨૫૩ સરકારી મકાનો ખાલી છે. કુલ ૧૬૫૭૨ આ પ્રકારના મકાનો ગાંધીનગરમાં આવેલાં છે અને એ ૧૬૫૭૨માંથી ૧૪૩૧૯ મકાનો ફાળવી દીધેલાં છે અને ૨૨૫૩ મકાનો ખાલી છે. બીજું, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું એ મુજબ ખર્ચ છે એ અલગ અલગ પ્રકારનો ખર્ચ છે એક તો ડે ટુ ડેનું કોઈ નાનું મોટું કામ હોય છે એનો હોય છે, મજૂરો જે કામ કરતા હોય છે એનો હોય છે અને ખાસ મરામત કંઈ કરવાની હોય તો એનો હોય છે, કોઈ ઈન્ડીવીઝીયુઅલ ખર્ચની કાર્યવાહી થતી હોય તો નહીં પણ સામૂહિક રીતે વર્ષવાઈઝ આ પ્રકારના ગાંધીનગરના મકાનો પાછળની કાર્યવાહી થતી હોય છે, અને આ સરકારે જે ખાલી મકાનો છે એ ખાલી મકાનો જે પ્રકારે કર્મચારીઓના ગ્રેડેશનમાં સુધારો આવ્યો અને બાકીની સ્થિતિ ઊભી થઈ અને જે પ્રકારની કેટેગરી નક્કી થયેલી હતી એ કેટેગરીના કારણે કેટલાક

આવાસો અત્યારે થોડાક સમયથી ખાલી રહેલા છે એ ખાલી રહેતા આવાસોના નિકાલ માટે એક સમિતિની રચના કરવામાં આવી છે, આ સમિતિમાં જે પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે એ સમિતિમાં રાજય સરકારે જે નિર્ણય કર્યો એમાં અધિક મુખ્ય સચિવ, નાણાં એના ચેરમેન છે અને એમની અધ્યક્ષતામાં આ સમિતિ રચવામાં આવી છે અને એ સમિતિમાં પાંચ સભ્યો રહેલા છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રકારે પૂછયું એ મુજબ આ સમિતિની મીટિંગો તા. ૧૧-૨-૦૩, ૩-૮-૦૬, ૧૮-૮-૦૬, ૨૮-૮-૦૬, ૨૭-૧૦-૦૬, ૧-૩-૦૭ના રોજ જુદા જુદા સમયે મળેલી છે, આ સમિતિએ  જુદા જુદા મકાનોનો કયા પ્રકારે નિકાલ કરવો જોઈએ, સરકારી કર્મચારીઓને જોઈતા હોય તો આપવા જોઈએ, પાડી દેવા જોઈએ જો જરૂરી યોગ્ય સક્ષમતા ન હોય તો, અથવા એની જાહેર હરાજી કરી કયા પ્રકારે નિકાલ કરવો જોઈએ એવા જુદા જુદા મુદ્દાઓ ધ્યાને લઈને  આની વિચારણા કરવામાં આવી અને એ વિચારણાના અંતમાં જ્યારે હવે ફાઈનલ થવાના અંતિમ તબક્કામાં છે ત્યારે એ સમિતિ જે કોઈ નિર્ણય આપશે એ નિર્ણયના આધારે  આગળની કાર્યવાહી કરવા માટે રાજય સરકારની વિચારણા હેઠળ છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ નં. ૨માં જણાવ્યું છે કે, ૨૦૦૫-૨૦૦૬માં ૧૧૭૨.૯૬ લાખનો અને ૭૨૧.૮૮ લાખનો ખર્ચ સારસંભાળ પાછળ થયેલ છે. એટલે લગભગ ૧૯ કરોડ રૂપિયા જેવો ખર્ચ મેન્ટેનન્સ માટે થયો છે ત્યારે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સરકારી કર્મચારીઓને, ભલે વર્ગ-૪ થી માંડીને કોઈ પણ વર્ગના કર્મચારીઓની માગણી આવી હોય તો એમને પહેલા વેચાણથી આપવા માગે છો કે કેમ? અને આ આપવા પાત્ર ન થતા હોય તો એમાં કોઈ પણ રીતે કેમ કે જેમાં આપણી આટલી મોટી  કિંમત લાગી છે અને જેમા આટલો મોટો સાર-સંભાળનો ખર્ચ કરવો પડે છે તો એનો વહેલી તકે કયાં સુધીમાં, આ ડૅડ ઈન્વેસ્ટમેન્ટ વેસ્ટ થઈ રહ્યું છે અને એને કારણે બહુ મોટો બોજો પડે છે તો એનો નિકાલ કયાં સુધીમાં કરવા માગો છો?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ ૧૬૫૭૨ આવાસો છે. આપણા ઘરમાં પણ આપણે ૧૨ મહિને કોઈને કોઈ પરચૂરણ કામ કરાવતા હોઈએ છીએ. આ સ્થિતિમાં વાઈટ વોશ કરવાનો હોય, કોઈ નળ બદલવાનો હોય અને બાકીની બીજી સ્થિતિમાં ખર્ચ કરવો પડતો હોય છે. આમ ૨૦૦૫-૨૦૦૬ના ખર્ચના આંકડા આપુ તો સરકારે ચાલુ મરામત પાછળ ૧૯૨.૪૦ લાખ વાપર્યા છે. ખાસ મરામત પાછળ ૫૫૪.૨૧ લાખ રૂપિયા વાપર્યા છે. એમાં મજૂરોનો ખર્ચ એ બધું આવે છે. ૧૬ હજાર આવાસોનું મેન્ટેનન્સ કરવું પડતું હોય છે એમાં વિવિધ તબક્કે ૪૨૬.૭૫ લાખ રૂપિયા વાપર્યા છે. એનો અર્થ એ નથી કે આ ખર્ચ બંધ થઈ જવાનો છે ૧૬૫૭૨માંથી ૧૯૦૦ મકાનો એવા છે કે નિકાલ કરવાની પ્રક્રિયામાં ગણવાની સ્થિતિમાં છે. એમાં 'જ-૧' અને 'જ-૨' આ બે પ્રકારના ૧૭૦૬ મકાનો થાય છે એ કર્મચારીઓને ૯-૧૮-૨૭નો લાભ મળ્યો એ મુજબ પગાર ગ્રેડ કર્મચારીઓના વધ્યા એના કારણે આ  પગાર ધોરણ અલગ થવાના કારણે 'જ-૧' અને 'જ-૨' પ્રકારના મકાનો ૧૭૦૦ જેટલા ખાલી રહ્યાં છે. એ સ્થિતિમાં આ મકાનો પાછળ આપણે મોટો ખર્ચ કરતા નથી. એટલા માટે રાજય સરકારે સમિતિની રચના કરી છે એ બધા જ પાસાઓનો વિચાર કરીને આ ખાલી ૧૯૦૦ મકાનોમાંથી  'જ-૧' અને 'જ-૨' પ્રકારના ૧૭૦૦ મકાનો છે એનો કયા પ્રકારે નિકાલ કરવો જોઈએ એનો સર્વગ્રાહી વિચાર કરીને એનો નિર્ણય કરીને વહેલી તકે એનો નિકાલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**શ્રી કનુભાઈ મે. ભલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૨૫૩ મકાનો ખાલી છે એ કયા હેતુ માટે બાંધવામાં આવ્યા છે, અને મકાનો ખાલી રહેવાના કારણો શું છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા**: માનનીય અધ્યક્ષશ્રી, આ બધા જ સરકારી કર્મચારીઓ વર્ગ-૪ થી લઈને વર્ગ-૧ અને મુખ્ય સચિવશ્રી, સચિવશ્રી અને બાકીના બધા જ પદાધિકારીઓ, કર્મચારીઓ-અધિકારીઓ માટે બાંધવામાં આવ્યા હતા. ખાલી રહેવાના મૂળ કારણો ૧૭૦૦ જેટલા 'જ-૧' 'જ-૨' ની સંખ્યામાં ખાલી છે. બાકીના મકાનોમાં ઓલરેડી વેઈટિંગ લિસ્ટ ચાલી રહ્યું છે.

## નવા રચાયેલ તાલુકામાં સામૂહિક આરોગ્ય કેંદ્રો

***૧૯૬૫૩ શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ નવા રચાયેલા તાલુકાઓમાં સામૂહિક આરોગ્ય કેંદ્રો કેટલા ખોલવાના બાકી રહેલ છે, અને

(૨) કયા કયા તાલુકા મથકે, ક્યારે ખોલવામાં આવશે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી:**

(૧) ૬ (છ) તાલુકાઓમાં

(૨) વસતિના ધોરણે જે તાલુકામાં સામૂહિક આરોગ્ય કેંદ્ર મળવાપાત્ર હશે ત્યાં સર્વગ્રાહી વિચારણા સમયે ફાળવવામાં આવશે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સામૂહિક આરોગ્ય કેંદ્રો ૬ તાલુકામાં ખોલવાના બાકી છે એ કયા કયા તાલુકામાં ખોલવાના બાકી છે, અને સી.એચ.સી.,

પી.એચ.સી. અને આરોગ્ય કેંદ્રો ખોલવા માટે વસતિનું હાલમાં સરકારશ્રીનું ધોરણ શું છે? બીજુ ત્રણ નવા સી.એચ.સી. દવાખાના ખોલ્યા છે અને ચાલે છે તેમાં આ આગામી બજેટમાં નવા મકાનો બનાવવા માટેની જોગવાઈ કેટલી કરી છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એમનો પ્રશ્ન છે એમાં જે આપણે ત્યાં સામૂહિક આરોગ્ય કેંદ્રો છે એ રાજય માટે ભારત સરકારના નોમ્સ છે એ નોમ્સ પ્રમાણે, નોમ્સ એ છે કે, ૮૦ હજારથી ૧.૨૦ લાખની વસતિ મુજબ એક મળે, એ પ્રમાણે ૨૭૧ આપણને મળવા પાત્ર છે. જ્યારે ૨૭૪ આપણી પાસે ઓલરેડી છે. હવે ભારત સરકારના નોમ્સ પ્રમાણે આપણે આરોગ્ય કેંદ્રો નક્કી કરવાના હોય તો એના કરતા વધારે થઈ ગયા છે. પરંતુ ચાલુ વર્ષે હવે ભારત સરકારના નોમ્સ અને જે તાલુકા ખાલી છે એ તાલુકા ખાલી છે એનો અંતરિયાળ વિસ્તાર કયો છે એ બધો ખ્યાલ રાખીને બીજા ૬ નવા સામૂહિક કેંદ્રો વધારવાનો ચાલુ બજેટમાં વિચાર કરી રહ્યા છીએ.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, જો રાજય સરકારની વસતિનું ધોરણ હોય નહીં તો સંખ્યા જે સી.એચ.સી. દવાખાનામાં ચાલુ બજેટમાં નવા બિલ્ડીંગો વગરના સી.એચ.સી. બનાવી દીધા છે. બિલ્ડીંગ પી.એચ.સી.ના છે અને પી.એચ.સી.તરીકે જ કામ કરે છે. સુત્રાપાડા તાલુકામાં એવું બન્યું છે. તો આવી બજેટમાં જોગવાઈ કરી છે અને રાજય સરકારની કોઈ વસતિનું ધોરણ છે કે કેમ ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના ધોરણો પ્રમાણે આપણે બાંધવાના હોય અને તેના કરતાં આપણે ખૂબ આગળ છીએ અને હજુ આગળ રહેવા માગીએ છીએ.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા સવાલના જવાબમાં જણાવ્યું છે કે છ તાલુકાઓમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખોલવાના બાકી છે પછી બીજા સવાલના જવાબમાં જણાવ્યું છે કે, વસતિના ધોરણે જે તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર હશે ત્યાં સર્વગ્રાહી વિચારણા સમયે ફાળવવામાં આવશે. તો છ તાલુકાઓ પૈકી વસતિના ધોરણે કયા તાલુકાઓને સામૂહિક આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર છે અને જે તાલુકાઓને મળવાપાત્ર છે તેનો ચાલુ વર્ષના બજેટમાં સમાવેશ કરીને પૂર્ણ કરવા માગીએ છીએ કે કેમ ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં કહ્યું તેમ ચાલુ વર્ષના બજેટની અંદર બીજા છ સામૂહિક આરોગ્ય કેન્દ્રો અમે લેવા માગીએ છીએ અને તેમાં રહી ગયેલાં તાલુકા છે તે અંતરિયાળ વિસ્તાર અને ધારાસભ્યોની માગણી અને એક લાખની વસતિના ધોરણો જે કહ્યાં છે તેના કરતાં તો આપણે પૂર્ણ કરી દીધાં છે તેમ છતાં માગણીઓ છે તો એ માગણીઓને ધ્યાનમાં રાખીને આપણે નવા છને લેવાનું ચાલુ વર્ષમાં નક્કી કર્યુ છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, છ તાલુકાઓમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખોલવાના છે તો વસતિના ધોરણે કયા તાલુકાઓમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો મળવાપાત્ર છે તે ચાલુ વર્ષના બજેટમાં સમાવવા માગીએ છીએ કે કેમ ? આ છ તાલુકાઓ પૈકીમાં ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે અમે જોયું તો સાબરકાંઠામાં વડાલી મળવાપાત્ર છે. બનાસકાંઠામાં પાંઠવાડાનો વિચાર કરી શકાય. કવાંઠનો વિચાર કરી શકાય. અમદાવાદ જિલ્લામાં બરવાળા અને પંચમહાલ જિલ્લામાં ખાનપૂરનો આમ છનો વિચાર કરવાપાત્ર છે. હજુ વિચાર હેઠળ છે એટલે ભારત સરકારના નોર્મ્સ સાથે વિચારી આખરી વિચારણા કરવામાં આવશે.

## સિકલસેલના દર્દીઓ વધુ હોવા બાબત

***૨૦૫૩૦ શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સિકલસેલના રોગના દર્દીઓ સૌથી વધુ રાજયમાં છે જે વાત સાચી છે, અને

(૨) જો હા, તો સરકાર કોઈ વિશેષ આયોજન આ દર્દીઓ માટે કરવા માગે છે કે કેમ ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) ના જી.

(૨) સિકલ સેલ રોગને અટકાવવા માટે રાજય સરકાર દ્વારા નીચે મુજબનાં પગલાં લેવામાં આવેલ છે.

* દક્ષિણ ગુજરાતના પંચમહાલ, દાહોદ, ગોધરા, ભરૂચ, નર્મદા, સુરત, નવસારી, વલસાડ, તથા ડાંગ જિલ્લાઓમાં વસતાં આદિવાસીઓમાં વધતે ઓછે અંશે આ રોગ જોવા મળે છે.

* ૧૩.૫ ટકા વ્યકિતઓ સિકલ સેલ વાહક તથા ૧.૫ ટકા વ્યકિત સિકલસેલ ડિસીઝ એટલે કે રોગ ધરાવે છે.

* હાલમાં ૭૮ કેન્દ્રો ઉપર સિકલસેલ એનિમિયા અંગે નિદાન સારવાર તથા પરામર્શની પ્રાથમિક સુવિધા છે.

* મહાવિદ્યાલય સુરત તેમજ વલસાડ રકતદાન કેન્દ્ર વલસાડ ખાતે હિમોગ્લોબિન વેરીયન્ટ નામના મશીન દ્વારા હિમોગ્લોબિનને લગતા જુદા જુદા રોગોના નિદાન અંગેની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવે છે. જેની કિંમત આશરે ૨૨ લાખ જેટલી થાય છે.

* લગ્ન પહેલાં પરામર્શ દ્વારા બે સિકલસેલ ધરાવતી વ્યકિતઓ લગ્ન ન કરે તે માટેના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.

* દ્વિતિય સ્તરની તપાસ જેને એચ.બી.ઈલેકટ્રોફોરેસીસ કહેવામાં આવે છે તેની સુવિધા માટે ૨૧ કેન્દ્ર કાર્યરત બનાવ્યા છે. તથા બ્લડ સેલ કાઉન્ટર મશીન છ કેન્દ્રો ઉપર ઉપલબ્ધ કર્યા છે.

* ૩૩૫ સિકલસેલના રોગના દર્દીઓ શોધી સારવાર આપવામાં આવેલ છે.

* શાળા આરોગ્ય કાર્યક્રમ દરમિયાન વિવિધ શાળનાં ૧૦૦૨૧ વિદ્યાર્થીઓની તપાસ કરવામાં આવી જેમાંથી ૧૨.૭ ટકા વિદ્યાર્થીઓની સિકલ પૉઝિટીવ જણાયા. તે પૈકી ૧૧.૯૩ ટકા વિદ્યાર્થીઓ સિકલ વાહક જણાયા અને તે પૈકી ૦.૭૫ ટકા વિદ્યાર્થી સિકલ ડિસીઝ માલૂમ પડ્યા. આ દરેક વિદ્યાર્થીઓને બ્લડ ગ્રુપ અને સિકલસેલની ઓળખ સાથેનાં કલર કોટેડ લેમીનેટેડ કાર્ડ આપવામાં આવ્યા.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, સિકલસેલ એનિમિયા આ ખૂબ જ ગંભીર પ્રકારનો રોગ છે અને ખાસ કરીને ગુજરાતની પૂર્વ પટ્ટીની અંદર આ આદિવાસી સમાજની અંદર થતો રોગ છે ત્યારે મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ગરીબ આદિવાસી લોકો આ રોગ થકી ખૂબ જ પીડાય છે. તે પછી તેમનું મૃત્યુ થાય છે ત્યારે છેલ્લાં બે વર્ષમાં સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે એક ? અને બીજો પ્રશ્ન મારો એ છે કે, સુરત તેમજ વલસાડ રક્તદાન કેન્દ્ર વલસાડ ખાતે હિમોગ્લોબિન વેરીયન્ટ નામના મશીન દ્વારા ડોકટર એઝદી ઈટાલીયાના નેતૃત્વમાં સન ૧૯૮૪ થી આજસુધી ૧ લાખ ૭૫ હજાર દર્દીઓનું સિકલસેલ પરીક્ષણ થયું તેમાં દાંતાથી લઈ ડાંગ, ધરમપુર સુધી સો આદિવાસી વ્યકિતઓએ ૩૪ માણસો સિકલ વાહક જણાયા. તેવા સમયે ખરેખર આદિવાસીઓની અંદર એક ગભરાટનો માહોલ ઉભો થયો છે ત્યારે આ સરકાર દ્વારા સ્પેશીફીક કોઈ વિશેષ આયોજન કરવા માગે છે કે કેમ ?

**શ્રી અશોક ભટ્ટ**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી લક્ષ્મણભાઈનો હું ખૂબ આભારી છું કે એમણે આ પ્રશ્ન પૂછયો. આ પ્રશ્ન એમણે પૂછયો તે પહેલા જ આ સભાગૃહની અંદર આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ વનબંધુ કલ્યાણ યોજનાની જાહેરાત કરી અને રાજયમાં પહેલીવાર એક દસ મુદ્દાનો કાર્યક્રમ વનબંધુઓ માટે, વનવાસીઓ માટે, આદિવાસીઓ માટે જાહેર કર્યો. માનનીય લક્ષ્મણભાઈએ જે પ્રશ્ન પૂછયો છે. એ વાત સાચી છે કે રાજયમાં સુરત જિલ્લામાં ગામીત જે છે, એ લોકોમાં ૩૧ ટકા, કોળીમાં ૪.૪ ટકા, (અંતરાય) માનનીય દોલતભાઈને હું વિનંતી કરું છું કે આ પ્રશ્નમાં અનુસૂચિત જનજાતિના કલ્યાણ માટેની વાત છે. આપ અનુસૂચિત જાતિના છો. આપે પણ વંચિતો માટેનો વિચાર કરવો જોઈએ. જે વાત લક્ષ્મણભાઈએ કહી છે, એને હું આવકારીને એની વિગતો આપવા માગું છું. કારણ કે એમણે બહુ સરસ પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. (સતત અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, સમયની મર્યાદામાં રહીને જ હું જવાબ આપીશ. (અંતરાય) ટેબલાઈઝ કરવા જેવું નથી. કારણ કે આ આદિવાસીઓનો ગંભીર પ્રશ્ન છે. હું ઝડપથી કહીશ. સોનગઢમાં ૨૮.૧, ભરૂચમાં ૨૦ ટકા, હાલોલમાં ૨૨ ટકા, રાઠવા કોમમાં ૨૮ ટકા, વસાવામાં ૨૭ ટકા, નાયકામાં ૩૧ ટકા, તડવીમાં ૨૬ ટકા, બિયોલમાં ૨૯ ટકા, ૨૬ ટકા, નીઝરમાં ૨૮.૧ ટકા, વલસાડમાં ૩૩ ટકા અને વલસાડમાં ધોળીયાની અંદર કુકનામાં ૩૩ ટકા. એક લાખ. એમણે બીજી જે વાત કરી, એમાં ૮૬થી ૯૫ સુધી અને આગલા વર્ષ સુધી મેં જોયું તો ૮૫ થી ૯૫ સુધીમાં કેટલો ખર્ચ થયો આદિવાસીઓના આ રોગના નિવારણ માટે. તો એકપણ રૂપિયાનો ખર્ચ થયો નથી. આ રાજયની અંદર મુખ્યમંત્રી પદે શ્રી અમરસિંહભાઈ જેવા આદિવાસી હતા. અને બક્ષી પંચનું કામ કરનારા અને ગરીબોની વાત કહેવડાવનારા માધવસિંહભાઈ પણ બક્ષીપંચના હતા, ત્યારે આદિવાસીઓના આ એક ભયાનક રોગની જે લક્ષ્મણભાઈએ વાત કરી છે, એના માટે પ્રયત્નો થયા ન હતા. (અંતરાય) આ સિકલસેલના રોગનો પ્રશ્ન છે, ચીકનગુનીયાનો પ્રશ્ન નથી. મારે કયાં મદદ કરવી સાહેબ? સભાગૃહની અંદર સેઈફ ડિપોઝીટ વોલ્ટ રાખવામાં આવતું નથી કે મગજ એમાં મૂકીને આવે. આ લક્ષ્મણભાઈનો ખૂબ જ ગંભીર પ્રશ્ન છે અને એને હું ખૂબ જ ગંભીરતાપુર્વક લઉં છું.

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીઓ, પ્લીઝ. સભ્યશ્રીઓ બરાબર ધ્યાન રાખીને પૂછવા જેવા પ્રશ્ન પૂછે. અને પ્રશ્ન પૂછવામાં આવશે તો મંત્રીશ્રીઓ જવાબ આપશે, તો એમાં આપણે ડિસ્ટર્બ ના કરીએ. લક્ષ્મણભાઈને કીધું કે પ્રશ્ન ઉપર આવો, પ્લીઝ. પણ ના આવ્યા. આપણે ગમે તે રીતે પ્રશ્ન પૂછીએ અને જવાબ સાંભળવો ન હોય તે ના ચાલે.

**શ્રી અશોક ભટ્ટ**: માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે હજારો વર્ષ પછી શબરીનું એ ઋણ ચૂકવવા માગે છે અને શબરીપુત્રોનો જે રોગ છે એ રોગની નાબૂદી માટે (અંતરાય) માનનીય વિરોધ પક્ષના નેતા કહે છે કે ખાડિયામાં મંદિર બનાવો, તો ખાડિયામાં આવવા માટે જીગર જોઈએ અને ખાડિયામાં જન્મવા માટે ક્રાંતિકારી માતાના પુત્ર બનવું પડે. ત્યારે ખાડિયામાં જન્મ મળે છે. (અંતરાય) મારા ઉપર કેસ થયો હતો, એનો મને ગર્વ છે, પણ તમારા ઉપર જે પ્રકારના આરોપો થાય છે, એવા મારા ઉપર નથી થયા. માનનીય અધ્યક્ષશ્રી, મને દુ:ખ તો એ વાતનું છે, ખૂબ જ દુ:ખ એ વાતનું છે કે માનનીય લક્ષ્મણભાઈ જેવા આદિવાસી આ રાજયના આદિવાસીઓમાં ફેલાયેલા સિકલસેલના રોગ માટે, સિકલસેલના દર્દીઓ માટેની વેદના રજૂ કરતા હોય અને વેદનાની વાત કરતા હોય,ત્યારે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી વચ્ચે લંગર નાંખીને મને ઉશ્કેરવાનો પ્રયત્ન કરે એ યોગ્ય નથી. મને

એના આંકડા આપવા દો કે ૧૯૮૫ થી ૧૯૯૫ સુધીમાં એની પાછળ એકપણ રૂપિયાનો ખર્ચ થયો નથી, ૨૦૦૫-૦૬ માં ૯૨.૭૯ લાખ અને ૨૦૦૬-૦૬ માં ૭૫ લાખ રૈપિયાનો ખર્ચ, આ વર્ષના બજેટમાં ગુજરાત પેટર્ન સહિત ૧ કરોડ ૨૮ લાખનો નિર્ધાર અને ૧૫ હજાર કરોડમાંથી પણ ૧૦ મુદ્દાના કાર્યક્રમમાં એના આગળના કાર્યક્રમ કરીને આદિવાસી યુવાન મિત્રોને સિકલસેલથી બચાવવા માટેનો કાર્યક્રમ, શાળા આરોગ્ય કાર્યક્રમ દ્વારા ૧૦ હજારથી વધારે બાળકોના આરોગ્યની તપાસ કરીને સિકલસેલ રોગ બચાવ નીચે એમને આવરી લેવાનો પ્રયાસ, ત્યારે આ પ્રકારનો ભય ફેલાવવાના બદલે આપણે આરાગ્યની તપાસ કરાવી લઈએ અને જે લોકો.....(અંતરાય)

**અધ્યક્ષશ્રી:** પ્રશ્ન ક્રમાંક:૧૧....

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સિકલસેલના રોગ અંગે એક વાત એ કરવી છે કે માનનીય સભ્યશ્રી લક્ષ્મણભાઈએ ખૂબ જ અત્યંત મહત્વનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ સિકલસેલનો રોગ એ જિનેટિક વારસામાં આવતો રોગ છે અને સદીઓથી આપણા આદિવાસી ભાઈઓ એમાં સપડાયેલા છે અને એમાંથી બચવાના જે અનેક માર્ગ છે એમાં એક માર્ગ એ છે કે મેલ અને ફિમેલ બન્ને એના રોગી હોય અને એમના જો લગ્નની વ્યવસ્થા થાય તો એને ફેલાતો રોકી શકાય. આપણી યુનિવર્સિટીઓ અને સ્કૂલોમાં આ સિકલસેલનો આવા છોકરા અને છોકરીઓનો સરવે કરાવીએ છીએ કે જેથી કરીને સિકલસેલવાળા બાળકોના લગ્ન થાય તો આ માર્ગ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી માહિતી આપવાની છે તે એ છે કે લાઈફ સાયન્સ રિસર્ચ થયેલ છે એમાં ટેન્સસ દ્વારા આજકાલ એક નવું વિજ્ઞાન ઘણાબધા ઉપચારો શોધેલા છે. અમેરિકાની એક સંસ્થા સાથે મેં વિસ્તૃત વાતચીત કરી છે અમારા સિકલસેલના રોગીઓની બાબતમાં કે અમારા આ રોગનો કોઈ ઉપાય છે અને અમેરિકાની લાઈફ સાયન્સની રિસર્ચ ઈન્સ્ટીટયુટે ટેન્સસના માધ્યમથી આ સિકલસેલથી મુકત કરવા માટેની દિશામાં આપણી સાથે કામ કરવાની તૈયારી બતાવી છે. આ હું માનું છું કે ટેન્સસમાં રિસર્ચ થશે અને મેં જે વનબંધુના કાર્યક્રમની જાહેરાત કરી છે એમાં મૂળભૂત બાબત આ છે અને આ એક અતિ ભયાનક રોગ છે અને એના ઉંડાણમાં જઈએ તો આ એક અતિ પીડાદાયક રોગ છે. આ ચાર મુદ્દા હું આ સભાગૃહના ધ્યાન ઉપર લાવ્યો છું.(અંતરાય)

### ઓરેટ પ્રોજેકટ હેઠળ મંજૂર થયેલ ભૂજની સિવિલ હોસ્પિટલનું સીટી સ્કેન મશીન

***૨૦૦૯૮ શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ઓરેટ પ્રોજેકટ હેઠળ મંજૂર કરેલ સીટી સ્કેનિંગ મશીન ભૂજની સિવિલ હોસ્પિટલમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં શરૂ કરાયેલ નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો આ સીટી સ્કેન મશીન કયારે શરૂ કરવામાં આવશે.

**આરોગ્ય મંત્રીશ્રી:**

(૧) જી, ના, ગુજરાત હેલ્થ કેર ઓરેટ પ્રાયોજના હેઠળ જનરલ હોસ્પિટલ, ભૂજને ફાળવવામાં આવેલ સીટી સ્કેન મશીન તા. ૨૬-૧-૨૦૦૧ ના રોજ આવેલ વિનાશક ભૂકંપમાં સમગ્ર હોસ્પિટલ ધ્વીંત થતાં સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં સ્થાપિત કરવામાં આવેલ છે જે હાલ કાર્યરત છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્ન ક્રમાંક ૧૧ માં માનનીય મંત્રીશ્રીએ 'છાપ્યા મુજબ' એમ જવાબ આપેલ છે. મારે આપશ્રી મારફતે માનનીય ગૃહનું ધ્યાન દોરવું છે કે કોઈ ગાડી જો આડેપાટે ચઢાવવી હોય અને કોઈના • * (હાથમાં બત્તી પકડાવી દેવી હોય) એના નિષ્ણાત કોઈ હોય, એ બુધ્ધિમત્તાનું સ્થાન ધરાવતા હોય તો એ મારા મિત્રશ્રી અશોકભાઈ છે અને એમને એનો એવોર્ડ મળવો જોઈએ.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એમને મારા જવાબ વિશે કાંઈ કહેવું હોય તો કહે, પરંતુ માનનીય સભ્યશ્રીએ કોઈ ગાડી આડે પાટે ચઢાવવી અને* (કોઈના હાથમાં બત્તી પકડાવી દેવી) આ શબ્દો જે વાપર્યા છે એ શબ્દો એ પહેલાં પાછા ખેંચી લે. મેં તો સીધેસીધો જવાબ આપ્યો છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, આપ આપના એ શબ્દો પાછા ખેંચી લો. (અંતરાય) પ્લીઝ, આપના એ શબ્દો પાછા ખેંચી લો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષી, કોઈ ગાડી આડે પાટે ચઢાવવાની વાત કરી હોય અને આ જવાબમાં એ એટલા માટે ફલિત થાય છે. (અંતરાય) મારો સવાલ એ છે કે આરેટ પ્રોજેકટ હેઠળ મંજૂર કરેલ સીટી સ્કેન મશીન, ભૂજની સિવિલ હોસ્પિટલમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં શરૂ કરેલ નથી એ હકીકત સાચી છે? તો જવાબમાં 'ના,જી' કહેલછે. ભૂજની હોસ્પિટલ....

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો માનનીય સભ્યશ્રીએ પાછા ખેંચી લીધા છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના આદેશ પછી પણ એમણે શબ્દો પાછા ખેંચ્યા નથી. તો પહેલાં એ એમના શબ્દો પાછા ખેંચી લે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : એ પ્રશ્નના જવાબમાં એમણે 'ના,જી' એમ કહયું છે અને આ મશીન અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં કાર્યરત છે. તો ભૂજની સિવિલ હોસ્પિટલમાં આ મશીન ફીટ થયેલ નથી એનો સ્વીકાર કેમ કરતા નથી?

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, પહેલાં આપ આપના શબ્દો પાછા ખેંચી લૌ. એટલે આ વાત પૂરી થાય.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું *(હાથમાં બત્તી પકડાવી દેવી) એ મારા શબ્દો પાછા ખેંચું છું, પરંતુ આખા "કોઈ ગાડી જો આડે પાટે ચઢાવવી હોયં" એ મારા શબ્દોને હું વળગી રહું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ સીટી સ્કેન મશીન ઓરેટ પ્રોજૅકટ હેઠળ આખા રાજયની સિવિલ હૉસ્પિટલોને આધુનિક સવલતો મળે એટલા માટે ડૉકટર જોષીયારા સાહેબે ભલામણ કરી અને મંજૂર કરી અને ભારત સરકારને મોકલાવેલ હતો. અને ત્યારે પણ હાલના આરોગ્ય મંત્રી શ્રી અશોકભાઈનું ઓરેટ પ્રોજૅકટ પ્રત્યે અણગમતું વલણ હતું પણ ભારત સરકારે, એમની પોતાની સરકારે, બાજપાઈજીની સરકારે તેને મંજૂર કરીને મોકલ્યું હતું એટલે અમલ કરવો પડ્યો છે, પણ આ ઓરેટ પ્રોજૅકટને રફેદફે કરવાનું કામ એમણે કર્યુ છે તે આ જવાબથી સાબિત થાય છે. ભૂકંપ ૨૦૦૧ માં આવ્યો...

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન પૂછે છે કે ભાષણ આપે છે? ૩ મિનિટ તો એમના સવાલને થઈ, એક પ્રશ્નનો પાંચ મિનિટનો સમય હોય એમાંથી ત્રણ મિનિટ તો એમણે લઈ લીધી. આ રીતે પ્રીએમ્બલ બાંધે છે અને પછી સ્થિતિ એવી થાય છે કે અમે જ્યારે જવાબ આપીએ ત્યારે બધા બોલતા બંધ થઈ જાય છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૮માં ઓરેટ પ્રોજૅકટ નક્કી થયેલ અને મશીન ૨૦૦૧ સુધી શા માટે ફીટ કરી શકાયું નથી? એટલા માટે કે જો એમની *(દાનત) હોય તો એમણે તેના રેડિયોલોજીસ્ટની નિમણૂક કરી હતી કે કેમ અને કરી હોય તો ક્યારે કરી?

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બાબુભાઈ, કેટલાંક શબ્દો ધ્યાન રાખીને બોલો, *(દાનત) હતી કે *(દાનત) નહોતી એવા શબ્દો નહી બોલો. પ્લીઝ, *(દાનત) શબ્દ પાછા ખેંચી લો. કેટલાક શબ્દો ધ્યાન રાખીને બોલવા જોઈએ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : ઓરેટ પ્રોજૅકટ હેઠળ મંજૂર થયેલ ૧૯૯૮નું મશીન ૨૦૦૧ સુધી એટલે કે ૨૦૦૦ના ડિસેમ્બર સુધીમાં પણ ભૂજની સિવિલ હોસ્પિટલમાં શા માટે ફીટ કરી શકાયું નથી. અને આ મશીન જો ભૂજમાં મોકલવામાં આવ્યું હોય તો એ ક્યારે મોકલવામાં આવ્યું છે?

**શ્રી અશોક ભટ્ટ** : આ રાજયની પ્રજા જાણે છે કે કોંગ્રેસના વખતમાં ઓરેટ પ્રોજેકટની શું પરિસ્થિતિ હતી. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : હવે સાંભળો, ૩ મિનિટ સુધી સવાલ પૂછ્યો અને તેનો જવાબ ૬ મિનિટ મળવાનો છે. સાંભળવાની તૈયારી રાખો.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ઓરેટ પ્રોજૅકટ આવ્યો ત્યારે તેની અંદર મેન્ટેનન્સની કેટલાક વર્ષોની ગૅરન્ટી નહોતી તેના માટે હું વિરોધપક્ષના ધારાસભ્ય તરીકે હાઈકોર્ટમાં પણ ગયો હતો. અને હાઈકોર્ટે ચુકાદો આપ્યો અને ત્યારપછી ઓરેટ પ્રોજૅકટમાં મેન્ટેનન્સની જવાબદારી નેધરલેન્ડની કંપની અને ફિલિપ્સ કંપનીએ લેવી પડી. ત્યાર પછી જ્યારે આરોગ્ય મંત્રી તરીકે મેં હવાલો સંભાળ્યો ત્યારે મારી કાર્યરીતિમાં પૂર્વગ્રહ નહીં પણ અનુગ્રહ હોય છે, એટલે રાજયની પ્રજાને ૨૦૦૧માં જ્યારે ઓરેટ પ્રોજૅકટ હેઠળ સાધનો આવ્યા ત્યારે તે સાધનો રફેદફે નહીં પણ યોગ્ય સ્થાને તાલુકાના પી.એચ.સી. થી શરૂ કરી અને સિવિલ હૉસ્પિટલ સુધી મૂકવાનો એ વર્ષ દરમિયાન જ મેં પ્રયત્ન કર્યો હતો. અને તેની રાજયના એકે એક તાલુકામાં રાજયની પ્રજા સાક્ષી છે. ભૂજમાં પણ અહીંથી એ મશીન મૂકવા માટે મશીન ત્યાં પહોંચી ગયું હતું, તેની તારીખ હું પછીથી આ સભાગૃહને જોઈતી હશે તો ટેબલ ઉપર મૂકીશ. પરંતુ તે મશીન ભૂજની હૉસ્પિટલમાં મૂકવાની પરિસ્થિતિ આવી ત્યારે ભૂકંપ થયો અને જે સિવિલ હૉસ્પિટલમાં મૂકવાનું હતું ત્યાં ન મુકાયું અને તે જ સમય દરમિયાન તે મશીનનો ઉપયોગ ચાલુ રહી શકે એટલા માટે અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં એ મશીન ટ્રાન્સફર કરવામાં આવ્યું.આ જે નવી હૉસ્પિટલ બની છે એમાં ૧૪ જાન્યુઆરીએ વડાપ્રધાનશ્રીએ આ હૉસ્પિટલ ખુલ્લી મૂકી ત્યારે એની અંદર સીમેન્સ કંપનીનું મશીન જે ઓરેટ પ્રોજૅકટમાં આવેલ એના કરતાં પણ વધારે જનરેશનવાળુ મૂક્યું છે. નવી હૉસ્પિટલ ચાલુ થઈ એની અંદર આ મશીન મૂકવામાં આવેલ છે. તૂટી ગયેલ હૉસ્પિટલમાં મશીન મૂકીને શું કરવાનું? આ મશીન ત્યાં જ હતું પરંતુ ભુજની ધરતી પીડાતી હતી અને પીડાની અંદર મૂકીને એનો ઉપયોગ થઈ શકતો નહોતો ત્યારે મેં રાજયની પ્રજાના હિતમાં અહીંયા સીટી સ્કેન મશીન મૂક્યું હતું. પરંતુ ભુજમાં અહીં કરતાં પણ વધારે જનરેશનનું મૂક્યું છે અને માનનીય સભ્યશ્રીની મુશ્કેલી છે કે છતી આંખે દેખી શકતા ન હોય અથવા જોઈ શકતાં ન હોય, સારુ થાય એ સમજી શકતાં ન હોય ત્યારે આ સીટી સ્કેનની અંદર તેઓનું સીટી સ્કેન આવા મગજવાળાનું કરવામાં આવે તો એ રફેદફે કરવાના કારણે શું મળે?

**શ્રી દોલતભાઈ પરમાર** : આ ઓરેટ મશીનો એમના કહેવા પ્રમાણે જે નીચેથી ઉપર સુધી ગોઠવ્યા તો આના માટે ટેકનિકલ ઑપરેટરોના મહેકમની કેટલી ભરતી કરવામાં આવી અને અત્યારે ચાલુ છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય સભ્યશ્રી ફરીથી પ્રશ્ન પૂછે.

**શ્રી દોલતભાઈ પરમાર** : મારો સીધો પ્રશ્ન એ છે કે ઓરેટ મશીનો મૂકીએ છીએ....

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ઓરેટ મશીન નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય દોલતભાઈ, આપ શાંતિથી પ્રશ્ન પૂછો.

**શ્રી અશોક ભટ્ટ** : આ સીટી સ્કેન મશીન માટે જાન્યુઆરી, ૨૦૦૬ માં ૩૪, ફેબ્રુઆરીમાં ૨૫, માર્ચ, ૨૦૦૬માં ૧, એપ્રિલમાં ૧, મે મહિનામાં ૩, જુલાઇમાં ૪૫, ઑગસ્ટમાં ૪૯, સપ્ટેમ્બરમાં ૭૨, ઓકટોબરમાં ૫૦, નવેમ્બરમાં ૫૯, ડિસેમ્બરમાં ૫૩, જાન્યુઆરીમાં ૩૪ સીટી સ્કેનના થયા છે.

**શ્રી દોલતભાઈ પરમાર** : મેં ઑપરેટરોની વાત કરી છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, સીટી સ્કેન મશીન માટે ઓપરેટરો ન હોય રેડિયોલોજીસ્ટ હોય છે.

## મહેસાણા જિલ્લાની નગરપાલિકાઓને શહેરી વિકાસ વર્ષની ગ્રાન્ટ

***૧૯૮૪૪ શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાની કઈ કઈ નગરપાલિકામાં કેટલી ગ્રાન્ટ શહેરી વિકાસ વર્ષ તરીકે મંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર થયેલ ગ્રાન્ટ પૈકી કેન્દ્ર સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ આપવામાં આવી, અને કેટલી ગ્રાન્ટ બાકી છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧)

| નગરપાલિકાનું નામ | મંજૂર કરેલ રકમ રૂ.લાખમાં |
|---|---|
| મહેસાણા | ૫૦૦.૦૦ |
| વિસનગર | ૩૦૦.૦૦ |
| ઉંઝા | ૨૩૩.૦૦ |
| કડી | ૩૦૦.૦૦ |
| વડનગર | ૩૫૦.૦૦ |
| ખેરાલુ | ૧૫૦.૦૦ |
| વિજાપુર | ૨૪૦.૦૦ |

(૨) મંજૂર કરેલી પૂરેપૂરી ગ્રાન્ટ રાજય સરકારે ચૂકવેલ છે. કેન્દ્ર સરકારે કોઈ ગ્રાન્ટ આપેલ નથી.

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે નગરપાલિકાઓને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે એ તમામ નગરપાલિકાઓની અંદર વોર્ડ વાઈઝ સરખા હિસ્સા પ્રમાણે વિકાસ કરવા માગે છે કે કેમ? (અંતરાય) વોર્ડ વાઈઝ ગ્રાન્ટ ફાળવવાની હોય છે તથા તેમાં વોર્ડોને વસતિના ધોરણે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : આ નગરપાલિકાનો પ્રશ્ન છે.

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : વોર્ડ વાઈઝ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તો વોર્ડ વાઈઝ વિકાસ કામો કરવામાં આવે છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : ગ્રાન્ટ નગરપાલિકાને ફાળવવામાં આવે અને શહેરી વિકાસ વિભાગે જે પ્રકારે ગ્રાન્ટ આપવા માટેના પ્રયત્નો કર્યા એ ગુજરાત રાજયની રચના પછી પહેલી વખત નગરપાલિકાઓની અંદર ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના આયોજનો હાથ કરવામાં આવ્યા અને આયોજનના ફળ સ્વરૂપે ફાળવવામાં આવે જ્યારે નગરપાલિકા શહેરની સ્થિતિ મુજબ ઉપયોગ કરતી હોય છે.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા** : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે મહેસાણા જિલ્લાની સાત નગરપાલિકાઓમાં ૨૦૭૩ લાખ જેટલી માતબર રકમ રાજય સરકારે ફાળવી છે. ત્યારે હું એ જાણવા માગું છું કે કેન્દ્ર સરકારે કોઈ હિસ્સો આપવો જોઈએ કે નહિ એ કહેવામાં નથી આવ્યું એની સ્પષ્ટતા કરવામાં આવે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : આ શહેરી વિકાસ વર્ષની ગ્રાન્ટમાં સોએ સો ટકા રાજય સરકાર આપે છે. આમાં કેન્દ્ર સરકારનો હિસ્સો હોતો નથી.

**સાવરકુંડલા તાલુકાના ધોબા ગામના આયુર્વેદિક દવાખાનામાં ડોકટરોની ખાલી જગ્યા બાબત**

***૧૯૮૪૪ શ્રી કાળુભાઈ વિરાણી (કુંડલા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સાવરકુંડલા તાલુકાના ધોબા ગામના આયુર્વેદિક દવાખાનામાં ડોકટરની જગ્યા લાંબા સમયથી ખાલી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ ખાલી જગ્યા ન ભરવાનાં કારણો શાં છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી:**

(૧) અને (૨) તા. ૩૧-૫-૨૦૦૬થી જગ્યા ખાલી પડેલ છે અને આ વિભાગ હેઠળના આયુર્વેદ દવાખાનાઓમાં મેડીકલ ઓફિસર (આયુર્વેદ) વર્ગ-૨ની મંજૂર થયેલ ૫૩૨ જગ્યાઓ પૈકી ૨૩૮ જગ્યાઓ ખાલી છે તેથી આ જગ્યા ખાલી રહેલ છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(ટૂંકી મુદતનો પ્રશ્ન તેમજ તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**વડોદરા મહાનગરપાલિકાની મ્યુનિસિપલ શાળામાં યુ.ડી.સી.ના તબીબો દ્વારા રસી અપાતાં બાળકોને આવેલ રિએકશન**

**ટૂકી મંદતનો પ્રશ્ન ક્રમાંક: ૨૧૬ શ્રી મોહંમદફારૂક હુ.શેખ (કાલુપુર) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તાજેતરમાં વડોદરા મહાનગર સેવાસદનની નગરપાલિકા વિસ્તારની મ્યુનિસિપલ શાળામાં યુ.ડી.સી.ના તબીબો દ્વારા આપવામાં આવેલ રસીને કારણે બાળકોને રિએકશન આવતાં ૮૦ જેટલા બાળકો રિએકશનના ભોગ બનેલ છે, તેનાથી સ્ટાફ વાકેફ છે,

(૨) આવી ઘટના ન બને તે માટે સરકારે શાં પગલાં લીધાં,

(૩) જવાબદાર ડોકટરો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) ભોગ બનેલ બાળકોને શી સારવાર આપવામાં આવી?

**આરોગ્ય મંત્રીશ્રી** :

(૧) હા, જી.

(૨) (૧) વડોદરા મહાનગર સેવા સદન વિસ્તારની મ્યુનિસિપલ શાળામાં યુ.ડી.સી. પ્રોજેકટ દ્વારા અધિકૃત સ્ટાફનર્સ દ્વારા ડી.ટી. અને ટી.ટી. રસીઓ આપવાની કામગીરી થઈ હતી અને તેમાં આડઅસરની ફરિયાદ આવતાં તુરતજ તે બાળકોની સારવાર હાથ ધરી હતી તેમજ જમનાબાઈ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવેલ હતી.

(૨) આવી ઘટના ભવિષ્યમાં ન બને તે માટે વડોદરા સરકારી મેડીકલ કોલેજના બાળરોગ નિષ્ણાત અને કોમ્યુનિટી મેડીસીન વિભાગના વડા તેમજ જિલ્લા આરોગ્ય અધિકારીની રેપીડ એકશન ટીમને તપાસ સોંપેલ હતી અને આવી ટીમની દરેક જિલ્લામાં નિયુકત કરવામાં આવેલ છે.

(૩) વેકસીન ગુણવત્તાસભર દરેક બાળકોને પહોંચે અને રસીકરણનો કાર્યક્રમ સફળ બને તે માટે દરેક જિલ્લાના જવાબદાર અધિકારીઓને તાલીમા આપવામાં આવે છે.

(૪) કોલ્ડ ચેઈનમાં વેકસીન જાળવણી માટે તાલીમ આપવામાં આવે છે તેમજ જાળવણી માટે સંપૂર્ણ આગ્રહ રાખવામાં આવે છે અને કોલ્ડ ચેઈનમાં વેકસીન જાળવણી કરી ઉપયોગ કરવા પરિપત્રો કરવામાં આવ્યા છે.

(૫) આ કિસ્સામાં ખોરાક અને ઔષધ નિયમનતંત્ર, વડોદરા દ્વારા ડી.ટી. અને ટી.ટી. વેકસીનના નમૂના લઈ તેને કસોલી પ્રયોગશાળા (સેન્ટ્રલ ડ્રગ્ઝ રિસર્ચ ઈન્સ્ટિટયુટ) માં મોકલવામાં આવ્યા છે. (૬) આ કામગીરીના સુપરવિઝન અર્થે પ્રોગ્રામ ઓફિસરશ્રીઓને જિલ્લાઓનું સુપરવિઝન સોંપવામાં આવેલ છે અને તેઓ ઘનિષ્ઠ સુપરવિજન કરે છે. તેમજ તાલુકા કક્ષાએ જિલ્લાના અધિકારી/કર્મચારીઓને કેરટેકર તરીકે તાલુકાઓની સોંપણી કરવામાં આવે છે. જેઓ કામગીરીનું સુપરવિઝન કરે છે.

(૩) જવાબદાર પેરા મેડીકલ કર્મચારીઓ (કુલ-૩) તાત્કાલિક અસરથી ફરજ મોકૂફ હેઠળ મૂકવામાં આવેલ છે. અને સંબંધિત ડોકટરોને શો કોઝ નોટિસ આપવામાં આવેલ છે.

(૪) જે બાળકોને ડી.ટી. અને ટી.ટી.ની રસી આપવામાં આવી હતી તે પૈકીના ૯૯ જેટલા બાળકોને તાત્કાલિક જમનાબાઈ હોસ્પિટલમાં તપાસવા લાવેલ અને તેમના આરોગ્ય પર આડસઅર થઈ છે કે નહિ તેની સંપૂર્ણ તપાસ કર્યા બાદ તેમની તબિયત સારી જણાતાં તેમને રજા આપવમાં આવી હતી.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**અમરેલી નગરપાલિકાને વાજપાઈ વિકાસ નગર યોજનામાં મળેલ ગ્રાન્ટ**

૨૦૫૧૮ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** (અમરેલી) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧ જાન્યુ. ૦૭ની સ્થિતિએ અમરેલી નગરપાલિકાને વાજપાઈ નગર વિકાસ યોજના ભાગ-૧ અને ભાગ-૨ અંતર્ગત કુલ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી, | (૧) પ્રથમ તબકકામાં રૂા. ૮૪,૪૭,૬૨૬/- અને બીજા તબકકામાં રૂા. ૪૩,૨૧,૩૮૨/-ના કામોની વહીવટી મંજૂરી આપેલ છે. |
| (૨) તે પેટે કેટલી રકમ ગ્રાન્ટ અથવા લોન પેટે મંજૂર કરવામાં આવેલ છે, | (૨) પ્રથમ તબકકામાં રૂા. ૪૫.૭૭ લાખની ગ્રાન્ટ અને રૂા. ૪૦.૦૦ લાખની લોન, જ્યારે બીજા તબકકામાં ગ્રાન્ટ માટે રૂા. ૫૦.૬૪ લાખ મંજૂર કરેલ છે. લોન મંજૂર કરેલ નથી. |
| (૩) તે પૈકી કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને | (૩) કોઈ રકમ ચૂકવવાની બાકી નથી. |
| (૪) વિલંબ થવાના કારણો શાં છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**મોરબીની આસપાસના યાત્રાધામોનો વિકાસ કરવા બાબત**

૨૦૫૦૮ **શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા** (મોરબી) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| મોરબીની આસપાસના વવાણીયા, ટંકારા, માટેલ, જડેશ્વર રફાળેશ્વર યાત્રાધામના વિકાસ માટે સરકાર કોઈ આયોજન કરવા માંગે છે કે કેમ? | હા, જી. નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે. |

| | | <u>અંદાજીત ખર્ચ</u> |
|---|---|---|
| (૧) | મોરબીની આસપાસના માળીયા મીયાણાના વવાણીયા ગામે શ્રીમદ્ રાજચંદ્ર મંદિરે ૦.૦ મી.મી. થી ૦.૫૭૫ કિ.મી. વચ્ચે એપ્રોચ સી.સી. રોડનું તથા નાળાનું કામ | રૂા. ૯,૮૩,૧૫૦/- |
| (૨) | ટંકારા ગામે મેન એન્ટ્રી ગેટ પાસે આર્ય સમાજ ચોકમાં ફુવારો, ગાર્ડન, આર.સી.સી. પ્લીન્થ, સ્ત્રી-પુરૂષના ટોયલેટ બ્લોક બનાવવા માટે. | રૂા. ૫,૦૦,૦૦૦/- |
| (૩) | માટેલ ગામે ખોડીયાર મંદિર ખાતે નેશનલ હાઈવેથી માટેલ એપ્રોચ રોડ તથા ગટરનું કામ, કોઝવેનું કામ, બાળ ક્રીડાગણ, ઉદ્યાન, વનકુટીર- પંચવટી, શોચાલય, સોલારલાઈટ અને | રૂા. ૨૯.૧૪ લાખ |

| | | | |
|---|---|---|---|
| | ગ્રામ હાટનું કામ | | |
| (૪) | જડેશ્વર ખાતે બગીચો, બાળ ક્રીડાગણ, પંચવટી, સોલાર લાઈટ, શોચાલયના કામ | રૂ. લાખ | ૪.૦૩ |
| (૫) | હોલમઢ મચ્છુ-૧ ખાતે બગીચો, બાળ ક્રીડાગણ, બાંકડા, વૃક્ષારોપણ, શોચાલય, બોર, મોટર, પાઈપ લાઈન, સ્ટેન્ડ પોસ્ટ, પીવાના પાણી, સોલાર લાઈટનું કામ | રૂ. લાખ | ૫.૫૩ |
| (૬) | કેરાળા ગામે રાણીમાં રૂડીમાં મંદિર ખાતે રસ્તો રીપેર, બાળ ક્રીડાગણ, બાંકડા, શોચાલયનું કામ | રૂ. લાખ | ૪.૮૫ |
| (૭) | જાંબુડીયા ગામે રફાળેશ્વર ખાતે મચ્છુ-૨ પર પીવાના પાણીનું સ્ટેન્ડ પોસ્ટ, શોચાલય, સોલાર લાઈટ, વૃક્ષારોપણ, બાળ ક્રીડાગણનું કામ | રૂ. લાખ | ૪.૩૨ |
| (૮) | વવાણીયા શ્રીમદ્ રાજચંદ્ર મંદિર ખાતે ગાર્ડનીંગ, બાળક્રીડાગણ, મુખ્ય મંદિરથી જ્ઞાન મંદિર સુધીનો રસ્તો, શોચાલય, સોલાર લાઈટ, પીવાના પાણીની સવલત, મોટર, પાઈપ લાઈન, સ્ટેન્ડ પોસ્ટનું કામ | રૂ. લાખ | ૧૪.૫૦ |
| (૯) | માળીયા (મીયાણા)ના મહેન્દ્રગઢ ગામે બુડા હનુમાન મંદિર ખાતે વન કુટીર, શોચાલય અને તળાવનું રીનોવેશન | રૂ. લાખ | ૨.૬૦ |
| (૧૦) | માળીયા (મીયાણા)ના સરવળ ગામે સતેશ્વર હનુમાન મંદિર ખાતે શોચાલય, વનકુટીર, પીવાના પાણીનો ટાંકો, સ્નાન ઘાટનું કામ | રૂ. લાખ | ૩.૧૦ |
| (૧૧) | માળીયા મીયાણાના (ખાખરેચી) જળેશ્વર ખાતે બાળક્રીડાગણ, બાંકડા, પંચવટી, વૃક્ષારોપણ અને મંદિર સુધીના એપ્રોચ રોડનું કામ | રૂ. લાખ | ૫.૫૦ |

| | | | |
|---|---|---|---|
| (૧૨) | ટંકારા આર્ય સમાજ ટ્રસ્ટ ખાતે બગીચો, બાળક્રીડાગણ, પંચવટી, સોલારલાઈટ, શોચાલયનું કામ | રૂા. લાખ | ૬.૦૩ |
| (૧૩) | ટંકારાના લજાઈ ભીમનાથ મહાદેવ ખાતે એપ્રોચ રોડ, સોલાર લાઈટ અને શોચાલય કરવાનું કામ | રૂા. લાખ | ૨.૨૮ |

-----------

**બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં ઈ-ગર્વનન્સની વ્યવસ્થા કરવા બાબત**

૧૯૨૧૫ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** (પાલનપુર) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

બનાસકાંઠા જિલ્લાની કેટલી અને કઈ કઈ નગરપાલિકાઓમાં ઈ-ગર્વનન્સની વ્યવસ્થા શરૂ કરેલ છે?

**જવાબ**

બનાસકાંઠા જીલ્લાની તમામ નગરપાલિકાઓમાં ઈ-ગર્વનન્સ વ્યવસ્થા શરૂ થયેલ છે.

-----------

**નેશનલ અર્બન રીજીઓનલ મીશન કાર્યક્રમ અન્વયે કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ**

૨૦૫૨૫ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** (અસારવા) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નેશનલ અર્બન રિન્યુઅલ મીશન કાર્યક્રમ અન્વયે કેન્દ્ર સરકાર તરફથી જાહેર થયેલ જુદી જુદી યોજનાઓ અન્વયે ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં રાજ્ય સરકારને કેટલી રકમ મળી, અને

**જવાબ**

(૧) નેશનલ અર્બન રિન્યુઅલ મીશન હેઠળ જાહેર થયેલ યોજનાઓ અને તે યોજનાઓને ફાળવેલ સહાયની વિગત નીચે મુજબ છે.

રૂા. કરોડમાં

| | | |
|---|---|---|
| (૧) | શહેરોમાં માળખાકીય સુવિધાઓ ગર્વનન્સ માટે | ૮૪.૨ |
| (૨) | શહેરી ગરીબો માટે પાયાની સુવિધા | ૨૬.૭૫ |

(૨) તેમાં ક્યા પ્રકારના કામો હાથ ધરાશે ?

(૨) (૧) આ યોજનાઓમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સુએઝ ડીસ્પોઝલ પ્લાન્ટ, સોલીડવેસ્ટ મેનેજમેન્ટ રેલ્વે પરના ઓવરબ્રીજ-ફ્લાય ઓવરબ્રીજ, પાણી પુરવઠાની યોજના, રીવરબ્રીજ બસ રેપીડ ટ્રાન્ઝીટ સીસ્ટમ જેવા કામોનો સમાવેશ થયેલ છે.

(૨) તેમજ શહેરી ગરીબોના આવાસન અને સંક્લીત માળખાકીય સુવિધાઓ પુરી પાડવાના કામોનો પણ સમાવેશ થયેલ છે.

-----------

**ભરુચ જિલ્લાના તાલુકાઓમાં આવેલ દવાખાના**

૧૮૬૯૦ **શ્રીમતી રશીદા ઈ. પટેલ** (વાગરા) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરુચ જિલ્લાના વાગરા, આમોદ તથા ભરુચ તાલુકામાં કુલ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને આયુર્વેદીક દવાખાના કાર્યરત છે,

(૨) આ દવાખાનાઓમાં સંવર્ગવાર કુલ કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧)

| તાલુકો | સામુહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | આયુર્વેદિક દવાખાનું |
|---|---|---|---|
| વાગરા | ૧ | ૩ | ૨ |
| આમોદ | ૧ | ૩ | ૦ |
| ભરૂચ | ૧ | ૬ | ૨ |

(૨) સંવર્ગવાર મંજુર અને ખાલી જગ્યાઓ.

| | સામુહિક | પ્રાથમિક | આયુર્વેદિક |
|---|---|---|---|

અને

| | આરોગ્ય કેન્દ્ર | | આરોગ્ય કેન્દ્ર | | દવાખાનુ | |
|---|---|---|---|---|---|---|
| | મંજુર | ખાલી | મંજુર | ખાલી | મંજુર | ખાલી |
| વર્ગ-૧ | ૦૧ | ૦૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| વર્ગ-૨ | ૦૮ | ૦ | ૧૨ | ૧ | ૪ | ૨ |
| વર્ગ-૩ | ૩૭ | ૧૪ | ૩૬ | ૨૨ | ૧ | ૧ |
| વર્ગ-૪ | ૩૦ | ૫ | ૪૮ | ૪૦ | ૧ | ૧ |

(૩) આ જ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે ?

(૩) ખાલી જ્યાઓ ભરવાની પ્રક્રીયા ચાલુ હોય છે. લાયક ઉમેદવારો મેળવવાના પ્રયાસો થવાથી.

-----------

**ખેરાલુ, સતલાસણા અને વડનગર તાલુકામાં વરસાદથી રસ્તાઓને થયેલ નુક્સાન**

૨૦૫૧૦ **શ્રીમતી રમીલાબેન ર. દેસાઈ** (ખેરાલુ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેરાલુ, સતલાસણા અને વડનગર તાલુકામાં ૨૦૦૬ ના વર્ષમાં અતિવૃષ્ટિને કારણે રસ્તાઓને જે નુક્સાન થયેલ તેમાંથી તા. ૩૧-૧-૦૭ સુધીમાં કેટલા રોડનું સમારકામ કરવામાં આવ્યું, અને ?

(૨) તેમાં અંદાજે કેટલા નાણાં વપરાયા ?

**જવાબ**

(૧) નુક્સાન પામેલ ૪૨ રસ્તાઓને વાહનવ્યવહાર લાયક બનાવવામાં આવેલ છે.

(૨) રૂ. ૧૫.૯૦ લાખ ખર્ચ થયેલ છે.

-------------

**ઉના નગરપાલિકા દ્વારા હાથ ધરાયેલ પ્રોજેક્ટો**

૧૯૧૨૮ **શ્રી પુંજાભાઈ ભી. વંશ** (ઉના) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે શહેરી વિકાસ વર્ષના ભાગરૂપે તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લાની ઉના નગરપાલિકા દ્વારા ક્યા ક્યા પ્રકારના કામો હાથ ધરવા માટે કુલ કેટલી રકમના પ્રોજેક્ટો રજુ કર્યા,

(૨) તે અન્વયે કેટલા પ્રોજેક્ટોને કઈ તારીખે મંજૂર કરી કેટલી રકમ ફાળવી, અને

(૩) જે પ્રોજેક્ટો મંજૂર કર્યા છે તેની કામગીરી હાલ ક્યા ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) શહેરી વિકાસ વર્ષના ભાગરૂપે ઉના નગરપાલિકાએ રજુ કરેલ પ્રોજેક્ટ અને રકમની વિગતો.

| | કામોની વિગત | અંદાજિત રકમ |
|---|---|---|
| ૧ | પાણીના કામો | રૂા.૧,૪૬,૮૨,૭૩૦ |
| ૨ | સ્ટોર્મ વોટર તથા અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ | રૂા.૫૭,૭૭,૧૦૦ |

(૨)

| કામોની વિગત | મંજૂરીની તારીખ | ફાળવેલ રકમ |
|---|---|---|
| પાણીના કામો | ૩૦-૭-૦૫ | રૂા.૧,૪૫,૦૦,૦૦૦ |
| સ્ટોર્મ વોટર તથા અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ | ૩૦-૯-૦૬ | રૂા.૫૫,૦૦,૦૦૦ |

(૩)

| કામોની વિગત | કામો હાલના તબક્કા |
|---|---|
| પાણીના કામો | ૯૭ ટકા પૂર્ણ |
| સ્ટોર્મ વોટર તથા અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ | ટેન્ડરીંગ પ્રક્રિયાના તબક્કે છે. |

-----------

**સરકારી હોસ્પિટલોમાં દર્દીના સગાં સબંધીઓ માટે પ્રવેશ ફી**

૧૯૯૨૩ **શ્રી જગદીશ ઠાકોર** (દહેગામ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તાજેતરમાં સરકારી હોસ્પિટલોમાં દર્દીના સગા સબંધીને પ્રવેશ માટે પ્રવેશ ફી દાખલ કરવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા. જી, રાજ્યની ચાર હોસ્પિટલમાં પ્રાયોગિક ધોરણે દર્દીઓના બે સગાઓ ઉપરાંતના સગા સબંધીઓ માટે મુલાકાત સમય સિવાયના સમયમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ ફી દાખલ કરવામાં આવેલ છે આનો મુખ્ય હેતુ હોસ્પિટલમાં દર્દી સેવાનો અને ઇન્ફેક્શન કંટ્રોલનો છે. |
| (૨) જો હા, તો આ ફી પેટે મળેલ નાણાં ક્યા ક્યા કામોમાં વાપરવામાં આવે છે ? | (૨) આ ફી પેટે મળેલ આવકમાંથી હોસ્પિટલના રીનોવેશન, સ્વચ્છતા તેમજ દર્દીઓ અને તેમના સગાઓ માટે બેઠક વ્યવસ્થા તથા દર્દીઓના સર્વાંગી ઉપયોગ માટે સંબંધિત હોસ્પિટલમાં જરૂરિયાત મુજબની સુવિધાઓ ઉભી કરવા માટે વાપરવામાં આવે છે. |

-----------

**ડીસા ગામે શૌચાલયો બનાવવાની યોજનાના કામો એજન્સી દ્વારા ન કરવા બાબત**

૨૦૦૭૭ **શ્રી ગોવાભાઈ હ. રબારી** (ડીસા) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભારત સરકારની શૌચાલયો બનાવવાની યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લાના ડીસા ગામે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ કઈ કઈ એજન્સીને કામો સોંપવામાં આવ્યા છે, અને | (૧) ભારત સરકારની કોઇ યોજના નથી. |
| (૨) આ એજન્સીઓ દ્વારા કોઈ કામો કરવામાં આવ્યા નથી તે સામે સરકાર શાં પગલાં લેવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**પૂરને કારણે સુરત અને વડોદરા મહાનગરપાલિકાને થયેલ નુક્સાનનું વળતર બાબત**

૧૯૬૨૬ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા** (સુરત શહેર ઉત્તર) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૦૬ના વર્ષમાં આવેલ પૂરને કારણે સુરત અને વડોદરા મહાનગરપાલિકાને ક્યા ક્યા નુક્સાનના વળતર માટેની કેટલી દરખાસ્તો રાજ્ય સરકારને મળી, | (૧) નાગરિક સેવાનાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરને થયેલ નુક્સાનનાં વળતર માટે સુરત મહાનગરપાલિકાની ત્રણ દરખાસ્તો અને વડોદરા મહાનગરપાલિકાની એક દરખાસ્ત મળેલ. |
| (૨) તે પૈકીની કેટલી અને કઈ કઈ મંજૂર કરવામાં આવી, | (૨) સુરત મહાનગરપાલિકાની ત્રણેય દરખાસ્તો મંજુર કરવામાં આવી અને વડોદરા મહાનગરપાલિકાની અંશતઃ મંજુર કરાયેલ છે. |
| (૩) તે પેટે કેટલી રકમ સુરત અને વડોદરા મહાનગરપાલિકાને ચૂકવી, | (૩) સુરત - રૂા. ૨૩ કરોડ<br>વડોદરા - રૂા. ૭ કરોડ. |
| (૪) કઈ કઈ દરખાસ્તો નામંજૂર કરવામાં આવી અને તેના કારણો શાં છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) આ દરખાસ્તો સરકાર મંજૂર કરવા માંગે છે કે કેમ ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ફાલ્સીફાઈ ડીપ્થેરીયા અને ચિકુનગુનીયાના કેસો**

૨૦૫૩૭ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** (જસદણ) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર સરકારી હોસ્પિટલોમાં ફાલ્સીફાઈ ડીપ્થેરીયા અને ચિકુનગુનીયાના કેટલા કેસો સરકારી દફતરે નોંધવામાં આવ્યા, | (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં સરકારી હોસ્પિટલોમાં કુલ ૧૮૬૮૯ ફાલ્સીપેરમના કેસો, ૧૩૨ ડીપ્થેરીયાના કેસો અને ૧૧૮૯૨૪ શંકાસ્પદ ચિકુનગુનીયાના કેસો નોંધયેલ છે. જિલ્લાવાર કેસ દર્શાવતું પત્રક-૧ સામેલ છે. |
| (૨) તે પેકી કેટલા દર્દીઓના મોત થયા, અને | (૨) રાજ્યમાં નોંધાયેલ કેસો પેકી ૪૩ ફાલ્સીપેરમ કેસોમાં, મૃત્યુ નોંધાયેલ છે, જ્યારે ૧૬ ડીપ્થેરીયાના કેસોમાં મૃત્યુ થયેલ છે. ચિકુનગુનીયાના વાયરસ માટે પોઝીટીવ જણાયેલ ૧૧ વ્યક્તિઓના મૃત્યુ થયાના રીપોર્ટ થયેલ છે. |
| (૩) સરકારે આ રોગચાળાને ડામવા ક્યા ક્યા પગલાંઓ લીધા ? | (૩) રોગચાળાને ડામવા માટે સરકારે નીચે મુજબનાં પગલાંઓ લીધેલ છે : |

**ફાલ્સીપેરમ :**

- વહેલું નિદાન ત્વરિત સારવાર. દવાખાના/હોસ્પીટલોમાં ગંભીર પ્રકારના કેસોની માવજત (કેસ મેનેજમેન્ટ) માટે રાઉન્ડ ધી ક્લોક વિશિષ્ટ સારવાર પુરી પાડી.
- ક્ષેત્રીયકક્ષાએ ફાલ્સીપેરમનો જોખમી વિસ્તારોમાં માઈક્રોસ્પીક પરીક્ષણ તથા રેપીડ ડાયગોસ્ટીક કીટથી નિદાન કરી રેડીકલ સારવાર આપવામાં આવી.
- અંતરિયાળ, દુર્ગમ વિસ્તારમાં ફીવર રેડીકલ ટ્રીટમેન્ટ આપવામાં આવી તેમજ મેલેરીયા કડી કાર્યકરો - તાવ સારવાર કેન્દ્રો- ઓષધ વિતરણ કેન્દ્રો દ્વારા તાવ વખતે જ સારવાર આપી.
- ફાલ્સીપેરમ કેસના ઘરની આજુબાજુના ઘરોમાં જંતુનાશક દવાનો છંટકાવ તથા મેલેરીયા માટે સંવેદનશીલ વસ્તીમાં જંતુનાશક દવાનો નિયત છંટકાવ.
- જનસમુદાય તથા જુદા જુદા પ્રોજેટક અંતર્ગત પ્રાપ્ત મચ્છરદાનીને જંતુનાશક દવાયુક્ત કરી વિતરણ કરી લોકોમાં મચ્છરદાનીના ઉપયોગ અંગેની જાગૃતતા ઉભી કરવી.
- ચેપી મચ્છરોના નાશ માટે પી. ફાલ્સીપેરમ કેસના વિસ્તારમાં જંતુનાશક દવાથી ફોગીંગ.
- સોર્સ રીડકશન, પોરાભક્ષક માછલીનો ઉપયોગ, પોરાનાશક દવાઓના ઉપયોગ થકી પોરાનાશક પગલાં હાથ ધરી વાહક મચ્છર ઉત્પત્તિ અટકાયત અને નિયંત્રણ કામગીરી હાથ ધરી.

**ડિપ્થેરીયા :**

- રાજ્યમાં દર બુધવારે રસીકરણ કાર્યક્રમ દ્વારા ડીપ્થેરીયા વિરોધી રસી આપવામાં આવે છે.

- એન્ટી ડીપ્થેરીક સીરમ પણ બાળકોને આપવામાં આવે છે.

**ચિકુનગુનીયા :**

- અસરગ્રસ્ત વિસ્તારોમાં તાવ સાથે સાંધાના દુઃખાવાના કેસો અલગ તારવી પેરામેડીકલ ટીમો દ્વારા ઘરે ઘરે સારવાર પુરી પાડી.

- અસરગ્રસ્ત વિસ્તારના શેરી/ફળિયામાં મેડીકલ ટુકડીઓ, મોબાઈલ ટીમો દ્વારા સ્થળ ઉપર સારવાર તેમજ ગંભીર પ્રકારના કેસોને સંદર્ભ સેવાઓ જિલ્લાઓમાં સા.આ.કેન્દ્રો/સરકારી હોસ્પીટલો મારફતે પુરી પાડવામાં આવી.
- આયુર્વેદિક વિભાગ દ્વારા રાજ્યના ૨૫ લાખ લોકોને આયુર્વેદિક ઉકાળો પીવડાવવામાં આવ્યો.
- રાજ્ય વીમા કામદાર વિભાગ દ્વારા રાજ્યમાં ૩૦૦૦૦ શંકાસ્પદ ચિકુનગુનીયાના દર્દીઓને સારવાર પુરી પાડી.
- રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં શંકાસ્પદ ચિકુનગુનીયાના દર્દીઓની સારવાર માટે ૩૦૦ આરોગ્ય મેળાઓ આયોજીત કરી તજજ્ઞોની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી.
- રાજ્યની બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે ચિકુનગુનીયા રોગના નિદાન માટે ડાયગોસ્ટીક સેન્ટર કાર્યાન્વિત કર્યુ.
- અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘરોની અંદર તથા દ ારની આસપાસ મચ્છર ઉત્પત્તિ અટકાયત માટે પોરાનાશક કામગીરી તથા ઘરોમાં ઈન્ડોર ફોગીંગ કરી ચેપી મચ્છરોનો નાશ કર્યો.
- જનસમુદાયમાં રોગ અટકાયતના સંદર્ભમાં વર્તન અને પરિવર્તન માટેના સંદેશાઓ જુદા જુદા માધ્યમો દ્વારા વ્યાપક રીતે પ્રસારિત કર્યા.

**પત્રક-૧**

**તા. ૩૧/૦૧/૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લાવાર રીપોર્ટ થયેલ શંકાસ્પદ ચિકુનગુનિયા, ફાલ્સીપેરમ અને ડિપ્થેરીયાના કેસો અને આવા રોગોથી નોંધાયેલ મરણની વિગત દર્શાવતું પત્રક, વર્ષ ૨૦૦૬.**

| અ.નં. | જિલ્લાનું નામ | રીપોર્ટ થયેલ શંકાસ્પદ ચિકુનગુનિયાના કેસો | ચિકુનગુનિયા વાયરસ પોઝીટીવ જણાયેલ વ્યક્તિઓ પેકી મૃત્યુ | રીપોર્ટ થયેલ ફાલ્સીપેરમના કેસો | ફાલ્સીપેરમ પોઝીટીવ જણાયેલ વ્યક્તિઓ પેકી મૃત્યુ | રીપોર્ટ થયેલ ડિપ્થેરીયાના કેસો | ડિપ્થેરીયા પોઝીટીવ જણાયેલ વ્યક્તિઓ પેકી મૃત્યુ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અમદાવાદ | ૫૩૩૫ | ૦ | ૧૨૭ | ૧ | ૫ | ૦ |
| ૨ | અમદાવાદ કોર્પો. | ૬૦૮૫૫ | ૧૦ | ૧૪૦૦ | ૨૩ | ૩૩ | ૧ |
| ૩ | આણંદ | ૧૬૫ | ૦ | ૨૮૯ | ૦ | ૧ | ૧ |
| ૪ | ખેડા | ૧૪૫૮ | ૦ | ૧૬૧ | ૦ | ૧ | ૦ |
| ૫ | સુરેન્દ્રનગર | ૧૧૦ | ૦ | ૬૮૦ | ૦ | ૫ | ૧ |
| | અમદાવાદ વિભાગ | ૬૭૯૨૩ | ૧૦ | ૨૬૫૭ | ૨૪ | ૪૫ | ૩ |
| ૬ | ગાંધીનગર | ૮૭૬ | ૦ | ૧૫૯ | ૦ | ૪ | ૦ |

| અ.નં. | જિલ્લાનું નામ | રીપોર્ટ થયેલ શંકાસ્પદ ચિકુનગુનિયાના કેસો | ચિકુનગુનિયા વાયરસ પોઝીટીવ જણાયેલ વ્યક્તિઓ પેકી મૃત્યુ | રીપોર્ટ થયેલ ફાલ્સીપેરમના કેસો | ફાલ્સીપેરમ પોઝીટીવ જણાયેલ વ્યક્તિઓ પેકી મૃત્યુ | રીપોર્ટ થયેલ ડિપ્થેરીયાના કેસો | ડિપ્થેરીયા પોઝીટીવ જણાયેલ વ્યક્તિઓ પેકી મૃત્યુ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૭ | બનાસકાંઠા | ૧૨૨૮ | ૦ | ૪૦૦ | ૦ | ૯ | ૨ |
| ૮ | મહેસાણા | ૫૧૭ | ૦ | ૭૨ | ૨ | ૩ | ૦ |
| ૯ | સાબરકાંઠા | ૧૧૨૬૪ | ૦ | ૭૮૦ | ૦ | ૩ | ૧ |
| ૧૦ | પાટણ | ૩૨૫ | ૦ | ૩૪૩ | ૧ | ૦ | ૦ |
| | ગાંધીનગર વિભાગ | ૧૪૨૧૦ | ૦ | ૧૭૫૪ | ૩ | ૧૯ | ૩ |
| ૧૧ | વડોદરા | ૨૩૪ | ૦ | ૧૭૭૫ | ૨ | ૪ | ૧ |
| ૧૨ | ભરૂચ | ૨૪૧ | ૦ | ૯૩૬ | ૧ | ૨ | ૨ |
| ૧૩ | નર્મદા | ૧૭૯ | ૦ | ૨૭૬ | ૨ | ૦ | ૦ |
| ૧૪ | પંચમહાલ | ૨૯૬ | ૦ | ૪૨૨ | ૦ | ૧૦ | ૩ |
| ૧૫ | દાહોદ | ૭ | ૦ | ૪૨૭ | ૦ | ૪ | ૧ |
| | વડોદરા વિભાગ | ૯૫૭ | ૦ | ૩૮૩૬ | ૫ | ૨૦ | ૭ |
| ૧૬ | સુરત | ૧૩૩ | ૦ | ૬૦૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | સુરત કોર્પો. | ૫૦ | ૦ | ૪૯૭૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | નવસારી | ૨૪૭૫ | ૦ | ૩૩૫ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | વલસાડ | ૩૦૩૬ | ૦ | ૨૦૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | ડાંગ-આહવા | ૦ | ૦ | ૨૫૭ | ૦ | ૦ | ૦ |
| | સુરત વિભાગ | ૫૬૯૪ | ૦ | ૬૩૬૨ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | રાજકોટ | ૧૦૭ | ૦ | ૪૩૪ | ૦ | ૧૬ | ૧ |
| ૨૨ | જામનગર | ૧૭૩૫૦ | ૦ | ૬૭૬ | ૬ | ૧ | ૦ |
| ૨૩ | કચ્છ | ૧૦૧ | ૦ | ૧૦૧૧ | ૧ | ૧ | ૦ |
| | રાજકોટ વિભાગ | ૧૭૫૫૮ | ૦ | ૨૧૨૧ | ૭ | ૧૮ | ૧ |
| ૨૪ | ભાવનગર | ૧૧૩૭૯ | ૧ | ૫૮૬ | ૩ | ૧૯ | ૦ |
| ૨૫ | અમરેલી | ૬૪ | ૦ | ૫૯૫ | ૧ | ૪ | ૦ |
| ૨૬ | જુનાગઢ | ૧૧૩૫ | ૦ | ૭૧૮ | ૦ | ૭ | ૩ |
| ૨૭ | પોરબંદર | ૨ | ૦ | ૬૦ | ૦ | ૦ | ૦ |
| | ભાવનગર વિભાગ | ૧૨૫૮૦ | ૧ | ૧૯૫૯ | ૪ | ૩૦ | ૩ |
| ૨૮ | અન્ય | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૧૧૮૯૨૪ | ૧૧ | ૧૮૬૮૯ | ૪૩ | ૧૩૨ | ૧૭ |

-----------

**જામનગર તાલુકામાં વડાપ્રધાન ગ્રામ સડક યોજનામાં થયેલ રસ્તાના કામ**

૨૦૫૨૨ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** (કાલાવડ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન તા. ૩૧-૧-૦૭ સુધીમાં વડા પ્રધાન ગ્રામ સડક યોજના હેઠળ જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને રસ્તાઓથી આવરી લેવામાં આવેલ છે,

**જવાબ**

(૧)

| **અ.નં.** | **તાલુકો** | **આવરી લેવાયેલ ગામ/પરાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ખંભાળીયા | ૪ |
| ૨ | કાલાવાડ | ૩ |
| ૩ | જામનગર | ૨ |
| ૪ | ધ્રોલ | ૧ |
| | **કુલ** | **૧૦** |

(૨) તે પેકી કેટલા ગામોની કામગીરી પૂર્ણ થયેલ છે, અને

(૨) ૪ ગામો.

(૩) બાકીના ગામોની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૩) ૩ ગામોની કામગીરી પ્રગતિમાં છે બાકીના ૩ ગામો માટે વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

-----------

**સુરત વિસ્તાર સત્તામંડળનો વિસ્તાર સુરત મહાનગરપાલિકામાં જોડી દેવા બાબત**

૧૯૬૯૫ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ** (ઓલપાડ) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત શહેર વિસ્તાર સત્તામંડળ (સુડા) હસ્તકનો કેટલો વિસ્તાર સુરત મહાનગરપાલિકામાં જોડી દેવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) ૨૨૧.૭૩ ચો. કિ. મી.

(૨) ""સુડા""નો વિસ્તાર શહેરમાં જોડવાથી સુડાની હદ વધારવા માટેનું કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ ?

(૨) હાલ આવી કોઈ દરખાસ્ત નથી.

-----------

**રોગી કલ્યાણ સમિતિ ધ્વારા થયેલ આવક**

૨૦૫૩૪ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રોગી કલ્યાણ સમિતિઓ ધ્વારા જિલ્લાવાર હોસ્પિટલોને કુલ કેટલી આવક થઈ, અને

(૨) આનાથી હોસ્પિટલમાં ક્યા પ્રકારની સુવિધાઓ ઉભી થઈ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રોગી કલ્યાણ સમિતિઓ દ્વારા જિલ્લાવાર હોસ્પિટલો ખાતે થયેલ આવક્ની માહિતી દર્શાવતું પત્રક-૧ સામેલ છે.

(૨) રોગી કલ્યાણ સમિતિઓ દ્વારા જિલ્લાવાર હોસ્પિટલો ખાતે થયેલ આવકમાંથી હોસ્પિટલના રીનોવેશન, સ્વચ્છતા, જરૂરી સાધન સામગ્રી, લીનન, કીચનની ચીજવસ્તુઓ તેમજ દર્દીઓ અને સગાઓ માટે બેઠક વ્યવસ્થા તથા દર્દીઓના સર્વાંગી ઉપયોગ માટે સંબંધિત હોસ્પિટલમાં જરૂરીયાત મુજબની સુવિધાઓ ઉભી કરવામાં આવે છે.

**પત્રક-૧**

**જિલ્લા રોગી કલ્યાણ સમિતિની આવકની વિગત દર્શાવતું પત્રક (તબીબ પ્રભાગ)**

| ક્રમ | જિલ્લા હોસ્પિટલનું નામ | કુલ આવકની વિગત |
|---|---|---|
| ૧ | અમરેલી | રૂા. ૮૫,૦૭૩/- |
| ૨ | આહવા | રૂા. ૯૭,૦૦૦/- |
| ૩ | ગાંધીનગર | રૂા. ૧,૬૬,૦૧,૪૩૧/- |
| ૪ | હિંમતનગર | રૂા. ૨,૮૨,૩૪૦/- |
| ૫ | જુનાગઢ | રૂા. ૫૬,૦૬૮/- |
| ૬ | પાટણ | રૂા. ૨,૦૯,૨૨૩/- |
| ૭ | વડોદરા | રૂા. ૩,૭૩,૨૫૮/- |
| ૮ | વલસાડ | રૂા. ૩,૭૫,૩૩૦/- |
| ૯ | ભરૂચ | રૂા. ૪૪,૦૦,૫૯૪/- |
| ૧૦ | નવસારી | રૂા. ૪,૦૮,૩૯૭/- |
| ૧૧ | પેટલાદ | રૂા. ૧,૫૭,૩૯૬/- |
| ૧૨ | સોલા | રૂા. ૨,૮૮,૦૦૯/- |
| ૧૩ | સુરેન્દ્રનગર | રૂા. ૨,૯૯,૩૩૦/- |
| ૧૪ | નડીયાદ | રૂા. ૫,૬૮,૩૦૯/- |
| ૧૫ | પાલનપુર | રૂા. ૩,૭૭,૮૫૦/- |
| ૧૬ | ગોધરા | રૂા. ૨,૦૯,૦૫૮/- |
| ૧૭ | રાજકોટ | રૂા. ૧,૩૫,૦૧૩/- |
| ૧૮ | મહેસાણા | રૂા. ૨,૯૫,૯૮૯/- |
| ૧૯ | પોરબંદર | રૂા. ૭૧,૬૨૫/- |
| ૨૦ | દાહોદ | રૂા. ૧,૭૫,૦૮૨/- |
| ૨૧ | રાજપીપળા | રૂા. ૧,૩૨,૭૭૫/- |
| ૨૨ | જામખંભાળીયા | રૂા. ૩૭,૪૭૨/- |
| ૨૩ | કચ્છ | રૂા. ૨૪,૦૯૦/- |
| | **કુલ આવક :--** | **રૂા. ૨,૫૬,૭૦,૭૧૨/-** |

**(તબીબી શિક્ષણ પ્રભાગ)**

| ક્રમ | હોસ્પિટલોનું નામ | આવકની વિગત. |
|---|---|---|
| ૧ | સિવિલ હોસ્પિટલ, અમદાવાદ | રૂા. ૧,૬૮,૪૭,૧૫૧/- |
| ૨ | એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા | રૂા. ૪૯,૫૦૦/- |
| ૩ | જી.જી. હોસ્પિટલ, જામનગર | રૂા. ૨૬,૮૯,૪૮૨/- |
| ૪ | પી.યુ.ડી. હોસ્પિટલ, રાજકોટ | રૂા. ૧૯,૦૬,૮૪૯/- |
| ૫ | નવી સિવિલ હોસ્પિટલ, સુરત | રૂા. ૧,૩૭,૭૦૮/- |
| ૬ | સર ટી. હોસ્પિટલ, ભાવનગર | રૂા. ૧,૧૫,૯૯૪/- |
| | **કુલ આવક :-** | **રૂા. ૨,૧૭,૪૬,૬૮૪/-** |

**(જાહેર આરોગ્ય પ્રભાગ)**

| ક્રમ | જિલ્લાવાર સા. આ. કેન્દ્ર | આવકની વિગત. |
|---|---|---|
| ૧ | અમદાવાદ | રૂા. ૪,૮૩૭ |
| ૨ | આણંદ | ૦ |
| ૩ | ખેડા | રૂા. ૭,૫૭૭ |
| ૪ | સુરેન્દ્રનગર | રૂા. ૨૪,૫૮૦ |

| ક્રમ | જિલ્લાવાર સા. આ. કેન્દ્ર | આવકની વિગત. |
|---|---|---|
| ૫ | સુરત | રૂા. ૪,૮૫,૩૬૩ |
| ૬ | નવસારી | રૂા. ૧૦,૦૦૦ |
| ૭ | વલસાડ | રૂા. ૨,૩૦,૯૨૯ |
| ૮ | ડાંગ | ૦ |
| ૯ | રાજકોટ | રૂા. ૨,૪૯,૭૦૮ |
| ૧૦ | જામનગર | રૂા. ૩૭,૯૯૮ |
| ૧૧ | કચ્છ-ભુજ | રૂા. ૧૨,૫૯૦ |
| ૧૨ | વડોદરા | ૦ |
| ૧૩ | ભરૂચ | રૂા. ૪૧,૩૩૬ |
| ૧૪ | નર્મદા | ૦ |
| ૧૫ | પંચમહાલ | ૦ |
| ૧૬ | દાહોદ | રૂા. ૨૧,૦૦૦ |
| ૧૭ | ગાંધીનગર | રૂા. ૭,૭૩૦ |
| ૧૮ | મહેસાણા | રૂા. ૪૫,૫૫૧ |
| ૧૯ | પાટણ | રૂા. ૧,૨૯,૦૮૦ |
| ૨૦ | બનાસકાંઠા | રૂા. ૬૮,૧૬૯ |
| ૨૧ | સાબરકાંઠા | રૂા. ૨,૮૩,૯૮૬ |
| ૨૨ | જુનાગઢ | રૂા. ૫૬,૬૦૦ |
| ૨૩ | અમરેલી | ૦ |
| ૨૪ | ભાવનગર | ૦ |
| ૨૫ | પોરબંદર | ૦ |
| | **કુલ** | **રૂા. ૧૭,૧૭,૦૩૪** |

-----------

## અંતરિયાળ વિસ્તારમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખોલવા બાબત

૧૯૯૯૪ **શ્રી મુકેશ ભૈ. ગઢવી** (દાંતા) **: માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સરકારની આરોગ્ય નીતિ અનુસાર ૧૫૦૦થી વધુ જન સંખ્યાના અંતરિયાળ વિસ્તારના ગામોમાં સરકાર નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખોલવા વિચારી રહી છે તે હકીક્ત સાચી છે ?

**જવાબ**

ના, જી.

-----------

## માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકામાં રોડને પેવર કામ કરવા બાબત

૨૦૧૨૧ **શ્રી છબીલદાસ ના. પટેલ** (માંડવી) **: માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારે સાત વર્ષથી વધારે સમયથી જે રોડને પેવર થયેલ ન હોય તેને પેવર રોડ કરવાની જાહેરાત કરેલ છે કે કેમ,

(૨) માંડવી-નખત્રાણા-અબડાસા અને લખપત તાલુકામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ સાત વર્ષથી વધારે સમયથી રોડ રીપેર ન થયા હોય તેવા ક્યા ક્યા રસ્તા છે, અને

(૩) આ રસ્તાઓના કામો કેટલા સમયમાં પૂરા કરવા માંગો છો ?

**જવાબ**

(૧) આવા રસ્તાઓને અગ્રતા આપવામાં આવે છે.

(૨) અને (૩) : માર્ગોને નિયમિત ધોરણે નાણાંકીય ઉપલબ્ધી અનુસાર રીપેર કરી વાહનવ્યવહાર યોગ્ય રાખવામાં આવે છે.

-----------

## યુરોપીયન કમિશન દ્વારા આરોગ્ય ક્ષેત્રમાં કરવામાં આવેલ ખર્ચ

૧૯૩૦૦ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** (માંગરોળ) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં યુરોપીયન કમિશન દ્વારા આરોગ્ય ક્ષેત્રે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) આ નાણાનો ક્યા ક્યા જિલ્લામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) યુરોપીયન કમિશન દ્વારા આરોગ્ય ક્ષેત્રે છેલ્લા બે વર્ષમાં તારીખ ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ એકંદરે રૂ. ૧૩૯.૮૮ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) આ નાણાંનો સેકટર ઈન્વેસ્ટમેન્ટ પ્રોગ્રામ હેઠળ આ સાથે સામેલ પત્રક-૧ મુજબ જિલ્લાવાર ખર્ચ કરવામાં

આવેલ છે. જ્યારે પોસ્ટ અર્થક્વેક રીડેવલોપમેન્ટ પ્રોગ્રામ હેઠળ આ સાથે સામેલ પત્રક-૨ મુજબ જિલ્લાવાર ખર્ચ કરવામાં આવેલ છે.

**પત્રક-૧**

તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એસ.આઈ.પી. હેઠળ જિલ્લાવાર થયેલ ખર્ચ

| ક્રમ | જિલ્લાનું નામ | રકમ રૂપિયા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૮૩.૪૩ |
| ૨ | જૂનાગઢ | ૭૧.૬૨ |
| ૩ | રાજકોટ | ૧૭૭.૯૬ |
| ૪ | બનાસકાંઠા | ૧૮૬.૦૯ |
| ૫ | સુરેન્દ્રનગર | ૬૪.૯૪ |
| ૬ | ભાવનગર | ૧૩૫.૫૨ |
| ૭ | કચ્છ | ૬૪.૬૩ |
| ૮ | જામનગર | ૧૦૯.૨૩ |
| ૯ | પાટણ | ૨૧૧.૮૩ |
| ૧૦ | નર્મદા | ૯૫.૨૯ |
| ૧૧ | પોરબંદર | ૩૧.૪૭ |
| ૧૨ | ભરૂચ | ૪૪.૨૫ |
| ૧૩ | ડાંગ-આહવા | ૫૨.૪૮ |
| ૧૪ | વડોદરા | ૭૭.૧૯ |
| ૧૫ | દાહોદ | ૪૯.૨૬ |
| ૧૬ | મહેસાણા | ૪૦.૩૬ |
| ૧૭ | આણંદ | ૨૯.૭૪ |
| ૧૮ | વલસાડ | ૨૪.૦૫ |
| ૧૯ | અમરેલી | ૪૧.૭૯ |
| ૨૦ | સાબરકાંઠા | ૪૧.૪૮ |
| ૨૧ | નવસારી | ૩૮.૪૮ |
| ૨૨ | ગાંધીનગર | ૩૭.૨૪ |
| ૨૩ | ખેડા | ૪૬.૭૮ |
| ૨૪ | ગોધરા | ૬૨.૧૧ |
| ૨૫ | સુરત | ૪૨.૭૮ |
| જિલ્લાકક્ષાએ થયેલ ખર્ચ | | ૧૮૬૦.૦૦ |
| રાજ્યકક્ષાએ થયેલ ખર્ચ | | ૧૯૩૨.૦૦ |
| કુલ ખર્ચ | | ૩૭૯૨.૦૦ |

**પત્રક-૨**

તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પી.ઈ.આર.પી. હેઠળ જિલ્લાવાર થયેલ ખર્ચ

| | | |
|---|---|---|
| ૯. | અમદાવાદ | ૧૩,૫૦,૦૦,૦૦૦/- |
| | | ૯૫,૪૯,૦૦,૦૦૦/- |
| | હેડ ઓફિસ ગાંધીનગર ઓફિસમાં | |
| ૧૦. | વેતન, વાહન, વિજળી, ટેલિફોન વિગેરે | ૬,૪૭,૦૦,૦૦૦/- |
| | **કુલ એકંદર ખર્ચ :** | **૧૦૧,૯૬,૦૦,૦૦૦/-** |

(૩) આ યુરોપીયન કમિશનનું માળખું શું છે, અને

(૩) યુરોપીયન કમિશનની ભારત ખાતેની મુખ્ય ઓફીસ દિલ્હીમાં અને ગુજરાતમાં ચાલતા પ્રોજેક્ટો માટે એક કચેરી ગાંધીનગર ખાતે કાર્યરત છે.

(૪) તે જે કામો કરે છે તે કઈ પધ્ધતિથી કરવામાં આવે છે ?

(૪) યુરોપીયન કમિશનના ફંડમાંથી કરવાના કામો યુરોપીયન કમિશનના નિયમો મુજબની ટેન્ડર પધ્ધતિથી હાથ ધરવામાં આવે છે.

-----------

**મેડીકલ કોલેજોમાં પોષ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમની નવી શાખાઓ શરુ કરવા બાબત**

૧૯૦૬૯ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** (સાબરમતી) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં મેડીકલ કોલેજમાં પોષ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમની કુલ કેટલી શાખાઓ શરુ કરવામાં આવી છે,

(૧) ગુજરાત રાજ્યની સરકારી મેડીકલ કોલેજો ખાતે તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ નીચે મુજબ પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમની નીચે મુજબની કુલ શાખાઓ શરૂ કરવામાં આવેલ છે.

૧. બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ-૨૧
૨. મેડીકલ કોલેજ, વડોદરા-૧૮
૩. સરકારી મેડીકલ કોલેજ, સુરત-૧૮
૪. એમ. પી. શાહ મેડીકલ કોલેજ, જામનગર-૧૯
૫. પી. ડી. યુ. મેડીકલ કોલેજ, રાજકોટ-૧૩
૬. સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર-૯

(૨) કઈ કઈ શાખામાં કેટલી સીટો મંજૂર કરવામાં આવી છે,

(૨) રાજ્યની મેડીકલ કોલેજોમાં શાખાવાર નીચે મુજબની સીટો મંજૂર કરવામાં આવી છે.

| | | |
|---|---|---|
| ૧. | એનોટોમી | ૦૯ |
| ૨. | ફીઝીયોલોજી | ૦૮ |
| ૩. | ફોરેન્સીક મેડીસીન | ૦૭ |
| ૪. | માઈક્રોબાયોલોજી | ૧૩ |
| ૫. | પેથોલોજી | ૩૪ |
| ૬. | ફાર્મેકોલોજી | ૦૯ |
| ૭. | પી. એસ. એમ. | ૧૮ |
| ૮. | એનેસ્થેસીયા | ૪૮ |
| ૯. | મેડીસીન | ૫૩ |
| ૧૦. | પીડીયાટ્રીક્સ | ૨૧ |
| ૧૧. | સાયક્યાટ્રી | ૦૬ |
| ૧૨. | ટી. બી. | ૦૬ |
| ૧૩. | સ્કીન એન્ડ વી. ડી. | ૧૧ |
| ૧૪. | રેડીયોલોજી | ૧૫ |
| ૧૫. | રેડીયોથેરાપી | ૦૨ |
| ૧૬. | ઓબ્સ એન્ડ ગાયનેક | ૩૫ |

| | | |
|---|---|---|
| ૧૬. | ઓબ્સ એન્ડ ગાયનેક | ૩૫ |
| ૧૭. | ઈ. એન. ટી. | ૧૧ |
| ૧૮. | સર્જરી | ૪૭ |
| ૧૯. | ઓપ્થલ્મોલોજી | ૨૪ |
| ૨૦. | ઓર્થોપેડીક | ૧૯ |
| ૨૧. | બાયોકમીસ્ટ્રી | ૦૧ |
| ૨૨. | આઈ. એચ. બી. ટી. | ૦૧ |

(૩) આ અંગે મેડીકલ કોલેજોમાં ઓલ ઈન્ડીયા મેડીકલ કાઉન્સીલનું ઈન્સ્પેક્શન પૂર્ણ થયું, અને

(૩) નીચેની મેડીકલ કોલેજોમાં ઓલ ઈન્ડીયા મેડીકલ કાઉન્સીલનું ઈન્સ્પેક્શન પૂર્ણ થયેલ છે.

**પી. ડી. યુ. મેડીકલ કોલેજ, રાજકોટ**

ઓબ્સ એન્ડ ગાયનેક ઈન્સ્પે. તા. ૧૯-૮-૦૪
સર્જરી ઈન્સ્પે. તા. ૧૪-૩-૦૫

**સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર**

ફીઝીયોલોજી ઈન્સ્પે. તા. ૫-૧૦-૦૬
રેડીયોલોજી ઈન્સ્પે. તા. ૨૭-૯-૦૬
ઓર્થોપેડીક ઈન્સ્પે. તા. ૧૩-૨-૦૭

(૪) તેમાં ઉઠાવેલ મુદ્દાઓની પૂર્તતા કરી દેવામાં આવી છે કે કેમ ?

(૪) તેમાં ઉઠાવેલ મુદ્દાઓની પૂર્તતા નીચે મુજબ કરી દેવામાં આવી છે.

**પી. ડી. યુ. મેડીકલ કોલેજ, રાજકોટ**

--ઓબ્સ એન્ડ ગાયનેક-તા. ૨૩-૨-૦૭થી પૂર્તતા કરેલ છે.
--સર્જરી, તા. ૨૩-૨-૦૭થી પૂર્તતા કરેલ છે.

**સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર**

--ફીઝીયોલોજી-તા. ૫-૨-૦૭થી પૂર્તતા કરેલ છે.
--રેડીયોલો- તા. ૧૨-૧૨-૦૬થી પૂર્તતા કરેલ છે.
--ઓર્થોપેડીક- તા. ૧૩-૨-૦૭ના રોજ કોમ્પ્લાયન્સ વેરીફીકેશન થયું છે.

-----------

**ભાવનગર જિલ્લામાં પ્રસુતિ સમયે થયેલ બાળમરણ**

૧૮૮૧૬ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** (પાલીતાણા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં પ્રસુતિ વખતે બાળમરણ કેટલા થયા અને આ મરણ થવાના શા કારણો છે ?

**જવાબ**

તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં પ્રસુતિ વખતે કુલ ૩૩ બાળમરણ થયા અને આ બાળમરણ ""ફિટલ ડીસ્ટ્રેસ, એન્ટી પાર્ટમ હેમરેજ, એક્લેમ્પસીયા, રપચર યુટ્રસ, પ્રીમેચ્યોર, અધુરા માસે જન્મ અને ઓછું વજન હોવું"" જેવા કારણોસર થયેલ છે.

----------

**રોગી કલ્યાણ સમિતિ દ્વારા ઉઘરાવતા નાણાનો ઉપયોગ**

૧૮૭૬૭ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** (મહુધા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના જિલ્લાઓમાં સરકારી હોસ્પિટલોમાં રોગી કલ્યાણ સમિતિઓની રચના કરી દર્દીની સારવાર અર્થે ઉઘરાવવામાં આવતા નાણા અધિકારીઓની ઓફિસો સજાવવામાં આવે છે એ હકીક્ત સાચી છે,

(૨) આ નાણા ડોકટરોની સુવિધા માટે ઉઘ ારાવવામાં આવે છે કે દર્દીઓની સારવાર અર્થે, અને

(૩) શું રોગી કલ્યાણ સમિતિ દ્વારા ઉઘરાવવાતા નાણા સરકાર બંધ કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) અને (૨) : દર્દીઓની સારવાર/સુવિધા માટે તથા દાક્તર દર્દીને સારી રીતે તપાસી અને ગુણવત્તાસભર સારવાર આપી શકે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે વાપરવામાં આવે છે.

(૩) સરકારી હોસ્પિટલો/દવાખાનાઓમાં ગરીબી રેખા હેઠળ જીવતા તેમજ આર્થિક રીતે સક્ષમ ન હોય

નાણા સરકાર બંધ કરવા માંગે છે કે કેમ ?

તેવા દર્દીઓને તમામ સારવાર મફ્ત પુરી પાડવામાં આવે છે. આર્થિક રીતે સક્ષમ અને ખર્ચ કરી શકે તેવા દર્દીઓ પાસેથી યુઝર્સ ચાર્જીસ પેટે સ્વેચ્છિક ધોરણે ઉઘરાવેલા નાણાંનો ઉપયોગ જે તે હોસ્પિટલની તબીબી સેવાઓ/સવલતો સુધારવા માટે વાપરવામાં આવે છે.

-----------

**લીમડી તાલુકામાં વરસાદને લીધે રસ્તા તૂટી જવા બાબત**

૧૯૨૩૬ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** (લીંબડી) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૬ના વર્ષમાં થયેલા વરસાદને કારણે કેટલા રસ્તા લીંબડી તાલુકામાં તૂટી જવા પામેલ છે. | (૧) ૨૬ રસ્તાઓને નુક્શાન થયેલ છે. |
| (૨) આમાંથી કેટલા રસ્તા તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં રીપેર થયા છે, | (૨) તમામ રસ્તાઓ રીપેર કરેલ છે. |
| (૩) હજુ રસ્તા કેટલા રીપેર થવાના બાકીમાં છે, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) રસ્તા રીપેર ન થવાના શાં કારણો છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) આને માટે કેટલી ગ્રાન્ટ ફાળવાઈ છે ? | (૫) તાલુકાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. |

-----------

**ભાવનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ કરવા બાબત**

૨૦૫૨૭ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** (ભાવનગર શહેર ઉત્તર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પ્રવાસન વર્ષની ઉજવણીના ભાગરૂપે ભાવનગર જિલ્લામાં ક્યા ક્યા પ્રવાસન સ્થળોનો વિકાસ શરૂ કરવામાં આવ્યો, | (૧) ભાવનગર જિલ્લામાં સાથે રાખેલ પત્રક-અ માં દર્શાવ્યા મુજબના પ્રવાસન સ્થળોનો વિકાસ કરવાનું શરૂ કરવામાં આવેલ છે. |
| (૨) પ્રવાસન વર્ષ ૨૦૦૬માં સ્થળના વિકાસ માટે મૂડી રોકાણ કેટલું થયું, અને | (૨) મૂડી રોકાણ કરવામાં આવેલ નથી પરંતુ પ્રવાસન વર્ષ ૨૦૦૬ હેઠળ જિલ્લાના પ્રવાસન સ્થળો ખાતે આંતરમાળખાકિય સુવિધા અને પ્રવાસી સુવિધા વિક્સાવવા રૂા.૨/-કરોડની ગ્રાન્ટ ફાળવેલ છે. |
| (૩) પ્રવાસન વર્ષ નિમિત્તે હાથ પર લીધેલ કામો કેટલા સમયમાં પૂર્ણ કરાશે? | (૩) સત્વરે |

**પત્રક-અ**

પ્રવાસન વર્ષ ૨૦૦૬ અન્વયે ભાવનગર જિલ્લામાં પ્રવાસન સ્થળ અને તેના વિકાસ માટે કરવામાં આવલે કામગીરી દર્શાવતું પત્રક

| ક્રમ | પ્રવાસન સ્થળ અને તેનો વિકાસ |
|---|---|
| (૧) | ગુંદી કોળીયાક રસ્તાને પહોળો (ફોરલેન) તથા મજબુતીકરણ સાથે ડામર સપાટીનું કામ વીથ કોઝ-વે |
| (૨) | પાર્કીંગ ઓપન કાળીયાક-કુડા |
| (૩) | ગોપનાથ સમુદ્રતટે બેસવા માટે બાંકડા |
| (૪) | ગોપનાથ પાર્કીંગ માટે |
| (૫) | ગંગા જળીયા તળાવને ફરતી બાઉન્ડ્રી વોલ મજબુતી કરણ ફ્લોરીંગ લાઈટીંગ વગેરે અન્ય સુવિધા ઉભી કરવા બાબત. |
| (૬) | પાલીતાણા ખાતે તળેટી રોડ ઉપર પુરુષો તથા મહિલાઓના માટે ટોયલેટ નંગ-૨ બનાવવા બાબત. |
| (૭) | પાલીતાણા ખાતે ક્રબીંગ તથા રેઈલીંગ તળેટીથી ભેરવનાથ ચોકની કામગીરી અંગે તથા અપંગ લોકો માટે તળેટી પર રેમ્પની કામગીરી કરવા માટે. |
| (૮) | કોળીયાક ખાતે પ્રવાસન સ્થળે આવેલ નાળા રીપેરીંગ, પીવાના પાણીની સુવિધા, વોટર સ્ટેન્ડ, દરિયા કીનારે બેસવાના બાંકડા, તથા બેન્ચોની સુવિધા ઉભી કરવી. |
| (૯) | પુરૂષો અને સ્ત્રીઓ માટે શોચાલય ઉભા કરવા |
| (૧૦) | ક્તપર, ભાવની બીચ ખાતે પીવાના પાણીની વ્યવસ્થા કરવી |
| (૧૧) | કોળીયાક મેળા નિમિત્તે નાળાનું મેટલીંગ તથા શોચાલય બનાવવા |

| | |
|---|---|
| (૧૨) | કોળીયાક કીનારેથી શરૂ કરી ઘોઘા-કુડા-મીઠી વિરડીને જોડતાં એડવેન્ચર ટ્રેક રૂટ બનાવવા |
| (૧૩) | ભવાની બીચ સમુદ્ર તટે બેસવા માટે બાંકડા, વનકુટીર તથા ક્ચરાપેટી બનાવવી. |
| (૧૪) | ભાવની બીચ સમુદ્ર તટે પે એન્ડ યુઝ ટોઈલેટ તથા સોલારલાઈટ બનાવવી. |
| (૧૫) | ગોપનાથ ખાતે ક્ચરાપેટી, સમુદ્ર તટે પે એન્ડ યુઝ ટોઈલેટ ઉભા કરવા |
| (૧૬) | વિકટીરીયા પાર્ક ભાવનગર ખાતે અર્બોરિટમ, વન ભોજન સ્થળનું અપગ્રેડેશન, ભોજનશાળા, પ્રાણીઓના પરિચય ફ્લેક્સ બોર્ડ, વોચ ટાવર, રીસેપ્સન એન્ડ ઈન્ટરપ્રિટેશન સેન્ટરની ક્રામગીરી પૂર્ણ કરવી. |
| (૧૭) | ગોપનાથ ખાતે પીવાના પાણીની વ્યવસ્થા કરવી |
| (૧૮) | ગોતમેશ્વર તળાવ પર બેસવાના બાંકડા, પીવાના પાણીની વ્યવસ્થા, લાઈટ સુશોભન, બગીચા ખાતે સફાઈની ક્રામગીરી માટે વ્યવસ્થા ઉભી કરવી. |

-----------

**સુરેન્દ્રનગર શહેરની ગાંધી હોસ્પિટલમાં સેટઅપ મુજબનો સ્ટાફ**

૧૯૪૮૬ **શ્રી ધનરાજભાઈ કેલા** (વઢવાણ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર શહેરની ગાંધી હોસ્પિટલમાં સેટઅપ પ્રમાણે કેટલી જ્ગ્યાઓ ખાલી છે,

(૨) આ જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) સરકાર ખાલી જ્ગ્યાઓ ક્યારે પુરવા માંગે છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર શહેરની ગાંધી હોસ્પિટલમાં સેટઅપ પ્રમાણે નીચે મુજબની જ્ગ્યાઓ ખાલી છે.

| **સંવર્ગ** | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૧૬ | ૬ | ૧૦ |
| વર્ગ-૨ | ૧૫ | ૧૧ | ૪ |
| વર્ગ-૩ | ૬૫ | ૫૨ | ૧૩ |
| વર્ગ-૪ | ૪૦ | ૩૨ | ૮ |
| **કુલ** | **૧૩૬** | **૧૦૧** | **૩૫** |

(૨)

| **સંવર્ગ** | **ખાલી જ્ગ્યાની સંખ્યા** | **ક્યારથી ખાલી** |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૦ | તા. ૨૬/૩/૦૧થી તા.૨૫/૧૧/૦૬ દરમ્યાન |
| વર્ગ-૨ | ૪ | તા. ૨૪/૮/૦૬થી તા.૧/૧/૦૭ દરમ્યાન |
| વર્ગ-૩ | ૧૩ | તા. ૧/૬/૯૯થી તા.૧૮/૧/૦૭ દરમ્યાન |
| વર્ગ-૪ | ૮ | તા. ૧/૯/૦૫થી તા.૭/૧૧/૦૬ દરમ્યાન |

(૩) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

-----------

**કાયદા વિભાગ દ્વારા નોટરીની નિમણૂક**

૧૯૫૨૩ **શ્રી માધુભાઈ જે. ભોયે** (ડાંગ વાંસદા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કાયદા વિભાગ દ્વારા તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલા નોટરીની નિમણૂકના હુકમો કરવામાં આવ્યા?

**જવાબ**

સને ૨૦૦૫ અને સને ૨૦૦૬માં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ નોટરી ક્રમાંક ૫૭૯થી નોટરી ક્રમાંકઃ ૫૯૫ એમ ૧૭ નોટરીને, ગુજરાત સરકારે નિમણૂંક આપેલ છે. જેની જિલ્લાવાર સંખ્યા નીચે પ્રમાણે છે.

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **નિમણૂક આપેલ નોટરીની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૩ |
| ૨ | કચ્છ | ૨ |
| ૩ | સાબરકાંઠા | ૨ |
| ૪ | અમદાવાદ જિલ્લો | ૨ |
| ૫ | મહેસાણા | ૧ |

| | | |
|---|---|---|
| ૬ | જુનાગઢ | ૧ |
| ૭ | ભરૂચ | ૧ |
| ૮ | આણંદ | ૧ |
| ૯ | અમરેલી | ૧ |
| ૧૦ | વડોદરા | ૧ |
| ૧૧ | રાજકોટ | ૧ |
| ૧૨ | ખેડા | ૧ |
| | **કુલ :** | **૧૭** |

### જીરા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન જર્જરીત હોવા બાબત

૨૦૫૨૧ **શ્રી બાલુભાઈ તંતી** (ધારી) **: માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધારી તાલુકાનાં જીરા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન જર્જરીત અને સુવિધા વિહોણું છે તે હકીક્ત સરકાર જાણે છે કે કેમ,

(૨) આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નવું મકાન બનાવવા સરકાર વિચારે છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં મંજૂર થશે?

**જવાબ**

(૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન જર્જરીત છે, પરંતુ દવા, સાધન સામગ્રી તથા વાહનની સગવડતા પર્યાપ્ત છે.

(૨) હા, જી.

(૩) આ પ્રક્રિયા શરૂ કરી છે.

-----------

### રાજકોટ તાલુકાના કુવાડવાથી સરધારને જોડતા રસ્તાનું ડામરકામ

૧૮૭૮૭ **શ્રી ટપુભાઇ લીંબાસીયા** (રાજકોટ-૧) **: માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ તાલુકાના કુવાડવાથી સરધારને જોડતા રસ્તાને ડામર કારપેટ કરવાનું કામ ક્યારે અને કેટલી રકમના ખર્ચે મંજૂર કરવામાં આવ્યું,

(૨) કુવાડવાથી રફાળા સુધીનો રસ્તો ૧૦ કિ.મી. નો હજુ ડામર કામ કરવાનું બાકી છે તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) આ કામ બાકી રહી જવાના કારણો શાં છે?

**જવાબ**

(૧) સદર રસ્તાની જુદી જુદી લંબાઈમાં ૨૦૦૧-૦૨, ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫, અને ૨૦૦૫-૦૬ના વર્ષોમાં કુલ રૂા. ૭૪.૪૯ લાખના ખર્ચના કામ મંજૂર કરવામાં આવ્યા.

(૨) કુવાડવાથી રફાળા અનુભાગ પૈકી ૨.૭૦ કિ.મી. લંબાઈમાં ડામરકામ પૂર્ણ કરેલ છે જ્યારે અન્ય લંબાઈમાં નાણાકીય ઉપલબ્ધતા પ્રમાણે આયોજન કરવામાં આવશે.

(૩) નાણાંકીય ઉપલબ્ધતા પ્રમાણે તબક્કાવાર કામોનું આયોજન કરેલ હોવાથી

-----------

### કોઠંબા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર મહેકમ

૧૯૭૫૭ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** (શહેરા) **: માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કોઠંબા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) મંજૂર મહેકમ

| ક્રમાંક | વર્ગ | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૧ |
| ૨ | વર્ગ-૨ | ૨ |
| ૩ | વર્ગ-૩ | ૧૪ |
| ૪ | વર્ગ-૪ | ૧૦ |

(૨) તે અન્વયે સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલા સમયથી ખાલી છે,

(૨) સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ

| ક્રમાંક | વર્ગ | ખાલી જ્ગ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૧ | તા. ૧/૩/૨૦૦૦થી |
| ૨ | વર્ગ-૨ | ૧ | તા. ૧/૧/૦૬થી |
| ૩ | વર્ગ-૩ | ૭ | તા. ૧/૩/૨૦૦૦થી તા.૧૬/૯/૦૬ દરમ્યાનથી |
| ૪ | વર્ગ-૪ | ૩ | તા. ૧/૩/૨૦૦૦થી તા.૧૪/૮/૦૪ દરમ્યાનથી |

(૩) આ ખાલી જ્ગ્યાઓ સત્વરે ભરવા માંગો છો કે કેમ, અને

(૩) હા, જી.

(૪) જ્ગ્યાઓ ના ભરાયેલ હોય તો તેના કારણો શાં છે?

(૪) ખાલી જ્ગ્યાઓ ભરવાની પ્રક્રિયા ચાલુ હોય છે, લાયક ઉમેદવારો મેળવવાના પ્રયાસો થવાથી.

-----------

## અમદાવાદ શહેર અને જિલ્લામાં પવિત્ર યાત્રાધામના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ

૧૯૭૮૧ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે અમદાવાદ શહેર અને જિલ્લામાં આવેલા કેટલા અને ક્યા ક્યા પવિત્ર યાત્રાધામના વિકાસ માટે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલું ફંડ ફાળવેલ છે, અને

**જવાબ**

(૧) નીચે પ્રમાણે

| | કામનું નામ | ફાળવેલ ફંડ |
|---|---|---|
| (અ) | ધોળકા ઉંટવાળી માતા આંબઠી અંધારી રોડ કી.મી. ૦/૦ થી ૭/૮ તા. ધોળકા | ૪૮.૦૦ લાખ |
| (બ) | સહીજ અંધારી વીરપુર વીરડી કોકા રોડ સેક્શન અંધારીથી વીરપુર રોડ કી.મી. ૨/૫ થી ૫/૦ તા. ધોળકા | ૧૫.૦૦ લાખ |
| (ક) | વીરપુર વોઠા રોડ | ૨૮.૦૦ લાખ |
| (ડ)(૧) | કન્સ્ટ્ર.સી.સી. રોડ એટ ભડીયાદ વિલેજ એ. રોડ કી.મી. ૦/૦ થી ૦/૫૫ તા. ધંધુકા તથા રેઈઝીંગ ઓફ એક્ઝીસ્ટીંગ કોઝવે ઓન ફેદરા કાસીન્દ્રા ભડીયાદ રોડ કી.મી. ૧૭/૨ થી ૧૭/૪ તા. ધંધુકા | ૭.૦૦ લાખ |
| (૨) | ભડિયાદ પીર યાત્રાધામ તા. ધંધુકા ના વિકાસ માટે ભડિયાદ-ફેદરા-પચ્છમ-ગ્રાફ એપ્રોચ રોડ માટે | ૨૪.૦૦ લાખ |
| (ઈ) | ઝાંઝરકા સંતશ્રી સવૈયાનાથ મંદિર મુકામે યાત્રાળુ માટે સંકુલ હોલ તથા સેનીટેશન બ્લોક અને પાણીની સુવિધા માટેનું કામ | ૨૫.૦૦ લાખ |
| | કુલ પાંચ કામો | ૧૪૭.૦૦ લાખ |

| | | |
|---|---|---|
| (ફ) | અમદાવાદ શહેરના સરખેજના રોજાના વિકાસકામો માટે અમદાવાદ શહેર વિકાસ સત્તા મંડળ દ્વારા | ૧૦૦.૦૦ લાખ |
| | **કુલ :** | **૨૪૭.૦૦ લાખ** |

(૨) અમદાવાદ શહેરમાં આવેલ પવિત્ર યાત્રાધામ સરખેજના રોજા માટે કેટલું ફંડ ફાળવવામાં આવ્યું છે?

(૨) અમદાવાદ શહેર વિકાસ સત્તા મંડળ(ઓડા) દ્વારા સરખેજ રોજાના વિકાસ માટે રૂા. ૧૦૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

-----------

**આણંદ જિલ્લામાં પ્લાન/નોન પ્લાન રસ્તાઓ**

૨૦૫૧૪ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) **: માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર પ્લાન-નોન પ્લાન રસ્તાઓ કેટલા છે,

**જવાબ**

(૧) આણંદ જીલ્લામાં તાલુકાવાર પ્લાન/નોન પ્લાન રસ્તાઓની લંબાઈ નીચે મુજબ છે.

| **તાલુકા** | **પ્લાન** | **નોન પ્લાન** |
|---|---|---|
| આણંદ | ૯૨ | ૧૫૮ |
| ઉમરેઠ | ૪૮ | ૭૧ |
| બોરસદ | ૯૯ | ૧૧૩ |
| આંક્લાવ | ૩૩ | ૭૮ |
| પેટલાદ | ૭૮ | ૧૧૨ |
| સોજીત્રા | ૩૯ | ૩૮ |
| ખંભાત | ૮૫ | ૪૫ |
| તારાપુર | ૫૩ | ૨૯ |

(૨) નોન પ્લાન રસ્તાઓને પ્લાનમાં તબદીલ કરવાની કાર્યવાહી છેલ્લે ક્યા વર્ષમાં થયેલ છે,

(૩) હયાત નોન-પ્લાન રસ્તાઓને પ્લાનમાં તબદીલ કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલા સમયમાં ?

(૨), (૩) અને (૪) નોન પ્લાન રસ્તાને પ્લાનમાં તબદીલ કરવાની કોઈ નિતી નથી.

----------

**કેન્દ્ર સરકાર સમક્ષ માર્ગ અને મકાન વિભાગના પડતર પ્રશ્નો**

૨૦૧૬૭ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** (ટંકારા) **: માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેન્દ્ર સરકાર સમક્ષ માર્ગ અને મકાન વિભાગ હસ્તકના કેટલા અને ક્યા ક્યા પ્રકારના પ્રશ્નો પડતર પડેલ છે,

(૨) પ્રશ્નોના તાકીદે નિરાકરણ લાવવા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી વાર રજૂઆતો કરાયેલ છે, અને

(૩) કેન્દ્ર સરકાર દ્વારા કેટલા પ્રશ્નોના નિરાકરણ કરાયેલા છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની પરિસ્થિતિએ કેન્દ્ર સરકાર સમક્ષ વિભાગ હસ્તકના રસ્તાને લગતા ૪૯ તથા રેલ્વેને લગતા ૨૫ પ્રશ્નો થઈને કુલ ૭૪ પ્રશ્નો પડતર રહેલા છે.

(૨) રાજ્યને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે કેન્દ્ર સરકાર સમક્ષની રજૂઆતો એ એક સતત ચાલતી પ્રક્રીયા છે રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે આ બાબતે કેન્દ્ર સરકારને રજુઆતો કરવામાં આવેલી છે,

(૩) તા. ૩૧/૧/૦૭ પછી, ખંડ (૧) માં દર્શાવેલ પ્રશ્નો પૈકી રેલ્વેને લગતા ૫ - પ્રશ્નો અંગે અંશતઃ નિરાકરણ કરાયેલ છે.

-----------

તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૭
અતારાંકિત પ્રશ્નો

**ભાવનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉક્ટરોની ખાલી જગ્યા**

૧૮૯૩૧ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** (રખિયાલ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં જુદા જુદા વર્ગના કુલ કેટલા ડૉક્ટરોની ક્યા ક્યા કેન્દ્રોમાં જગા ખાલી છે,

(૨) આ જગાઓ ખાલી ક્યારથી છે અને ખાલી રહેવાનાં શાં કારણો છે, અને

(૩) આ જગાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં જુદા જુદા વર્ગના ડૉક્ટરોની ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| કેન્દ્રનું નામ | વર્ગ-૧ | વર્ગ-૨ |
|---|---|---|
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | -- | ૪ |
| સામુહિક આરોગ્ય કેન્દ્ર | ૧૪ | ૬ |

ડૉક્ટરોની ક્યા ક્યા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં જગા ખાલી છે તે દર્શાવતું પત્રક-૧ તથા પત્રક-૨ સામેલ છે.

(૨) જગ્યાઓ ક્યારથી ખાલી છે તે દર્શાવતું પત્રક-૧ તથા પત્રક-૨ સામેલ છે.
આ જગ્યાઓ માટેના લાયકાતવાળા ઉમેદવાર ન ઉપલબ્ધ થવાના કારણે ખાલી જગ્યાઓ ભરી શકાયેલ નથી.

(૩) (૧) અધિક્ષક વર્ગ-૧ની ખાલી જગ્યા અંગે દર મંગળવારે કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય)ની કચેરી ખાતે વૉક-ઇન-ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. તેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઇચ્છુક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરી શકાશે તથા મેડીકલ કોલેજો તરફથી પી.જી.બૉન્ડેડ ઉમેદવારોનું લીસ્ટ કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય), ગાંધીનગરની કચેરીને મળ્યેથી જે તે જગ્યા ભરવામાં આવશે.

(૨) વર્ગ-૨ સંવર્ગની તબીબી અધિકારીની ખાલી જગ્યાઓ એડહોક નિમણૂંકથી ભરવા અંગે વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગાંધીનગર ખાતે ઓપન ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે તેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઇચ્છુક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરી શકાશે તેમ જ રાજ્ય હસ્તકની તબીબી કોલેજોમાંથી ઉમેદવારોની યાદી મળ્યેથી બોન્ડેડ ઉમેદવારોને નિમણૂંક આપવા અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

**પત્રક - ૧**

ભાવનગર જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રોની તજજ્ઞ, વર્ગ-૧ ની માહિતી :- તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિ :

| ક્રમ | જિલ્લાનું નામ | સંવર્ગનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્રનું નામ | મંજુર | ભરેલી | ખાલી | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | અધિક્ષક, વર્ગ-૧ | બોટાદ | ૩ | ૧ | ૨ | સરકારશ્રીના તા.૧-૮-૦૪ના આદેશથી સા. આ. કેન્દ્ર, દાઠા તથા ઘોઘા ખાતેની અધિક્ષક,વર્ગ-૧ ની જગ્યા સા.આ.કેન્દ્ર, બોટાદ ખાતે તબદીલ કરવામાં આવેલ છે. સા. આ. કેન્દ્ર, દાઠાની જગ્યા તા. ૬-૫-૦૬ થી તથા ઘોઘાની જગ્યા તા. ૧-૭-૦૪ થી ખાલી |
| ૨ | ---""--- | ---""--- | શિહોર | ૧ | ૦ | ૧ | તા. ૬-૯-૦૩ થી ખાલી |
| ૩ | ---""--- | ---""--- | ગઢડા | ૧ | ૦ | ૧ | તા. ૫-૪-૦૨ થી ખાલી |
| ૪ | ---""--- | ---""--- | તળાજા | ૧ | ૦ | ૧ | તા. ૧૮-૬-૦૫ થી ખાલી |
| ૫ | ---""--- | ---""--- | વલ્લભીપુર | ૧ | ૧ | ૦ | |
| ૬ | ---""--- | ---""--- | ગારીયાધાર | ૧ | ૦ | ૧ | તા. ૧૩-૭-૯૭ થી ખાલી |
| ૭ | ---""--- | ---""--- | મોટાખૂંટવડા | ૧ | ૦ | ૧ | તા. ૨૮-૨-૮૯ થી ખાલી |
| ૮ | ---""--- | ---""--- | કોળીયાક | ૧ | ૦ | ૧ | તા. ૫-૬-૯૮ થી ખાલી |
| ૯ | ---""--- | ---""--- | પાળીયાદ | ૧ | ૧ | ૦ | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ---""--- | ---""--- | ઉમરાળા | ૧ | ૦ | ૧ | તા. ૩-૪-૦૧ થી ખાલી |
| ૧૧ | ---""--- | ---""--- | વરતેજ | ૧ | ૦ | ૧ | તા. ૨૮-૧૧-૨૦૦૦ થી ખાલી |
| ૧૨ | ---""--- | ---""--- | જેસર | ૧ | ૧ | ૦ | |
| ૧૩ | ---""--- | ગાયનેકોલોજીસ્ટ વર્ગ-૧ | ગઢડા | ૧ | ૦ | ૧ | તા. ૨૪-૭-૦૩ થી ખાલી |
| ૧૪ | ---""--- | ---""--- | બોટાદ | ૧ | ૦ | ૧ | તા. ૧૧-૮-૦૬ થી ખાલી |
| ૧૫ | ---""--- | પેડીયાટ્રીશ્યન વર્ગ-૧ | ગઢડા | ૧ | ૦ | ૧ | તા. ૧૦-૧૦-૨૦૦૦ થી ખાલી |
| ૧૬ | ---""--- | ---""--- | બોટાદ | ૧ | ૦ | ૧ | તા. ૧૬-૭-૦૧ થી ખાલી |
| | | | કુલ : | ૧૮ | ૪ | ૧૪ | |

**જ્યાઓ ખાલી રહેવાનાં કારણો :-** આ જ્ગ્યા માટેના યોગ્ય લાયકાતવાળા ઉમેદવાર ઉપલબ્ધ ન થવાના કારણે ખાલી જ્ગ્યાઓ ભરી શકાયેલ નથી.

**પત્રક - ૨**

ભાવનગર જિલ્લાના સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૨, તબીબી અધિકારીની ખાલી જ્ગ્યાઓ
(તા. ૩૧-૧૨-૦૬ અંતિત )

| સ્થળનું નામ | | તાલુકો | મંજુર | ભરેલી | ખાલી | | ખાલી જ્ગ્યાની વિગત | |
|---|---|---|---|---|---|---|---|---|
| સામૂહિક આરોગ્ય કેન્દ્ર | વલ્લભીપુર | વલ્લભીપુર | ૩ | ૨ | ૧ | | ગેરહાજર | ૧૫-૬-૦૬ |
| | બોટાદ | બોટાદ | ૩ | ૩ | ૦ | | | |
| | પાળીયાદ | પાળીયાદ | ૩ | ૨ | ૧ | | વયનિવૃત્તિ | ૩૦-૬-૦૬ |
| | ગઢડા | ગઢડા | ૩ | ૩ | ૦ | | | |
| | તળાજા | તળાજા | ૩ | ૩ | ૦ | | | |
| | દાઠા | તળાજા | ૨ | ૨ | ૦ | | | |
| | શિહોર | શિહોર | ૩ | ૩ | ૦ | | | |
| | ગારીયાધાર | ગારીયાધાર | ૩ | ૨ | ૧ | | રાજીનામું | ૮-૨-૦૬ |
| | ઉમરાળા | ઉમરાળા | ૨ | ૨ | ૦ | | | |
| | કોળીયાક | ભાવનગર | ૨ | ૨ | ૦ | | | |
| | વરતેજ | ભાવનગર | ૨ | ૨ | ૦ | | | |
| | મોટાખુંટવાડા | મહુવા | ૩ | ૨ | ૧ | | સેવા સમાપ્ત | ૭-૧૧-૦૫ |
| | ઘોઘા | ઘોઘા | ૨ | ૧ | ૧ | | બદલી | ૧૬-૧૧-૦૬ |
| | જેસર | મહુવા | ૩ | ૨ | ૧ | | બદલી | ૧૬-૫-૦૬ |
| ~~એચબી-૯૧૧-૮~~ | | | ૩૭ | ૩૧ | ૦૬ | | | |
| | | | | | | ખાલી જ્ગ્યાના નામ | | |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ભાવનગર | | ૪૪ | ૪૦ | ૪ | ભદ્રાવદ્દી | રાજીનામું | ૨૧-૧૨-૦૬ |
| | | | | | | લાખેલી | રાજીનામું | ૨૧-૧૨-૦૬ |
| | | | | | | નાની રાજસ્થળી | રાજીનામું | ૧-૧૧-૦૬ |
| | | | | | | ગઢાળી | બદલી | ૧-૧૧-૦૬ |
| મોબાઇલ યુનીટ | | | ૨ | ૨ | ૦ | | | |
| એલો.ડીસ્પેન્સરી | | | ૨ | ૨ | ૦ | | | |
| ઇ.એમ.ઓ. | | | ૧ | ૧ | ૦ | | | |

-----------

**ભાવનગર ધોલેરા કોસ્ટલ હાઇવે ચોમાસા દરમ્યાન બંધ રાખવા બાબત**

૧૯૩૪૬ **શ્રી સુનીલ બા. ઓઝા** (ભાવનગર શહેર દક્ષિણ) **: માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચોમાસા દરમ્યાન ભાવનગર ધોલેરા કોસ્ટલ હાઇવે અવારનવાર બંધ થાય છે તેની માહિતી રાજ્ય સરકારને છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો તે અંગેની તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેટલી ફરિયાદો સરકારને મળેલ છે, અને | (૨) ત્રણ. |
| (૩) તેના નિરાકરણ માટે રાજ્ય સરકારે શા પગલાં લીધાં છે ? | (૩) છેલ્લા બે વર્ષમાં ભારે વરસાદ/પુરને કારણે ઓવરટોપીંગ થયેલ રસ્તાઓનો તાંત્રીક અભ્યાસ કરાવી આગળની કાર્યવાહી કરવાનું આયોજન છે. |

-----------

## ભાવનગરની સર ટી હોસ્પિટલમાં મશીનો ખરીદવા બાબત

૧૯૧૧૪ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** (ગઢડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ભાવનગર ખાતેની સર ટી હોસ્પિટલ ખાતે છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા પ્રકારની કેટલી રકમના મશીનો ખરીદવામાં આવ્યા,

(૨) આ સાધનોનો ઉપયોગ લેવાય છે કે કેમ,

(૩) તેના માટે લાયકાત ધરાવતા ટેક્નીશીયનો તેમજ ડૉક્ટરોની નિમણૂંક ક્યારે કરવામાં આવી,

(૪) જો ના, તો આવા અદ્યતન સાધનો ઉપલબ્ધ હોવા છતાં તેના લાભથી દર્દીઓ વંચીત રહે તેના માટે કોણ જવાબદાર છે, અને

(૫) ક્યા ક્યા મશીનો હાલ બંધ હાલતમાં છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ભાવનગર ખાતેની સર ટી.હોસ્પીટલ ખાતે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની વિગતે મશીનો ખરીદવામાં આવ્યા છે.

| **મશીનનું નામ** | **રકમ રૂા.** |
|---|---|
| કેપ્નોગ્રાફી મશીન | ૫,૯૨,૦૦૦ |
| સી.આર.સીસ્ટમ | ૭૭,૫૫,૦૦૦ |
| પેટ સીસ્ટમ | ૧,૫૦,૦૦,૦૦૦ |
| ડેન્ટલચેર | ૧,૮૭,૮૫૨ |
| બાયો કેમેસ્ટ્રીઓટોએનેલાઇઝર | ૧,૬૫,૦૦૦ |
| સર્જીકલ કોટ્રી નંગ-૫ | ૫,૪૬,૦૦૦ |
| **મશીનનું નામ** | **રકમ રૂા.** |
| એનેસ્થેસીયા ટ્રોલી | ૨,૦૦,૦૦૦ |
| ડાયાલીસીસ મશીન | ૪,૯૫,૦૦૦ |
| પેરીફરલવાસ્ક્યુલર ડોપલર મશીન | ૫૦,૦૦૦ |
| વીબ્રીયો મશીન | ૩૬,૦૦૦ |
| આર.વી.જી. સેન્સર | ૮૫,૦૦૦ |
| પ્લાઝમા ડીસ્પલે | ૧,૫૦,૯૬૦ |
| સી.ટી.આર.ઓર્થોપેડીક ટેબલ | ૩,૨૬,૪૨૦ |

(૨) સી.આર.સીસ્ટમ અને પેટ સીસ્ટમ મશીનોના ઇન્સ્ટોલેશનની કામગીરી ચાલુ છે તે સિવાયના મશીનો ઉપયોગમાં લેવાય છે.

(૩) હોસ્પિટલમાં લાયકાત ધરાવતા ટેક્નીશીયન/ડૉક્ટર ઉપલબ્ધ છે જ.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) તમામ મશીનો ચાલુ હાલતમાં છે.

-----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં નવી ડિસ્ટ્રીક્ટ કોર્ટ બનાવવા બાબત

૨૦૦૧૭ **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા** (હળવદ) : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં નવી ડિસ્ટ્રીક્ટ કોર્ટ સરકાર બનાવવા માગે છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યારે અને ક્યાં ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## કચ્છ જિલ્લામાં પ્રવાસન વિકાસ માટેના પગલાં

૨૦૦૫૩ **શ્રી શીવજીભાઈ ક. આહીર** (ભૂજ) **: માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૬-૦૭ના ચાલુ વર્ષમાં સરકારે કચ્છ જિલ્લામાં પ્રવાસન વિકાસ માટે ડીસે.-૨૦૦૬ની સ્થિતિએ શાં પગલાં લીધા છે, અને

(૨) તે પેટે સરકારે કેટલો ખર્ચ કર્યો છે ?

**જવાબ**

(૧) કચ્છ જીલ્લામાં પ્રવાસન વિકાસ માટે ડિસેમ્બર-૨૦૦૬ની સ્થિતિએ પત્રકમાં દર્શાવેલ પ્રવાસન સ્થળોનો વિકાસ માટે પગલાં લીધેલ છે.

(૨) રૂા. ૭૪૮.૬૯ લાખ

**પત્રક (અ)**

પ્રવાસન વર્ષ ૨૦૦૬ દરમ્યાન કચ્છ જિલ્લામાં પ્રવાસન વિકાસ માટે જીલ્લા તંત્ર દ્વારા લીધેલ પગલાં

| ક્રમ | પ્રવાસન સ્થળનું નામ | થનાર અંદાજીત ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | અંબાજી મંદિર અંજાર, કંપાઉન્ડ વોલ | ૨.૫૦ |
| ૨ | થાન મંદિર રસ્તો તથા પગથીયા સુધારવા માટે | ૬.૦૦ |
| ૩ | માતાના મઢ રસ્તાઓ માટે | ૨૩.૦૦ |
| ૪ | બોર્ડર વાયર ફેન્સીંગ નારાયણ સરોવર, કોટેશ્વર જંગલ વિસ્તારમાં | ૨.૫૦ |
| ૫ | ઇકો ટુરીઝમ કોમ્પલેક્ષ ત્રણ ભાતીગળ ભુંગા | ૪.૫૦ |
| ૬ | પીંગલેશ્વર મહાદેવ મંદિર પાસે લોક ઉધાન, જાહેર શોચાલય, દરિયા કિનારે જાહેર શોચાલય, સીમેન્ટના બાંકડા, ત્રણ વનકુટિર, મંદિર સંકુલ પાસે તળાવના પગથીયા બનાવવાની કામગીરી | ૧૮.૫૦ |
| ૭ | કંથકોટ કિલ્લા ઉપર સી.સી.રોડ | ૨.૦૦ |
| ૮ | નાદ્રા નાના બિલેશ્વર મહાદેવ ધાર્મિક પ્રવાસન સ્થળ ઉપર સોલાર લાઇટ, બાલવાટીકા, પાણીનો ટાંકો બનાવવાની કામગીરી | ૪.૨૦ |
| ૯ | કાળા ડુંગર ઉપર સનસેટ પોઇન્ટનો વિકાસ તથા સાહસિક પર્યટન સ્થળ ઉભુ કરવું | ૩.૫૦ |
| ૧૦ | ધોળાવીરા ખાતે એમ. થી. થીયેટર ઉભું કરવું | ૮.૦૦ |
| ૧૧ | ધીણોધર ડુંગર ઉપર વનકુટિર બે બનાવવા | ૨.૦૦ |
| ૧૨ | ધીણોધર ડુંગર શીખર મંદિર પર પ્રવાસી જનતાની સગવડ માટે માળખાકિય સુવિધા ઉભી કરવી | ૧૦.૫૦ |
| ૧૩ | અબડાપીર સ્થાનક રામપર (અ) તાલુકો અબડાસા જનતાની સગવડ માટે માળખાકિય સુવિધા ઉભી કરવી | ૩.૧૫ |
| ૧૪ | સુમરીદાદા સ્થાનક રામપર (અ) તા. અબડાસા ખાતે બેસવા માટે સીમેન્ટના બાંકડા નંગ ૫ બનાવવા | ૦.૧૫ |
| ૧૫ | મતિયાદેવ મંદિર ગુડથર ખાતે સીમેન્ટના બાંકડા નંગ-૧૦ તથા વિશ્રામ કુટીર નંગ-૧ બનાવવી. | ૧.૦૫ |
| ૧૬ | બળવંતરાય મહેતા સ્મારક સુથરી ખાતે સીમેન્ટના બાંકડા નંગ-૫ બનાવવા | ૦.૧૫ |
| ૧૭ | લોરીયા ગામ પાસે વેકરીયા મુકામે આરસીસી સ્ટેજ, ઓટલા બનાવવા | ૬.૧૦ |
| ૧૮ | કાળો ડુંગર ખાતે વનકેડી બનાવવી સાંસ્કૃતિક વારસા જાળવણી માટે તથા ઓટલાની જાળવણી માટે | ૧૦.૧૦ |
| ૧૯ | જેસલ તોરલ સમાધી ખાતે ઇન્ટરલોકીંગ બ્લોક, સોલાર લાઇટ અને સંપવેલ બનાવવા | ૩.૭૦ |
| ૨૦ | ધોળાવીરા રોડ કામ માટે | ૭.૫૦ |
| ૨૧ | માંડવી તળાવ તથા ભુજ તળાવ વોટર ફાઉન્ટેન બનાવવા | ૧૩.૦૦ |
| ૨૨ | નખત્રાણા યક્ષના મેળા અન્વયે સી.સી.રોડ, સુલભ શોચાલય, વોટર સપ્લાયની કામગીરીના સાધનો ઉભા કરવા | ૮.૦૫ |
| ૨૩ | સુલભ શોચાલય માટે નીચે જણાવેલ યાત્રાના સ્થળે ઉભા કરવાની કામગીરી માટે કોટેશ્વર, નારાયણ સરોવર, માતાના મઢ, જેસલ તોરલ, હાજીપીર, ધોળાવીરા, રવેચી | ૪૦.૦૦ |
| ૨૪ | નિરોણા ક્રાફ્ટ વીલેજ | ૫૦.૦૦ |
| ૨૫ | ધોળાવીરા માટે ૨ ફાઇટર બોટ | ૧.૫૦ |
| ૨૬ | માતાના મઢ બસ સ્ટેન્ડ બનાવવા | ૩.૫૦ |
| ૨૭ | ધોળાવીરાથી ગામ સાઇટનો રોડ બનાવવો | ૧૫.૦૦ |
| ૨૮ | ધોળાવીરા ગ્રામહાટ આગળ ઇન્ટલોકીંગ બ્લોક બનાવવા | ૧.૫૦ |
| ૨૯ | સ્ટેટ હાઇવેથી ધ્રોબાણા ગામનો રોડ બનાવવા | ૨૦.૦૦ |
| ૩૦ | તેરા ગામમાં વોટર ડ્રેનેજ બનાવવા | ૮.૦૦ |
| ૩૧ | શામ-એ સરહદથી રોડ સુધી ઇન્ટરલોકીંગ બ્લોક્સનો એપ્રોચ રોડ બનાવવા | ૬.૦૦ |
| ૩૨ | કોટાય સુર્ય મંદિર એપ્રોચ રોડ બનાવવા | ૨.૫૦ |
| | **કુલ રૂા. :** | **૨૮૮.૧૫** |

**પત્રક (બ)**

ગુજરાત પ્રવાસન વિકાસ નિગમ દ્વારા લેવાયેલ પગલાંની માહિતી

| ક્રમ | પ્રવાસન સ્થળનું નામ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| (૧) | નારાયણ સરોવર ખાતે પ્રવાસી સંકુલનું બાંધકામ પૂર્ણ કર્યું | ૯૦.૦૦ |
| (૨) | માંડવી કચ્છ ખાતે આંતરમાળખાકિય સુવિધા | ૪૯૫.૦૦ |
| (૩) | તેરા ખાતે પ્રવાસન સ્થળોની કામગીરી માટે | ૪૦.૦૦ |
| (૪) | હોડકા ખાતે ગ્રામ્યા પ્રવાસન અંગે | ૭૦.૦૦ |
| (૫) | લોરીયા ગામે તેમજ ભૂજ ખાતે શરદોત્સવની ઉજવણી માટે | ૫૩.૬૯ |
| | **કુલ :** | **૭૪૮.૬૯** |

-----------

**અમરેલી જિલ્લામાં પ્રગતિપથ યોજનાનું કામ**

૨૦૫૧૯ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** (અમરેલી) **: માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ પ્રગતિપથ યોજના અંતર્ગત કુલ કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, | (૧) કુલ રૂા. ૧૯.૧૧ કરોડની મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૨) મંજૂર થયેલ પ્રગતિપથનું કામ કયા તબક્કે છે, | (૨) કામના ભાવમુસદ્દા પત્રકો તથા નકશા અને અંદાજો તાંત્રિક મંજૂરી હેઠળ છે |
| (૩) વિલંબ થવાનાં કારણો શાં છે, અને | (૩) મંજૂરીની પ્રક્રિયા ચાલુ છે. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) ટેન્ડર મંજુર થયે કરાર અનુસારની સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે. |

-----------

**બહુચરાજી યાત્રાધામનો વિકાસ**

૧૯૦૧૪ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** (સિદ્ધપુર) **: માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બહુચરાજી યાત્રાધામના વિકાસ માટે રાજ્ય સરકારે શું આયોજન કર્યું, અને | (૧) રાજ્ય સરકાર દ્વારા નહીં પરંતુ બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ બહુચરાજી તરફથી બહુચરાજી યાત્રાધામ માટે અંદાજે રૂા. ૧૧/- કરોડની વિકાસ યોજના તેયાર કરવામાં આવી છે. |
| (૨) તેમાં કેટલો ખર્ચ થયો ? | (૨) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ રૂા.૩,૦૬,૯૫,૦૦૦/- ની રકમ ખર્ચ થયેલ છે. |

-----------

**પાલનપુર શહેરનો રેલ્વેના ઓવરબ્રીજની કામગીરી**

૧૯૨૧૭ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** (પાલનપુર) **: માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરનો રેલ્વેનો બાકીનો ઓવરબ્રીજની કામગીરી પૂરી કરવા સરકારે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું પગલાં ભર્યા, | (૧), (૨) અને (૩) : પાલનપુર ખાતેનો જુનો રેલ્વે ઓવરબ્રીજનાં સ્થાને ઉંચો નવો રેલ્વે ઓવરબ્રીજ બનાવવાનું કામ રેલ્વે વિભાગ દ્વારા કરવામાં આવનાર છે. રેલ્વે વિભાગની માહિતી મુજબ ટેન્ડર નિર્ણિત થયે ત્રણ માસમાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૨) આ કામગીરી પૂર્ણ કરવા રેલ્વે સત્તાવાળાઓ સાથે કોઇ ચર્ચા થયેલ છે કે કેમ, અને | |
| (૩) આ બાકી કામ ક્યારે શરૂ થશે ? | |

-----------

### હાલોલ અને જાંબુઘોડા તાલુકામાં રસ્તા ઉપર ખાડા પડી જવા બાબત

૧૯૮૮૯ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર** (હાલોલ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હાલોલ તાલુકાના વરસડા ચોકડીથી પાવાગઢ તથા તલાવડીથી ધારીયા અને જાંબુઘોડા તાલુકાના ખાંડીવાવથી ડુમાના રસ્તા પર ખૂબજ મોટા ખાડા પડી ગયા છે અને વાહન વ્યવહારને અવરજવરમાં ઘણીજ મુશ્કેલી પડે છે તેવી ફરિયાદ સરકારને તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ છે,

(૨) આ રસ્તાઓ રી-કાર્પેટીંગ ક્યાં સુધી કરવા માંગો છો, અને

(૩) રી-કાર્પેટીંગ ના થાય ત્યાં સુધી રીપેરીંગ કરીને વાહન વ્યવહારને અવરજવર થાય તેવો રસ્તો કરવા માંગો છો કે કેમ ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : રજુઆત મળેલ છે.

ત્રણેય રસ્તાની સપાટી સુધારણાના કામો મંજુર થયેલ છે. ટેન્ડર પ્રક્રીયા તથા વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી જેમ બને તેમ ઝડપી કામો કરવામાં આવશે.

ત્રણેય રસ્તાઓ મરામત કરી વાહનવ્યવહાર યોગ્ય કરેલ છે.

-----------

### ચોટીલા અને સાયલા તાલુકામાં જોબ નંબર આપવા બાબત

૧૯૪૪૮ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા** (ચોટીલા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ક્યા ક્યા રસ્તાના કામોને એક વર્ષમાં જોબ નંબર આપી કામો ચાલુ કર્યા,

(૨) કેટલા કામો પૂરા થયા અને ક્યા ક્યા રસ્તાના કામ બાકી છે, અને

(૩) બાકી કામો ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) :

| **અનુ.** | **તાલુકો** | **જોબનંબર આપેલ રસ્તાનું નામ** |
|---|---|---|
| ૧ | ચોટીલા | (૧) રા.ધો. માર્ગથી દેવપરા (આ) એ રોડ<br>(૨) પંજવાળી-નાળીયેરી રોડ |
| ૨ | સાયલા | શૂન્ય |

ઉપરોક્ત બંને કામો ટેન્ડરની પ્રક્રિયા હેઠળ છે.

-----------

### સુત્રાપાડા તાલુકા મથકે જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટોની નિમણૂક કરવા બાબત

૧૯૬૫૫ **શ્રી જેસાભાઈ ભા. બારડ** (સોમનાથ) : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના નવરચિત સુત્રાપાડા તાલુકા મથકે જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની નિમણૂક કરીને કોર્ટ શરૂ કરવા માંગો છો, અને

(૨) આ માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

### ઉદવાડા ગામનો પવિત્રધામમાં સમાવેશ

**૭૧/page>**૨૦૫૩૧ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** (પારડી) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રવાસન વર્ષ અંતર્ગત વલસાડ જિલ્લાનું ઉદવાડા ગામ (પારસી લોકોનું પ્રવિત્રધામ) ને સરકાર તરફથી વિકસાવવાનું નક્કી થયેલ તે પછી કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પેકી કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ""ઉદવાડા માટે કેન્દ્ર સરકારમાંથી રૂપિયા ૯૭.૨૭ લાખ તથા રાજ્ય સરકારમાંથી રૂપિયા ૩૩.૩૨ લાખ પ્રવાસન હેતુ માટે મંજુર કરેલ છે.""

(૨) ""રૂપિયા ૧૩૦.૪૯ લાખ""

### ધોળાવીરા ખાતે સગવડો ન હોવા બાબત

૨૦૦૯૯ **શ્રી બાબુભાઈ મે. શાહ** (રાપર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના ધોળાવીરા ખાતે પ્રવાસન વિભાગ ધ્વારા સગવડો ન હોવાની ફરિયાદો તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલી મળી, અને | (૧) એક |
| (૨) આ ફરિયાદો પ્રત્યે રાજ્ય સરકારે શાં પગલાં લીધા ? | (૨) નીચે મુજબના પગલાં લીધેલ છે.<br>૧. મેનેજરશ્રી અને સ્વાગતીને પ્રવાસીઓ માટે સજાગ રહેવા જણાવવામાં આવેલ છે.<br>૨. યુનીટના તમામ ૧૧ રૂમો પ્રવાસીઓ માટે ચાલુ કરવામાં આવેલ છે.<br>૩. પ્રવાસીઓ માટે ચા-નાસ્તો અને ભોજનની સુવીધા તેમજ રસોઇયાની નિમણૂંક કરવામાં આવેલ છે.<br>૪. યુનિટ ખાતે જરૂરી ફર્નિચર ટીવી, ડીશ ક્નેક્શન, રસોઇઘરનો સામાન તથા પ્રવાસીઓ માટે ઉપયોગી સ્ટેશનરી ઉપલબ્ધ થાય તે માટેનું આયોજન કરેલ છે. |

-----------

### અંબાજી તથા બેચરાજી યાત્રાધામનો વિકાસ

૧૯૮૪૫ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યક્ક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અંબાજી તેમજ બેચરાજી યાત્રાધામના વિકાસ પાછળ સરકારે કેટલો ખર્ચ ક્ર્યો, અને | (૧) શ્રી આરાસુરી અંબાજી દેવસ્થાન ખાતે સરકારશ્રી દ્વારા છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ રૂા. ૧૦૨.૨૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. અને બહુચરાજી માતાજી દેવસ્થાન ખાતે રાજ્ય સરકારે ખર્ચ કરેલ નથી. પરંતુ શ્રી બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રૂા. ૧૭૮.૧૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૨) બેચરાજી ખાતે યાત્રિકોને વધુ સારી સગવડો પૂરી પાડવા સરકાર શું આયોજન કરવા માગે છે ? | (૨) બેચરાજી ખાતે યાત્રિકોને વધુ સારી સગવડો પુરી પાડવા શ્રીબહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ બહુચરાજી તરફથી રૂા. ૧૧/- કરોડની વિકાસ યોજના તૈયાર કરવામાં આવી છે. |

-----------

### સાવરકુંડલા તાલુકામાં ગાધકડા ગામને દવાખાનું આપવા બાબત

૧૯૧૭૪ **શ્રી કાળુભાઇ વી. વીરાણી** (કુંડલા) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામની વસ્તી ૮ હજારથી વધારે છે તેમ છતાં કોઈ દવાખાનાની સગવડ નથી જેના કારણે ગામ લોકો ખૂબ જ મુશ્કેલી વેઠી રહ્યા છે તે હકીકત સાચી છે, | (૧) ગાધકડા ગામે પેટા આરોગ્ય કેન્દ્ર દ્વારા આરોગ્ય સુવિધા પુરી પાડવામાં આવે છે. |

(૨) જો હા, તો ગાધકડા ગામે પ્રાથમિક હેલ્થ સેન્ટર તથા આર્યુવેદીક દવાખાનું આપવા મટે કોની કોની કેટલી માંગણી આવેલ છે, અને

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ફાળવવા રજૂઆત મળેલ છે.

(૩) આ માંગણીના આધારે અને વસ્તીનાં આધારે લોકોને પ્રાથમિક સારવાર મળી રહે તે માટે દવાખાનું આપવા માંગો છો કે કેમ ?

(૩) સરકારના પ્રવર્તમાન ધોરણો અનુસાર હાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરી શકાય તેમ નથી.

-----------

## સ્ત્રી ભૃણ હત્યા નાબુદી માટે જનજાગૃતિ અંગેના પગલાં

૨૦૫૫૬ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** (અસારવા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્ત્રી ભૃણ હત્યા નાબુદ કરવા જન જાગૃતિ અંગે સરકારે કોઈ પગલાં લીધેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) હા જી,

(૨)

(૧) રાજ્ય સરકારે પીએનડીટી કાયદાનું કડક/અસરકારક અમલીકરણ કરાવી, કાયદાના ભંગ બદલ ૧૨૯ સોનોગ્રાફી મશીન સીલ કર્યા છે અને ૬૨ ખાનગી તબીબો સામે કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યા છે. જે પૈકી હાઇકોર્ટમાં ૧૫ કેસ દાખલ કરવામાં આવ્યા છે.

(૨) સફળ સ્ટીંગ ઓપરેશન કરવામાં આવેલ છે.

(૩) તા. ૨૧-૧-૨૦૦૬ના રોજ દગાવાડીયા તા. વિજાપુર જિ. મહેસાણા ખાતે ચોધરી સમાજનું એક લાખની મેદનીનું સંમેલન હતું જેમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ સંબોધન કરતાં જણાવેલ છે કે ""સ્ત્રીભૃણ હત્યા સમાજ અને દેશ માટે મોટું કલંક છે"" તેને દુર કરવાની આપણા સોની જવાબદારી છે. તેવી હાક્લ કરેલ છે.

(૪) તા. ૫-૩-૨૦૦૬ના રોજ ટાગોર હોલ અમદાવાદ ખાતે યોજાયેલ સંમેલન કે જ્યાં સ્ત્રીઓની સંખ્યા ઓછી છે તેવા ૪૨ તાલુકાઓની પાંચ હજાર આંગણવાડી બહેનો તથા સમાજની આગેવાન બહેનોએ ભાગ લીધો હતો તેમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા ગામેગામ જઇને લોકોમાં જનજાગૃતિ લાવવા હાક્લ કરેલ હતી.

(૫) સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા અને આ પ્રશ્ન પરત્વે જનજાગૃતિ કેળવવા મોટા પાયે પ્રચાર અને પ્રસાર પ્રવૃત્તિ હાથ ધરવામાં આવેલ છે.

(૬) તા. ૧-૬-૦૬ના રોજ સુરત ખાતે પાટીદાર સમાજનો મેળાવડો યોજવામાં આવેલ હતો જેમાં ૧૦

લાખ પાટીદારો હાજર રહ્યા હતા અને તેઓએ સ્ત્રી ભૃણ હત્યા અટકાવવાના શપથ લીધા હતા.

(૭) ઉંઝા ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જે. સી. ઉંઝા દ્વારા મહિલા સંમેલન યોજવામાં આવેલ હતુ જેમાં ૭૦૦૦ મહિલાઓ હાજર રહેલ હતી.

(૮) આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે હિંમતનગર ખાતે મહિલાઓ માટે સેમિનાર યોજવામાં આવેલ હતો જેમાં ૫૦૦૦ મહિલાઓ અને ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

(૯) ગુજરાતના તમામ જિલ્લાઓમાં જે તે જિલ્લાના પ્રભારી મંત્રીશ્રીઓ ધારાસભ્યશ્રીઓ, પંચાયત પદાધિકારીઓ અને બિન સરકારી સ્વૈચ્છિક સંગઠનોના સહયોગથી ""બેટી બચાવો અભિયાન"" નું સફળતા પુર્વક આયોજનો ક્ર્યા અને તેમાં હકારાત્મક પ્રતિભાવ મળેલ છે.

(૧૦) રાજ્યકક્ષાની ત્રણ કોન્ફરન્સ યોજવામાં આવેલ હતી.

(૧૧) ભાવનગર ખાતે સરપંચ સંમેલન યોજવામાં આવેલ હતું.

(૧૨) આ કાર્યક્રમના પ્રસાર-પ્રચાર માટે પ્રદર્શન સેટ તૈયાર કરી દરેક જિલ્લાને આપવામાં આવેલ છે. જેના દ્વારા ગામડાઓમાં પ્રદર્શન ગોઠવવામાં આવેલ છે.

(૧૩) દુરદર્શન, ઝી, ટીવી, ઇ ટીવી ઉપર આ અંગેની જાહેરાતો પ્રસારીત કરવામાં આવે છે.

(૧૪) પોસ્ટરો, પત્રિકા વગેરે દ્વારા પ્રસાર-પ્રચારની કામગીરી કરવામાં આવે છે.

-----------

**વાગરા તાલુકાના સાયખા-કોઠીયા, વાગરા, વિછીયાદ, કોલવણા માર્ગ તેમજ સુથોદરા ગામને જોડતા રસ્તાને ડામરકામ કરવા બાબત**

૧૮૬૯૧ **શ્રીમતી રશીદા ઈ. પટેલ** (વાગરા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાગરા તાલુકાના પંચાયત હસ્તકના સાયખા-કોઠીયા માર્ગ, વાગરા-વિછીયાદ-કોલવણા માર્ગ અને આમોદ તાલુકાના સુથોદરા ગામને જોડતા રસ્તાને ડામર કામ કરવાનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ અંગે ટેન્ડરો ક્યારે ક્યારે બહાર પાડવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| | કામનું નામ | ટેન્ડર બહાર | રીમાર્કસ |
|---|---|---|---|
| (૧) | સાયખા કોઠીયા | ૨૬-૯-૦૫ | |

| | | | |
|---|---|---|---|
| | માર્ગ તા. વાગરા | | |
| (૨) | વાગરા વિછીયાદ કોલવણા માર્ગ તા. વાગરા | ૨૩-૧૧-૦૫ ૭-૪-૦૬, ૧૨-૧૦-૦૬, ૧૫-૧૧-૦૬, ૨૯-૧૨-૦૬, | છેલ્લે ત્રણ વખતના ટેન્ડર ભરાઇને આવેલ નથી. |
| (૩) | સુથોદરા એપ્રોચ રોડ તા. આમોદ | ૨૯-૩-૦૫ ૨૬-૮-૦૫ ૨૮-૧૦-૦૫ | |

(૩) કઈ કઈ એજન્સીને કેટલી રકમના ટેન્ડર મંજૂર કરી કામો શરૂ કરવા મંજૂરી આપવામાં આવી ?

(૩)

| | **કામનું નામ** | **એજન્સીનું નામ** | **મંજુર થયેલ ટેન્ડરની રકમ રૂ. લાખમાં** | **વર્ક ઓર્ડરની તારીખ** |
|---|---|---|---|---|
| (૧) | સાયખા કોઠીયા માર્ગ તા. વાગરા | કે. ડી. એન્ડ સન્સ | ૧૧.૮૫ | ૬-૨-૦૬ |
| (૨) | સુથોદરા એપ્રોચ રોડ તા. આમોદ | કે. ડી. એન્ડ સન્સ | ૧૦૪.૨૫ | ૪-૭-૦૬ |

-----------

## પ્રવાસન નિગમની મિલકત વેચવા બાબત

૨૦૫૧૧ **શ્રીમતી રમીલાબેન ર. દેસાઈ** (ખેરાલુ) **: માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં પ્રવાસન નિગમની કઈ મિલકત વેચવામાં આવી છે, અને

(૧) ના, જી.

(૨) જો વેચવામાં આવેલ હોય તો, કઈ મિલકત વેચાણ કરેલ અને તેમાંથી મળેલ રકમ કેટલી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## ઉના તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી દવાખાનામાં મરામતની કામગીરી

૧૯૧૨૯ **શ્રી પુંજાભાઈ ભી. વંશ** (ઉના) **: માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી દવાખાનાઓની મરામત કામગીરી કરવાની બાકી છે, અને

(૧) એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર.

(૨) આ દવાખાનાઓમાં સારી સુવિધાઓ પૂરી

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં પુરતી સુવિધાઓ

| | |
|---|---|
| પાડવા સરકારે શું આયોજન કરેલ છે ? | ઉપલબ્ધ કરાવેલ છે. |

-----------

**જિલ્લા અને તાલુકા મથકે કોર્ટના મકાનો બનાવવા બાબત**

૧૯૯૨૪**શ્રી જગદીશ ઠાકોર** (દહેગામ) : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા અને તાલુકા મથકે કેટલી કોર્ટોના મકાનો બનાવવાના બાકી છે ? | ૩૪૮. |

-----------

**બનાસકાંઠા જિલ્લાના શહેરોમાં ટાઉન પ્લાનીંગ સ્કીમોનો અમલ ન થવાની ફરિયાદો**

૨૦૦૭૮ **શ્રી ગોવાભાઈ હ. રબારી** (ડીસા) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના શહેરોમાં ટાઉન પ્લાનીંગ સ્કીમનો અમલ થતો નથી તેની કેટલી ફરિયાદો તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં રાજ્ય સરકારને મળી, | (૧) શુન્ય |
| (૨) ટાઉન પ્લાનીંગ સ્કીમનો અમલ નહીં થવાના કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ટાઉન પ્લાનીંગ સ્કીમનો સરકાર અમલ કરવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**સુરત, વડોદરા અને રાજકોટની સિવિલ હોસ્પિટલોને સુવિધાઓ આપવા બાબત**

૧૯૬૨૭ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા** (સુરત શહેર ઉત્તર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં એમ. આર. આઈ., સીટી સ્કેન, સોનોગ્રાફી હૃદયરોગ-બાયપાસ સર્જરી, કીડની ટ્રાન્સપ્લાન્ટ અને કેન્સરની તમામ પ્રકારની સુવિધાઓ પ્રાપ્ત છે કે કેમ, | (૧) સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં એમ. આર. આઇ., સીટી સ્કેન, સોનોગ્રાફી જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી અન્ય સંસ્થાઓમાં હ્નદયરોગ-બાયપાસ સર્જરી, કીડની ટ્રાન્સપ્લાન્ટ અને કેન્સરની સુવિધાઓ ઉપલબ્ધ છે. |
| (૨) સુરત, વડોદરા અને રાજકોટની સિવિલ હોસ્પિટલોમાં ઉપર મુજબની સુવિધાઓ છે કે કેમ, | (૨) ૧. નવી સિવિલ હોસ્પિટલ, સુરત ખાતે સીટી સ્કેન, સોનોગ્રાફી, કેન્સરની સુવિધાઓ ઉપલબ્ધ છે.<br>૨. એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા ખાતે સીટી સ્કેન મશીન બંધ છે, સોનોગ્રાફી, કેન્સરની સુવિધાઓ ઉપલબ્ધ છે.<br>૩. પી ડી. યુ. હોસ્પિટલ, રાજકોટ ખાતે સીટી સ્કેન, સોનોગ્રાફીની સુવિધાઓ ઉપલબ્ધ છે. |
| (૩) જો ના, તો આ સુવિધાઓ આ ત્રણે શહેરની હોસ્પિટલોમાં આપવા માગો છો કે કેમ, | (૩) હાલના તબક્કે વિચારણામાં નથી. |
| (૪) જો હા, તો ક્યારે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૫) તા. ૩૧-૧-૦૭ સુધી આ સુવિધાઓ આ ત્રણેય શહેરોને ન આપવાના કારણો શું છે ?

(૫) સુપર સ્પેશીયાલીટી તબીબો ઉપલબ્ધ ન હોવાના કારણે.

-----------

**પ્રવાસન સ્થળોનો વિકાસ માટેની દરખાસ્તો**

૨૦૫૩૮ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** (જસદણ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે ક્યા ક્યા જિલ્લાઓની કેટલી દરખાસ્તો સરકારને કોના તરફથી મળી,

(૨) તે પૈકી માળખાગત સગવડોને સુદ્રઢ બનાવવા જિલ્લા ક્ક્ષાએથી કેટલી દરખાસ્તો થઈ, અને

(૩) સરકારે કેટલી દરખાસ્તો મંજૂર કરી, અને કેટલી પડતર છે ?

**જવાબ**

(૧) રાજ્યના ૨૫ જિલ્લાઓમાંથી છેલ્લા બે વર્ષમાં રૂા. ૨૬૧.૧૮ કરોડની દરખાસ્તો રાજ્ય સરકારને મળી છે.

(૨) મળેલ દરખાસ્તો આંતર માળખાકીય સુવિધાને લગતી છે.

(૩) રાજ્ય સરકારે મળેલ દરખાસ્તો બાબતે જિલ્લા પ્રવાસન કમીટીમાં રજૂ કરી જરૂરી મંજૂરી જિલ્લા કક્ષાએ આપવા જણાવેલ અને તે માટે રૂા.૫૦.૦૦ કરોડ તમામ જિલ્લા કલેક્ટરોને ફાળવેલ છે.

-----------

**જામનગર જિલ્લામાં રસ્તાને રીકાર્પેટ કરવા બાબત**

૨૦૫૨૩ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** (કાલાવડ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન જામનગર જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ગામોની સડકના રીકાર્પેટીંગ અંગેની દરખાસ્ત રાજ્ય સરકારને મળેલ છે,

(૨) તે પૈકી કેટલા ગામોમાં સડકનું રીકાર્પેટીંગ કામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૩) બાકીના ગામોનું રીકાર્પેટીંગ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તાલુકાવાર નીચે પ્રમાણેના ગામોની સડકના રીકાર્પેટીંગની દરખાસ્ત મળેલ છે.

| તાલુકો | ગામોની સંખ્યા |
|---|---|
| જામનગર | ૨૦ |
| લાલપુર | ૫ |
| ધ્રોલ | ૯ |
| જોડીયા | - |
| કાલાવડ | ૧૩ |
| જામજોધપુર | ૬ |
| ભાણવડ | ૭ |
| ખંભાળીયા | ૧૧ |
| કલ્યાણપુર | ૧૯ |
| દ્વારકા | ૮ |
| | **૯૮** |

(૨) તે પૈકી ૨૬ ગામોમાં રીકાર્પેટીંગ પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) બાકીના ૮ ગામોના કામો પ્રગતીમાં છે, ૭ ગામોના કામો વહીવટી પ્રક્રિયામાં છે. અન્ય ગામોના કામોમાં નાણાંકીય ઉપલબ્ધતા પ્રમાણે આયોજન કરવામાં આવશે.

-----------

તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૭
અતારાંકિત પ્રશ્નો

## સુરત જિલ્લામાં પ્રવાસન સ્થળો / યાત્રાધામ સ્થળોનો વિકાસ કરવા બાબત

૧૯૬૯૬ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ** (ઓલપાડ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૦૬ ના પ્રવાસન વર્ષ દરમ્યાન સુરત જિલ્લામાં ક્યા ક્યા પ્રવાસન તથા યાત્રાધામો કઈ રીતે વિક્સાવવાનું આયોજન છે, | (૧) પ્રવાસન સ્થળો વિક્સાવવાની કામગીરી નીચે મુજબ હાથ ધરવામાં આવેલ છે.<br>૧. સુલતાનાબાદ ડુમસ<br>૨. પદમડુંગરી<br>૩. ડોસવાડા<br>૪. ગોમુખ<br>૫. સિધ્ધનાથ મહાદેવ મંદિર (ઓલપાડ તાલુકો)<br>૬. ઠાકોર મંદિર (મહુવા તાલુકો)<br>(૧) ડુમસ સુલતાનાબાદ ખાતે સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી(સુ.ડા.) દ્વારા રીટેઇનીંગ વોલ, અર્બન અમ્બેક્ટમેન્ટ સોલ્ટ વોટર લેક, ફુડ પ્લાઝા, ટોઇલેટ, ચિલ્ડ્રન પાર્ક, સાયકલ ટ્રેક, વોટર સ્પોર્ટ, વિગેરેનું રૂા.૫.૦૦ કરોડનું મહત્વાકાંક્ષી આયોજન સુડા દ્વારા કરવામાં આવેલ છે.<br>(૨) ડોસવાડા ખાતે રૂરલ શોપીંગ કોમ્પ્લેક્ષ, એમ્યુઝમેન્ટ પાર્ક વિગેરેનું રૂા.૧૭ લાખનું આયોજન જીલ્લા પંચાયત દ્વારા કરવામાં આવેલ છે.<br>(૩) દોણ- ગોમુખ ખાતે પ્રવાસીઓની સુવિધા માટે ટોયલેટ બ્લોક્સ તથા સ્ટોલ્સ વિગેરેનું રૂા. ૮.૦૦ લાખનું આયોજન જીલ્લા પંચાયત દ્વારા કરવામાં આવેલ છે.<br>(૪) સિધ્ધનાથ મહાદેવ અને ઠાકોર મંદિર ખાતે આંતરમાળખાકીય સુવિધા ઉભી કરવા રૂા. ૧ લાખનું ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડનું આયોજન છે. |
| (૨) તે માટે અંદાજે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને | (૨) ૧. સુલતાનાબાદ ડુમસ રૂા. ૧૫૦ લાખ<br>૨. પદમડુંગરી રૂા. ૩૦ લાખ<br>૩. ડોસવાડા રૂા. ૭ લાખ<br>૪. ગોમુખ રૂા. ૪ લાખ<br>૫. સિધ્ધનાથ મહાદેવ અને ઠાકોર મંદિર માટે રૂા. ૧ લાખ |
| (૩) ઓલપાડ તાલુકાના દાંડી તથા ટુંડા ડામરીના દરિયા કિનારેના વિસ્તારને પ્રવાસન સ્થળ તરીકે વિક્સાવવાનું આયોજન છે કે કેમ ? | (૩) ના, જી. |

-----------

**તાલુકામાં બ્લડ બેન્ક ઉભી કરવા બાબત**

૨૦૫૩૩ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તાલુકા કક્ષાની હોસ્પિટલોમાં દર્દીઓને લોહીની જરૂરીયાત પૂરી પાડવા સરકાર બ્લડ બેન્ક ઉભી કરવા માંગે છે કે કેમ, | (૧) રાજ્યમાં તાલુકા કક્ષાએ ૩૯ બ્લડ બેન્કો કાર્યરત છે. ભારત સરકારની નેશનલ બ્લડ પોલીસી મુજબ તાલુકા કક્ષાએ બ્લડ સ્ટોરેજ સેન્ટર ઉભુ કરીને તેમને રીજીયોનલ બ્લડ બેન્ક દ્વારા લોહીની સુવિધાઓ પુરી પાડવાનુ આયોજન છે. તે રીતે હાલ તાલુકા કક્ષાએ ૨૩ બ્લડ સ્ટોરેજ સેન્ટરો ચાલુ છે અને બીજા ૧૨ બ્લડ સ્ટોરેજ સેન્ટરો ઉભા કરવાની કાર્યવાહી હાથ ઉપર છે. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં, અને | (૨) ઉપરોક્ત ૧૨ બ્લડ સ્ટોરેજ સેન્ટર ચાર માસમાં કાર્યાન્વિત કરી શકાશે. |
| (૩) જો ના, તો અન્ય કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવા માંગે છે કે કેમ ? | (૩) જે તાલુકામાં હાલ બ્લડ સ્ટોરેજ સેન્ટરની વ્યવસ્થા નથી તેમને નજીકની બ્લડ બેન્કમાંથી લોહીની વ્યવસ્થા કરવામાં આવે છે. |

-----------

**ગાંધીનગર ખાતે આવેલ સરકારી મકાનોની સ્વેચ્છીક સંસ્થાઓએ કરેલ માગણી**

૨૦૧૨૨ **શ્રી છબીલદાસ ના. પટેલ** (માંડવી) : **માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ ગાંધીનગર ખાતે આવેલ સરકારી આવાસો વિવિધ હેતુ માટે સ્વેચ્છીક સંસ્થાઓને ફાળવવા માટે તેમના ધ્વારા કરવામાં આવેલ માંગણીઓની મંજૂરીની પ્રક્રિયા ક્યા ક્યા તબક્કે છે, | (૧) સ્વેચ્છીક સંસ્થાઓને વિવિધ હેતુઓ માટે સરકારી આવાસો ફાળવવા માટે નવી નિતી નક્કી કરવાની કાર્યવાહી હાથ ધરાયેલી છે. |
| (૨) આ માંગણીઓ ક્યા વર્ષથી પેન્ડીંગ છે, અને | (૨) ૧૯૯૫ થી |
| (૩) લાંબા સમયનાં વિલંબનાં કારણો શાં શાં છે ? | (૩) નિતિ નક્કી કરવાની બાબત વિચારણાધિન હોવાથી. |

-----------

**અમદાવાદ શહેરમાં હાઉસીંગ બોર્ડના ફ્લેટ/મકાનો બિલ્ડરો દ્વારા ખરીદવા બાબત**

૧૯૩૦૧ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** (માંગરોળ) : **માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં ગુજરાત હાઉસીંગ બોર્ડના વસાહતીઓને ફાળવેલ ફ્લેટ/મકાનો બિલ્ડરો દ્વારા ઉંચા ભાવે અપાવી આ જમીનો ઉપર કોમર્શીયલ સેન્ટરો ઉભા કરવા માંગે છે. તેવી કેટલી ફરિયાદો રાજ્ય સરકારને તા.૩૧-૧૨-૦૬ સુધીમાં છેલ્લા બે વર્ષોમાં સરકારને મળી, | (૧) આવી કોઈ ફરીયાદ મળેલ નથી. |
| (૨) કેટલી હાઉસીંગ વસાહતો આવી રીતે બિલ્ડર દ્વારા ખરીદાઇ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આવી પ્રવૃત્તિ અટકાવવા સરકારે શાં પગલાં લીધા? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## પુલ પર ઉઘરાવવામાં આવતો ટોલટેક્ષ

૧૯૦૭૧ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** (સાબરમતી) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષથી કેટલા પુલ પર ટોલટેક્ષ લેવામાં આવે છે, | (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષથી રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગ હસ્તકના, રાજ્ય ધોરી માર્ગ ઉપર ૪ પુલો પર ટોલ તથા ૧ પુલ પર યુઝર ચાર્જ લેવામાં આવે છે. |
| (૨) આ ટોલટેક્ષની વાર્ષિક અંદાજીત કેટલી રકમ એકત્ર કરાય છે, | (૨) તા. ૧-૧-૦૬ થી તા. ૩૧-૧૨-૦૬ દરમિયાન રૂ. ૭,૪૧,૨૫,૦૯૦ /-એકત્રિત કરાયેલ છે. |
| (૩) આ ટોલટેક્ષમાંથી કોને કોને મુક્તિ આપવામાં આવેલ છે, અને | (૩) સામેલ પત્રક મુજબ |
| (૪) ક્યા પુલ પરથી ક્યા વર્ષથી સમગ્ર પ્રજાજનોને મુક્તિ આપવામાં આવશે ? | (૪) નોટીફીકેશન તેમજ કન્સેશન એગ્રીમેન્ટની જોગવાઈઓ મુજબ. |

**પત્રક**

નીચે દર્શાવેલ વાહનો ને ટોલ ટેક્સ માંથી મુક્તી આપવામાં આવે છે.

(૧) ડીફેન્સ વિહીકલ
(૨) વી.આઈ.પી.ચિન્હ વાળા વાહનો
(૩) પોલીસના વાહનો
(૪) અગી શામક દળો ના વાહનો
(૫) એમ્બ્યુલન્સ
(૬) શબવાહીની
(૭) પોસ્ટ અને ટેલીગ્રાફના વાહનો
(૮) કેન્દ્ર/રાજ્ય સરકારના ફરજ પરના વાહનો

-----------

## પાલીતાણા તાલુકાના મોટીપાણીયાળીથી માંડવડા-૧ ગામનો કિસાન વિકાસપથ રસ્તો

૧૮૮૧૭ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** (પાલીતાણા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ મોટીપાણીયાળીથી માંડવડા-૧ ગામ સુધીનો રસ્તો કિસાન વિકાસપથ યોજનામાં મંજૂર થયા પછી છેલ્લા બે વર્ષથી નહીં થવાનું શું કારણ છે, અને | (૧) કામ પ્રગતિમાં હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આ રસ્તો ક્યારે પૂર્ણ થશે ? | (૨) કરારખતની સમય મર્યાદામાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

## રાજ્યમાં બનાવટી સીંગતેલના ધંધા અંગે

૧૮૭૩૪ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** (મહુધા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ડુપ્લીકેટ સીંગતેલનો ધીકતો ધંધો ચાલે છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) કઇ કઇ કંપનીઓ આ ધંધો કરે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ ગંભીર બાબતે સરકારે શાં પગલાં લીધા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ સાવચેતીના પગલાં રૂપે પૃથ્થકરણ વાસ્તે નમૂનાઓ લેવામાં આવે છે. |

-----------

**લીંબડી તાલુકામાં રસ્તા રીપેર કરવા બાબત**

૧૯૨૩૭ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** (લીંબડી) **: માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) લીંબડી તાલુકામાં તા.૧-૧-૦૬ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં હયાત રસ્તાઓમાં કેટલા રીપેર કરવાપાત્ર છે, | (૧) ૩૦ રસ્તાઓ. |
| (૨) કેટલા રસ્તા પર પેવર કરવાનું આયોજન છે, | (૨) ૧૭ રસ્તા. |
| (૩) આમાંથી કેટલા રસ્તાનું રીપેર/પેવર કામ થયું છે, | (૩) તમામ રસ્તાઓ રીપેર કરેલ છે. અને ૮ રસ્તાનું પેવરકામ થયેલ છે. |
| (૪) બાકીના રસ્તાનું રીપેર/પેવર કામ ક્યારે થનાર છે, અને | (૪) ૫ રસ્તા પ્રગતિમાં છે બાકીના ૪ રસ્તાના કામો વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |
| (૫) તે માટે કેટલી ગ્રાન્ટ ફાળવી છે ? | (૫) કામવાર કે રસ્તાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. |

-----------

**ભાવનગર જિલ્લામાં સરકાર હસ્તકના દેવસ્થાનો**

૨૦૫૨૮ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** (ભાવનગર શહેર ઉત્તર) **: માનનીય દેવસ્થાન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં કુલ કેટલા દેવસ્થાનો તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ સરકાર હસ્તક છે, | (૧) ૨૩ (તેવીસ). |
| (૨) છેલ્લા ત્રણ વર્ષમાં તેમને નિભાવવાની (પૂજા સામગ્રી) ની કુલ કેટલી ગ્રાન્ટ ફાળવી, અને | (૨) વર્ષ ૨૦૦૪-૦૫માં ૧.૮૫ લાખ. |
| (૩) છેલ્લે ક્યારે આવી રકમ ચૂકવવામાં આવી ? | (૩) તા. ૨૪-૩-૦૫ના રોજ રૂા. ૧.૮૫ લાખ. |

-----------

**મોરબીનો નવો પુલ બનાવવાનો ખર્ચ**

૧૯૪૮૭ **શ્રી ધનરાજભાઈ કેલા** (વઢવાણ) **: માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મોરબીનો પુલ નવો બનાવવાનો કુલ ખર્ચ કેટલો થયો, અને | (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ત્રણ વર્ષમાં મોરબીનો પુલ નવો બનાવવાનો કુલ ખર્ચ રૂા. ૧૨૦.૬૭ લાખ થયેલ છે. |
| (૨) આ પુલને રીપેરીંગ કરવાનો કુલ ખર્ચ કેટલો થયો? | (૨) શુન્ય. |

-----------

**શહેરી વિકાસ વર્ષ અન્વયે ડાંગ જિલ્લાના વિકાસના કામો**

૯૫૨૪ **શ્રી માધુભાઈ જે. ભોયે** (ડાંગ-વાંસદા) **: માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શહેરી વિકાસ વર્ષ અન્વયે ડાંગ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ક્યા ક્યા વિકાસના કામો | (૧) ડાંગ જિલ્લામાં કોઇ નગરપાલિકા ન હોઇ, કોઇ રકમ ફાળવેલ નથી. |

માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) આ ફાળવેલ રકમ પેકી કેટલા કામો પૂર્ણ થયા ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**એઇડ્સના દર્દીઓની સંખ્યા**

૧૮૭૮૮ **શ્રી ટપુભાઇ લીંબાસીયા** (રાજકોટ-૧) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં એચ.આઇ.વી. પોઝીટીવ (એઇડસ) ના દર્દીઓની સંખ્યા કેટલી નોંધાયેલી છે,

(૨) તે પેકી રાજકોટ શહેરમાં અને રાજકોટ જિલ્લામાં કેટલા દર્દીઓની સંખ્યા નોંધાયેલી છે, અને

(૩) એઇડસના રોગનો ફેલાવો અટકાવવા માટે રાજ્ય સરકાર તરફથી શાં પગલાં લેવાઇ રહયા છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૩૦૫૨ એઈડસ રોગના કેસો નોંધાયેલા છે.

(૨) રાજકોટ શહેર ૧૪૭ અને રાજકોટ જિલ્લામાં ૧૯૫ એઈડસ રોગના કેસો છેલ્લા બે વર્ષ (૨૦૦૫ અને ૨૦૦૬) માં નોંધાયેલ છે.

(૩) (૧) આ રોગની કોઈ દવા કે રસી ઉપલબ્ધ ન હોવાને કારણે લોકોને આ રોગ વિષે જાગૃત કરવા વિવિધ માધ્યમો જેવા કે ટી..વી., રેડીયો, બસ પેનલ, વર્તમાનપત્રો, લોકમાધ્યમો દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

(૨) વિવિધ જોખમી વ્યવહારો ધરાવતા જૂથોમાં લક્ષિત દરમ્યાનગીરી (ટાર્ગેટેડ ઈન્ટરવેન્શન) કાર્યક્રમો દ્વારા આ વ્યક્તિઓ સલામત વ્યવહારો અપનાવે તે માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ કામગીરી રાજ્યની સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે કરવામાં આવી રહી છે. ૧૦૩ પ્રોજેક્ટ દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

(૩) જાતિય રોગો તેમજ એઈડસ/એચ.આઈ.વી. પોઝીટીવ વ્યક્તિઓને કાઉન્સેલીંગની સેવાઓ મળી રહે તે માટે રાજ્યની સરકારી મેડીકલ કોલેજો અને જિલ્લા હોસ્પિટલોમાં કાઉન્સેલીંગની સેન્ટરો (વાત્સાયન કેન્દ્રો) શરૂ કરવામાં આવ્યા છે.

(૪) રાજ્યમાં લોકોને સલામત લોહી મળી રહે તે માટે સરકારી તેમજ સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત કુલ ૫૭ બ્લડ બેંકોનું આધુનિકરણ કરવામાં આવેલ છે. તેમજ રાજ્યની સરકારી અને સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ૯૪ બ્લડ બેંકોને મફત એચ.આઈ.વી. અને એચ.સી.વી. ટેસ્ટ કીટ આપવામાં આવે છે.

(૫) એઈડસના દર્દીઓને લક્ષણ આધારીત સારવાર આપવા માટે સરકારી હોસ્પિટલમાં કામ કરતા તબીબોને તાલીમ આપવામાં આવી છે. તેમજ આ માટેની દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

(૬) જાતિય રોગની સારવાર : સરકારી

મેડીક્લ કોલેજો તેમજ હોસ્પિટલોમાં ૨૯ એસ.ટી.ડી. ક્લીનીક્સને જરૂરી સાધનો, દવાઓ તથા આર્થિક સહયોગ પણ સોસાયટી મારફત પૂરો પાડવામાં આવે છે. આ સિવાય દરમ્યાનગીરી કાર્યક્રમ હેઠળ પણ જાતિય રોગોની સારવાર આપવામાં આવે છે.

(૭) શાળાકીય એઇડસ શિક્ષણ કાર્યક્રમ હેઠળ સરકારી તેમજ ખાનગી શાળાઓના ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના બાળકોને એઇડસ શિક્ષણ આપવામાં આવે છે. જેમાં રાજ્યની ૭૫૫૪ શાળાઓ આવરી લેવાઇ છે.

(૮) લોકોને એચ.આઇ.વી./એઇડસ વિષયક માહિતી મળી રહે તે હેતુથી નિઃશુલ્ક ટેલીફોન હેલ્પલાઇન-૧૦૫૧ દ્વારા સુરત, જામનગર, ભાવનગર, વડોદરા તેમજ રાજકોટ ખાતે આ સેવા શરૂ કરવામાં આવી છે.

(૯) જાન્યુઆરી-૦૫ થી એઇડસના દર્દીઓને એન્ટીરેટ્રોવાયરલ દવાઓ મળી રહે તે માટે બી.જે.મેડીક્લ કોલેજ, અમદાવાદ અને મે-૨૦૦૬ થી ન્યુ સીવીલ હોસ્પિટલ, સુરત ખાતે સેન્ટરો શરૂ કરવામાં આવ્યા છે, તેમજ સરકારે આ દવાઓ ઉપરથી વેચાણવેરો પણ હટાવી લીધા છે. જેથી આ દવાઓ દર્દીઓને સસ્તી મળે.

(૧૦) એચ.આઇ.વી.એઇડસ સાથે જીવતા લોકોને સક્ષમ બનાવવા અને તેમનામાં હકારાત્મક વલણ ઉભું કરવા માટે (GSNP+) નેટવર્ક ઉભુ કરવામાં આવ્યું છે. જે એઇડસના રોગની ગેરમાન્યતાઓ તેમજ ભય દુર કરવામાં લોકોની મદદ કરે છે.

-----------

## પ્રધાન મંત્રીશ્રી ગ્રામ સડક યોજનાના રસ્તાઓ

૧૯૭૫૯ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** (શહેરા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૫-૦૬ દરમિયાન પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રાજ્યના કેટલા જિલ્લાના કેટલા રસ્તાઓની યોજનાને કેટલી રકમની મંજૂરી મળી, અને | (૧) વર્ષ ૨૦૦૫-૦૬ દરમિયાન પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રાજ્યના ૧૯ જિલ્લાના ૩૮૨ રસ્તાઓની યોજનાને રૂા.૧૨૫.૧૦ ક્રોડની મંજૂરી મળી. |
| (૨) આ યોજના દ્વારા કુલ કેટલા ગ્રામ/પરાને પ્રથમવાર ડામર સપાટીના રસ્તાનો લાભ મળશે અને કુલ કેટલી લંબાઇની સુધારણા થશે ? | (૨) આ યોજના દ્વારા કુલ ૪૦૭ ગામ/પરાને પ્રથમવાર ડામર સપાટીના રસ્તાઓનો લાભ મળશે. અને કુલ ૧૮૬.૨૯ કિ.મી. ની લંબાઇની સુધારણા થશે. |

-----------

**આણંદ ખાતે જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલ બનાવવા બાબત**

૨૦૫૧૫ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલની સુવિધા છે કે કેમ, | (૧) આણંદ જિલ્લામાં જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલનો દરજ્જો એસ. એસ. હોસ્પિટલ, પેટલાદને તા.૧૭-૧-૯૮ ના રોજથી આપવામાં આવેલ છે, જે કાર્યરત છે. |
| (૨) આણંદ ખાતે જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલ બનાવવાનું કોઇ આયોજન છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તે સબંધી કાર્યવાહી તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે, | (૩) ક્લેક્ટરશ્રી આણંદને ૧.૨૫ લાખ ચો.મી. જમીન સંપાદન કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે. |
| (૪) તેનો અંદાજી ખર્ચ કેટલો છે, અને | (૪) ૨૫૦ પથારીની આ હોસ્પિટલ માટે બાંધકામનો અંદાજિત ખર્ચ રૂા. સાત કરોડ થવા સંભવ છે. |
| (૫) તે કેટલા સમયમાં સિવિલ હોસ્પિટલ બનાવવાનું આયોજન સરકારે કરેલ છે ? | (૫) જમીન સંપાદનની કામગીરી પુરી થતાં આ કામગીરી હાથ ઉપર લઇ શકાય તેમ છે. |

-----------

**ડૉક્ટરોને નોનપ્રેક્ટીસ એલાઉન્સ બદલે ખાનગી પ્રેક્ટીસ કરવા બાબત**

૧૮૯૩૨ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** (રખિયાલ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સરકારી હોસ્પિટલમાં સેવા બજાવતા ડૉક્ટરોને નોન-પ્રેક્ટીસ એલાઉન્સને બદલે ખાનગી પ્રેક્ટીસ કરી શકશે તેવો નિર્ણય ક્યારે લેવામાં આવ્યો, | (૧) તા.૨૩-૧-૨૦૦૬ ના રોજ. |
| (૨) આ નિર્ણયનો ડૉક્ટરો દ્વારા વિરોધ કરવાના શાં કારણો છે, | (૨) રાજ્યની સેવામાં જોડાયેલ તબીબી અધિકારીઓને ખાનગી વ્યવસાયબંધી બદલ આપવામાં આવતા વળતર ભથ્થા (એન.પી.એ.) ને બદલે તા.૧-૧૨-૨૦૦૬ થી અમલમાં આવે તે રીતે તેઓને ખાનગી તબીબી વ્યવસાય (ખાનગી પ્રેક્ટીસ) કરવાની છૂટ આપવા સાથે ખાનગી વ્યવસાયબંધી બદલ આપવામાં આવતું વળતર ભથ્થું (એન.પી.એ.) બંધ થવાથી નિવૃત્તિ સમયે તેઓને મળનાર પેન્શન તેમજ નિવૃત્તિ લાભો પર તેની વિપરીત અસર પડશે તેવી ભીતિના કારણે વિરોધ થયેલ હતો. |
| (૩) આ નિર્ણયનો અમલ કઇ કેડરના ડૉક્ટરો પુરતો છે, અને | (૩) તા.૧૪-૧૨-૨૦૦૬ ના સરકારી ઠરાવથી આ નિર્ણયનો અમલ કરવાનું મોકુફ રાખતા હુકમો કરવામાં આવેલા છે. |
| (૪) આ નિર્ણય મરજીયાત છે કે ફરજીયાત છે ? | (૪) પ્રશ્ન ખંડ-૩ ના જવાબના સંદર્ભમાં આવો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ગઢડા ઉમરાળા તાલુકાના ધામોને યાત્રાધામમાં સમાવેશ કરવા બાબત**

૧૯૧૧૫ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** (ગઢડા) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| પ્રવાસન વર્ષ ૨૦૦૬ નિમિત્તે ભાવનગર જિલ્લાના ગઢડા- ઉમરાળા તાલુકાના સ્વામીનારાયણ ધામ, રાંદલના દડવા-ગંગા સતી પાનબાઇ (સમઢીયાળા) નો યાત્રાધામમાં સમાવેશ કરવાનું આયોજન છે કે કેમ ? | ના, જી. |

-----------

**ભૂજ શહેરના જ્યુબિલિ ગ્રાઉન્ડમાં પેવેલીયન બનાવવા બાબત**

૨૦૦૫૪ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** (ભૂજ) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભૂજ શહેરમાં આવેલ જ્યુબિલિ ગ્રાઉન્ડને નમુનેદાર ગ્રાઉન્ડ અને પેવેલીયન બનાવવાની સરકારની કોઇ યોજના છે, અને | (૧) હાલ કોઈ યોજના નથી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં કેટલી રકમ ખર્ચીને આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**રાજ્યમાં એઇડ્સના દર્દીઓ**

૨૦૫૨૦ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** (અમરેલી) : **માનનીય આરોગ્ય અને પરવિાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧ જાન્યુઆરી-૦૭ ની સ્થિતિએ એઇડસ (એચ.આઇ.વી. પોઝીટીવ)ના કુલ કેટલા દર્દીઓ સરકારી હોસ્પીટલમાં માલુમ પડેલ છે, | (૧) રાજ્યમાં ૩૧-૧-૦૭ની સ્થિતિએ એઈડસ (એચ.આઈ.વી પોઝીટીવ)ના કુલ ૮૪૩૨ દર્દીઓ સરકારી હોસ્પિટલમાં માલુમ પડ્યા છે. |
| (૨) છેલ્લા ત્રણ વર્ષમાં એઇડસના દર્દીઓમાં કેટલો વધારો થયેલ છે, અને | (૨) રાજ્યમાં ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૪૪૬૮ એઈડસના દર્દીઓ નોંધાયેલા છે.<br>૨૦૦૪-૧૪૧૬, ૨૦૦૫-૧૬૫૯, ૨૦૦૬-૧૩૫૫,<br>જાન્યુ.૨૦૦૭-૩૮. ઉપરના આંકડા જોતા વર્ષઃ- ૨૦૦૫માં ૨૪૩ એઈડસના દર્દીઓનો વધારો થયેલ છે અને વર્ષ :- ૨૦૦૬માં છેલ્લા વર્ષની સરખામણીએ ૩૦૪ એઈડ્સના દર્દીઓનો ઘટાડો નોંધાયેલ છે. |
| (૩) એઇડસની બિમારીને રોક્વા સરકારે કેવા પગલાં લીધા છે ? | (૩) (૧) આ રોગની કોઈ દવા કે રસી ઉપલબ્ધ ન હોવાને કારણે લોકોને આ રોગ વિષે જાગૃત કરવા વિવિધ માધ્યમો જેવા કે ટી.વી., રેડીયો, બસ પેનલ, વર્તમાનપત્રો, લોકમાધ્યમો દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.<br>(૨) વિવિધ જોખમી વ્યવહારો ધરાવતા જૂથોમાં લક્ષિત દરમ્યાનગીરી (ટાર્ગેટેડ ઈન્ટરવેન્શન) કાર્યક્રમો દ્વારા આ વ્યક્તિઓ સલામત વ્યવહારો અપનાવે તે માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ કામગીરી રાજ્યની |

સ્વેચ્છિક સંસ્થાઓ મારફતે કરવામાં આવી રહી છે. ૧૦૩ પ્રોજેક્ટ દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

(૩) જાતિય રોગો તેમજ એઈડસ/એચ.આઈ.વી. પોઝીટીવ વ્યક્તિઓને કાઉન્સેલીંગની સેવાઓ મળી રહે તે માટેની રાજ્યની સરકારી મેડીકલ કોલેજો અને જિલ્લા હોસ્પિટલોમાં કાઉન્સેલીંગની સેન્ટરો (વાત્સાયન કેન્દ્રો) શરૂ કરવામાં આવ્યા છે.

(૪) રાજ્યમાં લોકોને સલામત લોહી મળી રહે તે માટે સરકારી તેમજ સ્વેચ્છિક સંસ્થા સંચાલિત કુલ ૫૭ બ્લડ બેંકોનું આધુનિકરણ કરવામાં આવેલ છે. તેમજ રાજ્યની સરકારી અને સ્વેચ્છિક સંસ્થા સંચાલિત ૯૪ બ્લડ બેંકોને મફત એચ.આઈ.વી. અને એચ.સી.વી. ટેસ્ટ કીટ આપવામાં આવે છે.

(૫) એઈડસના દર્દીઓને લક્ષણ આધારીત સારવાર આપવા માટે સરકારી હોસ્પિટલમાં કામ કરતા તબીબોને તાલીમ આપવામાં આવી છે. તેમજ આ માટેની દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

(૬) જાતિય રોગની સારવાર : સરકારી મેડીકલ કોલેજો તેમજ જિલ્લા હોસ્પિટલોમાં ૨૯ એસ.ટી.ડી. ક્લીનીક્સને જરૂરી સાધનો, દવાઓ તથા આર્થિક સહયોગ પણ સોસાયટી મારફત પૂરો પાડવામાં આવે છે. આ સિવાય દરમ્યાનગીરી કાર્યક્રમ હેઠળ પણ જાતિય રોગોની સારવાર આપવામાં આવે છે.

(૭) શાળાકીય એઈડસ શિક્ષણ કાર્યક્રમ હેઠળ સરકારી તેમજ ખાનગી શાળાઓના ધોરણ-૯ અને ધોરણ-૧૧ના બાળકોને એઈડસ શિક્ષણ આપવામાં આવે છે. જેમાં રાજ્યની ૭૫૫૪ શાળાઓ આવરી લેવાઈ છે.

(૮) લોકોને એચ.આઈ.વી./એઈડસ વિષયક માહિતી મળી રહે તે હેતુથી નિઃશુલ્ક ટેલીફોન હેલ્પલાઈન-૧૦૫૧ દ્વારા સુરત, જામનગર, ભાવનગર, વડોદરા તેમજ રાજકોટ ખાતે આ સેવા શરૂ કરવામાં આવી છે.

(૯) જાન્યુઆરી-૦૫ થી એઈડસના દર્દીઓને એન્ટીરેટ્રોવાયરલ દવાઓ મળી રહે તે માટે બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ અને મે-૨૦૦૬ થી ન્યુ સીવીલ હોસ્પિટલ, સુરત ખાતે સેન્ટરો શરૂ કરવામાં આવ્યા છે, તેમજ સરકારે આ દવાઓ ઉપરથી વેચાણવેરો પણ હટાવી લીધા છે. જેથી આ દવાઓ દર્દીઓને સસ્તી મળે.

(૧૦) એચ.આઈ.વી. એઈડ્સ સાથે જીવતા લોકોને સક્ષમ બનાવવા અને તેમનામાં હકારાત્મક વલણ ઉભુ કરવા માટે (GSNP+) નેટવર્ક ઉભુ કરવામાં આવ્યું છે, જે એઈડ્સના રોગની ગેરમાન્યતાઓ તેમજ ભય દુર કરવામાં લોકોની મદદ કરે છે.

-----------

**સિધ્ધપુર શહેરના બિન્દુ સરોવરના રેલ્વે ફાટકના ઓવરબ્રીજનો એપ્રોચ રોડ**

૧૯૦૧૫ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** (સિધ્ધપુર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સિધ્ધપુર ખાતેના બિન્દુ સરોવર રેલ્વે ફાટક નં. એલ.સી.-૧૯૦ પર રાજ્ય સરકાર દ્વારા ઓવરબ્રીજની પાસેના પૂર્વ-પમિ એપ્રોચ રોડ ક્યારે મંજૂર કરવામાં આવ્યો, અને | (૧) તા. ૧૧-૧૨-૨૦૦૦ |
| (૨) તેમાં કેટલો ખર્ચ થવાનો અંદાજ હતો ? | (૨) રૂા. ૫૦૩.૦૩ લાખ. |

-----------

**હાલોલ તાલુકાના બ્લોક હેલ્થ હેઠળના આરોગ્ય કર્મચારીઓના ભથ્થા બિલના નાણાં ન ચૂકવવા બાબત**

૧૯૮૯૦ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર** (હાલોલ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના બ્લોક હેલ્થ હેઠળનાં આરોગ્ય કર્મચારીઓના તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી ભથ્થાં બીલો ચૂકવવાના બાકી છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં ચૂકવવા માંગો છો, અને | (૨) બીલોનું ચુકવણું કરવામાં આવેલ છે. |
| (૩) ભથ્થાં બીલો ચૂકવવા થયેલ ઢીલ બાબતે કોઇ કાર્યવાહી કરવા માંગો છો કે કેમ ? | (૩) ના, જી. |

-----------

**ચોટીલા અને સાયલા તાલુકામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં રસ્તાઓ**

૧૯૪૪૯ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા** (ચોટીલા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં તા.૧-૧-૦૬ થી તા.૩૧-૧-૦૭ ના સમયમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે ક્યા ક્યા રસ્તાઓ મંજૂર કર્યા, | (૧) શૂન્ય |
| (૨) વાટાવચ્છ એપ્રોચ રોડ ક્યા તબક્કે છે, તે ક્યારે પૂર્ણ થશે, અને | (૨) અને (૩) સાઈડ સોલ્ડર સાથે કામ પુર્ણ થયેલ છે. |
| (૩) આ કામોમાં સાઇડો પુરવાની જોગવાઇ છે, ક્યા ક્યા રસ્તાની સાઇડ પુરવાની બાકી છે ? | |

**જી.આઇ.ડી.સી. વાપીની કામદાર વીમા હોસ્પિટલ**

૨૦૫૩૨ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** (પારડી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કામદાર વીમા હોસ્પિટલ જી.આઇ.ડી.સી. વાપી કામદારોનું રજીસ્ટ્રેશન અંદાજે ૪૬૦૦/- જેટલું થાય છે. ત્યારે આ હોસ્પિટલમાં કેટલા ડૉક્ટરોનું તથા એ સિવાય કુલ કેટલું મહેકમ છે,

(૨) કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સંયુક્ત રીતે એક કામદારને વર્ષે કેટલી તબીબી સહાય આપે છે, અને

(૩) આ હોસ્પિટલ કેટલા બેડની છે અને પૂર્ણ સમય માટે કેટલા ડૉક્ટરો હાજર રહે છે ?

**જવાબ**

(૧) કામદાર રાજ્ય વીમા યોજનાની જી.આઇ.ડી.સી. હોસ્પિટલ, વાપી ખાતે કામદાર રાજ્ય વીમા નિગમ દ્વારા નોંધાયેલ વીમા કામદારોની સંખ્યા તા. ૩૧-૩-૨૦૦૬ની સ્થિતિએ ૩૭,૧૪૨ની છે. હોસ્પિટલમાં ૨૧ ડૉક્ટરો તથા તે સિવાય ૪૧ એમ કુલ ૬૨નું મહેકમ છે.

(૨) કેન્દ્ર સરકાર કામદાર માટે કોઇ સહાય આપતી નથી.

કામદાર રાજ્ય વીમા નિગમ, નવી દિલ્હી દ્વારા રાજ્ય સરકારને પ્રતિ વીમા કામદાર યુનીટની તબીબી સારવાર પુરી પાડવા માટે પ્રતિ વર્ષ રૂા. ૯૦૦/- તબીબી સારવાર ચૂકવાય છે.

(૩) કામદાર રાજ્ય વીમા યોજના જનરલ હોસ્પિટલ, વાપી ૫૦ પથારીની હોસ્પિટલ છે અને પૂર્ણ સમય માટે કુલ-૧૦ ડોક્ટરો હાજર રહે છે.

-----------

**મહેસાણા જિલ્લાના સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક કેન્દ્રોમાં વર્ગ-૧ અને વર્ગ-૨ ની ખાલી જ્ગ્યાઓ**

૧૯૮૪૬ **શ્રી બળદેવજી ચં. ઠાકોર** (કડી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના ક્યા ક્યા સામૂહિક કેન્દ્ર તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૧ અને વર્ગ-૨ની કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૨) સુપ્રિટેન્ડેન્ટની જ્ગ્યા ખાલી હોય તેવા કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે, આ ખાલી જ્ગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના નીચે દર્શાવેલ સામૂહિક કેન્દ્ર તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૧ અને વર્ગ-૨ની ડૉક્ટરોની ખાલી જ્ગ્યાઓ નીચે મુજબ છે.

| સામૂહિક આરોગ્ય કેન્દ્રનું નામ | વર્ગ-૧ | વર્ગ-૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ | વર્ગ-૧ | વર્ગ-૨ |
|---|---|---|---|---|---|
| કડી | ૪ | -- | ડભોડા | -- | ૧ |
| ખેરાલુ | ૧ | -- | | | |
| વડનગર | ૧ | -- | | | |
| સતલાસણા | ૧ | -- | | | |
| ઉદલપુર | ૧ | -- | | | |
| **કુલ...** | **૮** | -- | **કુલ...** | -- | **૧** |

(૨) સુપ્રિટેન્ડેન્ટની જ્ગ્યા ખાલી છે તેવા ૬(છ) સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે.

આ ખાલી જ્ગ્યાઓ જરૂરી લાયકાત ધરાવતા યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

-----------

**ભરૂચ જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના રસ્તાઓ**

૧૮૬૯૨ **શ્રીમતી રશીદા ઈ. પટેલ** (વાગરા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧ ડિસેમ્બર, ૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લા પંચાયત હસ્તકના અને સ્ટેટ હસ્તકના તાલુકાવાર કેટલા રસ્તાઓના ટેન્ડરો બહાર પાડવામાં આવેલ છે,

(૨) બહાર પાડેલ ટેન્ડરોમાંથી કેટલા રસ્તાઓના કામો ચાલુ છે, અને

(૩) કેટલા રસ્તાઓના કામો બાકી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લા પંચાયત અને સ્ટેટ હસ્તકના તાલુકાવાર રસ્તાઓના બહાર પાડવામાં આવેલ ટેન્ડરની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | રસ્તા | ટેન્ડરોની સંખ્યા |
|---|---|---|
| ભરૂચ | ૩૬ | ૩૮ |
| વાગરા | ૧૨ | ૨૦ |
| અંક્લેશ્વર | ૨૦ | ૧૬ |
| હાંસોટ | ૧૧ | ૧૧ |
| વાલીયા | ૧૫ | ૧૨ |
| ઝગડીયા | ૨૪ | ૨૧ |
| જંબુસર | ૨૬ | ૨૫ |
| આમોદ | ૮ | ૬ |

(૨) બહાર પાડેલ ટેન્ડરોમાંથી ૩૫ ટેન્ડરોમાં સમાવાયેલ રસ્તાના કામો ચાલુ છે.

(૩) ૬૪ રસ્તાના કામો બાકી છે.

-----------

**રાજ્યમાં મેડીકલ કોલેજોની સંખ્યા**

૨૦૫૧૨ **શ્રીમતી રમીલાબેન ર઼ા. દેસાઈ** (ખેરાલુ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ અંતિત રાજ્યમાં મેડીકલ કોલેજોની સંખ્યા કેટલી,

(૨) તેમાં સરકારની ગ્રાન્ટથી તથા ગ્રાન્ટ વગર ચાલતી કોલેજોની સંખ્યા કેટલી, અને

(૩) સરકારી કોલેજોમાં કેટલા ટેક્નીકલ સ્ટાફની ખેંચ છે ?

**જવાબ**

(૧) ૧૩

(૨) સરકારી-૬

મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત-૨

સ્વનિર્ભર ખાનગી ધોરણે-૫

સરકારી ગ્રાન્ટથી ચાલતી-એકપણ નહિ.

(૩) સરકારી મેડીકલ કોલેજોમાં

તબીબી શિક્ષકોની-૩૭૪ અને

પેરા મેડીકલ અને અન્ય ટેક્નીકલ-૫૫૬ સ્ટાફની ખેંચ છે.

-----------

**અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટની સિવિલ હોસ્પિટલોમાં મંજૂર થયેલ મહેકમ**

૧૯૬૨૮ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા.** (સુરત શહેર ઉત્તર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ સિવિલ હોસ્પીટલોનું મંજૂર થયેલ મહેકમ (સેટઅપ) કેટલું છે,

**જવાબ**

(૧) અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ સિવિલ હોસ્પિટલોનું મંજૂર થયેલ મહેકમ (સેટઅપ) નીચે મુજબ છે.

| સંસ્થા | વર્ગ-૧ અને વર્ગ-૨ | વર્ગ-૩ ક્લેરીકલ | વર્ગ-૩ પેરા મેડીકલ | વર્ગ-૪ | કુલ |
|---|---|---|---|---|---|
| અમદાવાદ | ૧૭ | ૯૨ | ૧૦૪૩ | ૭૧૩ | ૧૮૬૫ |
| વડોદરા | ૪૦ | ૫૮ | ૭૮૧ | ૬૦૪ | ૧૪૮૩ |
| સુરત | ૩૩ | ૩૭ | ૫૧૭ | ૩૯૩ | ૯૮૦ |
| રાજકોટ | ૩૯ | ૧૫ | ૩૨૬ | ૧૭૦ | ૫૫૦ |

(૨) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ મંજૂર થયેલ મહેક્મ પ્રમાણે કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ મંજૂર થયેલ મહેક્મ પ્રમાણે કુલ ખાલી જ્ગ્યાઓ નીચે મુજબ છે.

સિવિલ હોસ્પિટલ, અમદાવાદ કુલ-૨૦૦
એસ.એસ.જી. વડોદરા કુલ-૧૫૨
નવી સીવીલ, સુરત કુલ-૧૭૧
પી.ડી.યુ. રાજકોટ કુલ-૧૧૧

ઉક્ત વિવિધ સંવર્ગની જ્ગ્યાઓ વિવિધ સમયાંતરે બદલી/બઢતી/વયનિવૃત્તિ/અવસાનને કારણે ખાલી પડેલ છે જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

| સંવર્ગ | કેટલા | અમદાવાદ | વડોદરા | સુરત | રાજકોટ | કુલ |
|---|---|---|---|---|---|---|
| વર્ગ-૧ | ૧ વર્ષ | ૦ | ૨ | ૧ | ૦ | ૩ |
| | ૧થી ૨ | ૦ | ૨ | ૪ | ૦ | ૬ |
| | ૨ થી ૩ | ૩ | ૧ | ૦ | ૦ | ૪ |
| વર્ગ-૨ | ૧ વર્ષ | ૧ | ૧૦ | ૩ | ૩ | ૧૭ |
| | ૧થી ૨ | ૬ | ૨ | ૦ | ૦ | ૮ |
| | ૨ થી ૩ | ૭ | ૦ | ૬ | ૧ | ૧૪ |
| વર્ગ-૩ | ૧ વર્ષ | ૨ | ૨ | ૧ | ૦ | ૫ |
| | ૧થી ૨ | ૯ | ૧ | ૧ | ૨ | ૧૩ |
| | ૨ થી ૩ | ૧૭ | ૪ | ૪ | ૨ | ૨૭ |
| વર્ગ-૩ | ૧ વર્ષ | ૫૪ | ૩૭ | ૪૬ | ૪૮ | ૧૮૫ |
| | ૧થી ૨ | ૩૬ | ૧૯ | ૨૮ | ૨૨ | ૧૦૫ |
| | ૨ થી ૩ | ૨૫ | ૨૯ | ૨૫ | ૮ | ૮૭ |
| વર્ગ-૪ | ૧ વર્ષ | ૧૮ | ૭ | ૬ | ૫ | ૩૬ |
| | ૧થી ૨ | ૧૦ | ૧૬ | ૧૩ | ૧૧ | ૫૦ |
| | ૨ થી ૩ | ૧૨ | ૨૦ | ૩૩ | ૯ | ૭૪ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સુધીના | | | | | |
| | કુલ | ૨૦૦ | ૧૫૨ | ૧૭૧ | ૧૧૧ | ૬૩૪ |

(૩) આ જ્ગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે, અને

(૩) (૧) ગોણ સેવા પસંદગી મંડળ તરફથી ઉમેદવારોની ફાળવણી ન થવાને કારણે.

(૨) તાંત્રિક જ્ગ્યાઓ માટે ઉમેદવારો ઉપલબ્ધ ન થવાને કારણે.

(૪) આ જ્ગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી છે?

(૪) ખાલી જ્ગ્યાઓ ભરવા માટે વખતો વખત માંગણી પત્રક સરકારશ્રી મારફ્ત ગુજરાત જાહેર સેવા આયોગને તેમજ ગોણ સેવા પસંદગી મંડળ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત સંસ્થાની રોજબરોજની કાર્યવાહીને પહોંચી વળવા માટે જરૂરીયાત મુજબ અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટની હોસ્પિટલ ખાતેની ટેક્નીકલ/પેરામેડીકલ વર્ગ-૩ સંવર્ગની ૫૯ જ્ગ્યાઓ આઉટસોર્સથી ભરવામાં આવેલ છે.

-----------

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ હસ્તકની વર્ગ-૧ ની ખાલી જ્ગ્યાઓ**

૨૦૫૩૫ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તક વર્ગ-૧ ની આર.ડી.ડી. થી શરુ કરીને કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તક વર્ગ-૧ની આર. ડી. ડી. થી શરૂ કરીને સંવર્ગવાર જ્ગ્યાઓ નીચે મુજબ ખાલી છે.

| **સંવર્ગ** | **ખાલી જ્ગ્યા** |
|---|---|
| ૧. અધિક નિયામક (આરોગ્ય, પરિવાર કલ્યાણ તબીબી), વર્ગ-૧ | ૩ |
| ૨. સંયુક્ત નિયામક વર્ગ-૧ | ૩ |
| ૩. નાયબ નિયામક વર્ગ-૧ | ૨ |

(૨) આ જ્ગ્યાઓ ક્યા કારણોસર ભરાતી નથી ?

(૨) આ જ્ગ્યાઓ ભરતી નિયમો મુજબ સીધી ભરતી/બઢતીથી ભરવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

-----------

**સરકાર હસ્તકના દેવસ્થાનોની આવક**

૧૯૩૦૨ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** (માંગરોળ) : **માનનીય દેવસ્થાન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્ય સરકાર હસ્તકના ક્યા ક્યા દેવસ્થાનોની વાર્ષિક આવક તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી છે, અને

(૧) રાજ્ય સરકાર હસ્તકના દેવસ્થાનોની તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ આવક રૂ. ૮,૪૬,૩૯,૬૯૩/-ની થયેલ છે. જેની વિગત પરિશિષ્ટ-અ મુજબ છે. તથા રાજ્યમાં આવેલ અન્ય ૬(છ) પવિત્ર યાત્રાધામોની આવક રૂ. ૫૮,૬૭,૯૫,૧૫૫/-ની છે. જેની વિગત પરિશિષ્ટ-બ મુજબ છે.

(૨) આ આવકનો ઉપયોગ ક્યા હેતુ માટે કરવામાં આવ્યો છે ?

(૨) આવકનો ઉપયોગ સામાન્યતઃ દેવસ્થાન મંદિરના નિભાવખર્ચ જેવા કે પૂજા સામગ્રી લાઈટ

આવ્યો છે ?

મંદિરના નિભાવખર્ચ જેવા કે પુજા સામગ્રી, લાઈટ બિલ, પુજારીનો પગાર, વહીવટી ખર્ચ, મંદિરના મરામતનો ખર્ચ, તેમજ અન્નક્ષેત્ર ગોશાળા ખર્ચ વગેરે માટે મંદિરની આવકમાંથી ખર્ચ કરવામાં આવેલ છે. આ ઉપરાંત વધુ આવક કરતાં દેવસ્થાનોમાં તેમજ પવિત્ર યાત્રાધામોમાં આંતરમાળખાકિય વિકાસની કામગીરી તે આવકમાંથી કરવામાં આવેલ છે.

## પરિશિષ્ટ-અ

**સરકાર હસ્તક દેવસ્થાનોની આવક**

| ક્રમ | જિલ્લાનું નામ | જિલ્લાના દેવસ્થાનોની સંખ્યા | તા. ૩૧-૦૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષની આવક |
|---|---|---|---|
| ૧. | ભાવનગર | ૨૩ | ૨૬,૨૬,૩૧૧/- |
| ૨. | સુરેન્દ્રનગર | ૧ | ૪,૦૧૮/- |
| ૩. | કચ્છ-ભુજ | ૨૭ | ૨૨,૭૧,૫૮૯/- |
| ૪. | રાજકોટ | ૮ | ૮૨,૭૫,૭૩૨/- |
| ૫ | વલસાડ | ૧૩ | શુન્ય |
| ૬. | સુરત | ૨ | શૂન્ય |
| ૭. | ભરૂચ | ૨૫ | શૂન્ય |
| ૮. | ગાંધીનગર | ૧૩ | ૫૬,૫૨,૪૧૫/- |
| ૯. | નર્મદા-રાજપીંપળા | ૪૫ | ૨૫,૮૮,૪૮૪/- |
| ૧૦. | આણંદ | ૫ | ૧૧,૯૫૨/- |
| ૧૧. | પોરબંદર | ૧૫ | ૧,૮૫,૭૦૦/- |
| ૧૨. | નવસારી | ૧૪ | ૬૯,૨૫,૩૩૪/- |
| ૧૩. | મહેસાણા | ૨૨ | ૪,૩૩,૨૮,૪૯૪ |
| ૧૪. | વડોદરા | ૮૧ | ૧,૨૧,૨૫,૨૦૨/- |
| ૧૫. | પાટણ | ૪૫ | ૬,૪૪,૪૬૨/- |
| | **કુલ :** | **૩૩૯** | **૮,૪૬,૩૯,૬૯૩/-** |

## પરિશિષ્ટ-બ

| ક્રમ | યાત્રાધામનું નામ | ૨૦૦૫-૦૬ની આવક | ૨૦૦૬-૦૭ની આવક. (૩૧-૧-૦૭ની અંતિત) | કુલ આવક |
|---|---|---|---|---|
| ૧ | દ્વારકા | ૧૭૪૨૨૭૫૩.૦૦ | ૨૩૪૭૪૯૩૫.૦૦ | ૪૦૮૯૬૬૮૮.૦૦ |
| ૨ | અંબાજી | ૧૬૭૨૪૨૦૮૮.૦૦ | ૧૦૫૫૮૯૯૩૪.૦૦ | ૨૭૨૮૩૨૦૨૨.૦૦ |
| ૩ | સોમનાથ | ૩૬૪૮૪૮૨૪.૦૦ | ૪૯૪૪૧૬૧૬.૦૦ | ૮૫૯૨૬૪૪૦.૦૦ |
| ૪ | ગિરનાર | ૪૫૦૦૦૦.૦૦ | ૪૫૦૦૦૦.૦૦ | ૯૦૦૦૦૦.૦૦ |
| ૫ | ડાકોર | ૪૨૯૨૧૫૦૨.૦૦ | ૪૬૦૦૦૦.૦૦ | ૪૩૩૮૧૫૦૨.૦૦ |
| ૬ | પાલીતાણા | ૧૪૨૮૫૮૫૦૩.૦૦ | - | ૧૪૨૮૫૮૫૦૩.૦૦ |
| | **કુલ :** | | | **૫૮,૬૭,૯૫,૧૫૫.૦૦** |

-----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં સિવિલ હોસ્પીટલમાં ડૉક્ટર, વોર્ડબોય અને નર્સની ખાલી જગ્યા

૧૯૨૩૯ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** (લીંબડી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૧-૧-૦૭ની સ્થિતિએ તાલુકાવાર સિવિલ હોસ્પીટલોમાં કેટલા ડૉક્ટર, નર્સ અને વોર્ડબોયની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૧-૧-૦૭ની સ્થિતિએ તાલુકાવાર સીવીલ હોસ્પીટલમાં ડૉક્ટર, નર્સ અને વોર્ડબોયની નીચે મુજબ ખાલી જગ્યાઓ છે.

| જગ્યાનું | જનરલ | સીવીલ | સરકારી | કુલ |
|---|---|---|---|---|
| ડૉક્ટર | ૭ | ૯ | ૦ | ૧૬ |
| નર્સ | ૪ | ૧૩ | ૭ | ૨૪ |

| | | | | |
|---|---|---|---|---|
| નર્સ | ૪ | ૧૩ | ૭ | ૨૪ |
| વોર્ડબોય | ૨ | ૭ | ૨ | ૧૧ |

(૨) આ જગાઓ ક્યારે ભરવામાં આવનાર છે, અને

(૨) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

(૩) આ જ્યાઓ ભરવા સરકારે શું પગલાં લીધા છે ?

(૩) તબીબી અધિકારી વર્ગ-૧ તથા વર્ગ- ૨ માટે બદલી, બોન્ડેડ તથા એડહોક ધોરણે નિમણુંક માટે વોક ઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે.

-- હેડનર્સની ખાલી જ્યાઓ બઢતીથી ભરવાની કાર્યવાહી ચાલુ છે.

-- સ્ટાફનર્સની ખાલી જ્યાઓ ભરવામાં આવી રહી છે.

-- વોર્ડબોયની ખાલી જ્યા ભરવા આઉટસોર્સીંગ કરવાની સૂચના આપવામાં આવી છે.

**સુરેન્દ્રનગર નગરપાલિકામાં ચીફ ઓફીસરની ખાલી જ્યા**

૧૯૪૮૮ **શ્રી ધનરાજભાઈ કેલા** (વઢવાણ) : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર નગરપાલિકામાં ચીફ ઓફીસરની જ્યા કેટલા સમયથી ખાલી છે, અને | (૧) હાલ ખાલી નથી. |
| (૨) આ ખાલી જ્યા સરકાર ક્યારે ભરવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

**ડાંગ જિલ્લામાં ફરતા દવાખાના**

૧૯૫૨૫ **શ્રી માધુભાઈ જે. ભોયે** (ડાંગ-વાંસદા) : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ ફરતીવાન દવાખાનાની સંખ્યા કેટલી છે, અને | (૧) એક |
| (૨) આ મોબાઇલ વાન દવાખાનાની સંખ્યામાં વધારો કરવા સરકારે શા પ્રયાસો કર્યા ? | (૨) ડાંગ જિલ્લામાં વિસ્તાર પ્રમાણે પર્યાપ્ત ફરતું દવાખાનું ઉપલબ્ધ છે. |

**ગઢડા અને ઉમરાળા તાલુકાના ગામોને પાકા રસ્તાની સુવિધા આપવા બાબત**

૧૯૧૧૬ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** (ગઢડા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના ગઢડા અને ઉમરાળા તાલુકાના ક્યા ક્યા ગામોએ પાકા રસ્તાઓ તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ નથી, અને | (૧) શૂન્ય |
| (૨) આવા ગામોને પાકા રસ્તાથી જોડવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### ધારી તાલુકામાં સિંહના બચ્ચાં કૂવામાં પડી જતાં મૃત્યુ પામવા અંગે

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ (બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

" તાજેતરમાં ધારી તાલુકાના ગઢીયા ગામે સિંહના બચ્ચાંઓનો પીછો કરાતાં બે બચ્ચાં કૂવામાં પડી મૃત્યુ પામવાથી તથા તે સ્થળે પીછો કરવા વપરાયેલ વાહનના નિશાન જણાઈ આવતાં પર્યાવરણ પ્રેમીઓમાં ફેલાયેલ રોષની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, તા.૨૪-૨-૨૦૦૭ના રોજ નાયબ વનસંરક્ષકશ્રી ગીર પૂર્વ વન વિભાગ, ધારી હેઠળની દલખાણીયા રેન્જમાં ધારી તાલુકામાં આવેલ ગઢીયા ગામમાં શ્રી જીલુભાઈ જેબલીયાની માલિકીની ખેતીની વાડીમાં આવેલ ખુલ્લા કૂવામાં અકસ્માતે પડવાના કારણે સિંહબાળ-૨(બે)નું મૃત્યુ થયેલ હતું. આ સ્થળ અભયારણ્ય વિસ્તારની હદથી આશરે ૫થી ૬ કિલોમીટરના અંતરે આવેલ છે. વાડીમાં આવેલ આ કૂવો ૬૦ ફૂટ ઉંડો છે. જેમાં હાલ ૧૦થી ૧૫ ફૂટ પાણી ભરાયેલ છે અને કૂવાના કાંઠાને જમીનના સ્તરથી અંદાજે ૧ ફૂટ નીચા કાંઠાનું બાંધકામ કરેલ છે. આ વિસ્તારમાં સિંહોના એક જૂથ દ્વારા તા. ૨૪-૨-૨૦૦૭ પહેલાંના બેથી ત્રણ દિવસ પહેલાં કૂવાથી અંદાજે ૧૫૦ મીટર દૂર વાડીમાં રોઝનું મારણ કરેલ હતું. જેના પર ૨(બે)-સિંહણ તથા ૬(છ)-બચ્ચાં મારણ ખાતા સ્થાનિક લોકોને જોવા મળેલ હતા. તે પૈકીના બે બચ્ચાં અકસ્માતે ઉક્ત વાડીના ખુલ્લા કૂવામાં પડી મૃત્યુ પામ્યા હોવાનું પ્રાથમિક દૃષ્ટિએ જણાય છે. તા. ૨૪-૨-૨૦૦૭ના રોજ સાંજે વન વિભાગના અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ કરતાં ઉક્ત રોઝના મારણ પર ૨(બે)-સિંહણ તથા ૪(ચાર)-બચ્ચાં મારણ ખાતાં જોવા મળ્યાં હતાં. આ ઘટના અંગે સ્થળ તપાસ કરતાં ઉપરોક્ત માલિકીની ખેતીની વાડીમાં એક ફૉર વ્હીલર વાહનના ટાયરના નિશાન જોવા મળેલ હતાં. આ વાહનનો આ વિસ્તારની મુલાકાત તથા સિંહબાળના કૂવામાં પડી મૃત્યુ થવા બાબતે કોઈ સંબંધ છે કે કેમ તે અંગેની તપાસ ચાલુ છે.

આ તપાસ દરમ્યાન કોઈ વ્યકિત દ્વારા વન્યપ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ હેઠળની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવામાં આવેલ હશે તો તે ધ્યાન ઉપર આવશે તો તે બાબતે તેમની સામે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, ધારી તાલુકાના નાની ધારીની વાડી અને ગઢીયા ગામના ખેડૂતની વાડીના કૂવામાં બે સિંહબાળ, દોઢથી બે મહિનાના બચ્ચાંના કૂવામાં પડી જવાથી મૃત્યુ થયું. આ સમગ્ર ગુજરાત રાજય, સમગ્ર વિશ્વ આ એશિયાટીક સિંહ-અલભ્ય પ્રાણી, અમૂલ્ય પ્રાકૃતિક વારસાનું ગૌરવ લે છે. ગુજરાતની ઓળખ અને ગૌરવ છે. સમગ્ર ભારત દેશમાંથી અને વિશ્વમાંથી...

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : બધા સિંહ જોવા માટે આવે છે. આ અમૂલ્ય પ્રાકૃતિક વારસા સમા આ વન્ય પ્રાણીઓના જે કૂવામાં પડી જવાથી મૃત્યુ થયા. આજે પાછા ત્રણ સિંહોના શિકાર થયા.

**અધ્યક્ષશ્રી** : પહેલાં આ પ્રશ્ન ઉપર આવો. તમે શું પૂછવા માગો છો એ કહો.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : હું તેના ઉપર જ આવું છું કે બાબરીયા રેન્જમાં ૫૦૦ ફૂટ દૂર ત્રણ સિંહના શિકાર થયા. તેના હાડકા અને નખ આ શિકાર કરવાવાળા લોકો લઈ ગયા..

**અધ્યક્ષશ્રી** : એ આમાં નહીં આવે. આ વાત કરો. આ બે બચ્ચાંની વાત કરો ને, (અંતરાય) નો. બે બચ્ચાં કૂવામાં પડી ગયા છે તેની વાત કરો પ્લીઝ. (અંતરાય)

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : ગઢીયા ગામે આ મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે તેમાં ફૉર વ્હીલરના નિશાન બતાવ્યા છે. હું જાણવા માગું છું કે આ ફૉર વ્હીલર કોઈ લાયન્સ માટે કે આ સિંહોની પાછળ કોઈ બહાદુરી બતાવવા માટે દોડાવ્યા હતા? આ વાડીના માલિક પાસે કે સગા-સંબંધી પાસે મિજબાની કરવા માટે વાહન લઈને આવ્યા હતા અને જવાબમાં આપ્યું છે કે સિંહના નિશાન પણ જોવા મળેલ છે ત્યાં ફૉર વ્હીલરના નિશાન જોવા

મળેલ છે અને કહેવામાં આવ્યું છે કે આ બાબતે માલિકની વાડીમાં ફોર વ્હીલરના ટાયરના નિશાન જોવા મળ્યા હતા. આ વાહનોનું આ વિસ્તારની મુલાકાતે આવવવું તથા સિંહબાળ કૂવામાં પડી જવાથી મૃત્યુ થવા બાબત કોઈ સંબંધ છે કે નહીં તેની તપાસ કરવાની કામગીરી શરૂ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સિંહના બચ્ચાંઓની પાછળ ઈરાદાપૂર્વક જ વાહન દોડાવવામાં આવેલું હતું કે કેમ અને આ નિશાનીઓ જોયા પછી મારી પાસે જે વિગત આવી છે કે અધિકારીઓ પાસે આની વિગત આવી છે છતાંય કોઈ કેસ દાખલ કરવામાં આવતો નથી, તો તેમાં કોઈ સામાવાળા તરફથી ભય છે કે કેમ? અને કેસ દાખલ નહીં કરવાના કારણો શું છે? નં.૧. બીજું, હું આપની પાસેથી જાણવા માગું છું કે આમાં જવાબ આપવામાં આવેલ છે કે વન્ય પ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ હેઠળની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવામાં આવેલ હશે તો ધ્યાન ઉપર આવશે તો આ બાબત તેમની વિરુદ્ધ નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે. હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને..

**અધ્યક્ષશ્રી** : આમાં ભાષણ ન હોય. પાંચ મિનિટમાં આખો પ્રશ્ન પૂરો કરવાનો હોય. તમે પાંચ મિનિટ લીધી. તમે પ્રશ્ન બોલી જાવ.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રની અંદર શર્ટના ૩ બટન ખુલ્લા રાખીને ૫૦૦૦ લોકો સિંહના નખ પહેરીને ફરે છે. માનનીય મંત્રીશ્રી કહે છે કે અમે ૧૯૭૨ ની કલમ પ્રમાણે કાર્યવાહી કરીશું. તો આ નખ પહેરીને ફરતી એકપણ વ્યકિતની આજ સુધી પૂછપરછ કરવામાં આવી નથી.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્રશ્ન પર આવો. પ્રશ્ન ન પૂછવો હોય તો બેસી જાઓ. પ્લીઝ.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : હું પ્રશ્ન ઉપર જ આવું છું. સિંહોને મારવા પાછળનું કારણ એના નખનો ઉપયોગ કરવા માટેનું હોય છે. ૧૯૭૨ના આ વન સંરક્ષણના કાયદા હેઠળ આ સિંહોના નખ પહેરનારા લોકો ઉપર કેટલી વખત કાર્યવાહી કરી છે? આ બે પ્રશ્નના જવાબ આપો પછી ત્રીજો પ્રશ્ન પૂછું છું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બનાવ અભ્યારણ્યથી પથી ૬ કિલોમીટર દૂર બન્યો છે. ત્યાં રોઝનું મારણ હતું. એ રોઝના મારણ ઉપર ૨ સિંહણ અને ૬ બચ્ચા એ મારણ ખાતા હતા. એની બાજુમાં ૧૫૦ મીટરે કૂવો હતો. આ બે બચ્ચા રમતાં રમતાં કૂવાનું પૅરાફીટ નીચે હોવાથી એમાં પડી ગયા છે અને એ રીતે એમના મૃત્યુ થયા છે. બીજી વાત, ૧૯૭૨ના કાયદા હેઠળ આની તપાસ ચાલી રહી છે. એમાં જો કોઈ ગુનેગાર પકડાશે તો એને ૩ થી ૭ વર્ષની કેદ હોય છે અને રૂ.૨૫૦૦૦/- નો દંડ હોય છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૧૬ની નોટિસમાં મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, છેલ્લા ૫ વર્ષમાં આ વિસ્તારમાં આવા કેટલા અકસ્માતો થયા અને એમાં કેટલા સિંહોના મૃત્યુ થયા? અને એમાંથી કેટલાને બચાવી લેવામાં આવ્યા?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૫ વર્ષમાં ૩૭ જેટલા બનાવો બન્યા છે. એમાં ૧૯ સિંહોના મૃત્યુ થયા છે અને ૧૮ સિંહોને પાણીમાંથી બચાવી લેવામાં આવ્યા છે.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, ૨ સિંહોના બચ્ચા આ કૂવામાં પડીને મૃત્યુ પામ્યા છે તો એમનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે કે કેમ? અને એનો રિપૉર્ટ શું આવ્યો છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે અને આ બાળ સિંહોના મૃત્યુ પાણી પીવાથી થયા છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે, આ જે સિંહ માટેના અભ્યારણ્યના વિસ્તારમાં અવાર-નવાર એમાં કૂવામાં પડી જવાના કેટલા કિસ્સાઓ આપણી નજરમાં આવ્યા છે? આ રાજય સરકારના જે સિંહ માટેના અભ્યારણ્ય છે એમાં કેટલા કૂવા અને કુટિયા આવેલા છે અને આ કૂવા અને કુટિયાથી સિંહોને નુકસાન ન થાય એના માટે કોઈ આગોતરું આયોજન કરવામાં આવ્યું છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ અભ્યારણ્ય વિસ્તારમાં લગભગ ૨૭૫ કૂવા અને કુટિયા આવેલા છે. જેમાં ૧૯૮ કૂવા અને કુટિયાની પૅરા ફીટ વૉલ જાળીથી સુરક્ષિત કરવામાં આવેલ છે અને કૂવા-કુટિયાને બ્રશ વુડ ફેન્સિંગથી લાકડાથી ઢાંકવામાં આવેલ છે. એ સિવાય પણ જે આજુબાજુના અભ્યારણ્યના કૂવા છે એ લગભગ ૬૩૭ કૂવાઓને ઇન્ડિયા ઈકો ડૅવલપમેન્ટ પ્રોજૅક્ટ દ્વારા પણ એના ઢાંકણાથી ઢાંકવામાં આવેલ છે.

# માનનીય મુખ્યમંત્રીશ્રીનું નિવેદન નિયમ-૪૪

## સાગરખેડૂ સર્વાંગી વિકાસ પેકેજ

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ જાણે છે કે, ગુજરાત વિકાસની એક ઐતિહાસિક હરણફાળ ભરી રહ્યું છે. વિકાસનો ધબકાર રાજયના પ્રત્યેક ખૂણામાં અનુભવાય તેવો અમારો સંકલ્પ છે. કુદરતી આપત્તિઓને અવસરમાં પલટાવી શકતી આ ખમીરવંતી ગુજરાતની પ્રજા સાહસિકતામાં પ્રથમ હરોળમાં છે તેનું એક કારણ આપણો સાગરકાંઠો છે. દરિયાની વિશાળતા વિકાસની ઉઘડતી જતી ક્ષિતિજોનો પરિચય આપે છે. તો છલકાતો દરિયો ગુજરાતની સમૃદ્ધિ અને ઉદારતાનો અહેસાસ કરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો દરિયાકાંઠો ભારતની સમૃદ્ધિનું પ્રવેશદ્વાર થવાનો છે. બંદરોનો વિકાસ અને બંદરો આધારિત વિકાસ વ્યૂહ સફળ થયો છે ત્યારે સાગરખેડૂ ભાઈઓ વિકાસની પ્રક્રિયામાં પહેલી હરોળમાં હોય, વિકાસમાં ભાગીદાર બને, એવા ઉમદા હેતુથી **'સાગરખેડૂ સર્વાંગી વિકાસ પેકેજ'** લઈને આ સભાગૃહની સમક્ષ હું ઉપસ્થિત થયો છું. વ્યકિત, પરિવાર અને વિસ્તારના વિકાસની આ અદભુત યોજના સાગરકાંઠા માટે સમૃદ્ધ ભાવિની ધરોહર બની રહેનાર છે. માનનીય અધ્યક્ષશ્રી, લખપતથી માંડીને ઉમરગામ સુધીના ૧૬૦૦કિલોમીટર સાગરકાંઠાના ૩૮ જેટલા તાલુકાના આશરે ત્રણ હજાર (૩૦૦૦) ગામોના ૬૦ લાખ જેટલા લોકો માટે આવતા વર્ષો માટે વિકાસની યોજના છે. આ વિસ્તારના લોકોના વિશિષ્ટ પ્રશ્નો છે, વિશિષ્ટ સમસ્યાઓ છે. ઔદ્યોગિક વિકાસ અને બંદરોના વિકાસ થકી સમગ્ર રાષ્ટ્રના વિકાસની અવધારણાને કારણે સાગરખેડૂઓની સર્વગ્રાહી વિકાસ યાત્રાના આરંભની આ ઐતિહાસિક ઘડી છે. માનનીય અધ્યક્ષશ્રી, **'સાગરખેડૂ સર્વાંગી વિકાસ પેકેજ'** દ્વારા સાગરકાંઠે વસનાર દરિયાકાંઠાનો મજદૂર હોય, માછીમાર હોય, કિસાન હોય, મીઠાનો અગરિયો હોય, ખલાસી હોય, શ્રમજીવી મહિલા હોય કે નવી પેઢીનો તરવરતો યુવાન હોય આ બધા માટે વિકાસની ચોકકસ વ્યૂહરચના સાથે આગળ ધપવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આગામી પંચવર્ષીય યોજનામાં **'સાગરખેડૂ સર્વાંગી વિકાસ પેકેજ'** અંતર્ગત રુપિયા અગીયાર હજાર કરોડની જંગી જોગવાઈ કરવાનું અમારું આયોજન છે. તેની શરૂઆત આ વર્ષથી એટલે કે, ૨૦૦૭-૦૮થી આશરે રુપિયા સત્તરસો કરોડની માતબર યોજનાથી થશે.

માનનીય અધ્યક્ષશ્રી, **"સાગરખેડૂ સર્વાંગી વિકાસ પેકેજ"** આવનારા દિવસોમાં કૌશલ્ય નિર્માણ અને ક્ષમતાવર્ધક તેમજ આર્થિક અને સામાજિક રીતે સાતત્યપૂર્ણ વિકાસ માટેનો રાજમાર્ગ બની રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ **'સાગરખેડૂ સર્વાંગી વિકાસ પેકેજ"** માટે મુખ્યમંત્રીના ૧૨ મુદ્દાના કાર્યક્રમની યોજના રજૂ કરું છું.

**(૧) કૌશલ્યવર્ધક કાર્યક્રમો :-**

આ ગૃહ જાણે છે કે ગુજરાતમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ યોજવાને કારણે અભૂતપૂર્વ ઔદ્યોગિક મૂડી રોકાણ થઈ રહ્યું છે તેને કારણે સાગરકાંઠાના સમગ્ર વિસ્તારને એક નવા આર્થિક પીઠબળ મળવાની સંભાવના છે. આ ઔદ્યોગિક વિકાસની સાથોસાથ **"મુખ્યમંત્રીના આ ૧૨ મુદ્દાના સાગરખેડૂ સર્વાંગી વિકાસ પેકેજ"**થી લાભાન્વિત થાય એ માટેની અમારી યોજના છે. હવે જયારે સાગરકાંઠાના ૩૮ તાલુકાઓમાં ૬૨૧ જેટલા ઔદ્યોગિક પ્રોજેકટો રુ. ૧,૬૮,૦૦૦ કરોડના મૂડી રોકાણ સાથે આવનાર છે ત્યારે ૫,૩૫,૦૦૦ લોકોને રોજગારી મળનાર છે. આ રોજગારીની તકોનો સાગરખેડુઓના યુવા દીકરા-દીકરીઓને લાભ કેવી રીતે મળે તે માટે કૌશલ્યવર્ધક અભ્યાસક્રમો અને ક્ષમતાવર્ધક કાર્યક્રમો માટે **"સાગરખેડૂ સર્વાંગી વિકાસ પેકેજ"**માં ખાસ જોગવાઈનું નિર્માણ કરેલ છે.

- અગિયારમી પંચવર્ષીય યોજનામાં મારી સરકાર સાગરકાંઠાના દરેક તાલુકામાં ૧ આઈ.ટી.આઈ. સ્થાપવાનું લક્ષ ધરાવે છે. આની શરુઆત આ વર્ષે ૩ તાલુકાઓમાં એટલે કે, કલ્યાણપુર, જામનગર અને મુન્દ્રામાં ૧૨૪૮ બેઠકોની સુવિધાઓ સાથે કરવામાં આવશે. આ વિસ્તારમાં આવનાર ઉદ્યોગગૃહો પણ પબ્લીક પ્રાયવેટ પાર્ટનરશીટ દ્વારા ખાસ આઈ.ટી.આઈ. શરૂ કરે તેવા પ્રયત્નો કરવામાં આવશે.
- ગુજરાતના દરિયાઈ વિસ્તારમાં બંદરો, કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ તથા અન્ય ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસને ધ્યાને રાખી સ્થાનિક અર્ધશિક્ષિતોને ટુંકાગાળાની વ્યવસાયલક્ષી તાલીમ થકી રોજગારીની તકો મળે તે હેતુથી ૧૮ દરિયાઈ વિસ્તારની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ૧૪ વ્યવસાયોમાં ૧૫૦૦ જેટલા તાલીમાર્થીઓને પોતાના અનુકૂળ સમયે તાલીમ મેળવી શકે તે રીતનું આયોજન નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮માં કરવામાં આવેલ છે.
- મરીન ટેકનીશીયનના ખાસ વર્ગો તેમજ મરીન એન્જિનિયરીંગનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે અને ઉચ્ચ શિક્ષણ માટે સ્વનિર્ભર કોલેજોને પ્રોત્સાહન આપવામાં આવશે.
- સમુદ્ર કિનારે સાગરકાંઠાની સહેલગાહ અને વોટર સ્પોર્ટસ તેમજ એડવેન્ચર ટુરીઝમ દ્વારા સ્થાનિક ધોરણે નવી રોજગારીની તકો ઉપલબ્ધ થાય તે માટે કૌશલ્ય નિર્માણ કરવું તેમજ માળખાકીય સુવિધાઓ ઊભી કરવી.

**(૨) રોજગારીની તકો :-**

'સાગરખેડૂ સર્વાંગી વિકાસ પૅકૅજ'માં આ વિસ્તારના યુવાનોને રોજગારી મળે તે અમારી પ્રાથમિકતા છે. આ માટે રોજગારીની અને સ્વરોજગારીની તકો ઊભી થાય તે માટેનું મારી સરકારે આયોજન કરેલ છે. આ વર્ષે :-

- સ્વરોજગાર ક્ષેત્રે ૨૦૦૦ સ્વસહાયજૂથ ઊભા કરવાનું આયોજન.

- એસ.જી.આર.વાય. આયોજન હેઠળ આશરે ૧૮ લાખ માનવ દિવસની રોજગારી ઊભી કરવા માટે આશરે રૂા. ૨૫ કરોડની ખાસ જોગવાઈ.
- ગ્રામોદ્યોગ અને ખાદી પ્રવૃત્તિઓ માટે ૧૮૦૦ જેટલા સાગરખેડુને વિશેષ તાલીમ.
- સ્વરોજગાર માટે ટૂલકીટ સાથે ૧૧૪ જેવા ટ્રેડની તાલીમ થકી ૫૦૦૦ લાભાર્થીઓને લાભ.
- આ ઉપરાંત આ વિસ્તારના લોકોમાં કેટલીક જન્મજાત આવડત છે અને તેના વિકાસ માટે ખાસ કલસ્ટર યોજનાના વિકાસ માટે પૅકેજ.

**(૩) શિક્ષણ થકી સર્વાંગી વિકાસ:**

સાગરકાંઠા પર આવેલા સાગરકાંઠે વસેલા સાગરખેડુઓમાં એક અભૂતપૂર્વ શક્તિ હોય છે, આત્મવિશ્વાસ હોય છે. આ શક્તિને કેવી રીતે વિકાસની પ્રક્રિયામાં જોડી શકાય તે માટે 'સાગરખેડુ સર્વાંગી વિકાસ પૅકેજ'માં શિક્ષણની ખાસ યોજના કરવા નીચેના પગલાંઓનું આયોજન કરવામાં આવેલું છે:-

- સાગરખેડુના સંતાનો નૌકાદળમાં (Navy) જોડાય તે માટે ખાસ પ્રોત્સાહક યોજના, શાળા કૉલેજોમાં, નૌકાદળ એન.સી.સી.ના યુનિટ વધુમાં વધુ સ્થપાય તે માટેના સઘન પ્રયત્નો.
- આ વર્ષે ૪૪ જેટલી નવી માધ્યમિક શાળાઓ, ૩૩ સામાન્ય પ્રવાહની અને ૧૧ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ મળી કુલ ૮૮ નવી શાળાઓ માટે આશરે રૂા. ૧૫ કરોડનું આયોજન.
- ધોરણ ૧૨ પાસ કરતા વિદ્યાર્થીઓને તાંત્રિક શિક્ષણની સુવિધાઓ નજીકમાં ઉપલબ્ધ થાય તે માટે પ્રથમ તબક્કે આઠ નવી પૉલિટૅક્નિકનો રૂપિયા ૧૭૨.૪૮ કરોડના ખર્ચે શરૂ કરવાનું આયોજન છે. આ ઉપરાંત જરૂરિયાત મુજબ સાત વધારાની પૉલિટૅક્નિક કૉલેજ શરૂ કરવાનું પણ આયોજન કરવામાં આવેલ છે.
- ઉચ્ચ શિક્ષણની જરૂરિયાતને પહોંચી વળવા માટે સ્વૈચ્છિક / ખાનગી ક્ષેત્રે ઊભી થનાર શૈક્ષણિક સંસ્થાઓને રાજ્ય સરકાર તરફથી વિશેષ પ્રોત્સાહન આપવામાં આવશે.

**(૪) સર્વે સાગરખેડૂ માટે આરોગ્ય :**

માનનીય અધ્યક્ષશ્રી,

દરિયાની જમીન અને હવામાનને કારણે આ વિસ્તારમાં મેલેરિયા, ચામડીના રોગો તથા ફલોરોસીસની કેટલીક વિશિષ્ટ સમસ્યાઓ છે. આ સમસ્યાઓ માટે તેનો અભ્યાસ કરીને સાગર ખેડુની રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે એક ખાસ યોજના સાથે આગળ વધવા માગીએ છીએ. 'સાગરખેડુ સર્વાંગી વિકાસ પૅકેજ' અંતર્ગત આરોગ્યમાં નીચેની સેવાઓનું આયોજન છે.

- વસ્તીના ધોરણ પ્રમાણે સીએચસી/પીએચસીનું નિર્માણ
- હયાત પ્રાથમિક/સામૂહિક આરોગ્ય કેન્દ્રોનો ગુણાત્મક વિકાસ
- સાગરખેડુ કુટુંબોની ગર્ભવતી સ્ત્રીઓ, ધાત્રી માતાઓ અને છ વર્ષ સુધીના બાળ શિશુઓને કુપોષણથી નિવારવાની યોજનાઓને વધુ ઘનિષ્ટ અને વધુ અસરકારક બનાવાશે.
- ચોમાસા દરમિયાન વહાણવટુ બંધ હોય ત્યારે સઘન આરોગ્ય પરીક્ષણ ઝુંબેશ.

આ વર્ષે ચાર નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, નવ મોબાઈલ હેલ્થકેટર યુનિટ, વેરાવળ જનરલ હૉસ્પિટલના આધુનિકરણ રૂા. ૧૨.૫૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે.

**(૫) <u>દરિયાકાંઠે શુદ્ધ પીવાનું પાણી</u> :**

માનનીય અધ્યક્ષશ્રી,

વિશાળ દરિયા કાંઠે રહેતા હોવા છતાં પણ સાગરખેડુને સ્વચ્છ પાણીની બાબતમાં હજુ પણ અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. પેયજળમાં ખારાશ તથા ફલોરાઈડની વિકટ સમસ્યા છે જે પ્રત્યેક વર્ષે વધુ વિકટ બનતી રહી છે. આ સરકારે આ **"સાગરખેડુ સર્વાંગી વિકાસ પૅકેજ"** અન્વયે આ ૩૮ તાલુકાના લગભગ ૩૦૦૦ ગામોને શુદ્ધ પીવાનું પાણી મળે તે રીતે કાયમી ઉકેલનું અમારું આયોજન છે. આ અંગે આ વર્ષે રૂા.૧૫૨ કરોડના જંગી ખર્ચની જોગવાઈ કરેલ છે.

આ વિસ્તારની વિશિષ્ટ પરિસ્થિતિ જોતાં રીવર્સ ઓસ્મોસીસ પ્લાન્ટ થકી લગભગ ૫૦ થી ૬૦ ગામોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટેનો પૅકેજ ઉપલબ્ધ કરાયું છે.

**(૬) <u>ઘરનું ઘર</u> :**

માનનીય અધ્યક્ષશ્રી, આ વિસ્તારમાં પ્રત્યેક પરિવારને પાકું મકાન મળે તે અમારું લક્ષ્ય છે. આ વર્ષે **"સાગરખેડુ સર્વાંગી વિકાસ પૅકેજ"** હેઠળ વિવિધ આવાસ યોજનાઓમાં ૧૫,૦૦૦ ઘર બાંધવાનું આયોજન છે.

વધુમાં, ૮૨,૦૦૦ જેટલા ગરીબી રેખા નીચે જીવતા પરિવારોના આવાસમાં શૌચાલયની સુવિધા માટે રૂા.૧૨ કરોડની ખાસ જોગવાઈ છે. ગ્રામીણ માળખાકીય કામો માટે આ વર્ષે રૂપિયા ૩૫ કરોડનું અનુદાન વિકેન્દ્રિત આયોજન કાર્યક્રમ હેઠળ આપવામાં આવશે.

(૭) **જમીન સંરક્ષણ :**

આ વિસ્તારમાં સાગરખેડુ ભાઈઓની સૌથી મોટી મુશ્કેલી જમીનમાં થતા ક્ષાર પ્રવેશની છે. ક્ષાર પ્રવેશને કારણે જમીન ખેતી માટે બિનઉપયોગી થઈ જાય છે અને દરિયાઈ ધોવાણને કારણે ખેડૂતની જમીનને ભારે નુકસાન થાય છેજ ત્યારે એક ખાસ જમીન સંરક્ષણ કાર્યક્રમ હેઠળ આ વિસ્તારમાં ટાઈડલ રેગ્યુલેટર, બંધારા, સ્પ્રેડીંગ કેનાલ - દરિયાઈ ધોવાણને રોકવા માટે રક્ષણાત્મક દીવાલો, ચેકડેમો, મીઠા પાણીનું ભૂગર્ભમાં રી-ચાર્જીંગ તથા દરિયાનું પાણી જમીનમાં તથા દરિયામાં જતું રોકવાના ઉપાયો જેવા અનેક કાર્યક્રમ અને જળ સંગ્રાહક સાધનોનો મહત્તમ ઉપયોગ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. **"સાગરખેડુ સર્વાંગી વિકાસ પૅકેજ"** અંતર્ગત રૂપિયા એકસો બોતેર કરોડની જોગવાઈ કરેલ છે.

આ ઉપરાંત, ખારા પાણીના પ્રવેશને રોકવા માટે તેમજ જમીનને બગડતી અટકાવવા માટે ૨૦,૦૦૦ હેકટર વિસ્તાર "ઈન્ટીગ્રેટેડ વોટર શેડ" કાર્યક્રમ હેઠળ આવરી લઈ રૂા.૩૦ કરોડનું આયોજન કરવામાં આવેલ છે.

(૮) **જળ વ્યવસ્થાપન :**

આપણે સમગ્ર ગુજરાતના જળ વ્યવસ્થાપનના ભાગરૂપે બાંધવામાં આવેલા ચેકડેમો અને તળાવોના ચમત્કાર જોયા છે. તેનાથી પ્રોત્સાહન પામીને સાગરખેડુઓના વિસ્તારમાં આ વર્ષે **"સાગરખેડુ સર્વાંગી વિકાસ પૅકેજ"** અંતર્ગત ૬૦૦ જેટલા ચેકડેમો અને ૬૦૦ જેટલા તળાવોના કામો હાથ ધરવા માટે રૂા.૪૮ કરોડની જોગવાઈ કરવામાં આવેલી છે.

(૯) **ઊર્જા વિકાસ :**

માળખાકીય સુવિધા ગુણવત્તાસભર બને તે હેતુથી **"સાગરખેડુ સર્વાંગી વિકાસ પૅકેજ"** અંતર્ગત ઊર્જા ક્ષેત્રે ભગીરથ કામનું આયોજન છે.

સાગરકાંઠા વિસ્તારના હવામાનને કારણે અને હવામાનમાં રહેલી આર્દ્રતાને કારણે વીજ ઉપકરણો તેમજ વાયરીંગમાં કાટ લાગી જવાનો અને ભેજને કારણે વીજ ટ્રાન્સમીશનના કેટલાક પ્રશ્નો ઊભા થતા હતા, તેને ધ્યાનમાં રાખીને આશરે **એક લાખ પચ્ચીસ હજાર કિલોમિટર** લાંબી ડિસ્ટ્રીબ્યુશન સર્વિસ લાઈનો, કાટ નિરોધક સામગ્રી સાથે નાંખવામાં આવશે જેના માટે રૂા.૪૫ કરોડની ખાસ જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત નવ ટ્રાન્સમીશન સબસ્ટેશનો રૂા.૩૪ કરોડના ખર્ચે સ્થાપવામાં આવશે.

૪૦ ગામડાઓ એવા છે કે, જ્યાં વીજ વિતરણ સરળતાથી સંભવ ન હોવાને કારણે ફોટો- વોલ્ટીક સેલ ( સૌર ઊર્જા ) મારફતે વીજ ઉત્પાદન કરીને આ ગામડાઓને વીજ પુરવઠો પૂરો પાડવામાં આવશે. સાગરકાંઠા વિસ્તારમાં આવેલ એક લાખ આવાસોને વીજળી પૂરી પાડવા આશરે રૂા.૯૩ કરોડનું આયોજન છે.

(૧૦) **ક્ષમતાવર્ધક કાર્યક્રમ :**

વંચિતોના વિકાસને વરેલી આ સરકાર સાગરખેડૂ, માછીમારીના વ્યવસાય ઉપરાંત ઔદ્યોગિક વિકાસને કારણે ઉપલબ્ધ રોજગારીનો લાભ લે તે માટે વિશિષ્ટ પ્રયત્નો કરવાના રહે છે. આમ છતાં માછીમારીમાં રહેનાર સાગર ખેડૂને ક્ષમતાવર્ધક કાર્યક્રમ દ્વારા વિકાસની પ્રક્રિયાને આધુનિક બનાવવાનું આયોજન છે. આ માછીમારો વધારે સક્ષમ બને, સધ્ધર બને અને એમને એમના પ્રોડકટનું મૂલ્યવર્ધિત વળતર મળે તે માટે ક્ષમતાવર્ધક કાર્યક્રમો હાથ ધરવા માટે ' **સાગરખેડૂ સર્વાંગી વિકાસ પૅકેજ** ' અંતર્ગત રૂા. ૧૪૦ કરોડનું ખાસ આયોજન છે.

(૧૧) **અગરિયાઓનો વિકાસ :**

માનનીય અધ્યક્ષશ્રી, સાગરકાંઠે રહેતા મીઠા ઉદ્યોગમાં રોકાયેલા અગરિયાઓની સમસ્યાઓ આપણે જાણીએ છીએ. અગરિયાઓના બાળકોના શિક્ષણ માટે ખાસ આયોજન કરવા ઉપરાંત અગરિયાઓને તેમની કામગીરી માટે સલામતી અને આરોગ્ય માટે ઊભા થતા પ્રશ્નો માટે ખાસ પ્રયત્નો કરવામાં આવનાર છે. અગરિયાઓના સર્વાંગી વિકાસ માટે ' **સાગરખેડૂ સર્વાંગી વિકાસ પૅકેજ** ' અંતર્ગત આ વર્ષે મહત્વપૂર્ણ અનેક કામોની યોજના છેઃ-

- અગરિયાઓને કામના અને રહેઠાણના સ્થળે શુદ્ધ પાણી મળી રહે તે માટે રૂા. ૧૫ કરોડની વિશિષ્ટ યોજના
- અગરિયાઓના બાળકો માટે શાળાના ઓરડા, વિના મૂલ્યે ગણવેશ અને શૈક્ષણિક કિટસ વગેરે માટે આશરે રૂા. ૧૫૦ લાખની જોગવાઈ
- અગરિયાઓના કુટુંબીજનોને કામના અને રહેઠાણના સ્થળે ૨૧ મૅડિકલ મોબાઈલ વાન
- ૨૫,૦૦૦ અગરિયાઓને રક્ષણાત્મક કિટનું વિતરણ.

- અગરિયાઓના રહેઠાણના સ્થળ નજીક જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મળી રહે તે માટે ચાર રૅશનિંગ મોબાઈલ વાન
- આપત્તિના સમયે સલામત સ્થળે ખસેડવા માટે રૂા.૨૨૫ લાખના ખર્ચે રેસ્ટ શેડ કમ કૉમ્યૂનિટિ સૅન્ટરની જોગવાઈ

આમ મીઠા ઉદ્યોગ સાથે જોડાયેલા ગરીબી રેખા નીચે રહેતા અગરિયાઓના સર્વાંગી વિકાસ માટે " **સાગરખેડૂ સર્વાંગી વિકાસ પૅકેજ** " અંતર્ગત રૂા. ૩૬ કરોડની ખાસ જોગવાઈ વિકાસની નવી દિશા નક્કી કરશે.

(૧૨) **સાગરકાંઠે રાષ્ટ્રીય સુરક્ષા :**

માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહ જાણે છે કે, પડોશી દેશનો ડોળો ગુજરાતના દરિયા કિનારાની સમૃદ્ધિ ઉપર હોય છે. દરિયા કિનારે કોઈ આતંકવાદી પ્રવૃત્તિ હજુ સુધી સફળ થઈ નથી અને ના થાય તે માટે આ સરકાર ચોક્કસ પગલાંઓ દ્વારા આવી તમામ પ્રવૃત્તિઓને જડમૂળથી દૂર કરવા કટિબદ્ધ છે. ' **સાગરખેડૂ સર્વાંગી વિકાસ પૅકેજ** ' તરીકે રાજયના સમગ્ર દરિયા કિનારા ઉપર " વેસલ ટ્રાફિક મોનીટરિંગ સિસ્ટમ" દેશ-વિદેશમાંથી આવતા જતા વહાણો ઉપર નજર રાખવામાં આવશે અને આ પ્રકારની પદ્ધતિથી કચ્છના અખાતમાં તથા ખંભાતના અખાતમાં પ્રસ્થાપિત થયેલ પદ્ધતિને સુદ્દઢ કરવામાં આવશે.

સાગરકાંઠા વિસ્તારના ૧૦ પોલીસ સ્ટેશનોને આધુનિક બનાવવામાં આવશે. પોલીસ દળને ૩ હાઈસ્પીડ બોટ, ૨૦ જીપ, ૧૦૧ મોટર સાયકલ, કમ્પ્યુટર અને સંદેશા વ્યવહારના સાધનોથી સજજ કરવા આશરે રૂા. ૬૦ કરોડનું આયોજન છે.

બીજા તબક્કામાં ૪૦ જેટલા હયાત પોલીસ સ્ટેશનોનુ આજ રીતે આધુનિક ટૅક્નૉલૉજીથી સુસજ્જ કરવા આશરે રૂા. ૨૨૦ કરોડનું માતબર આયોજન છે.

ઊંડા દરિયામાં અને અખાતના વિસ્તારમાં માછીમારીના વહાણો અને ટ્રોલર્સને સુરક્ષા કવચ અને તેના હલનચલન ઉપર નજર રાખવા ઉપર રાજય સરકારને રાષ્ટ્રીય સરહદનો ખ્યાલ આવે તે માટે જી.પી.એસ. દ્વારા માર્ગદર્શન અને બધા માછીમારોને ઓળખકાર્ડ ( સ્માર્ટ કાર્ડ ) આપવાનું ખાસ અભિયાન હાથ ધરાનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે માનીએ છીએ કે વિકાસનો લાભ બધા વિસ્તારોને મળે. **વિવાદ નહીં પણ વિકાસની ભૂમિકા** સાથે સાગરકાંઠે રહેતા ગરીબોના કલ્યાણ માટે આ સરકાર પ્રતિબદ્ધ છે. અમારી શ્રદ્ધા સર્વાંગી અને સામૂહિક વિકાસમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સમુદ્રને આપણે રત્નાકર કહીએ છીએ. ગુજરાતની આવતી કાલને આપણે રત્નજડિત કરવી છે. દરિયા કિનારે લહેરાતી છોળો સમૃદ્ધિની લહેર બને એ અમારો સંકલ્પ છે. પ્રત્યેક વ્યકિતને વિકાસનો અનુભવ થાય તે અમારી પ્રતિજ્ઞા છે તેથી અગિયારમી યોજના માટે રૂ.૧૧,૦૦૦ કરોડનું મુખ્યમંત્રીશ્રીના "સાગરખેડુ સર્વાંગી વિકાસ પેકેજ" ને જાહેર કરતાં આનંદ અને સંતોષની લાગણી અનુભવું છું.

રૂપિયા અગિયાર હજાર કરોડના "સાગરખેડુ સર્વાંગી વિકાસ પેકેજ"ની પાઈપાઈ સાગરકાંઠાના ગરીબોના કલ્યાણ માટે વપરાય, ગુણાત્મક પરિવર્તન આવે તે માટે સમયબદ્ધ અમલીકરણના હેતુથી મુખ્ય મંત્રીનો સાગરખેડુ માટે વિકાસનો ૧૨ મુદ્દાનો કાર્યક્રમ આ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વંચિતોના વિકાસ માટેની "સાગરખેડુ સર્વાંગી વિકાસ પેકેજ" માટે આ ગૃહમાંથી માનનીય સભ્યશ્રીઓ પક્ષેથી અનેક મૌલિક સૂચનો યોજનાને વધુ સાર્થક બનાવશે તેવી મને આશા છે.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

**અધ્યક્ષશ્રી:** હવે તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૭ના રોજની પહેલી બેઠકમાં અધૂરી રહેલ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા આગળ ચાલશે. માનનીય બાબુભાઈ..

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈવાળા આ બારમું બજેટ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે. વજુભાઈ ખૂબ અનુભવી છે. આ રાજયમાં એમના ૧૨ વર્ષમાં બારે વહાણ ડૂબી ગયા હોય એવા પ્રકારના પરિણામો આ આંકડાથી પુરવાર થાય છે. કોઈપણ રાજયની જે પ્રોસ્પેરીટી હોય માનનીય પ્રદિપસિંહ જાડેજાએ જે વાત કરી આગળ કહ્યું છે એનો દોર પકડવા માટે યોગ્ય સમજું છું. એમની ફીઝીકલ ડીસીપ્લીનના ૨૦૦૮ને બદલે ૨૦૦૬માં પરિણામો હાંસલ કર્યા છે એ વાત તો કરી પણ પુંજાભાઈ વંશના એક પ્રશ્નના જવાબમાં માનનીય નાણામંત્રીશ્રીએ એકરાર કર્યો છે એ જો ગણીએ તો ૨૦૦૫-૦૬માં માથાદીઠ દેવું ૧૨૨૪૮કરોડ હતું અને ડિસૅમ્બર-૦૭ સુધીમાં એ દેવું વધીને ૧૨૮૫૯કરોડ થશે. વ્યાજ માથાદીઠ ૨૦૦૫-૦૬માં ૯૯૮ હતું એ વધીને ૧૧૨૫કરોડ માથાદીઠ વ્યાજ, ડિસૅમ્બર-૦૭ સુધીમાં હજી ત્રણ મહિનાના આંકડા કેટલે જશે. માત્ર આપણે ગુજરાતની પ્રોસ્પેરીટીના બહુ ચાહક છીએ. ગુજરાત આગળ વધે એ બધા ઈચ્છે છે. કારણકે કૂવામાં હોય તો હવાડામાં આવે. આ રાજયની પ્રોસ્પેરીટી હશે આ પ્રજાકીય કામો માટે પૈસા ખર્ચી શકશે. બજેટમાં વંચિતોના વિકાસ માટેની વાત કરી. કયાંય એ પુરવાર થતી નથી.

મોંઘવારી માટેના આંદોલન, ભા.જ.પા.નો મહિલા મોરચો કાઢે પણ શિક્ષણ મંત્રીની નિયત માટે વિશ્વાસ છે. ૧૯૯૭માં વિધવા બહેનોને ૫૦૦ રૂપિયા પેન્શન નકકી થયું હતું.આ મોંઘવારી વિધવા બહેનોને નડતી હશે કે કેમ એનો નાણા મંત્રીશ્રીએ વિચાર કર્યો છે ખરો? એમાં એક રૂપિયાનો વધારો નજરે ચડતો નથી. ૧૮૫૭ ના બળવાની યાદી આપી. એમણે ૧૫૦મી જયંતીની યાદ આપી. ૧૫૦મી જયંતીના દિવસે એ વર્ષે સ્વાતંત્ર્ય સેનાનીને આપવામાં આવતો દરમાયો આપણે એને આભારની લાગણી વ્યક્ત કરીને આપીએ છીએ, એમાં કોઈ વધારો કર્યો ખરો? ક્યાંથી કરે? રાજ્યનું કરજ વધતું જાય છે. નાણામંત્રી ભલે મોઢું લાલ રાખે, પણ અંદર ક્યાંકને ક્યાંક વેદના હોય, પણ એ છપ્પનની છાતીના છે, એટલે કળવા ન દે. એ કહે છે કે કરજ વધતું જાય છે, એના કારણમાં ભૂકંપગ્રસ્ત વિસ્તારની વાત કરી. ભૂકંપગ્રસ્ત વિસ્તાર માટે અંદાજિત ખર્ચ ૫,૭૦૯ કરોડ રૂપિયાનું ૨૮ પૅકેજમાં એમાંથી વિશ્વબૅંક પાસેથી ૩૫૨૦ કરોડ આવ્યા, એ.ડી.બી. પાસેથી ૧૯૧૩ કરોડ આવ્યા અને રાજ્ય સરકારમાં માત્ર ૨૭૫ કરોડનો ફાળો ગણીએ તો ૫,૭૦૮ કરોડ રૂપિયા આ એકત્રિત રાશીમાંથી થયો છે.

કેન્દ્ર સરકાર તરફથી કેલેમટી અન્વયે આવેલા એ પૈસા તો જુદા. માર્કેટ બોરોઈંગ ૨૦૦૦ કરોડનું જુદું અને એમાંથી ખર્ચ કેટલો કરવામાં આવ્યો છે? ૩૯૯૪ કરોડનો માત્ર ખર્ચ કરવામાં આવ્યો છે, તો આ રાજ્યનું કરજ વધ્યું છે. મહેરબાની કરીને ભૂકંપગ્રસ્ત વિસ્તારને બાદ કરો એવી વિનંતી છે એ મારે આપની મારફત કહેવાનું છે. તમારે ઓવરડ્રાફટ લેવો નથી પડતો, કારણ કે પૈસા તમારી પાસે પડ્યા છે. નાણા મંત્રી તરીકેનો નાનકડો એક જ વર્ષનો અનુભવ, જે દિવસે નાણા મંત્રી તરીકેનો ચાર્જ લીધો, તે દિવસે પગાર ચૂકવવા માટે ઓવરડ્રાફટ માટે નાણા ખાતાના લોકો આવેલા, ત્યારે મેં કહ્યું હતું કે મને કયાંથી સૂઝ્યું ખબર નથી, જે દિવસે હું ચાર્જ લઈશ અને તે દિવસે ઓવરડ્રાફટ લઈશ તો ખોટા સિગ્નલ જશે. નાણા ખાતાએ ખૂબ સારી રીતે જવાબદારી ઉપાડી અને ઓવરડ્રાફટ નહોતો લીધો અને અમે નહોતો લીધો અને પગાર ચુકવ્યા પછી ૩ માર્ચ ૧૯૯૮ ના દિવસે ૪૦૦ કરોડ રૂપિયાનું બેલેન્સ મૂક્યું હતું, ત્યારે કેન્દ્ર સરકારનું જે દેવું હતું ૧૧,૦૦૦ કરોડનું હતું અને આંતરિક દેવું એ માત્ર ૩,૦૦૦ કરોડનું એમ કુલ ૧૪,૦૦૦ કરોડનું દેવું હતું. ૧૯૯૭ના માર્ચ સુધીમાં માત્ર ૧૪,૦૦૦ કરોડનું દેવું હતું. આ દેવું માનનીય વજુભાઈ સાહેબના વખતમાં દર વર્ષે ૬ કરોડ, ૭ કરોડના રેશિયાથી વધેલ છે. એક વર્ષ સૌરભભાઈ આવી ગયા અને આ પ્રક્રિયાને અટકાવી શક્યા નહોતા. આ દેવું, વ્યાજ વધતું જાય આપણે ઓછા વ્યાજે રકમ લઈને વધુ વ્યાજની રકમ પાછી આપીએ છીએ તેમ છતાં વ્યાજનો ખર્ચ વધતો જાય છે. એના ઉપર નાણામંત્રીશ્રી મંથન કરે અને એને હકારાત્મક રીતે લે. આ બજેટની અંદર માનનીય નાણામંત્રી છે ને એ તળપદી સંસ્કૃતિના ચાહક છે. એમણે મનોરંજન કરમાં ઘટાડો કર્યો, પણ ગુજરાતનાં ચલચિત્રો માટે કંઈ કર્યુ ખરું? ગુજરાતના ચલચિત્ર ઉદ્યોગ સાવ નામશેષ જઈ જતો હોય, બીજાં રાજ્યમાં ૨૫ લાખથી કરી અને ૫૦ લાખ સુધીની આર્થિક સહાય તેમને આપવામાં આવે છે. એ ધોરણે થોડા ૧૦ પ્રોડ્યુસરોને તો આપો? અત્યારે આપે ૪ રૂપિયા કર્યા એમાં જે ગુજરાતી ચલચિત્રના પ્રદેશક છે, એને તો ટિકિટમાંથી ૪ રૂપિયા થિયેટરવાળા કાઢી લે. એમને રળિયા ગઢવી ઠેરના ઠેર જેવી વાત છે. બીજાં રાજ્યની અંદર ૪૦ ટકા ટેક્સ છે, એને ૪ ટકા આપણે ત્યાં ૨૦ ટકા કરતા ઓછો ટેક્સ છે, એમાં ૪ રૂપિયાની રાહત એ ગુજરાતનાં ચલચિત્ર ઉદ્યોગને આપી હોત તો અમે વખાણત. આખરે તો માત્ર વાયબ્રન્ટની વાત આવે છે. વાયબ્રન્ટની અંદર આપણે કયાં છીએ. વાસ્તવિકતા સમજવી હોય તો એક ઈકોનોમિસ્ટનો અહેવાલ છે ધી વર્લ્ડ ઈન ૨૦૦૭ તેની અંદર માત્ર એશિયાઈ દેશોની અંદર જી.ડી.પી. ની વાત કરીએ છીએ. તો ભારતના ૧૧૩ કરોડની પ્રજાની આવક માથાદીઠ જે છે તે ૮૩૦ ડોલર છે. જયારે તેની સામે ચાઈનાની ૨૨૮૦ ડોલર છે. આપણે સિંગાપોર અને મલેશિયાની સરખામણી કરવા જઈએ છીએ. સિંગાપોરની છેલ્લી વસ્તી ૪૪ લાખની છે અને તેનો જી.ડી.પી. ૩૨ હજાર ડોલર છે. મલેશિયાની ૨.૦૭ કરોડની વસ્તી છે તો તેની સામે ૫૫ લાખ ૯૫૦ ડોલર જી.ડી.પી. છે. જાપાનની હરોળમાં આપણે આવવું હોય તો જાપાનની ૧૨.૦૭ કરોડની વસ્તી છે અને તેનો જી.ડી.પી.૪૧૪૮૦ ડોલર છે. ઝાકિસ્તાનની વસ્તી દોઢ કરોડની છે અને તેની માથાદીઢ આવક ૫૩૮૦ ડોલર છે. ત્યારે આપણે માત્ર આત્મશ્લાઘામાં રહીએ. ગુજરાતમાં કોઈ વર્ષે સારો વરસાદ આવે અને પ્રોડકિટવીટીની ડિમાન્ડ હોય અને આપણા ખેડૂતોને પૈસા સારા મળતા હોય અને આપણા જે કારખાનાના ઉત્પાદન છે તેની ઈન્ટરનેશનલ માર્કેટમાં ડિમાન્ડ હોય અને તેને લઈને આપણે કરતા હોય તો અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ ગૃહની અંદર હમણાં સાગર વિકાસ માટેની વાત કરી. રોજગારીની વાત કરી. મેં આંકડા લીધા છે. મુન્દ્રાનું જે કન્ટેનર પોર્ટ છે તે હવે આપણી પાસે રહ્યું નથી. પી.એન.ઓ. કંપની મારફતે દુબઈ પૉર્ટ પાસે ગયું છે. ત્યાં માત્ર ૭૦૦ લોકોને રોજી આપવામાં આવે છે. ૧૫૦૦ કરોડ રૂપિયાના રોકાણની અંદર માત્ર ૭૦૦ લોકોને રોજી મળતી હોય, જે માછીમારોની વિટંબણાઓ છે, વ્યથા છે અને જેને પગરિયા કહેવાય કે જે પગેથી દરિયામાં જઈ માછલીઓ પકડી લાવી રોજના ૪૦૦ રૂપિયા કમાય છે તેના રસ્તા સદંતર બંધ થઈ ગયા છે. વિકાસની વ્યાખ્યાને કારણે નાના લોકો છે તેમની વિટંબણાઓના ઉપાય તેમણે બજેટમાં દર્શાવ્યા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપની મારફત કહેવું છે કે દલિતો, વંચિતોની વાત કરનાર ભારતીય જનતા પાર્ટીના નાણાં મંત્રીશ્રીએ કોઈ ઠેકાણે જે સામાજિક સેવાઓની અંદર કહયું કે ૩ હજાર કરોડ રૂપિયાનો વધારો કર્યો છે. આ સામાજિક સેવાઓમાંથી દલિતો, આદિવાસીઓ માટે માત્ર ૩૦૦ કરોડનો વધારો ગયા વર્ષની

સરખામણીએ કર્યો છે. કુલ યોજનાની અંદર નવી બાબતો લીધી નથી. આ રાજયના વિકાસનો, ગતિશીલતાનો પાયો મજબૂત છે. તેની ઉપર ચણતર કરવું હોય એટલું કરી શકાય તેવું અનુકૂળ વાતાવરણ છે. આ રાજયની અંદર અગાઉની સરકારોમાં માનનીય હિતેન્દ્રભાઈ દેસાઈના વખતમાં ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર અને ડો.કે.ડી.માલવિયાના પ્રયાસોથી ગુજરાતમાં રિફાઈનરી થઈ. તેના કારણે આપણા ત્યાં રિફાઈનરી આધારે જે ઉદ્યોગો આવવાના હતા તેમાં ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર આવ્યું. તેમાં પાણીનો પ્લાન્ટ હતો તેની અનુશકિત માટે વાત થઈ હતી. એટલે ગુજરાતની પરંપરા છે તેથી ભારતમાં તે આગળ છે. તેમાં તમે આગળ વધો તો અમારો સહયોગ રહેશે. માત્ર વાઈબ્રન્ટ વાઈબ્રન્ટ કરવાને બદલે અને ગઈકાલે જવાબની અંદર લગભગ ચાર કરોડ કરતાં વધુ જમીનો સેઝને આપવાની વાત હતી તો શું ભાવે આપવાની? તેને આટલી જમીનની જરૂરિયાત છે કે કેમ તેની ચકાસણી કરી ખરી? ઉદ્યોગને જમીનની જરૂર હોય તો અમે તેના હિમાયતી છીએ પરંતુ જમીન ટ્રેડિંગ કરીને વેચાણ કરે અને વેચાણ કર્યુ હોય તો તેને સદંતર માફ કરી દઈએ અને પાછલી તારીખથી ઠરાવ કર્યો કે જેમણે કન્સેશનલ એગ્રીમેન્ટ કર્યા છે તેઓને હવે પછી તેની કિંમત વધુ ઉપજે તેમાંથી ૫૦ ટકા આપવા પડશે. અત્યાર સુધી એ કર્યુ એનું શું ? માનનીય અધ્યક્ષશ્રી, રેવન્યુ કોર્ટની રીતે આ જમીનો ઉપર જે કોઈ ઊપજ થાય એમાંથી ૫૦ ટકા જો આપણે મેળવી શકીએને તો રાજય સરકારનું કરજ ઘટાડવા માટે એ રકમ આપણને ઉપયોગી થશે. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા વિનંતી કરું છું અને માનનીય મંત્રીશ્રી કહેશે તો એમને વિગતો પણ આપીશ.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈના પાણીના દર ઓછા કરીએ એ ખેડૂતો માટે હિતની વાત છે પણ એનો ઉપયોગ ન થાય તો? માનનીય મહેન્દ્રભાઈ ત્રિવેદીના એક સવાલના જવાબમાં જણાવ્યું કે, ૨૨૦૦૦ કરોડનો ખર્ચ નર્મદામાં થયો છે પણ આવતા વર્ષે સિંચાઈમાં ઊપજ માત્ર સાત કરોડ રૂપિયા થવાની છે, તો જો નર્મદાની આટલી હાઈટ થાય ત્યારે સાત કરોડની ઊપજ શા માટે? એના કરતાં તો કાકરાપારની યોજનામાં, જેના કોન્ટ્રાકટરને આપણે પૈસા ચૂકવ્યા નહીં એની અંદરથી વર્ષે પંદર કરોડ કરતાં વધારે આવક થાય છે, તો આ રાજયમાં કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ થયું હોય અને એમાંથી ઉપાર્જન થઈ શકતું હોય તો એની અંદર શા માટે ઉપાર્જન થતું નથી? એની ચિંતા માનનીય મંત્રીશ્રી કરે.

અહીંયા એશિયન ડૅવલપમેન્ટ બૅન્ક વગેરે તરફથી આપણને જે ઋણ મળે છે એ ઋણ આપણને કેટલું કષ્ટદાયી હોય છે એનો એક જ નમૂનો સિંચાઈ વિભાગમાં જામનગર અને રાજકોટ માટેની પાઈપલાઈનના કોઈ કોન્ટ્રાકટરે સમયસર કામ નહીં કર્યુ અને એમાં ભાવવધારો આપવાની જોગવાઈ ન હતી એટલે એની ડીપોઝીટ ફોરફીટ કરી, ફરીથી ટેન્ડર નીકળ્યા, ૧૦૦ કરોડ રૂપિયાના કામો હતા એના ૩૭૦ કરોડના ટેન્ડરો નીકળ્યા, અને એ જ કોન્ટ્રાકટરને એ કોન્ટ્રાકટ એવોર્ડ થયા તો એવા કોન્ટ્રાકટરને શા માટે બ્લેકલિસ્ટ નથી કરવામાં આવતા? નાનો કોન્ટ્રાકટર હોય અને એ શરત ભંગ થાય તો પાંચ વર્ષ માટે એને આપણે બ્લેકલિસ્ટ કરીએ છીએ પણ આશ્ચર્યજનક રીતે અને ઊંચા ભાવે આ કોન્ટ્રાકટ અપાય, માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા નિગમના એવા જે ટેન્ડરો છે એ રિટેન્ડર કરેલા એના કારણે ૬૦૦-૭૦૦ રૂપિયાનો એ ભાવ વધારો નિવારી શકાયો પણ જ્યારે ૧૬-૧૭ ટકા ભાવો ઊંચા જતા હોય અને આપણી પાસે વિભાગમાં નાણાકીય સલાહકારો હોય છે ત્યારે એ શા માટે નથી રોકતા? રિટેન્ડર શા માટે નથી કરતા? અને એ યોજનાઓ સમયસર તો પૂરી થતી નથી, એ યોજનાઓ સમયસર પૂરી કરવા માટે થઈને ઊંચા ભાવ આપવા માટે કારણ આપણે આપીએ પણ આ યોજનાના કામો જ્યારે બે ત્રણ વર્ષ ડિલે થાય તો એના માટેની જવાબદારી નક્કી થવી જોઈએ એટલે આ રીતનું રાજયનું જે કરજ છે એ વધતું ચાલ્યું, વધતું ચાલ્યું અને વધતું ચાલશે જો સમયસર એમાં જાગૃતિ નહીં આવે તો એ કરજ વધતું ચાલશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી ખૂબ પીઢ છે, એમને બાર બજૅટ લાવવા માટેનું ગૌરવ છે પણ આ બાર બજૅટથી રાજયની આર્થિક સ્થિતિ સુધારી શક્યા નથી અને સામાન્ય રીતે આપણી પ્રણાલિકા રહી છે કે આપણે બજૅટ રજૂ કરતાં પહેલાં પ્લાનિંગ કમિશન પાસે જઈ અને ઈયરપ્લાન મંજૂર કરાવી આવીએ છીએ, અત્યાર સુધી એ ન હતું પણ મેં માનનીય સૌરભભાઈને અભિનંદન આપેલા કે ગઈ વખતે બજૅટ વખતે, એ બજૅટ ગૃહમાં રજૂ થયું ત્યારે વાર્ષિક યોજના જે છે એ પ્લાનિંગ કમિશન પાસે મંજૂરી લઈને એ આવ્યા હતા, અને આ તો અગિયારમી પંચવર્ષીય યોજનાનું પહેલું વર્ષ છે. ૪૭૦૦૦ કરોડની સામે ૧ લાખ કરોડ યોજનાની પંચવર્ષીય યોજના જાહેર આ ગૃહમાં કરવામાં આવેલી ત્યારે એનો ડ્રાફ્ટ પ્લાન સરકયુલેટ થયો છે ખરો ? અને ડ્રાફ્ટ પ્લાન સરકયુલેટ ન થાય એના માટે ૪૪ની નીચે ૧૪૦૦૦- ૧૫૦૦૦ કરોડ રૂપિયાની આ સભાગૃહમાં જાહેરાત થાય ત્યારે અગિયારમી પંચવર્ષીય યોજનાનો મુસદ્દો જે છે એ સમયસર માનનીય સદસ્યશ્રીઓને મોકલવામાં આવ્યો હોત તો એના ઉપર એ પોતાના મંતવ્યો પણ આપી શકે. સૌથી પહેલાં તો વિકેન્દ્રીત આયોજનની અંદર સાત ટકાની ગ્રાન્ટ છે એ વિકેન્દ્રીત આયોજન માટે ફાળવવી જોઈએ, એ હું હંમેશાં કહેતો આવ્યો છું અને કહું છું માનનીય નાણા મંત્રીશ્રીને અને ફરીથી વિનંતી કરું છું કે, આયોજનમાં તમારું પંદર હજાર કરોડ રૂપિયાનું પ્લાનિંગ હોય તો ૧ હજાર કરોડ રૂપિયા વિકેન્દ્રીત આયોજન માટે ફાળવવા જોઈએ, પણ ૩૦૦ કરોડ રૂપિયા પણ તમે ફાળવ્યા છે ખરા? અને જો આ ફાળવવામાં આવે તો ધારાસભ્યશ્રીઓને એમના વિસ્તારમાં કામ કરવા માટે એક કરોડ રૂપિયા સુધીની રકમ આપી શકાય અને રાજયમાં એક કરોડ કે બે કરોડની રકમ ધારાસભ્યશ્રીને આ વિકેન્દ્રીત આયોજનની વ્યાખ્યા હેઠળ આપી શકાય એમ છે. આપણા નોમ્સ છે અને આ રાજયના પૂર્વ નાણામંત્રીશ્રી

મનોહરસિંહજી જાડેજાએ આ મુદ્દાનો સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે. વિકેન્દ્રીત આયોજનમાં ૭ ટકા સુધીની રકમની દરખાસ્ત કરવા માટે એમણે આયોજન વિભાગને પત્ર લખ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મનોહરસિંહજી જાડેજા જ્યારે નાણામંત્રી હતા ત્યારે કયા સંદર્ભમાં એમણે આ પત્ર લખ્યો છે એની વિગતો મંગાવીને ફાઈનાન્સ બિલ વખતે આપ જ્યારે જવાબ આપો ત્યારે એનો ઉલ્લેખ કરજો. પરંતુ વિકેન્દ્રીત આયોજન જે છે ૧૯૮૦થી આપણે આયોજન મંડળની રચના કરી પણ જિલ્લાઓને એમાંથી જો પૂરતું ફંડ આપવામાં નહીં આવે તો એ જિલ્લાઓને વિકેન્દ્રીત આયોજનમાં ન્યાય નહીં આપી શકાય. આમાં ૧૫ ટકા વિવેકાધીન અને ૫ ટકા પ્રોત્સાહક ગ્રાન્ટ છે અને એ ૧૫ ટકા વિવેકાધીન ગ્રાન્ટમાં પણ ઓ.બી.સી., શિડયુલ કાસ્ટ, શિડયુલ ટ્રાઈબ માટેની આપણે જે રકમ રાખી છે પરંતુ એ રકમ  પૂરતા પ્રમાણમાં ફાળવવી જોઈએ. પણ એવું બજેટમાં કયાંય દેખાતું નથી. તો વધારો ગયો કયાં એ સમજાતું નથી. ૪૭ હજાર કરોડ રૂપિયાનો એમણે તાળો મેળવી દીધો, અગાઉના એક વર્ષમાં ૧૧ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે એમ બતાવ્યું પણ આપણે ત્યાં સામાજિક-આર્થિક સર્વેક્ષણમાં ૧૧ હજાર કરોડના બદલે ૧૦,૪૦૦ કરોડ રૂપિયાના જ આંકડા આપવામાં આવ્યા છે. હમણાં જ કોઈ માનનીય સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં આ પ્લાનિંગના કેટલા પૈસા ખરચાયા છે એનો જવાબ આપ્યો છે. છેલ્લા વર્ષમાં ૧૨ હજાર કરોડમાંથી હજુ ૮ હજાર કરોડ કે ૯ હજાર કરોડનું ખર્ચ થયું છે જાન્યુઆરી સુધીમાં, તો છેલ્લે ઝડપ લાવીને કેટલું થઈ શકશે? એટલું બધું થાય તો પણ ૪૭ હજાર કરોડ રૂપિયા નથી થવાનું. પણ હું એમાં નહીં જાવ ૪૭ થાય, ૪૪ થાય કે ૪૫ થાય. પણ આ ગુજરાતની એક પરંપરા રહી છે. ૮મી પંચવર્ષીય યોજના ૧૧ હજાર કરોડની હતી અને ૧૩ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. ભારતીય જનતા પાર્ટીની સરકારના હાથમાં ૯મી પંચવર્ષીય યોજના આવી ૨૮ હજાર કરોડ રૂપિયાની એમાં કેટલો ખર્ચ થયો? અને ૧૦મી પંચવર્ષીય યોજનામાં ૪૭ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ છે એના કરતાં આ સીમા ઓળંગી શક્યા હોત તો અમે એમને જરૂર ધન્યવાદ આપત. આ બજેટ જે છે એમાં ગરીબો-વંચિતો માટે કાંઈ નથી. રાજયના વિકાસની વ્યાખ્યામાં સમતલ વિકાસ કરવાની વાત જે છે એનો છેદ ઉડાડી દેવામાં આવ્યો છે. આટલું મારે આપના મારફત માનનીય સભાગૃહને કહેવાનું છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા જે અંદાજ પત્ર લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા અને એમાં મારો સૂર પુરાવવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત ગામડાંઓમાં વસેલો દેશ છે. ગામડાંમાં રહેતો ખેડૂત, ખેતી અને ગામડું એ ભારતના વિકાસની ધરી છે.  ખેતી, ગામડું અને ખેડૂત જો સધ્ધર થાય અને એને પૂરી સુવિધા આપવામાં આવે તો જ રાજય અને રાષ્ટ્રનો વિકાસ થવાનો છે. એના માટે પહેલા ગામડું સધ્ધર કરવું હોય તો શું કરવું પડે? જ્યારે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી જે યોજનાઓ લાવ્યા સમરસ ગામ, વિશ્વ ગામ અને પછી આજે અત્યારે નિર્મળ ગામની યોજના લાવ્યા છે આ યોજનાઓથી ગામડાંઓને ખૂબ લાભ થયો છે. સમરસ ગામ થવાના કારણે ગામડાંમાં એકતા સધાય છે. અગાઉના વખતમાં આ યોજના હતી પણ કૉન્ગ્રેસના મિત્રોની દાનત ખોરા ટોપરા જેવી હતી. ગામડાંમાં ચૂંટણી થાય તો ભાગલા પડે અને ભાગલા પડે તો એક ભાગ કૉન્ગ્રેસનો રહે. આ નીતિના કારણે ૩૦૦૦ રૂપિયા આ યોજનામાં આપવામાં આવતા હતા, આ મુખ્યમંત્રીશ્રીએ આ યોજનામાં ૬૦ હજારથી ૧ લાખ રૂપિયા આપવાની યોજના બનાવી છે. સમરસ ગામ યોજનામાં મારે ગૌરવ સાથે કહેવું છે કે, આખા ગુજરાતમાં મારા મત વિસ્તારમાં ટંકારા તાલુકો, પડધરી તાલુકો અને મોરબી તાલુકાના ગામડાંમાં આખા ગુજરાતમાં ફર્સ્ટ નંબરે ૬૬ ટકા પંચાયતો સબરસ થઈ છે.આ ગામડાં પછી ખેતીને સઘન કરવા માટે કૃષિ રથ યોજના આ રાજયના મુખ્યમંત્રીએ ગામડે ગામડે કૃષિ રથ ફેરવ્યા અને ગામડાંના ખેડૂતોને ખેતી માટેની માહિતી આપવામાં આવી. સોઈલ હેલ્થ કાર્ડ છે, દવાઓ કઈ રીતે વાપરવી અને ખેતીની જમીનનું પરીક્ષણ કરવા માટેની જે આ યોજના લાવવામાં આવી આ સોઈલ હેલ્થ કાર્ડના કારણે ગુજરાત રાજયની અંદર ૨૦૦૪-૨૦૦૫માં ૭,૯૧,૯૯૧ ખેડૂતોને કાર્ડ આપવામાં આવ્યા. ૨૦૦૫-૦૬માં ૪,૯૨,૨૦૦ ખેડૂતોને આપવામાં આવ્યા. ૨૦૦૬-૦૭માં ૨,૪૯,૧૮૬ ખેડૂતોને આ લાભ આપવામાં આવ્યો. આના કારણે આ રાજયના ખેડૂતોને અભિપ્રાય છે વલસાડ જિલ્લાના વલસાડ તાલુકાના ફુરસદ ગામના રહીશે નામ મહેશભાઈ રમણભાઈ પટેલ તેનો અભિપ્રાય છે કે મારે આ સોઈલ હેલ્થ કાર્ડના કારણે જમીનનું પૃથ્થકરણ કરાવ્યું તેના કારણે ડાંગરના પાકમાં આ સરકારના નોર્મ્સ મુજબ ખાતર અને બિયારણને ઉપયોગ કરવાથી એકર દીઠ આવકમાં પણ વૃધ્ધિ થઈ અને ખર્ચમાં પણ ઘણો લાભ થયો. એવી જ રીતે ખેડા જિલ્લાના માતર તાલુકાના ગામના ખેડૂત ફૂલસિંહભાઈ પ્રભાતસિંહભાઈ ચૌહાણને આના કારણે ડાંગરના પાકમાં વિઘે ૭૦ કિલો યુરિયાની બચત થઈ છે અને ઉત્પાદનમાં પણ વૃધ્ધિ થઈ છે. આ રીતે દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ધોડાસર ગામના રહીશ સાકાભાઈ મનસુખભાઈ પટેલીયા તેને પણ મકાઈના પાકનું વાવેતર કર્યા પછી આના કારણે તેને પણ ખાતરની બચત થઈ છે, દવાઓની બચત થઈ અને વાવેતરની વૃધ્ધિ વધારે થઈ. આ જ રીતે ગુજરાતમાં જયારે આપણે જોઈ રહયાં છીએ જે પહેલાં વાવેતર વિસ્તાર હતો તેના કરતાં વાવેતર વિસ્તાર પણ વધ્યો છે. સૌરાષ્ટ્રની અંદર સુરેન્દ્રનગર જિલ્લાના ખેડૂતો કાજુ પકવતાં થયા. આજે તમે હળવદ તાલુકામાં જાવ એકે એક ગામમાં બગીચાઓમાં કાજુની ખેતી થાય છે. આ કુંવરજીભાઈ

આપણને ખબર છે. (અંતરાય) ગામડાંની સ્થિતિ શું હતી આપણે ગામડાંમાંથી આવ્યા હતા. આપણાં જે ગામડાંના આતા હતા તેના ચોરણાની ખબર ના પડે કે મૂળ કાપડ કયુ એટલા થીગડાં માર્યા હતા. આ અત્યારે તમે ગામડામાં જાવ એકે એક ગામડામાં પચાસ પચાસ, સો સો હોન્ડા મોટર સાઈકલ ફરતા થયા છે. આ ગામડાંનો ખેડૂત આજથી પંદર વીસ વર્ષ પહેલાં આપણે વિચાર કરીએ કે વાવેતર કર્યુ હોય હજુ તેનું ઉત્પાદન આવ્યું ના હોય ત્યાં ગામડાંના ખેડૂતોનો માલ વેપારીની ઉધારીમાં નોંધાઈ જતો અને તે પૈસાથી તેનું ગુજરાન ચલાવતો. આજે ગામડાંની અંદર ગામડું સધ્ધર થયું છે અને દરેક ગામડું કહી શકે છે અને આપણે પણ જાણી શકીએ છીએ પણ આ ગામડું સધ્ધર થયું તેને કારણે આપણને કયાંક પેટમાં ચૂંક આવે છે. આ ચૂંક શેની આવે છે મને ખબર નથી? આ કોંગ્રેસના મિત્રોએ આજથી ૪૦-૫૦ વર્ષ પહેલાં ગામડાંની અંદર કોષ ચાલતા હતા ત્યારે કૂવાના તળ ૨૫-૩૦ ફૂટ હતા. આ કૂવા ૩૦ ફૂટમાંથી અત્યારે એક હજાર ફૂટે ગયા ત્યારે આ મિત્રોને તે યાદ ના આવ્યું? આ ધરતીનું ધાવણ ધાવી ગયા. અહીંયા ખેડૂતોની વાત કરે, અહીંયા ગરીબોની વાત કરે, અહીંયા આદિવાસીઓની વાત કરે આ કોંગ્રેસના મિત્રોએ ગામડાંના ખેડૂતોને ગોળીએ દીધેલાના દાખલા છે અને તેના લોહી ચૂસેલાના દાખલા છે અને આજે આ •*(xxxx)એમ કહે છે કે અમે ખેડૂતોનું કાંઈક કરીએ, અમે આદિવાસીઓનું કાંઈક કરીએ.

**શબ્દો દૂર કરવા અંગે**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, *(xxxx)શબ્દ ના વાપરી શકાય.

**અધ્યક્ષશ્રી** : *(xxxx) આ શબ્દ હું દૂર કરું છું. શબ્દો ધ્યાન રાખીને વાપરો.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા મુખ્યમંત્રીએ જે આજે સાગર ખેડૂત વિકાસ યોજનાની જાહેરાત કરી ૧૧ હજાર કરોડની તેની પહેલાં જાહેરાત કરી હતી ૧૫ હજાર કરોડની વન બંધુ વિકાસ યોજના. આ તમને છે ને ઢસડીને લઈ જવાની ખીણમાં. આ બે યોજના તમારું પૂરું કરી દેવાની. આના ઉપર તમે વિચાર કરો. આ બન્ને યોજના સવારે મોઢવાડીયા સાહેબ કહેતા હતા કે અમારી યુ.પી.એ સરકારે ૧૯૦૦ કરોડ રૂપિયા આદિવાસીના વિકાસ માટે બજેટમાં જોગવાઈ કરી. હવે ૧૯૦૦ કરોડની યોજનાની જોગવાઈ કરી હોય આખા ભારત માટે કરી. આ ૧૫ હજાર કરોડનું પેકેજ ગુજરાત માટે છે. તો ખરા અર્થમાં જયારે આ રાજય સરકાર જે વિકાસને વરેલી સરકાર છે અને ગામડાંમાં અને ખેડૂત માટેના જે પ્રયત્નો છે.

**અધ્યક્ષશ્રી .** : વિરામનો સમય થાય છે, આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ ૪-૩૦ થી ૫-૦૦ સુધી.**

**સભાપતિશ્રી મહેન્દ્રભાઈ મશરુ અધ્યક્ષસ્થાને.**

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : (ક્રમશઃ): માનનીય અધ્યક્ષશ્રી, આપણે જેમ ગામડામાં પહેલા કોહ હાંકતા. એટલે ધોરીયામાં સાંલી તાણતા હતા. ઓલો જીપટો વાઢી આવે, એની હારે રાંઢવું બાંધે અને બે જણા ખેંચતા હોય અને એક જણો માથે ઉભો રહે એટલે ધોરિયો પોલીશ રહે એટલે પાણીનો પ્રવાહ સારો લાગે. એટલે આજે એવું લાગ્યું કે આ ૧૫ હજાર કરોડ અને ૧૧ હજાર કરોડની યોજના આવી, એટલે પબ્લિક તમને જેમ ધોરીયામાં સાલીમાં કાઢીને કયારા લગી લઈ જાય એમ લઈ જવાના લાગે છે. એવું આજે અમને લાગે છે. *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) *(xxxx) દોલતકાકાનો વાંક નથી. એમને બી.પી. વધઘટ થાય એટલે, કહે છે ને કે વૃદ્ધ થાય એટલે બાળક જેવા બની જાય. ગમે તે વાતમાં રીસાઈ જાય. ગમે ત્યારે ઉભા થઈ જાય. મારા વડિલ છે, એટલે એમનો ધોકો કરતો નથી. દોલતકાકા તો વડિલ છે. એમને યાદ હશે. ૪૦, ૫૦ વર્ષ પહેલા આપણે એક ગામથી બીજે ગામ જઈએ તો વચ્ચે નદી આવે અને એમાં પાણી હાલ્યા જતા હતા. ૫૦ વર્ષ કોંગ્રેસે શાસન કર્યુ અને આ નદીઓ સૂકાઈ ગઈ એમના પાપે. એવા કયા પાપ કર્યા હશે કે નદીઓના પાણી સૂકાઈ ગયા? જમીનના તળ ઉંડા ગયા? કુદરત પણ વિચારે કે ૯૫ પછી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને આજે હોળી જતી રહી, પણ તમે સૌરાષ્ટ્રમાં આવો. ડેમી નદી જૂઓ, આજી નદી જૂઓ, હુંડ નદી જૂઓ. આજે પણ આ નદીઓ ભરી છે કે નહીં કુંવરજીભાઈ? આ નદીઓ અત્યારે ભરી છે. આ કુદરતનો સાથ પણ સત્યને મળતો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને ખેતીનું બિયારણ અને એની સાથે પાણી આપવા માટે રાજય સરકારે આયોજન કર્યુ. ૧૯૯૫ સુધીમાં જયારે કોંગ્રેસની સરકારે રાજ કર્યુ, ત્યાં સુધીમાં આખા ગુજરાતમાં કેટલા ચેકડેમો બન્યા? એ આપણને બધાને ખબર છે. આ સરકારે એક એક નાનામાં નાની નદીમાં આ ૮૦-૨૦ની યોજના એ લોકોની ભાગીદારીથી કરી. લોકોને ભાગીદાર બનાવ્યા. મારાપણાનો ભાવ ઉભો કરવા માટેના પ્રયત્નો આ રાજય સરકારે કર્યા. તમામ યોજના, ગોકુળ ગામમાં ભાગીદારી, ૬૦-૪૦ માં ભાગીદારી. જયાં સુધી મારાપણાનો ભાવ ઉભો ન થાય ત્યાં સુધી એ વસ્તુ પર મમત ન થાય. આપણે ૨૦ હજારનો બળદ લાવીએ અને લેણું ન હોય અને કુદરત કરે ને રાતે મરી જાય તો આપણને દુઃખ શેનું થાય? ૨૦ હજારનું દુઃખ થાય. પણ આપણી ગાયનો વાછરડો

---

• *(xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અને ચર્ચા અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવી છે.

હોય અને આપણે એને નાનેથી મોટો કર્યો હોય, ભલે ને એની કિંમત ૫ હજાર હોય, પણ એ વાછરડો મરી જાય તો ઘર આખાને ખાવાનું ન ભાવે, કારણ કે એની સાથે આપણી આત્મીયતા બંધાયેલી હોય. એમા આ રાજય સરકારે તમામ યોજનાઓમાં લોકોને ભાગીદાર બનાવ્યા અને મારાપણાનો ભાવ ઉભો કર્યો એના કારણે આ ગુજરાતનાં ગામડાંમાં આજે ગામડે ગામડે સિમેન્ટના રસ્તા બન્યા છે, બજેટ તો અગાઉ પણ બનતાં હતાં, પરંતુ એના પૈસા કયાં જતા હતા એની ખબર નથી. અમે નાના હતા ત્યારે યાદ છે કે ગામની નિશાળમાંથી છૂટીએ તો રસ્તામાં ચોરે વડીલો ઉભા હતા એ કહેતા કે આજે તો કોઈક આવવાનું છે. તો અમે પૂછીએ કે કોણ આવવાનું છે તો કહે કે ધારાસભ્ય આવવાના છે. તો એમ કોઈ પૂછે કે મદારી લઈને આવવાના છે? તો એ વખતે ધારાસભ્ય કોણ એ પણ ખબર નહોતી. મારા આ મિત્રોએ રાજ કર્યુ તો સરકીટ હાઉસમાં બેસીને અને ગામડામાં જવું એમના માટે હરામ હતું. એ ગામડાંમાં જતા નહોતા એટલે એમને ગામડાંના દુઃખ અને દર્દની કયાંથી ખબર હોય? ત્યાં રસ્તા છે કે નહીં એ ગામમાં જાય તો ખબર પડે ને? શાળામાં કોઈ દિવસ જાય તો ખબર પડે ને કે ત્યાં શું સ્થિતિ છે? આજે તો ગામડામાં જઈને કોઈ એક સરપંચને પૂછો તો એને બધી જ યોજનાઓની માહિતી હોય અને પી.એમ.જી.આર.વાય. શું છે કે પ્લાન અને નોન પ્લાન શું એ પણ ખબર હોય છે. પ્લાનમાં રસ્તો આવે કે નોન પ્લાનમાં એ પણ એને ખબર હોય છે. પહેલાં તો અમારા મિત્રો કોઈ દિવસ ગામડાંમાં ગયા ન હતા ને ગામડાને યોજનાઓથી વાકેફ કર્યા નહોતાં, જયારે આજે તો દરેક ગામ એના વિકાસનાં કામો માટે દોડતું થઈ ગયું છે અને એના કારણે વિકાસ થયો છે.

માનનીય ગોવાભાઈએ એમના રાજયપાલશ્રીના પ્રવચનમાં હામૈયા એવી વાત કરી હતી તો એ હામૈયા નહીં, પરંતુ એમ.ઓ.યુ.ની વાત હતી, પરંતુ એમાં તમારો કોઈ વાંક નથી. આપણે દીકરાને પરણાવવા જઈએ એટલે કન્યા પક્ષ તરફથી ફટાણાં તો આપે જ, પરંતુ એને વરરાજા તો ગમતો જ હોય છે. જમાઈ કોને ના ગમે? એ જે કાંઈ કહે એ દિલથી નહીં, પરંતુ જીભથી કહેતા હોય છે. એમના દિલમાં તો બધા માટે માન જ હોય છે. તો તમે ગામડાંમાં જઈને જુઓ છો કે ગામડાંનો ખરેખર વિકાસ થયો છે. હમણાં જ એક સવાલમાં વાત કરતા હતા કે ૩૦ હજાર ઓરડાઓની ઘટ છે, પરંતુ જે ૧ લાખ ઓરડા બનાવ્યા છે એની તો પહેલાં વાત કરો ને? પહેલાં ગામડાંમાં શાળાના શિક્ષકો લીમડાના ઝાડ નીચે બેસીને બાળકોને ભણાવતા હતા અને અમારા રૂપાલા સાહેબ જ એનો દાખલો આપતા હતા. તો ખરા અર્થમાં અમે પણ લીમડાના ઝાડ નીચે અને પીપળાના ઝાડના છાંયા નીચે બેસીને ભણ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાનું પાઈપલાઈનનું કામ ચાલતું હતું તો અમારા કોંગ્રેસના મિત્રો એમ વાત કરતા હતા કે આમાં હવા જ આવવાની છે? તો હવા નહીં, પરંતુ એનાં પાણી કચ્છ સુધી ગયાં અને માળિયા કેનાલમાં પહેલીવાર પાણી આવ્યું અને એનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું ત્યારે સૌરાષ્ટ્રના ખેડૂતોમાં જે એક વૃધ્ધ બાપા હતા તેમને એમ થયું કે અહો, નર્મદાનું પાણી છેક અહીંયાં આવ્યું? આપણે એક ખેતરમાંથી બીજા ખેતરમાં પાણી લઈ જવું હોય તો કેટલું કષ્ટ પડે છે ત્યારે પાણી લઈ જઈ શકીએ છીએ જયારે આ નર્મદાનું પાણી અહીં આવ્યું એ તો એક કમાલ જ કહેવાય. એ બધાની આંખમાં હર્ષનાં આંસું આવ્યાં હતાં કે અહો, નર્મદા મૈયા છેક અહીં સુધી આવી ગયાં? તો આ ખરા અર્થમાં એક મોટામાં મોટી સરકારની સિધ્ધિ છે કે નર્મદાનું પાણી છેક કચ્છ અને જામનગર સુધી પહોંચ્યું છે અને અનેક ગામડાંની યોજનાઓ બની છે. આજસુધીમાં તમે એક જ કામ કર્યુ હતું કે દુષ્કાળમાં ટેન્કરો ચાલુ કરવાનાં પાણી માટે એમાં પાંચ મારા અને પાંચ તારા એ રીતે ચાલતું હતું સરપંચ સાથે મળીને, આવું કરીને ગામડાંને પીવાના પાણીની વ્યવસ્થાથી વંચિત રાખીને કોઈ જ કામ કર્યુ નથી. આજે તો જૂથ યોજનાઓ બની છે અને ગામડાંમાં નર્મદાનું પાણી પાઈપલાઈનથી પહોંચ્યું છે. તો આ કોઈ નાની સિધ્ધિ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગેસની પાઈપલાઈન અમે હજીરાથી મોરબી પહોંચાડી છે. એકવર્ષ પહેલાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ એનું ભૂમિપૂજન કર્યુ હતું અને બીજા વર્ષે ૫૦૦ કરોડનો પ્રોજેકટ પૂરો થઈ ગયો છે અને આજે ગેસના ફુવારા ઉડે છે. અમે તમારા જેવું કરતા નથી કે ભૂમિપૂજન થઈ જાય અને પછી એ યોજના ખોરંભે પડી જાય, પરંતુ અમારા મુખ્યમંત્રી તો કોઈ યોજનાનું ખાતમૂહૂર્ત કરે તો જાણી લે કે એના ટેન્ડર પડી ગયાં છે કે કેમ અને કેટલા સમયમાં એ કામ શરૂ થઈને કેટલા સમયમાં પૂરું થવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખરા અર્થમાં આજે આપણે જોઈએ તો કૃષિમાં કેટલા કરોડની આવક વધવા પામી છે. આપણી નજર સામે જ આંકડા છે કે ૯ હજર કરોડનું ઉત્પાદન હતું એ આજે આપણે ૩ર હજાર કરોડના ઉત્પાદને પહોંચી ગયા છીએ અને આ કૃષિ રથની દેન છે. અધિકારીઓએ કૃષિ રથ દ્વારા એકે એક ગામડામાં જઈને જ્ઞાન આપ્યું કે કયું બિયારણ વાવવું? એના અંગેની પૂરી સમજણ આપી અને આપણી નજર સામે બી.ટી. કપાસના આંકડા છે કે આ કપાસ એ ખરા અર્થમાં ખેડૂતોની આવકનું એક મોટામાં મોટું સાધન બની રહયો છે. ૨૦૦૦-૦૧ માં એનું ૧૭,૧૫,૪૦૦ હેકટરમાં વાવેતર હતું ત્યારે એક એકરે ૧૨૨ કિવન્ટલ ઉત્પાદન હતું. માનનીય અધ્યક્ષશ્રી, એ વધીને ૨૦૦૫-૦૬ માં ૨૦,૭૭,૧૦૦ હેકટરમાં વાવેતર થયું અને ૬૦૫ ક્વિન્ટલ ઉત્પાદન થયું, કેટલા ગણો વધારો? ૧૨૨ માંથી ૬૦૫ ક્વિન્ટલ ઉત્પાદન થયું, અને આના કારણે ગામડાંમાં સુધારો થયો એ આપણે બધા જોઈએ છીએ. ગામડાંના ખેડૂતોની અવદશા કેવી હતી તે આપણને બધાને ખબર છે. પહેલા તમે પણ ચૂંટણી પ્રવાસમાં જતા હતા તે વખતે રસ્તા કેવા હતા તે તમે પણ જાણો છો. હું જ્યારે પહેલીવાર ૧૯૯૫ માં

ચૂંટણી લડતો હતો ત્યારે મારા પડધરી તાલુકામાં ૪૫ વર્ષમાં ૪૫ કિલો મિટર રસ્તાઓ બન્યા હતા. આજે એકે એક ગામડાંમાં ડામરના રસ્તાઓ, લાઈટો, કોમ્યુનિટી હોલ, અને સી. સી. રસ્તાઓ બન્યા, આ જ્યોતિ ગ્રામ યોજનાની આવડી મોટી સિદ્ધિ તમને નથી દેખાતી ગોવાભાઈ? તમે ૬૦ વર્ષમાં જેટલા થાંભલા નહોતા નાખ્યા એટલા એક વર્ષમાં અમારા સૌરભભાઈએ ખડકી દીધા છે. ગામડાંમાં જે ખેતી કરતો પરિવાર છે, એમાં જેને માં કહીએ, તે માં સવારે ૪ વાગ્યે ઊઠે, એક કિલોમીટર દૂર પાણી ભરવા જાય, વાસીદું કરે, છાસ વલોવે, દરણું કરે, અને બપોરે ભાત લઈને ખેતરે જાય, આજે તો સવારમાં વહેલી લાઈટ હોય, કામ કરવાનો આનંદ આવે, ઘરમાં વલોણું હોય, એકવાર વલોણું ચાલુ કરીને મૂકી દે, અને વાસીદું કરીને આવે ત્યાં છાસ તૈયાર થઈ ગઈ હોય. નળની ચકલી ખોલે તો પાણી આવે, પાણી ભરવા ન જવું પડે. આ અમારી સિદ્ધિ છે. તમને આ કંઈ દેખાતું નથી? કૃષિ રથને કારણે ગામડાંના ખેડૂતોને કેટલી કીટ્સ આપી તેની તમને ખબર છે? ગણી કાઢો. આનો દાખલો આપું, ૨૦૦૫ માં ૯૧૪૬૫, અને ૨૦૦૬ માં ૧,૪૨,૭૧૧ કીટ્સ આપવામાં આવી છે.

**સભાપતિશ્રી** : માનનીય મોહનભાઈ, એકાદ મિનિટમાં પૂરું કરો.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ખરા અર્થમાં અત્યારે એમની ઉજવણી પૂરી થઈ ગઈ છે. અમારું બારમું નથી થવાનું, પંજાબ અને ઉત્તરાખંડમાં એમનું બારમું નહીં પણ સત્તરમું થઈ ગયું અને ગુજરાતમાં થવાની તૈયારીમાં છે. એટલે આ નાણા મંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તે ખરા અર્થમાં એ બજેટ વિષે લોકો એવું વિચારે છે કે આ વીસ વર્ષમાં જેટલું પ્લાનિંગ નહોતું કર્યુ તેના કરતાં પણ વધુ રૂપિયા આ ભારતીય જનતા પાર્ટીની સરકારે પાંચ વર્ષમાં વાપર્યા છે. એટલે આ મિત્રોને બધાને પણ ખબર છે કે ખરા અર્થમાં બજેટ સારું છે, આટલી આટલી યોજનાઓ, ૧૫ હજાર કરોડની અને ૧૧ હજાર કરોડની યોજનાઓની જાહેરાત થતી હોય ત્યારે તેમણે ખુશ થવું જોઈએ. આપણે અહીં એટલા માટે એકત્રિત થઈએ છીએ કે ગુજરાતના નાનામાં નાના માણસનો વિકાસ કેમ થાય, એનું હિત કેમ થાય, તેની ચર્ચા કરવા માટે આપણે અહીં ભેગા થઈએ છીએ. એટલે આવી યોજનાની જ્યારે જાહેરાત થતી હોય ત્યારે આ મારા મિત્રો પાટલી થપથપાવવામાં સંકોચ અનુભવે છે, કારણ કે જો સોનિયા બહેન કેમેરામાં જોઈ જાય તો ઠપકો મળે, એટલા માટે તેઓ એ કરી શકતા નથી. આ બજેટ લઈને માનનીય નાણા મંત્રીશ્રી આવ્યા છે તેને આવકાર આપીને મારી વાત પુરી કરીને વિરમું છું.

**શ્રી જયંતીલાલ રા. કવાડિયા (હળવદ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણા મંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું. આ સભાગૃહમાં અનેક પ્રકારની ચર્ચાઓ થતી હોય છે. જ્યારે આ રાજયનો મહત્ત્વનો ઊર્જા વિભાગ છે, વીજળી માટે દેશના દરેક પ્રાંતમાં ઊર્જાની કટોકટી અને ઊર્જાની વિકટ પરિસ્થિતિ સર્જાતી હોય છે ત્યારે, આજે દિલ્હીમાં કહો કે મહારાષ્ટ્રમાં કહો, બધે જ પરિસ્થિતિ એવી હોય છે આ બધી પરિસ્થિતિની વચ્ચે હું એક ધારાસભ્ય તરીકે આ રાજયના મુખ્ય મંત્રીશ્રી અને આ રાજયના ઊર્જા મંત્રીશ્રીને ધન્યવાદ આપું છું કે આ રાજયમાં વીજળીને આજથી ચાર વર્ષ પહેલા સમજી, વિચારીને જે આજે આ પરિસ્થિતિ વીજળી માટેની નિર્માણ કરી છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. આજે જયોતિગ્રામ યોજના હોય, જયોતિ ગ્રામ યોજના વિશે ખરેખર વાત કરુંતો આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ આ ગૃહમાં જાહેરાત કરી ત્યારે સત્તાધારી પક્ષના ધારાસભ્ય તરીકે હું પણ વિચાર કરતો થઈ ગયો હતો કે સાહેબે જાહેરાત તો કરતાં કરી દીધી છે કે આ ૧૮ હજાર ગામડાંને એક વર્ષમાં ૨૪ કલાક વીજળી આપવાની અઘરી બાબત છે. બહુ અઘરી બાબત મને પોતાને વિચાર આવતો હતો. વિરોધપક્ષના મિત્રો એમ કહેતા હતા કે આ તો જાહેરાત કરી છે કંઈ મળવાનું નથી. મારે એના આંકડા સાથે કહેવું છે. ગુજરાતના ૧૮ હજાર ગામોમાં થ્રી ફેઈઝ વીજળી જયોતિ ગ્રામ દ્વારા પહોંચે છે. હું આગળ કહીશ કે ગામડાંમાં સપ્તાહ બેસવાની હોય, ગામમાં મહારાજ કથા વાચવા આવવાના હોય ત્યારે ગામના ૨૫ આગેવાનો અમારી પાસે આવતા ને કહેતા કે જયંતિભાઈ, ગમે તે કરો તમે અમને ટાઈમ ફેરવી દો. અમારા ગામમાં કથા વાચવા આવવાના છે એટલે આ સમયે અમને વીજળી મળવી જોઈએ એટલું તમે ગમે તેમ કરીને કરાવી દો. પરંતુ આ ચાર વર્ષમાં કોઈ અમને કહેવા નથી આવ્યું અમારા ગામમાં વીજળીની આ પરિસ્થિતિ છે. ચાર વરસ થયા આજે એનાથી કેટલો ફાયદો થયો છે એ કહેવા માગું છું. પહેલા શહેરના માણસો અને ગામડાંના માણસોમાં અંતર હતું એ ૨૪ કલાક વીજળીના કારણે આ અંતર ઘટવા માટેનું મુખ્ય કારણ છે. ૨૪ કલાક વીજળી મળતાં ગામડાંમાં રહેતા માણસો શહેર જેવું જીવન જીવી શકે છે. અહીંયા માનનીય ગોવાભાઈ બેઠા છે. કાલે હું ને મારા સુરેન્દ્રનગર જિલ્લામાં ખરેખર વીજળી માટે ગુજરાત વિદ્યુત બોર્ડને ખરેખર નુકસાન જાય કારણ કે આખા જિલ્લામાં ઉદ્યોગ નથી, આખો જિલ્લો ખેતીવાડી આધારિત છે અને ખેતીવાડી આધારિત હોવા છતાં જી.ઈ.બી.એ સબ સ્ટેશનો કર્યા છે. ખેડૂતોની માંગ પ્રમાણે વીજળી આપવાના પ્રયત્નો કર્યા છે. હું અને ગોવાભાઈ કાલે બહાર બેઠા હતા અને ચર્ચા કરતા હતાં મને ગોવાભાઈ કહે ખરેખર જયંતિ વીજળીની પરિસ્થિતિ શું છે. મેં કહ્યું ગોવાભાઈ આજે હું ધારાસભ્ય મટી ખેડૂત તરીકે તમને કહું છું. (અંતરાય) મેં ત્યારે કહ્યું કે તમને મારા ખેડૂતો સાથે મોબાઈલ રિસિવર ચાલુ રાખીને વાત કરાવું. મેં કહ્યું રણછોડભાઈ તમારે ડુંગળી કેટલા મણ થઈ ત્યારે તેઓ કહે કે ૮૦ હજાર મણ ગઈ છે અને ૮૦ હજાર મણ પડી છે. પછી મેં પ્રશ્ન કર્યો કે તમારે વીઘે ડુંગળી કેટલી ઉતરી ત્યારે એ કહે કે ૩૪૦ થી ૩૬૦. પછી મેં બીજો પ્રશ્ન કર્યો કે તમારે કપાસ કેટલો થયો એ કહે કે

૨૨ હજાર મણ થયો. મેં એમણે પ્રશ્ન કર્યો કે તમારે વીઘે કપાસ કેટલો ઊતર્યો તો એ કહે કે ૩૩ થી ૩૪ મણ થયો મેં ગોવાભાઈને કહ્યું બરાબર છે ને? જો ગોવાભાઈ ના પાડે તો હું જાહેર જીવન છોડી દવ. મેં મારા હળવદ તાલુકાની વાત છે. આપણે આઠ કલાકની વાત કરીએ છીએ, આઠ કલાક આપવાનો આપણે વિરોધ કરીએ છીએ. પરંતુ આ આઠ કલાક આપવાથી ફાયદા પણ થયા છે. પહેલા મોટરો બળી જતી હતી અને દર વરસે ૫૦ ફૂટ મોટર ઊંડે લઈ જવી પડતી હતી એટલે ૫૦ ફૂટ પાઈપ નવી નાખવી પડતી હતી. એમાં મેન્ટેનશ ઘણું જ આવતું હતું પરંતુ હવે આઠ કલાક સતત વીજળી મળવાથી એ સમસ્યા હલ થઈ ગઈ છે. એક ખેડૂતને દર વરસે ૪૦ હજારનું નુકસાન આવતુ હતું એ નુકસાન અટક્યું છે. (અંતરાય) તો સાહેબ, આના કારણે ખેડૂતોએ.. ઠીક છે કે અમુક તાલુકાની પરિસ્થિતિ જુદી હોય છે. હું એવું નથી કહેતો કે ૨૨૫ તાલુકાની ભૌગોલિક પરિસ્થિતિ સરખી હોય. પણ રાજયમાં ૨૨૦ તાલુકાને જો ફાયદો થતો હોય અને તેના કારણે..

**સભાપતિશ્રી** : જયંતિભાઈ પૂરું કરો.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : મારે આ ગૃહમાં એક યોજના માટે કહેવું છે. સુજલામ્-સુફલામ્ યોજનાની જે વાત કરે છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ૮૫ કરોડના ખર્ચે ૧૦૭ ચેકડેમો બન્યા છે. મારી ચેલેન્જ છે કે આ લોકો કાયદેસર તેની સમિતિ બનાવે અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૦૭ ચેકડેમથી ખેડૂતને અને જિલ્લાને કેટલો ફાયદો છે એ જોઈ લે.

**સભાપતિશ્રી** : માનનીય કુંવરજીભાઈ.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે ૨૦૦૭-૦૮નું બજૅટ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરવા અને થોડાંસૂચનો કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્રો હમણાં ગ્રામવિકાસની વાત, કૃષિની વાત, ઉર્જાની વાત, વંચિતોના વિકાસની વાત જ્યારે લઈને આવ્યા છે ત્યારે તેમાં જે બજૅટમાં જોગવાઈ કરવામાં આવી છે તેમાં જે મારી દૃષ્ટિએ જ્યાં ખૂટે છે અને જે જોગવાઈઓ થઈ છે તેમાં કયાં ખૂટે છે તેના માટેના સૂચનો કરવા માટે અને યાદી મૂકવા માટે ઉપસ્થિત થયો છું.

ગ્રામવિકાસની વાત, ૧૮,૦૦૦ ગામડાંઓ તેની સામે જે અર્બન વિસ્તારમાં જે વિકાસ માટેની રકમની જોગવાઈ કરવામાં આવી છે તેની સામે ગામડાંઓના વિકાસની વાત જોઈએ અને બજૅટમાં જોગવાઈ કરવામાં આવી છે તેની વાત જોઈએ તો તેની અંદર ૨૫ ટકા ગામડાંના વિકાસ માટેની આ બજૅટમાં જોગવાઈ કરવામાં આવી નથી. એટલી અર્બન વિસ્તારમાં નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે. અર્બન વિસ્તારોનો વિકાસ થાય તેમાં કોઈ વાંધો હોઈ શકે નહીં. પણ જે ગામડાંઓના વિકાસ માટેની જોગવાઈ છે તે ઘણી અપૂરતી છે. મારા સાથી મિત્ર મોહનભાઈ કહેતા હતા ગોકુળ ગામ, કેશુભાઈ હતા, સારી વાત. જો તેમને રહેવા દીધા હોત તો જે કોઈ યોજના હતી તે સારી રીતે સફળ થાત અને ગામડાંઓ ગોકુળીયા ગામ બનત. પણ આ બધાએ ભેગા થઈને તેમને તો કાઢ્યા. એટલે ગોકૂળ ગામની અંદર ગામડાંના વિકાસની વાત છે તેમાં બાકીની ખૂટતી કડીના ગામ છે તેની આમાં વધારે જોગવાઈ કરવામાં આવી નથી. ગામડાંઓના વિકાસની વાત થતી હોય ત્યારે દ ારદીવડા હોય, ઝૂંપડપટ્ટીના વિસ્તારમાં વીજળીકરણની વાત હોય તેની પણ આમાં પૂરતી જોગવાઈ થયેલ નથી.

ઉર્જા ખાતાની સત્તાવાર માહિતી પ્રમાણે આજે ગુજરાતમાં ૩૦.૯૧ ટકા જેટલા લોકોના વસવાટ છે, તે વીજળીકરણથી વંચિત છે. તેમાં ૨૪ ટકા ગ્રામ્ય વિસ્તારનો વસવાટ છે. તેમાં આજે ઘરના દીવડાઓ પણ જોવા મળતા નથી. તેનાથી પણ આગળ વધીને કેન્દ્ર સરકારની જે રાજીવ ગાંધી વીજળીકરણની યોજના હતી તે યોજનામાં ત્રણ જિલ્લાનો આપણાં રાજયમાં સમાવેશ થયેલો. પંચમહાલ, ભરૂચ અને નર્મદા. તેની અંદર કેન્દ્ર સરકારે ૬૮૫ લાખ જેવી રકમની જોગવાઈ કરી. મારે તેમાં ૨૪,૩૯૭ ગામોમાં જે વસવાટ છે ત્યાં વીજળીકરણ થાય એવી જોગવાઈ હતી. આજ સુધી તેમાં ફક્ત ૨,૪૦૯ ગામોનો જ સમાવેશ થયો છે અને જે કેન્દ્ર સરકારની નાણાકીય જોગવાઈઓ સામે રાજય સરકારે જોગવાઈ કરવી જોઈએ તેની અંદર કેન્દ્ર સરકારની ગ્રાન્ટ આવે છે, ખાસ કરીને વોટરશેડ ડૅવલપમેન્ટ પ્રોજૅકટ હોય, ગ્રામીણ આવાસ યોજના હોય, એસ.જી.આર.વાય. યોજના હોય, ફુડ ફૉર ઑલ યોજનાની રકમ હોય આની અંદર પણ ૫૦ ટકા તેની રકમ આપણાં રાજયમાં વપરાતી નથી ત્યારે ગામડાંઓના વિકાસની વાત જ્યારે કરતા હોઈએ ત્યારે મારા સાથી મિત્રો આની પહેલાં વાત કરતા હતા. કૃષિની વાત. ખેતીવાડી અને કૃષિ સાથે ગામડાંઓના વિકાસની વાત જોડીને સભ્યશ્રીઓ વાત કરતા હતા ત્યારે મારે કૃષિની વાત એટલા માટે કરવી છે, આપણે કૃષિ મહોત્સવ છેલ્લા વર્ષોમાં ઉજવીએ છીએ એ સારી વાત છે. ગામડામાં એ વાત લઈને જાય તો એ સારી વાત છે. છેલ્લે ૨૦૦૬ના કૃષિ મહોત્સવ ઊજવાયો એના આંકડા તો કાઢો. આ રથ લઈને જ્યારે ગામડામાં જતા ત્યારે કર્મચારીઓ, અધિકારીઓ અને એ રથ લઈ જનાર સિવાય ભાગ્યે જ લોકો એકત્રિત થતા. મારે મોહનભાઈને કહેવું છે કે,મોહનભાઈ, કૃષિ મહોત્સવને કારણે ખેડૂતો આર્થિક રીતે સદ્ધર થયા છે એવું નથી. પરંતુ ખેડૂતો મહેનત કરતા થયા છે. કુદરતની મહેરબાની અને વરસાદ સારો થયો છે અને સાથે સાથે સુધારેલા બિયારણ વાપરવા લાગ્યા છે, એની સમજને કારણે આજે ખેડૂતો મહેનત કરી પૂરતી ઊપજ લઈ શકે છે અને આ કુદરતનું અને મહેનતનું પરિણામ છે. ભારતીય જનતા પાર્ટીના શાસનના કારણે આ થયું હોય એવું નથી. કૃષિ અને ખેડૂતોને પગભર કરવા માગતા હોય તો ૨ વાત એમના ધ્યાન ઉપર મૂકવા માગું

છું. એમને પૂરતા ભાવ મળે એના માટે જોગવાઈ કરવી જોઈએ અને એમને સસ્તી વીજળી મળવી જોઈએ. તમે જાહેરાત કરો કે અમે ખેડૂતોને સસ્તી વીજળી આપીશું. માગો ત્યારે અને જોઈએ એટલી વીજળી આપીશું. ખેત વીજ જોડાણ સમયસર મળે એના માટે પ્રબંધ કરીશું અને તો અમે ચોક્કસ અભિનંદન આપીશું અને બજૅટ લઈને આવ્યા છે એમાં સમર્થન પણ આપીશું. ખેડૂતોની વાત થતી હોય અને સમય આવે ત્યારે એમને સેન્દ્રિય ખાતર હોય, રાસાયણિક ખાતરો પૂરતા પ્રમાણમાં મળે નહીં. એના માટે એને ઊંચા ભાવ ચૂકવવા પડે છે અને એમ કહે કે ખેડૂતો ખૂબ સદ્ધર થયા છે. પણ ખેડૂતો મહેનત કરે છે અને એના કારણે સદ્ધર થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું સૂચન એ કરવા માગું છું કે, ગ્રીન રીવોલ્યુશન કંપનીને જે ટપક સિંચાઇ પદ્ધતિ નીચે કામ સોંપીને એ જે ટપક સિંચાઇ પદ્ધતિ છે એના કેટલા ઊંચા ભાવ લેવામાં આવે છે. ખેડૂતોને સામે સબસિડી ચૂકવવામાં આવે છે. એમાં પણ કંપનીએ કેટલા ઊંચા ભાવ રાખ્યા છે એ પણ સાથે ધ્યાનમાં રાખીને ચાલવું જોઈએ અને મારા મિત્ર કહેતા હતા કે આ બધું ઉત્સવોના કારણે થયું છે. સામાન્ય રીતે અત્યારે વસંત ઋતુ ચાલે છે. હમણાં વસંતોત્સવ ઉજવવાની કાર્યવાહી ગતિમાં છે ત્યારે મારે એક વાત ધ્યાન ઉપર મૂકવી છે કે, સામાન્ય રીતે ઉત્સવો છે એની અંદર લોકભાગીદારી અથવા તો સરકારી વિવિધ યોજનાઓ પાછળનો ખર્ચ છે એ ઉત્સવો પાછળ વધારાનો ખર્ચ નાખીને કરે છે એ ખરેખર તો યોગ્ય જગ્યાએ જે રકમ વાપરવી જોઈએ એ જે તે વિભાગમાં વાપરવી જોઈએ. એને બદલે ઉત્સવો પાછળ ખૂબ મોટી રકમ વપરાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આગામી ડિસૅમ્બરમાં મને એવું લાગે છે કે, મોહનભાઈ, બીજો ઉત્સવ એવો ઉજવવાનો આવશે કે, આ સરકારના કાં તો ઉઠમણાનો ઉત્સવ અથવા તો સ્મશાનનો ઉત્સવ ઊજવાય તો ના નહીં, એવું આ બધી તમારી વાત છે એના ઉપરથી મને દેખાઈ રહ્યું છે.

શિક્ષણની વાત કરું તો. આજે રાજયની અંદર શિક્ષણ માટે જે બજૅટ મુકાયું છે, મને એક વાતનો ચોક્કસ આનંદ થાત, કેન્દ્ર સરકારે ૮થી ૧૨મા ધોરણના જે વિદ્યાર્થીઓ હોય એ ઉજ્જવળ કારકિર્દી બનાવતા હોય એમના માટે શિષ્યવૃત્તિની યોજના દાખલ કરી છે. મારે એક વાત મંત્રીશ્રીના એ ધ્યાને મૂકવી છે કે, આ જે સેલ્ફ ફાઈનાન્સ શાળા કૉલેજો છે એની અંદર જે દીકરીઓ અભ્યાસ કરે છે એમની કાં તો શિક્ષણ ફી છે એ રાજય સરકાર ભરે અથવા તો એને શિષ્યવૃત્તિ આપીને મફત શિક્ષણ આપવા માટે કન્યા કેળવણીની જોગવાઈ કરી હોત તો મને ચોક્કસ આનંદ થાત અને આ જે બજૅટ લઈને આવ્યા છે એને સમર્થન કરત.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક શિક્ષણની વાત કરું તો સરકારી શાળાઓનું છેલ્લા વર્ષોમાં ખાનગીકરણ થઈ રહ્યું છે અને એની સાથોસાથ સેલ્ફ ફાઈનાન્સ શાળા-કૉલેજોને વધારેમાં વધારે મંજૂરીઓ આપવામાં આવી રહી છે ત્યારે મને એવું લાગે છે કે, આવતા વર્ષમાં આર્થિક નબળા હોય અને પછાતવર્ગના બાળકો હોય એમને શિક્ષણથી વંચિત રાખવા માટેનું વ્યવસ્થિત કાવતરું ચાલી રહ્યું હોય એવું મને આ બજૅટ ઉપરથી દેખાઈ આવે છે. આ સરકારે અગાઉ વિદ્યા દીપ યોજના દાખલ કરી છે. એની અંદર વિદ્યા દીપ વીમા યોજના છે. એમાંથી કેટલા બાળકોને, એના વાલીઓને એનો લાભ મળ્યો? કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી બાકી છે? આના ઉપરથી મને એવું લાગે છે કે, બજૅટમાં પૂરતી જોગવાઈ થઈ નથી. મારે પ્રાથમિક શિક્ષણની વાત કરવી છે. આની પહેલાં ૨૦૦૧ની અંદર સર્વ શિક્ષા અભિયાન નીચે કેન્દ્ર સરકારની એક યોજના દાખલ કરી. એની પાછળ પૂરતા શાળાના રૂમ મળે અને પ્રાથમિક શિક્ષણની સારી ગુણવત્તા મળે એના માટે સારી જોગવાઈ કરી છે. ક્રમિક ધીમે ધીમે આજે ગુજરાતની અંદર પ્રાથમિક શાળાઓ છે એના આંકડા છે એ ૩૭૫૫૧ છે. એની અંદર ૮૨ લાખ બાળકો અભ્યાસ કરે છે પણ પ્રાથમિક શાળાઓની અંદર અભ્યાસ કરતા જે બાળકો છે એની શિક્ષણની ગુણવત્તાની કેમ આપણે ચિંતા નથી કરતા? સાતમા ધોરણમાં અભ્યાસ કરતુ બાળક હોય છે એને પી.ટી.સી. થયેલા શિક્ષકો જે ભણાવે છે. જેને બારમા ધોરણમાં અંગ્રેજીનો વિષય ન હોય, પી.ટી.સી. કરતી વખતે પણ એને અંગ્રેજી વિષય ન હોય એવા પી.ટી.સી. થયેલા વિદ્યાસહાયકોની ભરતી કરીને નિમણૂક કરવામાં આવે છે એમાં વાંધો ના હોઈ શકે પણ જેણે વિજ્ઞાન પ્રવાહથી પાસ કરેલ છે, બારમા ધોરણ સુધી વિજ્ઞાન પ્રવાહ કરીને પછી પી.ટી.સી. કરેલ આવા જે શિક્ષકો હોય એને ધ્યાનમાં રાખીને આવી જગ્યાએ નિમણૂક કરવી જોઈએ જેથી કરીને પ્રાથમિક શાળાની ગુણવત્તા સુધારી શકાય.

**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ (કામરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાસાહેબ બારમું બજેટ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

બજેટ પસાર કર્યા પછી વિભાગના તમામ મંત્રીશ્રીઓને જે બજેટ ફાળવવામાં આવે છે એમાં દરેક વિભાગ ખૂબ સુંદર કામગીરી કરે છે એના કારણે આજે આપણે ગુજરાતની જે વિકાસની ગતિ છે એ આપણે જોઈ શકીએ છીએ એટલે આ ગુજરાતના મુખ્યમંત્રી અને એમની નીચેના તમામ મંત્રી મંડળના સભ્યોને હું અભિનંદન આપું છું. કારણ કે મહાત્મા ગાંધીજીએ જે કલ્પના કરી હતી કે ગામડાના આદિવાસી ખેડૂતો અને ગામડાનો વિકાસ કરવો હોય તો સહકારી મંડળીઓ મારફતે આપણે ગામડાનો વિકાસ કરી શકીએ. મને આનંદ થાય છે કે સમગ્ર દેશની અંદર સહકારી માળખું જો વ્યવસ્થિત ચાલતુ હોય તો ગુજરાત રાજયની અંદર ચાલે છે. આજે સમગ્ર ગુજરાતમાં સહકારી મંડળીઓ મારફતે ખેડૂતો માટેની જે ચિંતા રાજય સરકારે કરવાની હોય પણ લોકભાગીદારી થવાને કારણે સહકારી મંડળીઓ ખૂબ સારા પ્રમાણમાં ચાલે છે. એના કારણે ગુજરાતનો ખેડૂત

સદ્ધર થયો છે. હમણાં માનનીય શ્રી માધુભાઈ ભોયે એમની ચર્ચાની અંદર વાત કરતા હતા કે અમારા આહવા ડાંગ વિસ્તારની અંદર જંગલ વિસ્તારની અંદર દોઢ કલાક જેટલો પાવર જાય છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય પ્રવિણભાઈને કહેવા માગું છું કે મારું નામ લઈને કહયું છે અને હું આ ગૃહ મારફતે ડાંગના જંગલમાં તપાસ કરાવવા માગું છું. એ પણ વનમંત્રી રહી ચૂકેલા છે. એમને પણ ખબર છે કે કેટલી ડાંગની ચોરીઓ થયેલ છે. આવી રીતે નામ લઈને કોઈને બદનામ કરવા નહીં.

**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહને જણાવવા માગું છું કે ૨૦૮ મેગાવોટ વીજળી, ૬૦૦ કરોડ રૂપિયાની વીજળી બીજા રાજયોની અંદર પહોંચાડીને ગુજરાતના ખેડૂતોને ખૂબ મોટું નુકસાન કરી રહયા છે તો હું એ કહેવા માગું છું કોંગ્રેસના મિત્રોને કે કેન્દ્ર સરકાર જે ૨૦૮ મેગાવોટ વીજળી બીજા રાજયોને (અંતરાય) બોમ્બેની અંદર ૮-૮ કલાક વીજળી જતી રહે છે. દિલ્હીની અંદર જયાં સોનીયા મેડમજી રહે છે ત્યાં ૫ કલાક વીજળી
જાય આના કારણે આપણે ત્યાંથી ૮૦૦ કરોડ જેટલી વીજળી દર વર્ષે બીજા રાજયોની અંદર એ લોકો લઈ જાય છે. ખેડૂતોની વાત કરે છે. આજે સમગ્ર ગુજરાતની અંદર આ વિધાનસભામાંથી સચિવાલયમાંથી મંત્રીમંડળના સભ્યો, આઈ.એ.એસ. અધિકારીઓ ગામડે ગામડે જઈને ગામડાના ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન આપે છે. કિસાન કૃષિ મહોત્સવ મારફતે પહેલા જે જૂની પદ્ધતિથી ખેડૂતો ખેતી કરતા હતા પણ અત્યારે ખરેખર યોગ્ય માર્ગદર્શન મળવાને કારણે જે નુકસાન ખેડૂતો વેઠતા હતા એમાંથી બચી ગયા છે અને યોગ્ય પદ્ધતિથી આજે સમગ્ર ગુજરાતની અંદરથી ખેતી થાય છે. અમારા સુરત જિલ્લામાં સારા ખેડૂતો જે છે એના ઘેર આ લોકો હસતા હતા કે ગાડીઓ આવી ગઈ છે. બે બે ગાડીઓ એક એક ખેડૂતના ઘેર હોય છે. આદિવાસી વિસ્તારમાં ખેડૂતોના ઘેર મોટરસાઈકલો આવી ગઈ છે. એટલે આ રાજ્ય સરકારની અંદર ખરેખર ખેડૂતો ખૂબ પ્રગતિના પંથે જઈ રહ્યા છે. હું સુરત જિલ્લાની વાત કરું. અત્યારે સુરત જિલ્લામાં તા. ૨૪-૩-૨૦૦૭ના રોજ એ.પી.એમ.સી. જે ખૂબ મોટું માર્કેટ છે એણે ૧૦૦ કરોડના એમ.ઓ.યુ. વાયબ્રન્ટ ગુજરાતમાં કર્યા છે અને ૫૦૦ કરોડ રૂપિયાના પ્રોજૅકટ થકી દક્ષિણ ગુજરાતમાં ટર્મિનલ માર્કેટ માટેની માગણી મૂકી છે અને ૫૦૦ કરોડ રૂપિયાનું ટર્ન ઓવર આખા એશિયા ખંડમાં કોઈ જગ્યાએ થતું નથી. એટલે સુરત જિલ્લાની એ.પી.એમ.સી. માર્કેટની માગણી છે એ પણ માગણી સ્વીકારે એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં આદિવાસીઓ માટે ૧૫૦૦૦ કરોડની જોગવાઈ સાથેના ૧૦ મુદ્દા કાર્યક્રમ હેઠળ એક પૅકૅજની જાહેરાત કરવામાં આવી હતી. આજે મુખ્યમંત્રીશ્રીએ બીજી ૧૧ હજાર કરોડ રૂપિયાના પૅકૅજની જાહેરાત કરી છે. એટલે આદિવાસીઓને મામા કહેતા હતા પણ આ વખતે ચૂંટણીમાં તમે જશો, આદિવાસી વિસ્તારમાં તમે મત માગવા જશો અને અત્યારે જે બે પૅકૅજ જાહેર કર્યા છે એ પૅકૅજનો વિરોધ કરશો તો એનું પરિણામ બહુ ખરાબ આવવાનું છે. એટલે મહેરબાની કરીને વિનંતી કરું છું કે આ પૅકૅજનો વિરોધ ન કરતા. નહિ તો મત માગવામાં મુશ્કેલી પડવાની છે. આદિવાસીઓનું અને સમગ્ર આદિવાસી સમાજનું અપમાન આ સન્માનનીય ગૃહના વિરોધ પક્ષના નેતાએ કર્યું છે. સમગ્ર આદિવાસી લોકોને મામા કહીને બોલાવ્યા છે. એટલે આ વખતે (અંતરાય) આ વખતે ગુજરાતની અંદર (અંતરાય)

**સભાપતિશ્રી** : મુદ્દા ઉપર બોલો.

**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મહોત્સવ મારફતે ઘણીવાર આ મિત્રો (અંતરાય)

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. અમારા નેતાએ કોઈ આદિવાસી ભાઈઓને મામા કહીને નહિ પણ ફક્ત મામા બનાવે છે એવું કહ્યું છે. (અંતરાય)

**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ** : તમારા નેતાનો બચાવ ન કરો (અંતરાય)

**સભાપતિશ્રી** : આપે જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવ્યો છે એની સવારે વાત થઈ ગઈ છે અને અધ્યક્ષસ્થાનેથી એ નામંજૂર કરવામાં આવ્યો છે. એટલે એ બાબતે વિશેષ ચર્ચા નહિ થઈ શકે. પ્રવિણભાઈ, આપ મુદ્દા ઉપર આવી જાઓ.

**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો એ વાત ફરી પાછી દોહરાવવાનો નથી. પરંતુ સામેવાળા મિત્રો બધા ઉત્સવો ઉજવીને પૈસાના ધુમાડા કરો છો એવી વાતો કરે છે. પરંતુ આવા ઉત્સવો મારફતે ખેડૂતોને કેટલો મોટો લાભ થાય છે એનો વિચાર કરવો જોઈએ. હું નર્મદાની વાત કરું તો નર્મદા યોજના મારફતે આજે સમગ્ર ગુજરાતના વિકાસમાં મોટામાં મોટો ફાળો હોય તો એ નર્મદા યોજનાનો છે.
નર્મદા યોજનાના કારણે આજે એટલો બધો ખેડૂતોને ફાયદો થયો છે કે ૨૧ નદીઓ જીવંત કરી છે. અમદાવાદ શહેરની વાત કરીએ તો સૌથી મોટો પ્રશ્ન પીવાના પાણીનો હતો પણ આજે સાબરમતી નદીના બંને કિનારે લોકો ફરવા જાય છે, આટલી વાત સાથે નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા વર્ષ ૨૦૦૭-૦૮નું અંદાજપત્ર લઈને આવ્યાં છે તેને સમર્થન આપવા માટે અને મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર અંદાજપત્રનું અવલોકન કરતા ધ્યાન પર આવ્યું છે કે, અંદાજપત્રની અંદર શહેરોની ચિંતા તેમજ ગામડાની પણ વ્યાપક પ્રમાણમાં ચિંતા કરવામાં આવી છે, ગરીબોની અને ઉદ્યોગપતિઓની પણ ચિંતા કરવામાં આવી છે. એમ કુલ મળીને અંદાજપત્રમાં ખાસ કરીને મારા ધ્યાન પર આવ્યું છે એમાં જે મહત્વપૂર્ણ સિંચાઈને લગતી બાબતમાં ૪૭૫૪ કરોડ અંદાજપત્રમાં રજૂ થયા છે અને સાથે સાથે સામાન્ય સેવા અને સામાજિક સેવામાં ૬૨૨૫ કરોડ રૂપિયા આ વર્ષ દરમ્યાન વાપરવાનો નાણામંત્રીશ્રીએ બજેટમાં નિર્ધાર કર્યો છે ત્યારે મારે આ સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવું છે કે આ વિસ્તારની અંદર, સમગ્ર પ્રાંતની અંદર પાણીની એક વ્યાપક પ્રમાણમાં સમસ્યા હતી.

માનનીય અધ્યક્ષશ્રી, બે-ત્રણ દાયકા પહેલા જે સ્થિતિ હતી એ હું ત્યાં સુધી કહીશ કે ભૂતકાળની અંદર પાણીના વ્યવસ્થાપન માટે આપણે ત્યાં ગુજરાતની અંદર કેટલીક કહેવતો એવી બની છે, ગુજરાતની અંદર કોઈ મળે ત્યારે સ્વાભાવિક રીતે પૂછીએ કે "તબિયત પાણી કેમ છે", "અન્ન જળ કેમ છે" આની ચિંતા ભૂતકાળની અંદર રાજા-રજવાડાઓમાં અને સારા આદર્શ શાસકોએ પણ ગામડાની અંદર પીવાના પાણીની જળમો ગળાવી છે. સિંચાઈથી ખેતી થાય એ માટે તળાવો ખોદવાનું, પરંતુ ભૂતકાળની સરકારોમાં બે-ત્રણ દાયકા પહેલા પરિસ્થિતિનું એવું નિર્માણ થવા જાય ત્યારે પાણીની ચિંતા કરવાને બદલે 'ટેંકર રાજ'ની પરિસ્થિતિનું નિર્માણ થયું. પીવાના પાણીની સમસ્યા બે-ત્રણ દસકા પહેલા સમગ્ર ગુજરાતની અંદર ખૂબ વ્યાપક પ્રમાણમાં હતી. ખેતીની વાત તો પૂછવા જેવી નહોતી. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ખેતી ચોમાસાના આધાર ઉપર નિર્ભર રહેતી થઈ ગયેલી, સિંચાઈની કોઈ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવતી નહોતી ત્યારે સાધુ-સંતોએ એ વખતે કાર્ય કર્યુ, કાર્ય કરવાની આવશ્યકતા તે વખતે રાજ્ય સરકારની હતી એમના બદલે એવે વખતે પાણી બચાવવા માટે, પાણીનો સંગ્રહ કરી શકાય એ માટે આદરણીય પ્રમુખ સ્વામીએ ગામડાની અંદર કુવા રિચાર્જ કરવા માટે ૫૦૦૦ રૂપિયાનું અનુદાન આપવાની શરૂઆત આજથી ૨૦-૨૫ વર્ષ પહેલા કરેલી, કુવા રિચાર્જ કરે એને માટે પાંચ થેલી સિમેન્ટ આપતા હતા. એમને કુવા રિચાર્જ કરવા માટે ભૂંગળાની પણ સહાય કરતા હતા. એનાથી પણ આગળ આદરણીય પાંડુરંગ શાસ્ત્રીએ નિર્મળ નીરનો પ્રયોગ આપ્યો હતો. કારણ કે એવે વખતે આ પાણીની સમસ્યાના સંદર્ભમાં જે તે વખતે સરકારનું ધ્યાન ગયું નહિ. પરંતુ ગુજરાતના સાધુ-સંતો એ મહામાનવનું ધ્યાન ગયું હતું કે જો આ પાણીનો દુરુપયોગ કર્યા જ કરીશું, જમીનમાં દાર ઊંડા કરીને પાણી કાઢ્યા કરશું તો આ ધરતી ઉપર પાણીની સૌથી મોટી સમસ્યા ઊભી થવાની છે એને લક્ષમાં લઈને ભૂતકાળની અંદર આ મહામાનવોએ કામ કર્યુ હતું ત્યારે, આ વાતને ચરિતાર્થ કરવા માટે રાજ્ય સરકારે બીડું ઝડપ્યું હતું. સમગ્ર ગુજરાતની અંદર પાણી પુરવઠાની જોગવાઈના સંદર્ભમાં ચાલુ વર્ષમાં ૧૫૫૯ કરોડના પ્લાનને આગળ વધારીને, જે ગયા વર્ષે ૧૧૩૫ કરોડ સામે ૩૭ ટકા વધારા સાથે ૧૫૫૯ કરોડ રૂપિયા રાજ્ય સરકારે પાણી પુરવઠા માટે સમગ્ર રાજ્યની અંદર પીવાનું પાણી પૂરું પાડવાની કાયમી સમસ્યા દૂર થાય, સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાતના પીવાના પાણીની કાયમી સમસ્યાના દૂર થાય તેમજ પૂર્વપટ્ટીના આદિવાસી વિસ્તારોમાં પણ પીવાના પાણીની સુવિધા ઊભી કરવા માટે રાજ્ય સરકારે સુદૃઢ આયોજન કર્યુ છે, આના માટે સમગ્ર રાજ્યની અંદર એક પેયજળ વોટર ગ્રીડનું આયોજન કરીને ગુજરાતમાં નોંધાયેલા ૩૪,૮૪૫ ગામડાના ફળિયા વિસ્તારની અંદર પાણી પહોંચાડવાના પ્રયાસના ભાગરૂપે સરકાર ખૂબ આગળ વધી છે. ૯૪૬૨ ગામોમાં અંશતઃ પાણીની તંગી અનુભવતા હતા, ૧૬૬ ગામોમાં એમાં પીવાના પાણીની કોઈ વ્યવસ્થા નહતી, એવું કરીને કુલ ૯૬૨૮ ગામો એવા છે કે, જેમાં અત્યારે હજુ પાણી આજના દિવસે પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા છીએ એના ભાગરૂપે ૨૦૦૫-૦૬માં ૯૩૦ ગામ ફળિયામાં પાણી પહોંચાડવાની વ્યવસ્થાના કામો પૂર્ણ થયા છે, ૨૦૦૬-૦૭ની અંદર ૧૦૬૧ ગામોમાં પીવાનું પાણી પહોંચાડવાનું કાર્ય પૂર્ણ થયું છે અને સાથોસાથ વધારાના ગામડાઓને અને બાકીના ગામોમાં પણ સમગ્ર યોજનાને ત્રણ ભાગમાં વહેંચીને પાણી પહોંચાડવાનું અત્યારે કાર્ય ચાલી રહ્યું છે. આ સમગ્ર પે જળ વોટર ગ્રીડના સંદર્ભમાં, સરદાર સરોવર કેનાલ આધારિત પાણી પુરવઠા યોજના, સુજલામ સુફલામ પાણી પુરવઠા યોજના અને અન્ય પાણી પુરવઠા યોજનાઓ, માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ દાયકા પહેલાંની પરિસ્થિતિ એવી હતી કે, સમગ્ર ગુજરાતમાં માત્ર ગ્રામકક્ષાએ જુથ પાણી પુરવઠા યોજના હોય એવી નવ જૂથ પાણી પુરવઠાની યોજનાઓ હતી, આજના દિવસે ૨૯૮ ગામડાઓમાં ગ્રામ કક્ષાએ જુથ પાણી પુરવઠાની યોજના દ્વારા ગામડાના લોકોને પીવાનું પાણી આપવાની વ્યવસ્થા અત્યારે પૂર્ણ થયેલી છે. સાથે સાથે સરદાર સરોવર કેનાલ આધારિત ૫૨૬૪ ગામડાઓને નર્મદાનું પાણી સરદાર સરોવર યોજના આધારિત પહોંચાડવાનું આયોજન છે એમાં ૨૧૩૪ ગામોમાં આજના દિવસે પાણી પહોંચાડવાનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે અને ૧૨૧૭ ગામોની અંદર કામો આજના દિવસે પીવાનું પાણી પહોંચાડવાના કામો આજે પ્રગતિમાં છે.

સુજલામ સુફલામ યોજના, આખી ગ્રીડ બનાવી, સમગ્ર ગુજરાતનું કોઈ પણ ગામડું પીવાના પાણીથી વંચિત ન રહે એના માટે બીજા તબક્કામાં સુજલામ સુફલામ યોજનામાં કુલ ૪૯૦૪ ગામોમાં પાણી પહોંચાડવાનું આયોજન છે એમાં ૧૨૧૩ ગામોમાં આજના દિવસે પાણી પહોંચી ગયું છે અને ૧૬૨૮ ગામોમાં પાણી પહોંચાડવાનું કાર્ય આજના દિવસે પ્રગતિમાં છે આ સિવાય અન્ય કક્ષાની યોજના, બાજુમાં નજીકમાં કોઈ જળાશય હોય પૂરતું પાણી હોય એવા જળાશયોનો પાણીનો ઉપયોગ કરીને ગામડામાં પાણી પહોંચાડવા માટે જે અત્યારે આયોજન થઈ રહ્યું છે એમાં કુલ ૧૦૫૨૩ ગામડાઓને પાણી પૂરું પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે એમાં

૭૮૬૦ ગામડાઓમાં પાણી પુરવઠો આજના દિવસે ચાલુ થઈ ગયો છે, ૩૪૩૮ ગામોમાં પાણી પહોંચાડવાનું કાર્ય આજના દિવસે પ્રગતિમાં છે એમ કરીને રાજય સરકારનો નિર્ધાર છે કે, સમગ્ર પે જળ વોટર ગ્રીડ યોજનાના સંદર્ભમાં ૨૦૬૯૧ ગામોને આમાં સાંકળી લેવાના છે. એની સામે ૧૧૨૦૭ ગામોના લોકો આજે નર્મદાનું પાણી, વિવિધ જુથ પાણી પુરવઠાની યોજનાનું પાણી, સુજલામ સુફલામનું પાણી પીતા થઈ ગયા છે અને બાકીના ગામોમાં પણ ૬૨૭૬ ગામોમાં ભવિષ્યમાં આ પાણી પહોંચાડવાનું છે. આ દૃષ્ટિએ જે રાજય સરકારની યોજનાઓ બની છે એમાં નર્મદાના સંદર્ભમાં કહી શકાય કે આટલી મોટી વિશાળ નદીના પાણીનું જે વ્યવસ્થાપન આપણે જે અત્યારે કર્યુ છે એમાં પશ્ચિમ તરફ વહેતી સૌથી મોટી નદી ગુજરાતમાં નર્મદા છે, ભારતમાં એ પાંચમા ક્રમની નદી છે, આ નદી ઉપર અત્યારે જે બંધ બન્યો છે ૧૨૧.૨૯ મિટરનું જે જળાશયનું કાર્ય પૂરું થયું છે, આ ભાખરા નાંગલ પછી બીજા ક્રમનો ઊંચો, ભાખરા નાંગલ અને કેરાલામાં ઈટકી આ બે બંધો પછી બીજા ક્રમની સૌથી મોટો આ હિન્દુસ્તાનનો બંધ છે અને વિશ્વમાં પણ સૌથી વધારે એમાં જે કૉંક્રિટ વપરાઈ છે એમાં ૮૦ લાખ ઘન મિટર કૉંક્રિટનું કામ વિશ્વમાં અત્યારે અમૅરિકાના ગ્રાન્ટ કૂલી બંધમાં થયેલું છે એની સામે આપણા સરદાર સરોવર નર્મદા બંધમાં વિશ્વના બીજા ક્રમે ૬૮.૨૦ લાખ ઘન મિટર કૉંક્રિટનું કામ આ સરદાર સરોવર બંધ થવાનો છે એની પાછળ એ વપરાઈ છે, ૬૮.૮૦ લાખ ઘન મિટર કૉંક્રિટ વપરાવાનો અંદાજ છે અને ૩૧-૧૨-૦૬ની દૃષ્ટિએ જે કાર્ય પૂર્ણ થયું છે એના સંદર્ભમાં રાજય સરકારે એમાં કુલ જે જોગવાઈ કરી છે એમાં ૩૦૧૩ કરોડ રૂપિયા ચાલુ વર્ષે અંદાજપત્રમાં જેથી કરીને નર્મદાના વિકાસમાં કયાંય પણ કોઈ મુશ્કેલી ન થાય અને સમગ્ર વિસ્તારમાં નર્મદાનું પાણી સારી રીતે પહોંચી શકે
એમાં કેનાલનો વિકાસ સારી રીતે થઈ શકે. ૪૫૮ કી.મી.ની મુખ્ય નહેરમાં ૧૫ જિલ્લામાં ૭૫ તાલુકામાં ખેતીવાડી માટે પીવાનું પાણી પહોંચાડવાનું આયોજન છે. સાથેસાથે ૧૩૫ શહેરો, ૮૨૧૫ ગામડામાં આ યોજના દ્વારા પીવાનું પાણી પહોંચાડવાનું કાર્ય ખૂબ ગતિથી આગળ વધી રહ્યું છે. આ સાથે વજુભાઈ જે અંદાજપત્ર લઈને આવ્યા છે એને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ગુજરાત સરકારનું બારમું અને છેલ્લું બજૅટ લઈને આવ્યા છે. એમાં ગુજરાતના ગરીબોનું કે ખેડૂતોનું હિત દેખાતું નથી માટે હું સમર્થન કરતો નથી. બજૅટ બને છે ત્યારે અંદાજ કરવામાં આવે છે કે આ ઉદ્યોગમાંથી આટલો ટેકસ આવશે. આટલી આવક થશે અને સામે વિકાસ ઉધારવામાં આવે છે. આ હજારો, કરોડો રૂપિયા મોટા ઉદ્યોગપતિઓના બાકી છે એના હિસાબે બીજા વેરા વધારે લઈને અસમતુલા અને ગરીબો પર સીધી અસર થાય છે અને વેરો વધુ ભરવો પડે છે. ઉદ્યોગપતિઓના કરોડો રૂપિયા બાકી છે અને ખરેખર આમાં નકકી કરવું જોઈએ કે એમને જે આપવું હોય એ આપે પરંતુ ટેકસ ભરે. પહેલા ટેકસ પૂરેપૂરો દર વર્ષે ૩૧ માર્ચે સરકારમાં ભરી દેવો જોઈએ એવું પ્રોવિઝન કરવું જોઈએ

ગયા સત્રમાં ખેડૂતો માટે જી.ઈ.બી.માંથી ૧૩૫ની કલમ લાવ્યા કે ખેડૂત કોઈપણ બીલ ન ભરે તો એને કોર્ટમાં નહીં જવાનું. એમના અધિકારી કહે લાખ રૂપિયા દંડ, બે લાખ રૂપિયા દંડ સાબરમતી પોલીસ સ્ટેશન છે ત્યાં આવવાનું, ત્યાં જેલમાં પૂરવાનો. પોલીસને ૪૦૦૦ રૂપિયા અલગ ભરે તો જામીન મળે માટે વધઘટની વાત નહિ. આવો કાયદો લાવ્યા. પોલીસની ગાડી આતંકવાદીને પકડવા જાય એમ ખેડૂતો ત્યાં રેડ પાડવા ૫૦-૫૦નું લશ્કર લઈને જાય અને ઉદ્યોગપતિ જેના હજારો, કરોડો રૂપિયા બાકી છે એને માટે કશું જ નહીં. નોટિસ આપે જે રેવન્યુ રાહે ચાલે છે પણ ખેડૂતો જો ચોરી કરીને બે ચારા પાણી પાય છે, વીજળી બેંક બેલેન્સમાં તો નથી મૂકતો. વધારે ઉત્પાદન લેતો નથી. એમને વોલ્ટેજ ન આપે. એમની સ્કીમ કાઢીને ૧૦ એચ.પી.હોય તો કહે ૨૦ લઈ લો. ૨૫ હોય તો કહે ૪૦ લઈ લો. એચ.પી. પાવરના ભાવે બીલ લેવા માંડયુ ૮-૮ મહિના થઈ ગયા છતાં ટ્રાન્સફોર્મર આપી શકયા નથી. એની દશા એની એ જ છે. કારણકે ખેડૂતો અહીં સુધી પહોંચી શકતા નથી. ખેડૂત બધાને મળી શકતો નથી. આજે પણ એ જ દશા છે. એટલું જ નહીં પણ એક દોરડુ કેમ્બલ આપવાનું આવે છે. હજાર રૂપિયાની વસ્તુ છે. આપવા માટે જી.ઈ.બી. બંધાયેલી છે. છતાં કહે કેમ્બલ નથી. અહીંથી બહાર નીકળ નહીંતર કેસ કરીને જેલમાં પુરી લાખ રૂપિયાનો દંડ વસૂલ કરે. આ જાતનો ત્રાસ વરતાવવાવાળા છે. સન્માનનીય નાણામંત્રી બધું સમજે છે. ૧૨મુ બજેટ લાવ્યા છે જેમ તેમ અને પ્રદિપસિંહે કહ્યું કે અમારા નેતા સિનિયર નહોતા છતાં આગળ આવી ગયા પણ એમને યાદ નથી કે કેશુ બાપા આટલા સિનિયર હતા એમને વિધાનસભામાંથી આઉટ કરી દીધા. સન્માનનીય નાણામંત્રીશ્રીને પણ આઉટ કરવાના પ્રયત્નો કર્યા પણ બજેટ બનાવવામાં કોઈનું મગજ ન ચાલે તે પછી લાવવા પડયા. બાકી એમને પણ એવું જ કર્યું હતું પણ પાછા લાવ્યા ફરીથી કારણકે ગમે તેમ આંકડા સમજાવવા તો પડેને? એમના મગજથી બનાવવા દેતા નથી. એમનું મગજ એપ્રુવ કરવા દેતા નથી. બધું સરખું કરી આપે છે પણ વિચારધારા ઉમેરવા દેતા નથી.

ચૂંટણી સમયે કેટલા વચનો આપ્યા હતા. ગુજરાતની જનતાને એમણે કહ્યું હતું, ખેડૂતોને કહ્યું હતું કે તમારા મીટર નાબૂદ કરી દઈશું. કોંગ્રેસવાળા વીજળી ખાઈ જાય છે. ૧૪ કલાક વીજળી આપીશું. પૂરેપૂરા વોલ્ટેજ સાથે વીજળી આપીશું. ડી.પી. બળી જાય તો ચાર કલાકમાં જ, આજે ડી.પી.એક મહિને નથી મળતું. આ બધું

વેપારી ખેડૂતોને ખબર નહીં હોય કારણકે આ બધા વેપારી ખેડૂતો છે.ઓરિજનલ ખેતરના ખેડૂતને સાચી ખબર છે, એટલું જ નહિ વીજળીનું જોડાણ ૩ મહિનામાં આપી દઈશું. નવું જોડાણ આ લોકો ૫-૫ વર્ષે નથી આપતા. અમે ૩ વર્ષે આપી દઈશું. જે આર.એ.સી.નું જોડાણ હતું તે ૧૯૯૧-૯૨ પછી બંધ કર્યુ અને કોઈને આપ્યું નથી, પરંતુ સરકારે છાપામાં જાહેરાત આપી કે જેના બોર બનેલ હશે અને તત્કાલમાં માગણી કરશે એને જ જોડાણ આપવામાં આવશે. મારા જિલ્લાની અંદર ૩૫૦૦ બોર બનાવ્યા. એક બોરના ૬ લાખ રૂપિયા અને આ બોરમાંથી એક જોડાણ આપ્યું નથી. એમાં છાપાની જાહેરાતથી ખેડૂતે બોર કર્યા અને બોર કર્યા સિવાયની એપ્લીકેશન રદ કરી નાખી છતા કોઈ અસર નથી. થાય એ તો મળે છે. અમારી રીતે મળશે અને ખેડૂતો એક દીવો વધારે કરી નાખે તો બધા માથે ચડી બેસે અને હજાર રૂપિયાનો દંડ કરી નાખે છે. એ જ રીતે અત્યારે ૨૦૦૪-૦૫ વર્ષ આવ્યું છે, એથી એટલા બધા પૅકેજ ડિક્લેર કરવા માંડ્યા. શિક્ષિત બેરોજગારમાંથી એક પણ બેકાર નહિ રહે, એવું ચૂંટણી ઢંઢેરામાં કહ્યું હતું. કેટલા શિક્ષિત બેરોજગારોને નોકરી આપી? ખેડૂતો માટે વીજળીનો કયો પ્રશ્ન હલ કર્યો. ૮ કલાક વીજળી, પાણી તળિયામાંથી ખેંચાઈ ગયું. પાણી તળિયામાંથી ખેંચાઈ ગયું તો નર્મદાનું આપો. ક્યાં જવાના? એની પાસે બીજી રોજીરોટી, ધંધો નથી. ખેતી છે, ખેતમજૂર છે. એના માટે પાણી ખેંચાઈ ગયું તો તમે ૧૦ વર્ષથી શાસનમાં છો. ૧૫ વર્ષથી વરસાદ ન આવે એમાં એમનું પાપ ક્યાં છે. કોના પાપે છે? તમે સમજો. નર્મદાનું પાણી આપવાની તમારી જવાબદારી છે, માનનીય પટેલ સાહેબ નથી આપ્યું. આ નર્મદા, નર્મદા કરો, પણ તમે નર્મદામાં કામ કેટલું કર્યુ છે તે આંકડા આપો. અમે નર્મદાની અંદર આટલું પરિશ્રમ કર્યુ છે, આટલું કામ કર્યુ છે? વીજળીનાં કારખાનાં તમે નથી કર્યાં. તમે ઉદ્ઘાટન કર્યુ છે. નર્મદાની ૨૧ મીટરની લંબાઈ એ માત્ર સુપ્રીમ કોર્ટના સ્ટેથી નથી બની. બાકી તમે નથી બનાવી. તમામ નદીઓના મોટા મોટા ડેમ કર્યા છે. એક ડેમ કરવો એ સહેલી વાત નથી. જમીન એક્વાયર કરવી જેવી તેવી વાત નથી. તમામે તમામ ગુજરાતની નદીઓના મોટા કદના ડેમ બનાવ્યા છે. ખેત તલાવડીના આંકડા આપીએ છીએ. લાખ ખેતતલાવડી બની ગઈ. પેલો ડેમ બન્યો છે, તેની વાત કરી. તેના હિસાબે તમે ઉજળા છો, એની તમે વાત કરી શકો છો. એ તો કોંગ્રેસની દેણ છે ત્યારે મારા મિત્ર મોહનભાઈ વાત કરતા હતા. ઝાડ નીચે સ્કૂલો ચાલે છે અને આ બધા ઝાડ નીચે ભણેલા છે. થોડો વિચાર કરો. કોઈ પાંચ વર્ષની અંદર કહેતા હતા કે ફૉરેનમાં આટલા ભણવા જતા રહ્યા. ૫ વર્ષમાં ગ્રૅજ્યુએટ થઈને ફૉરેનમાં સીધા ભણવા જતા રહ્યા. આ કોણે કર્યુ છે. ઝાડના છાંયે બેઠા છીએ એ ઝાડ કોણે ઉછેર્યા છે? નહિ દેખાય? થપ થપાવવાનું. હજારો કરોડોની જાહેરાત કરવાની છે. માત્રને માત્ર અત્યારે ખેડૂત સમજી ગયો છે. ખેડૂતો ચેતી ગયા છે. ખેડૂતોની જાહેરાત નહિ કરે. બધે નજર ફેરવી સરવે કર્યો કે આ ગુજરાતની અંદર કયો વર્ગ છેતરાય તેમ છે? તો તપાસ કરો. એના માટે નિષ્ણાંત મૂક્યા. થોડા મિત્રો, અધિકારીઓ શરમના ગયા હશે. સરવે કર્યો. અત્યારે બીજું કોઈ નથી. આદિવાસી છેતરાય તેમ છે એ બરાબર સમજતા નથી, એટલે આદિવાસીઓને માટે ૧૫,૦૦૦ કરોડની જાહેરાત કરી. એ છેતરાશે, એટલું જ નહિ પણ બીજી યોજના દરિયાકાંઠે પાણીમાં રહે છે કે જેને દુનિયાની ખબર નથી, એને જોયા કે આ છેતરાય તેમ છે. સીધી એની જાહેરાત કરી. અગર ગરીબોનું ભલું કરવું હતું, માત્ર આદિવાસીઓનું ભલું કરવું હતું તો જે દિવસે સત્તાના શાસનમાં આવ્યા તે દિવસે ૧૫,૦૦૦ કરોડનું પૅકેજ રાહત જાહેર કરવું હતું અને અત્યારે કહેવું હતું કે અમે ૧૫,૦૦૦ કરોડનું પૅકેજ પૂરું કરીએ છીએ અને આદિવાસીઓનું ઉત્કર્ષ કરીએ છીએ તો બરોબર છે. ચૂંટણી આવી તો બધા પૅકેજ ચાલુ થઈ ગયા. ક્યાં ખર્ચવાના છે? ૪ મહિનામાં ચૂંટણી છે. લોકો ગુજરાતમાં સમજે છે તે અને ખેડૂતો બિલકુલ છાજિયા લે છે. ખેડૂતોની દશા શું છે તે જુઓ તો ખબર પડે. આજે તો ભાઈશ્રી જયંતિલાલે કહ્યું, ગોવાભાઈએ કહ્યું હતું વાત સાચી છે, એની જમીન કેટલી છે. ૨૦૦૦ એકર. ૨૦૦૦ એકરનો ખેડૂત ન કહેવાય એ વેપારી ખેડૂત કહેવાય અને આ સરકાર એવા ખેડૂતો માટે યોજના આપે છે, એને જ લાભ આપે છે, એનો જ સમાવેશ કરે છે. જયંતિભાઈ ક્યાં જતા રહ્યા? એની ૨૦૦૦ એકર જમીન છે. એને ૧ લાખ ૬૦ હજાર મણ મગફળી થાય છે. એ વેપારી ખેડૂત ન કહેવાય.

**સભાપતિશ્રી** : આપ પૂરું કરો. માનનીય વસુબેન ત્રિવેદી.

**પ્રો. વસુબેન ન. ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજપત્રની વાત કરું તે પહેલાં એક વાત કરવા માગું છું. રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાગરખેડું સર્વાંગી વિકાસ યોજનાનું પૅકેજ જે ૧૧ હજાર કરોડનું લાવ્યા છે તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીને હ્દયપૂર્વકના લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી પંડિત દિનદયાળજીએ આપેલી એક અલૌકિક વિચારધારાનો માનનીય મુખ્યમંત્રીશ્રીએ સાક્ષાત્કાર કરાવ્યો છે. સમાજ સેવાની પ્રબળ ઈચ્છાશકિતના દર્શન કરાવ્યા છે. ગોવાભાઈ જરા સ્પષ્ટતા કરી લઈએ મારી વાત કરું તે પહેલાં કે આ ચૂંટણીની વાત નથી કરી. ગોવાભાઈ તમે તો અભ્યાસું છો. અગિયારમી પંચવર્ષીય યોજના શરૂ થઈ છે અને તેમાં પ્રથમ વર્ષ માટે આ અગિયાર હજાર કરોડ રૂપિયાનું પૅકેજ આપ્યું છે નહીં કે ચૂંટણી માટે. આપ પણ કરી શકતા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈને હ્દયપૂર્વકના અભિનંદન આપું એટલા માટે કે બારમી વખત બજૅટ રજૂ કરી એક વિક્રમ સર્જ્યો છે. આ લોકો બારમું થવાની વાત કરતા હતા પણ પ્રભુ તેમને સો વર્ષ આપે તેવી પ્રાર્થના કરું છું. આમજનતાની ચિંતા કરીને કરવેરારહિત રાજય સરકારે પ્રગતિશીલ ૪૦૦ કરોડ

રૂપિયાની રાહતો સાથેનું પુરાંતવાળું બજેટ રજૂ કર્યુ છે એટલે ફરી ફરી અભિનંદન આપું છું. ચૂંટણીના વર્ષમાં લોભામણા દાવા આ રાજય સરકારે કયાંય કર્યા હોય તેવું લાગતું નથી. પરંતુ વાસ્તવિકતા પર આધારિત બજેટ આપ્યું છે. ગયા વર્ષે અધવચ્ચે પૂરક માગણીઓ મૂકવાની પરંપરા ભૂલીને લોકહિતના કામો માટે વધારાની ફાળવણી અને આ ફાળવણીની રકમ વાપરી શકાય તે હેતુથી ત્રણ મહિના એડવાન્સ નાણાં છૂટા કરવાની શરૂઆત કરી નાણા મંત્રીશ્રીએ એક નવું કદમ શરૂ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન એટલા માટે આપું છું કે તેમના નેતૃત્વમાં આર્થિક વિકાસ ક્ષેત્રે ગુજરાત હરણફાળ ભરી રહ્યું છે. વિકાસની નવી ક્ષિતિજો ખુલી છે. વાઈબ્રન્ટ ગુજરાતમાં વિશ્વભરના ઉદ્યોગગૃહો રોકાણ કરવા માટે આતુર બન્યા હતા. તે રાજય સરકારે પેદા કરેલો વિશ્વાસ દેશ-વિદેશના વેપારીઓ માટે છે તે બતાવે છે. ૪,૫૦,૦૦૦ કરોડ ઈન્ફ્રાસ્ટ્રકચર માટે અને ૧૨ હજાર કરોડ ઈન્ફરમેશન ટૅક્નોલૉજી માટે અને બે લાખ કરોડના અંદાજિત મૂડી રોકાણો માટેની ખાતરી સરકારને મળી છે. અર્થશાસ્ત્રીઓ અને નિષ્ણાતોના મતે મહેસૂલી ખાધ પુરાંતમાં પલટાવવા લાગી છે. સામાજિક સેવાઓમાં રાજય સરકાર વધારે નાણાં ફાળવવા સક્ષમ બની છે. વંચિતોના વિકાસને વરેલી આ સરકારે વાર્ષિક યોજનામાં આરોગ્ય, શિક્ષણ, પાણી, આવાસ, સમાજ કલ્યાણ અને મહિલા અને બાળ વિકાસ માટે ૨૦૦૬-૦૭માં રૂા.૬૨૬૫.૦૫ કરોડની માતબર રકમની ફાળવણી કરી છે. નવીન પર્વ કે લિયે નવીન પ્રાણ ચાહીયે. ગોવાભાઈ રાજય સરકારે ડિસેમ્બર-૨૦૦૨માં જનાદેશ મેળવ્યો હતો ત્યારથી મુખ્ય એજન્ડા આર્થિક વિકાસની ખાતરી આપવાનો આ રાજય સરકારનો રહ્યો છે. સુનિયોજિત આર્થિક વિકાસને વેગ આપવા માટે શ્રેણીબદ્ધ પગલાં ભર્યા છે. ફાઈનાન્શીયલ ડીસીપ્લીન લાવી શક્યા છીએ. તેના કારણે જ રાજયનો આર્થિક વિકાસદર સતત નિર્વિરોધપણે વધી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બધાને યાદ છે ગુજરાત ૮૦ થી ૯૦ના દશકામાં ભારતનું માનચેસ્ટર ગણાતા અમદાવાદમાં ૬૫ મિલો બંધ થઈ ગઈ છે. લાખો કામદારો બેકાર બન્યા હતા અને કેટલાએ તો આપઘાત કર્યા હતા. ભ્રષ્ટાચારે જાહેર જીવનને એટલી મુશ્કેલીમાં મૂક્યું હતું કે રોટી, કપડા, અને મકાન, રસ્તા, વીજળી, પાણી આ બધી જ સમસ્યાઓથી લોકો ત્રાહિમામ થઈ ગયા હતા. એ વખતે પ્રજાનો વિશ્વાસ અને આધાર સરકારે ગુમાવી દીધો હતો અને ઉદ્યોગપતિઓની સલામતી પણ રહી ન હતી, ત્યારે કોણ હતું? કોગ્રેસની સરકાર હતી એ કહેવાની જરૂર નથી, બારમુ અને વરસી એ બધું જ ત્યારે વહી ગયું હતું અને ગુજરાતમાં પ્રજાનો જનાદેશ ભાજપને મળ્યો હતો, આજે એ જ ગુજરાત છે, દૃશ્ય બદલાયા છે, સરકાર બદલાઈ ગઈ છે, ગુજરાત આપણું, મારું ગુજરાત, નિર્મળ અને ગૌરવશાળી ગુજરાત બન્યું છે, દુનિયાભરના ઉદ્યોગપતિઓ અહીંયા આવવા માટે આતુર છે એક શ્રેષ્ઠ વાતાવરણ તમામ ક્ષેત્રે ગુજરાતમાં બન્યું છે, માનનીય મુખ્ય મંત્રીશ્રીની પ્રાણવાન કાર્યશૈલીથી અને આ કાર્યક્ષમ માનનીય મંત્રીશ્રીઓની અને અમારા ધારાસભ્યશ્રીઓની ટીમથી ગુજરાતની દિશા અને દશા બંને બદલાઈ ગયા છે. ગુજરાત સરકારે આ અંદાજપત્રમાં પણ બતાવી આપ્યું છે કે વિકાસના તમામ કાર્યોને એક પર્વ સમાન ગણ્યું છે. વિકાસની સાથે આ ગૌરવશાળી સાંસ્કૃતિક ગુજરાતની વૈશ્વિક ઓળખ ઊભી કરી છે. આંતરરાષ્ટ્રિય પતંગોત્સવ થયો, એ કયાં થયો ? મારે મહાનગરપાલિકા ઉપર બોલવાનું છે એટલા માટે કહું છું. એ ઉત્સવ કયાં થયો? રીવર ફ્રંટ અમદાવાદમાં, અમદાવાદ શહેરના વિકાસમાં એક અનોખું નજરાણું બનવાનું છે. એ સ્થાન ઉપર ૧૮૫૭ થી સુભાષ શૌર્યગાથાની પ્રસ્તુતિ કરી કેમકે સ્વાતંત્ર્ય સંગ્રામનું આ દોઢસોમું વર્ષ પુરુ થતું હોવાથી આ ગુજરાતના સપૂતોએ જે શહીદી વહોરી હતી, કંઈકે બલિદાનો આપ્યાં હતાં, આ ઈતિહાસને ભૂલવવાના કેટલાક લોકોના પ્રયાસો સામે ક્રાંતિ ગુરુ શ્યામજી કૃષ્ણવર્માના અસ્થિ જીનીવાથી લાવીને વતન કચ્છમાં માંડવીમાં પ્રસ્થાપિત કર્યા, એ અનોખા શહીદને એક અનોખી શ્રદ્ધાંજલિ આપવાનું કામ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત વિકાસની કરવાની છે એટલા માટે કે ડૉકટર કિરણ પટેલને ગુજરાતનો ગરિમા એવોર્ડ આપ્યો, ૨૦૦૭નો, એક થોપરિયા એવું ગામ, એ ગામમાં ગામને સર્વાંગી વિકાસ આ ડૉકટર કિરણ પટેલે કર્યો અને ગુજરાતનું નામ વિદેશમાં બેસીને એણે રોશન કર્યુ, અનેક નગરોના વિકાસ માટે વિદેશમાં રહેતા જે લોકો છે એમને એક દિશા મળે એ દિશા સૂચન કરનાર ડોકટર કિરણ પટેલને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૭નો એવોર્ડ આપ્યો. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેવાનું તો ઘણુ મન થાય છે, કે બ્રિટિશ સામ્રાજ્યની સામે ગાંધીજીના નેતૃત્વને આજની પેઢી અને આપણે ઓળખીએ તેવા સુંદર પ્રયાસ લોકભાગીદારીથી બિરલા પરિવાર દ્વારા કરાવાયો, શાશ્વત ગાંધી, બધાએ ન જોયું હોય તો જોવા જજો, એવી માનનીય મુખ્ય મંત્રીશ્રીની લાગણી છે અને અમે બધા કહીએ છીએ. આ બધી વાતો એટલા માટે કરવી પડે છે કે, આ સરકારે ખૂબ વિકાસ કર્યો છે, દરેક ક્ષેત્રે વિકાસ કર્યો છે અને આ વિકાસને માનનારા ગુજરાતના નાગરિકોને અને યુવા પેઢી સત્ય, અહિંસા અને સાદગી જેવા વિચારોને આ પેઢી (અંતરાય ) માનનીય દોલતભાઈ, શાંતિથી સાંભળો, હું તો તમારી દીકરી જેવી છું. કંઈક નવું પ્રાપ્ત કરે નવી પેઢી એટલા માટે નગરોના વિકાસને પ્રાણ પૂરવાનું કામ આ સરકાર કરી રહી છે, સરકાર કોઈ અલગ કામ નથી કરતી, હું શિવખેરાની બુક વાંચતી હતી, અને એના પર આ લખેલું હતું, સરકાર કોઈ અલગ કામ નથી કરતી પણ દરેક કામ અનોખા આગવા અંદાજથી અલગ રીતે કરે છે અને એના પરિણામો અમને મળે છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના શહેરી વિકાસની આધુનિક ક્ષિતિજો જો લોકભાગીદારીથી કરવામાં આવી હોય તો આ પહેલ આ સરકારના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કરી છે અને અભૂતપૂર્વ પ્રતિસાદ એને મળ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, શહેરના વિકાસ માટે મહાનગરોના વિકાસમાં અમૃતધારા યોજના એટલે કે પીવાના પાણી માટેની યોજના, હરિયાળા નગરો માટેની નગર નંદનવન અને શ્રેષ્ઠત્તમ ઘન કચરાના નિકાલની વ્યવસ્થા ઊભી કરી, નિર્મળ ગુજરાત નિર્મળ નગરના આયોજન માટે ૯૮ કરોડ રૂપિયા આ અંદાજપત્રમાં ફાળવ્યા છે, ગુજરાતના અર્બન ડૅવલપમેન્ટ મિશન દ્વારા શહેરોની માળખાકીય સુવિધા માટે ૬૫૦ કરોડની જોગવાઈ આ અંદાજપત્રમાં કરવામાં આવી છે, એક ઐતિહાસિક નિર્ણય રાજય આપેલ ભંડોળ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને કુલ ભંડોળમાંથી વીસ ટકા ગરીબો માટે અનામત રાખેલ છે, હમણાં માનનીય સભ્યશ્રી ખૂબ જોર જોરથી બોલતા હતા, આ વીસ ટકા અનામત સરકારે રાખ્યું છે.

શહેરી ગરીબોને રોજગારીની વિપુલ તકો પૂરી પાડવા માટે ૧૧૬.૫ કરોડની જોગવાઈ કરી છે. બજૅટની વાત કૉન્ગ્રેસના મિત્રો કરતા હતા ત્યારે મને એમ થતું હતું કે "એક ધનવાન કી પુત્રવધૂને ગુજરાત કે નિર્ધનોકા દામન છોડ દીધા" મને એવું લાગે છે કે, આ ગરીબોનો કોઈ વિચાર કેંદ્રમાં થયો નથી. માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષોની નકારાત્મકતાની હદ તો જુઓ કે, જે વિકાસનો અહેસાસ પ્રજાને થાય છે એ પ્રતિનિધિઓને નથી થતો. મને કવિ કાગની કેટલીક પંકિતઓ યાદ આવે છે."પગડા ખોડાને ડુંગર માપવા, જીભ જૂઠ્ઠીને દેવા સાત. કંઠણા રૂધાણાને દરિયાના પાણી પીવા, પંડના લગાડયા પંડને પાપ" માનનીય અધ્યક્ષશ્રી, મને બહું દુઃખ થતું હતું કે આપણી સંસ્કૃતિ આશીર્વાદ અને શુભેચ્છાની છે. એકેય સભ્ય બાકી ન રહ્યાં અને વજુભાઈનું બારમું કરવાની વાત કરી પરંતુ હું વજુભાઈને કહું કે, "વાણી બગડી છે અને વ્યાધિ ઘેરી વળી, કયારેય ન સૂઝયા સવળા કામ" બારમું તો તમારું થઈ ગયું છે અને રહી ગયા છો તો એનોય રીસાઈ ગયો છે રામજી. ડિસૅમ્બરમાં વરસી થાય એની જુઓ રાહજી. "બીજા જણનું બગાડતા તારું બગડે આપો આપ, કોઈની તુજને ન ખતા લાગે તુને લાગ્યા તારા શ્રાપ.

**શ્રી દોલતરાય ના. દેસાઈ (વલસાડ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા જે અંદાજ પત્ર લઈને આવ્યા છે એને હું આવકાર આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને પૂજ્ય મહાત્મા ગાંધીજીએ જ્યારે સ્વરાજ મળ્યું ત્યારે એમણે ગ્રામ સ્વરાજની કલ્પના કરી હતી અને ગ્રામ સ્વરાજ એટલે ગ્રામ અર્થકારણ મજબૂત થાય અને ગ્રામ અર્થકારણ મજબૂત થાય તો દેશનું અર્થકારણ મજબૂત થાય એવી એમની માન્યતા હતી. એ માન્યતા ખરેખર કોઈએ જો અમલમાં મૂકી હોય તો એ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ભારતીય જનતા પાર્ટીની સરકારે મૂકી છે. આપ જાણો છો કે, કૃષિનું અર્થકારણ મજબૂત હોય તો દેશનું અર્થકારણ પણ મજબૂત થાય. એ અર્થકારણ મજબૂત કરવા માટે કૃષિ ક્ષેત્રે જે પગલાં લીધા છે કૃષિ વિભાગે એને તેઓ ભલે તમાશો કહેતા હોય, કૃષિ રથ અને કૃષિ મહોત્સવને લીધે જે પરિણામ આવ્યું છે એનો હું એક ખેડૂત તરીકે સાક્ષી છું. જે રીતે લેબ ટુ લૅન્ડ અને સોઈલ હેલ્થ કાર્ડ એ બંનેની શરૂઆત થઈ એમાં તજજ્ઞોએ ખેતરે ખેતરે ફરીને કઈ જાતનો પાક લેવો જોઈએ, કઈ જાતનું ખાતર નાંખવું જોઈએ, કઈ જાતની દવા વાપરવી જોઈએ એ જાતનું પહેલી વાર માર્ગદર્શન આપ્યું હોય તો આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યું છે. એ માર્ગદર્શનને કારણે આજે કૃષિનો જે વિકાસ થયો છે એ આપ સૌ જાણો છો કે, આજથી પાંચ વર્ષ પહેલા ૧૦ હજાર કરોડની ખેતીની આવક હતી એ આજે ૩૫ હજાર કરોડે પહોંચી છે. એટલે ખરી રીતે હું કહું છું એ રીતે ગ્રામ સ્વરાજની કલ્પના હતી ગાંધીજીની તો એને આબેહૂબ પરિણામ આપ્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યું છે. સોઈલ હેલ્થ કાર્ડ એ કેવો વિચાર છે? આપણે શરીરનું પરીક્ષણ કરાવીએ એ રીતે જમીનનું પરીક્ષણ કરીને કઈ જમીનમાં કયો પાક થઈ શકે એમ છે, કઈ દવા વાપરવી જોઈએ, કઈ જાતનું ખાતર નાંખવું જોઈએ એ જાતની સોઈલ હેલ્થ કાર્ડની યોજના મૂકી હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે મૂકી છે.

હમણા બે જાહેરાત થઈ આ ગૃહમાં, એમાં પહેલી જાહેરાત આદિવાસીઓના વિકાસ માટેની ૧૫ હજાર કરોડના પૅકેજની કરવામાં આવી અને આજે બીજી જાહેરાત કરવામાં આવી એ દરિયા કિનારે રહેતા જે માછીમાર ભાઈઓ, સાગરખેડું ભાઈઓ અને બીજી ઈત્તર જાતિના લોકો છે એના ઉત્થાન માટેની જાહેરાત કરી છે એના માટે વિશેષ આનંદ અનુભવું છું અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કારણ કે, હું જે જિલ્લામાંથી આવું છું એ આદિવાસી અને દરિયા કિનારાથી ઘેરાયેલો જિલ્લો છે, એની કાળજી કોઈએ લીધી હોય તો એ પ્રથમ વખત આ ભારતીય જનતા પાર્ટીની સરકારના વહીવટમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અને માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ લીધી છે. એટલે મારે બીજું વિશેષ કહેવાનું નથી.

પ્રશિક્ષિણ ક્ષેત્રે ઘણું કહેવાનું છે જુઓ તમે તો ઘણાં લોકો એમ કહે કન્યા કેળવણી, કન્યા રથ અરે, કન્યા કેળવણી, કન્યા રથમાં તમે કોઈએ પણ કાળજી કરી નહીં એવી મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી છે. ઉંમરગામ તાલુકાનું ઉંડાણનું ગામ કે જ્યાં સાત ટકા સ્ત્રી કેળવણી સ્કૂલમાં હતી તે સ્કૂલમાં જઈને સ્ત્રી કેળવણીના પ્રચાર માટે પોતે જઈને, પ્રોત્સાહિત કરીને આજે કેળવણીનું સ્તર સ્ત્રીનું ઉંચુ લાવવા માટે જો કોઈએ મહત્ત્વનો ફાળો આપ્યો હોય તો મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સૂઝે આપ્યો છે. આ જ રીતે પ્રવેશ મહોત્સવો કહો. પ્રવેશ મહોત્સવના

પરિણામે જે પરિણામો આવ્યા છે તે એવા પરિણામો આવ્યા છે કે જે લોકો પ્રવેશ વખતે કેટલાક લોકો ભણતર છોડીને ચાલી ગયેલા આદિવાસીઓના છોકરાઓ આજે ભણવા લાગ્યા છે. આજે તેનું સ્તર ઉંચુ આવ્યું છે. તેના પર્સન્ટેજ આજે ઓછાં થઈ ગયા છે. એટલે મારો કહેવાનો ભાવાર્થ એ છે કે વિવિધ ક્ષેત્રે આ વીજળી માટે ગોવાભાઈ જે બોલતા હતા બહુ જબરજસ્ત બોલતા હતા. ઘણી વખત એવું છે કે, જુઠ્ઠી વાત જો સાચી ઠેરવવી હોય તો જુસ્સામાં અને મોટેથી બોલવું પડે. એટલે એકે એક વાત તેમણે જે કરી છે, તેમણે જે વિચારો કહ્યાં છે મારું પોતાનું મંતવ્ય એવું છે કે એમાં જે ધારાસભ્યની જે સક્રિયતા હોવી જોઈએ તે ધારાસભ્યની સક્રિયતા ના હોવાને કારણે મને લાગે છે જે પરિણામો તેણે તેના વિસ્તારમાં ભોગવ્યા છે વીજળીના કે તે, તે તેમની સક્રિયતા નથી તેમ હું માનું છું.

અમારે ત્યાં એક પણ એવો દાખલો નથી કે ધારાસભ્ય જો સક્રિય હોય તો એકે એક વસ્તુનો નિકાલ ત્યાં અને ત્યાં થઈ શકે છે એવું મેં જોયું છે. મારે ત્યાં આ વીજળીનો પ્રશ્ન હતો. રાત્રેના જ વીજળી મળતી હતી ખેડૂતોને. મેં એક જ ફોન કર્યો હતો સૌરભભાઈને કે રાત્રેના તો નહીં થઈ શકે. તમે દિવસના વીજળીનું કરો કારણકે આ વાત બરાબર નહીં. તમે માનો નહીં પણ તાત્કાલિક અસરથી વીજળી બીજા જ દિવસે મળવાની ચાલુ થઈ ગઈ. આવા તો અનેક દાખલા છે વીજળીના. એટલે કહેવાનો મારો ભાવાર્થ એ છે કે, જે રીતે આ બજેટ સર્વાંગી વિકાસનું બજેટ હું તો માનું છું અને આ સર્વાંગી વિકાસનું બજેટ લાવવા બદલ હું ખરેખર વજુભાઈને અભિનંદન આપું છું. મને બોલવામાં મુશ્કેલી છે કારણકે ઉંમરની વાત નથી. હું Mysthenia Gravis affected છું. હું અમિતાભ બચ્ચન છું અને Mysthenia Gravis થી હું પીડાતો હોવાથી કેટલીકવાર મારાથી બોલી શકાતું નથી અને અર્થ કદાચ જુદો થઈ શકે તેમ થાય એટલે પહેલાં મેં ના પાડેલી કે મારે બોલવું નથી. પણ મને એમ લાગ્યું કે સામે પક્ષે મારા જૂના કૂળના સાહેબ, હું જૂના કૂળનો છું તે લોકોનો અને જૂના કૂળના લોકો, મારા કુટુંબીજનો જે રીતે મૂલવી રહ્યાં છે અહીં આ બજેટને ત્યારે મને એમ લાગે છે કે જે તેમણે કરવું જોઈતું હતું ગરીબોના હામી તરીકે તે કરી શકયા નથી. તે તેમની હૈયાવરાળ જ છે. તે સિવાય હું કશું જોતો નથી અને એટલે આજે મારે બોલવાનું કામ એટલું જ હતું કે મારા કુટુંબીજનો છે તેને એટલી જ શીખ આપવી છે કે તમે આત્મ વિશ્વાસ કેળવો અને જો તે કેળવશો તો તેમાંથી એક રોગ પણ પેદા થાય છે. એટલે મારે ત્યાં વલસાડમાં હમણાં આત્મ વિશ્વાસ નામની એક સંસ્થા દાક્તરી સેવા માટે આપી છે. મને લાગે છે કે તેમાં જો એડમિશન લેવાય તો મારી લાગવગ ત્યાં ચાલશે કારણકે આત્મ વિશ્વાસ જો તમે કેળવશો તો જ તમે આવતા દિવસોમાં જે કોઈ પરિણામ તમે ધારતા હો તે મેળવી શકવાના છો. નહીંતર મેળવી શકવાના નથી નથી અને નથી. કારણકે હતાશા સિવાય મેં કંઈ જોયું નથી. આજે છેલ્લાં ઘણાં દિવસોથી હું જોઉં છું ગઈકાલે પ્રશ્નોત્તરીમાં ભાગ ના લીધો જોકે સ્પીકર સાહેબનું કામ છે તે મારે નહીં કહેવું જોઈએ પણ જ્યારે પ્રશ્નોત્તરીમાં ભાગ ના લીધો તેમાં ભાગ ના લેવાના કયા કારણો છે તે તમને પ્રજા પૂછવાની છે. પ્રજા જો આપણને અહીંયા મોકલે છે. પ્રજાના પ્રતિનિધિ તે પ્રજાના સવાલોના ઉકેલ માટે મોકલે છે અને એટલે પ્રશ્નોત્તરીનો સમય એક કલાક રાખવામાં આવે છે અને તે પ્રશ્નોત્તરી તમે ના કરી. તમે તેનો બહિષ્કાર કર્યો અને પ્રશ્નોત્તરીના વિવાદમાં સવા કલાક સુધી આમ પ્રશ્ન નહીં પુછાયો અને તેમ કરીને સવા કલાક લીધો. મેં ત્યારે જ સાહેબ એક વાત કરેલી કે તેમની પાસેથી પહેલાં બાંહેધરી લેવી જોઈતી હતી કે હવે પછી પ્રશ્નમાં ભાગ લેવા માટે આ પોઈન્ટ ઓફ ઓર્ડર અને તે ચલાવવું જોઈતું હતું એટલે મારી દ્રષ્ટિએ એ ડેમોક્રસી નથી તે ડેમોક્રસીને લાયક માણસ તે ડેમોક્રસી લાગવાનું અને ઓટોક્રસી અટકાવવી પડે કારણકે તમે પ્રશ્નોત્તરીમાં ભાગ નહીં લેવાના હોય અને તે પ્રશ્નોત્તરીમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી ઉઠાવીને સવા કલાક આ વિધાનભાસનો બગાડવાનો હોય તો તેના જેટલું કોઈ પણ કુકર્મ કામ નથી. મારે આમાં વધારે કહેવું નથી કારણકે તે સ્પીકર સાહેબના પર્યાયમાં આવે છે. પણ મારે એટલું જ કહેવું છે કે આમાં બજેટમાં એકે એક વસ્તુ વિસ્તારપૂર્વક કહી શકાય તેમ નથી અને આ બજેટ મેં તો જોયું છે કે આજે હું ૨૨ વર્ષથી બજેટ જોઈ રહ્યો છું. સાહેબ, આ ૨૨મું વર્ષ છે. બજેટ સાંભળવાનું. અને ૨૨ વર્ષથી હું ભાગ લેતો આવ્યો છું. તેમાં ઉત્તમ પ્રકારનું બજેટ આ વર્ષે મેં જોયું છે.

હું ચોકકસ વિશ્વાસપૂર્વક કહું છું કે આ બજેટનું પરિણામ આવવાનું છે, એમાં ૨૩ મા વર્ષે વજુભાઈ વાળાને આ જ સભાગૃહમાં બજેટ પેશ કરતા હું જોવાનો છું. એમાં શંકાને સ્થાન નથી. મને તક આપવામાં આવી એ બદલ માનનીય દંડકશ્રીનો અને આપનો આભાર માનું છું. આ બજેટને આવકારીને માનનીય વજુભાઈ વાળા, મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને આ સરકારના એકે એક મંત્રીશ્રીને અભિનંદન આપીને વિરમું છું.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહની અંદર માનનીય નાણામંત્રીશ્રી જે ૧૨મી વખત બજેટ લઈને ગુજરાતના સર્વાંગી વિકાસ માટે આવ્યા છે, તેને હું સમર્થન આપું છું અને તે અંગે મારા વિચારો વ્યકત કરવા માટે આ ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કહેવામાં આવે છે કે ખેડ, ખાતર અને પાણી. સમૃદ્ધિને લાવે તાણી. ગુજરાતમાં ખેતીનો વિકાસ કરવા માટે રાજય સરકાર ખૂબ જ ચિંતિત છે અને આ વર્ષના બજેટમાં એ દેખાઈ આવે છે. કે માનનીય નાણામંત્રીશ્રીએ એમની ૬૭૫ કરોડ જેટલી પૂરક માગણી સિંચાઈની વ્યવસ્થા માટે આગલા બજેટમાં જે ખર્ચ થયો છે, એમાં પૂરક માગણી લઈને આવ્યા અને આ ગૃહે એને માન્ય રાખી. માનનીય ગોવાભાઈ એમના

પ્રવચનમાં કહેતા હતા કે નર્મદા યોજનામાં તમે શું કર્યુ છે એના આંકડા આપો. હું એ આંકડા રજૂ કરીશ. નર્મદા યોજના આજે બાંધકામની જે ૧૨૨.૯૨ મીટરે સંપુર્ણપણે પૂરી થઈ ગઈ છે. આજ સુધીમાં ૫૭૮૮ કરોડનો આ ડેમના બાંધકામ માટે ખર્ચ કરવામાં આવ્યો છે. ૧૦ હજાર કરોડ નર્મદાની કેનાલના વિકાસ માટે ખર્ચવામાં આવ્યા અને આ વર્ષના બજેટમાં વધુ કેનાલો ઝડપી બને એ માટે ૩૦૧૩ કરોડ રૂપિયાની માતબર રકમનું આ બજેટમાં આયોજન કર્યુ છે.

એ જ રીતે જે બજેટ લઈને આવ્યા છે, અત્યારસુધી જે કોઈ બજેટ રજૂ થયા એ ખાદ્યવાળા બજેટ રજૂ થયા છે. છેલ્લા ૨ વર્ષના બજેટ આપણે જોઈ શકીએ છીએ કે કોઈપણ પ્રકારના કરવેરા નાંખ્યા વગર ૩૦૦, ૩૦૦ કરોડ જેવો કરવેરાનો ઘટાડો કરીને આ વર્ષે ૧૫૩ કરોડની પુરાંતવાળું બજેટ રજૂ કર્યુ છે. હું એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ પુરાંત કયા કારણોસર ઉદ્‌ભવી એ આપણે સૌ જાણીએ છીએ. રાજયનો જે રીતે કરકસરયુકત વહીવટ ચાલી રહ્યો છે, એને કારણે આ પુરાંત રહેવા પામી છે. એ રીતે આ રાજય સરકાર વિકાસ પાછળ આ બધા નાણાનો ઉપયોગ કરી રહી છે.

ગુજરાતની અંદર વર્ષોથી અછતનો સામનો કરતી ગુજરાતની આ પ્રજા. આ વર્ષે ખેતી પાછળ બજેટની જે જોગવાઈ છે, સિંચાઈ માટેની, એ ૧૫૦૦ કરોડ રૂપિયા ઉપરાંતની છે. એને કારણે જયારે વિકાસ થશે ત્યારે આપણી આ ત્રીજી પેઢીના બાળકો અછત શું છે, પાણીની અછત શું છે, ઘાસની અછત શું છે, દુષ્કાળ શું કહી શકાય, એના માટેના કાલ્પનિક ચિત્રો જ એમની પાસે હશે. એટલા માટે કે ગુજરાતની અંદરથી સંપુર્ણપણે દુષ્કાળ, અછત અને પાણીની અછતને આપણે જે ભોગવી હતી તે દૂર થઈ રહી છે. ખાસ સૌરાષ્ટ્રની પ્રજાની જે યાતના હતી, એ યાતના આજે દૂર થઈ છે. જયારથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું છે, ત્યારથી આપણે આ પરિસ્થિતિ જોઈ છે. ત્યારથી આપણે જોઈ શકીએ છીએ કે અનેક વિસ્તારોમાં શહેરમાં અને ગામડાંમાં પાઈપલાઈનથી પાણી લિફટ કરીને આજે ગામેગામ પાણી પહોંચાડવામાં આવ્યું છે. મને આજે વિશેષ આનંદ એ વાતનો છે કે સૌરાષ્ટ્રમાં નર્મદાનું વધારાનું પાણી જે ઓવરફ્લો થવાનું છે એ એક મિલિયન એકર ફીટ પાણી સૌરાષ્ટ્ર અને કચ્છને મળવાનું છે અને એના આયોજનનો રિપોર્ટ તૈયાર કરીને રાજય સરકારે એના માટેના જે હુકમો કર્યા છે એના માટે હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું કારણ કે અમે પાણીની અછતનો સામનો કરી ચૂકયા છીએ. સૌરાષ્ટ્રમાં ખાસ કરીને સુરેન્દ્રનગર જિલ્લામાં સુજલામ્ સુફલામ યોજનામાં ૧૭ નદીઓ ઉપર ૧૦૭ બંધ બાંધવાનું જે આયોજન હતું અને એમાંથી ૭૧ જેટલા ડેમ તો બંધાઈ ગયા છે. સુરેન્દ્રનગર જિલ્લો એ સમગ્ર પછાત જિલ્લો કહી શકાય એ પછાત જિલ્લાની ઉન્નત્તિ થવાની છે એની કલ્પના કરવી એ મારા કોંગ્રેસના મિત્રો માટે અશકય છે.

માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર એમ કહેવામાં આવે છે કે આ બારમું છે, બારમું છે. તો હું એમ કહું છું કે આ બારમું બજેટ ગુજરાતના વિકાસની કલ્પના કરીને માનનીય નાણામંત્રીશ્રીએ એમનું આ બારમું બજેટ રજૂ કર્યુ છે નહીં કે કોઈનું બારમું કરવાની વાત છે. એની મેળે તમે માથે બારમું ઓઢી લો તો એ વાત જુદી છે, પરંતુ ગુજરાતનો વિકાસ આ બજેટ દ્વારા એટલો બધો થવાનો છે કે જેના કારણે કોંગ્રેસ પક્ષ નેસ્તનાબૂદ થઈ જાય તો એમાં કોને દોષ આપવો? એમના ૪૦ વર્ષના શાસન દરમ્યાન જે ના કરી શકયા એ ભારતીય જનતા પાર્ટીની સરકાર જયારે સત્તા ઉપર આવી ત્યારથી ક્રમશઃ વિકાસ થઈ રહયો છે અને આજે આપણે જોઈએ તો માનનીય નરેન્દ્રભાઈની આગેવાની નીચે આજે વિકાસના ચોગ્ગા અને છકકા વાગી રહ્યા છે ત્યારે ગુજરાતના ભાવિ વિકાસની એ કલ્પના કરે તો ખ્યાલ આવી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે લોકશાહીમાં હું ઈચ્છું છું કે કોઈનું પણ બારમું કરવાનું નથી. લોકશાહીનો વિકાસ કરવો હોય તો સબળ વિરોધપક્ષ રહે એમાં અમને લેશમાત્ર પણ વાંધો હોઈ શકે નહીં, પરંતુ માત્ર નકારાત્મક અભિગમ અને એ અભિગમને સાથે ગમે તેટલાં વિકાસનાં કામ થાય તો પણ નથી, નથી ને નથી એવી વાત લઈને આવે છે ત્યારે મારે દુઃખ સાથે કહેવું જોઈએ કે વિરોધ જરૂર કરવો જોઈએ, પરંતુ જે કામો સારાં થયાં હોય એના માટે પણ બે શબ્દો પણ કહેવા જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈની બાબતમાં વાત કરું તો કલ્પસર યોજનાની જે વાત છે, નર્મદાનું પાણી માત્ર સુરેન્દ્રનગર, બોટાદનાં ગામડાંને અને મોરબી તાલુકાને માત્ર ગ્રેવિટીથી મળી શકે. આ સરકાર સૌરાષ્ટ્રના બાકીનો પાણી માટે વંચિત રહેતો વિસ્તાર એને પણ સિંચાઈની સગવડ પ્રાપ્ત થાય એના માટે કલ્પસર યોજનાનું જે આયોજન છે એ કલ્પસર યોજનાના આયોજન પાછળ જે એનો ફિઝિબિલિટી રિપોર્ટ આવવાનો હતો એ આવી ગયો છે અને અત્યારસુધીમાં એના માટે ૨૫ કરોડ રૂપિયા જેવી માતબર રકમનો ખર્ચ કરીને આપણું જે લક્ષ્ય ૨૦૧૮ માં આ કલ્પસર યોજનાનું કામ પૂરું થાય એ માટેનું જે આયોજન છે એને પણ આપણે આગળ ધપાવી રહયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એની સાથોસાથ હું શહેરમાંથી ચૂંટાઈને આવતો ધારાસભ્ય છું અને અત્યારસુધીમાં મેં જે વાત કરી એ ખેડૂતો માટેની અને સિંચાઈ માટેની કરી છે. આ રાજય સરકાર શહેરોના વિકાસ માટે પણ ખૂબ જ ચિંતા સેવી રહી છે અને શહેરોના વિકાસ માટે ૧૧૦૦ કરોડ રૂપિયા જેવી માતબર રકમ આ વર્ષના બજેટમાં ફાળવી છે. અત્યારસુધી આપણે ગામડાં અને શહેર અને તેનાથી નાનાં ગામડાં જે છે.....(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય ટપુભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય દોલતભાઈ આપ પ્રવચન ચાલુ કરો.

**શ્રી દોલતભાઈ પરમાર (વડગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી, આદરણીય વજુભાઈ વાળા સાહેબ આ સન્માનનીય ગૃહ સમક્ષ જે બજૅટ લઈને આવ્યા છે તે બજૅટને હું આવકારી શકતો નથી, મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આ બજૅટને હું આવકારી શકતો નથી. માનનીય નાણા મંત્રીશ્રી વિચક્ષણ છે, રાજનીતિજ્ઞ છે, ચાણક્ય છે, સમાજ માટે પ્રતિબદ્ધ છે, પરંતુ આ બજૅટમાં એવું હીર કયાંય જણાતું નથી. બારમી વાર આ બજૅટ રજૂ કરે છે ત્યારે પ્રજાની લાગણી, પ્રજાની ભાવના અને પ્રજાની આકાંક્ષા ન સમજી શકે તે મારા માટે યક્ષ પ્રશ્ન બની રહ્યો છે અને મને મૂંઝવી રહ્યો છે કે માનનીય નાણા મંત્રીશ્રીની શું મજબૂરી હશે કે પોતે પોતાનું હીર બતાવી શકતા નથી. સારા બજૅટકારના ધ્યાનમાં કેન્દ્રમાં 'આમ' આદમી કે 'ખાસ' આદમી હોવો જોઈએ. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, અહીં તો 'આમ' અને 'ખાસ' તો ઠીક, પણ આદમી, માનવી જ કેન્દ્રમાં નથી. જાહેર વહીવટ એ લોકો માટે છે, નહીં કે લોકો વહીવટ માટે.

બજૅટમાં ડગલે અને પગલે વંચિતોની વાત કરવામાં આવી છે, અને રૂપકડાં નામો આપીને જનતાને ભમતી રાખવાનો આ સરકારનો કરિશ્મા દાદ માગી લે તેવો છે. વંચિતોની વાત કરતી સરકાર માત્ર ડોળ કરે છે. બજૅટમાં જુદી જુદી યોજનાઓના જે નામો આપ્યા છે તે વખાણવા પાત્ર છે. પરંતુ જનતાને છાશવારે સરકારના ગપગોળાનો બેઠો માર સહન કરવો પડે છે. તેની જાણ હોવા છતાં પણ પ્રજાની ક્રૂર મજાક કરવામાંથી આ સરકાર નવરી થતી નથી. હું એ જાણવા માગું છું કે વૈભવી વાવના બદલે વાળા વાવ કે મોદી વાવ હોય તો તેથી પ્રજાને શું ફરક પડે છે? માનનીય અધ્યક્ષશ્રી, ખાસ અંગભૂત યોજના, સ્પેશિયલ કોમ્પોનન્ટ પ્લાન- હવે અનુસૂચિત જાતિ પેટાયોજના હેઠળ, પીવાના પાણી માટેની જે યોજનાઓ મંજૂર કરવામાં આવે છે તે જે તે ગ્રામ પંચાયત કે દલિતો પાસેથી દસ ટકા લોકફાળો લઈને કરવામાં આવે છે. કેટલીક ગ્રામ પંચાયતોની આડોડાઈને કારણે તેમજ આ દલિતો-વંચિતો લોકફાળો ભરવા અસમર્થ હોઈ આવી યોજનાઓ થઈ શકતી નથી. અને વંચિતો પીવાના પાણીથી વંચિત રહેવા પામ્યા છે. છેલ્લા બે વર્ષથી જિલ્લા કક્ષાએ તેમજ રાજય કક્ષાએ અનેકવાર રજૂઆતો કરવા છતાં ગરીબ વિરોધી આ સરકારના પેટનું પાણી પણ હાલતું નથી. પંડિત દિનદયાળજીની લૂખી વાતો કરતી આ સરકાર બક્ષીપંચના લોકો, ઓ.બી.સી.ને આવાસ યોજના હેઠળ ઘર બાંધી આપવામાં નિષ્ફળ ગઈ છે. પંડિત દિન દયાળજીના નામ સાથે શોભતી વાજબી ભાવની દુકાનોએથી વંચિતોને જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ ઉપલબ્ધ થતી નથી. બી.પી.એલ.ના લાભાર્થીઓ તો ભારે દુ:ખી થયા છે. પણ ગરીબોની બેલી આ સરકારે એ.પી.એલ.ના લાભાર્થીઓને મળતું અનાજ અને જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ સદંતર બંધ કરી દીધી છે. વંચિતોની વાત કરવી અને માલેતુજારોના ઘર ભરવા, એ આ સરકારની ખાસ હથોટી છે, અને એમાં કુશળતાની કદર કરીને મોદી સાહેબને ખાસ એવોર્ડ આપવો જોઈએ. માત્ર પૈસા પડાવવાના હેતુથી છાશવારે ને છાશવારે ખેડૂતો ઉપર આડેધડ રેડ પાડીને ખેડૂતો જ ચોર છે એવી માંદલી મનોદશાના કારણે ખેડૂતોને જાણી બૂઝીને પરેશાન કરવામાં આવે છે. લૂંટારુંઓ તો પૈસાદારોને ત્યાં જ ધાડ પાડે છે. પરંતુ આ ખેડૂત વિરોધી સરકાર તો ગરીબ હોય કે નિર્દોષ, એ જોયા વગર આડેધડ ધાડ પાડે છે અને ખેડૂતોને ભારે દંડ ફટકારી અને નિયમોના ઓઠા હેઠળ ખેડૂતોને લૂંટે છે.

**અધ્યક્ષશ્રી** : કોઈકે સારું લખી આપ્યું છે.

**શ્રી દોલતભાઈ પરમાર** : મને એવું ન કહેશો સાહેબ, મેં જાતે અહીં બેસીને લખ્યું છે.

**અધ્યક્ષશ્રી** : વેરી ગુડ

**શ્રી દોલતભાઈ પરમાર** : અને એટલા માટે તુલસીદાસજીએ કહ્યું છે કે-

તુલસી હાય ગરીબકી, કભી ન ખાલી જાયે.
મૂએ ઢોર કે ચામ સે, લોહા ભસ્મ હો જાયે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું પડશે કે આ સરકારની એકેએક ક્રુરતા ભરી પડી જોવા મળે છે. ફાસીઝમની સાથે સેડીઝમનો ચીકનગુનીયા આ સરકારને લાગુ પડ્યો છે. આ સરકાર સેડીસ્ટ છે એ મારે કહેવું પડશે. કારણ કે તેને (સમયસૂચક ઘંટડી) અન્યને વિકૃત કરીને હેરાન પરેશાન કરીને આનંદ મેળવવો એ સેડીસ્ટ છે અને એટલા માટે -

સીર્ફ સામના ન કરના હમારા મકસદ નહીં હૈ...

**અધ્યક્ષશ્રી** : માનનીય ફળદુ, તમે શરૂ કરો.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારી બે વાત રજૂ કરું તેના પહેલાં આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીને એ વાતના અભિનંદન આપવા માગું છું કે આ ગુજરાતના સાગરકાંઠા ઉપર વસનારો આપણો ગરીબ ભાઈ, સાગરખેડુ ભાઈ, તેના જીવનની દિશા બદલનારું આ ૧૧,૦૦૦ કરોડનું ક્રાંતિકારી પૅકૅજ લઈને તેઓશ્રી આ હાઉસ સમક્ષ આવ્યા તેને ખરેખર જામનગર જિલ્લાની જનતા વતી હૃદયપૂર્વક અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા ૨૦૦૭-૦૮નું અંદાજપત્ર આ ગૃહ સમક્ષ લઈને આવ્યા છે તેને હું મારું હૃદયપૂર્વક સમર્થન કરવા અને આપશ્રીની અનુમતિથી તેના અંગે મારા વિચારો વ્યક્ત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજૅટમાં સામાન્ય માણસને આશાની નવી દિશાના દર્શન થાય છે. આ બજૅટમાં સમાજના પ્રત્યેક વર્ગોની અપેક્ષાઓની અહીં પૂર્તિ થવાની છે. આ બજૅટમાં છેક તળિયાની રેખા ઉપર વસનારા ગુજરાતી ભાઈથી લઈને સમાજના ઉચ્ચ સ્થાનો સુધી પહોંચેલા માનવીને આ બજૅટની અસરો પોતપોતાના ક્ષેત્ર પ્રમાણે થવાની છે. આ બજૅટનું કદ ઉત્તરોત્તર ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યારથી ગુજરાતના રાજકારણમાં સત્તા સ્થાને આવી છે ત્યારથી વધતું જ રહ્યું છે. ગુજરાતની વિકાસની ઝંખના છે, ગુજરાતના આમ આદમીને વિકાસ પામવા માટેની અપેક્ષાઓની પરિપૂર્તતા કરવા માટે થઈને ગુજરાતની જનતાની નાડ છે, તેની તાસીર છે તે તાસીરને પામી જઈને ભૂતકાળના શાસકો અમારા સાથી કોંગ્રેસના ભાઈઓ આ શાસનમાં હતા અને પ્રજાની જે વિકાસ માટેની અપેક્ષાઓ હતી, જે ઝંખના હતી તે પ્રકારની શાસનની વ્યવસ્થાઓ તેમને પ્રાપ્ત થવી જોઈએ તે વ્યવસ્થાઓ તેમના દ્વારા ન થવાને કારણે, અમે તો વર્ષો સુધી વિરોધપક્ષમાં રહ્યા છીએ અને વર્ષો સુધી વિરોધપક્ષમાં રહીને પ્રજાની શું યાતના છે, પ્રજાની શું પીડા છે, પ્રજાના શું દર્દ છે, પ્રજાને શું જોઈએ છે એ ખૂબ વર્ષો સુધી અનુભવ્યું છે. પરંતુ આ લોકો વર્ષો સુધી શાસનમાં બેઠાં. માત્ર નીજી ભોગવટા માટે માત્ર શાસનનો ઉપયોગ કર્યો, નહીં કે પ્રજાનું કલ્યાણ કરવા માટે આ સત્તાને પવિત્ર સાધન તરીકે ઉપયોગ કરીને જે કોઈ ક્ષેત્રોને વિકાસની ઝંખના છે, જે આવશ્યકતા છે, જે સાધનો ખૂટે છે એ સાધનો પૂરા પાડવા માટેની વ્યવસ્થા છે તેનો આ બજૅટમાં સમાવેશ કરવામાં આવે. દુર્ભાગ્યની વાત છે. અમે ગામડાંમાં જતાં હોઈએ છીએ. શહેરોમાં વીજળી ૨૪ કલાક મળતી હોય અને ગામડાંમાં ઉનાળામાં જઈએ, લગ્ન પ્રસંગમાં ગયા હોઈએ તો વીજળી ન હોય અને વીજળી ન હોય તેના કારણે લોકો નારાજ થતાં હોય, નાના બાળબચ્ચાં ટળવળતા હોય ત્યારે અમારા કોંગ્રેસના મિત્રોએ જે કોઈ વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.

જ્યોતિ ગ્રામ જેવી યોજના એમના સમયમાં, એ શાસનમાં બેઠા હતા ત્યારે એમણે એ વ્યવસ્થા ઊભી કરવી જોઈએ એ ન કરવાના કારણે અમારે કેવી સ્થિતિ થાય છે એનો હું એક દાખલો આપું. એક ગામ હતું. એ ગામમાં જેમ ગાયોનું ધણ હોય એમ ભેંસોનું ખાંડું હોય, એ ભેંસોને ચરાવવા માટે દરરોજ માલધારી લઈ જાય અને સાંજે જ્યારે ભેંસો પાછી ગામમાં આવતી હોય ત્યારે એકાદી ભેંસ એવી હોય એ નિત્ય ખોટીલી હોય. પોતાનું પેટ પૂરું ન ભરે અને વહેલી ગામમાં આવે અને ગામડાની બાંધણી છે એમાં ગલીઓ હોય એ સાંકડી હોય એમાંથી એ ભેંસો પસાર થતી હોય. હવે જ્યારે સાંજ પડે ત્યારે એ નિત્ય ખોટીલી ભેંસ પહેલી ગામ તરફ આવવા ચાલુ થઈ ગઈ હોય. એ વચ્ચે બજારમાં સાંકડી ગલીમાં બેસી જાય. એ પછી બાકીની ભેંસો આવતી જાય અને ઠોંહો થાતો જાય છતાં પણ એ બેસી રહે. બીજી ભેંસો હોય એ એ જગ્યાએથી સહેલાઈથી નીકળી ન શકે એટલે ટ્રાફિક જામ થઈ જાય અને છેલ્લે આવતી ભેંસોને એ માલધારી છે એ ઝાલી ઝાલીને ધોકા મારવા માંડે, એટલે આ પાછળની ભેંસોનો દોષ નથી. આ ગલી, ખાંચામાં ખોટીલી ભેંસ ખરેખર તો ઘેર જવી જોઈએ, એ ભેંસ બેસી જવાના કારણે નિર્દોષ ભેંસોને માર ખાવાનો વારો આવે છે. અમારું પણ કાંઈક આવું જ છે. આ કોંગ્રેસ નામની ભેંસ છે એ પ્રજાના કલ્યાણ માટેની યોજનાઓ કરવી જોઈએ એ ન કરવાના કારણે ઘણી વખત પ્રજાના રોષના ભોગ અમારે બનવું પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામીણ ક્ષેત્રમાં વસનારી પ્રજાના કલ્યાણ માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અનેકવિધ સિંચાઇની સવલતો પ્રાપ્ત કરાવી છે. મને દુઃખ એ વાતનું છે કે, સન્માનનીય વિરોધપક્ષના નેતા અત્યારે ઉપસ્થિત નથી. તેઓશ્રીએ અંદાજપત્ર ઉપર પોતાની કાપદરખાસ્તોના સંદર્ભમાં વાતો કરતા હતા એ સમયે એમણે એક ગંભીર આક્ષેપ કરી દીધો. (અંતરાય) પાડા છે કે બાંડા છે એ કેમ ખબર પડે? અર્જુનભાઈ એવું બોલતા હતા કે, ૨૦૦૦ની ચૂંટણી જ્યારે આવી એ પૂર્વે આ લોકોનું શાસન હતું અને આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને રાજયના સિંચાઇ મંત્રીશ્રીએ સૌરાષ્ટ્રની અંદર અનેક જગ્યાએ સિંચાઇ યોજનાઓના ભૂમિ પૂજન કર્યા અને આજની તારીખે એકપણ સિંચાઇ યોજનાના કામ પૂર્ણ નથી કર્યા અને ચાલી નથી કર્યા એવો એક દુર્ભાગ્યપૂર્ણ આક્ષેપ વિરોધપક્ષના નેતાશ્રીએ એમના મુખમાંથી કર્યા. મારે કેટલીક સ્પષ્ટતા કરવી છે, આપશ્રીની અનુમતિથી સ્પષ્ટતા કરવી છે કે, આ આક્ષેપ બેબુનિયાદ છે, માત્રને માત્ર દુર્ભાવનાપૂર્ણ આ આક્ષેપ છે. વિરોધપક્ષના નેતાને આ આક્ષેપ છાજે નહીં એ આપશ્રીના ધ્યાને મૂકું છું. આપશ્રીના માયાળુપણાના સાનિધ્યમાં મારે આ સન્માનનીય ગૃહ સમક્ષ એ વાત મૂકવી છે કે, જામનગર જિલ્લાની અંદર અમારા કાલાવડ વિસ્તારની અંદર નિકાવા ખાતે આવેલ ઉંડ-૪ સિંચાઇ યોજનાનું કામ આજની તારીખે ચાલુ છે. જામનગર તાલુકામાં વાણિયા અને વગાડીયા ગામ ખાતે વગાડીયા સિંચાઇ યોજનાનું કામ ચાલુ છે. આ સમુદ્ર કિનારે આવેલા છે. જેના કારણે ખારાશ દિવસે દિવસે ધીમે ધીમે વધતી જાય છે. એને રોકવા માટે બેડ બંધારા યોજનાનું કામ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ભૂમિ પૂજન કર્યું હતું એ યોજનાનું કામ ૮૦ ટકા પૂર્ણ થવા આવ્યું છે. એટલું જ નહીં પણ મારી પાછળ ડૉક્ટર કલસરીયા બેઠા છે. એમના વિસ્તારની યોજનાઓના ભૂમિ પૂજન થયા હતા આજે હું ન ભૂલતો હોઉં તો એ યોજનાનું કામ આજે ચાલુ છે. આ પ્રકારે વનડી સિંચાઇ યોજના, ડાઈ મીણાસારી સિંચાઇ યોજનાનું કામ ચાલુ છે. માનનીય ચીમનભાઈના વિસ્તારની સિંચાઇ યોજનાનું

કામ ચાલુ છે. સસોઈ સિંચાઇ યોજનાનું કામ ચાલુ છે. દુર્ભાગ્યની વાત એ છે કે, વિરોધપક્ષના મારા સાથી ધારાસભ્યો આક્ષેપ કરે તો ગંભીરતાથી ન લેવાય પણ માન્યતા પ્રાપ્ત વિરોધપક્ષના નેતાના એમના સ્થાનેથી જવાબદારીપૂર્વકના વિધાનો થવા જોઈએ.દુર્ભાગ્યની વાત છે કે સમગ્ર રાજયની અંદર ભારતીય જનતાપાર્ટીએ જે કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી એ તમામ કામો છે એ પ્રમાણિકતાથી વહેવારે આચરણમાં મૂકવાની વાત છે એ કરેલી હતી. આ કોંગ્રેસના જમાનામાં એક વાત

**અધ્યક્ષશ્રી** : પૂરું કરો. પ્લીઝ.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, મને એક મિનિટ આપો. હું બહુ ભાગ્યે જ ઉભો થાઉ છું.

**અધ્યક્ષશ્રી** : હા, તમે નથી થતા વાત સાચી છે પણ પ્લીઝ ટાઈમ નથી. આ ટાઈમ ફાળવ્યો છે એમણે એવો. ચલો શરૂ કરો પ્લીઝ. ચાલો.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબ વર્ષ ૨૦૦૭-૦૮ નું જે અંદાજપત્ર લઈને આવ્યા છે એના સમર્થનમાં હું બોલવા માટે ઉભો થયો છું.

ઘણા સમયથી આ અંદાજપત્ર પરની હું ચર્ચા આ સભાગૃહની અંદર સાંભળી રહ્યો હતો. આક્ષેપો પ્રતિઆક્ષેપો અનેક વાતો આ સભાગૃહની અંદર કરવામાં આવી. હું મારી વાતની શરૂઆત થોડાક વર્ષો પૂર્વેથી કરીશ કે થોડાક વર્ષો પૂર્વે શું સ્થિતિ હતી આ રાજયની જ્યારે આ રાજયની અંદર કોંગ્રેસનું શાસન હતું અને ખૂબ લાંબા સમય સુધી કોંગ્રેસે આ રાજય ઉપર શાસન કર્યુ છે અને એ શાસનની અંદર શું હાલ હતા પ્રજાના એ વાતની યાદ અહીં મારા કોંગ્રેસના મિત્રો બેઠા છે હું એમને કહેવા માગું છું. હમણાં જ મુરબ્બી શ્રી દોલતભાઈએ એમ કીધું કે

" તુલસી હાલ ગરીબ કી કભી ન ખાલી જાય, મૂએ ઢોર કે ચામ સે લોહા ભસ્મ હો જાય".

આ રીતે કોંગ્રેસ ભસ્મ થઈ ગઈ. આ હાય આજે આપને લાગી છે અને એ ભસ્મ થઈ ગયેલ કોંગ્રેસ આજે સાવ આવનારા દિવસોની અંદર ખતમ થવાની છે. હમણાં થોડા દિવસો પહેલાં જ પંજાબ અને ઉત્તરાંચલની અંદર પ્રજાએ આપને જવાબ આપ્યો છે. પરિવર્તન એટલે બધી જાતનું પરિવર્તન. પરિવર્તન આને કહેવાય કે આ રાજયની અંદર જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી આ રાજયની અંદર વિકાસની અંદર ગતિ આવી છે. દરેક ક્ષેત્રની અંદર વિકાસ થયો છે અને આ રાજયની અંદર અત્યાર સુધીના બજેટો એ આમ આદમી માટે બનાવેલા બજેટો હતા ત્યારે મારે આજે કોંગ્રેસ પક્ષના મિત્રોને કહેવું છે કે યુ.પી.એ.ની સરકારે જે બજેટ આ દેશ સમક્ષ રજૂ કર્યુ એની અંદર આમ આદમી ભૂલાઈ ગયો છે એને માટે કેમ કંઈ યાદ નથી આવતું? આ રાજયની અંદર ૪૩૮૧૪ કરોડ રૂપિયાનું બજેટ માનનીય નાણામંત્રીશ્રી લઈને આવ્યા છે એની અંદર અનેકવિધ વિકાસ યોજનાઓ આ બજેટની અંદર આપવામાં આવી છે. દરેક વિભાગની અંદર આપવામાં આવી છે. એ સિંચાઈ હોય, પાણી પુરવઠા હોય, કૃષિ હોય, ઉદ્યોગ હોય, આરોગ્ય હોય, બધા ક્ષેત્રોની અંદર એનો જો પૂરો અભ્યાસ કરીને મારા સાથી મિત્રો આવ્યા હોત તો આજે એમણે જે રીતે આ હાઉસની અંદર વાત કરી છે એ વાત કરવાનું એમને મન ન થાત. નર્મદા યોજના આજે ૧૨૯ મીટરની હાઈટ ઉપર આજે પહોંચી છે. થોડા સમયની અંદર જ સમગ્ર રાજયની અંદર એના સિંચાઈના પાણી પહોંચવાના છે. ત્યારે એ આયોજન કેમ વધારે સરળ બને એની વાત આ ગૃહમાં સાથી મિત્રોએ જો કરી હોત તો વધારે સારું રહ્યું હોત.

માર્ગ અને મકાન વિભાગની જો વાત કરું તો આજે હું ચેલેન્જ સાથે કહી શકીશ કે સમગ્ર દેશમાં જો આજે રસ્તાઓ કોઈપણ રાજ્યના સારા હોય અને કોઈ પણ રાજ્યના લોકો એના માટે મોફાટ વખાણ કરતા હોય તો એ ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગના રસ્તાઓ છે. આ તમામ બાબતો નજરે જોઈ શકાય તેમ છે. કૃષિ ક્ષેત્રે પણ ઉત્પાદનની અંદર જબરજસ્ત વધારો થયો છે. કૃષિની અંદર ઉત્પાદન આજે રાજ્યની અંદર અનેકગણું વધ્યું છે એની પાછળના કારણો છે. શાસનમાં બેઠેલા લોકોની જો નીતિ હોય અને એની નિયત જો સારી હોય તો એની અંદર પરિણામલક્ષી બની શકાય છે. આ જ જમીન હતી, આ જ ખેડૂતો હતા, આ જ પાણીના પ્રશ્નો હતા છતાં પણ વર્ષો પહેલાં આ કૃષિ ક્ષેત્રે આવી ક્રાંતિ કેમ ન થઈ શકી? આજે જે જિલ્લામાં હું આવું છું, હું કચ્છ જિલ્લામાંથી આવું છું. મારા કચ્છ જિલ્લાની વાત કરું તો એ સૂકો પ્રદેશ, એ રણ પ્રદેશ, એ નપાણીયો પ્રદેશ અને એની અંદર તો જે લોકો કચ્છમાં આવ્યા ન હતા એ લોકોની કચ્છ માટેની એક કલ્પના જ અલગ હતી.

મારા એક મિત્ર સર્વિસ કરવા માટે કચ્છમાં આવ્યા ત્યારે પાણીનો કેરબો સાથે લઈને આવ્યા હતા. આ હકીકત છે, હું કોઈ ખોટું દ્રષ્ટાંત આપતો નથી. એ ભાઈ કેરબો લઈને આવ્યા હતા. એમને એમ હતું કે પીવાનું પાણી નહિ મળે. આ સ્થિતિ વર્ષો પહેલા હતી અને આજે (અંતરાય) બાબુભાઈ, એ નર્મદાના પાણીથી આપ તો ન્હાવ છો ને? મારે ત્યાં કામો ચાલુ છે અને ટુંક સમયમાં અબડાસા, લખપત અને નખત્રાણા આ ત્રણ તાલુકામાં નર્મદાના પાણીથી અમે ન્હાવાના છીએ અને લોકો ન્હાવાના છે એમાં કોઈ શંકા નથી. બાબુભાઈ, આપને સૌથી પહેલા અમે નવડાવ્યા. કચ્છમાં આ યોજનાનું ઉદ્‌ઘાટન કરીને સૌથી પહેલા નવડાવવા વાળા પ્રથમ રાપર તાલુકામાં આપને નવડાવ્યા છે. નર્મદાના અમુક તાલુકામાં ઘણા કામો બાકી છે એ કામો ચાલું છે. એ કામો પૂરા થશે ત્યારે કચ્છના એકેએક ગામને પીવાનું પાણી મળવાનું છે. કેનાલના કામો માટે પણ અત્યારે કચ્છ શાખા નહેરનું કામ

ચાલી રહ્યું છે એ કામ પણ ઝડપથી થાય અને કચ્છના છેવાડાથી બ્રાન્ચ કેનાલના કામો પણ શરૂ થાય એના માટે રાજ્ય સરકારને વિનંતી કરું છું. એવી જ રીતે અત્યારે જે હમણાં ડૅમની વાતો થઈ. અત્યારે ૧૮૮ કરોડના ખર્ચે કચ્છ જિલ્લામાં બંધારાના કામો થાય છે. એમાં ૨૯ બંધારાના કામો શરૂ થઈ ગયા છે. અત્યારે એમ કહેવામાં આવ્યું કે ડૅમોના ખાતમુહૂર્ત થાય છે પણ એના કામો શરૂ થતા નથી. માનનીય બાબુભાઈ, હું આપને કહું કે નારાયણ સરોવરમાં બંધારાનું ખાતમુહૂર્ત કરવા માટે માનનીય સિંચાઈ મંત્રીશ્રી નરોત્તમભાઈ આવ્યા હતા અને એ કામ અત્યારે ધમધોકાર ચાલું છે. અમારા વિસ્તારમાં પણ કામ ચાલું છે. મુંદ્રામાં પણ કામ ચાલું છે. આ કોંગ્રેસના કારણે એટલો બધો ક્ષાર આગળ વધી ગયો હતો એને રોકવાનું કામ કોંગ્રેસે ન કર્યું એના કારણે જમીન ખરાબ થઈ ગઈ છે. હવે આ ક્ષાર રોકવાનું કામ થશે અને જમીન સુધરશે અને કચ્છના લોકોને ખૂબ મોટો ફાયદો થશે. આ તમામ બાબતો દરેક ક્ષેત્રમાં ભારતીય જનતા પક્ષની સરકારે કરી છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૭-૦૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૭મી માર્ચ,૨૦૦૭ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૭મી માર્ચ, ૨૦૦૭.**
**ફાલ્ગુન ૧૬, ૧૯૨૮ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## પંચમહાલ જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારની ફાળવણી

***૧૯૭૬૦ શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય ગ્રાહક ભંડારની કુલ કેટલી દુકાનો આવેલ છે, અને

(૨) કયા કયા તાલુકામાં કુલ કેટલી દુકાનો ફાળવવામાં આવેલ છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારની કુલ ૬૮૨ દુકાનો આવેલ છે.

(૨) તે પૈકી નીચે જણાવેલ તાલુકાઓમાં દુકાનો ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવવામાં આવેલ દુકાનો |
|---|---|---|
| ૧ | ગોધરા | ૧૩૬ |
| ૨ | કાલોલ | ૬૫ |
| ૩ | હાલોલ | ૬૨ |
| ૪ | જાંબુઘોડા | ૧૦ |
| ૫ | શહેરા | ૮૨ |
| ૬ | લુણાવાડા | ૮૦ |
| ૭ | ઘોઘંબા | ૬૩ |
| ૮ | મોરવા(હ) | ૪૮ |
| ૯ | ખાનપુર | ૩૧ |
| ૧૦ | સંતરામપુર | ૬૬ |
| ૧૧ | કડાણા | ૩૯ |
| | કુલ | ૬૮૨ |

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે એના અનુસંધાનમાં પૂરક પ્રશ્ન પૂછવા માગું છું કે, જે પંચમહાલ જિલ્લાની ભૌગોલિક સ્થિતિ છે એ બહુ અલગ પ્રકારની છે, છૂટી છવાઈ વસ્તી રહે છે અને જે ગ્રાહક ભંડારની દુકાનો ફાળવેલ છે તેનાથી બે થી ત્રણ કિલો મિટર સુધી ગામડામાં વસતા બક્ષીપંચ, આદિવાસી લોકોને દુકાન પર જવાની ખૂબ જ મુશ્કેલી પડે છે તો મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આ જે દૂર અંતરવાળા, બેથી ત્રણ કિલો મિટરની અંદર જે ક્રાઈટેરિયામાં હોય કે ના હોય તો ખાસ કિસ્સા તરીકે જે ગામો રેવન્યુ વિલેજ છે એવા ગામોને સસ્તા અનાજની પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારની દુકાનોની ફાળવણી કરવા માગો છો કે કેમ અને આખા જિલ્લામાં ૬૮૨ દુકાનો છે તો આ દુકાનો તાલુકામાં જે રેવન્યુ વિલેજ હોય એવા તમામ ગામોમાં જ્યાં જ્યાં આ દુકાનો નથી ત્યાં આવી દુકાનો બીજા તાલુકાના વધારામાં આપવા માગો છો કે કેમ અને મારો ત્રીજો પ્રશ્ન એ છે કે, જે પંચમહાલ જિલ્લાના આદિવાસી અને મજૂરી કરતા માણસો જે છે એ બહાર ગામમાં, ગુજરાતમાં દરેક જગ્યાએ આ લોકો કામ કરવા જતા રહેતા હોય છે તો એવા લોકોને પણ રોમિંગ રૅશન કાર્ડ થ્રુ જેને આઈડેન્ટીફાઈ કરીને આપવામાં આવે, એ લોકોને એની સગવડતા આપવા માગો છો કે કેમ ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય સભ્યશ્રી આ ગૃહના પણ સભ્ય છે અને એ જાણે છે કે, રાજય સરકારે તા. ૩૦-૪-૨૦૦૨ના રોજ આવા મહેસૂલી ગામો દીઠ એક વાજબી ભાવની દુકાન એટલે પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર આપવું અને સો રૅશન કાર્ડ ધરાવતા ગામો હોય એને આપવું ત્યાં સુધી નક્કી કર્યુ છે, રાજયમાંથી વિવિધ જગ્યાઓએથી એની રજૂઆતો આવી અને એવી રજૂઆતો આવી કે, આ સો કાર્ડ કરી દઈશું તો આ અત્યારે જે કાર્ડ ઉપર અનાજ મળે છે તે માત્ર બી.પી.એલ. કાર્ડ ઉપર જ અનાજ આપવાની યોજના કરી છે અને એના કારણે એનું જે કમિશન છે એટલે પોષણક્ષમ દુકાન થતી નથી અને એટલા માટે આ રાજય સરકારે પરિપત્ર કર્યો છે અને એ પરિપત્ર તા.૩૧-૫-૨૦૦૨ના રોજ કર્યો કે આ શિક્ષિત બેરોજગારોને આ દુકાનો આપવી, ૨૦૦૦ની વસ્તીએ

આપવી, પાંચ કિલો મિટરનું અંતર હતું એને ઘટાડીને ત્રણ કિલો મિટરનું અંતર આપણે કરી દેવામાં આવ્યું છે અને મોડેલ સૅન્ટર પણ કરી દીધા છે. એમાં પણ અન્ય ચીજો નહોતી વેચતા એ કરી શકાય, અત્યારે નવો પણ તા. ૨૧-૮-૨૦૦૬ના રોજનો પરિપત્રમાં પચાસ ટકા સ્વ સહાય જુથ એમાં પુરુષ અને મહિલા બંને અને મહિલા હોય તો એને અગ્રતાક્રમ આપવો અને પચાસ ટકા શિક્ષિત બેરોજગારો અને ચાળીસ ટકા બી.પી.એલ. કાર્ડ હોય ત્યાં સુધી દુકાન અને કિલો મિટરનું અંતર બહાર થઈ શકતું હોય ત્યાં સુધી આપવાની જોગવાઈ છે. માનનીય સભ્યશ્રીની જે લાગણી છે આવો કોઈ વિસ્તાર હોય, બીજી કોઈ અગવડતા હોય એવા, બે-ચાર મુદ્દાઓ હોય તો લખીને આપે તો એના ઉપર રાજય સરકાર કે તંત્ર દ્વારા એનો સરવે કરી, વિચારીને ખાસ કિસ્સા તરીકે, બાકી એના નિયમો છે એ પ્રમાણે , સાહેબ એમનો બીજો પ્રશ્ન છે કે, મજૂરી કરવા માટે કેટલાક મજૂરો સ્થળાંતર કરે છે ત્યારે એમના માટે પ્રશ્ન ઊભો થાય છે ત્યારે રાજય સરકાર રોમિંગ રૅશન કાર્ડ યોજના, આખા દેશમાં આપણે પહેલા છીએ. આ યોજના દાખલ કર્યા પછી અમે એટલું સરળીકરણ કરી દીધું કે મંજૂર કરાવવા કયાંય જવાનું નહીં એણે સીધું રેશન કાર્ડ ત્યાં જઈને દુકાનદારને આપવાનું અને કહેવાનું કે મજૂરી કરવા આવ્યો છું. પીળું સ્ટીકર દુકાનદાર આપે છે એ લગાડી દે તો ચાર મહિના સુધી અનાજ મળી શકે. વધારે રહેવું હોય તો ફરી ચાર મહિનાનું વધારે લગાડી આપે. દુકાનદાર માહિતી મામલતદારને આપશે અને જે તે તાલુકામાંથી એનું નામ કમી કરવાની પ્રોસીઝર પણ દુકાનદાર અને મામલતદાર કરશે એટલા માટે આ રાજયમાં રોમીંગ રેશન કાર્ડ અમલમાં છે એટલે અગવડ ઉભી થવાનો સવાલ નથી.

**શ્રી જેઠાભાઈ ઘ. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને અભિનંદન આપવા છે. મંત્રીશ્રીએ જે એફ.પી.એસ. મોડલ બહાર પાડયુ છે એને ગામડાંના લોકોનો ખૂબ સારો પ્રતિભાવ મળ્યો છે. એમણે પૉઝિટીવ જવાબ આપ્યો છે એ બદલ ખૂબ અભિનંદન આપું છું.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ગોધરા તાલુકામાં છુટાછવાયા વિસ્તારમાં લોકો રહેતા હોવાથી ૩ કિલોમીટર કરતા ઓછા અંતરમાં રેશન કાર્ડની દુકાન આવેલ નથી. પત્રવ્યવહાર કર્યા છતાં ૧૪ દુકાનો નકકી કરવામાં આવી એમાંથી બે દુકાનો ફાળવવામાં આવી છે અને બાકીની ૧૨ દુકાનો ફાળવવામાં આવી નથી. ૧૩૬ દુકાનો છે એમાં ૧૨ દુકાનો બાકી છે અને ફાળવી હોય તો કયાં ફાળવી છે, બીજું કે આ રેશનીંગની દુકાન ગામમાં ૧-૨ દિવસ ખોલવામાં આવે છે બાકીના દિવસોમાં ખુલતી નથી અને અનાજ લોકોને પહોંચતું નથી તો બધા લોકોને અનાજ મળી રહે એ માટે સ્કવોર્ડ ગોઠવીને ચેકીંગ કરીને અનાજ મળી રહે અને કેરોસીનનો પૂરતો જથ્થો મળી રહે એવી વ્યવસ્થા સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે દુકાનની વાત કરી છે ત્યારે પંચમહાલ જિલ્લામાં ૬૩૯ કુલ દુકાનો આવેલી છે. ગોધરામાં ૧૩૧ દુકાનો કાર્યરત છે ત્યારપછી આ કિલોમીટર અને વસ્તીનું ધોરણ આવ્યું ત્યારપછી જે વધારાની ખોલવાની થાય છે એમાં કુલ જિલ્લામાં ૮૦ ખોલવાની થાય છે. તે પૈકી ૧૪ નહીં પણ ૧૬ ખોલવાની થાય છે. ૧૬ માટે ૮૦માંથી ૬૨ દુકાનોનું મામલતદાર કક્ષાએ જાહેરાત આપવાનું કામ ચાલુ છે. ૧૩ દુકાનોની જાહેરાત અપાઈ ગઈ છે. પાંચ દુકાનો કોર્ટમાં અપીલ હેઠળ છે. બીજા પ્રશ્નનો જવાબ એવો છે કે સ્કવોર્ડ ગોઠવવા માગો છો કે નહીં તો રાજય સરકારે પહેલી વાર આખા દેશમાં લોકભાગીદારીથી ગ્રામ્ય તકેદારી સમિતિ અને શહેરી તકેદારી સમિતિ બનાવી તેમાં સરપંચ, શિક્ષકો, આગેવાનો, બી.પી.એલ. મહિલા આગેવાન, આવી તકેદારી સમિતિ બનાવી છે. હવે કેરોસીન એકેએક એફ.પી.એસ. દુકાનો પર ડોર ટુ ડોર હોમ ડિલિવરી આપીએ છીએ. તાલુકા મથકે લેવા જવાનું નથી. રૂબરૂ તકેદારી સમિતિ સમક્ષ સહી લઈએ છીએ. છતાંપણ ચેકીંગ કાર્યક્રમ સઘન ચાલે છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રોમીંગ રેશનીંગ કાર્ડ આપીએ છીએ તો જે મજૂરને રોમીંગ રેશનીંગ કાર્ડ અપાય છે એ જે દુકાનધારક પાસે જાય છે ત્યાં એવું કહેવામાં આવે છે કે અમારી પાસે તમારા કાર્ડનો વધારાનો જથ્થો નથી. કાર્ડ નંબર આપો. ફરી વખત આવો ત્યારે રોમીંગ રેશનીંગ કાર્ડનો જથ્થો આપવામાં આવશે. તો રોમીંગ રેશન કાર્ડથી અનાજ સરળતાથી મળી રહે એ માટે સૂચના આપવા માગો છો કે કેમ? દુકાનધારકે સામાન્ય રીતે એમની પાસે કેટલો જથ્થો છે અને કેટલો વેચાઈ ગયો છે, કેટલો પુરવઠો એમની પાસે પડયો છે એનું લિસ્ટ, યાદી રાખવી જોઈએ. એ રાખતા નથી. તો સૂચના આપવા માગો છો કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, રોમીંગ રેશન કાર્ડ માટે સરળતા કરવા આમાં ૬-૮-૨૦૦૦ ના પરિપત્ર પછી રોમિંગ રૅશનકાર્ડ અમલી આવ્યા પછી વધારે વ્યવસ્થિત રીતે મજૂરોને કોઈ તકલીફ ન પડે તે માટે ફરીથી તા. ૧૧-૮-૨૦૦૬ ના રોજ એકદમ સરળીકરણ કરી દીધું છે. બધાને પીળા સ્ટિકર આપી દીધા છે. સ્ટૉક છે કે નહિ એ જોવાનું કામ દુકાનદારે નથી કરવાનું, પણ હયાત સ્ટૉક હોય તો આપી દેવાનો છે. પૂરતો સ્ટૉક જેટલા મજૂરો લઈ જાય તાત્કાલિક ધોરણે તાલુકા મથકેથી આપી દેવાની સૂચના આપી દીધી છે. આના કારણે મજૂરોને માલ નહિ મળવાની અવ્યવસ્થા ઊભી થશે નહિ. બીજી માંગણી છે કે લિસ્ટ મૂકવાની વાત છે તો દરેક દુકાન ઉપર લિસ્ટ મૂકીએ છીએ. કેટલો જથ્થો, જનસંખ્યા, કાર્ડ છે એ પ્રમાણે અમલમાં છે.

**સુરત જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનો**

***૧૯૭૦૦ શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે :

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ કેટલી સરકાર માન્ય રૅશનિંગ દુકાનો આવેલ છે

(૨) જે પૈકી ઓલપાડ તથા ચોર્યાસી તાલુકામાં કેટલી રૅશનિંગ દુકાનો આવેલ છે અને

(૩) તે પૈકી કેટલા ગામોમાં દુકાન ફાળવણી બાકીમાં છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) કુલ ૧૨૫૪ ( એક હજાર બસો ચોપ્પન) સરકાર માન્ય રૅશનિંગ દુકાનો આવેલ છે.

(૨) ઓલપાડ તાલુકામાં-૬૬ તથા ચોર્યાસી તાલુકામાં-૮૩ રૅશનિંગ દુકાનો આવેલ છે.

(૩) તે પૈકી ઓલપાડ તાલુકામાં ૪ (ચાર) ગામોમાં દુકાન ફળાવણી બાકીમાં છે તથા ચોર્યાસી તાલુકામાં નવી રૅશનિંગ દુકાન ફાળવણી બાકી નથી.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મારા મત વિસ્તાર ચોર્યાસી તાલુકો એ શહેરની લગોલગ આવેલ છે, એમાં વસ્તી ખૂબ વધી ગઈ છે. ચોર્યાસી તાલુકામાં ૨૦૦૧ ની વસ્તી ગણતરી ધ્યાનમાં લઈ પંડિત દીનદયાલ ગ્રાહક ભંડારની ફાળવણી કરવા માટે શું આયોજન છે? બીજો પ્રશ્ન ઓલપાડ તાલુકામાં ૯૪ ગ્રામ પંચાયત આવેલ છે, એમાં દીનદયાલ ગ્રાહક ભંડારની સંખ્યા ૬૬ છે અને બીજી ૪ પંડિત દીનદયાલ ગ્રાહક ભંડારની ફાળવણી કરવાનું ચાલુ છે, પરંતુ જે ગામો રેવન્યુ છે અને ગ્રામ પંચાયતો અલગ છે. કેટલીક બે-ત્રણ કિલોમિટર દૂર પંચાયતો આવેલ છે, તેવી પંચાયતોને આ લાભ આપવા માગો છો કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પંડિત દીનદયાલ ગ્રાહક ભંડારની વાત કરી છે, તો ઓલપાડ તાલુકામાં ૬૬ અને ચોર્યાસી તાલુકામાં ૮૩ એમના વિસ્તારમાં છે અને સુરત જિલ્લાની માહિતી જોઈતી હોય તો તે પણ ૪ એમને જ વસ્તીના ધોરણ પ્રમાણે ઓલપાડની અંદર આપવાની થાય છે. એમાં કર્મલા, પીંજરત-૨, મીંદરોઈ, કન્યાસી એમાં વસ્તીના ધોરણે આપવાની થાય છે. ચારે ચાર દુકાનો ક્રાઈટેરિયા મુજબ આપવાનું કામ ચાલુ છે. એમનો પ્રશ્ન એ છે કે કિલોમિટર વધારે છે, વસ્તી વધારે છે એવા અમારી પાસે જેટલી છે લઈ લીધેલ છે. માનનીય સભ્યશ્રીને કહું છું કે પત્ર આપી દે અને તપાસ કરીને જો રહી ગયા હોય તો લેવડાવી દઈશું.

**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ** : મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સુરત જિલ્લાની અંદર તા. ૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ કુલ ૧૨૫૪ જેટલી રૅશનિંગની દુકાનો આવેલ છે. મારા મત વિસ્તારની અંદર કામરેજ, પલસાણા, બારડોલી એ ૩ તાલુકામાં ૨૦૦૪-૨૦૦૫-૨૦૦૬ અને ૨૦૦૭ ની અંદર કેટલી અરજીઓ આવી અને કેટલી મંજૂર કરી અને કેટલી મંજૂર કરવાની બાકી છે?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : એમના મત વિસ્તાર બારડોલીમાં ૭૫, કામરેજમાં ૪૪, પલસાણામાં ૩૯ આટલા પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર આવેલ છે. કુલ જિલ્લામાં ૧૨૫૪ છે અને આ પ્રમાણે ક્રાઈટેરિયા મુજબ આપ્યા છે. તમામ દુકાનો આજે કાર્યરત છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે દુકાનની ફાળવણી અંગે બેરોજગારની વાત કરી. જો એકથી વધુ માગણી હોય તો બેરોજગારોને ફાળવણી અંગેના શું નિયમો છે? જેને ફાળવી છે એ માણસ બીજાને ભાડે આપી દે અને નામ એનું અને ચલાવે બીજો તો શું પગલાં લેવાં માગો છો?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** :આમાં શિક્ષિત બેરોજગારને માટે ઓછામાં ઓછું એસ.એસ.સી. ધોરણ છે અને તેમાં અરજી આવેલ હોય તો સૌથી વધુ શિક્ષણ હોય એને ક્રાઈટેરિયામાં લેવામાં આવે છે. એસ.એસ.સી.ના બે વ્યક્તિ હોય તો એને સ્થાનિક રહેતા હોય તો સ્થાનિકને પ્રાયોરિટી આપીએ છીએ અને તેમાં મેરિટ પણ જોવામાં આવે છે. કોનું મેરિટ વધારે છે તે પ્રમાણે દુકાનની ફાળવણી કરીએ છીએ.

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મૉડલ એ.પી.એસ.થી સ્થાનિક રહેવાસીને શું ફાયદો થવાનો અને એક જગ્યાએ જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ મળે છે તે વાત સાચી છે ?

**શ્રી છત્રસિંહ પું. મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં આપણે જે પહેલીવાર અનુકરણ કર્યું છે અને અમલ કર્યો છે. મૉડલ એફ.પી.એસ.નો કોન્સેપ્ટ આપણે લાવ્યા છીએ. તેના મોટે કેંદ્ર સરકારની ટીમ મોકલી હતી અને તેઓએ અભ્યાસ કર્યો અને આ પ્રકારે દીનદયાળ ગ્રાહક ભંડાર આપણે ત્યાં જે રીતે ચાલે છે તે બધી જગ્યાએ થાય એટલા માટે કેંદ્ર સરકારે દેશના બધા રાજયોને પરિપત્ર કર્યો છે કે આ પ્રમાણે મૉડલ એફ.પી.એસ.નો અમલ કરો. આમાં એક કરતાં વધારે વસ્તુઓને આવરી લેવામાં આવી છે. એમાં સ્થાનિક દુકાનદારને ધ્યાનમાં હોય કે આ વસ્તુઓ ત્યાં રાખવાથી વેચાણ થશે. બીજું આ બૂથમાં એસ.ટી.ડી. પી.સી.ઓ. ચલાવવામાં આવે છે. મોબાઈલ પ્રિપેઈડ કાર્ડ, ખાતર, બિયારણ, પેસ્ટીસાઈડસ દવાઓ રાખી શકે છે. આ પ્રમાણે આપણે અમલ કર્યો છે અને તેને

આપણે નીચે સુધી લઈ જવા માગીએ છીએ. સાહેબ, આવતી દિવાળી સુધીમાં રાજયમાં ૧૬૫૦૭ મૉડલ એફ.પી.એસ. બની જાય અને રાજય મૉડલ બની જાય તે પ્રમાણે આપણે પ્રયત્નો કરી રહ્યા છીએ.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ બંને તાલુકાઓમાં રેવન્યુ વીલેજ કેટલા અને દુકાન વગરના કેટલા છે. એવું કોઈ ધોરણ છે કે ૪૦ ટકા મીનીમમ બી.પી.એલ.કાર્ડ હોય તો દુકાન મળે. ત્રીજું કે સો બી.પી.એલ. રેશનકાર્ડ, ત્રણ કિલોમીટરનું અંતર અને ૨૦૦૦ની વસ્તી આ ત્રણે ક્રાઈટેરીયા ફૂલફીલ થાય તો દુકાન મળે કે પછી આ ત્રણમાંથી કોઈ એક ફૂલફીલ થાય તો દુકાન મળે.

**શ્રી છત્રસિંહ પું. મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, ૪૦ ટકા બી.પી.એલ.કાર્ડનો આપણે નવો પરિપત્ર કર્યો છે. ૪૦ ટકા બી.પી.એલ.કાર્ડ હોય તો પોષણક્ષમ દુકાન બની શકે છે. આના માટે ૫-૬ લોકો હાઈકોર્ટમાં ગયા છે. રેવન્યુ વીલેજનો ક્રાઈટેરીયા નથી. ૨૦૦૦ની વસ્તી ગ્રામ્યમાં, ત્રણ કિલોમીટરનું અંતર અને શહેરી વિસ્તાર માટે ૫૦૦૦ ની વસ્તી આ પ્રમાણે ક્રાઈટેરીયા છે. આ ત્રણમાંથી એક જ એટલે કે ૨૦૦૦ની વસ્તી હોય અને ત્રણ કિલોમીટરનું અંતર હોય અને શિક્ષિત બેરોજગાર હોય તો તેને પ્રાયોરીટી આપીએ છીએ. ૪૦ ટકા બી.પી.એલ. કાર્ડ તો હોવા જ જોઈએ અને તે પ્રમાણે ક્રાઈટેરીયા રાખવામાં આવેલ છે.

**ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શાળાઓના ઓરડા તેમજ શિક્ષકોની ઘટ બાબત**

***૨૦૬૭૬ શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-**

તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ ભરૂચ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઓરડાની અને શિક્ષકોની કેટલી ઘ ાટ છે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

૪૭૬ ઓરડાઓની અને ૭૦ શિક્ષકોની ઘટ છે.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ભરૂચ જિલ્લામાં કેટલા પ્રાથમિક શિક્ષકોની ભરતી કરવામાં આવનાર છે અને કયારે પૂર્ણ કરવામાં આવનાર છે તથા ભરૂચ જિલ્લામાં ખૂટતા ઓરડાઓના બાંધકામ અંગે શું આયોજન કરેલ છે ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં ૩૩૪ વિદ્યા સહાયકોની ભરતી કરવા માટે જાહેરાત આપવામાં આવી છે. ૩૧મી માર્ચ ૨૦૦૭ પહેલાં આ ભરતી પૂર્ણ કરવામાં આવશે. બીજો પ્રશ્ન ઓરડા અંગેનો છે તો તેમાં ભરૂચ જિલ્લાની અંદર ૩૭૭ ઓરડાઓની ઘટ છે તેના માટે ૨૦૦૬-૦૭માં બજેટ ફાળવ્યું હતું તેમાંથી ૩૭૭ ઓરડા બની રહ્યા છે અને આગામી જુન સુધીમાં પૂર્ણ થઈ જશે. બાકીના ૭૭ ઓરડાઓ ૨૦૦૭-૨૦૦૮માં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તાલુકાવાર કુલ કેટલા શિક્ષકોની ઘટ છે અને કેટલા ઓરડાઓની ઘટ છે અને આ ઘટ ક્યારે પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં આમોદ તાલુકામાં ૨૩ શિક્ષકોની ઘટ છે. અંકલેશ્વર તાલુકામાં ૨૫, ભરૂચ તાલુકામાં-૯૬, હાંસોટમાં-૧૭, જંબુસરમાં-૮૬, વાગરામાં-૫, વાલિયામાં -૫૭ અને ઝઘડીયામાં ૯૦ શિક્ષકોની ઘટ છે અને ૩૩૪ શિક્ષકોની ભરતી કરવા માટેની જાહેરાત આપી છે અને ૩૧મી માર્ચ પહેલાં આ શિક્ષકોની ભરતી થઈ જશે. એ જ રીતે ઓરડાની બાબતમાં આમોદમાં૧૮, અંકલેશ્વરમાં ૫૨, ભરૂચમાં ૩૮, હાંસોટમાં ૯, જંબુસરમાં ૭૫, વાગરામાં ૩૯, વાલિયામાં ૪૮, ઝઘડીયામાં ૮૬ ઓરડાની ઘટ છે અને મેં કહ્યું એ મુજબ એ જૂન મહિના સુધીમાં ૩૭૭ ઓરડાઓ પૂરા થઈ જશે અને બાકીના જે બાકી છે એની આવતા વર્ષના બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે.

**શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા ઓરડાઓની મરામત કરવામાં આવી અને એની પાછળ કેટલું ખર્ચ કરવામાં આવ્યું ? અને બીજો પ્રશ્ન એ છે કે વિદ્યાસહાયકોની ભરતી જ્યારથી ભાજપ સરકાર આવી છે ત્યારથી શરૂ કરવામાં આવી છે તો એ સમગ્ર રાજયમાં છેલ્લા આઠ વર્ષમાં કુલ કેટલા વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવી અને ભરૂચ જિલ્લામાં ૩૭૭ જેટલા ઓરડા આ ચાલુ વર્ષે પૂરા કરવા માટેની વાત માનનીય મંત્રીશ્રીએ કરી છે એટલા માટે હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા આઠ વર્ષમાં આ સરકારે ૮૨૧૪૮ વિદ્યા સહાયકોની ભરતી પૂરી કરી છે અને આ સાલ ૧૨૦૦૦ વિદ્યા સહાયકોની ભરતી કરવા માટેની જાહેરાત આપી છે અને અત્યારે એ ભરતીનું કામકાજ ચાલુ છે અને એટલે મેં કહ્યું કે, બાકીના જે શિક્ષકો છે એ શિક્ષકોની ભરતી આ સમયમાં પૂરી થશે અને છેલ્લા બે વર્ષમાં ૨૦૦૫-૦૬માં ૧૭૧ શાળાઓના ૫૨૪ ઓરડાઓની મરામત થઈ ગઈ છે અને એની પાછળ ૯૮.૨૮ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે અને ૨૦૦૬-૦૭માં ૭૨ શાળાઓના ૩૨૦ ઓરડાઓ રિપેર થયા છે અને એની પાછળ ૫૧.૫૭ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક વિભાગમાં સંખ્યા આધારિત ઓરડા આપવામાં આવે છે, આપણે ધોરણ પ્રમાણે નથી આપતા એટલે એક વર્ગખંડમાં બે ત્રણ ધોરણના વિદ્યાર્થીઓ ભણતા હોય છે જેથી શિક્ષણ કથળતું હોય છે એટલે માનનીય મંત્રીશ્રીને પાસેથી હું જાણવા માગું છું કે, આપણે જે ૬૭ સંખ્યાના આધારે એક ઓરડો આપીએ છીએ એના બદલે ધોરણ પ્રમાણે ઓરડા આપવા માગો છો કે કેમ અને તે પ્રમાણે શિક્ષકો પણ આપવા માગો છો કે કેમ ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારે ધોરણ પ્રમાણે જ શિક્ષક અને વર્ગખંડ સાથે જ આ યોજના બનાવી છે એટલે એક શિક્ષકને એક વર્ગ મળવો જોઈએ અને એક વર્ગખંડ મળવો જોઈએ એના આધારે જ અત્યારે આપણે આ ઓરડાઓની સંખ્યા આપવા જઈએ છીએ અને માનનીય અધ્યક્ષશ્રી, મને સભાગૃહને જણાવતાં આનંદ થશે કે, ૨૦૦૮ની સાલ સુધીમાં આ રાજયમાં એક પણ ઓરડો ખૂટશે નહીં અને શિક્ષકોની પણ ઘટ રહેશે નહીં.

## રાજયમાં મહિલાઓને માર્ગદર્શન આપવા માટે કેન્દ્રો

***૨૦૬૯૪ શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં મહિલાઓને કાયદાકીય પ્રશ્નો / સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવા તાલુકા કક્ષાએ કેન્દ્રો શરૂ કરવા વિચારેલ છે,

(૨) આ કેન્દ્રો ચલાવતી સંસ્થાને કોઈ આર્થિક સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૩) જો હા, તો તેની વિગતો શી છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) હા, જી, આ માટે વિવિધલક્ષી મહિલા માર્ગદર્શન કેન્દ્રોની યોજના અમલમાં છે જ.

(૨) હા, જી.

(૩) તાલુકા કક્ષાના કેન્દ્રોને મહત્તમ રૂા. ૧.૨૫ લાખ સહાય નીચે મુજબ ચૂકવવામાં આવે છે :-

| અ.નં. | ખર્ચ હેડ | સરકારી અનુદાનની રકમ (વાર્ષિક રૂા.) | બિન સરકારી સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો (વાર્ષિક રૂા.) | કુલ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | કેન્દ્ર સંચાલનનું માનદ વેતન (માસિક રૂા. ૪૫૦૦ મુજબ) | ૪૦૫૦૦ | ૧૩૫૦૦ | ૫૪૦૦૦ |
| ૨ | સામાજિક કાર્યકરનું માનદ વેતન (માસિક રૂા. ૩૦૦૦) | ૨૭૦૦૦ | ૯૦૦૦ | ૩૬૦૦૦ |
| ૩ | મદદનીશ સામાજિક કાર્યકરનું માનદ વેતન (માસિક રૂ.૨૦૦૦) | ૧૮૦૦૦ | ૬૦૦૦ | ૨૪૦૦૦ |
| ૪ | કલાર્ક-કમ-કોમ્પ્યુટર ઓપરેટરનું માનદ વેતન (માસિક રૂા. ૧૫૦૦ મુજબ) | ૧૩૫૦૦ | ૪૫૦૦ | ૧૮૦૦૦ |
| ૫ | આઈ ઈ સી પ્રવૃત્તિ | ૭૦૦૦ | ૨૩૩૩ | ૯૩૩૩ |
| ૬ | શીબીર તાલીમ | ૭૦૦૦ | ૨૩૩૩ | ૯૩૩૩ |
| ૭ | આકસ્મિક ખર્ચ | ૧૨૦૦૦ | ૪૦૦૦ | ૧૬૦૦૦ |
| | કુલ: | ૧૨૫૦૦૦ | ૪૧૬૬૬ | ૧૬૬૬૬૬ |

**શ્રી શંકરભાઈ વી. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં મહિલાઓ માટે કાયદાકીય પ્રશ્નો માટે જે આયોજન કરવામાં આવેલ છે તે બદલ હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને મારા અંત:કરણપૂર્વક અભિનંદન આપું છું અને આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, મહિલાઓને માર્ગદર્શન આપવા અંગે અગાઉ કોઈ યોજના હતી કે કેમ તથા વિવિધલક્ષી મહિલા કલ્યાણકારી યોજનાની વિશિષ્ટતા શું છે એ માનનીય મંત્રીશ્રી જણાવે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં એક જ સંસ્થા ત્રણ જુદા જુદા પ્રકારના કેન્દ્રો ચલાવતી હતી એમાં કાયદાકીય સલાહ અને માર્ગદર્શન આપવા માટે કાનૂની સહાય કેન્દ્ર ચલાવતા હતા, કિશોરી અને યુવતીઓને મૂંઝવતા જે પ્રશ્નો છે એના સોલ્યુશન અને માર્ગદર્શન આપવા માટે યુવતી વિકાસ કેન્દ્ર ચલાવતા હતા અને મહિલાઓને રોજગારીની તકો પૂરી પાડવા મહિલા માર્ગદર્શન કેન્દ્રો ચલાવતા હતા, આ ત્રણ પ્રકારના કેન્દ્રો એક જ સંસ્થા ચલાવતી હતી, અને એટલા માટે રાજય સરકારે આ ત્રણ કેન્દ્રો હતા એ ત્રણને મર્જ કરી દીધા છે. અને વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેંદ્રની યોજના બનાવી છે જેમાં કેંદ્રોને ગ્રાન્ટ પણ આપવાની શરૂઆત કરી છે એટલે એક જ સંસ્થામાં આ બહેનો આવે ત્યારે એમને એક જ જગ્યાએથી ત્રણેય પ્રકારની

માહિતી અને માર્ગદર્શન મળી રહે એટલા માટે એક જ સંસ્થા આ ત્રણેય પ્રકારનું કેંદ્ર એક જ જગ્યાએ ચલાવે એના માટેનો નિર્ણય રાજય સરકારે કર્યો છે.

**શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં મહિલાઓને કાયદાકીય પ્રશ્ન અને સામાજિક પ્રશ્ન અંગે માર્ગદર્શન આપવા તાલુકા કક્ષાએ કેંદ્રો અમલમાં છે ત્યારે એવા કેટલા કેંદ્રો રાજયમાં આવેલા છે, એનું મોનિટરિંગ કોણ કરે છે, અને અત્યાર સુધીમાં આ કેંદ્રો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું છે એમાં માતાઓ અને બહેનોએ છેલ્લા એક વર્ષમાં કેટલો લાભ લીધો છે?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા કક્ષાના કુલ ૨૬ કેંદ્રો આપણે મંજૂર કર્યા છે એમાંથી ૧૮ કેંદ્રો કાર્યરત થઈ ગયા છે, અને ૮ કેંદ્રો હવે કાર્યરત થશે. તાલુકા કક્ષાએ ૨૨૫ તાલુકાઓમાં એક એક કેંદ્ર આપવાની યોજના છે અને ૨૨૫ માંથી ૧૧૬ કેંદ્રો મંજૂર કરવામાં આવ્યા છે જે કાર્યરત થઈ ગયા છે, ૧૦૯ કેંદ્રો હવે પછીના સમયમાં મંજૂર કરવામાં આવશે. આની અંદર તાલુકા કક્ષાનું કેંદ્ર હોય તો ૧.૨૫ લાખ રૂપિયા આપવામાં આવે છે અને જિલ્લા કક્ષાનું કેંદ્ર હોય તો ૨.૨૫ લાખ રૂપિયા આપવામાં આવે છે. અત્યાર સુધીમાં લગભગ ૪ હજાર બહેનોએ આનો લાભ લીધો છે અને રૂા. ૧,૬૬,૬૬૬/- જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે.

**શ્રીમતી રમીલાબેન બ. બારા** : માનનીય અધ્યક્ષશ્રી, ૮મી માર્ચ, મહિલા વર્ષ તરીકે એની ઉજવણી થવાની છે ત્યારે આપના થકી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, મહિલા કલ્યાણ માટેની સરકારે કોઈ નીતિ ઘ ડી છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા ગૌરવ નીતિ આ સરકારે ઘડી છે.

**પ્રો. વસુબેન ન. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની બહેનોની રાજય સરકાર ખૂબ ચિંતા કરે છે, બહેનોને માટે અનેક કાયદાઓ અને એની સમસ્યાના નિવારણ માટેની વાત કરી હોવા છતાં બહેનોને આ હક વિશેની માહિતી નથી હોતી એટલા માટે આ યોજના માટે રાજય સરકાર અને માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપુ છું, અને માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ યોજનામાં ૨૦૦૬-૨૦૦૭માં જિલ્લા અને તાલુકા કક્ષાએ કુલ કેટલા કેંદ્રો મંજૂર કરવામાં આવ્યા છે, અને જામનગર જિલ્લામાં કેટલા કેંદ્રો મંજૂર કર્યા છે?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા કક્ષાએ ૨૨૫ કેંદ્રો મંજૂર કરવાના હતા અને એમાંથી ૧૧૬ કેંદ્રો મંજૂર કરવામાં આવ્યા છે, ૧૦૯ કેંદ્રો માટે પ્રોસિઝર ચાલી રહી છે. જિલ્લા કક્ષાએ ૨૬ કેંદ્રો ચાલુ કરવાના છે એમાંથી ૧૮ કેંદ્રો કાર્યરત થયા છે અને ૮ પ્રોસિઝરમાં છે. જામનગર જિલ્લાની માહિતી છે એ હું આપની મંજૂરીથી ટેબલ ઉપર મૂકી દઈશ.

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા જાણવા માગુ છું કે, તલોદ તાલુકામાં એક અઠવાડિયા પહેલા એક મહિલાને દેણકી કહીને લોકોએ ખૂબ માર માર્યો છે અને એમાં પોલીસ કેસ પણ થયો છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ મહિલા કેંદ્રોની વાત છે. એમાં કંઈ હોય તો કહો.

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ મહિલા કલ્યાણ અને માર્ગદર્શનની બાબત છે એટલે કહું છું. દેણકી કહીને એક મહિલાને માર માર્યો છે ત્યારે આવા કિસ્સામાં પ્રોટેકશન આપવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓ આ કેંદ્ર ઉપર જાય તો માર્ગદર્શન મળી રહેશે કે આ માટે એમણે શું કરવું જોઈએ.

## રાજયના સ્પૉર્ટસ સંકુલોમાં કોચની ખાલી જગ્યાઓ

***૨૦૫૪૮ શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ રાજયના સ્પૉર્ટસ સંકુલોમાં કેટલા કોચની જગ્યાઓ ખાલી છે,

(૨) રાજયમાં હેન્ડબોલની રમતના રાજયમાં મુખ્ય કોચ નહીં હોવાની ફરિયાદ વિભાગને મળેલ છે, અને

(૩) જો હા, તો રાજયમાં હેન્ડબોલના કોચની નિમણૂક કયાં સુધીમાં થઈ જશે?

**રમતગમત મંત્રીશ્રી :**

(૧) ૨૮

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રાકેશ રાવ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના સ્પૉર્ટસ સંકુલના માધ્યમથી દુનિયામાં ગુજરાતનું નામ રોશન થાય એવા ખેલાડીઓ પેદા કરવાનું સ્વપ્નું જોઈએ છીએ. આ માટે માનનીય મંત્રીશ્રીએ આ કોચની ખાલી જગ્યાઓ પ્રત્ય હકારાત્મક અભિગમ અપનાવ્યો અને જગ્યાઓ પૂરી છે એના માટે આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અન્ય રાજયની ટીમ ગુજરાતમા રમવા આવે ત્યારે રાજયમાં સરકાર શું સવલતો આપે છે, અને અન્ય રાજયના ખેલાડીઓ આપણા

રાજયમાં આવે ત્યારે શું સવલતો આપે છે? બીજુ શાળાકીય રમતોત્સવ ૨૦૦૬માં કેટલા રાજયોની ટીમો આપણા રાજયમાં રમવા આવી અને રાજય સરકાર તરફથી એના માટે શું વ્યવસ્થા કરી?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાની નેશનલ રમતોનું આયોજન કરતી હોય છે અને કયા રાજયે કયા રાજયની અંદર રમવા જવાનું તેનું અગાઉથી પ્લાનીંગ કરી દેવામાં આવે છે. જુદા જુદા રાજયોની ટીમો જુદા જુદા રાજયોની અંદર રમવા માટે જતી હોય છે ત્યારે આ સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાએ નકકી કરેલું છે કે ગુજરાતની ટીમો વેસ્ટ બેંગાલમાં રમવા માટે જાય છે તે વેસ્ટ બેંગાલે તેમની રહેવાની અને બધી વ્યવસ્થા કરવી પડે છે. આવતા જતાંનો ખર્ચ જે તે રાજયે ભોગવવો પડે છે અને ત્યાંનું ભોજન જે થાય તે પણ રાજયે પોતે ભોગવવું પડે છે. જ્યાં રમતવીરો જ્યાંથી જતાં હોય તેમણે. પરંતુ આવાસની વ્યવસ્થા તે જે તે રાજયમાં મતલબ કે જે રાજયમાં રમવા માટે જાય તેમણે આવાસની વ્યવસ્થા કરવી પડતી હોય છે.

મારે અહીં એક જણાવવું છે કે ગયા બુધવારે જ્યારે આ સ્પૉર્ટસનો પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે વિરોધ પક્ષના નેતાશ્રીએ એ પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો કે, અન્ડર ફીફટીન વિદ્યાર્થીઓ અને તે પણ ક્રિકેટના જ્યારે દિલ્હીની અંદર રમવા માટે ગયા ત્યારે તેમને ત્યાં આવાસની વ્યવસ્થા ઉભી ના કરવામાં આવી અને સરકારી શાળાઓની અંદર તેમનો ઉતારો આપવામાં આવ્યો. મારે માત્ર અહીં એટલો જ ખુલાસો કરવો છે કે જે વિદ્યાર્થીઓની ટીમો દિલ્હી ગઈ તે ટીમોની આવાસની વ્યવસ્થા તમારી તે દિલ્હી સરકારે ભોગવવાની હતી પરંતુ તેઓએ ના ભોગવી અને તેનો પ્રશ્ન અહીંયા ઉપસ્થિત કરવામાં આવ્યો. ગુજરાતમાં ૨૦૦૬-૨૦૦૭ની અંદર ટેનિસ અને સ્કેટિંગની રમતોનું આયોજન રાજય સરકારે કરવા માટેની તક આપણને મળી હતી જેમાં ૨૦ રાજયોના ૧૦૮૯ ખેલાડીઓ અને મેનેજરોએ ભાગ લીધો હતો. આ બધાની વ્યવસ્થા એકલવ્ય કોમ્પ્લેક્ષની અંદર કરવામાં આવી અને સ્કેટિંગની રમતો ડીપીએસ સ્કૂલની અંદર કરવામાં આવી. આ રમતોની અંદર ટેનિસમાં આઠ અને સ્કેટિંગમાં ૭૩ ચંદ્રકો ગુજરાતના વિદ્યાર્થીઓએ મેળવી અને સમગ્ર જે આયોજન થયું તેની અંદર આપણાં વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમે રહ્યાં. આ રાજયની મારે એક વિશેષતા પણ કહેવી છે કે ગુજરાતની અંદર જે કોઈ રમતવીરો અહીંયા રમવા માટે આવે ત્યારે કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર જે વિદ્યાર્થી પ્રથમ નંબરે આવે યા દ્વિતિય નંબરે કે તૃતીય નંબરે આવે ત્યારે તેને કોઈ પણ ભેદભાવ વગર સુવર્ણ ચંદ્રક વિજેતાને ૧૫૦૦ રૂપિયા, રજત ચંદ્રક વિજેતાને ૧૨૫૦ રૂપિયા અને કાંસ્ય ચંદ્રક વિજેતાને એક હજાર રૂપિયા આપીને તેનું બહુમાન કરવામાં આવે છે. જ્યારે આ સ્કીમ અન્ય રાજયોમાં કયાંય પણ નથી. એટલું જ નહીં પરંતુ જ્યારે આટલા વિદ્યાર્થીઓ અહીંયા આવ્યા છે ત્યારે તે વિદ્યાર્થીઓને આપણે સાયન્સ શીટી પણ બતાવ્યું તે ઉપરાંત અડાલજની વાવ અને અક્ષરધામના દર્શન પણ કરાવ્યા. આટલી વ્યવસ્થા આપણું ગુજરાત કરે છે જ્યારે તે વ્યવસ્થા અન્ય રાજયોમાં આપણાં વિદ્યાર્થીઓને ઓછી મળે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મૂળ પ્રશ્ન આ કોચની ખાલી જગ્યાનો છે. મારે એટલું પૂછવાનું છે ૨૮ કોચની જગ્યાઓ ખાલી છે. છેલ્લાં પાંચ વર્ષમાં કેટલાં કોચની ભરતી થઈ ? બીજો પ્રશ્ન એવો છે કે આપણે આપણાં જે ખેલાડીઓ જે બહાર જાય ત્યારે આપણે દરરોજના રહેવાના, જમવાના કેટલાં પૈસા એક દિવસ લેખે આપીએ છીએ? કારણકે મેં બુધવારની પ્રશ્નોત્તરીનો ઉલ્લેખ કર્યો તે જ પ્રશ્નના સંદર્ભમાં કહેવા માંગુ છું કે દિલ્હીની અંદર આપણી સાથે પંજાબ, હરિયાણા બધાની ટીમો આવેલી. તેને બધાને થ્રી સ્ટાર હોટલોમાં ઉતરવાનું મળ્યું હતું અને તેના રાજયોએ વ્યવસ્થા કરી હતી. આપણાં રાજયની ટીમને સ્કૂલમાં શિયાળાની અંદર માઈનસ ચાર ડિગ્રીની અંદર તેમને રહેવું પડ્યું હતું તે વખતે. માનનીય મંત્રીશ્રી બાવકુભાઈ ઉધાડને આ બાબતની ફરિયાદ કરી હતી તેમણે મને એમ કહ્યું હતું કે અમે દરખાસ્તો માનનીય મુખ્યમંત્રીશ્રીને આના જે રેમ્યુનરેશન દરો વધારવા માટેની મોકલી હતી તે ફાઈલ પાછી આવી છે તેને રહેવા અને જમવા માટેના પૂરતાં પૈસા ના આપવાને કારણે આ સ્કૂલમાં રહેવું પડ્યું હતું તો આ બાબતનો પણ માનનીય મંત્રીશ્રી ખુલાસો કરે.

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, આ જે નિયમો બનાવ્યા છે તે સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાની નેશનલ રમતો માટે આ નિયમો બનાવ્યા છે અને જે રાજયોની ટીમો બીજા રાજયોની અંદર રમવા માટે જયા ત્યાં આવાસની તમામ વ્યવસ્થા જે તે રાજય સરકારે કરવાની હોય છે અને એટલા માટે દિલ્હી સરકારે કરવી જ પડે. બીજી રાજય સરકારોએ કરી હશે તે મને ખબર નથી. (અંતરાય) આટલી બધી ઉતાવળ શેની કરો છો? જરા ધીરજ ધરો, સાંભળવા માટે. (સતત અંતરાય) અન્ય રાજયની અંદર રમવા માટે વિદ્યાર્થીઓ જાય છે, ત્યારે પ્રતિદિન ૧૦૦ રૂપિયા આપવામાં આવે છે. (અંતરાય) સાહેબ, એ લોકો તો ૩૦ રૂપિયાયે નહોતા આપતા.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : એક દિવસના જમવાના એક જ ટાઈમના ૧૦૦ રૂપિયા હોય, એને રહેવાના અને જમવાના ૧૦૦ રૂપિયા આપતા હોય, એ પણ નેશનલ ગેઈમની અંદર જતા હોય ત્યારે અપાતા હોય, તો આપણા ખેલાડીઓની શું સ્થિતિ હશે? એ માનનીય મંત્રીશ્રીએ જોવું જોઈએ. કારણ કે એક જ નવરાત્રિ મહોત્સવમાં ૧૦ કરોડ રૂપિયા વાપરીએ અને આખા રાજયનું ગેઈમનું ટોટલ બજેટ જે છે, રહેવાનું અને જમવાનું, એ ૭૮ લાખ રૂપિયા હોય તો એની હાલત શું થતી હશે?

**શ્રી અશોક ભટ્ટ** : આ નિવેદનો માટે નથી. એમની દિલ્હીની સરકારે વ્યવસ્થા ન કરી.. ઓલ ઈન્ડિયાની વ્યવસ્થા પ્રમાણે એ વ્યવસ્થા ત્યાં કરવાની હોય છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : દરેક રાજય સરકારે પોતાની વ્યવસ્થા કરી છે. આપણા રાજયે કરવી જોઈએ. તમે ચિંતા કરતા નથી, મને એની શરમ થાય છે. હું એમની વાત કરતો નથી. મને શરમ થાય છે.

**શ્રી અશોક ભટ્ટ** : આ પ્રશ્નની અંદર એ કયાં આવી ગયું? વિરોધ પક્ષના નેતા પૂરક પ્રશ્નની મર્યાદા ન સમજે? એમણે દિલ્હી અંગેનો પ્રશ્ન પૂછયો, એનો જવાબ આપ્યો રૂપિયાના પ્રશ્નનો જવાબ આપ્યો. એમણે જે કહ્યું હતું. એનો જવાબ આપ્યો, એમાં ઉત્સવોની ઉજવણી કયાં આવે? વ્યંગાત્મક અને આક્ષેપાત્મક રીતે વાત નહીં કરવી જોઈએ, એ નિયમની એમને ખબર હોવી જોઈએ.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ટીમ જયારે દિલ્હી જાય કે કોઈપણ રાજયમાં જાય, ત્યારે જતા આવતાનો તમામ ખર્ચ રાજય સરકાર ભોગવે છે. ૧૦૦ રૂપિયા માત્ર ભોજન ખર્ચ આપવામાં આવે છે. ટ્રાન્સપોર્ટેશન અને આવાસની વ્યવસ્થા એ જે તે સરકારે, જયાં રમવાનું હોય છે, એ સરકારે કરવાની હોય છે. બાકીનો ખર્ચ રાજય સરકારો ભોગવે જ છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : •* (xxxxx) આ ૧૦૦ રૂપિયાના ૫૦૦ રૂપિયા કરવા માગો છો કે કેમ? વધારવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : એમના સમયમાં ૩૦ રૂપિયા આપતા હતા. આ રાજય સરકારે ૧૦૦ રૂપિયા કરી દીધા છે, અને કંઈ જરૂર નથી.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી આપની સામે આવીને કઈ ફાઈલ પાછી આવી છે, એ વિગતો આપે અને આપ એ માહિતી ગૃહમાં જાહેર કરો. એટલામાં બધું આવી જશે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : હું મુખ્યમંત્રીશ્રીની વાતમાં સૂર પૂરાવીને કહું છું કે (અંતરાય)• (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx)

**શ્રી વજુભાઈ વાળા** : જે માહિતી કોઈક આપે એ ન કહેવાની હોય. પોતાની પાસે હોય એ જ કહેવી જોઈએ. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ. (અંતરાય) બેસો બધા.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : કોઈ મંત્રીએ ગુપ્તતાના સોગંદનો ભંગ કર્યો હોય અને માહિતી આપી હોય તો એ પગલાં પણ લઈ શકાય છે. એટલા માટે એ દિશામાં આપણે જઈશું. આપણી બધી તૈયારી છે. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી એમની પાસે જે માહિતી હોય એ અધ્યક્ષશ્રીને આપે. હાઉસમાં મૂકે તો પણ ચાલે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : અધ્યક્ષશ્રીને જ નહીં, મેં તો ગૃહને માહિતી આપી છે. (અંતરાય) મેં તો ગૃહને માહિતી આપી છે.

**અધ્યક્ષશ્રી** : જૂઓ. ગૃહમાં મારે એક વાત કહેવી છે. (અંતરાય) પ્લીઝ. અહીંયા કોઈપણ સભ્યશ્રી કોઈપણ આક્ષેપ કરશે, ત્યારે એ આક્ષેપને સાબિત કરવાની જવાબદારી, એની માહિતી આપવાની જવાબદારી જે તે સભ્યશ્રીની હોય છે. એટલા માટે આપ જે માહિતી આપવા માગો છો, એ બાવકુભાઈ કહે કે ના કહે, એ મારે જોવાનું નથી ગૃહને, આપે એ માહિતી આપવી જોઈએ. (અંતરાય)

(આ તબકકે બન્ને પક્ષના સભ્યશ્રીઓ પોતપોતાની જગ્યાએ ઉભા થઈ જતાં)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ,...(સતત અંતરાય)

(આ તબકકે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓએ 'દાદાગીરી નહીં ચલેગી' ના સૂત્રોચ્ચાર ચાલુ કર્યા)

(સતત ઘોંઘાટ-ચાલુ)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ બેસો, પ્લીઝ બેસો, (સતત અંતરાય) બધા બેસો પ્લીઝ, પ્લીઝ, (અંતરાય) પ્લીઝ હવે બેસો બધા, (સતત અંતરાય) બેસો. (સતત અંતરાય) માનનીય અર્જુનભાઈ, આપની પાસે માહિતી હોય તો મને આપજો.(અંતરાય)

(આ તબકકે શાસક પક્ષના બધા જ સભ્યશ્રીઓ ઉભા થઈ ગયા)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના તમામ શબ્દો રેકર્ડમાંથી કાઢી નાંખવા જોઈએ. (અંતરાય) જે કાંઈ તેમણે પૂછયું છે એ એમની જાત માહિતી હોય તો જ વાત કરવી જોઈએ, કોઈને ટાંકીને વાત ના કરી શકાય. એમની પોતાની જાત માહિતી હોય તો જ એ પૂછે, કોઈનું નામ લઈને આક્ષેપ કરવો એ કોઈપણ રીતે વાજબી નથી. આ તેમના તમામ શબ્દો રેકર્ડ ઉપરથી કાઢી નાંખવા જોઈએ અને કાં તો એ આ અંગેની માહિતી આપે.(સતત અંતરાય)

---

• * (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

• * (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એમનું ચાલે તો વિરોધપક્ષને જ કાઢી નાંખે. (અંતરાય) (xxxxx) (xxxxx) (xxxxx)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અર્જુનભાઈ, (xxxxx)આ વિધાનસભા છે, આ રીતે ના ચાલે, આ કોઈની શાક માર્કેટ નથી, જે કાંઈ કહો એ જવાબદારીપૂર્વક કહો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આમાં એક વાત સ્પષ્ટ છે અને અહીંયાં હું હંમેશાં બધાને કહેતો આવ્યો છું કે કોઈપણ સભ્યશ્રીએ કોઈને માટે પણ આક્ષેપ કરવો હોય તો એ આક્ષેપ પૂરવાર કરવા માટેની જવાબદારી એમની પોતાની છે આ આક્ષેપો અંગેના પુરાવા જે કાંઈ આપવા પડે એ એમણે પોતાએ આપવાના છે. કોઈ આમ કહે છે કે તેમ કહે છે અને 'એમણે એમ કહયું હતું' એ રીતે એમના શબ્દો ટાંકીને આક્ષેપ કરવો એ બરાબર નથી. એટલે આપ એના પુરાવા આપી દેજો અને એ નહીં આપો તો એ શબ્દો છે એ અહીંથી હું દૂર કરું છું. (અંતરાય) મેં એ શબ્દો દૂર કર્યા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં સભ્યશ્રી ઉપર આક્ષેપ કર્યો નથી, મેં તો માત્ર મને જે કહેવામાં આવ્યું, જે તે વખતે સાંસ્કૃતિક મંત્રીશ્રીએ વાત કરી હતી, એ વાત મેં કરી હતી. આ કોઈ આક્ષેપ નથી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આપે રૂલિંગ આપી દીધું છે એટલે આ પૂરું થઈ ગયું છે અને પછી પણ એ આ વાતને કયાં ઉખેડે છે (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ દિલ્હી સરકારનો આક્ષેપ મૂકયો છે એ આક્ષેપ નથી? અને મેં જે તે વખતે મંત્રીશ્રીએ કહયું હતું એની માહિતી આપી છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક:૮.

## સુરેન્દ્રનગર જિલ્લામાં અગરિયા મજૂરો માટેના આવાસો

***૨૦૦૨૦ શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા (હળવદ)** : **માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ મીઠામાં કામ કરતાં મજૂરો માટે મકાન બનાવવાની યોજના કાર્યરત છે કે કેમ,

(૨) જો હા, તો તાલુકાવાર કેટલા આવાસો બનાવવાનુ આયોજન છે, અને

(૩) તે પૈકી તાલુકાવાર કેટલા આવાસો બનાવવામાં આવ્યા અને બાકીના આવાસો કેટલા સમયમાં બનાવવામાં આવનાર છે?

**મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી (રાજયકક્ષા):**

(૧) હા, જી.

(૨) મીઠું ઉત્પાદન કરતા ત્રણ તાલુકાઓમાં નીચે મુજબ આયોજન છે:-

| | તાલુકો | આવાસો |
|---|---|---|
| ૧. | ધાંગધ્રા | શૂન્ય |
| ૨. | પાટડી | ૧૯૧ |
| ૩ | હળવદ | ૨૬ |
| | કુલ | ૨૧૭ |

(૩) પાટડી તાલુકામાં ૧૭૬ અને હળવદ તાલુકામહાં ૨૬ આવાસોનું બાંધકામ પ્રગતિમાં છે, જે બને તેટલી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મીઠું પકવતા અગરિયાઓ માટે મકાન-આવાસ યોજનામાં હળવદ તાલુકામાં અને પાટડી તાલુકામાં ૨૧૭ મકાનોનું કામ ચાલે છે. આ કામગીરી કેટલા સમયમાં પૂરી કરવામાં આવશે? મારો બીજો પ્રશ્ન એ છે કે આ લોકો રણમાં કામ કરતા હોય ત્યારે એમને પીવાનું પાણી મળે, એના બાળકોનું આરોગ્ય સચવાય, એના બાળકોને શિક્ષણ મળે, એ બધી વ્યવસ્થા સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૫ આવાસોના કામ પૂર્ણ થયેલા છે. ૨૬ મકાનોના કામ પ્લીન્થ લેવલે આવેલ છે. ૧૭૬ આવાસોમાંથી ૭૦ મકાનોના લીન્ટલ લેવલ સુધી અને ૧૦૬ મકાનો સ્લેબ લેવલ સુધી આવેલા છે. અને આ કામો સત્વરે પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, એક લાખ જેટલા અગરિયાઓના કલ્યાણ માટેનું રાજય સરકારે આયોજન કરેલ છે. એમાં સાગર ખેડૂ વિકાસ યોજના જે ગઈ કાલે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જાહેર કરી એમાં પણ ૧૧ હજાર કરોડ રૂપિયાની

યોજનામાં પણ આ અગરિયાઓના કલ્યાણની સામેલગીરી કરવામાં આવેલ છે. અત્યારે પીવાના પાણીની સુવિધા માટે, રહેઠાણ અને ધંધાના સ્થળે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન એમ્પાવર કમિટી દ્વારા જુદી જુદી યોજનાઓ મંજૂર કરવામાં આવી છે અને ૧૫ જિલ્લાઓમાં પાઈપ લાઈન મારફત પાણી આપીને, ઓવર હેડ ટાંકીઓ બનાવીને, પી.વી.સી.ની પાંચ હજાર અને બે હજાર લિટરની ટાંકીઓ, અન્ડર ગ્રાઉન્ડ વોટર ટૅન્ક બનાવવા માટે, ટૅન્કરો વગેરે માટે એમ કરીને પાંચ વર્ષમાં ૧૫ કરોડ રૂપિયાથી વધારે ખર્ચ કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં વસતા અગરિયાઓના બાળકોને શિક્ષણ મળી રહે તેના માટે જુદા જુદા વિસ્તારમાં પ્રાથમિક શાળાઓના ઓરડાઓ બનાવવા અને બાળકોને કમ્પ્યુટરનું શિક્ષણ અને ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપવી, ગણવેશ, શિક્ષણની કીટ્સ તેમજ પાટણ જિલ્લામાં અગરિયાઓની કન્યાઓને કેળવણી અર્થે જવા માટે બે બસની યોજના તેમજ રમત ગમતના સાધનોની યોજના માટે છેલ્લા પાંચ વર્ષમાં ૧ કરોડ ૩૬ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે. આ સિવાય અગરિયાઓના પરિવારના સ્થળ ઉપર જ રેશનિંગની દુકાનો મળી રહે તેના માટે અન્ન અને નાગરિક પુરવઠા નિગમની ચાર રેશનિંગ મોબાઈલ વાન મંજૂર કરવામાં આવેલ છે. અને ૬૫ લાખ રૂપિયાનો તેના માટે ખર્ચ કરવામાં આવેલ છે. મને વિશેષ માહિત આપતાં આનંદ થાય છે કે આરોગ્ય વિભાગે એમ્બ્યુલન્સ વાનની યોજના કરી છે અને જી.પી.એસ. ગ્રાઉન્ડ પોઝીશનીંગ સિસ્ટેમ, સેટેલાઈટ મારફત એ એમ્બ્યુલન્સ વાન કયા સ્થળ ઉપર છે તેની માહિતી ગાંધીનગર બેઠા બેઠા મળી રહે અને અગરિયાઓને કોઈ સખત બિમારી અથવા ઈમરજન્સી સારવારની જરૂર ઊભી થાય તો આ એમ્બ્યુલન્સને માહિતી આપી શકાય અને પહોંચતી કરી શકાય તે પ્રકારનું આયોજન પણ ત્યાં કરવામાં આવેલ છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું જાણવા માગું છું કે મીઠાના અગરમાં કામ કરતાં છેવાડાના માનવીઓ છે તે અતિ પરિશ્રમ કરતા અને મજૂર વર્ગના લોકો છે. આજે માનનીય અર્જુનભાઈ ગમે એટલી બૂમો પાડે, પણ આજસુધીમાં આ મીઠાના અગરમાં કામ કરતાં અગરિયાઓની ચિંતા એમણે કયારેય કરી નથી. આજે જ્યારે સાગર ખેડૂ વિકાસ યોજના ૧૧ હજાર કરોડની ગુજરાત સરકારે બહાર પાડી છે ત્યારે એમાં પણ અગરિયાઓ માટે કરોડો રૂપિયાની યોજના દાખલ કરવામાં આવેલી છે. અગાઉના વખતમાં કયારેય પણ આ અગરિયાઓની ચિંતા કરવામાં આવી નહોતી. મારે એ જાણવું છે કે આ રાજય સરકાર દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં અગરિયાઓના વિકાસ માટે કેટલી રકમ વાપરવામાં આવી છે?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત આ સભાગૃહને જણાવતા આનંદ અનુભવું છું કે રાજય સરકારે પાંચ વર્ષ પહેલા જે વિભાગમાં માત્ર ૩ કરોડ રૂપિયાની જોગવાઈ હતી તેમાં ૨૦૦૭-૦૮ના વર્ષમાં વધારો કરી અને બજૅટમાં નાણા મંત્રીશ્રી દ્વારા ૩૫ કરોડ કરતાં વધારે રકમની જોગવાઈ કરવામાં આવેલી છે. છેલ્લા પાંચ વર્ષમાં જે નાણા વાપરવામાં આવ્યા છે તેની આ સભાગૃહને માહિતી આપું તો ૨૦૦૩-૦૪ ના વર્ષમાં ૧ કરોડ ૪૭ લાખ રૂપિયા, ૨૦૦૪-૦૫ માં મોટો વધારો કરી અને ૮ કરોડ ૩૦ લાખ રૂપિયા, ૨૦૦૫-૦૬ માં ૧૫ કરોડ અને ૨૦૦૬-૦૭ માં અત્યાર સુધીમાં ૧૨ કરોડ રૂપિયાનો ખર્ચ અગરિયાઓના કલ્યાણ માટે કરવામાં આવ્યો છે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અગરિયાઓ માટે કોઈ ખાસ પૅકૅજ યોજના ભારત સરકારે આપી હતી કે કેમ? અને આપી હોય તો કેટલા પૈસા આપ્યા હતા? અને એમાંથી કેટલા પૈસા વપરાયા છે અને અત્યારે હાલ કેટલા પૈસા એમાંથી બાકી છે?

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : કેન્દ્ર સરકાર દ્વારા જે સોલ્ટ સેસ ઉઘરાવવામાં આવે છે એ સોલ્ટ સેસની અંદર ભારત સરકારને એમાં ૨૦૦૩-૦૪માં ૨ કરોડ ૧૧ લાખ, ૨૦૦૪-૦૫માં ૨ કરોડ ૩૮ લાખ, ૨૦૦૫-૦૬માં ૨ કરોડ ૩૪ લાખની આવક થઈ છે. એમાંથી ભારત સરકારે જે ખર્ચ કર્યો છે એ આપને કહું તો ૨૦૦૩-૦૪માં ૧૧ લાખનો કરેલ છે. ૨૦૦૪-૦૫માં ૨૩ લાખ, ૨૦૦૫-૦૬ માં ૨૭ લાખ ૫૦ હજારનો ખર્ચ કરેલ છે. ૨૦૦૬-૦૭માં શૂન્ય ખર્ચ કરેલ છે.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : ભારત સરકારના પૈસા રોડમાં વાપર્યા છે, આવાસોમાં વાપર્યા છે. ધ્રાંગધ્રા, પાટડી અને હળવદ આ વિસ્તારમાં ૩૫ થી ૪૦ હજાર અગરિયાઓ કામ કરે છે. એની સામે ફક્ત ૨૧૭ મકાનો મંજૂર કરવામાં આવ્યા છે. તો એમાં સરકાર કંઈ વધારો કરવા માગે છે કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે ગુજરાત સરકાર તરફથી કલેક્ટર દ્વારા દરેક અગરિયાઓને રણ ખાલી કરવાની અભયારણ્ય યોજનાને કારણે નોટિસો આપવામાં આવી છે. એકબાજુ આ યોજના મંજૂર કરવામાં આવે છે. તો આ અગરિયાઓને ધંધા ઉપર રહેવા દેવા માગો છો કે કેમ? ખારાઘોડામાં રહેતા અગરિયાઓના પીવાના પાણી માટે પાઈપ લાઈન મંજૂર કરવામાં આવી છે. પરંતુ છેલ્લા છ મહિનાથી એનું કામ ખોરંભે પડેલ છે. તો તાત્કાલિક એ કામ ચાલુ કરાવવા માગો છો કે કેમ?

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : અગરિયાઓના આવાસ માટે જે યોજના મંજૂર થઈ છે એમાં કેન્દ્ર સરકારની ૫૦ હજાર રૂપિયાની યોજના હતી પરંતુ અત્યંત મોંઘવારીને કારણે આ ૫૦ હજારમાં મકાન બનાવવાનું શકય નહોતું એટલે રાજય સરકારે પોતાના ફંડમાંથી ૧૦ હજાર રૂપિયાનો ઉમેરો કરીને ૬૦ હજાર રૂપિયા મકાન

બનાવવા માટે આપીએ છીએ. ૧૧મી પંચવર્ષીય યોજના માટે ૧૪ હજાર આવાસો અગરિયાઓ માટે બનાવવા માટેની દરખાસ્ત મોકલી આપવામાં આવી છે.

### રાજયમાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં વહીવટી સ્ટાફની ભરતી

***૧૯૧૭૫ શ્રી કાળુભાઈ વી. વીરાણી (કુંડલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષથી કલાર્કોની જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે, જેના કારણે વહીવટી બાબતોમાં ખૂબજ મુશ્કેલી પડે છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માગે છે અને અત્યાર સુધીમાં ભરવામાં ન આવી હોય તેના શાં કારણો છે?

**શિક્ષણ મંત્રીશ્રી:**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વહીવટી સ્ટાફની કેટલી જગ્યાઓ ખાલી છે અને એ જગ્યાઓ પૂરવા માટે સરકારશ્રી ક્યારે આ જગ્યા ભરવા માગે છે?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : ગુજરાતની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જુનિયર કારકુનોની ન ભરી હોય તેવી ૨૯૫ જગ્યાઓ છે. આ જગ્યાઓ ભરવા માટેની એન.ઓ.સી. જે તે શાળાને આપી દેવામાં આવી છે. પરંતુ માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણી હતી એટલે આ બે થી અઢી મહિના સુધી આચાર સંહિતા લાગતી હતી એટલે મંજૂરી આપવા છતાં જુનિયર કારકુનોની જગ્યાઓ ભરી શકાયેલ નહોતી પરંતુ હવે શાળાઓ જાહેરાતો આપીને એ જગ્યાઓ ભરી શકશે.

### આણંદ જિલ્લામાં કેરોસીનની ફાળવણી

***૧૯૫૬૨ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) આણંદ જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા દર માસે દરેક તાલુકાને દસ લીટર પ્રમાણે કેરોસીનની ફાળવણી કરવામાં આવે છે તો સન ૨૦૦૫-૦૬માં આણંદ જિલ્લામાં દરેક તાલુકામાં વ્યકિતદીઠ કેરોસીનની કેટલી ફાળવણી થઈ, અને

(૨) અતિવૃષ્ટિ દરમિયાન બોરસદ, આંકલાવ અને ખંભાત ત્રણે તાલુકા સૌથી વધારે અસરગ્રસ્ત હોવા છતાં, આ ત્રણે તાલુકાઓ કરતાં અન્ય તાલુકાઓમાં કેરોસીનની વધારે ફાળવણી કરવાનું કારણ શું છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજયકક્ષા):**

(૧) સને ૨૦૦૫-૦૬માં આણંદ જિલ્લાના કુલ નોનગેસ કાર્ડની સંખ્યા પ્રમાણે કાર્ડદીઠ ૧૦ લીટર કેરોસીનની જરૂરિયાત જોતાં ૩૨૨૯૦.૬૮ કિલોલીટર કેરોસીનની જરૂરિયાત હતી. જેની સામે રાજય સરકારશ્રી તરફથી અત્રેના જિલ્લાને ૨૮૧૦૯ કિલોલીટર જથ્થાની ફાળવણી કરવામાં આવેલ, જે કુલ જરૂરિયાતના ૮૭.૦૪ ટકા જથ્થો ફાળવેલ છે.

પત્રક-અ સામેલ છે.

આ ફાળવણી કરેલ જથ્થાની તાલુકા પ્રમાણે સપ્રમાણ ફાળવણી કરતાં કાર્ડદીઠ ૮.૭૦ લીટર કેરોસીનની ફાળવણી કરવામાં આવેલ છે.

પત્રક-બ સામેલ છે.

(૨) અતિવૃષ્ટિ દરમિયાન આણંદ જિલ્લાના તમામ પુર અસરગ્રસ્ત કુટુંબોની સંખ્યા તાલુકા મામલતદારશ્રીઓ પાસેથી મેળવીને તાલુકાની જરૂરિયાત પ્રમાણે વધારાના કેરોસીનનો જથ્થો બોરસદ, આંકલાવ અને ખંભાત તાલુકામાં ફાળવવામાં આવેલ છે. આમ, જરૂરિયાત મુજબ દરેક તાલુકાને જથ્થો ફાળવેલ હોઈ વધારે ઓછાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કોઈ તાલુકામાંથી ઓછો જથ્થો મળ્યા બાબતે કોઈ ફરિયાદ અત્રે મળેલ નથી.

પત્રક-ક સામેલ છે.

**પ ત્ર ક - અ**

સને-૨૦૦૫-૦૬ આણંદ :
જિલ્લો

| અ.નં. | માસનું નામ | ૧૦ લીટર પ્રમાણે નોનગેસ ઉપર આપવા પાત્ર જથ્થો | સ્ટેમ્પીંગનો માસ | રાજ્ય સરકાર તરફથી ૧૦/૦૪ ની સ્થિતિએ કરવામાં આવેલ ફાળવણી | | જિલ્લાએ કરેલ ફાળવણી | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | જથ્થો | ટકાવારી | જથ્થો | ટકાવારી |
| ૧ | એપ્રિલ-૦૫ | ૨૬૪૦-૫૨ | ૧૦/૦૪ | ૨૩૨૩ | ૮૭.૭૫% | ૨૩૨૩ | ૮૭.૯૭% |
| ૨ | મે-૦૫ | ૨૬૭૦-૫૩ | ૩/૦૫ | ૨૩૨૩ | ૮૬.૮૭% | ૨૩૨૩ | ૮૬.૯૮% |
| ૩ | જુન-૦૫ | ૨૬૭૦-૫૩ | ૩/૦૫ | ૨૩૪૫ | ૮૭.૮૨% | ૨૩૪૫ | ૮૭.૮૨% |
| ૪ | જુલાઇ-૦૫ | ૨૬૮૬-૬૩ | ૪/૦૫ | ૨૩૬૮ | ૮૮.૧૫% | ૨૩૬૮ | ૮૮.૧૪% |
| ૫ | ઓગસ્ટ-૦૫ | ૨૬૯૧-૮૫ | મે/૦૫ | ૨૩૫૫ | ૮૭.૪૬% | ૨૩૫૫ | ૮૭.૪૮% |
| ૬ | સપ્ટે-૦૫ | ૨૬૯૫-૪૯ | જુન/૦૫ | ૨૩૩૩ | ૮૬.૫૫% | ૨૩૩૩ | ૮૬.૫૫% |
| ૭ | ઓક્ટો-૦૫ | ૨૬૯૫-૪૯ | જુન/૦૫ | ૨૩૫૧ | ૮૭.૨૧% | ૨૩૪૮ | ૮૭.૧૦% |
| ૮ | નવે-૦૫ | ૨૬૯૫-૪૯ | જુન/૦૫ | ૨૩૫૦ | ૮૭.૧૯% | ૨૩૫૦ | ૮૭.૧૯% |
| ૯ | ડિસે-૦૫ | ૨૬૯૫-૪૯ | જુન/૦૫ | ૨૩૨૯ | ૮૬.૪૦% | ૨૩૨૯ | ૮૬.૪૦% |
| ૧૦ | જાન્યુ-૦૬ | ૨૭૧૬-૧૨ | ૧૦/૦૫ | ૨૩૨૭ | ૮૫.૬૭% | ૨૩૨૭ | ૮૫.૬૭% |
| ૧૧ | ફેબ્રુ-૦૬ | ૨૭૧૬-૨૨ | ૧૦/૦૫ | ૨૩૫૬ | ૮૬.૭૫% | ૨૩૫૬ | ૮૬.૪૮% |
| ૧૨ | માર્ચ-૦૬ | ૨૭૧૬-૨૨ | ૧૦/૦૫ | ૨૩૪૯ | ૮૬.૪૮% | ૨૩૪૯ | ૮૬.૪૮% |
| | | ૩૨૨૯૦-૬૮ | | ૨૮૧૦૯ | ૮૭.૦૪% | ૨૮૧૦૬ | |

**પત્રક-બ**

સને ૨૦૦૫-૦૬ આણંદ :
જિલ્લો

કેરોસીનની તાલુકાવાર ફાળવણી

| અ.નં. | તાલુકાનું નામ | એપ્રિલ | મે | જુન | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટેમ્બર | ઓકટોબર | નવેમ્બર | ડીસેમ્બર | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | આણંદ (શહેર) | ૧૩૧ | ૧૩૫ | ૧૩૬ | ૧૩૮ | ૧૩૭ | ૧૩૬ | ૧૩૭ | ૧૩૭ | ૧૩૫ | ૧૩૬ | ૧૩૮ | ૧૩૭ |
| ૨ | આણંદ (ગ્રામ્ય) | ૪૮૫ | ૪૯૨ | ૪૯૭ | ૫૦૨ | ૪૯૯ | ૪૯૪ | ૪૯૬ | ૪૯૭ | ૪૯૩ | ૪૯૭ | ૫૦૪ | ૫૦૨ |
| ૩ | ઉમરેઠ | ૨૦૮ | ૨૧૨ | ૨૧૪ | ૨૧૫ | ૨૧૪ | ૨૧૩ | ૨૧૪ | ૨૧૪ | ૨૧૨ | ૨૧૨ | ૨૧૪ | ૨૧૪ |
| ૪ | આંકલાવ | ૨૧૬ | ૨૧૩ | ૨૧૬ | ૨૧૬ | ૨૧૫ | ૨૧૨ | ૨૧૪ | ૨૧૪ | ૨૧૨ | ૨૧૦ | ૨૧૩ | ૨૧૨ |
| ૫ | બોરસદ | ૪૩૬ | ૪૨૯ | ૪૩૩ | ૪૩૬ | ૪૩૫ | ૪૩૨ | ૪૩૫ | ૪૩૫ | ૪૩૧ | ૪૩૨ | ૪૩૭ | ૪૩૬ |
| ૬ | સોજીત્રા | ૧૩૧ | ૧૩૦ | ૧૩૧ | ૧૩૫ | ૧૩૪ | ૧૩૩ | ૧૩૪ | ૧૩૪ | ૧૩૩ | ૧૩૨ | ૧૩૪ | ૧૩૪ |
| ૭ | પેટલાદ | ૨૬૯ | ૨૬૨ | ૨૬૪ | ૨૬૫ | ૨૬૪ | ૨૬૧ | ૨૬૩ | ૨૬૩ | ૨૬૧ | ૨૬૦ | ૨૬૩ | ૨૬૨ |
| ૮ | ખંભાત | ૩૩૯ | ૩૩૮ | ૩૪૧ | ૩૪૩ | ૩૪૦ | ૩૩૬ | ૩૩૮ | ૩૩૯ | ૩૩૬ | ૩૩૩ | ૩૩૭ | ૩૩૬ |
| ૯ | તારાપુર | ૧૦૮ | ૧૧૨ | ૧૧૩ | ૧૧૮ | ૧૧૭ | ૧૧૬ | ૧૧૭ | ૧૧૭ | ૧૧૬ | ૧૧૫ | ૧૧૬ | ૧૧૬ |
| | કુલ : | ૨૩૨૩ | ૨૩૨૩ | ૨૩૪૫ | ૨૩૬૮ | ૨૩૫૫ | ૨૩૩૩ | ૨૩૪૮ | ૨૩૫૦ | ૨૩૨૯ | ૨૩૨૭ | ૨૩૫૬ | ૨૩૪૯ |

કુલ ફાળવણી :- ૨૮૧૦૬
સરેરાશ તાલુકા દીઠ :- ૮.૭૦ લીટર કાર્ડ દીઠ

**પત્રક-ક**

સને ૨૦૦૫-૦૬ આણંદ : જિલ્લો

અતિવૃષ્ટિ દરમ્યાન ફાળવણી કરેલ વધારાના કેરોસીનની માહિતીનું પત્રક

| અ.નં. | તાલુકાનું નામ | પુર અસરગ્રસ્ત કુટુંબોની સંખ્યા | ફાળવેલ જથ્થો | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| | | | ૨(બે) લીટર પ્રમાણે | ૫(પાંચ) લીટર પ્રમાણે | |
| ૧ | આણંદ (શહેર) | ૧૦૦૦ | ૨ | - | |
| ૨ | આણંદ (ગ્રામ્ય) | ૧૦૦૦૦ | ૨૪ | ૬૦ | |
| ૩ | ઉમરેઠ | ૨૨૦૦૦ | ૪૮ | ૧૧૦ | |
| ૪ | આંકલાવ | ૧૧૦૦૦ | ૨૬ | ૬૫ | |
| ૫ | બોરસદ | ૨૦૦૦૦ | ૪૪ | ૧૪૫ | |
| ૬ | સોજીત્રા | ૨૦૦૦૦ | ૪૦ | ૧૦૦ | |
| ૭ | પેટલાદ | ૪૫૦૦૦ | ૯૮ | ૨૨૫ | |
| ૮ | ખંભાત | ૪૦૦૦૦ | ૮૮ | ૨૨૦ | |
| ૯ | તારાપુર | ૧૫૦૦૦ | ૩૦ | ૭૫ | |
| | **કુલ :** | **૧૮૪૦૦૦** | **૪૦૦** | **૧૦૦૦** | |

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫-૦૬માં કેરોસીનની ફાળવણી ઓછી કરવામાં આવી છે. ૧૦ લીટર આપવાની રાજય સરકારની જાહેરાત હોવા છતાં થોડું ઓછુ કેરોસીન મળે છે. તો આપના

દ્વારા મંત્રીશ્રીને કહેવું છે કે કેરોસીન ઓછું આપવાના કારણો શું છે અને જે રેશનકાર્ડ વાળા વહેલા આવે છે એ દસ લીટર જાહેરાતને આધારે લઈ જાય છે જ્યારે પાછળથી આવનારને દસ લીટર કેરોસીન પુરુ મળતું નથી. તો બધાને સપ્રમાણ કેરોસીન મળે તેવી જોગવાઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સભ્યશ્રીને જણાવવું છે કે ૯૦,૦૦૦ કિલોલિટર આ રાજય સરકારને કેરોસીનની જરૂરિયાત છે. તેની સામે માત્ર ૭૯,૬૪૪ કિલોલિટર માત્ર તેની ફાળવણી થાય છે. ક્રમશઃ ઘટાડો થયો છે તેમાં ૯,૪૯૫ કિલોલિટર ૨૦૦૧થી ૨૦૦૪ અત્યાર સુધી આનો કિલોલિટરમાં ઘટાડો, કેન્દ્ર સરકાર તરફથી ઓછી ફાળવણી થાય છે. આ મળેલ જથ્થો છે તેમાંથી સપ્રમાણની વાત કરું તો વર્ષ ૨૦૦૫-૦૬માં આણંદ જિલ્લામાં દરેક તાલુકામાં ૨૮,૧૦૬ની ફાળવણી કરવામાં આવી છે. ૧૦૦ ટકા વિતરણ કરીને ૧૦૦ ટકા અમે ત્યાં મોકલી પણ આપ્યું છે. ૯૯.૯ ટકા સુધી તેનું વેચાણ પણ થયું છે. એટલે આખા રાજયમાં વહેંચણીનું પ્રમાણ છે એ નક્કી કરીને સપ્રમાણથી જ આપીએ છીએ. કોઈને વધારે, કોઈને ઓછું એવું કોઈ પ્રમાણ નથી. એટલે ૧૦૦ ટકા પ્રમાણ કરવાથી હવે કોઈ રહી જાય છે એવો કોઈ કિસ્સો નથી. જેટલા રેશનકાર્ડ છે એ પ્રમાણેનું જે પ્રમાણ નક્કી કર્યું છે એ પ્રમાણેનું કેરોસીન ફાળવવામાં આવે છે.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં નોનગેસ ગ્રાહકો છે તેને જરૂરિયાત પ્રમાણે કેન્દ્ર સરકારે જે કાપ મૂક્યો છે એ પ્રમાણે અમે પૂરેપૂરો જથ્થો તો ફાળવીએ પરંતુ આ પ્રશ્ન આખાય રાજયનો છે. સરકારે કેરોસીનનો ભૂરો કલર કર્યો પણ ડાયરેક્ટ કેરોસીન વેચનાર એ કલર ઉડાડી દે છે. રૂપિયા ૨૫થી ૨૮ના ભાવે આ લોકો બજારમાં વેચે છે. આમાં ચોક્કસ કોમના લોકો આ પુરવઠાની દુકાન ધરાવે છે. તો આ વ્યકિત જે દુકાન ધરાવે છે તેના નામ અને તેના ફોટા બોર્ડ ઉપર મૂકવા માગો છે કે કેમ? અને બીજું, કેરોસીનનું ટેંકર પેટ્રોલપંપ પર જાય, કોઈને ખબર નથી પડતી. તો કેરોસીનના ટેંકરનો લાલ કલર, પેટ્રોલની ગાડીને લીલો કલર અને ડિઝલની ગાડીને ભૂરો કલર, તો લોકોને ખબર પડે કે આ કેરોસીનની ગાડી અંદર શું મીકસીંગ કરે છે. આ કરવા માગો છો કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : તેમની જે વાત છે કે ભૂરું કેરોસીનને સફેદ કરીને વેચવામાં આવે છે. જ્યારે રાજય સરકારને આવી માહિતી મળે છે અથવા તો અમારી તપાસણી જ્યારે જ્યારે થાય છે, ૨૦૦૫માં કેરોસીનની કુલ ૧૧૮ આવી ફરિયાદો મળી હતી કે કેરોસીન ઓછું મળે છે. નથી મળતું વગેરે. આણંદ જિલ્લામાં ૩૯૮ની અમે તપાસ કરી લીધી છે. ૪૨ કેસો ગેરરીતિમાં પકડી લીધા છે. તેમાં ૧૬,૪૧૨ કિલોલિટર કેરોસીન કબજે કર્યું છે. ૧,૯૨,૭૨૩નો જથ્થો સીઝ કરી લીધો છે. રાજયસાત પણ કર્યો છે. ૬,૬૬૮૫ કિલોલિટર રાજયસાત કર્યો છે. ૯૯,૩૬૬, તેમાં પરવાના મોકૂફ કર્યા, બે પરવાના રદ કર્યા છે. બેની કોર્ટમેટર ચાલે છે. એટલે આમાં રાજય સરકાર કોઈ કચાશ રાખવા માગતી નથી. એ કહે છે કે ટેંકરનો કલર જુદો જુદો હોવો જોઈએ. સભ્યશ્રીનું સૂચન સારું છે. એ ધ્યાને લેવામાં આવશે અને ત્રીજી જે બાબત છે કે કેરોસીન પૂરતા પ્રમાણમાં મળી રહે. મેં આ ગૃહ સમક્ષ અનેક વખત વાત મૂકી છે કે આ પહેલું એવું રાજય છે કે જે આપણે દિનદયાળ ગ્રાહક ભંડાર ઉપર ડોર ટુ ડોર કેરોસીન આપવાની યોજના માત્ર આપણાં રાજયમાં છે. તકેદારી સમિતિઓ બનાવી છે. તેમાં પૂરો જથ્થો મળે છે તેની સહી લઈએ છીએ. એટલે કોઈ ગેરરીતિ થઈ હોય એવું ધ્યાને આવતું નથી.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જે કેરોસીન ઓછું મળે છે અને ૧૦ લિટરની જગ્યાએ કાર્ડ દીઠ ૭ લિટર, ૮ લિટર કે ૫ લિટર જે પણ કાર્ડદીઠ સરેરાશ આવતું હોય તે રીતે આપ કરવા માગો છો કે કેમ? વધુમાં કેરોસીનના ઘણાં દુકાનદારો એવા છે કે મળવાનું હોય ૧૦૦૦ લિટર અને તેની પાસે સાધન હોય ૨૦૦ લિટરનું. તેની દુકાને તપાસીએ, ગામમાં તપાસીએ તો ૨૦૦ લિટરના બૅરલ છે અને તેને મળવાપાત્ર ૧૦૦૦ લિટર છે તો તેના માટે કંઈ કરવા માગો છો કે કેમ? અને આપની એન.ડી.એ.ની સરકાર વખતે કેટલો કાપ હતો અને અત્યારે ભારત સરકારનો કેટલો કાપ છે એ જણાવો.

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય સભ્યશ્રી જે કહે છે કે આ જે કેરોસીન છે તેનું પ્રમાણ અત્યારે અમે બદલી લીધું છે. ૧૦ લિટરનું પ્રમાણ હતું. એક થી ત્રણ વ્યકિત હોય..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**જૂનાગઢ જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાઓ**

૧૯૩૦૭ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ નોંધાયેલ છે,

(૧)

| તાલુકાનું નામ | ખાનગી પ્રાથમિક શાળાની સંખ્યા |
|---|---|
| વંથલી | ૧૯ |
| માણાવદર | ૨૪ |
| ભેસાણ | ૧૫ |
| મેંદરડા | ૦૯ |
| માળિયા | ૩૦ |
| કોડીનાર | ૩૯ |
| કેશોદ | ૬૦ |
| માંગરોળ | ૬૭ |
| વિસાવદર | ૪૪ |
| સુત્રાપાડા | ૩૯ |
| તલાલા | ૪૯ |
| ઉના | ૪૭ |
| વેરાવળ | ૧૨૦ |
| જૂનાગઢ | ૧૨૭ |

(૨) આ શાળાઓમાં પી.ટી.સી. લાયકાત વગરના ઓછી લાયકાત ધરાવતા કેટલા શિક્ષકોની ભરતી થયેલ છે, અને

(૨) ૩૨૧૦

(૩) આ અંગે સરકારે શાં પગલાં લીધા ?

(૩) માન્ય પ્રાથમિક શાળાઓમાં તાલીમી શિક્ષકોની જ નિમણૂક આપવા તા.૨૬-૧૨-૦૬ના પરિપત્રથી સૂચના આપેલ છે.

-----------

**અમરેલી શહેરમાં એરપોર્ટનો વિકાસ**

૨૦૫૫૨ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમરેલી શહેરમાં આવેલું એરપોર્ટ કાયમી ધોરણે ચાલુ કરવાનું કામ તા. ૩૧મી જાન્યુ. ૦૭ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૧) તા.૩૧ જાન્યુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ અમરેલી એરપોર્ટ કાર્યરત નથી.

(૨) આ એરપોર્ટને વિકસાવવા રાજ્ય સરકારનું શું આયોજન છે, અને

(૨) અમરેલી ખાતે હયાત એરટ્રીપનું રીનોવેશન તથા દિવાલ બનાવવાની કામગીરીનું આયોજન છે.

(૩) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૩) સત્વરે.

-----------

**યુવાનો માટે સાહસિક પ્રવૃત્તિઓનું આયોજન**

૨૦૭૯૬**શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યના યુવાનોમાં સાહસ તથા શોર્ય વધે તે માટે રાજ્ય સરકારે કોઈ આયોજન વિચારેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

(૨) ૧. ૧૧મી પંચવર્ષીય યોજનામાં સાહસિક પ્રવૃત્તિઓ માટે રૂા. ૫૦.૦૦ લાખનું આયોજન સૂચવેલ છે. જેમાં સાહસિક પ્રવૃત્તિઓને લગતાં સાધનો ખરીદવા અને સાહસિક યુવાનોને સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

૨. માઉન્ટ આબુ અને જુનાગઢ ખાતે યુવાનોને પર્વતારોહણની તાલીમ આપવામાં આવે છે

૩. આ વર્ષે જોગીન નં. ૧ શિખર આરોહણ સફળતા પૂર્વક યોજવામાં આવ્યું.

૪. પર્વતારોહણ ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરનારને પર્વતારોહણના એવોર્ડ આપવામાં આવ્યા હતા.

૫. પ્રતિ વર્ષે ગિરનાર પર્વત પરના પગથિયા પર આરોહણ અવરોહણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

૬. પ્રતિ વર્ષે સાહસ-શોર્ય એવોર્ડ પ્રદાન કરવામાં આવે છે.

૭. એકાંતરા વર્ષે અખિલ ભારત વીર સાવરકર સમુદ્ર તરણ સ્પર્ધાનું ચોરવાડ થી વેરાવળ વચ્ચેના અરબી સમુદ્રમાં આયોજન કરવામાં આવે છે. આપણી સરહદો ઓળખો કાર્યક્રમનું ભૂજથી સૂઈગામ સુધીના સરહદી વિસ્તારોમાં પ્રતિવર્ષ આયોજન કરવામાં આવે છે.

-----------

**રાજ્યના ક્લાકારોને પુરસ્કૃત કરવા અંગે**

૨૦૭૯૪**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યમાં લલીતક્લા એકેડેમી અને સંગીત નાટક એકેડેમી દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી ક્લાકારોને જુદી જુદી સિધ્ધિઓ માટે પુરસ્કૃત કરવા પસંદગી કરવામાં આવી નથી તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ આ એકેડેમીઓની પસંદગી સમિતિ રચાઈ હોય તો વિગત અને તેમના તરફથી છેલ્લા ત્રણ વર્ષનાં પુરસ્કૃત ક્લાકારોની યાદી તૈયાર થઈ હોય તો વિગત શી છે, અને | (૨) તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં બન્ને અકાદમીઓએ પસંદગી સમિતિની રચના કરેલ નથી પરંતુ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આ સમિતિઓની રચના કરવામાં આવેલ છે. પુરસ્કાર માટે ક્લાકારોની યાદી તૈયાર કરવાની કાર્યવાહી ટુંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. |
| (૩) જો ના, તો છેલ્લા ત્રણ વર્ષની વર્ષવાર પુરસ્કૃત ક્લાકારોને પુરસ્કાર આપ્યાની તારીખ અને કોને કોને ક્યા સ્થળે પુરસ્કાર લેવા બોલાવવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**મહિલા અને બાળ વિકાસ વિભાગમાં માહિતી અધિકાર અધિનિયમનો અમલ**

૧૯૧૨૦**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળના વિષયોના સંબંધમાં માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૩ હેઠળ માહિતી મેળવવા માટે છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૬૯ |
| (૨) આ અરજીઓમાંથી કેટલી અરજીઓની માહિતી આપવામાં આવી, અને | (૨) ૬૮ |
| (૩) કેટલી અરજીઓમાં માહિતી આપી નથી, ક્યા કારણોસર ? | (૩) ૧<br>એક કિસ્સામાં અરજદારને આપવાની થતી માહિતી માટે ચૂકવવાપાત્ર પેસા ભરવા તા. ૨૦-૧-૨૦૦૭ના પત્રથી જણાવેલ છે જે તેઓએ હજુ ભરેલ ન હોઈ, માહિતી આપી શકાઈ નથી. |

-----------

**ગ્રાહક સુરક્ષા કામગીરીનો વ્યાપ વધારવા અંગે**

૨૦૭૦૭**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસકોઈ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| ગ્રાહક સુરક્ષાની કામગીરીમાં લોક ભાગીદારીનો વ્યાપ વધે તે માટે રાજ્ય સરકારે શું પગલાં લીધા છે ? | રાજ્યમાં ગ્રાહક સુરક્ષાની કામગીરીમાં લોકભાગીદારીનો વ્યાપ વધે તે માટે રાજ્ય સરકારે નીચે મુજબ પગલાં લીધેલ છે.<br>(અ) ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિને વેગ મળે તેમજ ગ્રાહકોના હિતનું રક્ષણ થાય તે માટે રાજ્ય સરકારે ૧૯૮૫ થી કાપાગ (કન્ઝ્યુમર્સ એફેર્સ એન્ડ પ્રોટેક્શન એજન્સી ઓફ ગુજરાત) ની રચના ધી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ એકટ-૧૯૫૦ હેઠળ કરેલ છે કાપાગ ગ્રાહક સુરક્ષા મંડળોને નાણાંકીય સહાય આપવા માટે સરકારશ્રીને ભલામણ કરે છે.<br>(બ) રાજ્ય સરકાર તરફથી ૫૮ ગ્રહક સુરક્ષા મંડળોને માન્યતા આપવામાં આવી છે. માન્યતા પ્રાપ્ત ગ્રાહક સુરક્ષા મંડળોને રૂા. ૧ લાખ સુધીની નાણાંકીય સહાય આપવામાં આવે છે.<br>આવા મંડળોએ ૮૯૫ શીબીર, સેમીનાર, પ્રદર્શનો યોજેલ છે તેમજ ગ્રાહકોની ૧૭૦૦ ફરીયાદોનો નિકાલ કરેલ છે. તથા ૨૦૭ કેસો ફોરમોમાં દાખલ કરેલ છે.<br>(ક) ગ્રાહક સુરક્ષાની કામગીરીમાં લોક ભાગીદારીનો વ્યાપ વધે તે માટે, ૨૪મી ડીસેમ્બરે રાષ્ટ્રીય ગ્રાહક દિનની ઉજવણી અને ૧૫મી માર્ચે વિશ્વ ગ્રાહક દિનની ઉજવણી કરવામાં આવેલ હતી. આ ઉપરાંત તા. ૨૫ મી જૂન તથા ૧૫મી સપ્ટેમ્બરના રોજ પણ ગ્રાહક અધિકાર દિનની ઉજવણી કરવામાં આવેલ છે. આ કાર્યક્રમોમાં તોલમાપ, ગ્રાહક સુરક્ષા, આરોગ્ય, પર્યાવરણના લગતા પ્રદર્શનો યોજવામાં આવેલ તેમાં લોકજાગૃતિ ગ્રાહક સુરક્ષા અંગેના પેમ્ફલેટસનું બહોળા પ્રમાણમાં વિતરણ કરવામાં આવેલ-ગ્રાહક સુરક્ષા અધિકારીશ્રીની તાલીમ શીબીરનું આયોજન રાજકોટ |

તથા અંબાજી મુકામે રાખવામાં આવેલ. જેના કારણે ગ્રાહક સુરક્ષા અધિકારીશ્રીઓ દ્વારા ગ્રાહકોને વધુ મદદરૂપ થઈ શકાય.

(ડ) રાજ્ય સરકાર દ્વારા રાજ્યકક્ષાએ રાજ્ય ગ્રાહક સુરક્ષા કાઉન્સીલ, જિલ્લા ક્ષાએ જિલ્લા ગ્રાહક પરિષદની રચના કરવામાં આવેલ છે. આ કાઉન્સીલ/પરિષદ દ્વારા સમાજના/ગ્રાહકના જુદા જુદા પ્રશ્નોનો અભ્યાસ કરી સરકારશ્રીને ભલામણ કરે છે.

(ઈ) કેન્દ્ર સરકારે ગ્રાહક જાગૃતિ માટે સ્કુલ/કોલેજોમાં ગ્રાહક ક્લબની સ્થાપના કરવા ૨૫૦નો લક્ષાંક આપેલ હતો. તે મુજબ રાજ્યમાં ૨૫૦-કન્ઝયુમર ક્લબોની રચના કરવામાં આવેલ છે. રાજ્યમાં બીજી ૨૫૦ કન્ઝયુમર્સ ક્લબો ખોલવા માટે કાર્યવાહી ચાલુ છે. તે માટે દરખાસ્ત કરવામાં આવી છે. જેને મંજૂરી મળતા રાજ્યમાં ૫૦૦ કન્ઝયુમર્સ ક્લબ કાર્યરત થશે.

-----------

## આણંદ જિલ્લામાં આંગણવાડીઓમાં પીવાના પાણીની સુવિધા

૨૦૧૪૭**શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓમાં પીવાના પાણીની સુવિધા નથી, | (૧) બધી જ આંગણવાડીઓ પર પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. |
| (૨) આંગણવાડીઓમાં બાળકોને પીવાના પાણીની સુવિધા મળે તે અર્થે કોઈ યોજના કાર્યરત છે કે કેમ, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને સરકારી યોજના હેઠળ પાણીની સુવિધા મળેલ છે, અને | (૩) આંગણવાડીઓને નીચેની રીતે પાણીની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે.<br>૧. પાણીની પાઈપ લાઈન દ્વારા<br>૨. નજીકના હેન્ડ પંપ દ્વારા<br>૩. નજીકના બોરીંગ કુવા દ્વારા<br>૪. જે તે કેન્દ્ર ખાતે પીવાના પાણી ભરવાના તથા પીવાના સાધનો પણ પૂરા પાડવામાં આવેલ છે. |
| (૪) બાકી જગ્યાઓએ સુવિધા આપવા કોઈ આયોજન છે કે કેમ ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## વાયબ્રન્ટ ગુજરાત સમીટ-૨૦૦૭ અંતર્ગત શિક્ષણ ક્ષેત્રે થયેલ કામગીરી

૧૯૧૫૭ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત સમીટ-૨૦૦૭માં તારીખ ૩૧-૧-૦૭ની સ્થિતિએ શિક્ષણના ક્ષેત્રે કોઈ એમ.ઓ.યુ. થયેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) (અ) સુરત ખાતે શૈક્ષણિક સંસ્થા સ્થાપવા માટે મે. છત્રાલા ગૃપ, યુ.એસ.એ. અને<br>(બ) ઐતિહાસિક અને પુરાતાત્વિક મહત્વ ધરાવતા ""ઈન્ડીયા વેલી સાઈટસ"" માંથી મેળવેલ નમુનાઓ મ્યુઝિયમમાં પ્રદર્શિત કરી તેનો ઉચ્ચ શિક્ષણના અભ્યાસ |

અને સંશોધન અર્થે તથા નમુનાઓને સુરક્ષિત રાખવા સવલતો પ્રદાન કરવા અર્થે ""ગ્લોબલ હેરિટેજ ફંડ, કેલિફોર્નિયા, યુ.એસ.એ."" સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.

-----------

**રાજ્ય ગ્રાહક સુરક્ષા પંચમાં સભ્યોની નિમણૂક**

૨૦૬૬૩ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજ્યમાં રાજ્ય સરકાર તકરાર નિવારણ પંચના અધ્યક્ષ અને સભ્યોની જગ્યા ભરેલ છે કે કેમ, અને

(૨) જો ના, તો કેટલા સમયમાં ભરી દેવાશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ પંચના અધ્યક્ષશ્રીની અને સભ્યશ્રીની બે જગ્યાઓ પૈકી એક જગ્યા ભરાયેલ છે.

(૨) ટૂંક સમયમાં.

-----------

**રાજ્યના પતંગ ઉદ્યોગનું બજાર**

૧૯૯૫૩ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) :માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે ઉજવવામાં આવતાં પતંગ મહોત્સવના કારણે છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વર્ષવાર રાજ્યના પતંગ ઉદ્યોગનું બજાર કેટલા કરોડનું થવા પામ્યું છે,

(૨) આ અગાઉ આ ઉદ્યોગ કેટલા કરોડનું બજાર ધરાવતું હતું, અને

(૩) પતંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા કારીગરો તેમજ નાના ઉદ્યોગકારોને સરકાર દ્વારા કેવા પ્રકારની લોન/સહાય પૂરી પાડવામાં આવે છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ |
|---|---|---|---|
| રકમ | રૂા. ૮૦૬.૧૪ લાખ | રૂા. ૮૮૬.૫૦ લાખ | રૂા. ૯૯૪.૦૩ લાખ |

(૨) રૂા. ૭૨૪.૦૦ લાખ.

(૩) આ ઉદ્યોગ સાથે સંકળાયેલા કારીગરો તેમજ નાના ઉદ્યોગકારોને કુટિર ઉદ્યોગ અંતગર્ત ચાલતી શ્રી બાજપાઈ બેન્કેબલ અને વડાપ્રધાનશ્રી રોજગાર યોજના અન્વયે લોન/સહાય પૂરી પાડવામાં આવે છે.

-----------

**રાજ્યની પ્રાથમિક શાળાઓમાં મૂળભૂત સુવિધાઓ**

૧૯૧૩૧ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના)** : તા.૨૩-૩-૦૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક : ૧૬૮૦૫(અગ્રતા ક્રમાંક ૭૦)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રાથમિક શાળાઓમાં મૂળભૂત સુવિધાઓ અંગે દર્શાવેલ પત્રક અન્વયે તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જિલ્લાવાર ખૂટતી સુવિધાઓ કેટલી આપવામાં આવી, અને

(૨) બાકી રહેતી સુવિધાઓ પૂરી કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ

(૨) સરકારશ્રી દ્વારા પ્રાથમિક શાળાઓમાં મૂળભૂત સુવિધા ઉભી કરવા માટે જુદા જુદા વિભાગો અને શિક્ષણ વિભાગ દ્વારા યોજનાઓ અમલમાં મુકી પ્રાથમિક શાળાઓમાં મૂળભૂત સુવિધાઓ ક્રમશઃ ઉભી કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

**પત્રક-૧**

**તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ આપવામાં આવેલ જિલ્લાવાર ખૂટતી સુવિધાઓ**

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ આપવામાં આવેલ જિલ્લાવાર ખૂટતી સુવિધાઓ | | | |
|---|---|---|---|---|---|
| | | શૌચાલય/બાથરૂમ | પીવાનું પાણી | કમ્પાઉન્ડ વોલ | વીજળીકરણ |
| ૧ | અમદાવાદ | ૫૬ | ૩૪ | ૧૬૯ | ૧૩૮ |
| ૨ | વડોદરા | ૭૨૭ | ૨ | ૩૨૭ | ૦ |
| ૩ | રાજકોટ | ૪૧૫ | ૦ | ૨૪૭ | ૧૬૦ |
| ૪ | સુરત | ૩૫ | ૩૯ | ૧૨૩ | ૧૨૦ |

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ આપવામાં આવેલ જિલ્લાવાર ખૂટતી સુવિધાઓ | | | |
|---|---|---|---|---|---|
| | | શોચાલય/બાથરૂમ | પીવાનું પાણી | ક્મ્પાઉન્ડ વોલ | વીજળીકરણ |
| ૫ | ખેડા | ૪૯૨ | ૪ | ૯૨ | ૦ |
| ૬ | આણંદ | ૫૧૫ | ૦ | ૧૧૦ | ૦ |
| ૭ | પંચમહાલ | ૦ | ૫ | ૧૩૧ | ૦ |
| ૮ | દાહોદ | ૭૭૨ | ૮૪ | ૯૧ | ૬ |
| ૯ | સાબરકાંઠા | ૧૧૯૪ | ૨૬૭ | ૨૦૯ | ૮૦ |
| ૧૦ | જુનાગઢ | ૨૯૩ | ૨૧ | ૧૦૮ | ૯ |
| ૧૧ | પોરબંદર | ૧૩૦ | ૧૧ | ૧૭ | ૧૩ |
| ૧૨ | મહેસાણા | ૮૫ | ૭ | ૬૭ | ૪ |
| ૧૩ | પાટણ | ૦ | ૪ | ૬૬ | ૧૭ |
| ૧૪ | ભાવનગર | ૨૭૩ | ૪૩ | ૫૮ | ૧૯ |
| ૧૫ | જામનગર | ૩૦૪ | ૯૭ | ૪૭ | ૯૦ |
| ૧૬ | અમરેલી | ૩૬૩ | ૩૩ | ૩૦ | ૨૧ |
| ૧૭ | ક્ચ્છ-ભુજ | ૧૦૦ | ૫૦ | ૧૨૭ | ૧૫૦ |
| ૧૮ | ભરૂચ | ૧૧ | ૪ | ૦ | ૧ |
| ૧૯ | નર્મદા | ૨૧ | ૦ | ૩૯ | ૦ |
| ૨૦ | વલસાડ | ૬૩ | ૬૯ | ૮૧ | ૪૫ |
| ૨૧ | નવસારી | ૮ | ૦ | ૫૯ | ૦ |
| ૨૨ | બનાસકાંઠા | ૦ | ૪ | ૬૦ | ૩ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૨૦ | ૪૭ | ૭૯ | ૨૨ |
| ૨૪ | ગાંધીનગર | ૧૬ | ૨૭ | ૮૯ | ૨૩ |
| ૨૫ | ડાંગ | ૧૮ | ૩ | ૧ | ૦ |
| | **કુલ** | **૫૯૧૧** | **૮૫૫** | **૨૪૨૭** | **૯૨૧** |

-------------

## અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાની સરકારી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષણ

૨૦૬૬૧ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાની કઇ કઇ સરકારી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટરનું શિક્ષણ આપવામાં આવી રહ્યું છે, અને

(૨) બાકી રહેતી શાળાઓમાં કોમ્પ્યુટરનું શિક્ષણ ક્યારથી શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) યાદી સામેલ છે.

(૨) બાકી રહેલી બે શાળામાં પૂરતા વિદ્યાર્થીઓ/વર્ગો થયેથી અને શાળાનું મકાન તૈયાર થાય ત્યારે કોમ્પ્યુટર શિક્ષણ શરૂ કરી શકાય તેમ છે.

**યાદી**

**કોમ્પ્યુટર શિક્ષણ ધરાવતી સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ**

| ક્રમ | શાળાનું નામ | જિલ્લો |
|---|---|---|
| ૧ | ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કુલ, રાયખડ, અમદાવાદ | અમદાવાદ |
| ૨ | સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સેક્ટર-૭, ગાંધીનગર. | ગાંધીનગર |
| ૩ | સ્વામિ વિવેકાનંદ વિદ્યાવિહાર, સેક્ટર-૧૨, ગાંધીનગર. | ગાંધીનગર |
| ૪ | સ્વામિ રામકૃષ્ણ પરમહંસ વિદ્યાધામ, સેક્ટર-૧૫, ગાંધીનગર. | ગાંધીનગર |
| ૫ | મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેક્ટર-૧૬, ગાંધીનગર. | ગાંધીનગર |
| ૬ | સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેક્ટર-૨૦, ગાંધીનગર. | ગાંધીનગર |
| ૭ | આર્યભટ્ટ માધ્યમિક શાળા, સેક્ટર-૨૨, ગાંધીનગર. | ગાંધીનગર |
| ૮ | વીર ભગતસિંહ વિદ્યાશ્રમ, સેક્ટર-૨૪, ગાંધીનગર. | ગાંધીનગર |
| ૯ | મહારાણા પ્રતાપ વિદ્યામંદિર, સેક્ટર-૨૭, ગાંધીનગર. | ગાંધીનગર |
| ૧૦ | ઝાંસીની રાણી વિદ્યાલય, સેક્ટર-૨૯, ગાંધીનગર. | ગાંધીનગર |
| ૧૧ | ડૉ. વિક્રમ સારાભાઈ વિદ્યાલય, પાલજ, જી. ગાંધીનગર. | ગાંધીનગર |

-------------

## રાજ્યમાં વિદ્યા સહાયકોની ભરતી પ્રક્રિયા સરળ બનાવવા અંગે

૧૯૬૬૨ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા વિદ્યાસહાયકોની નિમણૂક અર્થે જુદી જુદી જિલ્લા શિક્ષણ સમિતિઓ દ્વારા આપવામાં આવતી જાહેરાતોને પરિણામે ઉમેદવારોને ક્યા જિલ્લામાં ફોર્મ ભરવું તેના માટે દ્વિધા અનુભવે છે તેને બદલે એક જ જાહેરાતમાં ક્રમાનુસાર જિલ્લાવાર પસંદગી મેરીટ

**જવાબ**

(૧) ના, જી

| | |
|---|---|
| પ્રમાણે આપીને કાર્યવાહી સરળ કરવા રાજ્ય સરકાર વિચારણા કરવા માગે છે કે કેમ , અને | |
| (૨) જો હા, તો તેનો અમલ ક્યારે કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**પાલીતાણા અને ગારિયાધાર તાલુકામાં રેશન કાર્ડ જુદા કરવા અંગે**

૧૮૮૧૮ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાલીતાણા અને ગારિયાધાર તાલુકામાં રેશન કાર્ડ જુદા કરવાની કેટલી અરજીઓ તા.૩૧ જાન્યુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ પડતર છે, અને | (૧) પાલીતાણા તાલુકામાં-૫૭૭<br>ગારીયાધાર તાલુકામાં-૨૪૦ |
| (૨) આ અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ? | (૨) પાલીતાણા તાલુકામાં તથા ગારીયાધાર તાલુકામાં એક માસમાં |

-----------

**સાબરકાંઠા જિલ્લામાં પેટ્રોલ પંપ અને સસ્તા અનાજની દુકાનોની તપાસ**

૨૦૬૮૮**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા પેટ્રોલ પંપો અને સસ્તા અનાજની દુકાનોનું ચેકીંગ કરવામાં આવ્યું, | (૧) પત્રક- ૧ મુજબ. |
| (૨) તેમાં કેટલી ગેરરીતિઓ પકડવામાં આવી, અને | (૨) (૧) પેટ્રોલ પંપોની કુલ ૪૧ તપાસોમાં પાંચ પેટ્રોલપંપોના કિસ્સામાં તથા<br>(૨) વ્યાજબી ભાવની દુકાનોની કુલ ૬૭૧ તપાસોમાં ૧૧૩ વ્યાજબી ભાવની દુકાનોના કિસ્સામાં ગેરરીતિઓ પકડવામાં આવી. |
| (૩) કસુરવાર સામે શાં શાં પગલાં લીધાં ? | (૩) (૧) પેટ્રોલ પંપો માટે પત્રક-૨ મુજબ.<br>(૨) વ્યાજબી ભાવની દુકાનો માટે પત્રક-૩ મુજબ પગલાં લેવામાં આવેલ છે. |

**પત્રક-૧**

(સમરી) (રાજ્ય કક્ષા + જિલ્લા કક્ષા)

સાબરકાંઠા જિલ્લામાં પેટ્રોલ પંપો અને વ્યાજબી ભાવની દુકાનોની કરવામાં આવેલ તપાસોની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | તાલુકાનું નામ | પેટ્રોલ પંપોના ચેકીંગની સંખ્યા | | | વ્યાજબી ભાવની દુકાનોના ચેકીંગની સંખ્યા | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ ચેકીંગની સંખ્યા | ગેરરીતિ જોવા મળેલ પેટ્રોલ પંપોની સંખ્યાવાળી | ગેરરીતિ વગરના પેટ્રોલ પંપોની સંખ્યા | કુલ ચેકીંગની સંખ્યા | ગેરરીતિ જોવા મળેલ વ્યાજબી ભાવની દુકાનોની સંખ્યા | ગેરરીતિ વગરની વ્યાજબી ભાવની દુકાનોની સંખ્યા | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | હિંમતનગર | ૮ | -- | ૮ | ૭૩ | ૧૫ | ૫૮ | |
| ૨ | ઈડર | ૫ | ૨ | ૩ | ૪૮ | ૭ | ૪૧ | |
| ૩ | ખેડબ્રહ્મા | ૧ | -- | ૧ | ૪૭ | ૬ | ૪૧ | |
| ૪ | ભિલોડા | ૯ | -- | ૯ | ૯૧ | ૯ | ૮૨ | |
| ૫ | વિજયનગર | ૧ | -- | ૧ | ૩૮ | ૧૩ | ૨૫ | |
| ૬ | મોડાસા | ૨ | -- | ૨ | ૫૪ | ૬ | ૪૮ | |
| ૭ | મેઘરજ | -- | -- | -- | ૩૦ | ૧૦ | ૨૦ | |
| ૮ | માલપુર | -- | -- | -- | ૪૦ | ૧૦ | ૩૦ | |
| ૯ | બાયડ | ૩ | -- | ૩ | ૭૬ | ૧૧ | ૬૫ | |
| ૧૦ | પ્રાંતીજ | ૭ | ૨ | ૫ | ૪૫ | ૯ | ૩૬ | |
| ૧૧ | ધનસુરા | ૩ | -- | ૩ | ૪૬ | ૪ | ૪૨ | |
| ૧૨ | વડાલી | ૧ | -- | ૧ | ૩૨ | ૪ | ૨૮ | |
| ૧૩ | તલોદ | ૧ | ૧ | -- | ૫૧ | ૯ | ૪૨ | |
| | કુલ : | ૪૧ | ૫ | ૩૬ | ૬૭૧ | ૧૧૩ | ૫૫૮ | |

## પત્રક-૨

(રાજ્ય કક્ષા + જિલ્લા કક્ષા)

સાબરકાંઠા જિલ્લામાં પેટ્રોલ પંપોની કરવામાં આવેલ તપાસો અન્વયે લેવામાં આવેલ પગલાંની વિગત દર્શાવતું પત્રક

(પેટ્રોલ પંપ)

| અ. નં. | તાલુકાનું નામ | કુલ ચેકીંગની સંખ્યા | ગેરરીતિ જોવા મળેલ પેટ્રોલ પંપોની સંખ્યા | ગેરરીતિ વગરના પેટ્રોલ પંપોની સંખ્યા | કબજે લીધેલ જથ્થાની વિગત | | રાજ્યસાત જથ્થાની વિગત | | અનામત રાજ્યસાત | પરવાના રદ | પરવાના મોકુફ | પોલીસ કેસ | પી.બી.એમ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | જથ્થો | કિંમત (રૂા.) | જથ્થો | કિંમત (રૂા.) | | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | હિંમતનગર | ૮ | -- | ૮ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૨ | ઈડર | ૫ | ૨ | ૩ | ૪૮૨૬ | ૧૭૨૪૮૧ | ૪૮૨.૬ | ૧૭૦૨૫ | ૧૦૦ | -- | -- | -- | -- |
| ૩ | ખેડબ્રહ્મા | ૧ | -- | ૧ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૪ | ભિલોડા | ૯ | - | ૯ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૫ | વિજયનગર | ૧ | -- | ૧ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૬ | મોડાસા | ૨ | -- | ૨ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૭ | મેઘરજ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૮ | માલપુર | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૯ | બાયડ | ૩ | -- | ૩ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૧૦ | પ્રાંતીજ | ૭ | ૨ | ૫ | ૨૨૦૦ | ૮૮૦૬૧ | ૧૧૫ | ૪૫૮૧ | -- | -- | -- | -- | -- |
| ૧૧ | ધનસુરા | ૩ | -- | ૩ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૧૨ | વડાલી | ૧ | -- | ૧ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| ૧૩ | તલોદ | ૧ | ૧ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- |
| | કુલ : | ૪૧ | ૫ | ૩૬ | ૭૦૨૬ | ૨૬૦૫૪૨ | ૫૯૭.૬ | ૨૧૬૦૬ | ૧૦૦ | -- | -- | -- | -- |

## પત્રક-૩

(રાજ્ય કક્ષા + જિલ્લા કક્ષા)

સાબરકાંઠા જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોની કરવામાં આવેલ તપાસો અન્વયે લેવામાં આવેલ પગલાંની વિગત દર્શાવતું પત્રક

(વ્યાજબી ભાવની દુકાનો)

| અ. નં. | તાલુકાનું નામ | કુલ ચેકીંગની સંખ્યા | ગેરરીતિ જોવા મળેલ વ્યાજબી ભાવની દુકાનોની સંખ્યા | ગેરરીતિ વગરની વ્યાજબી ભાવની દુકાનોની સંખ્યા | કબજે લીધેલ જથ્થાની વિગત | | રાજ્યસાત જથ્થાની વિગત | | અનામત રાજ્યસાત | પરવાના રદ | પરવાના મોકુફ | પોલીસ કેસ | પી.બી.એમ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | જથ્થો | કિંમત (રૂા.) | જથ્થો | કિંમત (રૂા.) | | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | હિંમતનગર | ૭૩ | ૧૫ | ૫૮ | ૧૧૬૦ કીલો | ૯૩૨૦ | ૫૮૦ | ૪૬૬૦ | ૫૩૦૦ | -- | ૧ | -- | -- |
| ૨ | ઈડર | ૪૮ | ૭ | ૪૧ | ૬૪૯ લી.કેરો | ૫૮૪૧ | ૨૬ લી.કેરો | ૨૪૫ | ૧૫૫૦ | ૧ | -- | -- | -- |
| ૩ | ખેડબ્રહ્મા | ૪૭ | ૬ | ૪૧ | ૧૦૦ કીલો | ૬૩૦૦ | ૧૦૦ કીલો | ૬૩૦૦ | ૩૩૫૦ | -- | -- | -- | -- |
| ૪ | ભિલોડા | ૯૧ | ૯ | ૮૨ | -- | -- | -- | -- | ૫૭૦૦ | ૧ | | ૧ | -- |
| ૫ | વિજયનગર | ૩૮ | ૧૩ | ૨૫ | ૮૫૦ કીલો ૬૨૫ લી.કેરો | ૮૪૮૨ | ૮૫૦ કીલો ૫૬૨.૫ લી.કેરો | ૭૬૬૬ | ૭૯૦૦ | -- | -- | -- | -- |
| ૬ | મોડાસા | ૫૪ | ૬ | ૪૮ | ૧૨૫ લી.કેરો | ૧૬૩૨ | ૨૬ લી.કેરો | ૨૪૫ | ૧૨૫૦ | -- | -- | -- | -- |
| ૭ | મેઘરજ | ૩૦ | ૧૦ | ૨૦ | ૨૦૦ કીલો ૨૦૦ લી.કેરો | ૪૯૯૦ | ૨૦ કીલો ૪૦ લી.કેરો | ૭૫૮ | ૧૩૫૦ | -- | -- | -- | -- |
| ૮ | માલપુર | ૪૦ | ૧૦ | ૩૦ | ૧૦૦ કીલો | ૧૦૦૦ | ૮૦ | ૮૦૦ | ૩૩૫૦ | -- | ૧ | -- | -- |
| ૯ | બાયડ | ૭૬ | ૧૧ | ૬૫ | ૭૬૦ લી.કેરો | ૮૮૫૬ | ૬૧ લી.કેરો | ૬૮૯ | ૬૩૫૦ | -- | -- | -- | -- |
| ૧૦ | પ્રાંતીજ | ૪૫ | ૯ | ૩૬ | ૯૬૧ કીલો ૪૨૦ લી.કેરો | ૧૦૮૮૪ | ૫૬૧ કીલો ૧૬૦ લી.કેરો | ૪૮૬૨ | ૨૬૫૦ | -- | ૧ | -- | -- |
| ૧૧ | ધનસુરા | ૪૬ | ૪ | ૪૨ | -- | -- | -- | -- | ૧૩૦૦ | -- | -- | -- | -- |
| ૧૨ | વડાલી | ૩૨ | ૪ | ૨૮ | -- | -- | -- | -- | ૭૫૦ | -- | -- | -- | -- |
| ૧૩ | તલોદ | ૫૧ | ૯ | ૪૨ | -- | -- | -- | -- | ૧૪૦૦ | -- | -- | -- | -- |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **કુલ :** | ૬૭૧ | ૧૧૩ | ૫૫૮ | ૩૩૭૧ કીલો ૨૭૭૯ લી.કેરો | ૫૭૩૦૫ | ૨૧૯૧ કીલો ૮૭૫.૫ લી.કેરો | ૨૬૨૨૫ | ૪૨૨૦૦ | ૨ | ૩ | ૧ | -- |

-----------

## ડાંગ જિલ્લામાં પ્રાથમિક શાળાના જર્જરિત મકાનો

૧૯૫૨૬ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાના મકાનો જર્જરિત હાલતમાં છે, અને

(૨) આ જર્જરિત મકાનોની મરામત કામગીરી માટે સરકારે શાં પગલાં લીધાં ?

**જવાબ**

(૧) પ્રાથમિક શાળાના મકાનો જર્જરિત નથી. પરંતુ ૬૮ શાળાઓના ૭૬ ઓરડાઓ જર્જરિત છે.

(૨) જર્જરિત મકાનોના ઓરડાઓ તોડી પાડી નવા બનાવવાના થાય છે. ચાલુ વર્ષે ૫૨ (બાવન) શાળાઓના ૬૦ નવા ઓરડાઓ બનાવવાનું આયોજન છે. જ્યારે બાકી રહેતા ૧૬ શાળાના ૧૬ ઓરડાઓ અંગે આગામી વર્ષમાં આયોજન કરી બનાવવામાં આવશે.

-----------

## વિધવા સહાય યોજના અંતર્ગત સહાય રુપે અપાતી રકમ

૨૦૫૫૫**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ નિરાધાર વિધવા સહાય લાભાર્થી બહેનોને પ્રતિમાસ કેટલી રકમની સહાય આપવામાં આવે છે, અને

(૨) આ બહેનો સ્વનિર્ભર બની શકે તે માટે શું યોજના બનાવેલ છે ?

**જવાબ**

(૧) લાભાર્થીને પ્રતિમાસ રૂા. ૫૦૦/- તથા લાભાર્થી ઉપર આધારિત બાળકોને (બે બાળકોની મર્યાદામાં) બાળક દીઠ માસિક રૂા. ૮૦/- મુજબ સહાય આપવામાં આવે છે.

(૨) આ બહેનો સ્વનિર્ભર બની શકે તે માટે યોજના હેઠળ ૧૮ થી ૪૦ વર્ષની વયજુથની વિધવા બહેનોને સાનુકૂળ સ્વરોજગારલક્ષી તાલીમ આપી તાલીમ બાદ સ્વનિર્ભર બનાવવા રૂા. ૩૦૦૦/- ની મર્યાદામાં સાધન સહાય અથવા માર્જીનમની આપી પુનઃસ્થાપિત કરવામાં આવે છે.

-----------

## દીકરી રુડી સાચી મુડી યોજના હેઠળ અપાયેલ નર્મદા બોન્ડ પરત લેવા અંગે

૧૯૯૮૫ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં દીકરી રૂડી સાચી મૂડી કાર્યક્રમ અંતર્ગત અપાયેલ નર્મદા બોન્ડ પાકવાની તારીખે ખોટી વ્યક્તિઓને અપાયા છે એવું કારણ આગળ ધરીને બનાસકાંઠા તથા સાબરકાંઠા જિલ્લાની ચોક્કસ સમાજની વ્યક્તિઓ પાસેથી એવા બોન્ડ પરત લઈ લેવામાં આવ્યા હોવાની વાત સરકાર જાણે છે,

(૨) જો હા, તો આવા બોન્ડ આપનાર અધિકારીઓ સામે કોઈ પગલાં લેવામાં આવ્યા હોય તો તે પગલાંની વિગતો શું છે, અને

(૩) જો કોઈ પગલાં લેવામાં ન આવ્યા હોય તો તેનાં શાં કારણો છે ?

**જવાબ**

(૧) ""દીકરી રૂડી સાચી મૂડી"" યોજના તા.૧-૪-૦૪ થી બંધ થઈ ગયેલ છે. હવે બાલિકા સમૃધ્ધિ (૧૦૦% કેન્દ્ર પુરસ્કૃત) યોજના અમલી છે. જેમાં નર્મદા બોન્ડ આપવાની જોગવાઈ નથી.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## હાલોલ અને જાંબુઘોડા તાલુકામાં આંગણવાડી કેન્દ્રો

૧૯૮૯૩**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ હાલોલ તેમજ જાંબુઘોડા તાલુકાઓમાં કેટલા આંગણવાડી કેન્દ્રો ચાલે છે, | (૧) હાલોલમાં - ૧૭૫<br>જાંબુઘોડામાં - ૪૯ |
| (૨) વસ્તીના ધોરણે આ આંગણવાડી કેન્દ્રો ઓછા હોય, નવીન આંગણવાડી કેન્દ્રો સરકાર મંજૂર કરવા માંગે છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો ક્યાં સુધીમાં નવીન કેન્દ્રો શરુ કરવા માંગે છે ? | (૩) જાંબુઘોડા તાલુકામાં ૭ નવા આંગણવાડી કેન્દ્રોને મંજૂરી આપવામાં આવેલ છે. (૩-૨-૦૭થી) |

-----------

**ચોટીલા અને સાયલા તાલુકામાં આંગણવાડીઓ**

૧૯૪૫૦ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ચોટીલા અને સાયલા તાલુકામાં કુલ કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૧) ચોટીલા તાલુકામાં - ૧૧૦<br>સાયલા તાલુકામાં - ૮૨ |
| (૨) તે પૈકી કેટલી આંગણવાડી સરકારી મકાનમાં બેસે છે, | (૨) ચોટીલા તાલુકામાં - ૫૩<br>સાયલા તાલુકામાં - ૪૧ |
| (૩) કેટલી આંગણવાડી ભાડાના મકાનમાં બેસે છે, અને | (૩) ચોટીલા તાલુકામાં - ૫૨<br>સાયલા તાલુકામાં - ૩૯ |
| (૪) કેટલા ગામો આંગણવાડીથી વંચિત છે ? | (૪) તમામ ગામોમાં આંગણવાડી ઉપલબ્ધ છે. |

-----------

**જામજોધપુર અને લાલપુર તાલુકામાં પ્રાથમિક શાળાઓના નવા ઓરડાઓને મંજૂરી**

૨૦૮૦૯**શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શાળાના નવા ઓરડા જામજોધપુર અને લાલપુર તાલુકામાં કઈ કઈ યોજના અન્વયે મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજુર થયેલ પૈકીના કેટલા ઓરડા બાંધકામ પૂર્ણ થયેલ છે અને કેટલાનું કામ બાકી છે, અને

(૩) બન્ને તાલુકામાં કેટલા ઓરડાની ઘટ છે અને આ માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) એસ.એસ.એ. યોજના હેઠળ ઓરડાઓ નીચે મુજબ ઓરડાઓ મંજૂર કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | જામજોધપુર | લાલપુર |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૫-૦૬ | ૬ | ૧૧ |
| ૨ | ૨૦૦૬-૦૭ | ૪૭ | ૭૬ |
| | **કુલ....** | **૫૩** | **૮૭** |

(૨)

| ક્રમ | તાલુકો | પૂર્ણ કામો | બાકી કામો |
|---|---|---|---|
| ૧ | જામજોધપુર | ૧૮ | ૩૫ |
| ૨ | લાલપુર | ૩૩ | ૫૪ |

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | ઓરડાની ઘટ | ચાલુ વર્ષે નવાઓરડા બનાવવાનું કરેલ આયોજન |
|---|---|---|---|
| ૧ | જામજોધપુર | ૬૧ | ૪૭ |

| | | | |
|---|---|---|---|
| ૨ | લાલપુર | ૯૧ | ૭૬ |

-----------

**મોરબીની ઈજનેરી કોલેજ ખાતે માઈનીંગ ઈજનેરીનો ડીગ્રી કોર્સ દાખલ કરવા અંગે**

૨૦૫૪૦**શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા (મોરબી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

મોરબીમાં ખનીજ આધારિત એવા સીરામીક-નળીયા ઉદ્યોગ તથા ફ્લોરીંગ ટાઈલ્સ ઉદ્યોગ આવેલા છે. ત્યારે મોરબીની એન્જિનિયરીંગ કોલેજમાં ""માઈનીંગ એન્જિનિયરીંગ"" કોલેજનો ડીગ્રી અથવા ડીપ્લોમા કોર્સ શરૂ કરવા માટે સરકારનું આયોજન છે કે કેમ?

**જવાબ**

ના, જી.

-----------

**શિક્ષણનું ખાનગીકરણ**

૧૮૯૩૫ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શિક્ષણનું ખાનગીકરણ થતાં સરકારી શાળા અને કોલેજોમાં જે વિના મુલ્યે શિક્ષણ મળતું હતું તે તેમજ અગાઉ તમામ સેલ્ફફાઈનાન્સ કોલેજોમાં ૫૦ ટકા મેરીટ તથા ૫૦ ટકા ડોનેશનથી ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ મળતો હતો તે હવે ૧૦૦ ટકા ડોનેશન થવાથી ગરીબ વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ નહીં કરી શકે તે સરકારના ધ્યાનમાં છે, અને

(૨) જો હા, તો આવા ગરીબ પરિવારોના બાળકો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે કોઈ આયોજન સરકારે કરેલ છે ?

**જવાબ**

(૧) સરકારી શાળાઓમાં વિના મૂલ્યે શિક્ષણ આપવામાં આવતું હોઇ, ગરીબ વિદ્યાર્થીઓને અભ્યાસ કરવામાં મુશ્કેલી પડે તેમ નથી. સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં ૫૦ ટકા મેરીટ તથા ૫૦ ટકા ડોનેશનથી ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ મળતો હતો તેવી કોઈ પ્રથા હતી જ નહીં, માટે

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**તબીબી ઈજનેરી વિદ્યાશાખામાં પ્રવેશ આપવામાં થતો વિલંબ**

૧૯૩૬૩ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૬-૦૭ ના શૈક્ષણીક વર્ષ દરમ્યાન જસ્ટીસ આર. જે. શાહ સમિતિ તથા તેમના દ્વારા અપાનાર પ્રવેશને અનુસરવા માટે બંધાયેલી કોલેજો વચ્ચેના વિવાદના કારણે મેડીકલ એન્જીનીયરીંગ વિદ્યા શાખાઓના પ્રવેશમાં ખૂબજ મોડું થયેલ હોવાની રાજ્ય સરકારને માહિતી છે કે કેમ,

(૨) જો હા, તો તેના નિવારણ માટે રાજ્ય સરકાર કોઈ કાયમી પગલાં અને સુપ્રિમ કોર્ટના માર્ગદર્શન અનુસારના નિયમો ઘડવાની કામગીરી હાથ પર લેવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં નિયમો ઘડવાની કાર્યવાહી પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) હા, જી.

મેડીકલ વિદ્યાશાખામાં પ્રવેશ આપવાની કાર્યવાહીમાં વિલંબ થયેલ છે જ્યારે એન્જિનીયરીંગ વિદ્યાશાખામાં પ્રવેશ કાર્યવાહી સમયસર થયેલ છે.

(૨) મેડીકલ તથા એન્જિનીયરીંગ વિદ્યાશાખાઓમાં પ્રવેશના નિયમો માટે અલગ અલગ કાયદા ઘડવાની બાબત સરકારશ્રીની વિચારણામાં છે.

(૩) પ્રવેશના નિયમો માટે કાયદા ઘડવાની કાર્યવાહી જેમ બને તેમ જલ્દીથી પૂર્ણ કરવામાં આવશે.

-----------

**મેઘરજ સરકારી કોલેજમાં ખાલી જગ્યાઓ બાબત**

૨૦૬૮૩ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર(મેઘરજ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મેઘરજ સરકારી કોલેજમાં પ્રોફેસરોની જે ખાલી જગ્યાઓ છે તે ભરવાનું કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) પ્રિન્સીપાલની કાયમી જગ્યા ક્યારે ભરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી આયોજન છે.

(૨) સરકારી કોલેજોમાં પ્રિન્સીપાલની ખાલી જગ્યાઓ ભરવાની બાબત વિચારણા હેઠળ છે. વહીવટી

પ્રક્રિયા પૂર્ણ થયે શક્ય એટલી વહેલી તકે પ્રિન્સીપાલની જગ્યાઓ ભરવામાં આવશે.

-----------

**પોલીટેક્નિકો અને ઈજનેરી કોલેજો ખોલવાનો લક્ષ્યાંક**

૧૯૦૨૦**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧ જાન્યુ. ૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી પોલીટેક્નીકો અને ઈજનેરી કોલેજો ખોલવાનો લક્ષ્યાંક રાજ્ય સરકારે રાખેલ હતો, અને

(૨) આ પેકી કેટલી કોલેજો અને પોલીટેક્નીકો સ્થાપવામાં આવી ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષ દરમ્યાન પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે ૦૧ તથા ડાંગ જિલ્લાના આહવા ખાતે ૦૧ સરકારી પોલીટેક્નીક શરૂ કરવાનું વિચારવામાં આવેલ.

(૨) વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન ગોધરા ખાતે ૦૧ તથા વર્ષ ૨૦૦૬-૦૭માં ડાંગ ખાતે ૦૧ અને જુનાગઢ ખાતે ૦૧ એમ મળીને કુલ-૩ નવી સરકારી પોલીટેક્નીકો શરૂ કરેલ છે.

-----------

**વાગરા, આમોદ અને ભરૂચ તાલુકામાં આંગણવાડીઓ**

૨૦૬૭૩ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં વાગરા, આમોદ અને ભરૂચ તાલુકામાં કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) તે અન્વયે કેટલી આંગણવાડીઓના મકાનો પોતાના છે અને મકાન નથી તેવી આંગણવાડીઓની સંખ્યા કેટલી છે, અને

(૩) મકાન નથી તેવા ગામોએ આંગણવાડીઓ માટે મકાન બનાવવા સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧)

| **તાલુકો** | **આંગણવાડીની સંખ્યા** |
|---|---|
| વાગરા | ૭૭ |
| આમોદ | ૯૩ |
| ભરૂચ | ૧૮૬ |
| કુલ..... | ૩૫૬ |

(૨) ૨૯૨ પોતાના મકાનો છે.
૬૪ માં નથી.

(૩) --રાજ્યના બજેટમાંથી
(૭૫ ટકા, ૨૫ ટકાના ધોરણે)
(૨૫ ટકા ધારાસભ્યશ્રીના ફંડમાંથી)
--ગોકુળ ગ્રામ યોજનામાંથી
--જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી
--સ્વયં સિધ્ધા યોજનામાંથી
--જિલ્લા આયોજન મંડળ ગ્રાન્ટમાંથી મકાન બનાવવાનું આયોજન છે.

-----------

**અમદાવાદમાં ભૂતિયા રેશન કાર્ડ નાબૂદ કરવા અંગે**

૨૧૩૧૧ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં ઝોન પ્રમાણે કેટલા ભૂતિયા રેશન કાર્ડ નાબૂદ કરવામાં આવ્યા, અને

(૨) ઝોન પ્રમાણે છેલ્લા બે વર્ષમાં કેટલા નવા એ.પી.એલ. અને બી.પી.એલ. કાર્ડ વર્ષ દીઠ આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં છેલ્લા બે વર્ષમાં કુલ ૯૨૯૧ ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવામાં આવ્યા (ઝોનવાર પત્રક સામેલ છે. પત્રક-૧ મુજબ)

(૨) છેલ્લા બે વર્ષમાં નવા આપેલ કાર્ડની વિગત (ઝોનવાર પત્રક સામેલ છે. પત્રક-૨ મુજબ)

| ક્રમ | વર્ષ | APL | BPL | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૫ | ૨૨૬૦૩ | -- | ૨૨૬૦૩ |
| ૨ | ૨૦૦૬ | ૨૫૧૫૩ | ૨૩ | ૨૫૧૭૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૨૦૦૬ | ૨૫૧૫૩ | ૨૩ | ૨૫૧૭૬ |

**પત્રક-૧**

તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં ઝોન પ્રમાણે નાબૂદ કરેલ ભૂતિયા રેશન કાર્ડનું પત્રક

તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝોનવાર નાબૂદ કરેલ ભૂતિયા રેશન કાર્ડની વિગત

| ક્રમ | ઝોનનું નામ | જાન્યુ. ૦૫ થી ડીસે. ૦૫ | જાન્યુ. ૦૬ થી ડીસે. ૦૬ | જાન્યુ. ૦૭ | કુલ રદ થયેલ |
|---|---|---|---|---|---|
| ૧ | અસારવા | -- | ૬૪૧ | ૨૩ | ૬૬૪ |
| ૨ | સાબરમતી | -- | ૧૦૬૯ | -- | ૧૦૬૯ |
| ૩ | રખિયાલ | -- | ૭૮૦ | -- | ૭૮૦ |
| ૪ | કાલુપુર | -- | ૧૬૪ | -- | ૧૬૪ |
| ૫ | ખાડિયા | ૨૪ | ૧૩૪ | ૦૯ | ૧૬૭ |
| ૬ | મણિનગર | -- | ૧૭૫૯ | -- | ૧૭૫૯ |
| ૭ | શહેર કોટડા | -- | ૮૦૦ | ૫૦ | ૮૫૦ |
| ૮ | એલિસબ્રિજ | -- | ૫૪૯ | -- | ૫૪૯ |
| ૯ | દરિયાપુર-કાઝીપુર | -- | ૫૦૮ | ૩૭ | ૫૪૫ |
| ૧૦ | શાહપુર | -- | ૧૬૬ | ૧૫ | ૧૮૧ |
| ૧૧ | જમાલપુર | -- | ૧૪૬૮ | ૩૦ | ૧૪૯૮ |
| ૧૨ | નરોડા | -- | ૧૦૬૫ | -- | ૧૦૬૫ |
| | કુલ... | ૨૪ | ૯૧૦૩ | ૧૬૪ | ૯૨૯૧ |

**પત્રક-૨**

ઝોન પ્રમાણે છેલ્લા બે વર્ષમાં આપેલ નવા એ.પી.એલ અને બી.પી.એલ. વર્ષવાર રેશન કાર્ડનું પત્રક

| ક્રમ | ઝોનનું નામ | વર્ષ દીઠ છેલ્લા બે વર્ષમાં ઇસ્યુ કરેલ નવા કાર્ડ જાન્યુ.૦૫ થી ડીસે.૦૫ | | | જાન્યુ.૦૬ થી ડીસે.૦૬ સુધી નવા ઇસ્યુ કરેલ | | | જાન્યુ.૦૭માં નવા ઇસ્યુ કરેલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | APL | BPL | કુલ | APL | BPL | કુલ | APL | BPL | કુલ |
| | | | તદ્દન નવા | | | તદ્દન નવા | | | તદ્દન નવા | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | અસારવા | ૧૯૨૫ | ૦ | ૧૯૨૫ | ૧૭૩૪ | ૨ | ૧૭૩૬ | ૨૩૦ | ૦ | ૨૩૦ |
| ૨ | સાબરમતી | ૨૪૮૦ | ૦ | ૨૪૮૦ | ૧૯૧૮ | ૧૯ | ૧૯૩૭ | ૧૮૯ | ૦ | ૧૮૯ |
| ૩ | રખિયાલ | ૧૦૮૪ | ૦ | ૧૦૮૪ | ૧૬૭૧ | ૦ | ૧૬૭૧ | ૧૬૬ | ૦ | ૧૬૬ |
| ૪ | કાલુપુર | ૪૩૭ | ૦ | ૪૩૭ | ૪૦૦ | ૦ | ૪૦૦ | ૩૧ | ૦ | ૩૧ |
| ૫ | ખાડિયા | ૬૧૫ | ૦ | ૬૧૫ | ૫૮૭ | ૦ | ૫૮૭ | ૪૬ | ૦ | ૪૬ |
| ૬ | મણિનગર | ૩૨૨૫ | ૦ | ૩૨૨૫ | ૩૪૬૫ | ૨ | ૩૪૬૭ | ૨૭૫ | ૧ | ૨૭૬ |
| ૭ | શહેર કોટડા | ૯૫૭ | ૦ | ૯૫૭ | ૮૧૦ | ૦ | ૮૧૦ | ૮૪ | ૦ | ૮૪ |
| ૮ | એલિસબ્રિજ | ૨૩૧૮ | ૦ | ૨૩૧૮ | ૧૮૨૫ | ૦ | ૧૮૨૫ | ૦ | ૦ | ૦ |
| ૯ | દરિયાપુર-કાઝીપુર | ૧૧૨૭ | ૦ | ૧૧૨૭ | ૧૬૧૬ | ૦ | ૧૬૧૬ | ૨૧૧ | ૦ | ૨૧૧ |
| ૧૦ | શાહપુર | ૫૮૯ | ૦ | ૫૮૯ | ૬૦૬ | ૦ | ૬૦૬ | ૪૨ | ૦ | ૪૨ |
| ૧૧ | જમાલપુર | ૩૦૩૬ | ૦ | ૩૦૩૬ | ૩૬૯૪ | ૦ | ૩૬૯૪ | ૧૯૦ | ૧ | ૧૯૧ |
| ૧૨ | નરોડા | ૪૮૧૦ | ૦ | ૪૮૧૦ | ૬૮૨૭ | ૦ | ૬૮૨૭ | ૫૨૪ | ૧ | ૫૨૫ |
| | કુલ... | ૨૨૬૦૩ | ૦ | ૨૨૬૦૩ | ૨૫૧૫૩ | ૨૩ | ૨૫૧૭૬ | ૧૯૮૮ | ૩ | ૧૯૯૧ |

**નોંધ :-** (૧) જાન્યુ.-૦૫ થી ડીસે.-૦૫માં તદ્દન નવા બી.પી.એલ. કાર્ડ ઇસ્યુ કરેલ નથી.
(૨) જાન્યુ.-૦૬ થી જાન્યુ.-૦૭ સુધી તદ્દન નવા બી.પી.એલ. ૨૬ કાર્ડ ઇસ્યુ કરેલ છે.

-----------

**રાજ્યની નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓનું ગ્રાન્ટેડ શાળાઓમાં રૂપાંતરણ**

૨૦૮૦૬ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન અગાઉ નોન-ગ્રાન્ટેડ તરીકે મંજૂરી આપેલ એવી કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને

**જવાબ**

એકપણ નહિ.

સરકારે ગ્રાન્ટેડ શાળાઓ તરીકે રૂપાંતરીત કરી ?

-----------

**કચ્છ જિલ્લાની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના નબળા પરિણામો અંગે**

૨૦૧૨૪ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાના પરિણામો છેલ્લા બે વર્ષમાં ખૂબ જ નબળા આવે છે તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) નબળા પરિણામના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) નબળા પરિણામો બાબત કોની સામે શા પગલાં ભરવામાં આવ્યા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**કડી તાલુકામાં કેરોસીનના કાળા બજાર**

૨૦૬૭૦ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કડી તાલુકામાં તાજેતરમાં કેરોસીન પૂરતા પ્રમાણમાં મળતું નથી અને કાળા બજારમાં ખુલ્લેઆમ વેચાય છે તે અન્વયે સરકારે શા પગલાં લીધા, અને | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) કાર્ડ ધારકોને દુકાનદારો પુરતા પ્રમાણમાં કેરોસીન આપતા નથી તે અંગે છેલ્લા ચાર માસમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલી વખત ચેકીંગ કરવામા આવ્યું ? | (૨) ઓક્ટોબર-૦૬ થી જાન્યુઆરી-૦૭ના ચારમાસ દરમ્યાન કરાયેલ તપાસો. |

| કુલ તપાસો | ગેરરીતિવાળા કિસ્સા | ગેરરીતિ વગરના કિસ્સા |
|---|---|---|
| ૧૦૭ | ૭૨ | ૩૫ |

ગેરરીતિવાળા ૭૨ કિસ્સાઓમાં લીધેલ પગલાંની વિગત ઉક્ત પત્રક-૧ મુજબની છે.

**કડી તાલુકામાં કેરોસીનના કાળા બજાર**

**પત્રક-૧**

| ગેરરીતિ વાળા કિસ્સા | ૬/એ પગલાં | | | | ખાતા રાહે પગલાં | | | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કબજે લીધેલ જથ્થો (લી.) | રકમ રૂા. પે. | રાજ્યસાત કરેલ જથ્થો (લી.) | રકમ રૂા. પે. | પરવાના અનામત રાજ્યસાત | પરવાનો મોકૂફ | પરવાનો રદ | કોર્ટ કેસ | પી.બી.એમ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૭૨ | ૮૮૦૭ લી. | ૮૬,૫૬૩/- | ૫૩૨૦ લી. | ૮૨,૧૧૮/- | ૮,૬૨૫ | ૨ | - | ૨ | ૨ | - |

-----------

**રાજકોટ શહેરમાં બી.પી.એલ. કાર્ડ ધારકો**

૨૦૬૭૯ **શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજકોટ શહેરમાં બી.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા કેટલી નોંધાયેલ છે કેટલા બી.પી.એલ. કાર્ડ રદ કરવામાં આવ્યા છે, | (૧) બી.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા ૪૦૩૭૧ જન સંખ્યા-૧૮૨૫૪૬ હા, જી. કાર્ડ-૨૦૫૫ જન સંખ્યા-૯૩૯૬ |
| (૨) બી.પી.એલ. કાર્ડ ધારકોને રેશનીંગ દુકાનેથી ક્યા ક્યા પ્રકારનો પુરવઠો ક્યા પ્રમાણમાં આપવામાં આવે | (૨) **ઘઉં**-વ્યક્તિ દીઠ ૧.૫ કિ.ગ્રા. વધુમાં વધુ કાર્ડ દીઠ ૯ કિ.ગ્રા.(બી.પી.એલ. વધારો) |

છે ,અને

કાર્ડ દીઠ-૧ કિ.ગ્રા.
**ચોખા-** વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. વધુમાં વધુ ૩.૫ કિ.ગ્રા.(બી.પી.એલ. વધારો)
કાર્ડ દીઠ-૬.૫ કિ.ગ્રા.
**લેવીખાંડ-** કાર્ડ ધારકોને વ્યક્તિદીઠ ૩૦૦ ગ્રામ
**કેરોસીન**-ગેસ જોડાણ ન ધરાવતા રેશનકાર્ડ ધારકોને ૧ થી ૩ વ્યક્તિ સુધી ના કાર્ડ ધારકોને પ્રતિ માસ ૫ લીટર, ૪ કે તેથી વધુ વ્યક્તિના કાર્ડ ધારકોને પ્રતિ માસ ૧૦ લીટર

(૩) કેરોસીનનો પુરવઠો મહિનામાં એક વખત આપવામાં આવે છે કે બે હપ્તેથી આપવામાં આવે છે ?

(૩) પાંચ લીટરને પાત્ર કાર્ડ ધારકોને એક હપ્તે અને ૧૦ લીટરને પાત્ર કાર્ડ ધારકોને સામાન્યતઃ બે હપ્તે આપવામાં આવે છે.

-----------

**રાજ્યમાં ટયુશનિયા શિક્ષકો સામે પગલાં**

૨૦૬૫૬**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા(સુરત શહેર (પશ્ચિમ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા શિક્ષકો ખાનગી ટયુશન આપતા પકડાયા છે, | (૧) ૨૪ |
| (૨) તેમની સામે સરકાર પગલાં લેવા માંગે છે કે કેમ, અને | (૨) હા. |
| (૩) સરકાર ટયુશનનું આ દૂષણ નાબુદ કરીને શાળામાં શિક્ષણ મળી રહે તે માટે શું કરવા માંગે છે ? | (૩) નબળા વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ આપવા માટે જવાબદાર શિક્ષકો અઠવાડીયામાં બે કલાક શાળાના સમય બાદ શાળામાંજ વિનામૂલ્યે પોતાના વિષયમાં માર્ગદર્શન આપે તેવી વ્યવસ્થા તેમજ આ શિક્ષકોને પણ ખાસ તાલીમ તથા વિશેષ સાહિત્ય પૂરૂં પાડવામાં આવે છે. |

-----------

**રાજ્યમાં ફુડ ફોર્ટીફિકેશનની યોજના**

૨૦૭૧૦**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યમાં ફુડ ફોર્ટીફીકેશનની યોજનાનો અમલ ક્યારથી શરુ થયો અને આ યોજનાથી શું લાભ થવાનો છે ? | (૧) તા. ૭-૧-૨૦૦૬થી અમલ ચાલુ કરવામાં આવેલ છે.<br>(૨) માનવ શરીરમાં વિટામીન એ અને ડી તથા લોહતત્વ તેમજ ફોલીક એસીડની ઉણપ દૂર કરી શકાશે. અને લોકોનું આરોગ્ય સુધરશે. |

-----------

**સુરેન્દ્રનગર જિલ્લાને કેરોસીનની ફાળવણી**

૧૯૨૪૭ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૧-૪-૦૬ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં સુરેન્દ્રનગર જિલ્લામાં માસવાર દરેક તાલુકાને કેટલું કેરોસીન આપવામાં આવેલ છે, | (૧) તા. ૧-૪-૨૦૦૬ થી તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં સુરેન્દ્રનગર જિલ્લાને માસવાર દરેક તાલુકાને કરવામાં આવેલ કેરોસીનની ફાળવણીનું પત્રક-૧ આ સાથે સામેલ છે. |
| (૨) તાલુકાવાર દર માસે કેટલા લીટર કેરોસીનની જરૂરિયાત છે, અને | (૨) માહે જાન્યુઆરી-૨૦૦૬ માહે ડીસેમ્બર-૨૦૦૬ દરમિયાન જિલ્લાના દરેક તાલુકાની માસવાર |

જરૂરીયાતનું પત્રક-૨ આ સાથે સામેલ છે.

(૩) જરૂરિયાત કરતા ઓછું કેરોસીન આપવાના શાં કારણો છે ?

(૩) દર માસે તાલુકાની જરૂરીયાત સામે પુરેપુરી ફાળવણી કરવામાં આવેલ છે. જેથી જરૂરીયાત કરતાં ઓછું કેરોસીન આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-૧**

**તા. ૧-૪-૨૦૦૬થી તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં સુરેન્દ્રનગર જિલ્લાના તાલુકાઓની માસવાર ફાળવણી**

| ક્રમ | તાલુકાનું નામ | એપ્રિલ-૦૬ | મે.-૦૬ | જુન-૦૬ | જુલાઈ-૦૬ | ઓગસ્ટ-૦૬ | સપ્ટેમ્બર-૦૬ | ઓક્ટોબર-૦૬ | નવેમ્બર-૦૬ | ડીસેમ્બર-૦૬ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર (શહેર) | ૩૦૬ | ૩૦૨ | ૩૨૫ | ૩૦૨ | ૩૦૭ | ૩૨૪ | ૩૬૬ | ૩૧૯ | ૩૧૯ | ૨૮૭૦ |
| ૨ | વઢવાણ | ૩૧૩ | ૩૦૪ | ૩૧૩ | ૩૦૩ | ૩૦૭ | ૩૧૩ | ૩૨૩ | ૩૧૬ | ૩૧૬ | ૨૮૦૮ |
| ૩ | લીંબડી | ૨૯૬ | ૨૭૭ | ૩૦૫ | ૨૭૯ | ૨૮૪ | ૨૭૯ | ૨૭૬ | ૨૭૮ | ૨૭૮ | ૨૫૫૨ |
| ૪ | ચુડા | ૧૭૫ | ૧૭૦ | ૧૯૦ | ૧૬૮ | ૧૬૮ | ૧૭૩ | ૧૭૭ | ૧૮૭ | ૧૮૭ | ૧૫૯૫ |
| ૫ | મુળી | ૧૯૫ | ૧૮૯ | ૧૮૯ | ૧૮૯ | ૧૯૦ | ૧૯૪ | ૧૮૨ | ૧૭૯ | ૧૭૯ | ૧૬૮૬ |
| ૬ | સાયલા | ૧૯૮ | ૧૯૬ | ૨૦૦ | ૧૯૭ | ૨૦૨ | ૨૦૨ | ૨૦૯ | ૧૯૬ | ૧૯૬ | ૧૭૯૬ |
| ૭ | ચોટીલા | ૨૮૨ | ૨૭૪ | ૨૯૨ | ૨૭૨ | ૨૭૨ | ૨૭૮ | ૨૯૦ | ૨૯૦ | ૨૯૦ | ૨૫૪૦ |
| ૮ | ધ્રાંગધ્રા | ૩૫૪ | ૩૪૩ | ૩૮૯ | ૩૪૨ | ૩૪૨ | ૩૫૨ | ૩૬૬ | ૩૫૬ | ૩૫૭ | ૩૨૦૧ |
| ૯ | હળવદ | ૨૫૦ | ૨૪૧ | ૨૫૯ | ૨૪૦ | ૨૩૮ | ૨૪૬ | ૨૫૪ | ૨૫૫ | ૨૫૫ | ૨૨૩૮ |
| ૧૦ | પાટડી | ૩૩૫ | ૩૨૯ | ૩૪૯ | ૩૩૪ | ૩૩૮ | ૩૪૪ | ૩૩૫ | ૩૨૨ | ૩૨૨ | ૩૦૦૮ |
| ૧૧ | લખતર | ૧૭૫ | ૧૬૯ | ૧૮૩ | ૧૬૮ | ૧૬૮ | ૧૭૪ | ૧૭૯ | ૧૮૦ | ૧૮૦ | ૧૫૭૬ |
| | કુલ - | ૨૮૭૯ | ૨૭૯૪ | ૨૯૯૪ | ૨૭૯૪ | ૨૮૧૬ | ૨૮૭૯ | ૨૯૫૭ | ૨૮૭૮ | ૨૮૭૯ | ૨૫૮૭૦ |

**પત્રક-૨**

**સુરેન્દ્રનગર જિલ્લાની કેરોસીનની જરૂરિયાતની વિગત દર્શાવતું પત્રક**

**જાન્યુઆરી-૦૬થી ડીસેમ્બર-૦૬ સુધી (આંકડા કિલો લિટરમાં)**

| ક્રમ | તાલુકાનું નામ | જાન્યુ. ૦૬ | ફેબ્રુ. -૦૬ | માર્ચ-૦૬ | એપ્રિલ-૦૬ | મે-૦૬ | જુન-૦૬ | જુલાઈ-૦૬ | ઓગ.-૦૬ | સપ્ટે.-૦૬ | ઓકટો-૦૬ | નવે.-૦૬ | ડીસે. -૦૬ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર (શહેર) | ૨૯૭ | ૩૦૪ | ૩૦૧ | ૩૦૬ | ૩૦૨ | ૩૨૫ | ૩૦૨ | ૩૦૭ | ૩૨૪ | ૩૬૬ | ૩૧૯ | ૩૧૯ | ૩૭૭૨ |
| ૨ | વઢવાણ | ૩૦૯ | ૩૧૩ | ૩૧૩ | ૩૧૩ | ૩૦૪ | ૩૧૩ | ૩૦૩ | ૩૦૭ | ૩૧૩ | ૩૨૩ | ૩૧૬ | ૩૧૬ | ૩૭૪૩ |
| ૩ | લીંબડી | ૨૮૪ | ૨૮૮ | ૨૮૯ | ૨૯૬ | ૨૭૭ | ૩૦૫ | ૨૭૯ | ૨૮૪ | ૨૭૯ | ૨૭૬ | ૨૭૮ | ૨૭૮ | ૩૪૧૩ |
| ૪ | ચુડા | ૧૭૩ | ૧૭૪ | ૧૭૦ | ૧૭૫ | ૧૭૦ | ૧૯૦ | ૧૬૮ | ૧૬૮ | ૧૭૩ | ૧૭૭ | ૧૮૭ | ૧૮૭ | ૨૧૧૨ |
| ૫ | મુળી | ૧૯૨ | ૧૯૪ | ૧૯૫ | ૧૯૫ | ૧૮૯ | ૧૮૯ | ૧૮૯ | ૧૯૦ | ૧૯૪ | ૧૮૨ | ૧૭૯ | ૧૭૯ | ૨૨૬૭ |
| ૬ | સાયલા | ૨૦૧ | ૨૦૩ | ૨૦૪ | ૧૯૮ | ૧૯૬ | ૨૦૦ | ૧૯૭ | ૨૦૨ | ૨૦૨ | ૨૦૯ | ૧૯૬ | ૧૯૬ | ૨૪૦૪ |
| ૭ | ચોટીલા | ૨૭૮ | ૨૮૧ | ૨૮૧ | ૨૮૨ | ૨૭૪ | ૨૯૨ | ૨૭૨ | ૨૭૨ | ૨૭૮ | ૨૯૦ | ૨૯૦ | ૨૯૦ | ૩૩૮૦ |
| ૮ | ધ્રાંગધ્રા | ૩૪૯ | ૩૫૩ | ૩૫૪ | ૩૫૪ | ૩૪૩ | ૩૮૯ | ૩૪૨ | ૩૪૨ | ૩૫૨ | ૩૬૬ | ૩૫૬ | ૩૫૭ | ૪૨૫૭ |
| ૯ | હળવદ | ૨૪૫ | ૨૪૮ | ૨૪૯ | ૨૫૦ | ૨૪૧ | ૨૫૯ | ૨૪૦ | ૨૩૮ | ૨૪૬ | ૨૫૪ | ૨૫૫ | ૨૫૫ | ૨૯૮૦ |
| ૧૦ | પાટડી | ૩૪૧ | ૩૪૫ | ૩૪૩ | ૩૩૫ | ૩૨૯ | ૩૪૯ | ૩૩૪ | ૩૩૮ | ૩૪૪ | ૩૩૫ | ૩૨૨ | ૩૨૨ | ૪૦૩૭ |
| ૧૧ | લખતર | ૧૭૨ | ૧૭૪ | ૧૬૯ | ૧૭૫ | ૧૬૯ | ૧૮૩ | ૧૬૮ | ૧૬૮ | ૧૭૪ | ૧૭૯ | ૧૮૦ | ૧૮૦ | ૨૦૯૧ |
| | કુલ - | ૨૮૪૧ | ૨૮૭૭ | ૨૮૬૮ | ૨૮૭૯ | ૨૭૯૪ | ૨૯૯૪ | ૨૭૯૪ | ૨૮૧૬ | ૨૮૭૯ | ૨૯૫૭ | ૨૮૭૮ | ૨૮૭૯ | ૩૪૪૫૬ |

-----------

**મહેસાણા અને પાટણ જિલ્લાના નિવૃત પ્રાથમિક શિક્ષકોના પેન્શન**

૨૦૮૧૪ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ મહેસાણા અને પાટણ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં નિવૃત્ત થતાં પ્રાથમિક શિક્ષકોના પેન્શન અંગેના કેટલા કેસો નિકાલ વગરના બાકી છે,

**જવાબ**

(૧)

| મહેસાણા જિલ્લો | પાટણ જિલ્લો |
|---|---|
| મહેસાણા તાલુકો-૧ | પાટણ તાલુકો-૧ |
| | હારીજ તાલુકો-૧ |
| | સમી તાલુકો-૧ |
| --- | રાધનપુર તાલુકો-૩ |
| કુલ : ૧ | કુલ : ૬ |

(૨) તે પેકી તાલુકાવાર એક વર્ષથી વધુ સમયથી નિકાલ ન થયા હોય તેવા કેટલા કેસો છે, અને

(૨) એકપણ નહી.

| | |
|---|---|
| (૩) આવા કેસોનો નિકાલ કેટલા સમયમાં થશે ? | (૩) હાલ એક કેસનો નિકાલ થયેલ છે. બાકીના કેસની નિકાલની કાર્યવાહી ચાલુમાં છે. |

-----------

**પંચમહાલ જિલ્લામાં બી. પી. એલ. કાર્ડ આપવા અંગે**

૧૯૭૬૧**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ક્યા ક્યા તાલુકામાં એ.પી.એલ. કુટુંબોને બી.પી.એલ. કાર્ડ આપવાના બાકી છે, | (૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના એક પણ તાલુકામાં એ. પી. એલ. કુટુંબોને બી. પી. એલ. કાર્ડ આપવાના બાકી નથી. |
| (૨) બી.પી.એલ. કુટુંબોના કાર્ડ એ.પી.એલ. થયેલ છે તે વાત સાચી છે, | (૨) ના, જી. |
| (૩) જો હા, તો તેના કારણો શું છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ બી.પી.એલ. કાર્ડ ધારકોને એ.પી.એલ. માંથી બી.પી.એલ. કાર્ડ કરવા માંગો છો કે કેમ ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ભરૂચ જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલ પંપોમાં ભેળસેળ બાબત**

૨૦૬૭૭**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં પેટ્રોલ પંપો અને ડીઝલ પંપોમાં ભેળસેળના કેટલા કિસ્સા સરકારના ધ્યાનમાં આવ્યા, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ એટલે કે સને ૨૦૦૫ તથા સને ૨૦૦૬ના કેલેન્ડર વર્ષમાં ભરૂચ જિલ્લામાં પેટ્રોલપંપો અને ડીઝલ પંપોમાં ભેળસેળના કોઈ કિસ્સા ધ્યાનમાં આવેલ નથી. |
| (૨) તેના માટે સંચાલકો ઉપર સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) ભેળસેળના કોઈ કિસ્સા ધ્યાનમાં આવેલ ન હોઈ, કોઈ કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી. |

-----------

**સાવરકુંડલા તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની માધ્યમિક શાળા**

૧૯૧૭૬**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વિજ્ઞાન પ્રવાહની ગ્રાન્ટેડ ઉચ્ચ માધ્યમિક શાળા સરકાર આપવા માંગે છે કે કેમ ? | આવી કોઈ દરખાસ્ત મળેલ નથી. |

-----------

**રાજ્યમાં હસ્તકલા ક્ષેત્રે ઉત્પાદિત વસ્તુઓની વેચાણ વ્યવસ્થા**

૨૦૭૯૭**શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની હસ્તકલા ક્ષેત્રે કાર્યરત મહિલાઓ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨) |

૧. ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ, ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી., ગુજરાત રાજ્ય માટીકામ કલાકારી બોર્ડ તથા ઈન્ડેક્સ્ટ-સી દ્વારા તેમના વેચાણ કેન્દ્રો અને તેમના દ્વારા આયોજીત મેળા/પ્રદર્શનમાં મહિલાઓ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ માટે જરૂરી પ્લેટફોર્મ પૂરૂ પાડવામાં આવે છે.
૨. ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લી. દ્વારા મહિલાઓને કાચો માલ પૂરો પાડી તેમના દ્વારા તૈયાર કરેલ/ઉત્પાદન કરાયેલ માલનું વેચાણ નિગમના એમ્પોરીયમ અને પ્રદર્શન યોજીને કરવામાં આવે છે.
૩. ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા હસ્તકલા ક્ષેત્રે કાર્ય કરતી મહિલાઓના ઉત્પાદન માટે પ્રદર્શન સહ વેચાણની યોજના નિગમ મારફત અમલમાં છે. જેમાં દર વર્ષે એક રાજ્ય સ્તરિય પ્રદર્શન સહ વેચાણ તેમજ ચાર વિભાગીય કક્ષાના પ્રદર્શન સહ વેચાણ યોજવામાં આવે છે.
૪. રાજ્ય બહાર પણ પ્રદર્શન સહ વેચાણ ડેવલપમેન્ટ કમિશ્નર (હેન્ડીક્રાફટ), ભારત સરકારની મંજૂરીથી યોજવામાં આવે છે.

-----------

**ગઢડા અને ઉમરાળા તાલુકામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ**

૧૯૧૨૧**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં ગઢડા અને ઉમરાળા તાલુકામાં કેટલા પ્રાથમિક શિક્ષકોની ઘટ તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છે, અને | (૧) ગઢડા તાલુકામાં-૭૬ અને ઉમરાળા તાલુકામાં-૨૮ જગ્યાઓ ખાલી છે. |
| (૨) આ જગ્યાઓ સત્વરે ભરવા સરકારનું શું આયોજન છે ? | (૨) વિદ્યાસહાયકની નવી ભરતી કરવા જાહેરાત આપેલ છે. |

-----------

**રાજ્યમાં ગ્રાહકોના અધિકારો પ્રત્યેની જાગૃતિ અંગે સરકાર દ્વારા લેવાયેલા પગલાં**

૨૦૭૦૮**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યમાં ગ્રાહકોની તેમના અધિકારો પ્રત્યેની જાગૃતિ માટે તથા તેમના થતા શોષણથી તેમને બચાવવા માટે રાજ્ય સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવે છે ? | રાજ્યમાં ગ્રાહકોની તેમના અધિકારો પ્રત્યેની જાગૃતિ માટે તથા તેમના થતા શોષણથી તેમને બચાવવા માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબ પગલા લીધેલ છે.<br>(અ) નિયંત્રકશ્રી, કાનુની માપ વિજ્ઞાન અને નિયામક, ગ્રાહક બાબતોની પ્રવૃત્તિ અમદાવાદની કચેરી દ્વારા ગ્રાહકોની જાગૃતિ, ગ્રાહકોની સુરક્ષાની કામગીરી તથા ગ્રાહકોની ફરિયાદોના નિકાલની કામગીરી, ઉપરાંત રાજ્ય કમિશન અને ફોરમોની સાથે ગ્રાહકોની ફરીયાદ પરત્વે સંકલનની કામગીરી કરે છે.<br>રાજ્ય સરકારે ગ્રાહક સુરક્ષા |

અધિકારીઓની નિયુક્તિ કરેલ છે. તે મુજબ જિલ્લા પુરવઠા અધિકારી, તોલમાપ અધિકારીઓ/ઇન્સ્પેકટરો, પુરવઠા અધિકારીઓ, પુરવઠા ઇન્સ્પેકટરો, મામલતદારશ્રીઓને ગ્રાહક સુરક્ષા અધિકારી તરીકે નામાભિધાન કરેલ છે.

(બ) ગ્રાહકોની જાગૃતિ માટે સેમીનાર/શિબીરો યોજવામાં આવે છે. તથા પ્રસાર સાહિત્ય માર્ગદર્શિકા, પુસ્તિકાઓ વગેરે છપાવવામાં આવે છે. અને સેમીનાર/શિબીરોમાં ભાગ લેનાર જનતાને વિતરણ કરવામાં આવે છે. રાજ્યમાં ગ્રાહક પ્રવૃત્તિ માટે ૨૦૦૬-૦૭ના અંદાજપત્રમાં, આયોજન સદર, ૪,૩૦,૦૦,૦૦૦/- તથા બિન આયોજન સદર-૧, ૬૨,૩૦,૦૦૦/- ની જોગવાઇ કરવામાં આવેલ છે. આ જોગવાઇઓમાંથી ગ્રાહકોની જાગૃતિ માટે ૨૪મી ડિસેમ્બર, રાષ્ટ્રીય ગ્રાહક દિન, ૧૫મી માર્ચ વિશ્વ ગ્રાહક અધિકાર દિનની ઉજવણી યોજવામાં આવે છે. વળી, ગ્રાહક સુરક્ષાની બેઠકો/તાલીમ શિબીરો યોજવામાં આવે છે. એટલું જ નહિ પરંતુ ગ્રાહક સુરક્ષાને લગતા કાર્યક્રમોનું રેડીયો દ્વારા, પ્રસારણ પણ કરાયેલ છે. પડતર કેસોનું લોક અદાલત દ્વારા નિરાકરણ કરવાનું આયોજન કરવા વિગેરે બાબતોનો સમાવેલ કરેલ છે.

(ક) તાલુકા કક્ષાએ એક નાયબ મામલતદાર તથા એક તોલમાપ ઇન્સ્પેકટરની ટીમ તથા એક પુરવઠા ઇન્સ્પેકટર અને એક મામલતદારશ્રીની ટીમની રચના કરવામાં આવી છે. જે ગ્રાહક સુરક્ષા અંગેના સેમીનારો, બેઠકો, સ્પર્ધાઓ અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરે છે.

(ડ) સરકાર દ્વારા ગ્રાહકોના હિત, તેઓની સુરક્ષા માટે કામ કરતાં મંડળોને ગ્રાહક પ્રવૃત્તિ હાથ ધરવા માટે માન્યતા તથા નાણાંકીય સહાય આપવામાં આવે છે. રાજ્યમાં હાલમાં ૫૮ ગ્રાહક સુરક્ષા મંડળોને માન્યતા આપવામાં આવેલ છે.

(ઇ) કેન્દ્ર સરકારે ગ્રાહક જાગૃતિ માટે સ્કુલ/કોલેજોમાં ગ્રાહક કલબની સ્થાપના કરવા ૨૫૦ નો લક્ષાંક આપેલ હતો. તે મુજબ રાજ્યમાં ૨૫૦- કન્ઝયુમર્સ કલબોની રચના કરવામાં આવેલ છે. રાજ્યમાં બીજી ૨૫૦ કન્ઝયુમર્સ કલબો ખોલવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. જેને મંજૂરી મળતા રાજ્યમાં ૫૦૦ કન્ઝયુમર્સ કલબ કાર્યરત થશે.

-----------

**વ્યાજબી ભાવની દુકાનોની તપાસણી અંગે**

૨૦૫૪૪ **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનો અને | (૧) *પત્રક-૧ મુજબ. |

કેરોસીન પરવાનેદારોની તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર વર્ષ ૨૦૦૬-૦૭માં કેટલી જગ્યાએ તપાસણી કરવામાં આવી છે, અને

(૨) તાલુકાવાર તપાસમાં કેટલા કેસોમાં ગેરરીતિઓ ધ્યાને આવેલ છે ?

(૨) **(અ) આણંદ જિલ્લો**
(૧) વ્યાજબી ભાવની દુકાનોના કેસોમાં *પત્રક - ૨ મુજબ.
(૨) કેરોસીનના કેસોમાં *પત્રક-૩ મુજબ
**(બ) ખેડા જિલ્લો**
(૧) વ્યાજબી ભાવની દુકાનોના કેસોમાં *પત્રક-૪ મુજબ
(૨) કેરોસીનનાં કેસોમાં *પત્રક-૫ મુજબ

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

-----------

**સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં થયેલ કામો**

૧૯૧૩૨ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં સન ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં ક્યા ક્યા હેતુ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૧) રૂ. (લાખમા)
રૂ.(લાખમાં)

| હેતુ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ (તા.૩૧-૧૨-૦૬ સુધી) |
|---|---|---|
| અગાઉના વર્ષની બચત | ૧૫.૭૩ | ૨૯.૫૦ |
| એસએસએ/એનપીઈજીઈએલ | ૯૧૫.૭૧ | ૧૭૨૦.૦૦ |
| કેજીબીવી | ૦૦૦૦ | ૧૦.૦૦ |
| કુલ : | ૯૩૧.૪૪ | ૧૭૫૯.૫૦ |

(૨) ફાળવેલ ગ્રાન્ટ પેકી તાલુકાવાર ક્યા ક્યા હેતુ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) પત્રક (૧) અને પત્રક (૨) મુજબ
ભારત સરકારશ્રી દ્વારા નિયત થયેલ નાણાંકીય નિયમો મુજબ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ફાળવવામાં આવતી ગ્રાન્ટના હિસાબો જિલ્લાવાર નિભાવવામાં આવે છે અને તાલુકાવાર નિભાવવામાં આવતા નથી.

(૩) કેટલી ગ્રાન્ટ વણવપરાયેલી રહી અને તેના કારણો શા છે ?

(૩) વણવપરાયેલી ગ્રાન્ટની વિગતો નીચે પ્રમાણે છે.

| ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ (તા.૩૧-૧૨-૦૬ સુધી) |
|---|---|
| ૨૯.૫૦ | ૧૦૬.૪૭ |

કોર્ટ કેસના કારણે શાળાના શિક્ષકોની ભરતી ન થવાથી. બાંધકામ પ્રવૃત્તિ સમયસર પૂર્ણ ન થવાના કારણે તથા રુમોના કામના ટેન્ડરો ઉંચા આવવાં જેવા વિવિધ કારણોસર ગ્રાન્ટ વણવપરાયેલી રહેલ છે. આવી વણવપરાયેલી ગ્રાન્ટ ત્યાર પછીના વર્ષમાં મંજૂર થયેલ પ્રવૃત્તિઓ માટે વાપરવામાં આવે છે.

**પત્રક-૧**

**સર્વ શિક્ષા અભિયાન મિશન અંતર્ગત એસએસએ/એનપીઈજીઈએલ હેઠળ એકટીવીટી વાઈઝ થયેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક**

(રૂ. લાખમાં)

| એકટીવીટીઝનું નામ | થયેલ ખર્ચ ૨૦૦૫-૦૬ | થયેલ ખર્ચ ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૧૨-૦૬ સુધી) |
|---|---|---|
| બ્લોક રિસોર્સ સેન્ટર (પગાર, ફર્નિચર, કન્ટીજન્સી, મિટીંગ, ટીએલએમ અને મુસાફરી ભથ્થુ) | ૧૭.૦૯ | ૨૦.૬૬ |

| એકટીવીટીઝનું નામ | થયેલ ખર્ચ ૨૦૦૫-૦૬ | થયેલ ખર્ચ ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૧૨-૦૬ સુધી) |
|---|---|---|
| ક્લસ્ટર રિસોર્સ સેન્ટર (પગાર, ફર્નિચર, કન્ટીજન્સી, મિટીંગ, ટીએલએમ અને મુસાફરી ભથ્થુ) | ૧૯.૭૪ | ૧૨.૮૨ |
| સીવીલ વર્કસ (બીઆરસી/સીઆરસી બિલ્ડીંગ, એડી.ક્લાસ રૂમ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ વગેરે) | ૩૩૪.૪૩ | ૧૨૧૯.૬૪ |
| ઈજીએસ/એઆઈઈ (વૈકલ્પિક શાળા, બ્રીજ કોર્ષ) | ૨૩.૩૨ | ૧૦.૫૧ |
| ફ્રી ટેક્ષ બુક | ૨૭.૭૯ | ૫૮.૭૩ |
| ઈનોવેટીવ (ઈસીસીઈ/ગર્લ્સ એજ્યુકેશન) | ૩૫.૧૯ | ૩૯.૧૬ |
| આઈઈડી (વિકલાંગ બાળકોને સહાયક શિક્ષણ) | ૨૧.૨૧ | ૫.૭૬ |
| સ્કૂલ મેઈન્ટેનન્સ (શાળા મરામત) | ૧૧૦.૨૪ | ૧૧૭.૪૫ |
| મેનેજમેન્ટ અને એમઆઈએસ | ૨૦.૮૦ | ૨૦.૨૫ |
| આર એન્ડ ઈ (રીસર્ચ એન્ડ ઈવોલ્યુએશન) | ૧૨.૧૫ | ૭.૯૧ |
| સ્કૂલ ગ્રાન્ટ | ૪૩.૭૬ | ૪૭.૨૮ |
| ટીચર્સ ગ્રાન્ટ | ૪૧.૧૦ | ૩૮.૭૭ |
| ટીએલઈ (ટીચીંગ લર્નિગ ઈક્વીપમેન્ટ) | ૯.૫૦ | ૩.૦૦ |
| ટીચર્સ ટ્રેનિંગ | ૪૨.૦૩ | ૩૪.૨૯ |
| કોમ્યુનિટી (મોબીલાઈઝેશન) | ૦.૯૭ | ૧.૪૭ |
| કુલ : | ૭૫૯.૩૨ | ૧૬૩૭.૭૦ |
| વધારાના વર્ગખંડોનું બાંધકામ | ૧૬.૧૮ | ૦.૧૩ |
| વીજળી, સંડાસ-મૂતરડી તથા પીવાના પાણીની વ્યવસ્થા | ૧.૩૭ | ૦.૦૨ |
| ટીએલઈ ગ્રાન્ટ | ૧૨.૫૯ | ૦.૦૦ |
| રીકરીંગ ગ્રાન્ટ | ૮.૧૧ | ૧.૧૪ |
| એવાર્ડ | ૦.૦૦ | ૦.૦૦ |
| સ્ટુડન્ટસ ઈવેલ્યુએશન | ૪.૭૮ | ૧.૭૦ |
| ટીચર્સ ટ્રેનિંગ | ૦.૩૩ | ૦.૦૦ |
| ચાઈલ્ડ કેર સેન્ટર્સ | ૮.૯૦ | ૬.૯૭ |
| એડીશનલ ઈનસેન્ટીવસ | ૮૪.૯૫ | ૦.૦૦ |
| મોબીલાઈઝેશન અને મેનેજમેન્ટ કોસ્ટ | ૫.૪૧ | ૧.૧૩ |
| શાળા મરામત | ૦.૦૦ | ૦.૦૦ |
| કુલ : | ૧૪૨.૬૨ | ૧૧.૦૯ |
| એસએસએ/એનપીઈજીઈએલ કુલ ખર્ચ | ૯૦૧.૯૪ | ૧૬૪૮.૭૯ |

## પત્રક-૨
## સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેજીબીવી હેઠળ એકટીવીટી વાઈઝ થયેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક

(રૂા. લાખમાં)

| એકટીવીટીઝનું નામ | થયેલ ખર્ચ ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૧૨-૦૬ સુધી) |
|---|---|
| નોન રીકરીંગ :- | |
| બિલ્ડીંગ | ૦.૦૩ |
| ફર્નીચર/ઈક્વીપમેન્ટ ઈનક્લુડીંગ કિચન ઈક્વીપમેન્ટ | ૦.૦૦ |
| ટીએલએમ એન્ડ ઈક્વીપમેન્ટ લાયબ્રેરી બુક્સ | ૦.૦૦ |
| બેડીંગ | ૦.૦૦ |
| રીકરીંગ :- | |
| મેન્ટેનન્સ પર ટ્રેઈનીસ પર મન્થ રૂા. ૭૫૦/- | ૨.૨૦ |
| કેજીબીવી એએલએસ ભાડું | ૦.૨૪ |
| સ્ટાઈપેન્ડ ફોર ટ્રેઈનીસ પર મન્થ રૂા. ૫૦/- | ૦.૦૦ |
| કોર્સ બુક, સ્ટેશનરી એન્ડ અધર એજ્યુકેશનલ મટેરીયલ રૂા. ૫૦/- પર મન્થ | ૦.૧૩ |
| પરીક્ષા ફી | ૦.૦૦ |
| પગાર : | ૦.૫૨ |
| -વોર્ડન | ૦.૦૦ |
| -સ્પોર્ટ સ્ટાફ (એકાઉન્ટન્ટ, આસીસ્ટન્ટ, પ્યુન, ચોકીદાર, કુક, કીચન ખર્ચ કેટગરી ખર્ચ | ૦.૦૦ |
| -પાર્ટ ટાઈમ ટીચર્સ | ૦.૦૦ |
| - ફુલ ટાઈમ ટીચર્સ | ૦.૦૦ |
| વોકેશનલ ટ્રેઈનીંગ સ્પેશીફિક સ્કીલ ટ્રેઈનીંગ | ૦.૦૪ |
| ઈલેક્ટ્રીસીટી/વોટર ચાર્જીસ | ૦.૧૮ |
| મેડીકલ કેર/કન્ટીજન્સી રૂા. ૭૫૦/- પર ચાઈલ્ડ | ૦.૨૪ |
| કન્ટીજન્સી રૂા. ૨૦૦૦/- પર મન્થ | ૦.૦૦ |
| મીસીલીનીયસ ઈનક્લુડીંગ મેઈન્ટેનન્સ | ૦.૬૬ |
| પ્રીપરેટરી કેમ્પસ | ૦.૦૦ |
| પીટીએ/સ્કૂલ ફન્કશન્સ | ૦.૦૦ |
| કુલ : | ૪.૨૪ |

-----------

**મંત્રી મંડળના હવાઈ પ્રવાસ બાબત**

૧૯૯૨૦ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૧-૧-૨૦૦૬થી તા. ૩૧-૧-૦૭ સુધીમાં માન. મુખ્ય મંત્રીશ્રી અને અન્ય મંત્રીશ્રીઓનો હેલીકોપ્ટર અને વિમાનના પ્રવાસન ખર્ચ કેટલો થયો ? | રૂા. ૩૦,૮૬,૮૯૫ નો ખર્ચ થયેલ છે. |

-----------

**જૂનાગઢ ખાતે રમતગમત સંકુલ**

૧૯૬૬૪ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ ખાતે રમતગમત કેન્દ્ર વિકસાવવાનું રાજ્ય સરકારનું આયોજન હતું, | (૧) હા, જી. |
| (૨) તે અન્વયે ૨૦૦૬-૦૭ના નાણાકીય વર્ષમાં થયેલ જોગવાઈ અન્વયે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂા. ૧૪૦.૦૦ લાખની જોગવાઈ અન્વયે તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ "શૂન્ય" ખર્ચ થયેલ છે. માર્ચ-૨૦૦૭ સુધીમાં રૂા. ૨૫.૦૦ લાખ જેટલો ખર્ચ થવાની સંભાવના છે. |
| (૩) આગામી નાણાકીય વર્ષમાં આ રમતગમત કેન્દ્રને પુર્ણ કરવા સરકાર માગે છે કે કેમ ? | (૩) હા, જી. |

-----------

**ભાવનગર જિલ્લામાં ડી.પી.ઈ.પી. હેઠળના કામો**

૧૮૮૧૯ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ડી.પી.ઈ.પી. અંતર્ગત વર્ષ ૨૦૦૫-૦૬માં ભાવનગર જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાના વધારાના ઓરડા, નવીન શાળા, પીવાના પાણીની સુવિધા તેમજ સંડાસ-મૂતરડી બાંધવામાં આવેલ છે ? | વર્ષ ૨૦૦૫-૦૬ માં ભાવનગર જિલ્લામાં ડી.પી.ઈ.પી. પ્રોજેક્ટ અમલમાં ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**રાજ્યમાં સ્વનિર્ભર પી.ટી.સી. અને બી.એડ. કોલેજોના ફીના ધોરણ બાબત**

૨૦૬૮૯**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સ્વનિર્ભર પી.ટી.સી. અને બી.એડ. કોલેજોમાં અસહ્ય "ફી" ના કારણે શિક્ષણ ખૂબ મોઘું થયું છે, તે સરકારના ધ્યાન પર છે, અને | (૧) સ્વનિર્ભર પી.ટી.સી. અને બી.એડ. કોલેજોમાં અસહય ફી નિર્ધારિત થયેલ નથી. તેથી શિક્ષણ મોંઘું થયું છે તેવા પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકાર કોઈ ચોકક્સ "ફી" નું ધોરણ નકકી કરવા માંગે છે કે કેમ ? | (૨) સ્વનિર્ભર પી.ટી.સી. તથા બી.એડ. કોલેજોના ફીના ધોરણો નિયત કરવા નામદાર સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શન મુજબ રાજ્ય સરકાર ધ્વારા ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ શ્રી આર. જે. શાહ સમિતિની રચના કરવામાં આવેલ છે. અને તે સમિતિ ધ્વારા ફી નું ધોરણ નિર્ધારિત કરવામાં આવે છે. |

-----------

**ડાંગ જિલ્લાની સરકારી પોલિટેકનિકમાં અપૂરતી સુવિધાઓ**

૧૯૫૨૮ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં સરકારી પોલિટેકનિકમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ શિક્ષણ કાર્ય ચાલુ છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) આ કોલેજમાં પૂરતી સુવિધાઓ આપવા | (૨) સુવિધા ઉપલબ્ધ છે, વધારે સુવિધા ઉપલબ્ધ |

| | |
|---|---|
| સરકારે ક્યા ક્યા પગલાં લીધા ? | કરાવવા કાર્યવાહી ચાલુ છે. |

-----------

**રાજ્યમાં ""બેટી બચાવો"" કાર્યક્રમ અંતર્ગત સરકારે લીધેલ પગલાં**

૨૦૫૫૭ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ચાલતા બેટી બચાવો કાર્યક્રમ હેઠળ સન ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં સરકારે કેવા પ્રકારના પગલાં લીધા છે, અને | (૧) (અ) સોનોગ્રાફી સેન્ટરોને માન્યતા, જિલ્લા એપ્રોપીયેટ ઓથોરીટી ધ્વારા ખાનગી તબીબોના દવાખાનાની ઓચિંતી મુલાકાત જેવા નિયંત્રણ તથા નિરીક્ષણાત્મક પગલાં લેવામાં આવેલ છે.<br>(બ) વિવિધ જ્ઞાતિઓ/સમાજના મેળાવડામાં સ્ત્રીભૃણ હત્યા અટકાવવાના શપથ, જિલ્લા/તાલુકાઓમાં પદયાત્રા, શિબિરો, મહિલા સંમેલનો, રેલી, પોસ્ટર્સ, પત્રિકાઓ, કેલેન્ડર, લિફલેટ, ટી.વી., રેડિયો પ્રસારણ, સી.ડી., ડી.વી.ડી.નું વિતરણ વગેરે જેવા પ્રસાર તથા પ્રચારાત્મક પગલાં લેવામાં આવેલ છે. |
| (૨) આ કાર્યક્રમ હેઠળ સરકારને કેટલી સફળતા મળી છે ? | (૨) (અ) રાજ્યમાં ચાલી રહેલા બેટી બચાવો અભિયાનને કારણે સમાજમાં સારી જનજાગૃતિ આવી છે.<br>(બ) ૨૦૦૪ માં રાજ્યનો સેક્સ રેશીયો ૮૨૪ હતો તે ૨૦૦૫ ના વર્ષમાં વધીને ૮૪૬ થયો છે. આ વધતો સેક્સ રેશીયો દર્શાવે છે કે, રાજ્યમાં બેટી બચાવો અભિયાનને સારી સફળતા મળી છે. |

-----------

**ચોટીલા અને સાયલા તાલુકામાં નિરાધાર વિધવાઓને સહાય**

૧૯૪૫૧ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી નિરાધાર વિધવા બહેનોને સહાય આપવામાં આવી, અને | (૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ચોટીલા તાલુકામાં ૧૭૯ અને સાયલા તાલુકામાં ૯૩ મળી કુલ ૨૭૨ નિરાધાર વિધવા બહેનોને સહાય આપવામાં આવી. |
| (૨) કેટલા કિસ્સામાં સહાય આપવાની બાકી છે ? | (૨) ચોટીલા તાલુકામાં ૧૩૪ અને સાયલા તાલુકામાં ૬૩ મળી કુલ ૧૯૭ વિધવા લાભાર્થીઓને માહે ડિસેમ્બર-૦૬ ની સહાય ચૂકવવાની બાકી છે. |

-----------

**જામનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની અને ઓરડાની ઘટ**

૨૦૮૧૦ **શ્રી ચીમનભાઈ ધ. સાપરીયા(જામજોધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જામનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઓરડાની અને શિક્ષકોની કેટલી ઘટ છે, અને | (૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ જામનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૯૧૪ ઓરડાની ઘટ છે. ૮૬૪ શિક્ષકોની જગ્યા ખાલી છે. |
| (૨) ઓરડાઓની તથા શિક્ષકોની ઘટ પુરવા માટે સન ૨૦૦૬-૨૦૦૭ના વર્ષમાં તાલુકાવાર કઈ કઈ યોજનામાં ઓરડા બાંધવાનું આયોજન છે ? | (૨) વિદ્યાસહાયકની ભરતીની કાર્યવાહી ચાલુ છે. જ્યારે વિવિધ યોજનાઓ હેઠળ તાલુકાવાર આ સાથેના પત્રક-૧ મુજબ નવા ઓરડાઓ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. |

**પત્રક-૧**

**જામનગર જિલ્લામાં વિવિધ યોજના હેઠળ કરેલ આયોજનની વિગત**

| ક્રમ | તાલુકો | એસ.એસ.એ યોજના હેઠળના કામો | કુલ |
|---|---|---|---|

| | | એસ.એસ.એ કચેરીના | રાજ્ય કક્ષાની ઈડીએનઃ૨ યોજના | |
|---|---|---|---|---|
| ૧ | ભાણવડ | ૮ | ૪૮ | ૫૬ |
| ૨ | ધ્રોલ | ૨ | ૮ | ૧૦ |
| ૩ | દ્વારકા | ૧૨ | ૩ | ૧૫ |
| ૪ | જામ કલ્યાણપુર | ૧૨ | ૧૩૫ | ૧૪૭ |
| ૫ | જામ જોધપુર | ૬ | ૪૧ | ૪૭ |
| ૬ | જામનગર | ૪૫ | ૮૧ | ૧૨૬ |
| ૭ | જોડીયા | ૨ | ૧૦ | ૧૨ |
| ૮ | કાલાવડ | ૦ | ૨૫ | ૨૫ |
| ૯ | ખંભાલીયા | ૩૭ | ૧૩૪ | ૧૭૧ |
| ૧૦ | લાલપુર | ૧૧ | ૬૫ | ૭૬ |
| | કુલ : | ૧૩૫ | ૫૫૦ | ૬૮૫ |

-----------

**રાજ્યમાં મીઠા ઉદ્યોગ અંતર્ગત થયેલ કામગીરી**

૨૦૬૮૪ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સોલ્ટ કમિશ્નર કચેરી તરફથી મોટા યુનિટોની તરફેણ કરવામાં આવે છે અને ટ્રાન્સપોર્ટેશનથી માંડીને અનેક બાબતોમાં એસ.એસ.આઈ. મીઠા ઉદ્યોગોને અન્યાય થઈ રહયો છે તેવી કોઈ ફરિયાદો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારને મળી છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકાર ધ્વારા મીઠા ઉદ્યોગને રક્ષણ આપવા લીધેલાં કે લેવા ધારેલાં પગલાં શાં છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**રાજ્યમાં સી.ડી.પી.ઓ.ની ખાલી જગ્યાઓ**

૨૦૮૦૨ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર(મેઘરજ): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ સી.ડી.પી.ઓ.ની કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) ૧૭ જગ્યા ખાલી છે. |
| (૨) શા કારણે, અને | (૨) સ્વેચ્છિક નિવૃત્તિ અને વય નિવૃત્તિના કારણે ખાલી પડેલ છે. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે ? | (૩) મુખ્ય સેવિકા વર્ગ-૩ માંથી સી.ડી.પી.ઓ. વર્ગ-૨ માં બઢતી આપવા માટેની પ્રક્રિયા ચાલુમાં છે. |

-----------

**ભરુચ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય માટેની અરજીઓ**

૨૦૬૭૪ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ સન ૨૦૦૫- | (૧) તા. ૩૧/૧૨/૦૬ ની સ્થિતિએ સન ૨૦૦૫- |

૦૬ અને ૨૦૦૬-૦૭માં ભરુચ જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય માટે કેટલી અરજીઓ આવી,

૦૬ અને ૨૦૦૬-૦૭ માં ભરુચ જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે કુલ ૭૮૧ નિરાધાર વિધવા સહાય માટે અરજીઓ આવી.

| ક્રમ | તાલુકાનું નામ | અગાઉની પડતર તારીખ ૩૧/૩/૦૫ સુધીની | તારીખ ૧/૪/૦૫થી ૩૧/૧૨/૦૬ દરમ્યાનની મળેલ અરજીઓ | કુલ અરજીઓ (કોલમ નં.૩,૪) |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | ભરુચ | ૫૧ | ૧૯૭ | ૨૪૮ |
| ૨ | જંબુસર | ૧૯ | ૯૨ | ૧૧૧ |
| ૩ | આમોદ | ૧૪ | ૪૬ | ૬૦ |
| ૪ | વાગરા | ૩ | ૧૬ | ૧૯ |
| ૫ | અંક્લેશ્વર | ૧૪ | ૧૪૧ | ૧૫૫ |
| ૬ | હાંસોટ | ૮ | ૧૪ | ૨૨ |
| ૭ | ઝઘડીયા | ૧૪ | ૮૯ | ૧૦૩ |
| ૮ | વાલિયા | ૧૦ | ૫૩ | ૬૩ |
| | **કુલ** | **૧૩૩** | **૬૪૮** | **૭૮૧** |

(૨) આવેલ અરજીઓ પેકી કેટલી અરજીઓ મંજૂર કરી સહાય ચૂકવવામાં આવી છે, અને

(૩) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૨) આવેલ અરજીઓ પેકી ૨૭૮ અરજીઓ મંજૂર કરી સહાય ચુકવવામાં આવી છે.

(૩) બાકી રહેતી ૧૯૬ અરજીઓનો વહેલી તકે નિકાલ કરવા સંબંધિતોને સુચના આપવામાં આવી છે.

-----------

**ખાદ્યતેલના વધતા ભાવ અંગે સરકારે લીધેલ પગલાં**

૨૦૮૦૭**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખાદ્યતેલના વધતા જતા સતત ભાવ વધારાને અંકુશમાં રાખવા સરકારે શાં પગલાં લીધા, અને

**જવાબ**

(૧) રાજ્ય કક્ષાએથી તેમજ જીલ્લા કક્ષાએથી ફેબ્રુઆરી-૨૦૦૬ થી જાન્યુઆરી-૦૭ સુધીના સમયગાળા દરમ્યાન ખાદ્યતેલોની ૬૪૦ તપાસો કરાવી ૪૮,૭૧,૬૭૧ કિ.ગ્રા. જેની કિંમત રૂા. ૨૨,૮૮,૨૫,૬૯૧ નો જથ્થો સીઝ કરવામાં આવેલ અને ૧,૨૨,૬૨૧ કિ.ગ્રા. કિંમત રૂા. ૪૧,૯૫,૨૯૦/- નો ખાદ્યતેલનો જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ.

(૨) રાજ્ય કક્ષાએથી અગ્રસચિવશ્રીના અધ્યક્ષપણા હેઠળ તા. ૧૭-૧-૨૦૦૭ ના રોજ અને તા. ૩૦-૧-૨૦૦૭ના રોજ ખાદ્યતેલોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી સ્વેચ્છિક ભાવ ઘટાડો કરવા સમજુત કરેલ. બંધ મીલો ચાલુ કરાવવા, તથા મીલોમાં રાખવામાં આવેલ જથ્થાનું પીલાણ ઝડપથી કરવાની સુચના આપી.

(૩) જિલ્લા કક્ષાએ દરેક કલેકટરશ્રી મારફત ખાદ્યતેલ સાથે સંકળાયેલ ઉત્પાદક તથા જથ્થાબંધ વેપારીઓને બોલાવીને બેઠકો યોજીને ભાવ નિયંત્રણ માટે જરૂરી સુચનાઓ આપી. તેમજ જે મીલો બંધ હતી તે મીલો ચાલુ કરાવી, અને ચાલુ મીલોના મીલરોને મગફળી તેમજ સીંગદાણા પીલાણમાં મુકી સીંગતેલનો

જથ્થો વિતરણમાં મુકવા સુચનાઓ આપી.

(૪) ખાદ્યતેલના ભાવ વધારાને નિયંત્રણમાં લેવાના પગલાંના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા ખાદ્યતેલો પરની કસ્ટમ ડયુટી ઘટાડવા કેન્દ્ર સરકારને વિનંતી કરેલ હતી. જે અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા તા. ૨૪-૧-૦૭ ના જાહેરનામાથી ખાદ્યતેલો પરની પ્રવર્તમાન કસ્ટમ ડ્યુટીમાં ૧૦ ટકા ઘટાડો કરી આપવામાં આવેલ છે.

(૨) ખાદ્યતેલનું મબલખ ઉત્પાદન થવા છતાં ભાવો ઘટતા નથી તે માટેના કારણો શા છે ?

(૨) અગાઉના છેલ્લા ત્રણ વર્ષમાં મગફળીનાં વાવેતરની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | વિસ્તાર (લાખહેકટરમાં) | ઉત્પાદન(લાખ હેકટરમાં) | ઉત્પાદકતા (કી.ગ્રા.-હેકટર). |
|---|---|---|---|
| ૨૦૦૩-૦૪ | ૧૯.૧૩ | ૪૩.૩૭ | ૨૨૬૭ |
| ૨૦૦૪-૦૫ | ૧૯.૨૫ | ૧૭.૦૬ | ૮૮૬ |
| ૨૦૦૫-૦૬ | ૧૮.૫૨ | ૩૧.૭૬ | ૧૭૧૫ |
| ૨૦૦૬-૦૭ (અંદાજીત) | ૧૫.૫૬ | ૧૨.૦૧ | ૭૨૫ |

ઉક્ત મગફળીના ઉત્પાદનના ગતવર્ષના આંકડા જોતાં ચાલુ વર્ષે ઉત્પાદન ઓછું છે. જેથી ભાવ વધારો થયો હોય તેવું જણાય છે.

-----------

**કચ્છ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ**

૨૦૧૨૫**શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કઈ કઈ સરકારી માધ્યમિક, અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ પ્રાથમિક સુવિધાથી વંચિત છે, અને

(૨) આવી સુવિધાઓ શાળાવાર ક્યારે પૂરી પાડવામાં આવશે ?

**જવાબ**

(૧) એક પણ શાળા બિલકુલ પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ ન હોય તેવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્યમાં ખાદ્યતેલના વધતા ભાવો પર અંકુશ મુકવા અંગે**

૨૦૬૭૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તાજેતરમાં ખાદ્યતેલના ભાવોમાં ખૂબ જ વધારો થતા ભાવોને કાબૂમાં રાખવા સરકારે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ શા પગલાં લીધા, અને

**જવાબ**

(૧) રાજ્ય કક્ષાએથી તેમજ જીલ્લા કક્ષાએથી ફેબ્રુઆરી-૨૦૦૬ થી જાન્યુઆરી-૦૭ સુધીના સમયગાળા દરમ્યાન ખાદ્યતેલોની ૬૪૦ તપાસો કરાવી ૪૮,૭૧,૬૭૧ કિ.ગ્રા. જેની કિંમત રૂા. ૨૨,૮૮,૨૫,૬૯૧ નો જથ્થો સીઝ કરવામાં આવેલ અને ૧,૨૨,૬૨૧ કિ.ગ્રા. કિંમત રૂા. ૪૧,૯૫,૨૯૦/- નો ખાદ્યતેલનો જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ.

(૨) રાજ્ય કક્ષાએથી અગ્રસચિવશ્રીના અધ્યક્ષપણા હેઠળ તા. ૧૭-૧-૨૦૦૭ ના રોજ અને તા. ૩૦-૧-૨૦૦૭ના રોજ ખાદ્યતેલોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી સ્વેચ્છિક ભાવ ઘટાડો કરવા સમજુત કરેલ. બંધ મીલો ચાલુ કરાવવા, તથા મીલોમાં રાખવામાં આવેલ જથ્થાનું પીલાણ ઝડપથી કરવાની સુચના આપી.

(૩) જિલ્લા કક્ષાએ દરેક કલેકટરશ્રી મારફત ખાદ્યતેલ સાથે સંકળાયેલ ઉત્પાદક તથા જથ્થાબંધ વેપારીઓને બોલાવીને બેઠકો યોજીને ભાવ નિયંત્રણ માટે જરૂરી સુચનાઓ આપી. તેમજ જે મીલો બંધ હતી તે મીલો ચાલુ કરાવી, અને ચાલુ મીલોના મીલરોને મગફળી તેમજ સીંગદાણા પીલાણમાં મુકી સીંગતેલનો જથ્થો વિતરણમાં મુકવા સુચનાઓ આપી.

(૪) ખાદ્યતેલના ભાવ વધારાને નિયંત્રણમાં લેવાના પગલાંના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા ખાદ્યતેલો પરની કસ્ટમ ડયુટી ઘટાડવા કેન્દ્ર સરકારને વિનંતી કરેલ હતી. જે અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા તા. ૨૪-૧-૦૭ ના જાહેરનામાથી ખાદ્યતેલો પરની પ્રવર્તમાન કસ્ટમ ડ્યુટીમાં ૧૦ ટકા ઘટાડો કરી આપવામાં આવેલ છે.

(૨) ખાદ્યતેલના ભાવો અંકુશમાં રાખવા ખાદ્યતેલ આયાત કરવા સરકારે શી વિચારણા કરી ?

(૨) રાજ્યમાં ખાદ્યતેલના વધતા ભાવોને અંકુશમાં રાખવા ૬૦૦૦ મે.ટન ખાદ્યતેલ ખરીદ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

-----------

## સુરત જિલ્લામાં નિરાધાર વિધવા સહાય માટે અરજીઓ

૨૦૬૫૮**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા(સુરત શહેર (પશ્ચિમ): માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નિરાધાર વિધવાઓને આર્થિક સહાય આપવાની યોજના અર્થે સુરત શહેરમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વિધવા બહેનોની અરજીઓ આવી,

(૨) આ અરજીઓમાંથી કેટલાને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી છે,

(૩) કેટલી વિધવા બહેનોને કેટલા વખતથી સહાય ચૂકવવાની બાકી છે, અને

(૪) આ સહાય ક્યારે ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૧૨૧

(૨) ૮૨૦ મંજૂર થયેલ અરજીઓ પૈકી ૪૯.૬૦ લાખની સહાય ચૂકવવામાં આવી.

(૩) અને (૪) ૮૨૦ વિધવા લાભાર્થીઓને ડીસેમ્બર-૦૬ સુધીની સહાય ચૂકવી દેવામાં આવી છે.

-----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષકો અને ઓરડાની ઘટ

૧૯૨૪૮ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૧-૪-૦૬ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ તથા પ્રાથમિક શિક્ષકોની કેટલી ઘટ તાલુકાવાર છે,

**જવાબ**

(૧) પ્રાથમિક શાળાના ઓરડાઓ અને શિક્ષકોની તાલુકાવાર ઘટ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | ઓરડાની ઘ | શિક્ષકોની ઘ |
|---|---|---|---|
| ૧ | ચોટીલા | ૧૮૦ | ૫૫ |
| ૨ | ચુડા | ૪૫ | ૧૯ |
| ૩ | ધ્રાંગધ્રા | ૧૦૭ | ૪૧ |
| ૪ | હળવદ | ૯૨ | ૩૭ |
| ૫ | લખતર | ૨૯ | ૧૬ |

| | | | |
|---|---|---|---|
| ૫ | લખતર | ૨૯ | ૧૬ |
| ૬ | લીંબડી | ૩૩ | ૧૯ |
| ૭ | મુળી | ૭૬ | ૨૯ |
| ૮ | પાટડી | ૩૭ | ૩૯ |
| ૯ | સાયલા | ૧૦૭ | ૩૭ |
| ૧૦ | વઢવાણ | ૨૦૯ | ૧૨ |
| | કુલ :- | ૯૧૫ | ૩૦૪ |

(૨) આ શૈક્ષણિક વર્ષના અંતે કેટલા શિક્ષકોની ઘટ પૂરવામાં આવનાર છે, અને

(૨) ૨૨૦

(૩) આ શૈક્ષણિક વર્ષના અંતે શાળાના ઓરડાની કેટલી ઘટ પૂરવામાં આવનાર છે ?

(૩) ૬૧૨

-----------

**કન્યા કેળવણી નિધિની રચના**

૨૦૭૯૮**શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) કન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટે રાજ્ય સરકારે કન્યા કેળવણી નિધિની રચના કરી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તેના ઉદ્દેશો ક્યા છે,

(૨) કન્યા કેળવણી નિધિની રચના કરવાના ઉદ્દેશો :-

૧. રાજ્યમાં કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવું અને સ્ત્રી સાક્ષરતાનો દર વધારવો.

૨. રાજ્યની કોઈપણ પ્રકારની શાળાઓની વિદ્યાર્થીનીઓને શિક્ષણની સુવિધાઓ પુરી પાડવી અને બાળાઓના શાળા છોડી જવાના દરમાં ઘટાડો કરવો.

૩. ૧૦૦ ટકા નામાંકન અને કન્યાઓના શાળા પ્રવેશ માટે શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવી અને ધો. ૧ માં પ્રવેશ મેળવતી કન્યાને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવા.

૪. વિદ્યાર્થીનીઓને નાણાંકીય સહાય કે ઈનામ પુરસ્કાર આપવા

૫. કન્યા કેળવણી સબંધિત કાર્યક્રમો માટે યોગ્ય તે વ્યક્તિ કે સંસ્થાને અનુદાન કે સહાય આપવી.

૬. વિદ્યાર્થીઓ માટે શાળાઓમાં સેનીટેશન સુવિધા પુરી પાડવી, કોઈપણ પ્રકારના યાંત્રિક કે વિજાણું સાધનો પુરા પાડવા, ફર્નિચરની સુવિધા પુરી પાડવી.

૭. શાળાઓમાં કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે તેવા બાંધકામો કરવા તથા નિધિ હસ્તકની અસ્કયામતો યોગ્ય તે રીતે સરકારી કે બિન સરકારી સંગઠન/સંસ્થાને કન્યા કેળવણી માટે ઉપલબ્ધ કરાવવી.

૮. વિદ્યાર્થીનીઓને પુસ્તકો, નોટબુકો, ઈતર સાહિત્યના પુસ્તકો, ફી, ગણવેશ, તબીબી સહાય અને લોન/શિષ્યવૃત્તિ કે તે પ્રકારની અન્ય સવલતો પુરી પાડવી.

૯. વિદ્યાર્થીનીઓના સામાજિક અને શૈક્ષણિક વિકાસને ઉત્તેજન આપે તેવી સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ હાથ ધરવી.

૧૦. વિદ્યાર્થીનીઓના સાંસ્કૃતિક, સાહિત્યિક, અભ્યાસિક, સ્પર્ધાત્મક ગુણોના વિકાસ માટેના કાર્યક્રમો/સ્પર્ધાઓ આયોજિત કરવા.

૧૧. નિધિની વહીવટી/હિસાબી કામગીરી માટે જરૂરી સાધન સામગ્રી ખરીદવી.

૧૨. નિધિને સબંધિત કાનુની પ્રવૃત્તિ કે કાર્યવાહી કરવી.

(૩) આવી નિધિ અગાઉ રચાઈ હતી કે કેમ, અને

(૩) ના, જી.

(૪) તા. ૩૧-૧-૦૭ સુધીમાં આ નિધિમાં કેટલું

(૪) હાલની સ્થિતિએ રૂ. ૧૧,૦૫,૨૯,૯૩૪/-

ભંડોળ જમા થયેલ છે ? — નિધિમાં મળેલ છે.

-----------

**રાજ્યમાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ**

૧૯૧૨૨**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્યમાં પ્રાથમિક શિક્ષકોની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) ૧૮૧૦૦ |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરી ? | (૨) ભરતી અંગેની કાર્યવાહી ચાલુ છે. |

-----------

**બી.પી.એલ. અને અંત્યોદય યોજનાના લાભાર્થીઓ બાબત**

૨૦૫૪૫ **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ તાલુકાવાર કેટલા બી.પી.એલ. અને અંત્યોદય યોજનાના લાભાર્થીઓ રદ કરવામાં આવેલ, અને

**જવાબ**

(૧) નીચે મુજબ રદ કરવામાં આવ્યા.

| | | વર્ષ-૨૦૦૫ | | વર્ષ-૨૦૦૬ | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | BPL | અંત્યોદય | BPL | અંત્યોદય |
| ૧ | આણંદ શહેર | ૩૩ | -- | ૩ | -- |
| ૨ | આણંદ ગ્રામ્ય | ૫૩૪ | -- | ૧૦૬ | -- |
| ૩ | ઉમરેઠ | ૪૨ | -- | ૪૮૭ | ૧૮ |
| ૪ | આંકલાવ | ૧૩૮ | -- | ૫૮ | -- |
| ૫ | બોરસદ | ૬૮ | -- | ૧૦૨૫ | -- |
| ૬ | સોજીત્રા | ૩૧ | -- | -- | -- |
| ૭ | પેટલાદ | ૩૭ | -- | ૨૦૦ | ૧૫ |
| ૮ | ખંભાત | ૩૧ | -- | ૧૨૬ | -- |
| ૯ | તારાપુર | ૨૨ | -- | ૫૧ | -- |
| | | ૯૩૬ | -- | ૨૦૫૬ | ૩૩ |

(૨) નવીન બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ કુટુંબોને સરકાર બી.પી.એલ. રેશનકાર્ડ કે અંત્યોદય યોજનાનો લાભ આપવા માંગે છે કે કેમ, કેટલા સમયમાં ?

(૨) હા, જી. આ વિભાગ દ્વારા સર્વે કલેક્ટરશ્રીઓને નીચે મુજબ સુચનાઓ આપવામાં આવેલી છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા GSWAN ઉપર મુકવામાં આવેલ કુટુંબોની યાદીઓની હાલની બી.પી.એલ. રેશનકાર્ડ સાથે ૧૦૦ % ચકાસણી કરીને ૧૦૦ % ક્રોસ કરવા તથા ત્યારબાદ બાકી રહેતી યાદી માટે ગ્રામસભામાં વાંચન કરીને ખોટા બી.પી.એલ. કાર્ડ રદ કરવા તેમજ જરૂર પડે ડોર ટુ ડોર રેન્ડમ ચેકીંગ કરવું. આ કાર્યવાહી પૂર્ણ થયેથી જે કુટુંબોને નિયમોનુસાર રેશનકાર્ડ મળવાપાત્ર છે. તેવા કુટુંબોને રેશનકાર્ડ આપવાની કાર્યવાહી સત્વરે કરવામાં આવશે.

-----------

**રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ**

૧૯૧૩૩ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ શાળા પ્રવેશ મહોત્સવ અન્વયે જિલ્લાવાર પ્રાથમિક શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો,

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ
પ્રવેશોત્સવ કાર્યક્રમ જૂન માસમાં જ થાય છે. ડીસેમ્બર માસમાં પ્રવેશ આપવામાં આવતો નથી.

**પત્રક - ૧**

| ક્રમ | જિલ્લાનું નામ | પ્રવેશોત્સવ "૦૬ માં આપેલ | | |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | [illegible] | [illegible] | [illegible] |
| ૨ | અમરેલી | ૯૬૬૪ | ૮૬૯૫ | **૧૮૩૫૯** |
| ૩ | આણંદ | ૧૪૮૩૦ | ૧૨૫૦૯ | **૨૭૩૩૯** |
| ૪ | બનાસકાંઠા | ૨૫૧૦૧ | ૨૨૫૬૭ | **૪૭૬૬૮** |
| ૫ | દાહોદ | ૧૯૬૯૫ | ૧૮૯૨૬ | **૩૮૬૨૧** |
| ૬ | ભરૂચ | ૭૨૮૩ | ૬૭૯૬ | **૧૪૦૭૯** |
| ૭ | ડાંગ | ૩૧૨૩ | ૩૦૨૮ | **૬૧૫૧** |
| ૮ | ભાવનગર | ૧૬૯૮૧ | ૧૪૫૭૨ | **૩૧૫૫૩** |
| ૯ | ગાંધીનગર | ૭૬૫૧ | ૬૩૬૯ | **૧૪૦૨૦** |
| ૧૦ | જામનગર | ૧૨૨૨૯ | ૧૧૩૦૦ | **૨૩૫૨૯** |
| ૧૧ | જૂનાગઢ | ૧૫૧૮૧ | ૧૪૮૮૦ | **૩૦૦૬૧** |
| ૧૨ | ખેડા | ૧૬૮૨૮ | ૧૪૫૪૪ | **૩૧૩૭૨** |
| ૧૩ | કચ્છ | ૧૪૦૩૪ | ૧૩૩૯૬ | **૨૭૪૩૦** |
| ૧૪ | મહેસાણા | ૧૫૨૬૯ | ૧૨૬૩૯ | **૨૭૯૦૮** |
| ૧૫ | નર્મદા | ૪૦૬૩ | ૩૮૧૧ | **૭૮૭૪** |
| ૧૬ | નવસારી | ૬૭૧૮ | ૬૩૬૭ | **૧૩૦૮૫** |
| ૧૭ | પંચમહાલ | ૨૦૭૩૮ | ૧૯૪૭૫ | **૪૦૨૧૩** |
| ૧૮ | પાટણ | ૮૩૪૬ | ૭૭૫૩ | **૧૬૦૯૯** |
| ૧૯ | પોરબંદર | ૩૧૯૪ | ૩૨૨૧ | **૬૪૧૫** |
| ૨૦ | રાજકોટ | ૧૬૪૧૮ | ૧૪૨૭૫ | **૩૦૬૯૩** |
| ૨૧ | સાબરકાંઠા | ૧૬૯૦૨ | ૧૫૨૪૨ | **૩૨૧૪૪** |
| ૨૨ | સુરત | ૧૩૯૮૨ | ૧૩૧૭૯ | **૨૭૧૬૧** |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૪૩૩૭ | ૧૨૪૭૭ | **૨૬૮૧૪** |
| ૨૪ | વડોદરા | ૧૬૭૫૭ | ૧૫૧૪૫ | **૩૧૯૦૨** |
| ૨૫ | વલસાડ | ૯૨૮૦ | ૯૦૬૧ | **૧૮૩૪૧** |
| | કુલ : | ૩૧૯૮૪૨ | ૨૮૯૦૨૨ | **૬૦૮૮૬૪** |

(૨) આ પ્રવેશ મહોત્સવ અન્વયે પ્રાથમિક શાળાઓમાં જિલ્લાવાર કેટલા બાળકોની સંખ્યા વધી, અને

(૨) પ્રવેશોત્સવ કાર્યક્રમ એ તમામ બાળકોનો શાળા પ્રવેશ કરાવવાના મુખ્ય હેતુથી યોજવામાં આવે છે, તેને બાળકોની સંખ્યાના વધારા સાથે સાંકળી શકાય નહીં.

(૩) સંખ્યા વધતાં નવા રુમોની જરૂરિયાત કેટલી ઉભી થવાની સંભાવના છે ?

(૩) પ્રાથમિક શાળાના રૂમોની જરૂરીયાત બાળકોની સંખ્યા આધારે નક્કી કરવાનું ધોરણ નથી.

-----------

**ચોટીલા અને સાયલા તાલુકામાં મધ્યાહન ભોજન યોજનાની કામગીરી**

**૧૬૧/page>** ૧૯૪૫૨ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકાના કેટલા બાળકો તારીખ ૩૧-૧-૦૭ની સ્થિતિએ મધ્યાહન ભોજન યોજના અંતર્ગત લાભ લે છે,

(૨) કેટલા કર્મચારી/અધિકારીઓ કામગીરી બજાવે છે,

(૩) આ યોજનાની કામગીરી સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપવાની તજવીજ ચાલે છે, અને

(૪) જો હા, તો તેના કારણો ક્યા છે ?

**જવાબ**

(૧) સાયલા તાલુકો - સરેરાશ ૧૨૫૭૩ બાળકો
ચોટીલા તાલુકો - સરેરાશ ૨૨૧૦૬ બાળકો

(૨)

| | સાયલા તાલુકો | ચોટીલા તાલુકો |
|---|---|---|
| કર્મચારી | ૪ | ૪ |
| અધિકારી | ૧ | ૧ |

(૩) ના, જી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્યમાં મહિલાઓના પ્રશ્નો અંગેની હેલ્પલાઈન**

૨૦૮૦૪**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર(મેઘરજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં મહિલાઓના પ્રશ્નો અંગે કોઈ હેલ્પલાઈન કાર્યાન્વિત છે કે કેમ,

(૨) જો હા, તો કેટલા સ્થળોએ, અને

(૩) જો ના, તો આવી હેલ્પલાઈન શરુ કરવાનું આયોજન છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૨૧ સ્થળોએ.

(૩) હાલ હેલ્પલાઇન અમલમાં હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં રાંધણગેસના સીલીન્ડરોનો બેક્લોગ**

૨૦૬૭૫**શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં રાંધણગેસ સીલીન્ડરની તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલી ઘટ છે,

(૨) ગેસ સીલીન્ડરની નોંધણી પછી કેટલા સમયમાં પૂરો પાડવામાં આવે છે, અને

(૩) રાજ્યને ગેસના સીલીન્ડરો પુરતા પ્રમાણમાં મળે તે માટે ઓઈલ કંપનીઓ સાથે કેટલી વખત બેઠકો છેલ્લા એક વર્ષમાં યોજવામાં આવી, અને બેઠકની ફલશ્રુતિ શું છે ?

**જવાબ**

(૧) રાંધણગેસના સીલીન્ડરની તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કોઇ ઘટ નથી.

(૨) ગેસધારકને ગેસ સીલીન્ડર નોંધણી બાદ પુરવઠાની ઉપલબ્ધી મુજબ અગ્રતાના ધોરણે ગેસ પુરો પાડવામાં આવે છે.

(૩) છેલ્લા એક વર્ષમાં ઓઇલ કંપનીઓ સાથે ૯ બેઠકો યોજવામાં આવી.

ફલશ્રુતિ : લોકોની સમસ્યા હળવી કરી શકાઇ છે.

**રાજકોટ જિલ્લામાં ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારો**

**૧૬૩/page>** ૨૦૮૦૮ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તાલુકાવાર વર્ગ વધારાની કેટલી દરખાસ્તો સરકારમાં આવી, અને

(૨) તે પૈકીના ધોરણવાર કેટલા વર્ગ વધારાની દરખાસ્તો માન્ય રાખી મંજૂરી આપવામાં આવી ?

**જવાબ**

(૧)

| તાલુકો | ધો. ૮ | ધો. ૯ | ધો. ૧૦ | ધો. ૧૧ | ધો. ૧૨ |
|---|---|---|---|---|---|
| રાજકોટ | ૦૩ | ૦૧ | -- | ૦૧ | ૦૩ |
| જસદણ | ૦૧ | -- | -- | ૦૨ | ૦૧ |
| ધોરાજી | ૦૨ | -- | -- | ૦૧ | -- |
| વાંકાનેર | ૦૧ | -- | -- | -- | -- |
| ઉપલેટા | ૦૧ | -- | -- | -- | -- |
| જેતપુર | ૦૧ | -- | -- | -- | -- |
| પડધરી | -- | ૦૧ | ૦૧ | ૦૧ | -- |
| મોરબી | -- | -- | -- | ૦૬ | ૦૧ |
| ગોંડલ | -- | -- | -- | ૦૧ | ૦૧ |
| કુલ : | ૦૯ | ૦૨ | ૦૧ | ૧૨ | ૦૬ |

(૨)

| | |
|---|---|
| ધોરણ-૮ | ૦૩ |
| ધોરણ-૯ | ૦૨ |
| ધોરણ-૧૦ | -- |
| ધોરણ-૧૧ | ૦૯ |
| ધોરણ-૧૨ | ૦૫ |

**કડી તાલુકામાં પ્રાથમિક શાળાઓના ઓરડાઓની મરામત**

૨૦૬૭૨ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) કડી તાલુકામાં પ્રાથમિક શાળાઓના ઓરડાઓની મરામત કામગીરી પાછળ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) રૂા. ૧૯,૭૦,૪૮૧ |
| (૨) હજુ કેટલા ઓરડાઓની મરામત કામગીરી બાકી છે ? | (૨) ૪૭ |

-----------

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**ગુજરાત રાજય નાણાકીય નિગમનો ઓડિટ અહેવાલ**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૦૪-૦૫નો ઑડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત

**જાહેર સાહસો માટેની સમિતિના અઢારમા અહેવાલની રજૂઆત**

**શ્રી યોગેશભાઈ ના. પટેલ (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર સાહસો માટેની સમિતિનો અઢારમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પંદરમા અહેવાલની રજૂઆત**

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પંદરમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પંદરમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**સરકારી વિધેયકો**

**સન ૨૦૦૭નું ગુજરાત વિધેયકક્રમાંક-૯**

# ગુજરાત(પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૦૭

**સન ૨૦૦૭ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ *રાજયપત્રમાં પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક-૯ સન ૨૦૦૭નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકને આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક-૯ સન ૨૦૦૭નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

---

* વિધેયક તા.૬ઠ્ઠી માર્ચ ૨૦૦૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**અધ્યક્ષશ્રી** : આજે પૂરક વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરવાની છે. આ ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ૮ સભ્યશ્રીઓએ મુદા આપેલા છે. આજે ગૃહની બેઠકનો સમય બપોરના ૧૨-૦૦ વાગ્યાથી સાંજના ૫-૧૫ સુધીનો છે. વિધાનસભાના નિયમોના નિયમ-૨૩૮(૩) અન્વયે એક કલાક પહેલાં એટલે કે, સાંજના ૪-૧૫ વાગ્યે પૂરક વિનિયોગ વિધેયક ઉપરની ચર્ચા સમાપ્ત કરી બધી બાબતો સભાગૃહના મત માટે મૂકવાની થાય. પરંતુ આજ રોજ પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત ૨૦૦૭-૦૮ના વર્ષના અંદાજપત્રની ત્રીજા દિવસની સામાન્ય ચર્ચા હાથ ધરાનાર છે. અંદાજપત્રની સામાન્ય ચર્ચાને વધુ સમય મળે તે હેતુથી પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચા અને મતદાન માટે વિરામ સમય સુધીનો સમય ફાળવું છું. પૂરક વિનિયોગ વિધેયક ઉપર ચર્ચામાં ભાગ લેવા માટે ૮ સભ્યોએ મુદ્દા આપ્યા છે. દરેક સભ્યને ૩ મિનિટનો સમય ફાળવું છું. તદ્અનુસાર આ મુદ્દા ઉપરની ચર્ચા સમાપ્ત થયા બાદ પૂરક વિનિયોગ વિધેયક સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે. ગૃહના વિરામ સમય બાદ અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા હાથ ધરવામાં આવશે.

**શ્રી શંકરભાઈ મં. વારલી (ઉંમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં વેપારીઓ દ્વારા તોલમાપમાં જે ગેરરીતિ થાય છે એમાં મારા વલસાડ જિલ્લામાં આજ સુધી જે અધિકારીઓમાં તોલમાપમાં ઓછું હોવાને કારણે એ ગેરરીતિ પકડી પાડવામાં જે સાવચેતી દેખાવી જોઈએ એ દેખાતી નથી. મેં સંકલનમાં ઘણી વખત પ્રશ્ન ઉપસ્થિત કરેલ છતાં એ લોકો ઘણી વખત એક ને એક જવાબ આપે છે કે અમારી પાસે ઓછો સ્ટાફ હોવાથી અમે જોઈએ એટલી સાવચેતી કે સેમ્પલો ચકાસી શકતા નથી અને તોલમાપમાં જે ગેરરીતિ અંતરિયાળ વિસ્તાર છે એમાં એ લોકો સાધન કે ટ્રાન્સપોર્ટના અભાવે પહોંચી શકતા નથી તો જે અમારા આદિવાસી વિસ્તાર છે એના ગ્રાહકોની તોલમાપમાં છેતરપિંડી થાય છે, એની પૂરેપૂરી ચકાસણી થતી નથી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ચોરી, લૂંટ અને બળાત્કારના વધતા જતા કેસો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. આજે જે પ્રમાણે ગુજરાત રાજયમાં ચાલી રહ્યું છે અને એમાં ખાસ કરીને જે અમદાવાદને મેગાસીટી બનાવવા માટે અમે બધાએ ઘણી મોટી કોશિશ કરીને મેગાસીટી બનાવ્યું છે ત્યારે આજે અમદાવાદ એ ક્રાઈમ સીટી થઈ ગયું હોય એવી સ્થિતિ આજે થઈ રહી છે. રોજની એક ચોરી, સવારે પેપર વાંચતા હોઈએ ત્યારે લૂંટ, બળાત્કાર, અનેક આવા કેસો અમદાવાદ સીટીની અંદર થઈ રહયા છે. જયારે પણ પોલીસતંત્રના કોઈપણ જણને પૂછવામાં આવે ત્યારે એવી જાણ કરવામાં આવતી હોય છે કે અમે તો બધા મોટા મોટા નેતાઓ અથવા જે વી.આઈ.પી. લોકોની પાછળ દોડધામની પાછળ એમનો સવારથી સાંજ સુધીનો સમય જતો હોય છે અને ગુજરાતની અંદર એ સ્થિતિ થઈ રહી છે કે ગુજરાતમાં એકબાજુ રામરાજયની વાત થાય અને બીજી બાજુ તમામ મંદિરો લૂંટાય, મહંતોના ખૂન થાય, અનેક ઠેકાણે ધાડ પડે એવી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ છે. હું આપને ઉદાહરણ આપું, અમારા પાટણ જિલ્લામાં કડી ગામના મહંતનું ધોળા દિવસે ખૂન થયું છે. પાલનપુરમાં હમણા જ એક વેપારી પ્રજાપતિને ત્યાં હીરાની લૂંટ થઈ, એના જ મેનેજરને ત્યાં આગળ લઈ જઈને પહેલા જે ફરિયાદી હતો એને એટલી હદે મારવામાં આવ્યો કે ડી.એસ.પી. સાહેબને ત્યાં આગળ જઈ દિલગીરી વ્યકત કરવામાં આવી એવી આજે સ્થિતિ છે. ગુનેગારને પકડવાની વાત એક બાજુ છે ત્યારે બીજી બાજુ સ્થિતિ એવી થઈ રહી છે કે જે લોકો ફરિયાદ કરવા જાય એ ફરિયાદીને લોકો માર મારે એવી ગુજરાત રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પડી ભાંગી છે જેના કારણે આજે ગુજરાતનો નંબર વન એક વખત હતો આજે બીજા બધા ક્ષેત્રોમાં જયારે આપણે આગળ આવતા હોઈએ ત્યારે આ ક્ષેત્રની અંદર પણ જે ગુનાખોરીના રાજયો હોય છે એમાં ગુજરાતનો નંબર આગળ વધી રહ્યો છે. એવી સ્થિતિ ઉભી થઈ છે માટે આજે જે પૂરક માગણીઓ લઈને નાણામંત્રીશ્રી આવ્યા છે ત્યારે મારે એટલું જ કહેવું છે કે વહેલામાં વહેલી તકે ગુજરાત રાજયની કાયદો અને વ્યવસ્થા છે જે અને ખૂન બળાત્કાર ચોરી થઈ રહી છે એના ઉપર સરકારે કાબૂ ગુમાવ્યો છે. નિષ્ફળ ગઈ છે એ નિષ્ફળતાને પૂર્ણ કરે એવી મારી અપેક્ષા છે.

**શ્રી દોલતભાઈ પરમાર (વડગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબી રેખા નીચે જીવતા લોકોની મોજણીમાં ચાલતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા મારો મુદ્દો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ.ની યાદી જે બનાવવામાં આવી છે એમાં ભારે ગેરરીતિઓ થયેલ છે અને આજની પરિસ્થિતિએ જોવા જઈએ તો આ કામચલાઉ યાદી છે. હજુ બી.પી.એલ. નંબર આપવામાં આવ્યા નથી. છતાં લાભાર્થીઓને લાભો આપવામાં આવી રહ્યા છે. ૨૦૦૨માં મોજણી થઈ હતી અને ૨૦૦૬માં એની જાહેરાત થઈ હતી. તા. ૧-૯-૨૦૦૬ થી તા. ૩૦-૭-૨૦૦૭ દરમિયાનમાં વાંધાઓ મગાવવામાં આવ્યા છે. આ દરમિયાનમાં લાભાર્થીઓને લાભો આપવામાં આવી રહ્યા છે. આ લાભાર્થીઓ જે લાભો લઈ રહ્યા છે એ અટકાવવા જોઈએ અને નવેસરથી સરવે થવો જોઈએ. જેની પાસે પાકા મકાનો છે, જે લોકો ગાડીવાળા હોય એ લોકો બી.પી.એલ.માં છે અને ગરીબ લોકો રહી ગયા છે. આ બાબતમાં પુન: તપાસ થવી જોઈએ અને નવેસરથી મોજણી થવી જોઈએ અને સાચા લાભાર્થીઓને શોધી કાઢવા જોઈએ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં બેરોજગારોને રોજગારીની તકો પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા એ મારો મુદ્દો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે એમના ચૂંટણી ઢંઢેરામાં એવી વાત કરી હતી કે શિક્ષિત બેરોજગારોને અમે રોજગારી પૂરી પાડીશું. રોજગારી નહિ મળે તો એને બેકારી ભથ્થું આપીશું. પણ એમણે જે વચનો આપ્યા હતા એ પાળ્યા નથી. આજે આખા રાજ્યમાં શિક્ષિત બેરોજગારોની એટલી બેકારી વધી છે કે રોજગાર કચેરીઓમાં નોંધાવવાનું પણ બંધ કરી દીધું છે. કારણ કે નોકરી ન મળતી હોય તો નામ નોંધાવીને કરવાનું પણ શું? શિક્ષકો નિવૃત્ત થાય એની સામે વિદ્યા સહાયકો મળી રહે છે એટલે એટલા પૂરતી ભરતી થાય છે. બીજી કોઈ ભરતી થતી નથી. આ સિવાય કોઈ ભરતી નથી. જે કોઈ યોજના સરકારની હોય, આજે ભારત સરકારમાં હોય કે અહીંયા હોય. મધ્યાહ્ન ભોજન યોજના ચાલું છે એમાં ૧ લાખ લોકોને રોજી મળે છે. તો રાજ્ય સરકાર પણ આવી ચાર-પાંચ યોજનાઓ લાવે તો પાંચ લાખ લોકોને રોજી મળે. પણ આ સરકાર એમ.ઓ.યુ. કરે છે, બધી જાહેરાતો કરે છે પણ કોઈ ઉદ્યોગો થતા નથી અને થાય તો પણ એ બહારના લોકોને નોકરીમાં રાખે છે, આપણા લોકોને રાખતા નથી. આ લોકોને ફરજ પાડવી જોઈએ કે ગુજરાતના લોકોને જ નોકરીમાં રાખવા પડશે. પણ કશું થતું નથી. એના સિવાય એક પણ યોજના એવી નથી જેમાં રોજગારી મળે. કેટલીય જગ્યાઓ હાલમાં ખાલી છે એ ભરાતી નથી અને બેરોજગારોને સરકાર ઉપરથી વિશ્વાસ ઊઠી ગયો છે. ઘણા લોકોએ તો ભણવાનું ઓછું કરી દીધું છે. ગ્રૅજ્યુએટ થઈ થઈને કરવાનું શું? એમણે કમિટમૅન્ટ કર્યું છે, આ સરકારે વચન આપ્યું છે કે શિક્ષિત બેરોજગારોને અમે પૂરેપૂરી નોકરી આપીશું અને નોકરી નહિ મળે તો બેકારી ભથ્થું આપીશું, પણ એને બેકાર નહિ રહેવા દઈએ. વચન નથી પાળતા એટલે કહેવું પડે છે કે એમણે બીજી યોજનાઓ ઊભી કરવી જોઈએ. એમ.ઓ.યુ. કરીને ખાલી નામના મેળવો અને એ તો જતા રહે છે અને આવે છે તો એને આ રાજ્ય સરકાર ફરજ પાડવા માગે છે કે કેમ? ફરજ પાડવી જોઈએ, આ તો માનવતાનું કામ છે. ગરીબ માણસો પેટે પાટા બાંધીને પોતાના સંતાનોને ભણાવતા હોય છે. આજે શિક્ષણ પણ એટલું મોંઘુ થઈ ગયું છે કે એને ગ્રૅજ્યુએટ થવું હોય કે એનાથી ઉપર ભણવું હોય તો પણ એ ભણાવી શકે તેમ નથી. એટલે દેવું કરીને જે ભણાવે છે અને નોકરીનો વારો આવે છે ત્યારે સરકાર હાથ ઊંચા કરી દે છે કે નોકરી નહિ મળે. બે-ચાર ઉદ્યોગો થાય છે એ એના લોકોને બહારથી લાવે છે અને કહે છે કે આવા ટેકનિકલ લોકો અહીં નથી એટલે નહિ ચાલે એમ કરીને લેતા નથી. આ રાજ્યના શિક્ષિત યુવાનો બિલકુલ બેકાર ફરે છે એના માટે કાંઈ વિચારવું જોઈએ. એવી યોજના ઊભી કરવી જોઈએ અથવા કમસે કમ એને બેકારી ભથ્થું આપવું જોઈએ. તો લોકોને વિશ્વાસ બેસે. આજે નોંધણી નોંધાવતા બંધ થઈ ગયા છે. ૧૫ લાખ લોકો થઈ ગયા કારણ કે એમને વિશ્વાસ નથી કે નોકરી મળશે. ઘણા ગરીબ માણસો દેવું કરીને ભણાવતા હતા એ હવે ઓછું કરી દીધું છે. કારણ કે એમને એમ થાય છે કે ગમે એટલું દેવું કરીને ભણાવીશું પણ નોકરી તો મળવાની નથી. આ મારી કોઈ રાજકીય વાત નથી. પણ ગરીબ માણસ બેરોજગાર છે એના માટે કાંઈકને કાંઈ વિચારી અને યોજના લાવે. અગાઉ પણ શંકરસિંહજી બાપુની સરકાર વખતે એમણે ઉદ્યોગોમાં સિક્યોરિટી ઑફિસ ઊભી કરી અને ૧ લાખ લોકોને નોકરી આપવી એવું વિચાર્યું હતું એવું કાંઈક વિચારો. કાંઈક બીજું વિચારો પણ એમને નોકરી આપો. એમણે વિચાર્યું હતું પણ સમય ન મળ્યો. બાકી એ નોકરી આપવાના હતા. આપ પણ વિચારો અને લોકોને નોકરી મળે એવું કરો એવી વિનંતી છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, સચિવાલય આર્થિક સેવામાં ગુજરાત મેરિટાઈમ બોર્ડના કર્મચારીઓને જે એસ.ટી. પાસની અંદર વધારાની રાહત આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એસ. ટી. કોરપોરેશનની અંદર અત્યારે એક તો ખોટમાં ચાલી રહ્યું છે ત્યારે જે સામાન્ય રીતે કર્મચારીઓને દર મહિને માસિક પાસ આપવામાં આવે છે એ પાસની અંદર મેરિટાઈમ બોર્ડના કર્મચારીઓને જે માસિક પાસમાં જે માસિક પાસ આપે છે એના કરતા પણ વધારાની ૫૦ ટકા રાહત આપવામાં આવી છે એવું મારા ધ્યાન પર છે. બીજી પણ એક વાત મારા ધ્યાનમાં આવી છે કે જે એસ. ટી. નિગમનો વધારાનો હવાલો મેરિટાઈમ બોર્ડના ઉચ્ચ અધિકારી ધરાવે છે, આ ઉચ્ચ અધિકારી મારફત એમના કર્મચારીઓને માસિક પાસમાં ૫૦ ટકા વધારાની રાહત આપવામાં આવે છે. એક બાજુ અમારા ગામડાની અંદર એસ.ટી.નું નામોનિશાન રહ્યું નથી. એસ.ટી. ચાલતી હોય તો અડધે રસ્તે ઊભી રહી જાય, બસને પંચર પડે તો ટાયરના હોય, કાં તો બારીઓના કાચ ના હોય એવી એક હાલત છે અક બાજુ આર્થિક નુકસાન છે. ખાસ કરીને એમાં એક ઉચ્ચ અધિકારી ફરજ બજાવી રહ્યાં છે એ ઉચ્ચ અધિકારી તરફથી પોતાના લોકોને, મેરિટાઈમ બોર્ડના કર્મચારીઓ પુરતી જ રાહત આપવામાં આવે છે ત્યારે આવી વહાલ-દવલાની નીતિ ના રાખતા જો વધારાની માસિક પાસ રાહત કાં તો તમામ કર્મચારીઓને આપવામાં આવે, નહિતર મેરિટાઈમ બોર્ડ પુરતી રાહત આપવામાં આવી છે એ પાછી ખેંચી લેવાથી એસ.ટી. નિગમને આર્થિક નુકસાન થઈ રહ્યું છે એમાંથી બહાર લાવવા માટે એમનો પણ પૂરો સહયોગ રહે એવી આ તકે મારી આપને વિનંતી છે. સામાન્ય રીતે એસ.ટી. નિગમની અંદર રાજ્ય સરકાર તરફથી અને નિગમ તરફથી જ્યારે મોટી ખોટ કરી રહ્યું છે એમાંથી બહાર લાવવાના પ્રયત્નો થઈ રહ્યાં હોય ત્યારે પેલી કહેવત જેવું થાય છે કે - 'મોસાળમાં જમણવાર અને મા પીરસનાર' હોય એમ આ ઉચ્ચ અધિકારી પોતાના કર્મચારીઓને માસિક પાસની અંદર વધારાની રાહત આપવામાં આવી છે તે પાછી ખેંચી લેવામાં આવે અને એસ.ટી. નિગમને આર્થિક નુકસાનમાંથી બહાર લાવવા માટે પૂરો સહયોગ લે એવી વિનંતી છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, મનોરંજન કરની બાકી વસૂલાત માટે તંત્રની ઉદાસીનતા.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં જિલ્લા, તાલુકા અને રાજ્યના સચિવાલયની અંદર આજે જ્યારે તંત્રમાં કામ કરનાર હોય છતાં પણ જે કર્મચારીઓની પુરતી જગ્યા ભરાયેલી ના હોય ત્યારે તંત્ર કર્મચારી પાસે જે કામ લેવા માગે છે એ કામ હું માનું છું ત્યાં સુધી ગામડાથી માંડીને જિલ્લા સુધી અને જિલ્લાથી માંડીને રાજ્યના સચિવાલય સુધી એ તંત્ર જેટલું કામ લેવા માગે છે તે કરી શકતા નથી એટલા માટે મારી માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી છે કે જ્યાં જ્યાં તંત્રમાં જગ્યા ખાલી છે જે વિભાગની અંદર એ તમામ વિભાગની જગ્યાઓ પુરાય તો જ આપણે સરળતાથી કામ લઈ શકીશું અને ત્યારે જે આપણા રાજ્યનો નંબર વન તરીકે ગણના કરી શકાશે. બાકી આજે વાત કરીએ છીએ નંબર વન પણ એકેએક અધિકારી પાસે ૫-૫ અને ૬-૬ ટેબલનો ચાર્જ હોય અને તંત્ર દ્વારા કામ લેવાનું થાય છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રીને મારી નમ્ર વિનંતી છે કે આ તંત્રમાં જિલ્લા, તાલુકા કે ગામની જગ્યા તાત્કાલિક પુરાય તેવી વિનંતી સાથે વિરમું છું, જયહિંદ.

**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી દવાખાનામાં ગરીબ દર્દીઓ પાસેથી લેવાતી ફી રદ કરવા તંત્રની ઉદાસીનતા.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે રાજ્યની પ્રજામાં જે મફત સરકારી દવાખાનાની એક કલ્પના હતી એ અત્યારે ભુસાતી રહી છે અને ખાનગીકરણ તરફ આ મોટી મોટી હૉસ્પિટલો જઈ રહી છે ત્યારે આપના દ્વારા કહેવું છે કે જુદી જુદી યોજનાઓ મારફત જે નાની મોટી ફી દાખલ કરવામાં આવે છે તો આ ફીથી ગરીબ દર્દીઓને ઘણી હાડમારી થાય છે. બીજું યુકો ટુરીઝમ મોબાઈલવાન સુવિધા પૂરી પાડવાની સાથે સાથે જે ફીનું ધોરણ શરૂ થયું છે તેના હિસાબે આખી જે સરકારી દવાખાનાની એક મેન્ટાલિટી પ્રજામાં હતી એ ભુસાતી જાય છે. જેમ કે- ગઈકાલે મેં વાત કરેલી વેરાવળ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ચાર તાલુકા વચ્ચેનું એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે. ૨૦૦૨માં નગરપાલિકા ચલાવી ન શકી એટલે રાજય સરકારે ચલાવવા માટે સંભાળ્યું, તમામ મિલકત સાથે સંભાળ્યું, ત્યાં ચાર તાલુકાની જનતા, ૧૦૧ ગામડાઓ અને વેરાવળ-પાટણ શહેરની બે લાખની વસ્તી (અંતરાય ) સાગર ખેડૂનું આપ્યું હશે ( અંતરાય ) ત્યારે મારે આપના દ્વારા એ કહેવું છે કે, આજે ૨૦૦૨થી ૨૦૦૭ સુધીમાં પાંચ વર્ષોના ગાળામાં મેં વારંવાર કહ્યું છે કે, જ્યારે રાજય સરકારે નગરપાલિકા સંચાલિત જે સામૂહિક આરોગ્ય કેન્દ્રો સંભાળ્યા ત્યારે જે મહેકમ હતું એ મહેકમ નક્કી કર્યા પ્રમાણે, વધારાનો સ્ટાફ પરંતુ ત્યારે પણ નહતો, એ સ્ટાફ અત્યારે પણ કાર્યરત છે વર્ગ-૪, વર્ગ-૩, ડૉકટરો, એમ.બી.બી.એસ ડૉકટરો, સર્જન નથી, એમ.ડી. ડૉકટર નથી, તમામ જગ્યાઓ ખાલી છે મેં વારંવાર કહ્યા પછી માત્ર ત્યાં મારામારી થાય એટલે સરકારી હૉસ્પિટલમાં જઈને પોલીસ ઝીરો નંબરથી ફરિયાદ થાય એટલા માટે માત્રને માત્ર કાગળ ઉપર સરકારી હૉસ્પિટલ, જે પોલીસ કેસો નોંધાવવા પૂરતી રહી હોય એ સિવાય તમને કાંઈ જોવા નહીં મળે, વારંવાર મારા તરફથી પણ લેખિત, મૌખિક જાણ કરી છે, કહ્યું પણ છે અને જે કાંઈ આખી તંત્રની દવાખાનાની એક મૅન્ટાલિટી હતી કે કોઈપણ પ્રજા, ગરીબ, સામાજિક આર્થિક રીતે નબળી પ્રજા હોય એ નબળા માણસોને સારવાર મળશે સરકારી દવાખાનાની એટલે એક સરકારી મૅન્ટાલિટી હતી એ મૅન્ટાલિટી પણ તૂટી જઈ રહી છે તો તંત્ર જે અત્યારે હૉસ્પિટલની જે પરિસ્થિતિ ગરીબ દર્દીઓમાં ફીનો હાઉ ઊભો થયો છે અને પી.એચ.સી. દવાખાના, જ્યાં પીએચસી, સીએચસી અને સીએચસી થયા પછી પાંચ પાંચ વર્ષોથી ત્યાં બજૅટમાં કોઈ જોગવાઈ કર્યા વગર કોઈ દવાખાનું નથી થયું, મેં ગઈકાલે કહ્યું હતું સૂત્રાપાડા તાલુકામાં એક આરોગ્ય કેન્દ્ર હોય, તો આપના દ્વારા મારી જે વાત છે એ આ ખાનગીકરણ તરફ આ જે સરકારી દવાખાનાઓ જઈ રહ્યા છે તેમાં આપ ઈન્ટરફીયર થઈ અને આ ગરીબ દર્દીઓને મફતમાં, એક પણ પૈસાના ખર્ચ વગર તેમને સારવારની વ્યવસ્થા મળે, દવા મફત મળે એવું પ્રસ્થાપિત થાય એવી હું આપના દ્વારા વિનંતી કરું છું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો છે, તાજેતરમાં થયેલા કમોસમી વરસાદથી પાકોમાં થયેલ નુકસાન અંગે ખેડૂતોને સહાય ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા. માનનીય અધ્યક્ષશ્રી, રાજયના અર્થતંત્રને મજબૂત બનાવવામાં રાજયના ખેડૂતોનો મહત્ત્વનો હિસ્સો રહ્યો છે. છેલ્લા વર્ષોમાં જોઈએ તો વાતાવરણ એટલું બધું ડિસ્ટર્બ થયું છે, પર્યાવારણની દ્દષ્ટિએ પણ કે કમોસમી વરસાદ, શિયાળો હોય, ઉનાળો હોય એવા સમયે કમોસમી વરસાદ થાય છે અને તાજેતરમાં રાજયમાં કમોસમી વરસાદ થવાથી ખેડૂતોના પાકોને ખાસ કરીને જીરું, કપાસ, ઘઉં, બાજરી આ પાકોને આ કમોસમી વરસાદથી થવાથી ઘણું બધું નુકસાન થયું છે એની સાથે સાથે સૌરાષ્ટ્રમાં જે આંબાની કેરી જે પકવતા ખેડૂતો છે એ આંબાના બગીચાઓને પણ મોટાપાયે લાખ્ખો રૂપિયાનું નુકસાન થયું છે ત્યારે આ ખેડૂતોને મદદરૂપ થવા માટે ચોમાસામાં ભારે વરસાદના કારણે પાકોમાં ક્યાંક નિષ્ફળતા થઈ હતી અથવા ઓછા પાકો થયા હતા એના અનુસંધાને ખેડૂતોને સહન કરવાનું આવ્યું પછી કમોસમી વરસાદના કારણે જે ઉત્પાદન થતું હતું એમાં ઘટાડો થયો એના કારણે ખેડૂતોને વર્ષો સુધી પોતાના ઘરના કુંટુંબનું ગુજરાન ચલાવવામાં પણ ભારે મોટી મુશ્કેલી સર્જાઈ છે ત્યારે આપના મારફતે નાણા મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, રાજયના ખેડૂતોને બચાવવા માટે અને એને મદદ કરવા માટે જ્યારે આમાં કમોસમી માવઠા દ્વારા જ્યારે ખેડૂતોના પાકોને

નુકસાન થાય ત્યારે રાજય સરકાર દ્વારા એને સહાયના રૂપમાં મદદ કરવામાં આવે એવી આપના મારફતે માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું.

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે પુરવણી બજેટ અહીં લઈને આવ્યો છું એમાં બધા સભ્યશ્રીઓએ વિસ્તૃત ચર્ચા કરી અને એમાં પણ કહયું કે રાજયની અંદર ૪૦૦૦ કરોડ કરતા વધારે રકમનો આવકમાં વધારો થયો છે અને ૨૦૦૦કરોડ જેટલી રકમનો જે મૂડી ખર્ચ હતો, એમાંથી બચાવીને કુલ ૬૧૩૨કરોડનું આ પુરવણી બજેટ છે. આપણા સૌ માટે આનંદની વાત છે કે સામાન્ય રીતે જયારે બજેટની આટલી મોટી જંગી રકમનો વધારો થતો હોય ત્યારે આપણને એમ લાગે કે આમાં વિકાસ લક્ષી ખર્ચ છે એ બહુ ઓછો હશે અને વહિવટી ખર્ચ વધુ હશે તો મારે આનંદ સાથે કહેવું છે કે ૬૧૩૨કરોડમાંથી ૫૭૯૫ કરોડ વિકાસલક્ષી છે અને ૩૩૭કરોડ જ માત્ર વહિવટી ખર્ચ છે એટલે અંદાજે ૫ ટકા જેટલો જ વહિવટી ખર્ચ છે આ રીતે જે આ બજેટ છે એના માટે ડીટેલ નોંધ પણ મેં મારા બજેટમાં આપી છે. શંકરભાઈએ જે વાત કરી છે તો મારે શંકરભાઈને એટલું જ કહેવાનું છે કે તોલમાપ કચેરી છે એ વ્યવસ્થિત રીતે કામ કરે છે. છતાં પણ વહીવટમાં કયાંય કાંઈ ધ્યાન દોરવું હોય તો ચોકકસ રીતે દોરી શકાય. ચાલુ વર્ષમાં ૧૬૯૦૯૮ એકમોની આ ખાતા દ્વારા તપાસ કરવામાં આવી છે અને એમાંથી ઓછું વજન હતું એવા ૭૮૪ સામે કેસ કર્યા છે અને છાપેલ કિંમત કરતા વધુ કિંમત મેળવતા હોય એવા ૪૪૭ કેસ કરેલ છે. આ કેસ મારફતે અંદાજે ૬૦લાખ જેટલી આવક પણ રાજય સરકારે મેળવી છે. છતાંપણ કોઈપણ જગ્યાએ તોલમાપ અધિકારી કે તોલમાપ કચેરીની ખામી હોય તો ગમે ત્યારે ધ્યાન દોરશે તો આપણે એનો યોગ્ય નિકાલ કરીશું. બીજું, બળવંતસિંહે વાત કરી. એમણે કહયું કે ગુનાનો રેટ વધતો જાય છે અને રામ રાજયની વાત કરી. રામ મંદિર લુંટાય છે. હું પોલીટીકલ કાંઈ કહેતો નથી. મંદિર લુંટાવતી વખતે કોણે ભૂતકાળમાં કયારે કયારે શું ભાગ ભજવ્યો છે એની કોઈ વાત નથી પરંતુ મારે ગુજરાતનું જ કહેવું છે કે અક્ષરધામ પર જયારે હુમલો થયો ત્યારે આતંકવાદીઓનો નાશ કરવા માટે ગુજરાત રાજયના મુખ્યમંત્રી એ મંદિરના દરવાજા પાસે હતા, જાળી પાસે હતા હિંમતથી અને જેટલા ગુનેગાર હતા એને ઠાર કર્યા છે. કોઈને જતા કર્યા નથી. આ હિંમત અહીંયા દાખવવાવાળો જેને કહીએ છીએ કે ભારતીય જનતા પાર્ટીની સરકાર છે જેણે આ દેશની સંસ્કૃતિ, ધર્મના રખેવાળો માટે થઈને કોઈ પાછી પાની કરી નથી અને હજી પણ કરવાના નથી." હમ દિન ચાર રહે ના રહે, મા તેરા વૈભવ અમર રહે" એમ કહી ખંભે ખાંપણ નાખી, મોતને હથેળીમાં લઈને અનેકવાર આ રાષ્ટ્રને માટે લડત આપી છે. દોલતભાઈ, આપની ઉંમર છે એના કરતા ૪૦ ગણી લાકડી અમે ખાધી છે આ પ્રજા માટે થઈને.

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, એક નામ નિશાન તો બતાવે, કોઈ જગ્યાએ નથી.

**શ્રી વજુભાઈ વાળા** : પાણીના આંદોલનમાં માથામાં ટાંકા લીધા હતા ત્યારે કોંગ્રેસે લાઠીચાર્જ કર્યો હતો. એના હજુ ટાંકાના નિશાન છે. તમે કહેતા હોય તો બતાવું અને એ મારે નથી કહેવું. પરંતુ કહેવાની વાત એ છે કે ગુજરાત રાજયની અંદર આપણે જે ગુનાની અંદર સરકારી આંકડા છે કે આખા રાષ્ટ્રની અંદર ગુનાનો રેટ ૧.૬ ટકા છે અને જ્યારે ગુજરાતની અંદર ગુનાનો રેટ ૦.૬ ટકા છે, એટલે ત્રીજા ભાગનો છે. આખા રાષ્ટ્રની કક્ષાએ. આ મારા આંકડા નથી, કેન્દ્ર સરકારના આંકડા છે. આખા રાષ્ટ્રમાં જે ગુનાઓ બને છે, તેના પ્રમાણની અંદર આજે ગુજરાત રાજ્ય એની અંદર એ આજે ત્રીજા ભાગનો રેટ છે. હજુ પણ આ ગુજરાત સરકાર ગુનાનો રેટ ઘ ટાડવા માટેની વાત કરે છે. (અંતરાય) માનનીય દોલતભાઈ આપ આ હાઉસમાં મુરબ્બી છો. આપ જઈ કેન્દ્ર સરકાર પાસે ગુજકોકનો કાયદો મંજૂર કરાવીને લઈ આવો તો બાકીના રહેતા હશે તેને પૂરા કરી દઈશું. કોઈ સવાલ નથી અને બાકીના કેસની અંદર પણ ગુનાની અંદર રેટ બહુ ઓછો છે.

દોલતભાઈએ વાત કરી ગરીબી રેખા નીચે જીવતા લોકોની મોજણી થાય છે, એની અંદર આ તંત્રની અંદર જે ઉદાસીનતા છે, તે નિવારવા માટેની વાત કરી. ગરીબી રેખા નીચે જીવતા લોકો માટેનું જે છે એ કેન્દ્ર સરકારે નોર્મ્સની રીતે આપ્યું છે, એ લોકોને થાય છે કેન્દ્ર સરકારે નોર્મ્સ આપ્યા છતાં પણ ભૂતકાળમાં ગરીબી રેખા નીચે જીવતા હતા તે બધા લોકોને ચાલુ રાખ્યા છે, એને નોર્મ્સ પ્રમાણે કરીને તો ૧૦ થી ૧૧ લાખ લોકો ગુજરાતમાં આવે, છતાં પણ ૩૫ થી ૩૮ લાખ પરિવારોને આનો લાભ આપી રહ્યા છીએ અને હજુ (અંતરાય) સવાલ એ છે કે ગરીબી રેખાથી નીચે જીવતા લોકોને તમામને પૂરો લાભ મળે છે, એનાથી પણ ઉપર કક્ષાએ કેન્દ્ર સરકાર નથી માનતી અને ગુજરાત રાજ્ય પોતાના ખર્ચે આવા લોકોને લાભ આપી રહી છે. તંત્રની અંદર ખામી રહી ગઈ હશે, એટલે કહું છું કે ખાસ કરીને ગરીબી રેખા નીચે જીવતા માણસ જેને બી.પી.એલ. કાર્ડ ન મળ્યું હોય તેવા એક પણ વ્યકિતને લઈ આવશો તો આ રાજ્ય સરકાર સ્વીકારવા તૈયાર છે. (અંતરાય)( શ્રી દોલતભાઈ પરમાર ઊભા થઈ કશુંક બોલતા )

**અધ્યક્ષશ્રી** : આ ચર્ચાનો વિષય નથી અત્યારે. બેસો પ્લીઝ, અત્યારે આખો દિવસ એક જ વાત કરવાની? બેસો પ્લીઝ. (અંતરાય) પ્લીઝ બેસી જાઓ. પ્લીઝ.

**શ્રી વજુભાઈ વાળા**: અત્યારે માનનીય ગોવાભાઈ રબારીએ જે વાત કરી. અહીયા બેકારોને રોજગારીની તક પૂરી પાડવામાં આવવી જોઈએ. ૨૦૦૬ની અંદર જે ઈન્ટર્વ્યૂ માટે થઈને ૮,૦૩,૦૦૦ બેકારોની નોંધણી સામે ૪,૬૩,૦૦૦ ને ઈન્ટર્વ્યૂ માટે તક આપી, એમાંથી ૧,૧૧,૫૨૧ લોકોને રોજગારી મળી આ ૨૦૦૬ માં ૪૭૧

ભરતી મેળા કર્યા છે અને તે ભરતી મેળા મારફતે ૮૫૭૬૪ લોકોને રોજગારી મળી. ગુજરાતના લોકો મિલેટરીમાં દાખલ થતા નથી એટલે તેમના માટે જુદા જુદા અનેક કેન્દ્રો ખોલ્યા અને ટ્રેનિંગ આપી અને તેના કારણે ૮૪૧ લોકોને સંરક્ષણ નીચે રોજગારી આપી છે. આ જ રીતે સ્વરોજગારી ક્ષેત્રે ૫૧૯૫૨ લોકોને નોકરી આપી છે. મારે એટલું કહેવાનું કે બેકારી નાબૂદ કરવી હોય તો બે જ વસ્તુ છે. એક તો ગુજરાત રાજયની અંદર ખેતીનું ઉત્પાદન વધે અને જો ખેતીનું ઉત્પાદન વધે તો ગ્રામ્ય વિસ્તારની અંદર રહેતા લોકોને ખેતી આધારિત રોજગારી મળી રહેશે. એટલા માટે રાજયની ખેતી વધુ સમૃદ્ધ કરવા માટે નર્મદા યોજના તાત્કાલિક પૂરી થાય અને સુજલામ સુફલામ યોજના દ્વારા ગુજરાતના દસ જિલ્લાઓને પાણી મળે, ચેકડેમ મારફત, ખેત તલાવડી મારફત ખેતરો સમૃદ્ધ કરવાની વાત અમે લઈને આવ્યા છીએ. આમ ગ્રામ્ય વિસ્તારના વિકાસની વાત છે, ખેડૂતના વિકાસ માટેની વાત છે. બેરોજગારોને રોજગારી આપવા માટે બીજી વાત છે ઉદ્યોગો. ઉદ્યોગો જ વધુને વધુ બેરોજગારી દૂર કરી શકે છે. ઉદ્યોગો લોકોને વધુને વધુ રોજગારી આપી શક એટલા માટે થઈને ગુજરાત રાજયની અંદર વાઈબ્રન્ટ ગુજરાત દ્વારા ૬,૬૬,૦૦૦ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ અને તેના મારફતે આજે નહીં તો ભવિષ્યમાં જ્યારે આ પૂર્ણ થશે ત્યારે ૨૫ લાખ લોકોને રોજગારી મળવાની છે. આજે બેરોજગારી દૂર કરવા માટે થઈને કોઈ શિક્ષિત બેકાર છે તેને નોકરી આપીએ તેનાથી બેરોજગારી દૂર થાય તેવું નથી. આજે પાંચ કરોડની વસ્તીમાંથી પાંચ લાખ લોકો સરકારી કે અર્ધસરકારી નોકરી કરી રહ્યા છે. બાકી સૌ ભણેલા જ છે આપણામાંથી કોણ સરકારી નોકર છે. છતાં ભણેલા લોકો પોતાની રોજગારી સમાજમાંથી મેળવી શકે છે. આપણે સમાજ રચના એવી કરવી જોઈએ કે તેના કારણ સમાજની અંદર એકે એક માણસ સ્વમાનપૂર્વક પોતાની રોજગારી મેળવી શકે તેના માટેની વાત છે. લોકોને રોજગારી મેળવવા માટેના ત્રણ ક્ષેત્રો છે. એક ખેતી આધારિત, બીજો ઉદ્યોગ આધારિત અને ત્રીજું સર્વિસ કલાસીસ. જે લોકો સેવાકીય કામ કરતા હોય તેના આધારિત છે. સેવાકીય કામ કરવા માટે થઈને કૉમ્પ્યુટર અને ઈન્ફરમેશન ટૅક્નૉલૉજીને વધુ વિકાસ મળે તેના માટેની વાત કરી છે. માનનીય ગોવાભાઈ જુઓ બેકારી દૂર કરવા માટે રોજગારી આપવા માટે સમસ્ત હિન્દુસ્તાનની અંદર ૨૦૦૨, ૨૦૦૩, ૨૦૦૪ અને ૨૦૦૫ની અંદર આખા હિન્દુસ્તાનની અંદર આપણો પહેલો નંબર આવ્યો છે. કેન્દ્ર સરકારે આપેલા આંકડા છે. ૨૦૦૬ની અંદર પણ પહેલા નંબરે આવીશું. જેટલા લોકો બેકાર છે તે તમામે તમામ આપણા ભાઈ છે. તેને નોકરી આપવા માટે આપણે કંઈ કરવું જોઈએ પણ બેકાર લોકોને ગોવાભાઈ આપે કહ્યું કે શિક્ષિત બેરોજગાર છે તેને સ્ટાઈપેન્ડ અને આવક આપવી જોઈએ. આ આપવું કઈ સહેલી વાત નથી. કેન્દ્ર સરકાર પણ આપતી નથી. આપવાનું શકય પણ નથી. આજે હું કહું કે રાજયની અંદર કામ કરતા કર્મચારીઓ છે તેને ઈકવીવેલન્ટ પેન્શનરો છે. જેટલો કર્મચારીઓ ખર્ચ થાય એટલે તેમનો પણ થવાનો છે. તે ખર્ચ દિવસે દિવસે વધતો જવાનો છે. એટલે આપણે પરમેનન્ટ ભારણ વધે તેના બદલે પોતે સ્વરોજગારી મેળવી શકે તે માટેની તકો ઉભી કરવા માટે રાજય સરકારે ગ્રામ્ય વિસ્તારમાં ખેતીને સમૃદ્ધ કરવા, શહેરી વિસ્તારોમાં ઉદ્યોગોને સમૃદ્ધ કરવા અને બાકીના સર્વિસ કલાસીસ છે તેને સમૃદ્ધ કરવા માટે આ ત્રણે દિશામાં કામ કરીએ છીએ. આપણે ભલે પહેલા નંબરે આવીએ છતાં ગુજરાત રાજયનો એકપણ માણસ ગરીબ ન રહે, એકપણ માણસ બેકાર ન રહે તે આ રાજય સરકારની નેમ છે અને તે અમે કરીને જંપીશુ

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ ગુજરાત મેરીટાઈમ બોર્ડના કર્મચારીઓને એસ. ટી. પાસની વાત કરી છે તો એના કર્મચારીઓ માટે ગુજરાત મૅરી ટાઇમ બોર્ડ અને એસ.ટી. બેએ એમઓયુ કર્યા છે, ગુજરાત મેરીટાઈમ બોર્ડ ૨૨૫ લાખ રૂપિયાની લોન એને આપેલી છે એની સામે એના જે ૧૫૦ કર્મચારીઓ છે એમને રાહત ભાવે એ રીતે એ ટિકિટ આપવાની છે અને આમાં એસ.ટી.ને કોઈ ખોટ જવાની નથી, વ્યાજ વગરની લોન આપી એ ૨૨૫ લાખની લોન આપી એની પાછળ જે વ્યાજની રીતે ગણીએ તો એની સામે વ્યાજ બાદ કરતાં બાકીના પૈસા જે છે એ બાદ કરતાં ૧૮૭ લાખ આપવાના છે એટલે આમ જોઈએ તો ૩૭.૫૦ લાખ રૂપિયાનો ફાયદો આ ૧૫૦ કર્મચારીઓને રાહત આપી છે તો રાહતની રકમ થાય છે એ ૨૩.૩૮ લાખ છે અને વ્યાજમુક્ત લોન આપી છે એનું વ્યાજ થાય છે ૩૭.૫૦ લાખ થાય છે આમ ૧૪.૧૨ લાખનો ફાયદો એસ.ટી.ને થાય છે આમ વ્યાજની ખોટી વાત છે એવી કોઈ બાબત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી માધુભાઈ ભોયે મનોરંજન કરની વાત કરી, તો મનોરંજન કરની અંદર જે વસૂલાત આવે છે એના માટે દર મહિને સચિવ મારફત એની સમીક્ષા થાય છે અને જેટલા લોકોના બાકી ટેક્સ હોય છે એ વસૂલાત કરવામાં આવે છે અને એની પૈસાની વસૂલાત કરવા માટે જરૂર પડે તો રેવન્યુ રાહે પણ વ્યાજ સહિત એની વસૂલાત કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જેસાભાઈ બારડે જે વાત કરી છે, પણ એમણે બાકીની વાત કરી નહીં, એમનો મૂળ પ્રશ્ન એ છે કે ગરીબ દર્દીઓ પાસેથી આવતી ફી રદ કરવામાં આવે એવો પ્રશ્ન છે તો મારે એ કહેવાનું છે કે, હૉસ્પિટલોમાં ફી લેવામાં આવતી નથી, બીજું જે ગરીબી રેખાની નીચે જીવતા લોકો છે એમને તમામ પ્રકારની સારવાર, બધી સારવાર ફ્રી ઑફ ચાર્જ આપવામાં આવે છે. બાકીના જે ગરીબ વર્ગના લોકો હોય એને હૉસ્પિટલમાં દવા ન હોય અને એને બહારથી લાવવાની હોય કે એને બીજું કોઈ ઑપરેશન કે એવી કોઈ જરૂરત પડતી હોય તો આપણે ત્યાં પુઅર ફંડની પણ જોગવાઈ છે એમાંથી આ ગરીબવર્ગના લોકોને દવા માટે અને બીજા ઑપરેશન કે બીજા કોઈ કામ માટે થઈને એને એ આપવામાં આવે છે અને હવે તો દરેક

હૉસ્પિટલમાં આપણે રોગી કલ્યાણ સમિતિની રચના કરી છે એટલે લોકભાગીદારીથી એના વિસ્તારની અંદર જરૂરિયાત મંદ લોકોને, એ દર્દીને જરૂરિયાત પૂરી પાડવા માટે આપણે મદદ કરી શકીએ એટલે એ મદદ ત્યાંના લોકોને કરે છે છતાં પણ આ દિશામાં માનનીય સભ્યશ્રીઓને હું કહું છું કે, આપણે ગરીબ લોકોને હજી વધુ રાહત મળે એ માટે થઈને જો કોઈ સૂચન હોય તો એ સૂચન ચોક્કસ કહેજો અને મને પણ એનો ખ્યાલ છે કે પૈસાના અભાવે દર્દીઓને કેટલું સહન કરવું પડે છે અને એ ભવિષ્યમાં ન કરવું પડે  એવું કોઈ સૂચન હોય તો કહેજો, એની પાછળ અત્યારે તો તમામ રીતે લોકભાગીદારીથી પણ કામ કરીએ છીએ અને જો સરકારને વધુ પૈસા ખર્ચવા પડશે તો એ ખર્ચવામાં આ સરકાર અચકાશે નહીં એ નિર્વિવાદ વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઈ વંશે વાત કરી કે કમોસમી વરસાદથી  ખેતરો અને પાકને ખૂબ નુકસાન થયું છે અને એ નુકસાની આપવા માટેની એમણે વાત કરી છે પણ સરકારી રેકર્ડ ઉપર કોઈ આવું મોટું થયું હોય એવું કયાંય નથી, જ્યારે જ્યારે મોટું નુકસાન થાય છે ત્યારે કેલેમીટી ફંડ મારફત અને મહેસૂલ ખાતા મારફતે આ તમામ લોકોને હંમેશાં મદદ કરતા જ હોઈએ છીએ અને ગામના લોકોને મદદ કરવા રાજય સરકારે કયારેય પાછી પાની કરી નથી.

આ દૃષ્ટિએ માનનીય આઠ ધારાસભ્યશ્રીઓએ જે પોતાની મુદ્દા સહિતની કાપદરખાસ્તો મૂકી છે એમને હું વિનંતી કરું છું કે,  એ પોતાની કાપદરખાસ્તો પાછી ખેંચી લે.

**શ્રીદોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, બીપીએલની યાદી જે બહાર પાડી છે એ બીપીએલ યાદીનું સરવે ૨૦૦૨માં થયું અને એની જાહેરાત ૨૦૦૬માં થઈ અને આજની તારીખમાં  બીપીએલની યાદી છે એ કામચલાઉ યાદી છે અને એમાં ભારે ગેરરીતિઓ અને ગોટાળા થયા છે જે સાચા માણસ છે એ રહી ગયા છે અને જે ખોટા માણસ છે એ યાદી પર ચડી ગયા છે તો મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આ બાબતમાં નવેસરથી સરવે કરવા માગે છે કે કેમ  અને ખોટા માણસોને એમાંથી દૂર કરવા માગે છે કે કેમ અને સાચા માણસોને પાછા એમાં સામેલ કરવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે પૂરી ચોક્કસાઈથી આ કામ કર્યું છે છતાં આપના ખ્યાલમાં આવે કે આ બી.પી.એલ.ના લોકો રહી ગયા છે એની પણ માહિતી આપજો અને આટલા ખોટા આવી ગયા છે એની પણ માહિતી આપજો તો રાજય સરકાર એમાં ચોક્કસ પગલાં લેશે.

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, એ મારી પાસેથી માગણી કરે છે, પણ આ રાજય સરકારની જવાબદારી છે. (અંતરાય) આખા રાજયમાં હું કયાં જોવા જવાનો કે કોણ રહી ગયા છે અને કોણ નથી રહી ગયા?

**શ્રી વજુભાઈ વાળા** : આ તો જનરલ વાત કરે છે કે આ રહી ગયા અને પેલા લાભ લઈ ગયા એના માટે તો મારે એકડે એકથી બધી કાર્યવાહી કરવી પડે. રાજય સરકાર કેંદ્રના નોમ્સ મુજબ કામ કરે છે અને આ કામ કર્યું છે. હવે એ તો મતદાર યાદી નોંધે ત્યારે આ રહી ગયા અને આના નામ બે વાર આવી ગયા છે એમ કહેતા હોય તો કહેવું જોઈએ કે કોણ રહી ગયા છે અને કોના નામ બે વાર આવી ગયા છે. (અંતરાય) આપને સાથે આઠ દિવસ સુધી બેસાડુંને તો પણ આપના પ્રશ્નો ખૂટવાના નથી. તમારા સૂચનો હોય એ લેખિત આપજો રાજય સરકાર ચોક્કસ યોગ્ય કરશે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર  કરવામાં આવ્યો**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૯- સન ૨૦૦૭નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર  કરવામાં આવ્યો**

**કલમ-૨ અને ૩ અનુસૂચિ, કલમ ૧ દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટિંગ ફૉરમ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૯ સન ૨૦૦૭નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનુ ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર  કરવામાં આવ્યો**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૭ના વિધેયક ક્રમાંક-૯ સન ૨૦૦૭નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનુ ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

અગાઉ મેં એક જાહેરાત કરી હતી કે અહીંયા વિનિયોગ વિધેયક પસાર થાય, મતદાન થઈ જાય અને ગૃહના વિરામ પછી આપણે અંદાજ પત્ર ઉપર સામાન્ય ચર્ચા કરીશુ. મને લાગે છે કે, સમય ઘણો બધો છે એટલે ગૃહની જો મંજૂરી હોય તો આપણે બધા અત્યારે અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા શરૂ કરીએ. હવે તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૭ના રોજની બીજી બેઠકમાં અધૂરી રહેલ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા આગળ ચાલશે, માનનીય બલવંતસિંહ.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : હા જી.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી બજૅટ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે આ બજૅટ લઈને આવ્યા છે એ બજૅટમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, આ બજૅટ એ માત્ર આંકડાની માયાજાળ છે અને માત્ર ચૂંટણી લક્ષી આ બજૅટ આપ્યું છે. એ રીતે સ્પષ્ટ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે જાહેરાતો કરી છે કે વૈભવી વાવ યોજના પ્રત્યેક જિલ્લામાં બે ગોબર બેન્ક સ્થાપના, એક લાખ સખી મંડળીઓ, ઈ ગ્રામ, વિશ્વ ગ્રામ સોસાયટીઓ બનાવશે. પ્રત્યેક ગામમાં ૫ ગ્રામ મિત્રોની કરાશે. બાલ ભોગ યોજના, સ્મશાન ગૃહને ગેસ આધારિત બનાવાશે. વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૭માં ૨૧ લાખ લોકોને રોજગારી આપશે. નગર નંદનવન યોજના, નાગરિક પુરવઠા દુકાનોની વિલેજ મોલમાં પરિવર્તન કરાશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય નાણા મંત્રીશ્રીને પૂછવું છે કે, ભૂતકાળની અંદર પણ એક વર્ષ પહેલાં આવી અનેક યોજનાઓ લઈને આપ આવ્યા હતા. આ સ્થિતિની અંદર મારે પૂછવું છે કે આ પૈકી ગામ યોજના, ગામ મિત્ર યોજના આવી અનેક યોજનાઓ માત્ર સામાન્ય ખર્ચ આ સરકારે આ યોજનાઓ ઉપર કર્યો છે અને માત્ર અને માત્ર કાગળ ઉપર જાહેરાત કરી છે, એવી આ યોજનાઓ છે. આજસુધી આ યોજનાઓ અમલમાં મુકાઈ નથી અથવા નાના અંશે અમલમાં મુકાય એવી ઉર્જા વિકાસ નિગમ વેબસાઈટ ફેબ્રુઆરી, ૨૦૦૭ના અહેવાલ પ્રમાણે ખેડૂતોને ચોવીસ કલાક વીજળી અમારા ઉત્તર ગુજરાતની અંદર વેબસાઈટના આંકડા છે ૭.૨૮ મિનિટ, પશ્ચિમ ગુજરાતમાં ૬.૫૩ ઉત્તર મધ્ય ગુજરાતમાં ૬.૨૧ આટલી આજે પણ વીજળી આપી શક્યા છે. નર્મદા માટેની જાહેરાત કરવામાં આવી હતી કે અમે ૩ લાખ હેકટર જમીનને પાણી આપીશું. માત્ર ૧ લાખ ૨૫ હજાર હેકટમાં પાણી આપી શક્યા છે આવી સ્થિતિ થઈ છે. કરપાત્રમાં એવું કહ્યું કે અમે ઘણાં બધા વેરાઓ માફ કર્યા છે.

વિધાનસભા ચાલુ થઈ ગઈ હોય અને જંત્રીનો ભાવ જ્યારે આપણે ડબલ કરી દીધાં હોય તેનો આંકડો બતાવું અમદાવાદ શહેરની અંદર ૧૬૦ થતા હતા આજે ઘટીને ૮૦ થયા છે. આ બતાવે છે કે આપણે ડબલ કરી દેવાથી લોકો એમ કહેવાય કે આ બાજુ જાહેરાત કરીએ છીએ કે આપણે લોકોને રાહત આપીએ છીએ પણ પાછલા બારણે બમણો વેરો કરી દીધો છે એવી સ્થિતિ છે. વેટના માટે સરકારને આવક થઈ. આજે વેપારીઓ ત્રાહિમામ્ છે. ત્રણ મહિનાની અંદર જે કાયદો છે કે વેટના પૈસા પરત આપવાના આજે નવ નવ મહિના સુધી આ સરકાર પૈસા પાછાં નથી આપી શકતી એવી સ્થિતિ આજે થઈ ગઈ છે. જેના કારણે વેપારીઓ ત્રાહિમામ્ થવાને કારણે આવનાર સમયની અંદર કદાચ વેપાર ઘટે એવી શક્યતા થવાની છે. આજે નગરપાલિકાનું બિલ જે આવ્યું તેની અંદર ૧૬૧ નગરપાલિકાઓને બે કરોડ લોકોને ૧૨૫ કરોડથી વધારે આજે તે લોકો પર બોજો કરી દીધો છે. આજે નગરપાલિકાનું આપણે અવાર-નવાર આવા ટેકસો લાવતાં હોઈએ પણ મહત્વની વાત કરતાં હોઈએ નગરપાલિકાની કે અમે ઓકટ્રોય નાબૂદ કરીશું. ૭ ટકાનો વધારો આપ્યો નથી અને જે નગરપાલિકાઓ છે ત્યાં આગળ ઓકટ્રોય નાબૂદ કરવાનું ચૂંટણી ઢંઢેરામાં જે સરકારે વચન આપ્યું હતું તે આજ દિન સુધી પૂરું કરી શકી નથી. અહીંયા એટલી બધી જાહેરાતો થાય છે, એટલી બધી મોટી મોટી વાતો થાય છે એટલે હું ચૂંટણી લક્ષી કહું છું કે ૨૦૧૦માં આ પંચવર્ષીય યોજનામાં મારે ધ્યાન દોરવું છે વજુભાઈ સાહેબનું કે દશમી પંચવર્ષીય યોજના જે પાંચ વર્ષ ગઈ તેની અંદર ૪૭૪૮૨ કરોડની આપણી આ પંચવર્ષીય યોજના હતી તે આંકડાવાઈઝ મારે કહેવું છે કે આપણે ચોક્કસ જાહેરાત કરતાં હોઈએ છીએ પાંચ વર્ષ શાસનના આજે પૂરાં થવા આવ્યા છે ૨૦૦૨ની ૨૯ ટકા તેની અંદર કામ ના થયુ, ૨૦૦૩-૦૪માં ૪ ટકા, ૨૦૦૪-૦૫માં ૧૧ ટકા, ૨૦૦૫-૦૬માં ૧૪ ટકા અને ૨૦૦૬-૦૭માં ૧૫ ટકા એટલે સરેરાશ ૧૫ ટકાથી વધારે દશમી પંચવર્ષીય યોજના હતી. તેની અંદર કામ આજે પણ થયું નથી અને એવા કંઈક રાજયો છે કે જેને ગુજરાતમાં નંબર વન ગણાવતાં હોઈએ. આજે છત્તીસગઢ હોય, હિમાચલ પ્રદેશ હોય, ઝારખંડ હોય, મધ્યપ્રદેશ હોય, મીઝોરમ હોય, તામીલનાડું હોય અને ઉત્તરાંચલ હોય એવા લોકો સો સો ટકા પંચાવર્ષીય યોજનાની અંદર જે વાત કરે છે હંમેશા તે પૂર્ણ કરે છે. મારે અગિયારમાં નાણાં પંચની ૧ લાખ કરોડની મેં પુસ્તકમાં વાંચ્યુ તેમ જાહેરાત કરી. અહીંયા દિન પ્રતિદિન આજે ૧૫ હજાર કરોડ, આજે ૧૧ હજાર કરોડ મોટી મોટી માનનીય મુખ્યમંત્રીશ્રી જાહેરાતો કરતાં હોય છે માત્ર કાગળ ઉપર. મારે પૂછવું છે માનનીય મુખ્યમંત્રીશ્રીને કે આ ૧ લાખ કરોડ યોજનાની તમે પ્લાનીંગ કમિટીમાં આયોજન પંચની મંજૂરી લાવ્યા છો ખરાં? મંજૂરી લાવો અને પછી જાહેરાત કરો. તો એમ લાગે કે ૧ લાખ કરોડની મંજૂરી લાવ્યા છે. મંજૂરી લાવ્યા નથી અને ૧૫ હજાર કરોડ અને ૧૧ હજાર કરોડની જાહેરાત કરીએ છીએ. આ ચુંટણીલક્ષી, વોટ લેવા માટે લોકોને ભરમાવવા માટેની જાહેરાતો છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૩ વર્ષનો વિકાસ દર લઈએ તો આજે વિકાસ દર ઘટયો છે. વજુભાઈ કહે છે કે વિકાસ કરી રહ્યા છીએ. મારે આંકડા સાથે કહેવું છે કે ૨૦૦૨-૦૩માં ૧૪.૭૭ ટકાનો વિકાસ દર હતો તે આજે ઘટીને ૧૨.૧૭ ટકા થયો છે. આવી જ રીતે ઉત્પાદન રેશિયો માટે પણ આપણે કહીએ છીએ કે ઉત્પાદન દિન-પ્રતિદિન વધતું જાય છે, પણ મારે યાદ દેવડાવવું છે કે ૨૦૦૩-૦૪માં વૃદ્ધિદર ૧૬.૬૬ ટકા હતો. તે ૨૦૦૫-૦૬માં ઘટીને ૧૩.૪૬ થયો છે. આજે ૩.૨૦ ટકાનો ઉત્પાદનમાં ઘટાડો થયો છે. ગુજરાત રાજય આજે કયાં જઈ રહ્યું છે? એકબાજુ વિકાસ દર ઘટે, ઉત્પાદન દર ઘટે અને ૭ વર્ષની આવક લઈએ તો રાજયની આવકમાં પણ આજે ઘટાડો થયો છે. ૨૦૦૧-૦૨માં ૪૩૬૨૬ કરોડનો આંકડો હતો તે ૨૦૦૭-૦૮માં ૪૩૩૫૮ કરોડ બતાવવામાં આવ્યો છે. એટલે ૨૦૦૭ના વર્ષની અંદર ૨૬૮ કરોડની આવક ઘટી છે.

રાજયના દેવાની વાત કરીએ તો આજે એવી સ્થિતિ છે કે ૨૦૦૬-૦૭માં ૨૧૧૫ કરોડ રૂપિયાનો દેવા પેટે વધારો થયો છે. બિન-કરની આવક લઈએ તો એમાં ૧૩૮ કરોડની આવકો આજે ઘટી છે. ૨૦૦૬-૦૭માં ૪૦૧૮ કરોડ હતી તે ૩૮૮૦ કરોડ આવક થઈ છે. સંપૂર્ણ કરમાં પણ આવક ઘટી છે. મહેસૂલી આવકની વાત કરીએ તો વાત કરતા હોઈએ છીએ કે એમાં વૃદ્ધિ થઈ છે. ૨૦૦૫-૦૬માં ૨૧.૫૧ હતી તે ૨૦૦૭-૦૮માં ૮.૨૨ વૃદ્ધિ થઈ છે. ૨૦૦૬-૦૭ના વર્ષમાં મહેસૂલી આવકમાં ૫ ટકાનો ઘટાડો થયો છે. ૨૦૦૧-૦૨માં રાજયની આવક ૮૧.૩૪ ટકા હતી એ ૨૦૦૭-૦૮માં ૭૬.૩ ટકા થઈ છે. એ બતાવે છે કે રાજયની આવક એકબાજુ ઘટે છે અને કેન્દ્રની વાત કરતા હોઈએ તો કહે છે કે કેન્દ્રમાંથી કશુ આવતું નથી. ૧૦૦૦ કરોડથી વધારે આવી છે, એ બતાવે છે કે આંકડા આપ્યા છે એ મુજબ કેન્દ્રની આવક વધી છે. રાજય સરકારની આવક ઘટી છે. આવી સ્થિતિ છે. મહેસૂલી આવક ૨૦૦૧-૦૨માં ૧૩.૬૬ હતી. આવક થાય, પણ એનો ખર્ચ રાજય સરકાર આજે ઘટાડી રહી છે. મહેસૂલી ખર્ચ માત્ર ૪.૭૫ થાય છે. તો એનો અર્થ એ થયો કે આવક થાય છે એનો રાજય સરકારે ખર્ચ કરવો જોઈએ, એ પણ રાજય સરકાર ખર્ચ કરતી નથી. ૫૫ ટકાથી વધારે પગાર અને પેન્શન અને વ્યાજના ખર્ચમાં જઈ રહ્યા છે. જેના કારણે બાકીની આવક, વિકાસલક્ષી ખર્ચમાં આજે દિન-પ્રતિદિન ઘટાડો થઈ રહ્યો છે.

ચાર વર્ષમાં દેવાની બાબતે જોઈએ તો હમણાં એક સભ્યશ્રી ગૌરવ લેતા હતા કે ભારત સરકારનું દેવું ૨૨ હજાર રૂપિયા છે અને ગુજરાતનું ૧૬ હજાર રૂપિયે પહોંચ્યું છે. એટલે આપણે આ રાજયને બિહાર, ઉત્તરપ્રદેશ જેવા બીજા રાજયોની હરોળમાં લાવવું છે? એના માટે એવી વાત કરી કે બીજા રાજયોમાં અને કેન્દ્રનું ૨૨ હજાર અને આપણું ૧૬ હજાર. એટલે ૨૦૦૬-૦૭ના અંતે ૮૬,૧૭૭ કરોડ થયું છે. એટલે ૧૬ હજાર. એક વ્યકિત જન્મે ત્યારે માથે ૧૬ હજારના દેવા સાથે જન્મે. આવી આજે ગુજરાતની પરિસ્થિતિ છે. મારે નાણામંત્રીને યાદ અપાવવું છે કે ૪૬૬૫ કરોડ રૂપિયા મહેસૂલી વસૂલાત બાકી છે. હમણા જે પ્રશ્નની ચર્ચા થતી હતી કે આ વસૂલાત કરતા નથી. અને પ્રશ્નોત્તરી સમય પછી કે ૨૦૦૦ કરોડ કે ૨૫૦૦ કરોડ રૂપિયા બાકી છે. ત્યારે દબાવી દેવામાં આવે છે. હાઈકોર્ટે હુકમ કર્યો હોય, બીજાએ કર્યો હોય, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ૭૯૫૫ કરોડ રૂપિયા આજે બાકી છે, વ્યાજની ચૂકવણીમાં પણ દિનપ્રતિદિન છેલ્લા ૫ વર્ષમાં ૨ હજાર કરોડ રૂપિયાથી વધારેનો વધારો આજે થયો છે અને માથાદીઠ દેવાની વાત કરું તો માણસ જન્મે છે એટલે વ્યાજ સાથે જન્મે છે એટલે એ ૧૪૦૦ રૂપિયાથી વધારે વ્યાજના દેવા સાથે જન્મે છે એની આજની સ્થિતિ થઈ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે આ ગુજરાત સરકાર જે બજેટ લઈને આવી છે એમાં લોકોને લાગતું હશે કે ૪૨૦૦ કરોડ રુપિયાનું બજેટ, પરંતુ વાસ્તવિકતા એવી છે કે ૧૮.૧૬ ટકા વ્યાજની ચૂકવણીમાં જવાના છે એવી સ્થિતિ આજના આ બજેટમાં જોવા મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક સેવાઓમાં કહયું કે ગુજરાત સરકાર સારું બજેટ લાવી છે. ૧૧ હજાર કરોડ અને ૧૫ હજાર કરોડ રૂપિયાની વાત કરતા હોય ત્યારે આંકડા સાથે વાત કરું છું કે કુલ બજેટ સામાજીક સેવાઓનું ૨૦૦૧-૦૨ માં ૩૪.૭૪ ટકા હતું અને આજે એમાં ઘટાડો થયો છે. આપણે આટલી બધી યોજનાઓની જાહેરાત કરતા હોઈએ તો આ સેવાકીય માળખામાં કેવી રીતે ઘટાડો કર્યો છે. ૨૦૦૭-૦૮ માં ૨૮.૮૧ ટકા છે એટલે કે એમાં પણ ૬ ટકાનો ઘટાડો કર્યો છે. આર્થિક સેવાઓ છે એની અંદર કુલ બજેટ ૨૦૦૧-૦૨ માં ૩૮.૬૭ ટકા હતું અને આજે ૨૦૦૭-૦૮ માં ૩૦.૯૯ ટકા છે એટલે. કે એમાં પણ ૭ ટકા જેટલો ઘટાડો કરવામાં આવ્યો છે. એટલા માટે મારે પૂછવું છે કે આપણે ૧૧ હજાર અઅને ૧૫ હજાર કરોડ રૂપિયાની વાત કરીએ છીએ તો ખરેખર આ બજેટની વાસ્તવિકતા અને કુલ ખર્ચના આંકડા છે અને એ રીતે મૂડી ખર્ચ હેઠળનો વિકાસ છે એમાં ૮૧૫ કરોડ રૂપિયાનો ઘટાડો કર્યો છે અને જુદી જુદી યોજનાઓ છે એ યોજનાઓમાં પણ એના આંકડા બોલું તો ઘણો સમય જાય, પરંતુ માત્ર ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ ના જ આંકડા આપું તો એમાં ઘણોબધો ઘટાડો કર્યો છે. એમાં ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ ના આંકડા છે એમાં વ્યવસાયવેરામાં ૩૭ કરોડ રૂપિયાનો ઘટાડો, જમીન મહેસૂલ આવકમાં ૩૨ કરોડ રૂપિયાનો ઘટાડો, રાજયની આબકારી જકાત હતી એમાં ૯ કરોડ રૂપિયાનો ઘટાડો, મનોરંજન વેરામાં ૬૬ કરોડ રૂપિયા નકકી કર્યા હતા એમાંથી ૩૫ કરોડની આવક થઈ છે અને ૩૧ કરોડ રૂપિયાની આવકમાં ઘટાડો નોંધાયો છે, વ્યાજની આવકમાં ૧૯ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે અને સામાન્ય સેવામાં ૨૦૬ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. આ જોઈ બતાવે કે ગુજરાતનો વિકાસ પથ છે એ કયો પથ છે ? કે જેની આવક દિનપ્રતિદિન ઘટતી જાય છે અને એમ કહેવાય કે છેલ્લા બે વર્ષમાં જે વિકાસલક્ષી કહેવાય એ

૨૦૦૬-૦૭ માં ૨૫૨૦૮ કરોડ રૂપિયા ફાળવ્યા હતા એ આ વખતે જયારે ચૂટણીલક્ષી બજેટ બનાવ્યું અને ૩૫ ટકાની જાહેરાતોમાં મોટી મોટી વાતો કરી, પરંતુ કાગળ ઉપર કહું છું કે ૧૦૧ કરોડ રૂપિયા માત્ર વધ્યા છે એટલે ૦.૪૦ ટકા વધ્યું છે,ખાલી લોકોને લોભામણી જાહેરાતો જ કરે છે, વાસ્તવમાં બજેટમાં ૦.૪૦ ટકાનો જ વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૨ વર્ષમાં બિન વિકાસલક્ષી ખર્ચ છે એમાં કરોડો રૂપિયાનો વધારો થયો છે. આજે એમાં જોઈએ તો ૩૮૬૯ કરોડ રૂપિયાનો દિનપ્રતિદિન એની બિન આવડતને કારણે વધારો થયો છે. આજે વિકાસલક્ષી ખર્ચ છે એમાં પણ કેટલો મોટો વધારો થયો છે? એ ૨૦૦૬-૦૭ માં ૧૩૨૭૬ કરોડ રૂપિયા હતા એ ૨૦૦૭-૦૮ માં ૧૭૧૪૫ કરોડ રૂપિયા થયા છે એટલે બિન વિકાસલક્ષી ખર્ચમાં પણ ૩૮૬૦ કરોડનો એટલે ૨૯.૧૪ ટકાનો વધારો થયો છે અને એ જ બતાવે છે કે આ સરકારની આવડત કયા પ્રકારની છે? વાર્ષિક યોજનાઓ જે જુદા જુદા સેકટરની છે એમાં પણ કેટલો બધો ઘટાડો કર્યા છે? ગ્રામલક્ષી યોજનાના વિકાસની વાત કરતા હોય તો ગામડાં માટે કાંઈ કરવાનું છે એ દ્રષ્ટિએ પણ જોઈએ તો ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ માં ૧૨૫૦૩ કરોડ રૂપિયા હતા અને એકબાજુ એમ લાગતું હતું કે આમાં મોટો વધારો થયો છે, પરંતુ આ ગ્રામલક્ષી વિકાસ યોજનામાં ૪.૧૬ ટકા હતા એ ૨૦૦૭-૦૮ માં ૩.૩૧ ટકા થયા છે.

આપણે સિંચાઇ અને પૂર નિયંત્રણની વાત કરતા હોઈએ ત્યારે સુરતમાં જબ્બરજસ્ત પૂર આવ્યું અને સરકાર દેખે નહીં, અને એને કારણે કરોડો રૂપિયાનું નુકસાન થાય, લાખો લોકોને અસર થાય, એમાં પણ આ સરકારે ઘટાડો કર્યો છે. અને ૩૦.૬૬ કરોડ ખર્ચ કર્યો છે. ઉર્જાની વાત કરીએ તો ઉર્જામાં પણ ૩.૯૬ કરોડનો ઘ ટાડો કરવામાં આવ્યો છે. સંદેશા વ્યવહારની વાત કરું તો એમાં ગયા વર્ષે ૦.૧૬ કરોડ ફાળવ્યા હતા, આ વખતે તો ઝીરો પરસન્ટેઝ છે. આવી વ્યવસ્થા આ સરકારે કરી છે. સાયન્સ એન્ડ ટેકનોલોજીની વાત કરતા હોઈએ ત્યારે અને એમાં આ સરકાર સર્વશ્રેષ્ઠ કામગીરી કરી રહી છે તેવી વાત કરતી હોય ત્યારે એમાં પણ ગયા વખતે .૯૯ હતા તે આ વખતે ૦.૮૫ કર્યા છે. એટલે એમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. સાર્વજનિક અને આર્થિક સેવામાં ગયા વર્ષે ૨.૪૩ હતા તે આ વખતે ૨.૧૬ કર્યા છે એટલે એ રીતે આવી અનેક યોજનાઓમાં આ સરકારે જબ્બરજસ્ત મોટો ઘટાડો કર્યો છે. એ બતાવે છે કે આ સરકારે આ ચૂંટણી લક્ષી વાતો કાગળ ઉપર કરી પણ વાસ્તવિક રીતે જે બજેટમાં ફાળવણી કરવામાં આવી છે તેમાં આ સરકારે ચોક્કસ પણે ઘટાડો કર્યો છે એ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આ બજેટમાં મુખ્યત્વે જે ઘટાડો કર્યો છે એમાં સરકાર વંચિતોની ચિંતા કરવાની વાત કરતી હોય ત્યારે સમાજ કલ્યાણની યોજનાઓ છે એમાં એટલો મોટો ઘટાડો કર્યો છે કે ૨૦૦૬-૦૭માં ૧૬૩૫ કરોડ રૂપિયા હતા તે આ વખતે ૨૦૦૭ માં માત્ર ૧૦૨૭ કરોડ એટલે ૬૦૮ કરોડનો ઘટાડો કરવામાં આવ્યો છે. ગ્રામ લક્ષી વિકાસ યોજનાઓ મહેસૂલની છે એમાં ૨૫ કરોડ રૂપિયાનો ઘટાડો કર્યો છે. સિંચાઈ અને પૂર નિયંત્રણમાં પણ ૪૫ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. ઉર્જામાં પણ ૨૬૨૩ કરોડ હતા તે આ વર્ષે ૨૨૬૯ કરોડ રૂપિયા ફાળવ્યા છે એટલે એમાં પણ ૩૫૪ કરોડ રૂપિયાનો ઘટાડો કર્યો છે.

વિજ્ઞાન અને પર્યાવરણ માટે જે ખર્ચ હતો તે ૪૨ કરોડ હતો. એ આ વર્ષે ૩૧ કરોડ રૂપિયા ફાળવ્યા છે. એટલે એમાં ૯ કરોડનો ઘટાડો કરવામાં આવ્યો છે. કૃષિ અને તેને સંલગ્ન પ્રવૃત્તિઓ છે એમાં એકબાજુ આપણે કૃષિ રથ કાઢીએ છીએ, ખેડૂતો માટેની ચિંતા કરવાની વાતો કરીએ છીએ. પણ ૨૨૪ કરોડમાંથી ૧૨૭ કરોડ રૂપિયા ફાળવ્યા છે એટલે ૩૭ ટકાનો એમાં ઘટાડો કરવામાં આવ્યો છે. સિંચાઈ અને પૂર નિયંત્રણમાં પણ ૫૫૯ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. ઉર્જા મૂડી છે, એમાં ૧૨૫૨ કરોડ હતા તે ૫૪૩ કરોડ કર્યા છે એટલે એમાં પણ ૭૦૯ કરોડ રૂપિયાનો ઘટાડો કર્યો છે. ઉદ્યોગ અને ખનિજની વાત કરીએ, તો આપણે એક બાજુ ઉદ્યોગ અને ખનિજની ચિંતા કરીએ છીએ. અને કેટલાક મોટા મોટા એમ.ઓ.યુ. કરીએ છીએ. પણ એમાં મૂડી ૧૩૦ કરોડ હતી તે ૧૨૩ કરોડ કરી છે એટલે એમાં પણ ૭ કરોડનો ઘટાડો કરવામાં આવ્યો છે. મૂડી વિકાસ ખર્ચ છે એની અંદર આંકડા જોઈએ તો ગયા વખતે ૨૦૦૬-૦૭ માં ૧૪૯૫ કરોડ હતા તેમાં ૬૭૯ કરોડ કર્યા છે એટલે ૮૧૬ કરોડનો ઘટાડો કરવામાં આવ્યો છે. ઉદ્યોગ હેડે પણ ઉદ્યોગના વિકાસને લગતી યોજનાઓ માટે પણ સાડા પાંચ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આ બાબતમાં ચાર વર્ષમાં જે ગરીબો અને વંચિતોને સબસિડી અપાતી હતી તેમાં પણ આ સરકાર જ્યારે ગૌરવ લેતી હોય છે, પણ ખરેખર આ ગરીબો માટેની સબસિડીમાં પણ છેલ્લા પાંચ વર્ષમાં ૫૩૬ કરોડનો ઘટાડો કરવામાં આવ્યો છે. એ જ રીતે ખેડૂતોને જે વીજળીની સબસિડી આપવામાં આવે છે એમાં પણ ૫૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. ૨૦૦૧-૦૨ માં ૩૫૩૬ કરોડ સબસિડી હતી તે આ વર્ષે ૧૭૪૭ કરોડ કરી છે એટલે એમાં ૫૦ ટકા જેટલો ઘટાડો કર્યો છે. ખેડૂતો માટેની કૃષિ-સહકારની સબસિડી આ સરકારની હતી એમાં ૬૩.૭૮ કરોડ રુપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આપણને એમ થાય કે સરકાર ખરેખર ખેડૂતોની ચિંતા કરતી હોય છે. પણ આ બજૅટના આંકડા બતાવી રહ્યા છે કે આ સરકાર ખેડૂત લક્ષી નહીં પણ માત્ર ઉદ્યોગપતિઓ અને અમુક લક્ષી છે. જેના કારણે આ સરકાર દિન પ્રતિદિન જોગવાઈમાં ઘટાડો કરી રહી છે. ગરીબોને અનાજ અને પુરવઠાની સબસિડી છે એમાં પણ ૨૦૦૪-૦૫ માં ૧૯૩ કરોડ રૂપિયા હતા તે આ વખતે ૧૨૫ કરોડ રૂપિયા એટલે કે ૩૫ ટકા કરતાં પણ વધારે ઘટાડો કરવામાં આવ્યો છે.

ગરીબ વિદ્યાર્થીઓની યોજનાની રકમમાં દિવસે દિવસે આ સરકારે ઘટાડો કરી રહી છે. હું આ અંગેના આંકડા આપવા માગું છું. ગણવેશની અંદર ૨૦ હજારનો ઘટાડો કરવામાં આવ્યો છે. મહિલા સીવણ કલાસમાં ૩૦ નો ઘટાડો, તબીબી સેવામાં ૩ હજારનો ઘટાડો, રમાબાઈ આંબેડકર સાત ફેરા સમૂહ લગ્નમાં દસ લાખનો ઘટાડો કરવામાં આવ્યો છે. આ રીતે અનેક યોજનાઓમાં ઘટાડો કરવામાં આવ્યો છે. એટલે સરકાર માત્રને માત્ર મોટા લોકોની જ છે, ખેડૂતોની છે જ નહિ એટલે આ બજેટ સાથે હું સહમત થઈ શકતો નથી એને સાથ આપી શકતો નથી.

**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બલવંતસિંહ ઘટાડો ઘટાડો કરતા હતા ત્યારે વિરોધપક્ષના નેતાના ધ્યાનમાં રહેવું જોઈએ કે એમની પોતાની સંખ્યાની ઘટાડાની વાત પણ બોલી ગયા છે એ એનો એમને ખ્યાલ રહ્યો નથી. બધા ધ્યાનથી રેકોર્ડ જોઈ જજો. (અંતરાય) અમે તો વધારો કર્યો છે. પરંતુ તમને ઘટાડો દેખાય છે કમળો થયો હોય એટલે પીળું જ દેખાય.

ગુજરાત સરકારના માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા ૨૦૦૭-૨૦૦૮નું બજેટ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે ઊભો થયો છું. માનનીય વજુભાઈએ બજૅટ સ્પીચની અંદર જે શરૂઆતનું આમુખ છે એ જૂઓ. ગયા વરસનું માનનીય મુખ્યમંત્રીશ્રીએ બજૅટ રજૂ કરેલ એ ચાર વાક્યો સાથે, એને ચાર શબ્દો સાથે બજૅટની શરૂઆત કરી છે. એના ઉપરથી બજૅટની કક્ષા શું છે એનો ખ્યાલ આવે. બજૅટમાં એમણે કહ્યું કે ૨૦૦૬-૨૦૦૭ના અંદાજપત્રમાં માનનીય નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે ગુજરાતની વિકાસની દિશા કેવી હોવી જોઈએ. વિકાસ સર્વસમાવેશક હોય, વિકાસ સર્વસ્પર્શી હોય, વિકાસ સર્વપોષક હોય અને વિકાસ સર્વદેશિક હોય આ વાત લઈને બજૅટની શરૂઆત કરી અને એ બજૅટની સ્પીચની સાથે સાથે ૨૦૧૦નું વર્ષ સુવર્ણ જયંતિ વર્ષ ગુજરાતનું આવી રહ્યું છે. ગુજરાતની આશા છે, અપેક્ષા છે, આકાંક્ષા છે એ પૂરી કરવા માટે બજૅટની અંદર શું જોગવાઈઓ કરી છે એની જ્યારે વાત કરી રહ્યા હતા ત્યારે જે સર્વગ્રાહી બજૅટ રજૂ કર્યુ છે એ જોતાં એક જ વાત કહેવી પડે કે

" અસતૃગિરી સમંસ્યાત્ ક્તૃજલમ, સિંધુ પાત્રે સુરતરૂવર શાખા
લેખિની પત્રમુર્વી લિખિત યદિ ગૃહિત્વા શારદા સર્વકાલમ્
તદપિ, તવગુણાનામ્ ઈશપારમ્ ન યાતિ "

આ સંસ્કૃતનો પ્રાચીન શ્લોક છે. ઈશ્વર માટે આ શ્લોક લખ્યો છે એ અહીંયા આ બજૅટને લાગુ પડે છે એટલા માટે બજૅટનું દરેક ભાષણ, બજૅટની પ્રત્યેક વસ્તુને સ્પર્શવા જઈએ તો ઘણા બધા દિવસો સુધી વાત કરવી પડે. એના એક પાનાને સ્પર્શવું હોય તો પણ ઘણી મોટી વાત થઈ જાય અને એટલે હું અહીંયા હમણાં ફેબ્રુઆરીમાં આ સત્રની શરૂઆત થઈ ત્યારે જાન્યુઆરીમાં બનેલ ઘટનાને યાદ કરીને ફક્ત એક વિષય જેણે બધા રાજયોનું જ નહિ, ફક્ત ભારત દેશનું જ નહિ પરંતુ સારાએ વિશ્વનું જેણે ધ્યાન ખેચ્યું છે એવી ઘટના એટલે ગુજરાતનો સર્વાંગી ઔદ્યોગિક વિકાસ એ ઘટના ઉપર થોડીક વાતો આપ સૌના ધ્યાન ઉપર મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાત છે પતંગની, વાત છે મકરસંક્રાંતિની, વાત છે પતંગોત્સવની, વાત છે ઉત્તરાયણની. જ્યારે દિવસ ઉત્તર તરફ જતો હોય, ધીમે ધીમે વર્ષના બાકીના દિવસો એ દિશામાં જતા હોય અને સૂર્યનારાયણ દેદિપ્યમાન થઈને જ્યારે સમગ્ર જગતને પ્રકાશમાન કરીને સૂર્યનારાયણ પોતાની ઉર્જા એની અંદર ભરતો હોય એવા વખતે એટલે ૧૪મી જાન્યુઆરીની સાથે સાથે આપણે છેલ્લા થોડા વર્ષોમાં મકરસંક્રાતિના પતંગોત્સવને જે રીતે વાયબ્રન્ટ ગુજરાતમાં પરિવર્તિત કરીએ છીએ તેનું પરિણામ છે, તેનું પરિણામ દુનિયાએ ડંકાની ચોટ ઉપર જોયું છે અને આટલો વહેલો ગુજરાતે પતંગ ઉડાડ્યો છે, એટલો ઉંચો ઉડાડ્યો છે કે એ આભની ઉંચાઈએ પહોંચેલો ગુજરાતનો પતંગ તેની ઉંચાઈને આંબવાનું પણ કોઈના માટે શકય નથી. એ ઉંચાઈએ આ ગુજરાત રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જે પતંગને ઉડાડ્યો છે, હું સાબિત કરીશ મારી સ્પીચમાં. એટલા માટે, આ ભારત દેશમાં કેપીટલ છે. પાટનગરો છે. દિલ્હી છે એ રાજનૈતિક પાટનગર છે. આપણે જાણીએ છીએ. મુંબઈ છે એ આ દેશનું ઈકોનૉમિક પાટનગર છે. પરંતુ હવે ગુજરાતનું પ્રત્યેક નગર, પ્રત્યેક જિલ્લો, પ્રત્યેક તાલુકો, પ્રત્યેક દરિયા કાંઠાનું ગામ એ ઔદ્યોગિક પાટનગર, ઈન્ડસ્ટ્રીયલ કેપીટલ બનવા જઈ રહ્યું છે અને એ ભારત દેશનું ઈન્ડસ્ટ્રીયલ કેપીટલ બનીને રહ્યું છે. એ ૧૧,૦૦૦ કરોડના રોકાણો હોય, સાડાચાર લાખ કરોડના રોકાણો હોય કે તેના પછીના અર્બન સમિટના ૨ લાખ ૫ હજાર કરોડના રોકાણો હોય એ સરવાળો જે ૬ લાખ ૬૬, હજાર કરોડનો છે તેણે એ સાબિત કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, શેની શેની વાત કરવી? હું કચ્છથી વાતની શરૂઆત કરીશ. જ્યારે અહીં બાબુભાઈ વાત કરતા હતા. તેમની શરૂઆતની વાત હું સાંભળતો હતો. તેમણે ૧૨ની સાથે જોડ્યું, પણ ૧૨ રાશી, ૧૨ મહિના. આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના નાણામંત્રીશ્રી જેમણે ૧૨મી વખત બજૅટ રજૂ કર્યું છે. તેની સાથે સમગ્ર સમાજ, સમગ્ર સમય, સમગ્ર વર્તમાન, સમગ્ર ભવિષ્ય તેની સાથે છે તેની સાક્ષી પૂરે છે અને એટલે આ ૧૨મું બજૅટ છે. કેવી રીતે? મેં કહ્યું ૧૧, ૧૨, ૧૩, ૧૪ જાન્યુઆરીના દિવસે ઉદ્યોગોના માટે એક ઐતિહાસિક ઘટના આકાર લઈ રહી હતી. તેના પહેલાં ૮મી, ૯મી જાન્યુઆરીએ ઈન્ડિયા ટુ ડેનો એક અંક

બહાર પડ્યો. તેણે સ્પેશિયલ ઈસ્યુ બહાર પાડ્યો અને તેની અંદર ન્યુઝ મેકર્સ-૨૦૦૬ કરીને વિષય લીધો અને તેમાં જે (અંતરાય) તેમાંથી વંચાય નહીં, હમણાં વાંચતા હતા તેમ વંચાય નહીં. (અંતરાય) હું તમને બતાવતો નથી. તમને જોવું હોય અને આંખ ખોલીને જૂઓ તો ગુજરાતના ખૂણે ખૂણે તમારી આંખો ફાટી જાય એટલું બધું આ ગુજરાતની ભા.જ.પ.ની સરકારે કર્યું છે. તમારે એ જોવું નથી અને અહીં મારા હાથમાં છે એ શા માટે જૂઓ છો? (અંતરાય) આંખો ઠરે એવું બોલીએ છીએ પણ તમારી આંખો ઠરતી નથી. આંખો ફાટી રહે છે. તે દિવસે તેના મુખપૃષ્ઠ ઉપર રતનટાટા અને મુકેશ અંબાણીને મૂકીને ઈન્ડિયા ટુ ડે એ સમગ્ર દેશમાં એવું લખ્યું છે કે they symbolises India's booming economy and keep global emergence ટાટાનું ૧ લાખ ૧૦ હજાર કરોડનું આ વર્ષનું રોકાણ છે. અંબાણીનું રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડનું આ વર્ષનું રોકાણ ૧ લાખ કરોડ છે. આ બન્ને લોકો, આ બન્નેનો ઉલ્લેખ હું એટલા માટે કરું છું કે આ બન્ને લોકોએ ગુજરાતમાં આવીને જે રજૂ કર્યું છે હું ખાલી તેમની એક એક લીટી કહીશ. માનનીય અધ્યક્ષશ્રી, અહીંથી અવાર-નવાર કહેવાયું કે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દીર્ઘદ્રષ્ટા છે, વિઝનરી છે, આર્ષદૃષ્ટા છે અને એ ફક્ત એટલા માટે નહીં કે એ અમારા નેતા છે. એટલા માટે કહીએ છીએ કે જેમણે આ વર્ષે બ્લુમિંગ ઈકોનોમી સમગ્ર વર્લ્ડમાં જેનું નામ લેવાય છે એવા મુકેશ અંબાણીએ અમદાવાદના સાયન્સ સિટિમાં આવીને બોલ્યા છે, વાત કરી છે. નરેન્દ્રભાઈ પાસે ઉમદા વિઝન અને પ્રખર સંકલ્પ શકિત છે. જે વિઝનને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા માટેનું સામર્થ્ય ધરાવે છે. મારે એટલું જ કહેવું છે કે સપના તો મનહરભાઈ ઉંઘતા હોય તો એને પણ આવે, સ્વપ્નને સાકાર કરવાની તાકાત અને એ દુનિયાની સામે ડંકાની ચોટ ઉપર સાબિત કરવાની તાકાત ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીમાં છે.

વિવેકાનંદ જન્મ જયંતી ૧૨મી તારીખે છે. શિકાગો ધર્મ પરિષદમાં આમાંથી કોઈ હાજર નહીં હોય, એ દિવસે વિવેકાનંદજીએ ભાષણ કર્યું હતું. એમને આમંત્રણ મળ્યું હતું. ૧૨મી જાન્યુઆરી વિવેકાનંદજીના જન્મ દિવસે ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં એમણે સાયન્સ સિટિમાં આવીને ભવ્યતાના દર્શન કર્યા હોત, જે વર્લ્ડ ક્લાસ વિશ્વ કક્ષાના લોકો ગુજરાતમાં આવી એક મંચ ઉપર પોતાની જાતને પ્રસ્થાપિત કરી અને એકી અવાજે ગુજરાતના નરેન્દ્રભાઈ મોદીએ શું કર્યું છે? શું કરી રહ્યા છે એ આવીને કહ્યું હતું એ આવીને જરા સાંભળ્યું હોત, આવીને જોયું હોત, એના દર્શન પણ કર્યા હોત તો પાવન થઈ જાત. કારણ કે, વંચિતોના વિકાસની વાત કરીએ, ગુજરાતના ૫ કરોડ ગુજરાતીઓની વાત કરીએ ત્યારે એ વિકાસની જેની પાસે દૃષ્ટિ છે એ દૃષ્ટિ ખાલી સ્વપ્નની નહીં પણ એને સાકાર કરવાની જેની તાકાત છે એવું એક અનુપમ દૃશ્ય ત્યાં ખડું થયું હતું. તે દિવસે રતન તાતાએ કહ્યું છે. જેમણે વિદેશની કોરસ હસ્તગત કરી છે, એ રતન તાતાએ આવીને કહ્યું છે કે, યુ આર સ્ટુપિડ ઈફ યુ ડોન્ટ ઈન્વેસ્ટ ઈન ગુજરાત. જો તમે અહીં ગુજરાતમાં રોકાણ ન કરો તો તમે મુરખ છો એમ રતન તાતાએ કહ્યું છે. એ માણસે જે વાત કરી છે. હું એટલા માટે કહું છું કે, આ મંચ ઉપર ૫૬ જેટલા દેશો, એમાં અમેરિકા પણ આવી ગયું, ઇટાલી પણ આવી ગયું, ઇટાલી પણ હોં, જાપાન પણ હતું, ઈઝરાયેલ પણ હતું, બ્રિટન, મલેશિયા અને સિંગાપુર પણ હતા. સિંગાપુરના વિદેશ મંત્રી બાલાજી શીવદાસન પણ હતા. એ મંચ હતો અને એ મહાનુભાવો હતા. ખાલી વાત કરવી જુદી વાત છે. જ્યારે ઉદ્યોગપતિઓ આવ્યા હોય અને કદાચ તમે માગો તો ડોનેશન આપી દે, કાંઈક એકાદું કામ કરી દે. ઉદ્યોગપતિઓ પોતાના હજારો કરોડો રૂપિયા રોકવાની તૈયારી સાથે આવે અને જાહેરમાં કહે કે, અમે આ હજારો કરોડો રૂપિયા રોકીએ છીએ, એ કોઈની શરમ ન ભરે. આમને તકલીફ શું છે? વારંવાર અહીંથી એવું કહેવાયું કે, મૂડી રોકાણ થાય છે, મૂડી રોકાણની વાતો થાય છે, આમની તકલીફ કહું. પણ એટલા મૂડી રોકાણ આવતા નથી. હવે એક અમારે ત્યાં સૌરાષ્ટ્રમાં થાનમાં શાહબુદ્ધિન રાઠોડ છે. એ કહે છે કે મારો ભત્રીજો છેને એ પ્રેમભગ્ન થયો, પ્રેમમાં નિષ્ફળ ગયો. ત્યારે એ એના કાકાને પૂછે છે કે, આ પૃથ્વી ફાટી કેમ નથી પડતી?આ બ્રહ્માંડ ઉંધુ કેમ નથી વળી જતું, આ આકાશના કટકા કેમ નથી થતા? ત્યારે એના કાકા એવું કહે છે કે આ તું કહે છે એમ ન થાય, ભૂગોળના નિયમો મુજબ થાય. એટલે અહીં આ ભગ્ન હૃદયે બેઠેલા લોકોને હું એટલું જ કહુ છું મૂડીરોકાણ જયારે આવે ત્યારે તમે કહો એમ ન થાય. આખોએ પ્રોજેકટ જયારે પૂરો થાય ત્યારે મૂડીરોકાણો પૂરા થાય. ૧ લાખ ૭૨ હજાર કરોડના ૨૦૦૩-૦૫ના રોકાણો એમાંથી ૧ લાખ ૪૦ હજાર કરોડનું અમલીકરણ થઈ ગયું છે. કઈ વાત કરો છો તમે અને ૨૦૦૭ એમણે જે આપ્યું છે તે દિવસે જે પ્રવચન હતું મુખ્યમંત્રીશ્રીનું મારે એમાંથી લાંબુ નહીં એનું ફકત એક વાકય જ કહેવું છે આ હેટ્રીક હતી, ઈટ વોઝ થર્ડ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ. અને એમાં એમણે કીધું હતું કે આ વિકાસ માટેનું ટર્નિંગ પોઈન્ટ છે. વિકાસશીલ રાષ્ટ્રોની હરોળમાં એશીયન પૅસિફિક રાષ્ટ્રોની હરોળમાં, ખાલી દેશ નહીં, અમારી રાહ, આ ગુજરાતની ૫ કરોડની પ્રજા જોવે છે. (અંતરાય) તમારી જેમ નથી. અમારી કોઈ રાહ ના જોતું હોય અમને ફુલડે વધાવે છે. અમારો સત્કાર કરે છે. તમારી જેમ કાઢી નથી મૂકતા. એક સમય હતો.

**અધ્યક્ષશ્રી** : અહીં એમનો પાયાનો પ્રશ્ન છે કે ૫ કરોડમાં અમે આવી ગયા.

**શ્રી સુનીલ બા. ઓઝા** : આ લોકો ૫ કરોડમાં આવે પણ એમાં એવું છે કે ગુજરાતની ૫ કરોડની પ્રજાએ એમ કીધું છે કે આ ૫ કરોડમાંના વંચિતો છે અને વંચિતોના વિકાસની આ રાજયના નાણામંત્રીની કલ્પના છે એમાં વાંધો નથી પણ આ વંચિતોએ પ્રજાના એવા પાપ કર્યા છે પ્રજાને માટે કે એમનો વિકાસ પણ શકય નથી.

૧૯૮૦ થી ૧૯૯૦ આ ગુજરાતમાં એમનું શાસન હતું. તમે જરા યાદ કરો, જૂના દિવસો, તમારું શાસન હતું અહીં, અમદાવાદની મિલો બંધ હતી. આર્થિક મંદી હતી. નવનિર્માણના આંદોલનો હતા. અનામત આંદોલન હતા. એમનું શાસન હતું, હતાશા હતી, નિરાશા હતી, આર્થિક મંદી હતી એ આ ગુજરાત, નવું મૂડીરોકાણ આવવાનું શકય જ નહોતું એવા દસકામાં એમણે રાજય કર્યુ છે. જયારે સુવર્ણજયંતી વર્ષ તરફ આગળ વધી રહ્યા છીએ ત્યારે આ દેશમાં ગુજરાત એ મૂડી રોકાણની દૃષ્ટિએ સર્વશ્રેષ્ઠ રાજય સાબિત થાય, સમગ્ર વિશ્વ જેની ઉપર નજર રાખે, અમેરિકા અને રશિયા પણ જેનો અભ્યાસ કરવા માટે જેના આકડા મગાવે, જેના બજેટ મગાવે, જેના સમીટના વિશ્લેષણો મંગાવે, કારણ કે ગુજરાતમાં આ બંદરો છે, ગુજરાતનો ૧૬૦૦ કિલોમિટરનો સાગરકાંઠો છે આ દરિયાકિનારો કંઈ અમે નથી લાવ્યા. આ પહેલા પણ હતો. આ દરિયાકિનારો, એ મૂડીરોકાણનું કેન્દ્ર ગુજરાતને કયારેય નથી બનાવી શકયા આ ભારતીય જનતા પક્ષની સરકારે, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મૂડીરોકાણનું કેન્દ્ર સમગ્ર દેશમાં ગુજરાત બને એ સ્થાપિત કર્યુ છે , સાબિત કર્યુ છે. સિદ્ધ કર્યુ છે અને તોય ઈન્ડસ્ટ્રીયલ પાર્ક એકટ કરીએ તોય એની મંજૂરી ન આપે કેન્દ્ર સરકાર, અહીંથી અમારા બાબુભાઈ જતા રહ્યા , ગોએંકાજીએ કહ્યું છે કે કચ્છ છે એ હવે ખાલી રણ નથી હવે કચ્છ છે એ મૂડીરોકાણનું સ્વર્ગ થયુ છે અને એવું ઝડપી ઔદ્યોગિકરણ થતું હોય ત્યારે કચ્છના આપેલા ઈન્સેન્ટીવ્સ એમને ઉદ્યોગ સાહસ માટે આપેલા ઈન્સેન્ટીવ્સ એ ગુજરાત સરકારે ચાલુ રાખ્યા છે. એ કચ્છ જેણે આફતને અવસરમાં પલટાવેલ છે.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનો વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**
**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : આદરણીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વર્ષ ૨૦૦૭-૦૮નું જે બજૅટ આ સન્માનનીય ગૃહ સમક્ષ લઈને આવ્યા છે તેના સમર્થનમાં અને એને અંગેના કેટલાક વિચારો હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે નાણામંત્રીશ્રી બજૅટ લઈને આવે ત્યારે એ બજૅટ એ રાજ્યની પ્રજાની આકાંક્ષાઓનું પ્રતિબિંબ એમાં પડે છે કે કેમ એ હંમેશા નજર સમક્ષ રાખવાનું હોય છે. પ્રજાની આકાંક્ષાઓ શું હોય છે? મારી દ્રષ્ટિએ પ્રજાની આકાંક્ષાઓ બે પ્રકારની હોય છે. એક આકાંક્ષા હોય છે કે આંતરિક સુરક્ષાનો એને અહેસાસ થાય, આંતરિક સલામતીનો અહેસાસ થાય અને બીજી આકાંક્ષા એ પ્રજાજનોના જીવન ધોરણમાં સતત ઉત્તરોત્તર કેમ સુધારો થાય તે હોય છે. જીવન ધોરણમાં ઉત્તરોત્તર સુધારો કરવો હોય તો એના માટેના કાર્યક્રમો હોય એના માટે રાજ્ય સરકારે બે પ્રકારના આયોજનો કરવા પડે. એક આયોજન છે, રાજ્ય સરકારની આવકમાં સતત વધારો કરવાનું. એ દ્રષ્ટિએ આર્થિક પ્રવૃત્તિમાં સતત વેગ રાજ્યમાં કેવી રીતે ઊભો થાય જેના માધ્યમથી જુદા જુદા ટેક્સની આવકો મારફતે રાજ્યની તિજોરીમાં નાણાનો વધારો થાય અને બીજું છે તે નાગરિકોની ખરીદ શક્તિમાં વધારો કરવાનું. નાગરિકોની ખરીદ શક્તિમાં વધારો ત્યારે થાય કે જ્યારે આ રોજગારીના સર્જન મારફતે રાજ્યના નાગરિકો પાસે નાણા ઉપલબ્ધ થાય અને ખરીદ શક્તિ વધે અને એના કારણે એના જીવન ધોરણમાં ઉત્તરોત્તર વધારો થતો હોય છે. જ્યારે આ કામગીરી કરવાની હોય ત્યારે નાણામંત્રીશ્રીની એક વિકટ સમસ્યા હોય છે એમની ફિસ્કલ ડિસિપ્લીન. આપણે એક નાણાકીય શિસ્તમાં રહીને આ સમગ્ર કામગીરી કરવી પડે અને જો એ ન કરવામાં આવે તો રાજ્યનું સમગ્ર નાણાકીય ક્ષેત્ર ખાડે જાય એવી સ્થિતિ ઊભી થતી હોય છે. જે પ્રકારનું આ નાણામંત્રીશ્રી રાજ્ય સરકારનું બજૅટ લાવ્યા છે એમાં નાણાકીય શિસ્ત માટે જે નિરીક્ષણ છે એમાં મારે એટલું જ કહેવું છે કે, ગુજરાત રાજ્યના નાણામંત્રીશ્રીએ છેલ્લા ત્રણ વર્ષના બધા બજૅટ પુરાંતવાળા આપ્યા છે. એટલે ડૅફિસિટ બજૅટના બદલે સરપ્લસ ધરાવતા બજૅટો આપીને હેટ્રીક સર્જી છે. મહેસૂલી ખાદ્ય પણ વર્ષ ૨૦૦૬-૦૭માં શૂન્ય થઈ અને મહેસૂલી પુરાંત થઈ છે. રાજ્યની ફિસ્કલ રિસ્પોન્સિબિલિટીનો કાયદો કેન્દ્ર સરકારે બનાવ્યો છે. રાજ્યની જવાબદારી માટેનો કાયદો બનાવવામાં આવ્યો છે. એમાં ૧૨મા નાણા પંચનો વધુમાં વધુ લાભ મેળવવો હોય તો ત્રણ લક્ષ્યાંકો હાંસલ કરવા જરૂરી છે. એમાં પહેલો લક્ષ્યાંક છે મહેસૂલી ખાદ્ય શૂન્ય કરવાનો. બીજો લક્ષ્યાંક છે એ ફિસ્કલ ડૅફિસિટ જી.ડી.પી.ના ૩ ટકાથી ઓછો કરવો અને રાજ્યનું જાહેર દેવું છે એ રાજ્યના જી.ડી.પી.ના ૩૦ ટકાથી વધે નહિ એ પ્રકારનું આયોજન કરવું અને એ નાણામંત્રીશ્રીએ જોવાનું હોય છે. આ લક્ષ્યાંકોની કેન્દ્ર સરકારે એવી અપેક્ષા રાખી છે. કાયદા મુજબ ૨૦૦૮ અને ૨૦૦૯ પહેલા દરેક રાજ્યે આ લક્ષ્યાંક હાંસલ કરવા. આ બજૅટ જોતા એવું લાગે છે કે માનનીય નાણામંત્રીશ્રી આ ત્રણ લક્ષ્યાંકો આ જ વર્ષમાં આ જ બજૅટમાં હાંસલ કરીને એમણે અનેરી સિદ્ધિ ફિસ્કલ ડૅફિસિટ ક્ષેત્રમાં મેળવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આંતરિક સલામતી અને આંતરિક સુરક્ષા માટેની વાત કરીએ તો રાજ્ય સરકારે બજૅટની અંદર ૧૩૫ કરોડ રૂપિયા જેટલી રકમ નાણામંત્રીશ્રીએ પોલીસદળના આધુનિકીકરણ માટે ફાળવી છે અને પોલીસદળનું મોરલ સુધરે એટલા માટે ૧૨૫ કરોડ રૂપિયા જેટલી રકમ એમના આવાસો માટે ફાળવણી આ બજૅટમાં કરી છે. કેન્દ્ર સરકારે ગુજકોકનો અમલ નહિ કરવાનો રાજ્ય સુરક્ષા ઉપર જ્યારે અંતરાય ઊભો કરી રહી છે ત્યારે એવા સમયે રાજ્ય સરકારે આજે ગુજરાત સૌથી વધુ સુરક્ષિત રાજ્ય તરીકે આખા દેશની અંદર

ઉભરી આવ્યું છે. એક ટીકા મારા સાથી મિત્રો હંમેશા કરે છે કે આ સરકાર ઉદ્યોગપતિઓ સાથે મળીને ઉત્સવો કરે છે. વાયબ્રન્ટ ગુજરાતનો જે કાર્યક્રમ થયો એ કાર્યક્રમના પાછળનો રાજ્ય સરકારનો હેતુ એ જો સ્પષ્ટ રીતે સમજમાં આવશે તો આ ટીકા કરતા અટકી જશે એમ હું માનું છું. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૩, ૨૦૦૫ અને ૨૦૦૭ના કાર્યક્રમો કર્યા એની પાછળનો હેતુ એ ગુજરાતની શકિતઓની ઓળખ આ દેશ અને વિદેશના મૂડી નિવેશકારોને આપવા માટેનો હતો. એ હેતુ કેટલા અંશે બર આવ્યો છે એ આજે આપણે સુનીલભાઈના પ્રવચનમાં સાંભળ્યું. જે પ્રકારે વાયબ્રન્ટ ગુજરાતમાં ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહી એક જ મંચ ઉપર બેસીને, ૫૦ ટકા કરતાં પણ વધારે જી.ડી.પી. ધરાવતા એવા ઉદ્યોગપતિઓ એક સાથે એક મંચ ઉપર હાજર હોય ત્યારે આપ સમજી શકો છો કે ગુજરાત મુખ્યમંત્રીને લોકો, ઉદ્યોગપતિઓ એમ કહે છે કે દેશના કોઈપણ રાજ્યના મુખ્યમંત્રી કદાચ આટલા બધા ઉદ્યોગપતિઓને એક સાથે એક સ્ટેજ ઉપર ભેગા ના કરી શકે ત્યારે આપણા વાયબ્રન્ટ ગુજરાત દ્વારા ગુજરાતની શકિતનો પરચો, કારણ કે ગુજરાતની જે શકિત છે જળ શકિત, જ્ઞાન શકિત, રક્ષા શકિત, ઊર્જા શકિત આ બધી શકિતઓને ઓળખીને આ નિવેશકારોએ નિવેશ કરીને એમના મારફત એમણે જે વખતે ૪,૫૧,૦૦૦ કરોડના મૂડીરોકાણ માટે જાહેરાત કરી. એની પાછળ સમજવાનું એ છે કે ભૂતકાળમાં જ્યારે આ ઉદ્યોગપતિઓને માટે સાથી મિત્રોની જ્યારે સરકાર હતી ત્યારે ૧૯૭૭માં સૌથી પહેલા રોકડ સહાય યોજના આપવામાં આવી. ૧૯૮૦-૮૫, ૧૯૮૫-૯૦ અને ૧૯૯૦-૯૫માં ત્રણ વખત આ સરકારે ઉદ્યોગપતિઓને સોએ સો ટકા સુધી વેચાણવેરાની રાહત આપીને ઉદ્યોગોને આકર્ષવા માટેની કામગીરી એમણે કરી હતી ત્યારે આ વાયબ્રન્ટ સમિટનું નિરીક્ષણ કરવામાં આવે તો કોઈપણ પ્રકારની રાહત રાજ્ય સરકારે આ ઉદ્યોગપતિઓને આપવા માટેના કોઈ વચનો એના માટે આપવામાં આવ્યા નથી. તેમ છતાં રાજ્યની પ્રજાની જે શકિત છે, રાજ્યની ભૌગોલિક સ્થિતિ છે, ૧૬૦૦ કિલોમિટરનો દરિયાકાંઠો હોય આ બધું જ જોતા આ ઉદ્યોગપતિઓને આ રાજ્યની અંદર આકર્ષવા અને આર્થિક પ્રવૃત્તિને વેગ મળે. આર્થિક પ્રવૃત્તિના કારણે આપણા લોકોને રોજગારી મળે. ૨૦ લાખ કરતાં પણ વધારે નવી રોજગારીનું સર્જન થાય એવા પ્રકારના ત્રણ-ત્રણ વાયબ્રન્ટ સમિટના કારણે ૨૦ લાખ લોકોને રોજગારી મળે તો એમની ખરીદ શકિતમાં કેટલો વધારો થાય? સાથે સાથે રાજ્યની આવકમાં પણ વધારો થાય. જેથી કરીને જે વંચિતોના વિકાસ માટેના કાર્યક્રમનું આયોજન રાજ્ય સરકારે જે આ બજેટની અંદર આપ્યું છે એ આખાયે બજેટોને પૂર્ણ કરી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રની સરકાર એમ કહે કે લઘુમતિઓના પાપે, લઘુમતિઓને દેશની સાધનસંપત્તિ ઉપર પહેલો હક આપવામાં આવે એવા પ્રકારની વાત સામે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ જે વાત કરી એ એમણે 'વનબંધુ કલ્યાણ યોજના' જ્યારે આ રાજ્યની અંદર ૧૫ ટકા આદિવાસી માનવો રહેતા હોય ત્યારે એ વન બંધુઓના વિકાસ માટે ૧૫ ટકા, ૧ લાખ કરોડના૧૫ ટકા, ૧૫ હજાર કરોડ રૂપિયા, અગિયારમી યોજનામાં વાપરવા માટે જે આપ્યા છે એવું જ એમને સાગર ખેડૂઓ માટે ૧૧ હજાર કરોડ રૂપિયાની જે યોજના આપી છે એજ બતાવે છે કે, સાચા અર્થમાં રાજયની સરકાર કોના કલ્યાણ માટેની ચિંતા કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, ફીસ્કલની પણ આપણે જ્યારે ચર્ચા કરીએ છીએ ત્યારે ૧૯૬૦માં ગુજરાત રાજયની રચના થઈ ત્યારથી ૨૦૦૧, એટલે કે ચાળીસ વર્ષો સુધી આખા રાજયમાં વિકાસની જે બજેટની ફાળવણી થઈ એ ૫૪ હજાર કરોડ રૂપિયાની થઈ એની સામે ૧૦મી પંચવર્ષીય યોજનામાં જે સમયગાળો આપણી આ સરકારે જે ભોગવ્યો એ દરમિયાન ૪૭ હજાર કરોડ રૂપિયા એક માત્ર પંચવર્ષીય યોજનામાં આ રાજય સરકારે આયોજન કરી વિકાસના કામો કર્યા છે પણ એથી આગળ વધીને જોવાનું એ છે કે, ૧૧મી પંચવર્ષીય યોજના માટે રાજયસરકારે એક લાખ કરોડ રૂપિયાની યોજના આ લોકોના જીવનધોરણને ઊંચું લાવવા માટેની વાત છે એમાં ૧૫હજાર કરોડ રૂપિયા આદિજાતિ માનવો માટે અને એ કાર્યક્રમ પણ જે છે એ પણ જો જોવામાં આવે તો આપણે આ સમગ્ર કાર્યક્રમ એમાંનો જે બાર મુદ્દાનો કાર્યક્રમ સાગર ખેડૂઓ માટે અને દસ મુદ્દાનો કાર્યક્રમ એ વન બંધુ કલ્યાણ યોજના માટેનો આ કાર્યક્રમ પણ જો જોવામાં આવે તો એ કાર્યક્રમોમાં આપણે આ વન બંધુઓને અને સાગર ખેડૂઓને એમની જે જીવનશૈલી છે જે આદિ નિર્ધારિત કાળથી ચાલી આવતી હતી એમાંથી આ લોકોને મુખ્ય પ્રવાહમાં કેવી રીતે લાવી શકાય એનું આયોજન કર્યુ છે અને એમાં મુખ્ય બાબત એ છે કે, આ લોકોને શિક્ષિત કરીને, એમની સ્કીલમાં સુધારો કરીને એની મારફતે, એમના એક-એક તાલુકામાં ત્રણ-ત્રણ આઈ.ટી.આઈ.એના માટેનું આયોજન, પોલીટેકનિકો કરવા માટેનું આયોજન, આદિવાસી વિસ્તારમાં ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ સ્થાપવા માટેનું આયોજન, શાળાઓ સ્થાપવા માટેનું આયોજન, વિજ્ઞાન પ્રવાહની શાળાઓ, ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓ સ્થાપવા માટેનું આયોજન, કૉલેજો કરવા માટેનું આયોજન, કન્યાઓને ભણાવવા માટેનું આયોજન એ બધા જે કાર્યક્રમો છે એ સાચા અર્થમાં આપણે જોઈએ તો જે જીવન ધોરણ ઊંચું લાવવા માટેની મુખ્ય અપેક્ષા જે પ્રજાની છે એ પરિપૂર્ણ કરવા માટે આ બજેટમાં પ્રતિબિંબિત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું *હ્યુમન ઈન્ડેક્ષ,* વંચિતોના વિકાસ માટેની જે વાત છે એમાં ૨૦૦૭-૦૮માં ૧૫,૫૦૦/- કરોડ રૂપિયાની વાર્ષિક યોજનામાં કૃષિ ગ્રામ વિકાસ અને કૃષિ માટે ૬૧૦૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે, સામાજિક કલ્યાણ, આરોગ્ય, શિક્ષણ, પીવાનું પાણી વગેરે માટે ૬૨ હજાર કરોડની ફાળવણી કરવામાં આવી છે. આમ સામાજિક તેમજ સરકારી સેવાઓ માટે બજેટના ૮૦ ટકા નાણાં વાપરવામાં આવે.,

આદિજાતિ વિકાસ માટે પણ વધારો કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારનું આયોજન થયું છે, કૃષિ વિકાસ માટે નર્મદા અને સુજલામ સુફલામ માટે ૧૫૫૯ કરોડ રૂપિયાની જે ફાળવણી કરવામાં આવી છે બજેટની એજ બતાવે છે કે, ખેડૂતો માટેની ચિંતા આ સરકારને કેટલી છે ? માનનીય અધ્યક્ષશ્રી, હું ઉત્તર ગુજરાત, પાણી વંચિત ક્ષેત્રમાંથી આવું છું, છેલ્લા પચાસ વર્ષોથી એ જનતાને પાણીની ભૂખ, તરસ એને પોતાને અને એના ખેતરોને હંમેશા રહી છે અને આ પાણીની તરસ આજે નર્મદાની પાઈપ લાઈન મારફતે ગામે ગામ નર્મદાનું પાણી પહોંચાડવાનું કામ આ સરકારે કર્યુ છે, એ ખેતરોને પણ સુજલામ સુફલામ યોજના મારફતે એની તરસી ધરતીને પાણી આપવાનું કામ સરકારના આયોજનમાં જ્યારે હોય ત્યારે હું એમ માનું છું કે, આ બજેટ સર્વગ્રાહી રીતે લોકોના કલ્યાણ માટે કામ કરવા માટેનું આ બજૅટ બની રહ્યું છે. રાજયની શકિતના વિકાસ માટે જયારે એનર્જી ક્ષેત્રમાં ગુજરાતને દેશનું ગેસ કેપીટલ બનાવવા માટે વિચારણા થઈ રહી છે અને શકિત ઉભી થઈ રહી છે. ગુજરાતની એક કંપની જી.એસ.પી.સી. ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશને પૂર્વના દરિયાકિનારે મોટી કંપનીની સામે હરીફાઇની અંદર એ કંપની દરિયાકિનારે શારકામ કરીને બે ટ્રીલીયન ક્યુબિક ફીટ ગેસ એટલે કે બે હજાર અબજ ક્યુબિક ફીટ ગેસ એ પાઈપ લાઈન મારફત ગુજરાતની ધરતી ઉપર આવશે ત્યારે એનાથી સમગ્ર રાજયના ઉદ્યોગો અને સમગ્ર રાજયના અર્થતંત્રને અનેરો વેગ મળશે. ગેસની તૈયારી માટે પણ આ રાજયમાં પૅટ્રોલિયમ યુનિવર્સિટી કરવા માટે નાણામંત્રીશ્રીએ જાહેરાત કરી છે એ પણ સાચી દિશામાં આપણી આવતી પેઢીને આ ક્ષેત્રમાં તૈયાર કરવા માટે પણ આ રાજયમાં પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્થાપનાથી યુવાનોને નવા અર્થતંત્રના પરિમાણ આવશે એમાંથી રોજગારી મળી શકે એ પ્રકારનું આયોજન અને ગેસ ગ્રિડ સિસ્ટમ મારફતે હું આપને જણાવું કે સિરામીક ક્ષેત્રમાં એટલું કાઠું કાઢયું છે કે આખા દેશમાં ૭૦ટકા જેટલું ઉત્પાદન કરી શકીએ છીએ એની પાછળ રાજય સરકારે લીધેલાં અનેકવિધ પગલાં છે કે જેને કારણે સિરામીક ઉદ્યોગમાં અનેક યુવાનોને રોજગારી મળી છે ત્યારે વિપક્ષના દંડક એમ કહેતા હોય કે આ ચૂંટણી લક્ષી બજેટ હતું.. ચૂંટણી લક્ષી બજેટનો આમાં કોઈ સવાલ નથી. કેન્દ્રના પૈસાની વાત કરે છે જયારે માનનીય સભ્યશ્રી, ત્યારે મારે એટલું જ કહેવું છે કે ગુજરાતના ઉદ્યોગો છે, વેપાર ઉદ્યોગોની પ્રજા છે. એ અબજો રૂપિયા કેન્દ્ર સરકારને એકસાઈઝ ડયૂટી પેટે, ઈન્કમટેકસ પેટે ચૂકવે છે એનો ખૂબ નાનો હિસ્સો આપણી રાજય સરકારને મળે છે. પેમેન્ટ કરીએ છીએ એની સામે. મેં અગાઉ કહ્યું કે આપણા કોઈ પણ પ્રકારના રાહત પેકેજ સિવાય એક માત્ર રાહત પેકેજ કચ્છના બાબુભાઈ હાજર નથી. કચ્છમાં રાહત પેકેજને કારણે કેન્દ્રના અને રાજયના પેકેજને કારણે ૪૦૦૦૦ કરોડના ઉદ્યોગો આવ્યા. એમાં કેન્દ્ર સરકારે half-heartedly ટુકડે ટુકડે એક વર્ષનું એક્ષ્ટેન્શન આપીને કચ્છની જનતાને અન્યાય કર્યો છે. ૩૦૦૦૦કરોડના ઉદ્યોગો આજે પાઈપલાઈન હોવા છતાં આ ઉદ્યોગોને એ રાહત પેકેજ લંબાવી નહીં આપીને કચ્છની પ્રજાનો દ્રોહ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. એ વાતની નોંધ લે. વિપક્ષના સભ્યો આવો જ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક એકટ આપણા વિકાસ માટે રાજય સરકાર આખા દેશમાં સર્વ પ્રથમ SEZ Act બનાવ્યો હતો. આપણી એન.ડી.એ.ની સરકારમાં એસઈઝેડ એકટ તો પસાર કરાવી લાવ્યા પણ આ સરકાર હોત તો એ પણ ન થઈ શકયું હોત એવી સ્થિતિ છે. જયારે ઈન્ડસ્ટ્રીયલ પાર્ક એકટને કેન્દ્ર સરકાર એટલા માટે મંજૂર કરતી નથી કે આના કારણે રાજયનો વિકાસ એટલો ઝડપી બને કે બીજા રાજયમાં ઉદ્યોગપતિઓ જવાની વિચારણા ન કરે એને કારણે વેસ્ટ બેંગાલના મુખ્યમંત્રીશ્રી. (આ તબકકે માનનીય સભ્યશ્રી બાબુભાઈ મે. શાહે સભાગૃહમાં પ્રવેશ કર્યો)

**અધ્યક્ષશ્રી** : બધા મને પૂછતા હતા કે કચ્છનું અજવાળું કયાં ગયું? બાબુભાઈ કચ્છનું અજવાળું છે(અંતરાય)

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ :** હું કચ્છની ચિંતા કરું છું. એન.ડી.એ. સરકારે બે બે વાર વધાર્યું હતું.

**અધ્યક્ષશ્રી** : કચ્છનું અજવાળું છે એ આવી ગયા. ચાલો.

**શ્રી અનિલભાઈ ત્રિ.પટેલ** : જે પ્રકારનું આમ આદમીનું જીવન ધોરણ ઉપર લાવવા માટેનાં પગલાં નાણા મંત્રીશ્રીએ સૂચવ્યાં છે, એમાં ૬૦,૦૦૦ કન્યાઓને અભ્યાસ કરવા માટે સાઈકલ આપવા માટે, ૭૨ લાખ વિદ્યાર્થીઓને સ્કૉલરશિપ, ૧૮,૦૦૦ કન્યાઓને લગ્ન પ્રસંગે મામેરૂ, ૫ લાખ ખેડૂતોને ૫ લાખ હેક્ટરમાં નર્મદા યોજનાથી સિંચાઈ, ૭ લાખ ખેડૂતોને કૃષિ અને પશુપાલનની કીટ આપવાનું, એક લાખ સખી મંડળને રોજગારી માટે નાબાર્ડના સહયોગથી સ્થાપના, ૫ લાખ યુવાનોને અંગ્રેજીમાં પ્રભુત્વ આપવા માટે ૧,૦૦૦ ટ્રેનિંગ કેન્દ્રો સ્થાપવા માટેનું આયોજન. આપણા રાજ્યના યુવાનો અંગ્રેજીના કારણે વેપાર ઉદ્યોગના ક્ષેત્રમાં પાછળ ન રહે. આપણે સૌ જાણીએ છીએ કે વેપાર ઉદ્યોગની અંદર જે ભાષા છે એનું માધ્યમ અંગ્રેજી છે. આવતી યુવાન પેઢીને અંગ્રેજીમાં પણ માહિતગાર કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિથી માનનીય નાણા મંત્રીશ્રીએ ૧૩ કરોડ રૂપિયાની ફાળવણી ૫ લાખ યુવાનોને અંગ્રેજીમાં પ્રભુત્વ આપવા માટે કરેલ છે. એક લાખ વિધવા મહિલાઓને નાણાકીય સહાય, ૧૦ લાખની ૩ વર્ષથી નાનાં ભૂલકાઓને આંગણવાડીમાં પોષણક્ષમ આહાર મળે એના માટેની યોજના કરી, દોઢ કરોડ વિદ્યાર્થીઓને શાળા અને આરોગ્યના કાર્યક્રમનો લાભ, ૧૨૦૦ ગામોને સુજલામ્ સુફલામ્ યોજના નીચે પીવાના પાણી માટે ૧૨૨૦ કરોડ, ૧૦ લાખ કુટુંબોને વાપીથી કચ્છ સુધીના ૨૦ શહેરોમાં પાઈપલાઈનથી રાંધણગેસ. આ ૨૦ શહેરોમાં ગૃહિણીઓને ગેસના બાટલા માટે જવું નહિ પડે. ઘરમાં પાઈપલાઈનથી પાણી મળે છે તે રીતે ગેસની પાઈપલાઈન આવી જશે. એક લાખ આવાસો શહેરી ગરીબો માટે

અને નવી આઈ.ટી.આઈ. અને આપણા લોકો સારી રીતે બસમાં મુસાફરી કરી શકે એટલા માટે ૧૫૦૦ જેટલી નવી બસો આ રાજ્યની અંદર લાવવા માટેનું આયોજન આ બજેટની અંદર માનનીય નાણા મંત્રીશ્રીએ કર્યુ છે. સાથે સાથે રસ્તાના વિકાસ માટે ગુજરાતનો રસ્તો એ આખા દેશની અંદર સર્વ પ્રથમ કક્ષાનો, ઉચ્ચ કક્ષાનો ગણાય છે. છતાં રસ્તાનો વિકાસ મહદઅંશે ઉત્તરથી દક્ષિણ તરફ રહેલ હતો, ત્યારે એ વિકાસને પૂર્વ પશ્ચિમ કડીથી જોડવા માટે એ વિકાસ પથ, પ્રગતિ પથ અને કિસાન પથ દ્વારા આયોજન કરીને ૧૫૦૦ કરોડ રૂપિયાનું બીજું આયોજન કરીને રસ્તા માટેની સુવિધા આની અંદર કરી છે.

છેલ્લે મારે એટલું જ કહેવું છે કે વિકાસલક્ષી ખર્ચમાં આ સરકારે ૨૦૦-૦૪ માં ૧૬૦૦૦ કરોડ જે હતો, તે ૨૦૦૭-૦૮ માં સુધારેલા અંદાજમાં ૨૫,૫૦૮ કરોડની ફાળવણી કરી છે. આવક છે એ અગાઉ કહ્યું તેમ રાજ્યની પાસે રિસોર્સિસ આવે તો જ રાજ્ય કલ્યાણલક્ષી કાર્યક્રમ કરી શકે. ૧૧,૧૮૧ કરોડની ૨૦૦૩-૦૪ ની આવક હતી, એની સામે ૨૦૦૭-૦૮ માં ૨૦,૮૦૦ લગભગ બમણી જેટલી આવક એના દ્વારા કરવામાં આવી રહી છે. મહેસૂલી ખાદ્યમાં પૂરાંત લાવીને આ નાણા મંત્રીશ્રીએ એક પ્રકારનું મોડેલ બજેટ આ રાજ્ય સરકારે માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કર્યુ છે, ત્યારે આ સભાગૃહના સર્વે સભ્યશ્રીઓને ખાસ વિનંતી છે કે સર્વાનુમતે આ બજેટ પસાર કરવા માટેનું આ બધા કાર્યોને લઈને હું ખૂબ સમર્થન આપું છું. એ બજેટને લઈને ગુજરાતની ૫ કરોડ પ્રજાનું જીવન ધોરણ વધારે સારું થશે, એની સુરક્ષામાં વધારો થશે એવી આશા સાથે મારી વાતને વિરામ આપું છું.

**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે તેમાં મારો વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સોમવારે હું મારા મત વિસ્તારમાંથી ગાંધીનગર આવતો હતો ત્યારે સરખેજ હાઈવે ઉપર બોલેરો ગાડીનું ટાયર ફાટી ગયું,. આ ટાયર ફાટતાં હું જે આ ટાયર પંકચરની જે એજન્સી હતી તેને કહ્યું કે મારે ટાયર જોઈએ છે તો તેણે કહ્યું કે બાવળા બાજું અમારું ગોડાઉન છે ત્યાંથી લાવવું પડે. મેં કહ્યું આમ કેમ? તો કહે કે ઑકટ્રૉયનો સવાલ છે. ૨૦૦૨ના સંકલ્પ પત્રમાં ઓકટ્રોય રદ કરવાની વાત કરી હતી. સાત મહાનગરપાલિકાઓમાં થઈ નથી. માનનીય મહેન્દ્રભાઈ બેઠા છે અને તેઓ જુનાગઢ મહાનગરપાલિકામાંથી આવે છે. તેઓની પણ વિનંતી છે. તો મારે કહેવું છે કે વેટ અને ઑકટ્રૉયનો જે વિકલ્પ છે તેનો વહેલાસર ઉકેલ આવે. મારે બીજી ટેક્સ અંગેની વાત કરવી છે. પાના નં.૧૦ ઉપર ગુજરાત નાણાંકીય અધિનિયમ-૫માં ટેક્સની આવક વધી છે તેવું નાણા મંત્રીશ્રીએ બતાવ્યું છે. બરાબર છે. સ્ટૅમ્પ ડ્યૂટી જે ૧૧.૦૨ ટકાનો દર હતો તે ઘટાડી ૫.૦૯ પહોંચાડ્યો છે. આના લીધે આવક વધી છે. હજુ પણ કેન્દ્રીય અર્બન મિશન અનુસાર ચાર ટકા સુધી ટેક્સ ઘટાડી શકીએ તેમ છીએ. તો તે કરે તેવો મારો અનુરોધ છે. આ અર્બન મિશન દ્વારા ચાર ટકા થાય તો આવક ઘટવાનો કોઈ સવાલ નહીં રહે તેવું હું કહેવા માગું છું. આ રાજયના દેવામાં જે ગુજરાતનું દેવું ૨૦૦૫-૦૬માં ૬૬૯૨૬ કરોડ રૂપિયાનું હતું તે ૨૦૦૭-૦૮માં ૭૯૨૩૬ કરોડનું થયું છે. આજે બળવંતભાઈ કહેતા હતા કે રાજયમાં જે બાળક જન્મે છે તે ૧૬ હજાર રૂપિયાના કરજ સાથે જન્મ લે છે. ૨૧મી સદીમાં આપણે પ્રગતિ તરફ જઈ રહ્યા છીએ. હરકોઈ ક્ષેત્રમાં પ્રગતિ થાય અને રાજયના શરૂઆતના બજૅટ બન્યા હશે ત્યારે તે વખતની પરિસ્થિતિ પ્રમાણે બન્યા હશે. જ્યારે આપણે ૨૧મી સદીમાં જઈ રહ્યા છીએ અને આપણા આવકના સ્ત્રોત વધ્યા છે તે આપના દ્વારા કહેવા માગું છું

માનનીય અધ્યક્ષશ્રી, ૩૩૩૬.૦૮ કરોડ રૂપિયાની સબસીડી જે આગલા વર્ષમાં આપવામાં આવી તેમાં ચાલુ વર્ષે ૩૨૨૨ કરોડ રૂપિયાની થઈ છે. ટેક્સ બાબતમાં જે મોટા ઉદ્યોગો છે તેમનો ૫૫૩૫.૬૯ લાખ રૂપિયાનો ટેક્સ છે તેને તાત્કાલિક વસૂલવામાં આવે. ૪.૯૧ લાખ કરોડના અવા ઉદ્યોગો આવવાના છે બહું સારી વાત છે. એમાં કોઈ ના નથી. ગુજરાતમાં જે ૩૩ સેઝ આવવાના છે. ત્યારે આપના દ્વારા વિનંતી કરવી છે કે આ જે ઉદ્યોગો આવે તેની પાસે તમે જે રોજગારીની વાત છે કે ૧૫ ટકા સ્થાનિક લોકોને રોજગારી ફરજિયાત આપવાની છે. દસ લાખ, પંદર લાખ લોકોને રોજગારીની વાત છે ત્યારે તેઓની પાસે રોજગારી બાબતે સ્પષ્ટતા કર છે. ભૂતકાળમાં ઉદ્યોગો આવ્યા છે તેમાં સ્થાનિક લોકોને રોજગારીની તક નથી મળી. તો આ તક મળે.

માનનીય અધ્યક્ષશ્રી, જે પાના નંબર ત્રણ ઉપર ગુજરાત વિકાસ અધિનિયમ, ૨૦૦૫માં આર્થિક વિકાસનો દર મુખ્યત્વે, માનનીય ભૂપેન્દ્રસિંહનું ખાતું છે એ કૃષિ ખાતું છે એને મુખ્ય બતાવ્યું છે અને આપણા માનનીય નાણા મંત્રીશ્રીએ પણ કહ્યું કે, આર્થિક વિકાસના દરમાં ખેતી મુખ્ય છે. વીજળી, બાંધકામ, ઉદ્યોગ બધા સાથે મળીને તો ખેતીવાડી પણ આટલું જ મહત્ત્વનું આ ગુજરાતના આર્થિક વિકાસમાં મુખ્ય પરિબળ છે.માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ૧૧૦૦૦ કરોડ રૂપિયાનું જે માછીમારો માટેનું પૅકૅજ જાહેર કર્યુ, સાગર ખેડુઓ માટે તો માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મારે જે વાત કરવી છે એ વાત એ છે કે, એ સારી વાત હશે, સારું થશે પણ માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહને હું કહેવા માગું છું કે, ૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ તમે બજૅટમાં કરી છે. ૬૦ લાખ કુટુંબો જેના ઉપર નિર્ભર હોય એમના માટે માત્ર ૨૫ કરોડની જોગવાઈ, માનનીય અધ્યક્ષશ્રી, બજૅટમાં જે આંકડાઓ આપ્યા છે એ આંકડાઓની હું વાત કરું છું અને આપના દ્વારા વાત કરવા માગું છું કે, ઘણા વર્ષોથી માછીમારો દરિયા કિનારે સોમનાથથી માંડીને વાપી અને વલસાડ સુધીના જે કુટુંબો છે એને

ડિઝલ આપવાની બાબતમાં માનનીય નાણા મંત્રીશ્રીને કહું છું કે, ડિઝલમાં સેલ્સટેક્સ મુકિત અને અત્યારે તો વેટ મુકિત આપવાની યોજના છે અને ભારત સરકારની છે એ એના પૈસા ભારત સરકાર મજરે આપે છે, હવે આ પૈસા માછીમારોને આપવામાં વિલંબ થાય છે, હમણાં જ માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રિસિંહને મેં ટપાલ લખી અને એ ટપાલ લખ્યા પછી હમણાં જ ચૂકવણી થઈ છે અને ભારત સરકાર પાસેથી એ પૈસા પરત આપવામાં આવે છે આ સબસિડીની રાહત જે તે વખતની હતી આમાં રાજય સરકાર વેટ આવ્યા પછી (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો મારા વક્તવ્યની શરૂઆત થઈ છે, મને વધારે સમય આપવો પડશે. માનનીય અધ્યક્ષશ્રી, માછીમારોને જે ડિઝલ ઉપરની સબસિડી, જે સેલ્સટેક્સ સબસિડીમાં વધારો થાય અને નાના હોડકાવાળા માછીમારો છે કે જે એકદમ ગરીબી રેખાની નીચે જીવે છે એમને રાજય સરકાર તરફથી દર મહિને કેરોસીન આપવામાં આવે છે એમાં અહીંયાં રાજય સરકાર ૨૨૦ લિટર કેરોસીન આપે છે, દરેક જિલ્લામાં જોઈએ તો જુનાગઢ જિલ્લામાં ૧૭૦ લિટર હોય, પોરબંદરમાં ૨૦૦ લિટર હોય, વલસાડમાં ૧૪૦ લિટર હોય તો આપશ્રી દ્વારા હું કહેવા માગું છું કે, ગુજરાતના જે માછીમારો છે કે જે એકદમ નાની હોડી ચલાવનારા માછીમારો છે એમને એકસરખું કેરોસીન , જે મળતું હોય એ કેરોસીન એકસરખું મળવું જોઈએ એવી મારી લાગણી છે. આમાં જે કોઈ પત્રક મારી પાસે આવ્યું છે એમાં વેરાવળમાં ૧૫૦ લિટર હોય, પોરબંદરમાં ૧૯૦ લિટર અને માંગરોળમાં ૧૭૦, અને વાપી-વલસાડમાં ૨૨૦ લિટર હોય, તો આ જે અસમાનતા છે એ અસમાનતા કોઈપણ સંજોગોમાં દૂર થવી જોઈએ એવી આપશ્રી દ્વારા મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દશમી પંચવર્ષીય યોજનાની વાત કરી તો આખા હિન્દુસ્તાનમાં ખેતીવાડી મેં કહ્યું એમ ખેતીવાડીનો વિકાસ દર બે ટકા છે. ( સમયસૂચક ઘંટડી ) માનનીય અધ્યક્ષશ્રી, પાંચ મિનિટનો સમય આપો.

**અધ્યક્ષશ્રી** : માનનીય ડો. માયાબેન કોડનાની.

**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા ૨૦૦૭-૦૮નું પડકારો ઝીલનારું અને યાદગાર બજેટ લઈને આવ્યા છે એ બદલ હું એમને અભિનંદન આપું છું અને સાથોસાથ શુભેચ્છાઓ પાઠવું છું કે, બારમી વિધાનસભામાં પણ તેઓશ્રી ૧૩મું બજેટ રજૂ કરે તેવી હું તેમને શુભેચ્છાઓ પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩માં પહેલા સત્રમાં જ્યારે પહેલું બજેટ રજૂ કરવામાં આવ્યું એ વખતે વિરોધ પક્ષના નેતા સ્વ.અમરસિંહભાઈ ચૌધરી હતા એમણે એમ કહ્યું કે, તમે તો હજુ ચૂંટાઈને આવ્યા છો અને હજુ પહેલું વર્ષ છે છતાં ચૂંટણી લક્ષી બજેટ લાવ્યા છો? એટલે એ વખતથી લઈને આજ સુધી પાંચે પાંચ બજેટમાં વિરોધ પક્ષ તરફથી એક જ વાત સાંભળવા મળે છે કે સરકાર ચૂંટણી લક્ષી બજેટ લઈને આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણી લક્ષી બજૅટ નહીં પણ ભારતીય જનતા પાર્ટીની આ સરકાર વિકાસ લક્ષી બજૅટ લાવી છે પણ એમને બીક લાગે છે એટલે દરેક વખતે ચૂંટણી લક્ષી બજૅટ, ચૂંટણી લક્ષી બજૅટ એક કહ્યા કરે છે. કારણ કે, એમને વિકાસ શું છે એ ખબર જ નથી. પોતે દર વખતે ચૂંટણી લક્ષી બજૅટ આપતા હતા એટલે માત્રને માત્ર એમને ચૂંટણી લક્ષી બજૅટ જ દેખાય છે. 'કોટિ ગિરીવન વાસી જીવતા ઉપર આભ નીચે ધરા, દીન-હીન સમાજ માગે ઉત્તર આકરા'

માનનીય અધ્યક્ષશ્રી, ૫૦ વર્ષ સુધી જેમણે રાજ કર્યું એમની પાસે આ દીન-હીન લોકોએ આકરા ઉત્તર માગ્યા એમને જવાબ ન આપી શક્યા એટલા માટે પ્રજાએ અમને જવાબદારી આપી. તમે જવાબ ન આપી શક્યા પ્રજાને એટલે પ્રજાએ અમને જવાબદારી આપી અને જ્યારે અમે આ જવાબદારી લીધી છે ત્યારે, 'સેવા તણો નિર્ધાર કરી એજ સંકલ્પના અંગે અંગ સમાજ કાજે ધરી હૃદય સંવેદના ભેખ ધરી ઘર ઘરના આંગણા અજવાળવા માટે આવ્યા છીએ.'

માનનીય અધ્યક્ષશ્રી, સતત ત્રણ ત્રણ, ચાર ચાર વખત પુરાંતવાળું બજૅટ અને એ પણ ૪૦૦ કરોડની કર રાહતો વાળું ૧૦મી પંચવર્ષીય યોજનામાં ૪૭ હજાર કરોડનું કદ અને ૧૧મી પંચવર્ષીય યોજનામાં એક લાખ કરોડના કદની યોજના એ શું અભિનંદનને પાત્ર નથી? ન ભૂતો, ન ભવિષ્યતે નથી કહેતી કારણ કે ભવિષયમાં આનાથી હજુ વધારે અમારે કરવાનું છે. સ્કાય ઈઝ ધ લિમિટ. અમારા માટે માત્ર ગગન એજ લિમિટ છે. હજુ ખૂબ વધારે કરવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ત્રીજો દિવસ છે સામાન્ય બજેટ પરની ચર્ચાનો પણ સામા પક્ષના એક સદસ્યશ્રી પણ આરોગ્ય વિશે બોલ્યા નથી. મને કયારેક એમ લાગ્યું કે, કૉન્ગ્રેસ પક્ષને ચીકનગુનિયા તો નથી થઈ ગયોને? ચીકનગુનિયામાં હાથ-પગ કામ ન કરે, મગજ પણ ક્યારેક કામ ન કરે. કદાચ હાથ-પગ અને મગજ પણ કામ કરતું ન હોય એટલા માટે આરોગ્ય વિશે બોલ્યા નથી. અથવા તો અમારા આરોગ્ય મંત્રીશ્રીની કામગીરી વિશે એટલો બધો સંતોષ છે કે એ બોલી શકતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં ૬૨૬૫ કરોડની સામાજિક સેવાઓ ફાળવવામાં આવી છે. મારે તો માત્ર આરોગ્યની વાત કરવી છે. અમે સવારે ઊઠીને ભગવાનને પ્રાર્થના કરતા હોઈએ છીએ કે, 'હે ભગવાન મને રાજ નથી જોઈતું, મને સ્વર્ગ પણ ખપતું નથી, મને મોક્ષ પણ ના જોઈએ પરંતુ ગરીબોના આંસુ લૂંછવા માટે મને ફરીથી માનવ જન્મ આપજે જેથી કરીને હું ગરીબોના આંશુ લૂંછી શકું.'

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ બૅન્કે એક સર્વે કર્યો અને એમાં પણ ગુજરાતની આરોગ્ય સેવાઓને મોટા રાજયોમાં આખા દેશભરમાં પ્રથમ નંબર આપ્યો. આ અમારો સર્વે નથી, આ વિશ્વ બૅન્કનો સર્વે છે. એ બદલ માનનીય આરોગ્ય મંત્રીશ્રીને હું હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. અમે જ્યારે ગુજરાતની વિકાસ યાત્રા શરૂ કરી પાંચ શકિતઓ સાથે શરૂઆત કરી જ્ઞાન શકિત, જળ શકિત, ઊર્જા શકિત, જન શકિત અને રક્ષા શકિત આ શકિતઓથી ગુજરાતને ગ્લોબલ બનાવવા માટેનું અમે લક્ષ રાખ્યું અને ગુજરાતના ગૌરવને આગળ વધારી ગ્લોબલ બનાવ્યું છે. મને ત્યારે એક વિચાર આવ્યો કે આ ગુજરાત, ગૌરવ અને ગ્લોબલ આ બધામાં 'ગ' શબ્દ કેમ આવે છે? 'ગ'માં એવી શું વિશિષ્ટતા છે? ત્યારે મને પોતાને એવું લાગ્યું એટલે મેં અભ્યાસ કર્યો તો મને લાગ્યું કે ગુજરાતનું ગૌરવ અને ગ્લોબલ એ દરેકમાં 'ગ' ની વિશિષ્ટતા એટલા માટે છે કે, આપણે કોઈ પણ પૂજા શરૂ કરીએ તો 'ગ' એટલે ગણપતિથી કરીએ છીએ, સૌથી પવિત્ર નદી 'ગ' એટલે ગંગા, સૌથી પવિત્ર ગ્રંથ 'ગ' એટલે ગીતા, સૌથી પવિત્ર ગાય માતા, સૌથી પવિત્ર પર્વત ગ એટલે ગિરનાર અથવા ગોવર્ધન ગ એટલે ગજરાજ, ગ એટલે ગોકુળ અને ગ એટલે ગોપાલ કે જેણે ગુજરાતને કર્મભૂમિ બનાવી અને ગ ની વિશિષ્ટતાના કારણે ગુજરાત આજે ગ્લોબલ બન્યું. અમે તો ગ એટલે ગાય માતા કહેવાવાળા છીએ. આ ગુજરાતના ગૌરવને આગળ વધારવા માનનીય આરોગ્ય મંત્રી આ બજેટમાં જે લઈને આવ્યા છે ખાસ કરીને માતા અને બાળકનો મૃત્યુ દર ઘટાડવા માટે એક નવતર પ્રયોગ કર્યો. એક લાખ પ્રસૂતાએ ૩૮૯ માતાઓના મૃત્યુ થાય અને દર હજારે જીવિત બાળકોમાંથી ૫૩ના મૃત્યુ થાય તે આપણાં સહુના માટે ચિંતાનો વિષય હોવો જોઈએ એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં માનનનીય આરોગ્ય મંત્રી ચિરંજીવી યોજના લાવ્યા. કદાચ કોંગ્રેસના સમયમાં આવી યોજના આવે જ નહીં પણ જો આવે તો એ લોકો તેને નામ ચિરંજીવી ના આપે. સોનિયા યોજના, રાજીવ યોજના, નહેરુ યોજના આવા નામો આપે. અમે તો નામ આપ્યું ચિરંજીવી યોજના કે આ માતા અને બાળક ચિરંજીવી થઈને જીવે. દર વર્ષે ૫ હજાર માતાઓના મૃત્યુ થાય અને ૭૨ બાળકોના મૃત્યુ થાય તે આપણાં માટે ચિંતાનો વિષય હોવો જોઈએ અને એવામાં નવતર પ્રયોગની શરૂઆત પાંચ જિલ્લા કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા અને પંચમહાલમાં ચિરંજીવી યોજના લાવ્યા અને તેને આજે આખા ગુજરાતમાં લાગુ પડી છે અને ખાસ કરીને મને તે વાતનું ગૌરવ છે કે સિંગાપુરમાં International Conference સમારોહમાં જેમાં ૪૦ દેશોએ ભાગ લીધો અને ૨૪૮ જેટલાં પ્રોજેકટને તેમાં એન્ટ્રી મળી તેમાં Asia Innovative Award આ યોજનાને મળ્યો. આના માટે અભિનંદન આપવા જોઈએ. સારી સક્ષમ ઈફેકટીવ અને અસરકારક હેલ્થ સર્વિસ વિના આર્થિક મહાસત્તા ના બની શકાય. એક જાણીતા સામાજિક વિજ્ઞાને અનિરુદ્ધ કૃષ્ણાએ તારણ કાઢ્યું કે લાખો લોકો એક જ માંદગીના કારણે ગરીબી રેખાથી નીચે જતાં રહે છે. બી.પી.એલ.બની જાય છે. એક માંદગી કોઈના ઘરમાં આવે તો રહી સહી બચત પણ તે માંદગીમાં વપરાય જાય છે અને આ લોકો બી.પી.એલ. ના બને એટલા જ માટે આવી ચિરંજીવી યોજના લાવ્યા છે. એક સગર્ભા ગરીબ કુટુંબની બહેન માત્ર ડિલેવરી ઘરે કરાવે છે તેનાથી તેનું મૃત્યુ થાય છે એવું નહીં પણ તે રજીસ્ટ્રેશન પણ નથી કરાવતી. તેને એનિમિયા હોય છે અને તેને કારણે રજીસ્ટ્રેશન પણ ના કરાવે, દવાઓ પણ ના લે અને તેનું પોતાનું તો સારું આરોગ્ય ના રહે પણ તેનું આવનારું બાળક પણ સારું ના રહે તેને માટે આખું એક vicious સર્કલ ચાલે અને vicious સર્કલમાંથી બહાર લાવવા માટે ચિરંજીવી યોજનાનું જે આયોજન કર્યું છે તે ખરેખર માનનીય અધ્યક્ષશ્રી આવકારદાયક છે.

૨૦૦૭માં એક સર્વે થયો હમણાં જ અને તેમાં ભારતને આર્થિક મહાસત્તા બનવું હોય તો ૩૫ હજાર કરોડ ડોલરની જરૂર છે એવું એક તારણ આવ્યું. તો આખા ઈન્ફ્રાસ્ટ્રકચર માટે. પરંતુ મારો જવાબ ના છે કે It is not possible to become super power without effective health services. Health Services વગર કોઈ આર્થિક મહાસત્તા કયારેય સુપર પાવર ના બની શકે અને એટલા માટે જ fertility rate જે ૨.૭ હતો તેમાંથી ગુજરાતમાં આજે ૨.૪ બન્યો છે આપણું લક્ષ્ય ૨.૧ સુધી લઈ જવાનું છે. જે સમાજમાં સ્ત્રી અને ખાસ કરીને સગર્ભા સ્ત્રીને પૂરતી તંદુરસ્તી ના હોય અને બાળકો શાળાએ જતાં પહેલાં તંદુરસ્ત ના હોય તે સમાજ કયારેય સ્વમાનભેર માથું ઉંચું કરીને જીવી ના શકે. અને આ બાળકોની ચિંતા માનનીય મંત્રીશ્રીએ કરી અને આખા ગુજરાતમાં શાળા આરોગ્ય કાર્યક્રમ લઈ આવ્યા. શાળા આરોગ્ય કાર્યક્રમ દેશભરમાં કયાંય ન ચાલે અને ગુજરાતની અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર લાવે એ અમારા માટે ગૌરવનો વિષય છે. ૧ કરોડ અને ૨૫ લાખ બાળકોની તપાસ થાય અને ૧ લાખ બાળકોને સ્થળ ઉપર સારવાર મળે, ૭૫ હજાર બાળકોને રેફરલ સેવા મળે અને ૭૦ હજાર બાળકોને ચશ્મા મળે. આવી યોજના તમે કયાંય સાંભળી પણ નહીં હોય. ૫ હજાર બાળકોને હૃદયરોગ, કીડનીને લગતી તકલીફ હોય તો મફતમાં ઓપરેશન કરી આપવામાં આવે. આનાથી વધારે આશીર્વાદરૂપ કોઈ યોજના હોઈ શકે નહીં. અમે લોકોએ ભવિષ્યની પૂરેપૂરી ચિંતા કરી છે. કારણ કે અમારા હૃદયમાં સંવેદના છે. મંત્રીશ્રીએ બજેટમાં ઉલ્લેખ કર્યો છે કે આ યોજના પ્રાથમિક શાળાઓના બાળકો સુધી સીમીત ન રાખતા અમે માધ્યમિક અને ધોરણ ૧૨ સુધી લઈ જવાના છીએ. જે આવકારદાયક છે. એમાં માનનીય મંત્રીશ્રીને હું એક નાનકડું સૂચન કરવા માગું છું, કે શાળા આરોગ્ય કાર્યક્રમમાં જેમ મુખ્યમંત્રીશ્રીએ ગઈકાલે ઉલ્લેખ કર્યો કે જીનેટીક ડિસિસ છે. તો એ જીનેટીક ડિસિસ સિકલસેલ, થેલેસેમિયા એ માટેની તપાસ પણ ફરજીયાત બનાવવી જોઈએ. આજે ગુજરાતમાં ૧ લાખ લોકો થેલેસેમિયા માઈનોર છે. ૫ હજાર બાળકો થેલેસેમિયાથી પીડાય

છે. આ શાળા આરોગ્ય કાર્યક્રમમાં એની પણ તપાસ થાય તો ગુજરાતના બાળકોને જીનેટીક ડિસિસમાંથી બચાવી શકાશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતી વિશ્વભરમાં ફેલાયો. વિશ્વના ખૂણે ખૂણે રહેતો ગુજરાતી ગુજરાતમાં આવીને સારવાર લે, હુંફભર્યા વાતાવરણમાં સારવાર લે, એટલા માટે મેડિકલ ટુરિઝમ પોલિસીનો અમલ અમારી સરકાર લાવી. એક અનોખું મેડિસિટી બનાવવાની જોગવાઈ. ૩૩ ટકાના દરે હેલ્થ સર્વિસીસ વિકસી રહી છે. એ માટે બહાર રહેતા ગુજરાતીઓ માટે ગુજરાત મેડિકલ ડેસ્ટિનેશન બની રહે એનું આયોજન કર્યુ છે. વિદેશમાં સારવાર  કેટલી મોંઘી છે એની કલ્પના નહીં આવે. હેલ્થ ચેક-અપ જે આપણે અહીં ૩૦૦૦ રૂપિયામાં થાય છે તેના ત્યાં ૨૬,૦૦૦ રૂપિયા થાય છે. દાંતનું ફિલિંગ ૩૫,૦૦૦માં મોંઘામાં મોંઘુ કરાવીએ તો થાય, તેના ત્યાં ૧,૫૦,૦૦૦ થાય. નવો દાંત મોંઘામાં મોંઘો ૩૦,૦૦૦માં નંખાવી શકાય, તેના ત્યાં ૧,૫૦,૦૦૦ થાય. ફેટરેક સર્જીકલ ૪૦,૦૦૦ રૂપિયા, ત્યાં ૧,૦૦,૦૦૦ થાય. લીવર ટ્રાન્સપ્લાન્ટેશન આપણે ત્યાં ૩ લાખ રૂપિયા થાય, ત્યાં સવા કરોડ રૂપિયામાં થાય. હૃદયની બાયપાસ સર્જરી સવા લાખ કે દોઢ લાખમાં થાય, ત્યાં ૧૫થી ૨૦ લાખ થાય. વિદેશમાં રહેતા ગુજરાતીને ત્યાં મોંઘી સારવાર લેવી પડે, એના કરતા ગુજરાતમાં આવીને સારવાર લે, એના માટે મેડિકલ ટુરિઝમનો ખ્યાલ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર લાવી છે. (સમય સૂચક  ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, ૧૦ મિનિટ આપો.

**અધ્યક્ષશ્રી** : બે મિનિટમાં પૂરું કરો.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, મેડિસિટીમાં સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થ, સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, સ્કૂલ ઓફ બાયોલોજીકલ સાયન્સ, સ્કૂલ ઓફ જીનેટીક, સ્કૂલ ઓફ પેરામેડિકલ ટ્રેનિંગ, ફિઝિયોથેરાપી, ઓપ્થોમેટ્રી અને ફાર્મસી જેવી બ્રાન્ચીસ પણ આ મેડિસિટીમાં હશે. ૨૦૦૦ કરતાં વધારે પથારીવાળી હોસ્પિટલનું આયોજન કરવામાં આવ્યું છે. મારે ખાસ કરીને માતૃવંદના કાર્યક્રમ વિશે કહેવું છે. આજે આપણે જોઈ રહ્યા છીએ કે આપણે કુદરતનું બેલેન્સ બગાડી રહ્યા છીએ. પુરુષો અને સ્ત્રીઓની સંખ્યામાં જે તફાવત આવી રહ્યો છે એ ચિંતાનો વિષય છે અને શરમજનક વાત છે. બાળકીને જન્મ પહેલા જ મારી નાંખીને માતાની કૂખને કબર બનાવી દેવાની જે પ્રવૃત્તિ ચાલી રહી છે એ એક સામાજિક દુષણ સૌને માટે ચિંતાનો વિષય હોય. ભારતીય જનતા પાર્ટીના એક એક ધારાસભ્ય માતૃવંદના યાત્રા કાઢીને ગામે ગામ, ઘરે ઘરે ફરીને જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરતા હોય તો કોંગ્રેસના મિત્રો એમાં કેમ ન જોડાય? આ ભારતીય જનતા પાર્ટીનો કાર્યક્રમ નથી. આ તો એક સામાજિક સમસ્યા છે. એમાં સૌ સાથે મળીને જોડાય તો કોઈ એમ નહીં કહે કે ભાજપની યોજનામાં જોડાયા. મારી તો એક અપીલ છે કે બેટી બચાવો યોજનામાં આપસૌ જોડાઈ જાઓ, તો આપણને સહુને આનંદ થશે.  રકતપિત્ત ઉનમોલન આના માટે રાષ્ટ્રપતિએ પણ પ્રશંસા કરી છે. ૧૯૮૪ માં દર ૧૦ હજાર વ્યકિતએ ૨૧.૦૧ ટકા એનું પ્રમાણ હતું જે આજે માત્ર ૦.૮૬ ટકાએ છે. શાસાકો મેમોરીયલ હેલ્થ ફાઉન્ડેશન, ટોકિયો-જાપાન અને ઈન્ટરનેશનલ લેપ્રસી યુનિયન દ્વારા પણ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય આરોગ્યમંત્રીશ્રીને એવોર્ડ એનાયત થાય. આ રકતપિત્ત ઉનમોલનનો કાર્યક્રમ જે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યો, આ પણ ખૂબ ખૂબ આવકારદાયક છે. આ રકતપિત્તથી પીડાતા દર્દીઓને સ્વમાનભેર જીવવા  માટે તક આપી છે એના માટે એમને જેટલાં પણ અભિનંદન આપીએ એટલાં ઓછાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંમાં રહેતા ગરીબ ભાઈઓ એ અહીં બેઠા બેઠા સારવાર લઈ શકશે.  મોટા શહેરોના સુપર સ્પેશ્યાલિસ્ટની સારવાર લઈ શકે એના માટે ટેલી મેડીસીનની આજના જમાનામાં તાતી જરૂરિયાત છે. ગુજરાતમાં ટેલી મેડિસીનથી ગુજરાતના ગામડાંને જોડીને છેવાડાના માનવીને પણ એક સારા સુપર સ્પેશ્યાલિસ્ટની જરૂર રહે અને એ માટેનું આયોજન માનનીય મંત્રીશ્રીએ કરવું જોઈએ અને ઈસરોમાં ૨૦૦૧ માં ટેલી મેડીસીન શરૂ કર્યુ અને એપોલો હોસ્પિટલ પણ ટેલી મેડીસીનની મદદથી દૂરનાં ગામડાં સુધી આ ટેલી મેડીસીનની સારવાર આપી રહી છે.ગુજરાત સરકાર મોટાં શહેરો અને ગામડાં સાથે વાઈડ એરીયા કે લોકલ નેટવર્કથી જોડીને પી.એચ.સી. અને સી.એચ.સી. અને બીજી ઘણી બધી ડિસ્ટ્રિક  હોસ્પિટલો સાથે જોડીએ તો ટેલી મેડીસીનથી ખૂબ સારી સેવા થઈ શકશે. આજે ટેલી મેડીસીન છત્તીસગઢ, રાજસ્થાન અને ઓરિસ્સા જેવા રાજયોએ આ  અપનાવ્યું છે. તામિલનાડુમાં  પણ મોબાઈલ સેટેલાઈટ  સાથે જોડવાનો કાર્યક્રમ જોયો છે અને ગુજરાતમાં પણ ટેલી મેડીસીનથી જોડાશે તો એ ખૂબ સારી સેવા ગરીબ લોકોની કરી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની બધી જ મેડીકલ કોલેજો, ફીઝીયાથેરોપી કોલેજો, પેરા મેડીકલ, નર્સિંગ આ બધાને એક જ છત્ર નીચે જોડીને મેડીકલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવે તો ગુજરાતના મેડીકલના વિદ્યાર્થીઓ માટે ખૂબ ખૂબ આશીર્વાદરૂપ થશે અને માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા  ૨૦૦૭-૦૮ નું જે બજેટ લઈને આવ્યા છે એને હૃદયપૂર્વક આવકાર આપીને મારું સમર્થન આપું છું.

**શ્રી પ્રહલાદભાઈ મો. પટેલ (વિસનગર)** : માનનીય અધ્યક્ષશ્રી,  આદરણીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સન ૨૦૦૭-૦૮ નું અંદાજપત્ર લઈને આવ્યા છે એને હું આવકારું છું, અનુમોદન આપું છું અને તેમને બારમી વખત આ અંદાજપત્ર રજૂ કરવા માટે હૃદયપૂર્વકનાં અભિનંદન પણ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયનો આર્થિક તેમજ સામાજિક ઉન્નતિનો મુખ્ય આધાર એ એની જળસંપત્તિના વપરાશ ઉપર રહેલ છે. આપણે જાણીએ છીએ કે વર્ષોથી અમારા સામે પક્ષના મિત્રો સત્તા ઉપર હતા ત્યારે આપને જણાવું કે ઉત્તર ગુજરાતમાં જે પરિસ્થિતિ દિનપ્રતિદિન ખરાબ થતી જતી હતી અને એના કારણે ધરોઈ ડેમ ૨૫ વર્ષમાં ફકત ૨ વખત જ ભરાયો અને એના કારણે પરિસ્થિતિ ખરાબ થઈ અને ઉત્તર ગુજરાતમાં જે તકલીફો સિંચાઈની, કૃષિની, ખેતપેદાશોની થઈ એ મુશ્કેલીઓને દૂર કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જે સમયે મુખ્યમંત્રી બન્યા એ પહેલા જ વર્ષે નર્મદામાંથી પાણી પાઈપલાઈનથી લાવવા માટેની પાઈપલાઈનનું ખાતમુહૂર્ત કરવા માટે મારા મત વિસ્તારમાં વિસનગર આવ્યા અને એનું ખાતમૂહૂર્ત કર્યુ અને ૨૫૦૦ કરોડ રૂપિયાની યોજનાની જાહેરાત કરી હતી. આપસૌને હું ખૂબ આનંદ સાથે જણાવવા માગું છું કે માનીય મુખ્યમંત્રીશ્રીએ એ જાહેરાત કર્યા પછી ફકત ૧ાા જ વર્ષમાં આ પાઈપ લાઈનનું કામ પૂરું થયું અને એના કારણે ધરોઈમાં નર્મદાનું પાણી પ્રથમ વખત આવી શકયું. ગમે તેટલી ઉંમરના કોઈ વૃધ્ધ માણસને વાત કરવામાં આવે કે નર્મદાનું પાણી ધરોઈ ડેમમાં આવશે તો એ હસતા હતા, પરંતુ આ પરિસ્થિતિ જોઈએ બધાએ ખૂબ જ આનંદ અનુભવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એના પછીની વાત કરું તો સુજલામ્ સુફલામ્ ની ૬૫૩૭ કરોડ રૂપિયાની યોજના લાવ્યા પછી માનનીય મુખ્યમંત્રીશ્રીનો વિચાર હતો કે ૧૦ એ ૧૦ જિલ્લામાં પાણીના પ્રશ્નની વધારેમાં વધારે તકલીફ છે તો એનો નિકાલ કેવી રીતે કરવો? તો એ પાણીનો પ્રશ્ન હલ કરવા માટે તેઓશ્રી યોજનાઓ લાવ્યા તેમાં ઉત્તર ગુજરાતની જે બે યોજનાઓ હતી એ પિયજ થી ધરોઈ અને ખોરસમથી સરસ્વતીની પાઈપ લાઈનની યોજના હતી એ બે યોજનાઓ પૂરી થઈ ગઈ છે. બીજી ચાર પાઈપ લાઈનો નર્મદા નહેરમાંથી, હાથમતી, ગુહાઈ, મોઢેરાથી ધરોઈ, આ રીતે નર્મદા મુખ્ય નહેરથી સૂઝલામ સૂફલામની જુદી જુદી ચાર પાઈપ લાઈન નાખવાની કાર્યવાહી ચાલે છે. એ જ રીતે સરસ્વતી નદી જે લુપ્ત થઈ ગઈ હતી, અને છેલ્લા ૨૫ વર્ષમાં એમાં વરસાદી પાણી પણ આવે તો પણ પાણી તેની બહાર નીકળતું નહોતું તે નદીમાં આપણા માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈએ પ્લાનિંગ કરી અને નર્મદા નહેરમાંથી સરસ્વતી નદીમાં પાણી નાખી અને એ પાણી કન્ટીન્યુ ચાલુ રહે તેવા પ્રયત્નો કરીને બે વર્ષ પહેલા એક પ્રોગ્રામ બનાવ્યો, અને બતાવ્યું કે નર્મદાનું પાણી સરસ્વતીમાં નાખીને આજે પણ તે વિસ્તારમાં સતત ૨૦૦ ક્યુસેક જેટલા પાણીનો પ્રવાહ એ નદીમાં ચાલી રહ્યો છે. વિરોધપક્ષના માનનીય દંડક શ્રી બળવંતભાઈના એરિયામાં હું આજે જણાવું કે તે સિદ્ધપુરની નદીના પટમાં જે જમીનો આવેલી છે તે જમીનમાં ૩૦ થી ૪૦ હજાર રૂપિયાના વીઘાના ભાવે પણ કોઈ જમીન લેતું નહોતું અને કોઈ ત્યાં ખેતી કરનાર નહોતું, ત્યાં આજે બે થી ત્રણ લાખ રૂપિયામાં પણ જમીન મળતી નથી. એટલે આ રીતે પાણી આવવાથી ખેતીને પણ ફાયદો થયો છે અને તેની જમીનની કિંમતો પણ વધી છે. ૧૧મી પંચવર્ષીય યોજનામાં સિંચાઈ માટે ૪૭૫૪ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે તે માટે અભિનંદન આપવા જોઈએ. આટલા બધા રૂપિયા આ વર્ષમાં વાપરવામાં આવશે. આજે આપણે ગુજરાતમાં કોઈ પણ વિસ્તારમાં જઈએ છીએ ત્યારે આપણને બે ત્રણ મુદ્દાઓ ખાસ ધ્યાનમાં આવે છે. એક તો દસ દસ કિલો મીટરે રોડ બનતા હોય છે, અને બીજું અમારા ઉત્તર ગુજરાતમાં સિંચાઈ માટેની સૂઝલામ સૂફલામ યોજનાની નહેરના સ્ટ્રકચરના કામો બનતા હોય છે. એટલે આપણે બધાએ ભેગા થઈ અને ખરેખર અભિનંદન આપવા જોઈએ. અને માનનીય વજુભાઈને પણ હું વિનંતી કરીશ કે આ કામોમાં કોઈપણ જાતની અડચણ આવતી હોય તો તેને દૂર કરી અને આ સૂઝલામ સૂફલામ યોજનાનું કામ ઝડપથી પૂર્ણ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે. જેમ સરદાર સરોવર ડેમ એ ગુજરાતની જીવાદોરી છે એ જ રીતે અમારા ઉત્તર ગુજરાત માટે સૂઝલામ સૂફલામ યોજના એ ઉત્તર ગુજરાતની જીવાદોરી છે. તેથી તેમાં કોઈપણ દખલગીરી આવતી હોય તો તેને દૂર કરવી જોઈએ. માનનીય ચંદ્રિકાબહેને અઠવાડિયા પહેલા એમાં ભ્રષ્ટાચારની બાબતમાં વાત કરી હતી. મારે કહેવું જોઈએ કે આ બે ત્રણ વર્ષ પહેલાની વાત હતી. અને એ વર્ષમાં ૫૦૦ કરોડ રૂપિયાની તો ફાળવણી પણ નહોતી થઈ અને ૪૦૦ થી ૪૫૦ કરોડ રૂપિયાની ફાળવણી થઈ હતી. અને એમાંથી ૨૫૦ કરોડ રૂપિયાના કામો થયા છે. હવે માનનીય ચંદ્રિકાબહેન કહે છે કે ૫૦૦ કરોડનો ભ્રષ્ટાચાર થયો છે. તો ૨૫૦ રૂપિયાના કામમાં ૫૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર કેવી રીતે થાય? તેથી આ રીતે ફક્ત અફવાઓ ફેલાવી અને વાતો કરવી, અને સામાન્ય વાતને મોટી બનાવવાનો પ્રયત્ન કરવો ન જોઈએ.

અમારા કૃષિ મંત્રીશ્રીએ ખેત તલાવડી એક વર્ષમાં એક લાખ બનાવવાની જાહેરાત કરી હતી. હું જણાવવા માગું છું કે આ આ એક ખેત તલાવડી દોઢ લાખ ઉપરની બનાવવામાં આવે છે. અને ખરેખર એક વર્ષમાં આ તલાવડી બે ત્રણ વખત ભરાય છે અને ખાલી થાય છે, એટલે તેનું પાણી જમીનમાં ઉત્તરે છે તેથી આ ખેત તલાવડીથી મોટો ફાયદો ગુજરાતમાં થયો છે. આપણી તળાવ ઊંડા કરવાની સ્કીમ છે તો મારા વિસ્તારમાં અને માનનીય નારાયણ કાકાના વિસ્તારમાં મહેસાણા જિલ્લામાં તળાવો ઊંડા કરવા અને ચેક ડૅમ કરવાને કારણે કેટલાક વર્ષોથી જે કૂવાઓ પૂરવા પડતા હતા અને પાણી કૂવામાં નહોતું, તેવા કૂવાઓમાં છેલ્લા બે ત્રણ વર્ષની વાત કરું તો આ વર્ષની અંદર મારા તાલુકામાં એક હજાર કૂવાઓ રી-ચાર્જ થયા છે અને એક હજાર કૂવા રી-ચાર્જ થયા છે તેના કરતાં વધારે ખુશી તો એ વાતની છે કે ૨૫૦ થી ૩૦૦ કૂવાઓમાં તો ત્રણ ત્રણ મહિના સુધી ઉપરથી પાણી બહાર નીકળેલું છે. એટલે આ તળાવો ઊંડા કરવાને કારણે અને ચેક ડૅમોને કારણે આ ફાયદો થયો

છે. આજે વિસનગર તાલુકાની વાત કરુ કે મહેસાણા જિલ્લાની વાત કરુ તો શિયાળુ પાક એ અમારો મુખ્ય પાક છે. શિયાળુ પાકની અંદર આઠ કલાક વીજળી મળતી હતી એનાથી અમારી ૫૦ ટકા જમીનમાં પિયત થતું હતું. પરંતુ આજે આપને જણાવું કે કોઈપણ ગામની અંદર જાવ એક પણ વીઘો જમીન પિયત વગરનો બાકી રહ્યો નથી. એમાં કોઈને ધરોઈનું પાણી મળ્યું હોય, કોઈને બોરનું પાણી મળ્યું હોય, કોઈને કૂવાનું, કોઈને ચેકડેમનું કોઈને તળાવના પાણીનો ઉપયોગ કરીને પાણી લીધું છે. આજે એક પણ વીઘો જમીન પિયત વગરની રહી નથી. આ ખરેખર માનનીય મુખ્યમંત્રીશ્રીની દિર્ઘદૃષ્ટિ છે. તેઓએ વાત કરી હતી કે આ વિસ્તાર સો ટકા પાણીવાળો થાય એ કરવામાં માનનીય મુખ્યમંત્રીશ્રી સફળ થયા છે. એ બદલ તેઓને હું અભિનંદન પાઠવું છું. ધરોઈ કેનાલમાંથી વિસનગર વિજાપુરને પાણી મળે છે. અત્યારે ત્યાં કેનાલો ખોદવાનું કામ ચાલે છે પરંતુ એમાં વિશેષ ઝડપ થાય એના માટે માનનીય મંત્રીશ્રી પ્રયત્ન કરે તેવી વિનંતી કરુ છું. કારણ કે જો ઝડપ થાય તો આ વિસ્તારને સિંચાઈનું પાણી મળી રહેશે અને એનો અત્યારે જે પ્રશ્ન છે એ હલ થઈ જશે. ચોમાસાનો પાક અમારે ત્યાં સો ટકા ફેઈલ ગયો હતો પરંતુ શિયાળુ પાકમાં એનું પૂરેપૂરુ વળતર મળ્યું છે. તેથી માનનીય સિંચાઈ મંત્રીશ્રીને આ તકે જણાવીશ કે ઉનાળુ પાક માટે બે-ત્રણ પાણ આપે કારણ કે ચોમાસામાં ઘાસ ચારો થયો નહોતો. જો ઉનાળાની સિઝનમાં બે ત્રણ પાણ આપવામાં આવશે તો ઘાસચારો સારા પ્રમાણમાં થશે. આ વરસે ધરોઈમાં પુષ્કળ પ્રમાણમાં પાણી છે તેથી એ પાણી આપવામાં આવે તેવી તેઓને વિનંતી કરુ છું.

આપણે રાજકારણની વાત જવા દઈએ. ગામડાંની અંદર જવું હોય તો એના માટે આ સરકારે અનેક સ્કીમો અમલમાં મૂકી છે. અનેક યોજનાઓ રજૂ કરી છે એના કારણે ભારતીય જનતા પક્ષના સભ્ય હોય કે કોંગ્રેસ પક્ષના સભ્ય હોય કે પછી કોઈપણ રાજકારણી હોય કે પછી કોઈ સામાજિક આગેવાન હોય એ ગામડાંમાં જઈ શકે છે. આપણે દર વરસે કૃષિ રથ કાઢીએ છીએ એમાં સતત એક મહિના સુધી ગામડાંની અંદર ફરે છે એમાં સતત અધિકારીઓ પણ સાથે રહે છે. એકે એક ગામનો પ્રવાસ થાય છે એમાં ગામડાંના પ્રશ્નો રજૂ થાય છે. મને જણાવતા આનંદ થાય છે કે ગામડાંના લોકો જ્યારે પણ જઈએ છીએ ત્યારે ખુશ થતા હોય છે. અધિકારીઓને જોઈએ ખુશ થતા હોય છે.

ગામડાંની અંદર શાળા પ્રવેશોત્સવનો ત્રણ દિવસનો પોગ્રામ ચાલે છે એના લીધે ગામડાંમાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે. માનનીય શિક્ષણ મંત્રીશ્રી આનંદીબહેનને આ તકે હું ચોક્કસ ધન્યવાદ આપું છું. આપ ગામડાંમાં ખૂબ જાગૃતિ લાવ્યા છો. એ જ રીતે માતૃ વંદનની વાત કરુ તો ગઈ સાલે માનનીય શિક્ષણમંત્રીશ્રી આનંદીબહેનના વિસ્તારમાં ત્રણ દિવસનો પોગ્રામ હતો એમાં એક દિવસ હું પણ ગયો હતો. એના ઉપરથી મને લાગ્યું કે મારે પણ મારા વિસ્તારમાં માતૃવંદના પોગ્રામ કરવો જોઈએ. ગયા વરસે મેં ૧૯ દિવસ સતત ૫૭ ગામોમાં સવારના ૬ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી ગામની સોએ સો ટકા પબ્લિક હાજર હોય, એમાં પણ ૬૦ ટકા જેટલી બહેનો હાજર રહે એ આનંદની વાત છે. ખરેખર માતૃવંદના પોગ્રામ બેટી બચાવો અભિયાન બધા માટે ખૂબ જરૂરી છે. કારણ કે ભવિષ્યની અંદર આપણા વિસ્તારમાં આપણા સમાજની અંદર દીકરા દીકરીઓની સંખ્યા સરખી નહિ રહે તો ખૂબ જ મોટી તકલીફ ઊભી થવાની છે. આ તકલીફ પડવા બદલ આપણે પણ એટલા જ જવાબદાર ગણાશું. તેથી આ બાબતમાં આપણે પણ ખૂબ જાગૃત રહેવાની જરૂર છે. માનનીય નાણામંત્રીશ્રી બજેટ લઈને આવ્યા છે એને અનુમોદન આપું છું.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય નાણામંત્રીશ્રી ૨૦૦૭-૦૮ના વર્ષનું અંદાજપત્ર લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

આ અંદાજપત્રમાં એમ કહી શકાય કે

"અંદાજ અપના અપના, ગુજરાતની જનતાના રોળાઈ ગયા છે સપના,
ખોટા અંદાજો શા ખપના, પ્રજા કહે છે હવે તો જપના."

આ અંદાજપત્ર રજૂ કર્યુ છે એમાં ઘણા બધા ધારાસભ્યશ્રીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. ગુજરાતમાં રહેતી તમામ વ્યકિતઓ આ ગુજરાતની જનતા અને આ શાસક પક્ષ ભારતીય જનતા પક્ષ અને કોંગ્રેસ આ બધામાં એટલું કહી શકાય કે એક પથ્થરની ખાણ હતી, માર્બલની ખાણ હતી. તેમાંથી એક માર્બલનો પથ્થર કાઢવામાં આવ્યો. તે માર્બલને મૂર્તિનું રૂપ આપવામાં આવ્યું. મૂર્તિ કંડારવામાં આવી અને એ મૂર્તિ બનાવ્યા પછી પથ્થરો વધ્યા હતા એ પગથિયામાં જડવામાં આવ્યા. મંદિરનું નિર્માણ થયું અને વધેલા પથ્થરોના પગથિયા બનાવવામાં આવ્યા. આ પગથિયાના પથ્થરને એક વિચાર આવ્યો કે આ મૂર્તિની લોકો પૂજા કરે છે, તેને સન્માન આપે છે, તેના દર્શન કરે છે. અમે એક જ ખાણમાંથી નીકળ્યા હોવા છતાં લોકો મારા ઉપર પગ મૂકીને ચાલે છે. એવો પગથિયાના પથ્થરને વિચાર આવે છે. એટલે પગથિયાનો પથ્થર મૂર્તિને સવાલ કરે છે.

**અધ્યક્ષશ્રી** : સમય ઓછો છે આપની પાસે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : કંઈ વાંધો નહીં સાહેબ, ૧૦ મિનિટમાં જ વાત કરવી છે. આ પગથિયાનો પથ્થર મૂર્તિને સવાલ કરે છે કે-

તુમ ભી પથ્થર મૈં ભી પથ્થર, તું સુમીરન મું પાવ.

પગથિયાનો પથ્થર એમ કહે કે તું પણ પથ્થર, હું પણ પથ્થર તારું બધાં સ્મરણ કરે છે અને મારા પર બધા પગ મૂકીને ચાલે છે. આવો ભેદ શાના માટે? એ મૂર્તિ જવાબ આપે છે કે-

તું તૂટીયો મૈં સહિયો, વો હી સમતા કો ભાવ.

તું માત્ર તૂટયો છે અને મેં તો હથોડી અને ટાંકણાંથી ટીચાઈને મને જે રૂપ આપ્યું છે એટલા માટે હું પૂજાઉં છું. આ પગથિયાના પથ્થર છે એ ભાજપ અને મૂર્તિ છે એ કોંગ્રેસ. પગથિયા ૧૨૭ હોય, ૧૦૦ હોય કે ૧૫૦ હોય, પગથિયા પગથિયા જ રહે છે. આઝાદીમાં કોંગ્રેસે જે બલિદાનો આપ્યા છે એ બલિદાનોમાં આજની તારીખે શ્રીમતી સોનિયા ગાંધીએ સત્તાનો ત્યાગ કરીને આ દેશની અંદર એક મૂર્તિ કે જે આપણે પૂજા કરવી જોઈએ.(અંતરાય) સામેની પાટલીએ બેઠેલાં મિત્રોને મારી વિનંતી છે કે આઝાદીમાં જેમણે બલિદાનો નથી આપ્યા. • (એક માત્ર આ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય જેમણે પોતાની સીટ ખાલી કરવાની ના પાડી તો તેમની હત્યા કરી નાખવામાં આવી.) માનનીય અધ્યક્ષશ્રી, આનાથી (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, નો. નો. એ શબ્દો પાછા ખેંચી લો.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : સાહેબ (હત્યા તો થઈ ને તેમની.) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નો, નો, પાછા ખેંચી લો પ્લીઝ.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : પાછા ખેંચી લઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં બધા ધારાસભ્યોએ અહીં પોતાના વક્તવ્યમાં ઘણી બધી વાતો કરી કે સોનિયા ગાંધી અને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પાછા ખેંચ્યા છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : મારો સમય બગાડે છે આ લોકો, મને રક્ષણ આપો. માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્ય, મારા મિત્ર શંકરભાઈ રાઠવા ગઈકાલે જે વાત કરતા હતા. સંસ્કૃતમાં બોલતા હતા. સામેના મિત્રો પાટલી થપથપાવતા હતા. મને આનંદ થતો હતો. કોંગ્રેસના રાજયમાં ભણેલ વ્યકિત આટલું સરસ સંસ્કૃત બોલી શકે છે. અમે ગૌરવ લઈ રહ્યા હતા કે માનનીય શંકરભાઈ કોંગ્રેસના રાજયમાં ભણ્યા. તેમનો જો ૧૯૯૨-૯૩માં જન્મ થયો હોત તો તેને એકડા પણ ન આવડતા હોત. મારા મિત્ર જીતુભાઈ કહેતા હતા કે કોંગ્રેસનું પાચનતંત્ર મંદ પડી ગયું છે એવી વાત કરતા હતા. તેમની વાત સાચી છે, કારણ કે સુજલામ્-સુફલામ્ જેવા મોટા ભ્રષ્ટાચાર એ લોકો જ પચાવી શકે. તેમનું પાચનતંત્ર સારું છે. જાન્યુઆરી-૧૯૯૯થી ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં દેશમાં આવેલું સીધું મૂડીરોકાણમાં હું આપનું ધ્યાન દોરવા માગું છું. વિદેશી અરજીઓની સંખ્યા છે તેમાં મહારાષ્ટ્રમાં ૨,૬૨૯ મૂડીરોકાણ માટે અરજીઓ આવેલી. તેમાં સીધું મૂડી રોકાણ ૨૧ કરોડ ૯૬૮ લાખ. તેની સામે દિલ્હીમાં અરજી આવી ૧૯૩૬, તામિલનાડુમાં ૧૨૯૬, કર્ણાટકમાં ૧૫૧૭ અને ગુજરાતમાં ૧૯૯૯થી ૨૦૦૫ સુધીમાં માત્ર ૩૩૧ અરજીઓ આવી છે. સામેના મિત્રો એમ કહે છે કે ગુજરાત પ્રથમ ક્રમે છે. આ જે અરજીઓ આવી એમાંથી જે મંજૂર કરવામાં આવી એની ટકાવારી ઉપર આપનું ધ્યાન દોરવા માગું છું. સીધા મૂડી રોકાણની ટકાવારી છે એમાં મહારાષ્ટ્રમાં ૨૨.૭૮, દિલ્હીમાં ૧૩.૭, તામિલનાડુમાં ૧૧.૯, કર્ણાટકમાં ૯.૬૧ અને ગુજરાતમાં માત્ર ૫.૯૩ ટકા.(અંતરાય) એ સુધારી લેવું. મારી ભૂલ થાય તો સભ્યશ્રીઓએ હાથે સુધારી લેવું. આ સન્માનનીય સભાગૃહમાં અહીંથી મંત્રીશ્રીએ એવી વાત કરી કે, રોઝ છે એ ખેડૂતોના પાકને નુકસાન કરે છે. એ રોઝના ખસીકરણમાં અમે નિષ્ફળ ગયા છીએ. આ લોકો જાનવરોને કાબૂમાં ન લઈ શક્યા એ ચોર, લૂંટારાઓને કેવી રીતે કાબૂમાં લઈ શકશે? એના માટે ડો. સી.જે.ચાવડા અને મનસુખભાઈ માંડવીયાની એક કમિટિ બનાવવી જોઈએ. બન્ને ડૉકટરો છે. એમની સલાહ લીધી છે કે કેમ? એ મંત્રીશ્રી જણાવે. (સમયસૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : અશોકભાઈ તમને ચેરમેન બનાવશે, બોલશો નહીં.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, અહીં વીજળીની વાત કરી. આ રાજયમાં વીજળી વેરણ થઈ છે. અહીંથી આંકડા આપવામાં આવે છે. ૧૪-૧૫ કલાક વીજળી આપવામાં આવે છે એવી વાત કરી છે. માનનીય મંત્રીશ્રી મારા પડોશી છે. માત્ર ૬ કલાક વીજળી મળે છે. આજે ખેડૂતોની હાલત છે એ ખૂબ કથળી ગઈ છે. એમાં પણ લોડ વધારવા માટે અરજીઓ મંગાવવામાં આવી અને પૈસા લેવામાં આવ્યા, એ આજની તારીખે પરત કરવામાં આવ્યા નથી. ગુજરાત રાજયના જાહેર દેવામાં છેલ્લા ૩ વર્ષમાં ૩૮ ટકાનો વધારો થયો છે. ૨૦૦૪-૦૫માં રાજયનું જાહેર દેવું ૫૭,૫૧૦ કરોડ રૂપિયા હતું. એમાં ૨૦૦૪-૦૫ની સરખામણીમાં ૨૦૦૫-૦૬માં ૨૭.૩૬ ટકાનો વધારો થયો. માનનીય નાણા મંત્રીશ્રી બહુ હોંશિયાર છે. એમણે વાત કરી કે, દેવું એ જ કરી શકે કે જે બહાદુર હોય. એ પ્રજાના પૈસા છે. વ્યકિતગત દેવાની વાત નથી. આ પ્રજાના પૈસા છે, આ પ્રજાના પૈસાનું જે વ્યાજ ચૂકવવાનું થાય છે...

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના આદરણીય નાણા મંત્રીશ્રી વજુભાઈવાળા સાહેબ ૨૦૦૭-૦૮ના વર્ષનું અંદાજપત્ર લઈને આવ્યા છે એને સમર્થન આપવા અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યમંત્રીશ્રીને જેટલા અભિનંદન આપું એટલા ઓછા છે. એમણે "સાગર ખેડુ સર્વાંગી વિકાસ અને વન બંધુ કલ્યાણ યોજના" જાહેર કરી એના માટે એમને લાખ લાખ અભિનંદન આપું છું. આપણા ગુજરાતમાં આપણા લોકપ્રિય, આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે જ્યારથી શાસનની ધુરા સંભાળી છે ત્યારથી આપણા ગુજરાત વિકાસની ઐતિહાસિક હરણફાળ ભરી રહ્યું છે. દરેક વિભાગની કામગીરીનો ગ્રાફ અભૂતપૂર્વ રીતે ઊંચે જઈ રહ્યો છે. ગુજરાતની અસ્મિતા સમી નર્મદા યોજનાનું કામ જાતજાતના અવરોધો અને વિવાદો વચ્ચે અટવાતું હતું. આદરણીય નરેન્દ્રભાઈ મોદીના અથાગ પ્રયત્નો અને મહેનતથી ૧૨૧.૯૨ મીટરની ઊંચાઈ સુધી આપણે પહોંચ્યા છીએ અને ૧૪૫૦ મેગાવોટની જળ વિદ્યુતનું રાષ્ટ્રને લોકાર્પણ કર્યું. અને આનાથી આપણા રાજયને અને પાડોશી રાજયોને અનેકગણો લાભ થવાનો છે. સરકારશ્રીની નિષ્ઠા અને પ્રતિબદ્ધતાનું આ એક પ્રમાણ છે. હમણાં અમારા મિત્ર પ્રવિણભાઈ એમના ભાષણમાં કહેતા હતા અત્યારે કંઈ બહાર ગયા છે પણ એ કહેતા હતા કે પથ્થરમાંથી મૂર્તિ બનાવી અને મૂર્તિને લોકો પૂજતા હતા. એમણે મૂર્તિને કોંગ્રેસ સાથે સરખાવી. હું એમને કહેવા માગુ છું કે મૂર્તિમાં એમને ધોળા દિવસે સત્તાના સ્વપ્નો દેખાવા માંડયા. સત્તાના સ્વપ્નો, દિલ્હી તો ઘણું દૂર છે અને એમને કહેવા માગુ છું કે,

" કર્મ કીયેજા ફલકી આશા ન રખ ઈન્સાન,
જૈસા કર્મ કરેગા વૈસા ફલ દેગા ભગવાન"

હજી તો તમારા માટે દિલ્હી ઘણું દૂર છે. ધોળા દિવસે તમને સ્વપ્ના જોવાની છૂટ છે, અમે કંઈ વિરોધ નથી કરતા. ગુજરાતની નર્મદા યોજના એ આપણી જીવાદોરી છે. હું જે વિસ્તારમાંથી આવુ છું એ વિસ્તારમાં પીવાના પાણીની અનેક મુશ્કેલીઓ હતી. છેલ્લા વર્ષોથી મારા વિસ્તારના ઘણા ગામડા એવા હતા કે જયાં આગળ પીવાના પાણી લેવા ગરીબ આદિવાસી, બક્ષીપંચના લોકોને દોઢ-બે કિલોમીટર જેટલું દૂર જવું પડતું હતું. કોંગ્રેસના લોકોએ પીવાના પાણી માટે થોડુંઘણું કામ કર્યુ છે. અમે ના નથી કહેતા, એમણે અમૂક અમૂક જગ્યાએ હેન્ડપંપો છૂટાછૂટા કર્યા છે એ બગડી ગયા છે આજે શોભાના ગાંઠિયાની જેમ જે રીતે અમારા મિત્રો અહીં છે એ રીતે હેન્ડપંપ પણ શોભાના ગાંઠિયાની જેમ અમારા વિસ્તારની અંદર ઉભા છે. એ હેન્ડપંપ આજે કોઈ જગ્યાએ કામમાં લાગે તેમ નથી. અમારા હાલોલમાંથી નર્મદા યોજના પસાર થાય અને નર્મદા યોજનાનો લાભ અમારા વિસ્તારને ના મળે, અમારા ખેડૂતો, અમારા બક્ષીપંચના લોકો, અમારા આદિવાસી લોકો, એમને જોઈને દુ:ખ થાય કે આ નર્મદાની મેઈન કેનાલ અમારા વિસ્તારમાંથી જાય છે અને અમે બધા તરસ્યા છીએ. કોંગ્રેસના લોકોએ જે વખતે કેનાલ બનાવી અમારા વિસ્તારમાં તે વખતે જો ચિંતા કરી હોત તો અમારા વિસ્તારની આખી કાયાપલટ અલગ હોત પણ કોંગ્રેસના લોકોને ગરીબ લોકોની ચિંતા નથી અને એનું ફળ આજે એ લોકો ભોગવી રહ્યા છે. એ નર્મદાની મેઈન કેનાલ જે ત્યાંથી નીકળે છે એમાં આપણા લોકપ્રિય મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબે અને આપણા પાણીદાર મંત્રી માનનીય નરોત્તમભાઈ પટેલના અથાગ પ્રયત્નોથી લગભગ ૨૫૦ કરોડ રૂપિયા અમારા વિસ્તારમાં આપ્યા અને હાલોલ, કાલોલ, જાંબુઘોડા અને ઘોઘંબા આ ચાર તાલુકાની આખી યોજના નર્મદાની મુખ્ય કેનાલથી પાણી લઈને એ પાણી શુદ્ધ કરવાનું એને ફિલ્ટર કરવાનું, એ ફિલ્ટર કરેલ પવિત્ર પાણી હાલોલ મારા વિસ્તારના આજુબાજુના તાલુકાના ગામેગામના લોકોના ઘર સુધી પાણી પહોંચાડવાનું કામ જો કોઈએ કર્યુ હોય તો આપણા આદરણીય લોકપ્રિય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ છે અને એનો લાભ અમારા વિસ્તારના છૂટાછવાયા વિસ્તાર, અમારા આદિવાસી વિસ્તારને એનો લાભ મળવાનો છે. એનું ટેન્ડર બહાર પડી ગયું, મને ખબર છે જયારે આ જાહેરાત સુજલામ સુફલામ યોજનામાં આપણી સરકારે કરી હતી અને એન.ડી.એ.ની સરકાર હતી આદરણીય અટલબિહારી બાજપાઈજી જયારે આપણા દેશના વડાપ્રધાન હતા, એવું વ્યકિતત્વ ભાગ્યેજ આપણને મળે, એ ટેન્ડર બાજપાઈજીની સરકારે ગુજરાતમાં સુજલામ સુફલામ માટે ૭હજાર કરોડ મંજૂર કર્યા હતા. ૩હજાર કરોડ રૂપિયા આપણને આપ્યા અને યુ.પી.એ.ની સરકાર દિલ્હીમાં આવી તો બાકીના ૪ હજાર કરોડ રૂપિયા આપણને ગુજરાતમાં નહીં આપીને મોટો અન્યાય કર્યો છે. યુ.પી.એ.ની સરકારે પૈસા ના આપ્યા છતાં પણ આપણી આરદણીય નરેન્દ્રભાઈ મોદીની સરકાર એ સુજલામ સુફલામ યોજનાનું કામ પૂર ઝડપે કરી રહી છે. અને તે વખતે આ કોંગ્રેસના લોકો અમારા વિસ્તારમાં આવીને કહેતા હતા કે આ બધી ખોટી વાતો છે. અહીં આવું બધું કાંઈ થવાનું નથી. આજે અમે તાજના સાક્ષી છીએ કે ત્યાં નર્મદાની મેઈન કેનાલમાંથી પાણી લઈને હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબાની મેઈન લાઈનનું કામ પૂરું થયું છે. ગામડે ગામડે પાઈપલાઈન ખેંચવાનું કામ, ગામડે ગામડે સમ્પ બનાવવાનું કામ અત્યારે પૂરજોશમાં પ્રગતિમાં છે અને ટૂંક સમયમાં એ કામો પણ આપણી સરકાર પૂરા કરશે. એટલેથી આ કામ અટકતું નથી. આપણી સરકારે ખૂબ ઐતિહાસિક અને મોટું કામ કર્યું છે પાવાગઢના ડુંગર ઉપર આપ વિચારી શકો કે અમારા વિસ્તારમાં પીવાના પાણીની આટલી મુશ્કેલી હતી તો ડુંગર ઉપર શું પરિસ્થિતિ હશે? અમારા આદરણીય શિક્ષણ મંત્રી શ્રીમતી આનંદીબેન ઘણીવાર પાવાગઢ આવે છે અને પાવાગઢની હર હંમેશ ચિંતા કરે છે. એમનો અનુભવ રહ્યો છે. ઉનાળાના દિવસોમાં એ ડુંગર ઉપર પીવાનું પાણી ગરીબ લોકોને અને યાત્રાળુઓને મળતું ન હતું. આ ડુંગર ઉપર પાઈપલાઈનથી પીવાનું પાણી પહોંચાડવાનું કામ કર્યું હોય તો ભારતીય જનતા પક્ષની આદરણીય નરેન્દ્રભાઈની સરકારે કર્યું છે. આ માટે એમને હું મારા લાખ લાખ અભિનંદન આપું છું. એ વિસ્તારના પ્રતિનિધિ તરીકે જેટલા અભિનંદન આપું એટલા ઓછા છે. આજે પાવાગઢના

ડુંગર ઉપર એમણે પીવાનું પાણી પહોંચાડ્યું હોય તો એ આપણી સરકારને એનું શ્રેય જાય છે. આ કામ ચાલું છે, એમાં પણ જે ગામોમાં પાઈપલાઈનના કામો ચાલું છે એમાં અમુક ગામની અંદર કોંગ્રેસના લોકોએ થોડો ઘણો વિખવાદ ઊભો કર્યો છે. કામો અટકાવ્યા છે. જે એજન્સીઓને કામો મળ્યા હોય એને કામ કરવા દેતા નથી. એમને કહું છું કે તમારા કાર્યકરો હોય તો એમને કહેજો કે જો અમારા પીવાના પાણીના કામો અટકાવશો તો તમે ક્યાંય શોધ્યા નહિ જડો. (સમય સૂચક ઘંટડી) હજી તો થોડી વાતો બાકી છે. આજે જે રીતે આપણું ગુજરાત વિકાસની ઐતિહાસિક હરણફાળ ભરી રહ્યું છે અને દરેક ક્ષેત્રમાં આપણા દેશના અગ્રિમ ક્રમે રહ્યું છે. એટલું જ નહિ, અન્ય રાજ્યોમાંથી પણ પ્રતિનિધિમંડળો આપણા રાજ્યમાં આવે છે. કેન્દ્ર સરકારના અધિકારીઓ પણ આપણા ગુજરાતમાં જે યોજનાઓ અમલમાં છે એના ઉપરથી કંઈક કરવા, માહિતી મેળવવા, માર્ગદર્શન મેળવવા આવે છે. જે રીતે ગુજરાત પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે એ રીતે એમનું રાજ્ય પણ આગળ વધે એના માટે માર્ગદર્શન લેવા આવી રહ્યા છે. આપણા લોકપ્રિય મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઈએ ગુજરાતનો અભૂતપૂર્વ વિકાસ કર્યો છે અને સાથોસાથ સમગ્ર દેશને એક નવો રાહ ચીંધ્યો છે. આનો લાભ સમગ્ર દેશ લઈ રહ્યો છે એ આપણા સૌના માટે એક ગૌરવની વાત ગણી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારના પવિત્ર પાવાગઢને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેઝમાં સ્થાન મળ્યું છે એ આપણી સરકારના અથાગ સંનિષ્ઠ પ્રયત્નોને આભારી છે. છેલ્લે એક વાત કરીશ કે આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ જે પ્રમાણે સ્થાપના દિવસની ઉજવણી કરવાનો નિર્ણય લીધો, સ્વાતંત્ર્ય પર્વ અને પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય ઉજવણીના ઉત્સવને લોક ભાગીદારીથી જિલ્લા કક્ષાએ ઉજવવાની પહેલ આ સરકારે કરી છે તેના અનેક વિધેયાત્મક પરિણામો મળી રહ્યા છે. ફરી એક વખત આદરણીય વજુભાઈ વાળા સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને જે અંદાજપત્ર લઈને આવ્યા છે એને મારું સમર્થન આપું છું. ભારત માતા કી જય.

**શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીય નાણામંત્રીશ્રી પુરાંતવાળું બજૅટ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પુરાંતવાળા બજૅટને કોણ સમર્થન ન આપે? માણસ હોય એ દરેક આપે. કારણ કે પુરાંતવાળા બજેટો ઘણા વર્ષો પછી ગુજરાતને મળ્યા છે, ગુજરાતના ફાળે આવ્યા છે. મારે એક બીજી વસ્તુ કહેવી છે કે આ સર્વાંગી વિકાસવાળું બજૅટ છે અને એ સર્વાંગી વિકાસમાં આઝાદી આપણને મળી ત્યારે જ જો આપણે સોઈલ હેલ્થ કાર્ડ આપ્યા હોત તો આજે ગુજરાત ક્યાં હોત? આપણે કન્યા કેળવણીના પ્રવેશ ઉત્સવ આપ્યા હોત તો આજે ગુજરાત ક્યાં હોત? 'વનવાસી બંધુ' પૅકેજ આપ્યું છે, આવા અનેકાનેક પૅકેજ આપ્યા છે એ આપણે આપ્યા હોત તો આજે ગુજરાત ક્યાં હોત? અને એટલા માટે આ ગુજરાત એ સોનાની નગરી તરીકે સર્વાંગી વિકાસ કરવા માટે આપણા આ વિકાસના જે કાર્યક્રમો છે, વિકાસની જે પ્રગતિ છે એ સોનાની નગરી બનાવવાની અનેકવિધ યોજના સાકાર કરી અબજો રૂપિયા આપણે એમાં વાપરીને ગુજરાતે અનેક રીતે નામના અપાવી છે, વિશ્વમાં એણે પ્રસિદ્ધિ અપાવી છે અને એવા સમયે આપણે આ ગુજરાતને એક સોનાની નગરી દ્વારિકાનું ચિત્ર ઊભું કરી શકયા છીએ. મારા મિત્રોના વિચારમાં સોનાની નગરી લંકાની વાત યાદ કરે છે, એમના વિચાર એ રાવણરૂપી વિચાર છે એટલા માટે એમને સોનાની નગરી લંકા યાદ આવે છે પણ આપણે દ્વારિકારૂપી સોનાની નગરી બનાવી છે ત્યારે દ્વારિકારૂપી રચનાત્મક સિદ્ધિ પહોંચાડી અનેકક્ષેત્રે અને એટલા માટે વિશ્વ આપણા આંગણે પધાર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સર્વાંગી વિકાસમાં અમુક જે આપણી મહત્ત્વાકાંક્ષી યોજના એ એના પર્યાવરણનો ભાગ લાગે છે, ઉદ્યોગનો પ્રાર્થના રૂમ જોતા નથી, એના અનેકવિધ ક્ષેત્રો શિક્ષણના સંસ્કારનો રૂમ જોતા નથી અને એ સંડાશ પાસે જઈને ઊભા છે. આ એમની દૃષ્ટિ છે. હવે ત્યાં જઈને પાછા એવું કહે છે કે અહીંયા લઠ્ઠાની, દારૂની દુર્ગંધ આવે છે. તમે દારૂ પીધેલો છે માટે દારૂની દુર્ગંધ આવે છે. ત્યાં નજીકમાં સંડાશ છે, આ બાજુ આવો. ઉદ્યોગક્ષેત્ર, પર્યાવરણ ક્ષેત્ર જુઓ. આ સરસ મજાની અનેકવિધ આપણી જે યોજનાઓ છે એનો જે વિકાસ છે એ તમે જુઓ. આ શહેરી વિકાસ વર્ષ માટે આપણને Gujarat Urban Development Mission માટે ચાલુ વર્ષે ૧૬૦૦૦ કરોડ જેટલું બજૅટ લઈને આવ્યા છે એમાં પહેલા વર્ષે ૨૩૬૭.૨૩ કરોડ રૂપિયા એમાં મંજૂર કર્યા છે અને એ શહેરી વિકાસ ક્ષેત્રે આવા તો આપણા અનેક ક્ષેત્રો છે. એ ક્ષેત્રે આપણે જે પ્રગતિ કરી છે, ખૂબ નામના મેળવી છે. એમાં આપણા હરિયાળા નગરો બનાવ્યા છે એમાં ૨૧ કરોડ રૂપિયા વાપર્યા છે. શહેરી અંદર સી.એન.જી. બસો આપી છે, પર્યાવરણ શુદ્ધ કરવા માટે પ્રયત્નો કર્યા છે. હરિયાળા નગરોમાં પણ અનેક પ્રકારના વૃક્ષો, પર્યાવરણને લગતી ઘણી સિદ્ધિ આપણને એમાં પ્રતિત કરી આપી છે. એ સિવાય આપણે BRTS Project આપ્યો છે. ગુજરાતના મહાનગરોના વિકાસ ૪૯૩.૩૨ લાખ જેટલા પૈસા ખર્ચીને આપણે ૫૮ કરોડ રૂપિયાનો સરસ મજાના આ કર્ણાવતી મહાનગરને અદ્યતન માર્ગો આપી સરસ મજાનું નગર બનાવ્યું છે. અનેકવિધ નગરપાલિકાઓ એવી છે કે જેને વિદેશમાંથી આપણે પુરસ્કાર અને એવોર્ડ એનાયત કરી શક્યા છીએ. અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનને પણ Dubai International Award આપણે આપી શક્યા છીએ અને મેળવી શકયા છીએ એ આ વિશ્વની પ્રસિદ્ધિ અપાવતી બાબત છે. એવી જ રીતે E-governanceમાં વેજલપુર નગરપાલિકાને પણ એવોર્ડ મળ્યો છે એણે વિશ્વમાં ગુજરાતને સક્ષમ વહીવટની પ્રતીતિ કરાવી છે. એ સિવાય સાબરમતી રિવર

ફ્રન્ટ યોજના થકી સુભાષ બ્રિજથી વાસણા સુધી બંને સાબરમતી નદીના કિનારાઓ સરસ મઝાના આપણે બનાવ્યા છે અને એના લોકો પણ વખાણ કરે છે અને ગુજરાતની આ યોજના દરેક નદીઓમાં બનવી જોઈએ એ વાત અને એ પ્રેરણા લઈને જાય છે. આપણે નગરપાલિકાઓ પાછળ ૨૯૪ કરોડ રૂપિયા ખર્ચ્યા છે. બાજપાઈ નગર વિકાસ યોજનામાં, થઈ ૮૧૪ કરોડ રૂપિયા જેટલો ખર્ચ કર્યો છે આ શહેરી વિકાસ ક્ષેત્રે આપણે જે પ્રગતિ સાધી છે એ ખૂબ જ પ્રેરણાદાયી છે તેને બીજા રાજયોના લોકો પણ અભ્યાસ કરવા માટે તથા દેશ વિદેશના લોકો પણ આ યોજનાને સમજી એને ઈનામ અને એવોર્ડ આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ સિવાય દબાણો દૂર કરવા માટે અને જે મિલકતો અસામાજિક તત્ત્વોના હાથમાં હતી એ દૂર કરી અને એનો શહેરી વિકાસમાં આપણે ઉપયોગ કરી ત્યાં સરસ મઝાના ઘણાં પ્રોજૅકટો ઊભા કરી દબાણો દૂર કરી ત્યાં ગરીબોને આપણે મકાનો આપી શક્યા છીએ, શહેરી ગરીબી યોજના નીચે આપણે ૫૫ હજાર જેટલા લોકોના આપણે મકાનો બાંધી શક્યા છીએ. એ સિવાય ઘન કચરાનો નિકાલ, પે એન્ડ યુઝ શૌચાલય આ બધી જે બાબતો છે એ બાબતો વણી લઈ દરેક શહેરોને, દરેક નગરપાલિકાઓને આપણે ખૂબ જ પ્રસિદ્ધિ અપાવી છે, ત્યાંની પ્રજાનો સહકાર ખૂબ જ મળી રહ્યો છે અને ત્યાંની પ્રજા આનંદ અને ખુશીથી જીવન જીવી શકે એટલા માટે એ નગરપાલિકાઓમાં આપણે આગળ વધી શક્યા છીએ અને મહાનગરોમાં પણ આપણે આગળ વધી શક્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ બજૅટમાં પણ આપણે મહાનગરપાલિકાઓમાં ઑક્ટ્રૉય વેરામાં પણ માફી આપવાની આમાં ઘોષણા કરેલી છે અને એના કારણે અમુક નગરપાલિકાઓ જે ઑક્ટ્રૉયના કારણે ખૂબ જ પીડાતી હતી એ નગરપાલિકાઓની ઑક્ટ્રૉય પણ આપણે ઘણા વર્ષો પહેલાં આપણે માફ કરેલી છે. સાથે સાથે એ નગરપાલિકાઓ બીજી ઘણી બાબતોમાં આર્થિક સંકળામણ અનુભવતી હતી ત્યાં એમના માટે જુદા જુદા પ્રકારની લોનો આપી એ નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓને દરેક ક્ષેત્રે લોકોને સુખાકારી આપી શકે, શુદ્ધ પાણી આપી શકે, શુદ્ધ વાતાવરણ આપી શકે, ગટર યોજનાઓ કરી શકે એના માટે પણ યોજના આપી, પૈસા આપી આપણે સિદ્ધિ મેળવી છે. ગૌરવ પથ અને વિકાસ પથ આ બે ખૂબ જ અગત્યની બાબત છે. ગૌરવ પથ જ્યાં જ્યાં બન્યા છે, જે જે નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં, ઘાટલોડિયા નગરપાલિકામાં ગૌરવ પથ બન્યો છે જે આજે મહાનગરપાલિકામાં ફેરવાઈ છે પણ એ ગૌરવ પથ જોયા પછી એમ લાગે છે કે, અમે ગુજરાતમાં અહીં આવ્યા છીએ. આ ગુજરાત એ પ્રેરણા આપતું રાજય છે અને એ વિકાસ પ્રવૃત્તિમાં પણ જોડાય છે. સુર્વણ જયંતી, શહેરી ગરીબો માટે પાણી આવી અનેક સુવિધાઓ આપી શહેરી વિકાસ ક્ષેત્રની મેં તો માત્ર વાત કરી છે પણ એ સિવાય અનેક આપણા સરસ મઝાના લક્ષ્યાંકો છે, નર્મદા યોજના આપણે સાકાર કરી આપી છે બે હજાર કરોડ જેટલો ઊર્જામાં ખર્ચ થયો છે એ ઊર્જા આપી આપણે એમાં કમાઈ પણ લીધું છે એટલે આ એક દૃષ્ટિ હોય તો સાકાર થાય એટલા માટે આ બજૅટને સમર્થન આપી વિરમું છું.

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી વજુભાઈ જે બજેટ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

આ અંદાજપત્રમાં રાજય સરકારે મુસ્લિમ સમાજના આર્થિક, સામાજિક કે શૈક્ષણિક વિકાસ માટે કોઈ આયોજન કરેલ નથી. લઘુમતી સમાજ વધારેમાં વધારે પિસાઈ રહ્યો છે.આ સરકારે પતંગોત્સવ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છે. પતંગોત્સવમાં જે જોડાયા લઘુમતી સમાજ એના માટે કોઈ લોન કે સબસીડીનું આયોજન કરેલ નથી. અમદાવાદ શહેરની વાત કરું તો લઘુમતી વિસ્તારને વેવ લેન જાહેર કરવામાં આવેલ છે. અમુક વિસ્તાર એવા છે એ વિસ્તારમાં કોઈપણ બેંકમાંથી લોન આપવામાં આવતી નથી. રાજયના અલ્પસંખ્યક નિગમ પાસે નાણાનું આયોજન નથી. કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલ નાના લઘુઉદ્યોગો બ્લોક પ્રીન્ટીંગ, હેન્ડ પ્રીન્ટીંગ, ટેબલ પ્રીન્ટીંગ માટે બજેટમાં કોઈ જોગવાઈ નથી. અમદાવાદ શહેરમાં મુસ્લિમ વિસ્તાર વટવા, શાહઆલમ, સરખેજ જેવા વિસ્તારમાં લાઈટની, ગટરની સુવિધા નથી. ૧૯૯૯માં કેન્દ્ર સરકાર તરફથી છીપા જ્ઞાતિનો બક્ષીપંચમાં સમાવેશ કરવામાં આવ્યો હતો તે પછી લેખિતમાં અને મૌખિક રજૂઆત કરવા છતાં રાજયમાં આજદિન સુધી બક્ષીપંચમાં સમાવેશ કર્યો નથી. છીપા જ્ઞાતિનો સરવે કયારનો પૂરો થઈ ગયો છે. કોમ્પ્યુટરમાં એનો સમાવેશ કરવાનો છે તો કયારે સમાવેશ કરશે? અંદાજપત્રમાં સરકારે વંચિતોના વિકાસ માટે કોઈ જોગવાઈ કરી નથી. દલિત સમાજની જીવાદોરી સમાન અનામતની જગ્યા ભરી નથી એ દુઃખની વાત છે. દલિત સમાજ માટે બેકલોગની જગ્યા ભરે. આવતીકાલે સમગ્ર ગુજરાતમાંથી દલિત સમાજની મહારેલી આવી રહી છે. રાજયમાં ગરીબો માટે રાહત કાર્ડ, બી.પી.એલ.કાર્ડ આપવાનું બંધ કર્યું છે. રેશનીંગની દુકાનમાંથી ખાંડ આપવાનું બંધ કર્યું છે. કૌટુંબિક કેરોસીન ઉપર પણ કાપ મૂકવામાં આવ્યો છે.

અંદાજપત્રમાં રાજયના શિક્ષિત બેરોજગારો માટે કોઈ ઉલ્લેખ નથી. શિક્ષિત બેરોજગારોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે. વેટના અમલ પછી ઓકટ્રોય નાબૂદ થવાનું વચન પાળી શકયા નથી. જેનાથી વેપાર ઉદ્યોગ ઉપર મોટી અસર થઈ છે. આ વર્ષના અંદાજપત્રમાં મારી રજૂઆત હતી કે રાજયની વિધવા, માતા, બહેનોને સહાય તરીકે જે પેન્શનની રકમ ચૂકવવામાં આવે છે દર મહિને ૫૫૦ રૂપિયા અને બાળકદીઠ રૂ.૭૫ એ રકમમાં વધારો કરવો જોઈએ. રાજય સરકારે છેલ્લા એક વર્ષમાં કોઈપણ વિચાર કર્યો નથી. આ બજેટ લઘુમતી, દલિત અને ગરીબો માટે અને આમ જનતા માટે ખૂબ નિરાશાજનક છે. જય હિન્દ, જય ભારત.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર)**: માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ હું સરકારને અભિનંદન આપવા માગું છું. સાગરખેડૂના સર્વાંગી વિકાસ માટે ૧૧૦૦૦કરોડનું પેકેજ અને આદિવાસીઓના વિકાસ માટે ૧૫૦૦૦કરોડનું પેકેજ જાહેર કરેલ છે. એ બદલ સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. રાજયના નાણામંત્રીશ્રી વજુભાઈ જે બજેટ લઈને આવ્યા છે તેને સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું. આ બજેટમાં ખેતમજૂર હોય, ગરીબ ખેડૂત હોય કે દરિયાખેડૂ હોય કે છેવાડાનો માનવી હોય કે ઉદ્યોગક્ષેત્ર હોય બધાને બજેટમાં આવરી લેવામાં આવ્યા છે. કૃષિ, બાગાયત અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા રાજયના તમામ ખેડૂતોને સહાયરૂપ થવા માટે રૂ. ૬૪૫કરોડની અંદાજપત્રમાં જોગવાઈ સૂચવી છે, ચાલુ વર્ષના રૂપિયા ૪૨.૩૧ કરોડની જોગવાઈ સામે ૪૯ ટકાનો જંગી વધારો છે. પતંગ મહોત્સવ હોય કે નવરાત્રિ મહોત્સવ હોય કે શાળા પ્રવેશોત્સવ હોય કે જ્યોતિગ્રામ યોજના હોય કે કન્યા કેળવણી હોય કે કૃષિ મહોત્સવ હોય આ સમગ્ર યોજનાને મહોત્સવ સાથે જોડીને રાજ્યમાં વિકાસ ગતિ તેજ ગતિએ વધારી રહ્યા છે. મારા સાથી વિરોધ પક્ષના મિત્રો જ્યારે જ્યારે પતંગ મહોત્સવ કે નવરાત્રિ મહોત્સવ કે શાળા પ્રવેશોત્સવ કે જ્યોતિગ્રામ યોજના કે કન્યા કેળવણી રથ કે કૃષિરથ હોય એ દરેકમાં માત્રને માત્ર વિરોધ કરવો એ એમની ખાસિયત છે, કારણ કે એમના શાસનમાં આવી કોઈ યોજના નામની ખબર નહોતી. માત્રને માત્ર ગરીબી હટાવો સિવાય કોઈ યોજના નહોતી. ગરીબી હટાવનો નારો લઈને આવેલી આ કોંગ્રેસે દિલ્હીમાંથી ગરીબો હટાવી દીધા. કૃષિ મહોત્સવ એ આધુનિક ખેતી માટેની ક્રાતિંકારી ઝૂંબેશ કૃષિ મહોત્સવ થકી ૨૦૦૬-૦૭ માં રાજ્યના ગરીબ ૧,૪૨,૭૩૬ ખેડૂતોને વિનામૂલ્યે કીટ પૂરી પાડવામાં આવી છે. કૃષિ મહોત્સવ થકી ૧૫.૫૦ લાખ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે. આ સોઈલ હેલ્થ કાર્ડ દ્વારા પાકનું આયોજન, ખાતરના વપરાશમાં બચત થઈ શકે છે. આ સોઈલ હેલ્થ કાર્ડ ધ્વારા જમીનમાં કયા તત્વની ઊણપ છે એ જાણી શકાય છે, જેના કારણે જરૂરિયાત પ્રમાણે ખર્ચ કરી ઉત્પાદન ખર્ચ ઘટાડી શકેલ છે. કૃષિ મહોત્સવ દ્વારા બજાર અને માંગ આધારિત ખેતી, ખેતી પાકનું મુલ્ય વર્ધિત, ટકાઉ ખેતી, સેન્દ્રીય ખેતી અને ગુણવત્તા યુક્ત ઉત્પાદન સાથે ટપક પદ્ધતિ ધ્વારા પિયત અને પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરી ક્રોપિંગ ઈન્ટેસિટી વધારી છે. દેશમાં અને રાજ્યમાં સૌ પ્રથમ કૃષિ ક્ષેત્રે ખેડૂતોની ચિંતા કરી હોય તો રાજ્યના માત્રને માત્ર મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે અને કૃષિ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કરી છે. આ કૃષિ મહોત્સવ થકી ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં, ખેત તલાવડી, ચેકડેમ, તળાવો ઊંડા કરી જળસંગ્રહનું કામ કર્યુ હોય તો માત્રને માત્ર અમારી સરકારે કર્યુ છે. કૃષિ મહોત્સવ થકી રાજ્યના ખેડૂતોને સાચું માર્ગદર્શન મળવાના કારણે રાજ્યનું કૃષિ ઉત્પાદન ૯,૦૦૦ કરોડનું હતું, તે કૃષિ મહોત્સવના કારણે ૩૨,૦૦૦ કરોડે પહોંચ્યું છે. કૃષિ મહોત્સવના પરિણામને લઈને ગયા વર્ષમાં શેરડીનું ઉત્પાદન ૧૧ લાખ ટન હતું, તે ચાલુ વર્ષે કૃષિ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીના અથાગ પ્રયત્નોને કારણે કૃષિ રથના સફળ આયોજનને લીધે શેરડીનું ઉત્પાદન ચાલુ સાલે ૧૪ લાખ ટન થનાર છે. આટલાં વર્ષોથી ભૂતકાળની સરકારે માત્ર ગાણા ગાયા છે. કોઈ નક્કર પરિણામો લાવેલ નથી, તેથી આ દેશની અંદર મહારાષ્ટ્ર હોય, આંધ્ર પ્રદેશના અનેક ખેડૂતોએ આત્મહત્યા કરી છે. મારે દુ:ખ સાથે જણાવવાનું કે ત્યાં આગળ કોંગ્રેસનું શાસન છે. અત્યારે કોંગ્રેસ શાસનકર્તાઓ પ્રશ્નને ઉકેલવામાં નિષ્ફળ ગયા છે, ત્યારે ગુજરાતમાં કુશળ મહેનત કર્તા, સફળ કાર્ય અને કાર્ય પદ્ધતિથી આગળ વધતા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજ્યના માનનીય કૃષિ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કૃષિ સાથે એક પ્રકારનો ભાવ ઊભો કરી ખેડૂતોને સુખ દુ:ખમાં ભાગીદાર થઈ ખેડૂતોને આત્મહત્યા કરવાના દિવસો ન જોવા પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ કર્યુ છે, ત્યારે કેન્દ્રની કોંગ્રેસની સરકારે એમના કરતૂતો ઢાંકવા માટે ગુજરાતમાં એવી પરિસ્થિતિનું નિર્માણ થાય તેવી નેમ લઈને બેઠી હોય તેવું લાગે છે. મારે વિરોધ પક્ષના મિત્રો જશાભાઈ અને હાલમાં પ્રવીણભાઈએ વાત કરી વીજળીની. કૃષિ ઉત્પાદન ૯,૦૦૦ કરોડથી વધીને ૩૨,૦૦૦ કરોડ થયું છે, છતાં ખેડૂત પાયમાલ છે, કારણ કે તેમને ૬ થી ૮ કલાક વીજળી મળે છે. મારા સાથી મિત્રોને વિનંતી છે કે આપના કેન્દ્રમાંથી ગુજરાતને ફાળે આવતી જે વીજળી હતી ૨૦૮ મેગાવોટ વીજળી એ મહારાષ્ટ્રને આપી દીધી છે, તે જ અપાવશો તો સાચી લાગણી ખેડૂતો પ્રત્યે બતાવી તેવું માનીશું. વિવિધ કૃષિ મહોત્સવ થકી આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કૃષિ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની આગવી સૂઝને કારણે કૃષિ મહોત્સવની સફળતાને લઈને સુરત ખાતે ૨૪-૩-૨૦૦૭ ના રોજ દક્ષિણ ગુજરાતના ૩,૦૦૦ જેટલા ખેડૂતોએ એકત્રિત થઈને મૂલ્ય વૃદ્ધિ અને ખેત પેદાશો માટે આવનારા દિવસોમાં ટર્મીનલ માર્કેટ અને એગ્રો ફુડ પાર્ક બનાવવા માટે ચિંતન શિબિર કરી આ વિષય ઉપર ચિંતન સાથે આગળ વધવાની તૈયારી સાથે ઠરાવ પણ કરવામાં આવેલ છે. દક્ષિણ ગુજરાત એક એવો વિસ્તાર છે કે જ્યાં ફળ, શાકભાજી અને મોટામાં મોટો કેચમેન્ટ વિસ્તાર છે અને તે માટે સુરત એ.પી.એમ.સી. એ વાઈબ્રન્ટ ગુજરાતમાં ૫૦૦ કરોડના એમ.ઓ.યુ. કરેલ છે. આ પ્રોજેકટ થકી સમગ્ર ગુજરાત અને આજુબાજુના ખેડૂતોને લાભ થશે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી વિકાસલક્ષી, વધારાના કરબોજ વગરનું પુરાંતવાળું બજૅટ લઈને આવ્યા છે અને ખૂબ પીઢ અને અનુભવી નાણામંત્રી છે તેમને હું હ્રદયપૂર્વકના અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમૃદ્ધ અને વિકસિત ગુજરાતનું સ્વપ્ન સાકાર થતું હોય તેવું આ બજૅટ ઉપરથી લાગે છે. ગુજરાતના વિકાસની ગાથા ઠેરઠેર ગવાતી થઈ છે. ગામડાના છેડાવાના ગરીબ અને અભણ માનવીથી માંડીને શહેરનો શિક્ષિત સમૃદ્ધ માણસ ગુજરાતના વિકાસની ચર્ચા કરતો થયો છે. લોકોમાં *મારા* ગુજરાતની, *મારું* ગુજરાતની ભાવના ઉત્પન્ન થઈ છે. મારી દૃષ્ટિએ મુખ્યમંત્રીશ્રીએ જે જનભાગીદારીનો નૂતન અભિગમ અપનાવ્યો છે તેનું આ સફળ પરિણામ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક વાર હોંગકોંગ ગઈ હતી. ત્યાં બસમાં બેઠી હતી. સાથે મારા ગેસ્ટ હતા તો તેમણે બસમાં દસ ડોલર નાખ્યા. મેં તેમને કહ્યું કે આમાં તો સાત ડોલર લખેલા છે તમે દસ ડોલર કેમ નાખ્યા? તો તે કહે કે આ બસ અમારા માટે છે, આમાં ત્રણ ડોલર વધારે જાય તો કંઈ વાંધો નહીં. આ બધી સેવાઓ અમારા માટે છે. આવી ભાવના ગુજરાતમાં જનભાગીદારીથી ઉભી થઈ છે તેવું મને લાગે છે. જ્યાં સુધી મારું ગુજરાત આવી ભાવના ઉત્પન્ન ન થાય ત્યાં સુધી આપણો સાચો વિકાસ ન થાય. માનનીય અધ્યક્ષશ્રી, વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૦૬, હું ત્યાં હાજર હતી. વાઈબ્રન્ટ ગુજરાતની અંદર ખરેખર મારી દૃષ્ટિએ આ એક ઔદ્યોગિક વિકાસનું એક સીમાચિહ્ન હતું. દેશ વિદેશના ઉદ્યોગપતિઓ અને તમામે તમામ ક્ષેત્રના તજજ્ઞો આ વાઈબ્રન્ટ ગુજરાતમાં હાજર હતા. અમદાવાદ ઉદ્યોગપતિઓ અને તજજ્ઞોથી ધમધમતું થયું હતું. આ ઉદ્યોગોનું કેન્દ્ર સ્થાન કચ્છ બન્યું છે. કચ્છ આજે ઉદ્યોગોથી ધમધમતું થયું છે. કચ્છને સિંગાપોર બનાવવાનું માનનીય મુખ્યમંત્રીશ્રીનું સ્વપ્ન સાકાર થતું હોય તેવું દેખાય છે. રાત્રે તમે ત્યાંથી નીકળો તો ચારેબાજુ ઝળહળતા દીવાઓ તમને દેખાય અને તમને એવું ન લાગે કે તમે કચ્છમાં આવ્યા છો. આજે આવો વિકાસ કચ્છનો થયો છે. હું એટલું કહીશ કે ભૂકંપ પછી જે ભેંકાર બની ગયું હતું કચ્છ તેને તમામ ક્ષેત્રોમાં વિકાસની તકો આપવામાં આવી છે. અમારી જે કંઈ માગણીઓ હતી તે તમામ માગણીઓ મહદ્અંશે પૂરી કરવામાં આવી છે. થોડીક માગણીઓ બાકી છે તેની પણ વાત કરીશ. કચ્છનું જનજીવન ધબકતું કરવામાં જે ફાળો ગુજરાત સરકારે આપ્યો છે તેમાં ખાસ કરીને માનનીય મુખ્યમંત્રીશ્રીએ વારંવાર કચ્છમાં આવીને લોકોની પૃચ્છા કરી છે. કચ્છના પ્રશ્નો સમજ્યા છે. જે કંઈ યોજનાઓ આપી છે તેનું મૂલ્યાંકન કર્યુ છે અને કેટલી પ્રગતિ થઈ છે તેની નોંધ લીધી છે. કચ્છમાં આવીને ઉત્સવો ઉજવ્યા છે. જેથી કરીને માનસિક તનાવ કચ્છના લોકોનો હતો તે દૂર કરવા માટેનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. કચ્છી નવું વર્ષ મુખ્યમંત્રીશ્રીએ આવી અને કચ્છમાં ઉજવ્યું. લાખો લોકોની હાજરીમાં ઉજવ્યું. શરદોત્સવ, રણોત્સવથી લોકોનો માનસિક તનાવ દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે.

કચ્છના ઉદ્યોગોના જે થોડાક પ્રશ્નો રહી ગયા છે તે ધ્યાને મૂકું છું. થોડુંક કામ બાકી છે. એક તો ખાસ કરીને ઉદ્યોગોના લીધે જે પર્યાવરણના પ્રશ્નો છે. મહદ્અંશે ઊકલ્યા છે, ખૂબ ધ્યાન આપવામાં આવ્યું છે, ઉદ્યોગપતિઓએ ચીમની ઉપર નાખી છે અને ખૂબ સારું કર્યુ છે પણ સાથે સાથે મારે એક વિનંતી કરવી છે કે, વન અને પર્યાવરણના મંત્રીશ્રીએ વિશેષ ધ્યાન આપવાની જરૂર છે કે દરેક ઉદ્યોગો એ વૃક્ષોથી આચ્છાદિત થાય એ ઉદ્યોગો ઉપર આવતા રોડ ઉપર પણ વૃક્ષો વાવવામાં આવે, એક કિલોમીટરની રેન્જની અંદર અને તમામ કદના વૃક્ષો એ તમામ રસ્તાઓ ઉપર પણ વૃક્ષો વાવવામાં આવે અને એ ઉદ્યોગોની આજુબાજુના ગામડાઓમાં પણ ઉદ્યોગપતિઓનો સાથ અને સહકાર લઈને વન વિભાગ એમાં સાથ આપે અને વૃક્ષો ખૂબ જ વાવવા જોઈએ જેથી કરીને પર્યાવરણનો જે પ્રશ્ન છે એ આપણે આ વૃક્ષો દ્વારા હલ કરી શકીએ એ પણ મારે ખાસ વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ( સમયસૂચક ઘંટડી) એ સાથે સાથે મારે મહિલા અને બાળ વિકાસની પણ વાત કરવી છે પણ એટલું તો કહીશ કે કચ્છના અમારા પ્રશ્નો છે એમાંય ખાસ કરીને આરોગ્ય ક્ષેત્રમાં ખૂબ કામ થયું છે પણ કચ્છમાં મૅડિકલ કૉલેજની ખૂબ જરૂર છે, કચ્છમાં મૅડિકલ કૉલેજ આપવામાં આવશે તો જ અમારા છેવાડાના વિસ્તારમાં મૅડિકલના પ્રશ્નો હલ થશે, અત્યારે અમને મૅડિકલની ખૂબ તકલીફ છે,

સાથે સાથે ટીમ્બર ઝોન કચ્છમાં જાહેર કરવામાં આવ્યો છે એ માટે હું આભાર માનું છું પણ એ ટીમ્બર ઝોન તાત્કાલિક કાર્યરત થાય, એ માટેની ઝડપી કાર્યવાહી થાય એવી પણ મારી વિનંતી છે.

લીગ્નાઈટ સ્થાનિક ઉદ્યોગોને આપવાની જે વાત છે એ ખૂબ જ આવકાર્ય છે પણ સાથે સાથે લીગ્નાઇટનું પરિવહન ન કરવું એ જાતની જે ચર્ચાઓ થઈ રહી છે એ બાબતે હું ખાસ વિરોધ નોંધાવું છું એ એટલા માટે કે જે ટ્રાન્સપૉર્ટની અંદર જે લોકોને રોજગારી મળે છે એને અસર થશે.

**શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહની અંદર માનનીય નાણા મંત્રીશ્રી ૨૦૦૭-૦૮ના વર્ષ માટેનું બારમું બજૅટ લઈને આવ્યા છે ત્યારે હું એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજૅટ મૂડીવાદી અને ઉદ્યોગપતિઓને પોષનારુ અને પ્રોત્સાહન આપનારું બજૅટ છે, આ બજૅટ, માત્ર આંકડાની અને શબ્દોની માયાજાળવાળું બજૅટ છે એનાથી આગળ વધીને કહું તો આ બજૅટમાં ખેડૂતો, ખેતમજૂરો, નાના કારીગરો, ગરીબ માણસો અને છેવાડાના માનવીની ક્યાંય ચિંતા કરવામાં આવી નથી, ટૂંકમાં કહું તો " છે ગરીબોના કૂબામાં તેલનું ટીપુંય દોહ્યલું, અને શ્રીમંતોની કબરો ઉપર ઘીના દીવા થાય છે. " આ માત્રને માત્ર મૂડીવાદીઓ, ઉદ્યોગપતિઓ અને માલેતુજાર લોકો માટેનું બજૅટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની વાત કરું તો, આજે માનનીય સભ્યશ્રી મોહનભાઈએ વાત કરી કે ગુજરાતના ખેડૂતો કાજુ પકવતા થયા છે, ત્યારે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, ખેડૂતોને ૧૪ કલાક પાવર આપવાનું વચન આપનારી આ સરકાર માત્ર ૬ કલાક પણ પૂરા વૉલ્ટેજથી વીજળી આપી શકતી નથી ત્યારે કાજુની ખેતી એક બાજુ રહી, માનનીય અધ્યક્ષશ્રી, કાજુની ખેતીની વાત સાચી પણ એ કાજુની ખેતી કરવાવાળા જે કંઈ આવ્યા છે એ મૂડીવાદી માણસો બે નંબરની આવક (અંતરાય) માનનીય જયંતિભાઈ, સાંભળો, હું જ્યારે તમે બોલતા હતા ત્યારે મેં તમને શાંતિથી સાંભળ્યા છે, આપ શાંતિથી સાંભળો.

માનનીય અધ્યક્ષશ્રી, અઢળક બે નંબરના પૈસા લઈને આ વાઈટ બનાવવામાં આવ્યા છે અને એ લોકો કાજુની ખેતી કરે છે, પણ આજે જે સાચો ખેડૂત છે એને તો વાડીમાં પૂરી વીજળી પણ મળતી નથી, એને પૂરા વૉલ્ટેજથી વીજળી મળતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૨ના વીજ કનેકશનો પણ આજ સુધી મળેલા નથી. ( સમયસૂચક ઘંટડી ) માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાન્સમીટર બળી જાય છે ત્યારે પંદર પંદર દિવસ સુધી એ ખેડૂતોને ટ્રાન્સમીટર મળતા નથી ત્યારે જ્યારે આવી સ્થિતિ ખેડૂતોની હોય ત્યારે ખેડૂતો કાજુ પકવતા થયા છે એવું કહેવામાં આવે છે એ બરાબર નથી.

માનનીય સહકાર મંત્રીશ્રી, સી.ડી. પટેલ સાહેબે વાત કરી કે ખેડૂતોને પાણીની જરૂર નથી પણ હું ચોક્કસ કહેવા માગું છું કે, ખેડૂતોને પાણીની જરૂર છે, વીજળીની જરૂર છે, સારા બિયારણની જરૂર છે, સારી ખેડ માટે ટ્રૅક્ટરોની જરૂર છે, ઉત્પાદન ચોક્કસ વધ્યું છે પણ ઉત્પાદન ખર્ચ પણ વધ્યું છે. એ વાત કોઈ કરનારું નથી. ઉત્પાદન ખર્ચમાં આજે ૩૦૦ થી ૪૦૦ ટકાનો વધારો થયો છે, જ્યારે યુરિયા ખાતર ૧૦૦ રૂપિયાના ભાવે મળતું હતું ત્યારે મગફળીનો ભાવ ૪૫૦ થી ૫૦૦ રૂપિયા હતો, આજે મગફળીના ભાવ વધીને ૭૦૦ રૂપિયા ભાવ થયો છે ત્યારે એ જ યુરિયા ખાતર અને રાસાયણિક દવાઓના ભાવમાં ૩૦૦ થી ૪૦૦ ટકાનો વધારો થયો છે. ઉત્પાદન ખર્ચ વધવાના કારણે ખેડૂતોને જે કોઈ નફો મળે છે એ નફો ઓછો થઈ જાય છે. ઉત્પાદન વધ્યું, આવક વધી, આવકના આંકડા વધ્યા છે પણ આ ખર્ચ ઘણો વધ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાણીની છેલ્લે વાત કરી લઉં. પાણીની વાત મારા કચ્છના જ સાથી મિત્ર શ્રી નરેન્દ્રભાઈ જાડેજાએ કરી છે કે, નર્મદાનું પાણી આવ્યું અને પહેલા બાબુભાઈને નવડાવ્યા. પરંતુ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, નર્મદાના પાણી માટે લાઈન નાંખી છે એમાં આજની તારીખે પાણી પહોંચ્યું ન હોવાથી આ લાઈનો કાઢી નાંખવાની તૈયારીમાં છે. એ લાઈનો બગડી ગયેલ છે. આજની તારીખે ૩૯૮ કરોડના ખર્ચે નર્મદાની પાઈપ લાઈનો ગોઠવી છે એ માત્ર પાઈપો જ ગોઠવી છે એમાં પાણી વહેવડાવવામાં આવતું નથી. આ ગૃહમાંથી માનનીય મંત્રીશ્રી જવાબ આપે એના પહેલા મારા સાથી મિત્રોએ જવાબ આપ્યો કે લાઈનો પહોંચાડવાની વાત હતી પાણીની જવાબદારી અમારી નથી. લાઈનો નાંખી છે એમાં પાણી મોકલવાની વાત છે. અત્યારે ઉનાળાના દિવસો જ્યારે આવી રહ્યાં છે ત્યારે છેલ્લો મારો દુર્ગમ વિસ્તાર છે જે બન્ની-પચ્છમનો વિસ્તાર છે ત્યાં હોડકો, ડુમાડો, સાડઈ, ભીરડીયારા, દદશ્વર નાની-મોટી ત્યાં આજની તારીખે માણસોને પીવાનું પાણી મળતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા વિનંતી કરું છું કે, મારા વિસ્તારમાં પીવાનું પાણી પહોંચાડો. કારણ કે લાઈનો છે એમાં નર્મદાનું પાણી ન પહોંચતું હોય તો ત્યાં સુધી ટૅન્કરથી પણ પાણી પહોંચાડવાની વ્યવસ્થા થાય તો આ પીવાના પાણીનો પ્રશ્ન સોલ થઈ શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જ્યારે વેટનો ગુજરાતમાં અમલ કરાવીને કરવેરામાં ભારણ કરી બેવડી નીતિ ચાલુ રાખીને ૪ હજાર કરોડ રૂપિયા ગુજરાતની પ્રજા પાસેથી વસૂલ કર્યા છે. મહેસૂલી આવક ૨૬૨૮૧ કરોડ અંદાજવામાં આવી હતી જેની સામે સુધારેલા અંદાજમાં રૂા.૩૦૪૪૯ કરોડ સરકારને પ્રાપ્ત થયા છે. આમ ૪ હજાર કરોડ લીધા પછી માત્ર ૪૦૦ કરોડની રાહતો ઈલેકિટ્રસિટી ડ્યૂટીમાં આપીને ૪૦૦ કરોડની રાહતો આપી છે એવી સરકાર જાહેરાત કરે છે એ સરકાર માટે શરમજનક છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા જે બજૅટ લઈને આવ્યા છે એના સમર્થનમાં બોલવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશમાં અર્થકારણના જે જાણકાર લોકો છે એમણે જે અભિપ્રાયો આપ્યા છે કે, ગુજરાતનું આ બજૅટ છે એ વંડરફુલ બજૅટ છે. કેટલાકે એવું કહ્યું છે કે, 'ગુજરાતમેં કયા હોતા હૈ દેખીએ.' ગુજરાત જે દિશામાં પ્રગતિ કરી રહ્યું છે એ આ બજૅટના કારણે જોઈ શકાય છે. માનનીય અધ્યક્ષશ્રી, બજૅટના આંકડા જોઈએ તો એમાં સ્પષ્ટ દેખાય છે કે છેવાડાના માણસની એમાં સતત ચિંતા કરવામાં આવી છે. શાસક કયાં આગળ જઈ રહ્યાં છે એ બજૅટના આધારે જોઈ શકાતું હોય છે. એક બાજુ વાઈબ્રન્ટ ગુજરાતનો કાર્યક્રમ ચાલતો હતો, કરોડો-કરોડોનું ઈન્વેસ્ટ ગુજરાતમાં થઈ રહ્યું હતું ત્યારે રાજયના મુખ્યમંત્રીશ્રી એક ગરીબ-અપંગ એવા લોકોની વચ્ચે જઈને ઉત્સવ ઉજવે છે. ધાર્યું હોત તો એ બીજા કોઈ ઉદ્યોગપતિની સાથે રહીને ઉત્સવ ઉજવી શકતા હતા. એમના હૃદયમાં જે ભાવના પડી હતી એ પ્રતિપાદિત થાય છે. અત્યારે જે વાઈબ્રન્ટ ગુજરાત મહોત્સવ અને ઈન્વેસ્ટમેન્ટ થયું છે એના કારણે જે અત્યારે હાલ બહારથી રોકાણ આવ્યું છે એ રોકાણના નાણાં જે ગુજરાતમાં આવ્યા એ ગુજરાતમાં નાણા કયાં પહોંચાડવાના છે? તો એ પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ બતાવ્યું છે કે બિલકુલ

નિરાધાર તરીકે બેઠેલા અને ૫૦-૫૦ વર્ષોથી જેને કૉન્ગ્રેસે ભોળવીને પોતાની વોટ બૅન્ક બનાવીને રાખ્યા છે અને છતાં જેનો વિકાસ નથી થઈ શક્યો એવો આદિવાસી પટ્ટો જે કહેવાય એના માટે ૧૫ હજાર કરોડની જોગવાઈ કરવામાં આવી છે. બીજા બિલકુલ સાગર કિનારે રહેવા વાળો આખો સમાજ હજુ સુધી જોઈએ એટલા પ્રમાણમાં એનો વિકાસ નથી થયો એના માટે બહારના ઉદ્યોગપતિઓના નાણા જે ગુજરાતમાં આવ્યા અને એ નાણાના માધ્યમથી આ છેવાડાના માનવીને તૈયાર કરીને સક્ષમ બનાવવા માટેનું કામ માનનીય મુખ્યમંત્રીશ્રી એ લીધું છે. ગામડું બેઠું થાય અને એ માટે ખૂબ સારી રીતે..(અંતરાય)

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે.**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, માનનીય સભ્યશ્રી શંકરભાઈનું બજેટ પરનું વક્તવ્ય પૂરું થાય ત્યાં સુધી, પાંચ મિનિટનો સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : સૌ સંમત છે ( થોડીવાર બાદ ) સભાગૃહનો સમય પાંચ મિનિટ લંબાવવામાં આવે છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, કેટલાંક વર્ષો પહેલાં ગામડું કેવું હતું? અમે ગામડાંની અંદર ઉછરીને મોટાં થયા. ગામડાંની અંદર જઈએ એટલે કાદવ, કીચડ અને ચોમાસાની સીઝન હોય, બહેનોને પાણી ભરવા જવું હોય, ઉંચા કપડાં કરી કરીને બહેનો જાય અને ગામના આગેવાનોને શરમ આવે એવી સ્થિતિ હોય. કયાંય ગામની અંદર રોડ તો દેખાય જ નહીં. પંચાયત ઘર, પંચાયત હોય પરંતુ ઘર જ ના હોય. સરપંચનું ઘર કે ઝૂંપડું હોય ત્યાં આગળ જ બેસવાનું હોય. મકાન સહાય પેટે કોઈ યોજના આવે ત્યારે ૧૫ હજાર, ૧૬ હજાર કે ૧૮ હજાર રૂપિયા આપે જેના કારણે મકાન બને જ નહીં. આજે આખા રાજયની અંદર ફરો તે વખતનું એક પણ મકાન આપણને જોવા ના મળે. બસ પણ ત્યાં આગળ જવી મુશ્કેલ જ હોય કારણકે જોડતો રસ્તો જ ગામડાંનો ના હોય. ગામની અંદર પાકા રસ્તાની તો વાત જ નહીં પીવાના પાણી માટે પાંચ પાંચ, દશ દશ કિલોમીટર અમુક ટાઈમે તો બહેનો જાતે માથે બેડું ઉપાડીને પાણી લાવે. સેનીટેશન માટેની કલ્પના જ અત્યારે કરીએ તો થઈ જ ના શકે. વીજળી તો ગામડાંની અંદર જે અભ્યાસ કરતો વિદ્યાર્થી માત્ર દીવડાના આધાર ઉપર પોતાની કારકિર્દી બનાવતો હોય. શિક્ષણની અંદર શિક્ષકો જ નહીં વર્ગખંડની અંદર એક વર્ગખંડની અંદર બે-બે, ત્રણ-ત્રણ ધોરણ બેઠેલાં હોય. બી.પી.એલ.ના લાભાર્થીઓની જ્યારે યાદી બનાવવામાં આવે ત્યારે ગામની અંદર બેઠેલા કોઈક એક બે વ્યકિત તે પોતે જે ગામના આગેવાન હોય, પોતે સક્ષમ હોય બી.પી.એલ.ની યાદીની અંદર બધા નામો તેમનાં જ હોય. ગરીબ માત્ર ગરીબ જ રહે તે તો સ્વભાવિક રીતે તેમની સરકારમાં તો એવું જ થાય કારણકે તેમની વોટ બેન્ક હતી અને જો ગરીબ ગરીબીમાંથી બહાર નીકળી જાય તો વોટ બેન્ક ઓછી થઈ જાય. એટલે સતત તે વોટ બેન્કનું તેમણે ધ્યાન રાખ્યું કે ગરીબ ગરીબ જ રહેવો પડે. માફીયાગીરી જેવું આખું તંત્ર તે વખતે ચાલતું. ગામની અંદર ગ્રામ સભા કોઈ દિવસ ભરાય જ નહીં. રેકર્ડ ઉપર ઠરાવ થાય પરંતુ નામ જ ના હોય. ગામડું ભાંગી જાય. ગામડાંનો માણસ શહેર તરફ પ્રયાણ કરવા લાગ્યો. ગામડાંની અંદરથી વસતિ બધી શહેર તરફ જવા માંડી. કેવી સ્થિતિ રાષ્ટ્રીય પર્વ પંદરમી ઓગસ્ટ કે છવ્વીસમી જાન્યુઆરી ઉજવવાની હોય ત્યારે ગામના શિક્ષક, પ્રાથમિક શાળાના આચાર્ય હોય તે ગામના સરપંચને કહે કે સરપંચ સાહેબ આ વિદ્યાર્થીઓને કંઈક મમરા કે મીઠાઈ કે એવું વેંચીએ આજે આવુ સરસ રાષ્ટ્રીય પર્વ છે તો કંઈક થોડાં રૂપિયાની વ્યવસ્થા કરો. તો સરપંચ કહે એક રૂપિયો પંચાયત પાસે નથી. મારે લાવવા કયાંથી? ચોકલેટ તો હોય જ નહીં. ઘરના પૈસા આપે તો ભલે નહીંતર પંચાયતનું તળિયું ઝાટક હોય. આજે શું સ્થિતિ છે?

આજે ગુજરાત કયાં પહોંચ્યું છે તેની કલ્પના કરીએ પહેલી વખત ગામની અંદર જ્યારે ૧૯૯૫ની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી નક્કી કર્યુ કે ગામડાંના વિકાસ માટે ૨ લાખ ૩ લાખ રૂપિયા આપવાની વાત થશે. સાહેબ, લોકો માનતા નહોતા અરે, હોય? બની શકે? ગામડાંને વળી પૈસા મળે? અહીંયા મીઠાઈ માટે પંદરમી ઓગસ્ટે પૈસા ના હોય અને ૨ લાખ રૂપિયા આપશે ? લોકો વિશ્વાસ નહોતા કરતા સાહેબ, આજે કરોડો કરોડો રૂપિયા પહોંચ્યા છે. સિમેન્ટનો રસ્તો ગામમાં બનશે આવી વાત જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી ત્યારે લોકોને વિશ્વાસ નહોતો પડતો. ગામડાંની અંદર પાકા રસ્તા અત્યારે બન્યા છે. પંચાયત ઘર અત્યારે આખા રાજયની અંદર બની રહ્યાં છે. એટલું જ નહીં અત્યારે ઈન્ટરનેટના માધ્યમને લઈને દુનિયા આખી ગામડાંથી જોડવા માટેનું એક મોટું અભિયાન તૈયાર થઈ રહ્યું છે. મકાન સહાય માટે જે ૧૬ કે ૧૭ હજાર હતા તેની જગ્યાએ ૪૦ કે ૫૦ હજાર રૂપિયા આપી અત્યારે પાકા રહેવા લાયક મકાન આ સરકારની અંદર બની રહ્યાં
છે. ગામડાંને તમામ પાકા હાઈવેથી જોડવાનું આખું નૅટવર્ક તૈયાર થઈ ગયું. પ્રધાન મંત્રી સડક યોજના અંતર્ગત પીવાના પાણી માટે ૨-૩ કિલોમીટર બહેનોને જવું પડતું હતું તેની જગ્યાએ જે પ્રમાણે શહેરોની અંદર ચકલું નળ ખોલે અને પાણી મળે તે પ્રમાણે અત્યારે ગામડાંની અંદર બહેનોને પોતાના ઘરની અંદર નળ દ્વારા પાણી મળે છે. બહેનો માથેથી આ પાણીના બેડાનો જે બોજ હતો તે ભારતીય જનતા પાર્ટીની સરકારે ઓછો કર્યો છે. વીજળી ગામડાંનો વિદ્યાર્થી અને શહેરનો વિદ્યાર્થી ભલેને અભ્યાસ કરવાનો હોય, પેપર એક જ દશમાનું અને બારમાનું હોય. પેપર એક આપવાનું બહાર બેઠેલાં વિદ્યાર્થીને ચોવીસ કલાક લાઈટ મળતી હોય અને ગામડાંના વિદ્યાર્થીને દીવડે ભણવું પડે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૨૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા.૮મી માર્ચ, ૨૦૦૭ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું. :**

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા. ૮મી માર્ચ, ૨૦૦૭**
**ફાલ્ગુન ૧૭, ૧૯૨૮ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## સુરેન્દ્રનગર જિલ્લામાં ફડચામાં ગયેલી સહકારી મંડળીઓ

***૧૯૪૮૯ શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં ફડચામાં લઈ જવામાં આવેલી તાલુકાવાર કુલ કેટલી સહકારી મંડળીઓ છે?

(૨) તે પૈકી કેટલી સહકારી મંડળીઓ કાયદા મુજબની સમય મર્યાદામાં આટોપી લેવામાં આવેલ નથી, અને

(૩) આવી ફડચામાં લઈ જવાયેલ સહકારી મંડળીઓના હિસાબો કેટલા વર્ષથી બાકી છે?

**સહકાર મંત્રીશ્રી:**

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૧૭૦ સહકારી મંડળીઓ ફડચામાં લઈ જવામાં આવેલી. તાલુકાવાર સહકારી મંડળીઓની માહિતી નીચે મુજબ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | વઢવાણ | ૫૦ | ૬ | મુળી | ૦૪ |
| ૨. | ધાંગધ્રા | ૨૭ | ૭ | ચોટીલા | ૧૨ |
| ૩. | દસાડા | ૨૩ | ૮ | સાયલા | ૦૪ |
| ૪. | લખતર | ૦૭ | ૯ | લીમડી | ૨૬ |
| ૫. | હળવદ | ૧૬ | ૧૦ | ચુડા | ૦૧ |

(૨) સમય મર્યાદા બહારની એક પણ મંડળી નથી.

(૩) ફડચા મંડળીઓના હિસાબો લખવાના બાકી નથી.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જવાબ આપ્યો છે કે સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ સહકારી મંડળીઓ જે ફડચામાં ગઈ એમાંથી અલગ અલગ પ્રકારની મંડળીઓ છે. એમાં ખેતી વિષયક કેટલી મંડળીઓ ફડચામાં ગઈ અને વઢવાણ તાલુકામાં ૫૦ સહકારી મંડળી ફડચામાં ગઈ છે અને બાકી કેટલી રહી છે અને બાકી રહેતી સહકારી મંડળીઓએ પોતાનો ઓડિટ અહેવાલ બે વર્ષથી વધારે સમયથી રજૂ ન કર્યો હોય એવી મંડળીઓ કેટલી છે?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વઢવાણ તાલુકામાં ૫૦ સહકારી મંડળીઓ ફડચામાં ગઈ છે. તા.૧-૪-૦૬ થી તા.૩૧-૧૨-૦૬ સુધીમાં બીજી ૧૮ મંડળીઓ ફડચામાં ગઈ છે. જયાં સુધી ઓડિટનો સવાલ છે ત્યાં સુધી સહકારી મંડળીઓનું ઓડિટ નિયમિત થાય છે. ખેતી વિષયક સહકારી મંડળીઓની વાત કરી છે એમણે તો સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ સેવા સહકારી મંડળી ૩૧, દૂધ સહકારી મંડળી ૧૬, હાઉસિંગ સહકારી મંડળી ૫૩, સામૂહિક ખેતી વિષયક સહકારી મંડળી ૮, ગ્રાહક સહકારી મંડળી-૪, શરાફી સહકારી મંડળી-૭, સિંચાઈ સહકારી મંડળી-૬, ગોપાલક સહકારી મંડળી -૧૨, વૃષ મંડળી-૩, મજૂર સહકારી મંડળી -૧૮ છે. કુલ ૧૭૦ સહકારી મંડળીઓના ઓડિટનો સવાલ છે ત્યાં સુધી એમણે જે પ્રશ્નો કર્યા છે તો ઓડિટ ૧૦ વર્ષની સમય મર્યાદામાં સહકારી મંડળીઓનું થવું જોઈએ. એમાં કુલ ૧૯ મંડળીઓ એવી છે કે જેનું એક પણ વર્ષનું બાકી નથી. બે વર્ષથી વધારે બાકી હોય એવી -૩૨, ત્રણ વર્ષથી વધારે બાકી હોય એવી-૬૨, ચાર વર્ષથી વધારે બાકી હોય એવી-૩૮, પાંચ વર્ષથી વધારે બાકી હોય એવી-૩ મંડળીઓ, છ વર્ષથી વધારે બાકી હોય એવી-૯, સાત વર્ષથી વધારે બાકી હોય એવી-૨, નવ વર્ષથી વધારે બાકી હોય એવી-૨ અને ૧૦ વર્ષથી વધારે બાકી હોય એવી બે છે. સમયમર્યાદામાં ઓડિટ થવું જોઈએ. આ ઓડિટ સમયાંતરે થાય છે. એક મંડળી એવી છે કે એનું ૧૩ વર્ષથી વધારે સમયથી ઓડિટ થયું નથી. હાઉસિંગ સહકારી મંડળીના પ્રયોજકો દફતર સાથે બહાર જતા રહેલા હોઈ કાયદેસરની કાર્યવાહી નોટિસ આપીને કરવાની પ્રક્રિયા હાથ ધરી છે.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે સહકારી મંડળીઓ છે એમની ઓડિટની પ્રક્રિયાનો પિરિયડ ખૂબ લાંબો છે. જેને કારણે ઉચાપત થાય છે. તો સહકારી મંડળીઓમાં દર છ મહિને ઓડિટ થાય તો ઉચાપત ન થઈ શકે. તો મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દરેક સહકારી મંડળીઓનું ઓડિટ દર છ મહિને થવું જોઈએ.

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઑડિટ અન્વેષણના નિયમ મુજબ વિવિધ રાજ્ય કક્ષાની, જિલ્લા કક્ષાની અને પ્રાથમિક સહકારી મંડળીઓનું ઑડિટ થાય છે અને થવું જોઈએ, પણ એમણે ૬ મહિના માટેની વાત કરી છે, જે આવશ્યક છે. જેમ કે નાગરિક સહકારી બૅન્કો તો એનું ઑડિટ ૩ મહિને અથવા તો વર્ષે થાય છે અને બાકીની જે જિલ્લા કક્ષાની અને રાજ્ય કક્ષાની સહકારી મંડળીઓ છે, એનું સતત આંતરિક અન્વેષણ થતું જ હોય છે, એટલે જે પ્રક્રિયા છે, તે પ્રક્રિયા બરાબર છે. જ્યાં સુધી ઘાલમેલ,ગોટાળો, છેતરપિંડીનો સવાલ છે ત્યાં સુધી પ્રાયોજક અને સહકારી ક્ષેત્રમાં કામ કરતાં આગેવાનોની આંતરિક ઊંચાઈ કેટલી છે, તેના ઉપર આધાર રાખે છે. સમાજ સેવાની ભેખ લઈને બેઠેલા લોકો નિષ્ઠાપૂર્વક કામ કરે તો તે દિશામાં પ્રશિક્ષણ કરવું જોઈએ. સમાજના જાગૃત ધારાસભ્ય તરીકે આ દિશામાં સૌએ સાથ આપવો જોઈએ તેમ માનું છું.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે સામૂહિક ખેતી વિષયક મંડળીઓ ફડચામાં ગઈ જે અંગે સરકારશ્રીનો શું હેતુ હતો? સામૂહિક ખેતી સહકારી મંડળી જે ખેતી વિષયક છે તે અમુક સમાજના કચડાયેલા વર્ગને ખેતી કરવા માટે સામૂહિક મંડળીઓ આપી, તે સહકારી મંડળીઓ ફડચામાં ગયા પછી અમુક સમાજના લોકોએ તેને પુનઃજીવિત કરી તે જમીન જે લોકોને આપવા માટેની હતી, આપેલ હતી, તો તેવા લોકોના હાથમાંથી છીનવી લઈ અમુક લોકો માલિક થવા માગે છે તો તેને અટકાવવા માગો છો કે કેમ?

**શ્રી સી.ડી. પટેલ** : જે સહકારી મંડળી ખેતી વિષયક ફડચામાં ગઈ હતી તેવી બે સહકારી મંડળી છે અને એ સહકારી મંડળીને જે જમીન પ્રાપ્ત થઈ હતી તે જે તે સમયે ફડચામાં ગયેલ હોવાથી હવે એ બે સહકારી સંસ્થાઓની જમીન છે, જે સરકાર હસ્તક રહે છે, જેથી કોઈ પચાવી પાડવા માટેનો પ્રશ્ન ઊભો થતો નથી. ક્યાંય સભ્યશ્રી માહિતી આપશે તો સરકાર આ બાબતે સ્પષ્ટપણે નિયમને આધીન પગલાં લેશે એવી ખાતરી આપે છે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મંડળીને ફડચામાં લઈ જવા માટે રાજ્ય સરકારના નોર્મ્સ કયા કયા છે અને કુલ ૩૯ ખેડૂત સહકારી મંડળીઓ છે તો આ ૩૯ મંડળીઓને ફરી ચાલુ કરવા માટે અત્યારે ૭-૮ વર્ષ થઈ ગયાં છે, તો ફરી ચાલુ કરવા માટે કંઈ વિચારણા કરવા માગે છો? અથવા વિકલ્પે આ મંડળીઓ ફડચામાં ગઈ છે ત્યાં નવી વ્યવસ્થા કરી ખેડૂતોને ધિરાણ આપવા માગો છો કે કેમ?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન ખૂબ સરસ છે. આનંદ એટલા માટે છે કે આ સરકાર જે ગેરવહીવટ કરનાર સહકારી સંસ્થાનો વહીવટ પોતે લીધા બાદ નિયમોને આધીન એ સંસ્થા ફરીથી પુનઃજીવિત થાય અને લોકપયોગી કામ સહકારી સંસ્થા દ્વારા થાય તેવા પ્રયત્ન કરીશું. સુરેન્દ્રનગરને લાગે વળગે છે ત્યાં સુધી તા. ૧-૪-૨૦૦૬ થી તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધી કુલ ૮ મંડળીઓને પુનઃજીવિત કરી છે, એમાં આનંદપુરા ગોપાલક વસાહત સહકારી મંડળી, જાડિયાણા ગોપાલક વસાહત સહકારી મંડળી, અંબિકા સામૂહિક ખેત સહકારી મંડળી, કિસાન કૃષિ વેચાણ સહકારી મંડળી, આદરિયાણા, અંબિકા વિજય મજૂર સહકારી મંડળી, અરૂણોદય સામૂહિક સહકારી મંડળી, ગુજરવદી દૂધ ઉત્પાદક સહકારી મંડળી અને રાજસીતાપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી અને દૂધ ઉત્પાદકને લગતી સામૂહિક ખેત મજૂર અને સામાન્ય ગરીબ લોકો માટે છે એ લોકોને સેવાનો લાભ મળે એ માટે મંડળીઓને પુનઃજીવિત કરી છે. તેમના દ્વારા પ્રયત્ન ચાલુ છે, જે કાર્યરત છે એમના દ્વારા ખેડૂતોને પુરતું ધિરાણ મળે અથવા કામગીરી મળે એના માટેની આ સરકારે ચિંતા કરી છે. નોર્મ્સ જોઈતા હશે તો હું ટેબલ ઉપર મૂકીશ.

**શ્રી દિપસિંહ શં. રાઠોડ** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આમાં સામૂહિક ખેત મંડળીઓ જે ફડચામાં ગઈ છે, તો એનાં કારણો કયા છે અને આ મંડળીઓ પાસે કેટલી જમીન છે?

**શ્રી સી.ડી. પટેલ** : ફડચામાં જવાના કારણોમાં જે વ્યવસ્થાપક મંડળી છે એ જે તે સમયે નિયમબદ્ધ કામ નહિ કરવાને કારણે અને ધ્યેય વિરુદ્ધનું કામ થતા એનું નિયમોનુસાર સમયાંતરે ઑડિટ થયેલ છે અને એ થવાને કારણે આ ફડચામાં ગઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયાં સુધી બે સહકારી મંડળીઓની વાત કરી અને જે જમીનની વાત કરી છે તે જમીન સરકારે આપેલી છે એટલે સરકારે આપેલી આ જમીન હોવાથી જમીન સરકારમાં પરત થાય છે તેથી કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ધોરણ ૧૦ અને ૧૨ના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ

***૨૧૨૦૨ શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

ધોરણ ૧૦ અને ૧૨માં ઉત્તીર્ણ થયેલ અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે રોકડ ઈનામ આપવાની યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓને તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં કેટલી રકમના પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા?

**સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી :**

| નં | વર્ષ | વિદ્યાર્થીની સંખ્યા | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | **૧-૨-૦૫ થી ૩૧-૧-૦૬** | ૭ | **૨૧,૦૦૦** |
| ૨ | **૧-૨-૦૬ થી ૩૧-૧-૦૭** | ૩૪ | **૮૭,૫૦૦** |
| ૩ | **કુલ....** | ૪૧ | **૧,૦૮,૫૦૦** |

**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું આ રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું એટલા માટે કે ભૂતકાળની સરકારમાં જે અંધારું હતું તે અંધારુ દૂર કરીને રાજય સરકારે રાજયના ખૂણે ખૂણે પ્રકાશ ફેલાવ્યો છે ત્યારે રાજય સરકાર અને મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છુ. સાથે સાથે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે રોકડ ઈનામની રકમ કુલ કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમ આપવામાં આવી અને સરકાર આ રકમમાં કોઈ વધારો કરવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારે દરવર્ષે ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષા પૂરી થયા પછી ધોરણ ૧૦ માં પ્રથમ જે ૧ થી ૫ વિદ્યાર્થીઓ આવ્યા હોય તેવા પાંચ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨ ના ૪ પ્રવાહોમાં જે પ્રથમ ત્રણ વિદ્યાર્થી આવ્યા હોય તે એમ ચાર પ્રવાહના કુલ ૧૨ વિદ્યાર્થીઓ આમ ધોરણ ૧૦ અને ૧૨ના કુલ ૧૬ વિદ્યાર્થીઓને દરવર્ષે રોકડ ઈનામ રૂપિયા ત્રણ હજારથી માંડીને એક હજાર રૂપિયા સુધી આપે છે. આ રકમ જે ત્રણ હજારની છે તેના બદલે ૨૫ હજાર કરવા માટે રાજય સરકારની સક્રિય વિચારણા હેઠળ છે.

**શ્રીમતી રમીલાબેન બ. બારા :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ રોકડ ઈનામ આપવાની યોજના કયારથી અમલમાં આવી અને આ જે પ્રોત્સાહન ઈનામ આપવામાં આવે છે તેમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?

**શ્રી રમણલાલ વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીનું શાસનમાં ૨૦૦૧ના વર્ષથી રોકડ પુરસ્કાર આપવાની યોજના અમલમાં છે. આમાં જે તે વિદ્યાર્થીઓને ૩૦૦૦, ૨૫૦૦, ૨૦૦૦, ૧૫૦૦, ૧૦૦૦ રૂપિયા રોકડ પુરસ્કાર તરીકે આપવામાં આવે છે.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ અને ૧૨માં પ્રોત્સાહક ઈનામ આપવામાં આવે છે. તો આ રીતે ઉચ્ચ શિક્ષણમાં પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ધોરણ ૧૦ અને ૧૨ પૂરતો મર્યાદિત છે. સૂચન સારું છે. આગામી દિવસોમાં વિચારણા કરવામાં આવશે.

**ડૉ. અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દરવર્ષે ૧૭ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવે છે. આગામી વર્ષ ૨૦૦૫-૦૬માં કુલ ૭ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવેલ છે. તેમાં ૧૦ વિદ્યાર્થીઓ બાકી રહી ગયા છે તેને કયારે ઈનામ આપવામાં આવશે?

**શ્રી રમણલાલ વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, બે વર્ષના આંકડા છે. ધારાસભ્યશ્રી વિગતો માગે છે તે ધોરણ ૧૦ના ૭ વિદ્યાર્થીઓ અને બીજા વર્ષના ૩૪ વિદ્યાર્થીઓ આમ બે વર્ષના કુલ ૪૧ વિદ્યાર્થીઓને રોકડ ઈનામ આપવામાં આવેલ છે. આમ ગણીએ તો બે વર્ષના ૧૭ લેખે ૩૪ થાય પરંતુ ૧ થી ૫ ક્રમે જે વિદ્યાર્થીઓ આવ્યા હોય તેમાં એક સરખા ગુણ હોય તેવા વિદ્યાર્થીઓને પણ ઈનામ આપવામાં આવે છે એટલે ૩૪ ના બદલે ૪૧ ઈનામ આપવામાં આવ્યા છે.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો મુખ્યમંત્રીશ્રી અને સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રીને અભિનંદન આપુ છું કે વર્ષોથી કોંગ્રેસની સરકારે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ અભ્યાસ ન કરી શકે અને તેઓ આગળ ન વધી શકે તે માટેના પ્રયત્નો કર્યા છે. પ્રથમવાર ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી આવા વિદ્યાર્થીઓને ભણાવવા માટે અનેક યોજનાઓ બનાવી છે.

**અધ્યક્ષશ્રી .** : પ્રશ્ન ઉપર આવો આવો પ્લીઝ. પ્રશ્ન છે કે નથી?

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, પ્રોત્સાહિત રકમમાં જે ઈનામો આપવામાં આવે છે એ સામાન્ય પ્રવાહમાં કેટલા, વિજ્ઞાન પ્રવાહમાં કેટલા અને અન્ય પ્રવાહમાં કેટલા આપવામાં આવે છે, અને રીઝલ્ટ પછી કેટલા સમયમાં આપવામાં આવે છે?

**શ્રી રમણલાલ વોરા :** માનનીય અધ્યક્ષશ્રી, કોન્ગ્રેસ પોતાની નૈતિક હિંમત ગુમાવી બેઠી છે એને કારણે સ્વૈચ્છિક સંસ્થાઓ થકી માત્ર રેલીઓ કાઢવાનું કામ કરે છે પણ અનુસૂચિત જાતિના લોકોના હિતોનો વિચાર કરતી નથી. આ યોજના એ ભારતીય જનતા પાર્ટીના શાસનની યોજના છે. એમણે કહ્યું એ પ્રમાણે ધોરણ ૧૨ના ચારેય પ્રવાહમાં પ્રથમ, દ્વિતીય અને ત્રીજા ક્રમે આવનાર કુલ ૧૨ વિદ્યાર્થીને પુરસ્કાર આપવામાં આવે છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, માનનીય સભ્યશ્રી જીતુભાઈએ કહ્યું કે, કોન્ગ્રેસના રાજમાં વિદ્યાર્થીઓ ભણતા ન હતા, પછી હમણા જ માનનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, કોન્ગ્રેસ રેલીઓ જ કાઢે છે. ત્યારે મારે પૂછવું છે કે, રેલીનો આક્રોશ એટલો મોટો છે કે એ જોશો ત્યારે ખ્યાલ આવશે. પણ હાલ આપે એમ કહ્યું કે ૨૫૦૦૦ રૂપિયા કરવા માગીએ છીએ તો બજૅટમાં એની જોગવાઈ કરવી જોઈએ. આપે કહ્યું કે વિચારણા હેઠળ છે. વિચારણા હેઠળ હોય તો આજે જ જાહેરાત કરીને ૨૫૦૦૦ રૂપિયા આપવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી નવા છે એટલે કયારે કઈ જાહેરાત થાય એની એમને ખબર ન હોય. બાબુભાઈને પૂછી લેજો, આ માટે જ્યારે સમય આવશે ત્યારે જાહેરાત ચોક્કસ થશે.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, સરકાર પાસે કોઈ એવી યોજના છે કે સમગ્ર ગુજરાતમાં ધોરણ ૧૦ અને ૧૨માં પ્રથમ પાંચ આવતા વિદ્યાર્થીઓને સંપૂર્ણપણે સરકાર તરફથી જેટલું ભણવું હોય એટલું ભણવા માટેની તક આપવામાં આવે. એવો કોઈ વિચાર કરવામાં આવ્યો છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન મર્યાદિત છે. પણ અનેકવિધ યોજનાઓ એવી છે, ઉચ્ચતર- કોલેજ સુધીની પણ છે એમાં ઘણી બધી યોજનાઓ છે એમાં આ પ્રકારની તક મળે છે. પણ હાલ પ્રશ્ન મર્યાદિત છે એના માટે જવાબ આપવો અસ્થાને છે.

### સહકારી બેંકો તથા સંસ્થાના ઓડિટ ફીના ધોરણ

***૨૧૧૮૪ શ્રી યોગેશભાઈ ના. પટેલ (રાવપુરા)** : **માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજયમાં સહકારી બૅન્કોના અને અન્ય સહકારી સંસ્થાના ઓડિટ કોના મારફત કરવામાં આવે છે, અને

(૨) પ્રવર્તમાન ઓડિટ ફીમાં કોઈ સુધારો કરવામાં આવેલ છે કે કેમ?

**સહકાર મંત્રીશ્રી :**

(૧) પેનલ પરના ચાર્ટર્ડ એકાન્ટન્ટ, ઓડિટરો અને સહકાર ખાતાના ઓડિટરો મારફત,

(૨) નાગરિક સહકારી બૅન્કોના ઓડિટ ફીના દરોમાં સુધારો કરવામાં આવ્યો છે.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં સહકારી બૅન્કોના અને અન્ય નાગરિક બૅન્કોના ઓડિટ થાય છે એની પેનલ પરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એનું ઓડિટ કરે છે. પરંતુ અનેક બૅન્કો ડૂબી જાય છે તો એ માટે જિલ્લા રજિસ્ટ્રારની જવાબદારી શું? અને આ માટે એમની સામે કોઈ પગલા લેવામાં આવે છે કે કેમ?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી છે કે, અનેક બૅન્કો ડૂબી જાય છે. પ્રશ્ન બહું સીધો છે અને એમણે જે ખરેખર પ્રશ્ન પૂછ્યો છે એમાં નાગરિક સહકારી બૅન્કોના ઓડિટની વાત કરી છે અને ઓડિટ ફીમાં સુધારો કરવામાં આવ્યો છે કે કેમ? પણ એમને એટલું જ કહીશ કે, જ્યાં સમાજના મોભીઓ બેસીને વહીવટ કરે છે અને જે નિષ્ઠાપૂર્વક પૂજ્ય ગાંધી બાપુના દ્દષ્ટિપણાના સિદ્ધાંતને આધીન સહકારી ક્ષેત્રમાં કામ કરે છે ત્યાં હંમેશા શુભ પરિણામ જ આવે છે. પરંતુ વહિવટી સંચાલકો જેની માનસિકતા સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલ ન હોય ત્યાં આ વસ્તુ થતી હોય છે અને જ્યાં જ્યાં આવી ઘાલમેલ, ગોટાળા અને છેતરપિંડી થાય છે ત્યાં જિલ્લા રજિસ્ટ્રારની જવાબદારી આવે છે ત્યાં જિલ્લા રજિસ્ટ્રાર સામે અને જ્યાં રાજ્ય રજિસ્ટ્રારની જવાબદારી આવે છે ત્યાં એની સામે સરકાર દ્વારા નિયમબદ્ધ પગલાં લેવાયેલ છે, લેવામાં આવે છે અને આવા ઘ ાલમેલ, ગોટાળા અને છેતરપિંડીની પ્રવૃત્તિ સહકારના લોકો સાથે કે કોઈ પણ ક્ષેત્રના લોકો સાથે થાય છે ત્યારે સરકાર નિયમ મુજબ કડકમાં કડક કાર્યવાહી કરે છે અને પ્રજા હિતનું ધ્યાન રાખે છે એની ખાતરી આપુ છું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને સહકારી ખાતાનના ઓડિટરો મારફત ઓડિટ થાય છે પણ કેટલીય બૅન્કોમાં ગોટાળા નીકળે છે ત્યારે આજ સુધી જે ચાર્ટર્ડ એકાન્ટન્ટ હતા એના ઉપર શું કાર્યવાહી કરવામાં આવી છે, અને સહકારી ખાતાના ઓડિટરો હતા એના ઉપર શું કાર્યવાહી કરવામાં આવી છે? એ જાણવા માગુ છું.

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં સુધી મેં અગાઉ પણ કહ્યું પ્રશ્ન સ્વયં સ્પષ્ટ છે તે પ્રશ્નના અનુસંધાનમાં પ્રશ્ન પૂછે તો જવાબ આપવાનો રહે છે અને જ્યાં આગળ તે કહે કે આ થયું છે આમાં ત્રણ પ્રકારે ઓડિટ હાથ ધરવામાં આવે છે. તેમાં એક સતત અને સમવાહિત ઓડિટ હાથ ધરવામાં આવે છે. બીજું ખાતાકીય ઓડિટ હાથ ધરવામાં આવે છે. રજિસ્ટ્રારશ્રીએ પેનલ પર નિયુકત કરેલા માનનીય ધારાસભ્યશ્રીએ પ્રશ્ન કર્યો તે મુજબ પણ ઓડિટ કરવામાં આવે છે. જ્યારે જ્યારે જ્યાં આગળ ઓડિટરે ધ્યાન દોર્યુ છે ત્યાં ઓડિટરે સ્પષ્ટ અભિપ્રાય આપ્યો છે અને પ્રત્યેક કિસ્સામાં ઓડિટરના અભિપ્રાય પ્રમાણે કાર્યવાહી કરવામાં આવી છે. એવી કોઈ એક પણ બાબત નથી બની કે જ્યાં આગળ ઓડિટરે ધ્યાન દોર્યુ હોય અને સરકારે કાર્યવાહી ના કરી હોય.એટલે ઓડિટરના અભિપ્રાય અને તેની નિષ્ઠાપૂર્વકની કામગીરીને બિરદાવીને સરકારે કાર્યવાહી કરે છે એવા કોઈ ગોટાળા ધ્યાને આવ્યા નથી માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી દિપસિંહ શં. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સહકારી બેન્કો અને સહકારી માળખામાં બંધારણો જુદા જુદા હોય છે જેને લીધે આ પ્રશ્ન ઉભો થતો હોય છે તો સમગ્ર ગુજરાતનું એક પ્રકારનું બંધારણ કરવા માંગો છો કે કેમ ?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક સહકારી મંડળી, જિલ્લા કક્ષાની મંડળી અને રાજયકક્ષાની સહકારી મંડળી તેનું કાર્યક્ષેત્ર કામગીરી બધું અલગ અલગ હોવાથી ત્યાં એક પ્રકારની એકસૂત્રતા ના હોય જ્યાં સ્થાનિક હોય ત્યાં તેની જરૂરિયાતને લગતું તંત્ર જિલ્લા કક્ષા અને રાજય કક્ષાનું અલગ અલગ સંસ્થાઓનું તંત્ર તે પ્રમાણે કામ કરતું હોય છે અને તે પ્રમાણે કામ ચાલે છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે જિલ્લા કક્ષાની મંડળી અને તાલુકા કક્ષાની મંડળી આવી મંડળીઓનું દર વર્ષે ઓડિટ ફરજિયાત હોય અને ઓડિટર રિપોર્ટ કરતાં હોય છે તો આવી કેટલી મંડળીઓને ફડચામાં લઈ જવાના રિપોર્ટ કર્યા છે ? અને આપે ફડચામાં નથી કરી એવી મંડળીઓ કેટલી છે ? અને કયા કારણો હોય ઓડિટમાં કે ત્યારે તેને કારણે ફડચામાં મૂકવામાં આવે છે અને કેટલા કારણો ના હોય તો તેને ચાલુ રાખવામાં આવે છે ?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અલગથી નોટિસ આપે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, ડિફોલ્ટ મંડળીઓ કરવાની છે એવા કેટલાં રિપોર્ટ આવ્યા છે?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી,મેં અગાઉ પણ કહ્યું છે કે, પ્રશ્ન ઓડિટ કેવી રીતે થાય છે અને તેની ફીનો છે. પણ મારે કહેવું છે કે સહકારી બેન્કો ઉપર કેન્દ્ર સરકારે ઇન્કમટૅક્સ નાંખીને આ ગુજરાતની સહકારી બેન્કની પ્રવૃત્તિને કચડી નાંખવા પ્રયત્ન કર્યો છે તેની વાત કરે તો મને લાગે છે ગોવાભાઈના મોઢામાં આ વાત શોભશે. મૂળ વાત કરતા નથી અને બીજાને છેતરવાની વાત કરે છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, રિપોર્ટ આવ્યા છે તે કહે.

**અધ્યક્ષશ્રી .** : તમે ગોવાભાઈ સમજું માણસ છો. જ્યારે મંત્રી એમ કહે કે તમારે બીજી નોટિસ આપવી પડશે ત્યારે આવી ગયું પ્લીઝ. તમે સમજો.

**શ્રી બાલુભાઈ તંતી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, નાગરિક સહકારી બેન્કોની ઓડિટ ફી સુધારવા માટે સરકાર વિચારણા કરે છે ત્યારે નાની સહકારી મંડળીઓ જે છે તેની કામગીરી પ્રમાણે ,તેના વર્કલોડ પ્રમાણે, તેના થયેલા વાર્ષિક ટર્ન ઓવરના બેઈઝ ઉપર ઓડિટ ફીનું ધોરણ કરવા માગે છે કે કેમ ?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા જે તે સમય ૧૯૮૨માં ઓડિટ ફી થવાના દરો નક્કી કર્યા હતા. આ બાદ કામકાજ વધવાને કારણે કર્મચારીના પગાર અને તેના ધોરણો પણ વધવાને કારણે તે ઓડિટ ફીમાં સુધારા માટે સતત રજૂઆતોને કારણે ઓડિટ ફી સુધારવામાં આવી એટલે સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની ૮૪મી કલમ મુજબ તે સુધારવામાં આવી પરંતુ કેટલીક સંસ્થાઓ દ્વારા તેને કોર્ટમાં પડકારવામાં આવવાને કારણે તે સુધારો પાછો ખેંચવામાં આવ્યો. અને ત્યારબાદ છેલ્લે નાગરિક સહકારી બેંક અને અન્ય જેનું ૨ કરોડથી ઓછું ટર્નઓવર થયેલું છે, એના ૨૦ હજાર રૂપિયા અને ૨ કરોડથી વધારે ટર્નઓવર જેમનું છે એમનું અલગ પાડીને ૨૦ હજારથી ૨ લાખ સુધીની ઓડિટ ફીનું ધોરણ સરકારે સૌને સાથે રાખીને નકકી કરેલું છે, અને એ પ્રમાણેની ફી આજે વસૂલ કરવામાં આવે છે.

### અમદાવાદ જિલ્લામાં ખેડૂત ખાતેદારના મૃત્યુ વીમાની અરજીઓ

***૧૮૯૮૩ શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય કૃષિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, -

(૧) વર્ષ ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ દરમ્યાન ખાતેદાર ખેડૂતોના અકસ્માત મૃત્યુ વીમા અંગે અમદાવાદ જિલ્લામાં કેટલી અરજીઓ આવી હતી,

(૨) ડિસેમ્બર-૨૦૦૬ની સ્થિતિએ આવેલ અરજીઓમાંથી કેટલા કેસોમાં મૃતકોના પરિવારોને સહાયની રકમ ચૂકવવામાં આવી, અને

(૩) બાકી રહેલા અરજદાર પરિવારોને કયાં સુધીમાં આ રકમ ચૂકવવામાં આવશે.

**કૃષિમંત્રીશ્રી :**

(૧) કુલ ૧૪૨ અરજીઓ આવી.

(૨) ૫૯ કેસોમાં.

(૩) દસ્તાવેજોની ચકાસણીની કામગીરી પૂરી થયેથી જેમ બને તેમ જલદી નિયમાનુસાર બાકી રહેલા અરજદાર પરિવારોને રકમ ચૂકવવામાં આવશે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ખેડૂતોના પરિવાર નિરાધાર ન બને એટલા માટે ૧૯૯૫માં આ યોજના શરુ કરી હતી. મારો પ્રશ્ન પૂછવાનો હેતુ ફકત એટલો જ છે કે જયારે રાજય સરકાર પ્રિમિયમ ભરે છે, ગુજરાતના ખેડૂતોનું સંપુર્ણ પ્રિમિયમ રાજય સરકાર ભરતી હોય, ત્યારે ચૂકવણીમાં વિલંબ થાય છે. અમદાવાદ જિલ્લા સંકલન સમિતિમાં પણ મેં આ પ્રશ્ન વારંવાર કરેલો. ઓકટોબરમાં ૨ અને ૪ ખેડૂતોને

એટલે કુલ ૬ ને ચૂકવાયા, ત્યારે આ પ્રશ્નની ગંભીરતા મને વધારે લાગી, પરંતુ મારે એટલું પૂછવું છે કે ૮૩ કેસો જે બાકી છે એ બાકી કેસોનો નિકાલ ક્યારે થશે? ખેડૂતો એકલા ખેતી કરે છે એવું નથી. એની સાથે એના દીકરા અને પરિવાર પણ હોય છે. પુખ્ત વયના પુરુષ એના પર નિર્ભર હોય છે. આથી ખેડૂત ખાતેદાર ઉપરાંત એના પરિવારના સભ્યોનું પણ જો અકસ્માત મૃત્યુ થાય તો ત્યારે ખેતી ઉપર નભતો એનો પરિવાર છે, તો એને પણ સાથે સાંકળી લેવામાં આવે. અને આ વીમા કંપનીઓ જે રીતે ૨, ૨ અને ૩, ૩ વર્ષ સુધી વિલંબ કરે છે, તો એની સમયમર્યાદા નક્કી કરીને ન આપતા હોય તો આજે ગ્લોબલ વર્લ્ડ છે, તો અન્ય કંપનીઓ સાથે નક્કી કરીને પણ ખેડૂત અને એના પરિવારને સમય મર્યાદામાં રકમ મળી શકે એવી કોઈ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા:** માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૨ વર્ષની અંદર આઈ.સી.આઈ.સી.આઈ. બેંક પાસે આ એજન્સી આપવામાં આવેલ હતી. એ ઉપરાંત અન્ય એજન્સીઓ મારફતે પણ આપણે પ્રિમિયમ ભરીએ છીએ અને પ્રક્રિયા કરીએ છીએ. ખૂબ વિલંબ થાય છે, સભ્યશ્રીની એ વાત સાચી છે, વધારે પ્રમાણમાં રદ થાય છે એ વાત ધ્યાનમાં લઈને માનનીય મુખ્યમંત્રીશ્રીએ માનવીય અભિગમ વાપરીને ૧/૬/૨૦૦૬ થી આ આખી પ્રક્રિયાને વીમા કંપનીઓ પાસેથી લઈને હવે રાજય સરકાર આ આખી પ્રક્રિયા કરે છે. અને એના પરિણામે રદ થવાની સંખ્યામાં પણ ખાસ્સો એવો ઘટાડો થયો છે. બીજો પ્રશ્ન એ છે કે ખાતેદાર સિવાય વારસદારો જે કોઈ ખેતી ઉપર નભે છે. આ યોજનાનું નામ જ ખાતેદાર અકસ્માત વીમા હોઈને બાકીનું જે છે તે એમનું સૂચન છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : ખાલી એક જ વાત છે કે ખાતેદારની સાથે આખો પરિવાર હોય. ૭, ૮ માણસો હોય. તો આ સૂચનને આવકારે અને ચોકકસપણે કંઈક કરે એવા અભિગમની અપેક્ષા છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા:** માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે અને હકારાત્મક સૂચન છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : એક તો મંત્રીશ્રીએ એમ કહ્યું કે ૧/૬/૨૦૦૬થી રાજય સરકાર હસ્તક લેવાઈ ગયેલ છે. તો હું એ જાણવા માગું છું કે એની પહેલાના ઘણા કેસો પેન્ડિંગ છે, પડતર છે. નજીવા કારણોસર વીમા કંપનીઓ કાઢી નાંખે છે. દાખલા તરીકે વાહન બેદરકારીથી ચલાવવું. કોઈપણ માણસ મરવા માટે પોતાનું વાહન બેદરકારીથી ન ચલાવે. એમ હોય તો એને અકસ્માત ન કહેવાય. આવા નજીવા કારણોસર નામંજૂર કરે છે. એવા કેસોની પુનઃ વિચારણા કરીને આગળ કોઈ કાર્યવાહી કરવા માગે છે કે કેમ? બીજું કે અત્યારસુધી છેલ્લા ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં નામંજૂર કર્યા છે એવા કેસોની અંદર નામંજૂર કરવાના કારણો શું છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ડાયરેકટર ઓફ એગ્રીકલ્ચર લેવલે, સચિવશ્રી લેવલે અને જરૂર પડે તો મારા લેવલે પણ ભૂતકાળમાં અનેક બેઠકો આ કંપનીઓ સાથે કરી છે અને એમાં પડતર કેસો છે એમાં નજીવી બાબતે અરજી રદ થઈ હોય તો એના ઉપર વિચારણા કરીને આવી અરજીઓ મંજૂર પણ કરાવડાવી છે. જે અરજીઓ રદ થવાનાં કારણો છે એમાં પોલીસ ગુનાહિત ઈરાદાથી ખૂન કે એવું થયું હોય તો ના મળે, અકસ્માતની તારીખે ખાતેદાર ખેડૂત ના હોય તો ના મળે, જરૂરી દસ્તાવેજો પૂરા ના પાડયા હોય તો ના મળે, સમયમર્યાદા બહાર અરજી કરી હોય તો ના મળે, નેચરલ ડેથ એટલે કે કુદરતી મૃત્યુ હોય તો ના મળે, ૭૦ વર્ષથી વધારે ઉંમર હોય તો ના મળે, આત્મહત્યા હોય તો ના મળે, આવા બધા કારણોસર આ અરજીઓ રદ કરવામાં આવે છે.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં સરકારે સમયસર એક વખત પ્રિમિયમ ભર્યુ નહોતું ત્યારે મંત્રીશ્રીએ એવી ખાતરી આપી હતી કે પ્રિમિયમ ભરવામાં વિલંબ થવાને કારણે એ સમયગાળામાં જે ખેડૂતો મૃત્યુ પામ્યા હતા એની પણ વિચારણા કરવામાં આવશે અને એમને પણ આનો લાભ આપવામાં આવશે. તો આવું પ્રિમિયમ નહોતું ભરાયું અને એના કારણે અરજીઓ રદ થઈ હતી એમને કોઈ રાહત આના અંગેની મળી છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫ માં આ પ્રકારે થયું હતું તો એ તારીખ પછીના બધા જ અકસ્માત વીમા હતા એ બધાને ચોકકસ વિચારણામાં લીધા છે અને યોગ્યતા પ્રાપ્ય જે હશે એની ચૂકવણી પણ કરી છે અને હજુપણ આ બાબતમાં સરકારનું મન ખુલ્લું છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈ વખતે પણ આ બાબતે ચર્ચા થઈ હતી ત્યારે બહુજ હકારાત્મક અભિગમ સરકારે આ પ્રશ્ન ઉપર દાખવ્યો હતો અને એના અનુસંધાનમાં જ તા. ૧-૧-૦૬ થી આ આખી યોજનાની જવાબદારી સરકારે લઈ લીધી છે એ વાત આવકાર્ય છે,પરંતુ મારી વાત એટલી જ છે કે આપણે એવું ના કરી શકીએ કે જેનો પણ અકસ્માત વીમો લીધો હોય એનું ડેથ સર્ટિફિકેટ મળી જાય અને એમાં કોઝ ઓફ ડેથ લખેલ હોય છે. તો આ ડેથ સર્ટિફિકેટ મળે એટલે બાકીના કોઈ જ પૂરાવાની જરૂર ના રહે અને તુરત જ એક મહિનામાં આ વીમાની રકમ એને મળી જાય. ૭૦ વર્ષથી ઉપરની ઉંમરવાળા હોય તો એમને ના મળે તો જેના ૭૦ વર્ષ થઈ ગયાં હોય તો ત્યાંથી પત્ર આવવો જોઈએ કે ૭૦ વર્ષ થઈ જતાં વીમા માટે ઈલિજિબલ નથી તો બીજા વારસદારને ખાતેદારનું નામ કરીને વીમા માટે વીમેદાર બનાવી શકે અને આ વીમા કંપનીની જવાબદારી છે. આપણે ત્યાં અત્યારે જયારે વીમાના પ્રિમિયમની મુદત આવી જાય ત્યારે ઈન્સ્યુરન્સ કંપનીવાળાનો પૈસા ભરવા માટેનો કાગળ આવી જાય છે, તો આ રીતે વીમા કંપની સર્વિસના તો પૈસા લે છે. તો આવી સર્વિસ

વીમા કંપનીએ બજાવીને એકવાર લાયકાત ધરાવે છે કે તમારો વીમો ઉતાર્યા પછી કોઝ ઓફ ડેથ સિવાય એકપણ વસ્તુ તપાસ્યા વિના અરજદારને વીમો મળે એના માટે સરકાર કોઈ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : જયારે આપણે વીમા કંપની સાથે પ્રિમિયમ ભરીએ છીએ અને વ્યવહાર થાય છે તો એની શરતો અને બોલીઓ મુજબ સ્વીકાર કરીએ છીએ અને આપણે પ્રિમિયમ ભરીએ છીએ એટલે એ નિયમોને આધિન રહેવું પડે અને અનેકવાર આ રીતે વ્યવહારુ બન્યા છીએ અને અનેક કેસોમાં મંજૂર કરાવ્યા છે. હવે રદ થવાનું મેં કહયું તેમ સંખ્યા વધારે હતી એટલા માટે માનવીય અભિગમનો અમલ કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ વિચારણા કરી અને હવે માનનીય સભ્યશ્રીની લાગણી સાચી છે અને રાજય સરકારને ખેડૂતો પ્રત્યે હમદર્દી છે એટલા માટે આ નિર્ણય લીધો છે અને ભવિષ્યમાં માનનીય સભ્યશ્રીનું જે સૂચન છે એ ધ્યાનમાં લઈશું.

**શ્રી સિદ્ધાર્થ મા. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમ કહયું કે એમના લેવલથી પણ બેઠકો કરવામાં આવી છે. તો વીમા કંપનીના અધિકારીઓ સાથે છેલ્લે આવી બેઠક કયારે થઈ અને એ બેઠક પછી વીમા કંપનીએ પોઝિટીવ વલણ રાખીને કેટલા લોકોને વીમો ચૂકવ્યો? બીજું કે માનનીય ગોરધનભાઈ ઝડફીયાએ કહયું કે સંકલન સમિતિમાં પણ વારંવાર આ મૃદ્દો એમણે ઉઠાવ્યો છે. તો આ મુદ્દો સંકલન સમિતિમાં ઉઠાવ્યા પછી વિભાગના અધિકારીઓ દ્વારા કેટલી કાર્યવાહી કરવામાં આવી અને ત્યારબાદ કેટલા લોકોને વીમા ચૂકવવામાં આવ્યા છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, દર ૩ મહિને સમયાંતરે અધિકારી લેવલે અને સચિવશ્રી લેવલે મિટિંગો થાય છે અને છેલ્લી મિટિંગ જાન્યુઆરી, ૨૦૦૭ માં થઈ હતી અને એમાં જે વ્યવહારિક રીતે મંજૂર થવા પાત્ર હતા એવા અમદાવાદ જિલ્લામાં ૨ ખેડૂતોના વીમા મંજૂર કરવામાં આવ્યા છે.

**ખેડા અને વડોદરા જિલ્લામાં ગ્રામ્ય હાટ**

***૧૮૭૭૩ શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા અને વડોદરા જિલ્લામાં કેટલા ગ્રામ્ય હાટ ડિસેમ્બર-૦૬ ની સ્થિતિએ કાર્યરત છે, અને

(૨) ડિસેમ્બર-૦૬ની સ્થિતિએ કેટલું આર્થિક ઉપાર્જન ઉક્ત ગ્રામ હાટ મારફતે કરવામાં આવેલ છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :**

(૧) ગ્રામ હાટના ખેડા જિલ્લામાં બે પ્રોજેકટ અને વડોદરા જિલ્લામાં એક પ્રોજૅકટ મંજૂર થયો છે જે કાર્યરત કરવાની કાર્યવાહી ચાલુ છે.

(૨) પ્રોજૅકટ પૂર્ણ થયે ગરીબી રેખા હેઠળના, સ્વ સહાય જૂથો અને કારીગરોને ઉત્પાદિત ચીજ-વસ્તુઓ માટે કાયમી બજાર વ્યવસ્થા મારફત આર્થિક ઉપાર્જનનો લાભ મળશે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખેડા અને વડોદરા જિલ્લામાં ગ્રામ્ય હાટ પ્રોજેકટ કઈ તારીખે અને કયા વર્ષે મંજૂર કરવામાં આવ્યો છે અને બીજું કે અમલીકરણ ક્યારથી શરૂ કર્યુ અને ક્યારે પૂર્ણ થશે? અને ત્રીજો પ્રશ્ન કે તેના ઉપર કેટલો ખર્ચ થયો, ચોથો પ્રશ્ન.

**અધ્યક્ષશ્રી** : બીજા પ્રશ્નો પછી પૂછજો, એમને યાદ રહેવા જોઈએ ને.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : યાદ રહેશે. માનનીય મંત્રીશ્રી બારોટ છે, એમની જીભે તો સરસ્વતી હોય છે. કેટલા સ્વ સહાય જૂથો ખેડા જિલ્લામાં નોધાયા છે, અને ખેડા જિલ્લામાં શરૂ કરેલ પ્રોજૅકટ કયા કયા તાલુકામાં કરેલા છે? અને બીજા તાલુકાઓમાં કરવા માગે છે કે કેમ? ખેડા, આણંદ અને વડોદરામાં કઈ કઈ જગ્યાએ પ્રોજૅકટ શરૂ કરવા માગે છે અને ક્યારે શરૂ કરવા માગે છે?

**શ્રી ભરત બારોટ** :માનનીય અધ્યક્ષશ્રી, આ ગ્રામ હાટની યોજના ૧૯૯૯માં કેન્દ્ર સરકારમાં જ્યારે એન.ડી.એ.ની સરકાર હતી, ત્યારે રાજય સરકારે મંજૂર કરાવી હતી. અને તેનો અમલ બે વર્ષમાં પૂરો કરવાનો હતો. પરંતુ કમનસીબે એ વર્ષ દરમિયાન ભૂકંપ આવ્યો, અને તેના લીધે આ ગ્રામ હાટની યોજનામાં વિલંબ થયો, અને વિલંબિત થયેલી એ યોજનાને પુનઃ: આગળ વધારવા માટે કેન્દ્ર સરકારની મંજૂરી લેવાના પ્રયત્નો થયા, કેન્દ્ર સરકારે એ ફરી મંજૂર પણ કરી હતી અને એ વખતે પણ એન.ડી.એ.ની સરકાર હતી. કેન્દ્રમાં જ્યાંસુધી એન.ડી.એ.ની સરકાર રહી ત્યાંસુધી યોજના બરાબર ચાલી, પણ તે પછી ૨૦૦૪ માં કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર આવી અને પછી એમણે એમ કહ્યું કે આ યોજના જેટલી ચાલુ છે એટલી જ ચાલુ રાખો, બાકીનું કામ બંધ કરી દો. અને તેથી એની મંજૂરી લેતાં અમારી આંખે દમ નીકળી ગયો, કમિટીમાં વારંવાર રજૂઆતો કરવામાં આવી, પણ તેમ છતાં મૂળ યોજના ૧૨ કરોડની કેન્દ્ર સરકારની અમારી યોજના હતી તે ૬ કરોડની કરીને મંજૂરી આપવાની વાત કરી. ફરીવાર અમે રજૂઆતો કરી. અને રજૂઆતોના આધારે અંતે ૯ કરોડ સુધી આપવાની વાત થઈ. મૂળ આખી યોજના જે કક્ષાની હતી એમાં એક સરકાર જાય અને બીજી સરકાર આવે તો માત્ર એક સરકાર બદલાઈ જવાથી યોજનાને આટલી મુશ્કેલી પડે છે, આ કેન્દ્ર સરકારનો ગુજરાત સાથેનો કેવો વ્યવહાર છે તેનું એક ઉદાહરણ છે. અહીં આ માનનીય સભ્યશ્રીઓ રેલીઓ કાઢે છે તો દિલ્હી સામે રેલી કાઢો, અને ગુજરાતને થતા અન્યાયની સામે કેન્દ્ર સરકારની સામે મારા આ મિત્રોએ રેલીઓ કાઢવી જોઈએ. ૧૨ કરોડની યોજનામાંથી ૯

કરોડની આખી યોજના કરી નાખી, સરકાર બદલાઈ ગઈ એટલે એમાં યોજના આ જે ગરીબ લોકોની હતી. બી.પી.એલ. ના લોકોની માટેની આ યોજના હતી..

**અધ્યક્ષશ્રી** : આપ આ પ્રશ્નનો જવાબ આપો છો ને?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પૂછ્યું છે કે ચાલુ ક્યારે કરો છો? એટલે આ વાત કરું છું. ૧૯૯૯ માં ચાલુ થઈ અને ધરતીકંપ થયો અને પુન: ફરીથી સરકાર બદલાઈ એટલે કોંગ્રેસની સરકાર આવી તેણે વિલંબિત કરી અમે પાછી મોકલી, તો ૨૦૦૫ માં મંજૂરી મળી અને ૧૨ કરોડના બદલે ૯ કરોડની યોજના કરી નાખી. ખેડા જિલ્લામાં ૧ કરોડની અને વડોદરા જિલ્લામાં એક કરોડ કર્યા, આ યોજના બનતી ત્વરાએ અમે પૂરી કરવા માગીએ છીએ.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગ્રામ વિકાસ જણાવશે કે ગ્રામ વિકાસ એજન્સી મારફત સ્વ સહાય જૂથ હાલમાં કયા કયા ગામોમાં છે? આ ગ્રામ હાટની વિગતો જે આપી છે તો તેની કામગીરીની વિગતો શું છે એ માહિતી માનનીય મંત્રીશ્રી આપશે?

**શ્રી ભરત બારોટ** : આ ગ્રામ હાટ પ્રોજૅક્ટ એ સુવર્ણ જયંતિ સ્વરોજગાર યોજનાનો પ્રોજૅક્ટ છે. બી.પી.એલ. ગરીબ લોકોને મદદ કરવા માટે સ્વ સહાય જૂથો દ્વારા બી.પી.એલ. માંથી બહાર લાવવા માટે સ્વરોજગાર યોજના છે. આ યોજના ચાલે છે. આ બંને પ્રોજૅક્ટ બંને જિલ્લામાં ચાલુ છે. નવ કરોડ રૂપિયાનો આ પ્રોજૅક્ટ છે. બંને જગ્યાએ જમીન લેવાઈ ગઈ છે આ જમીન પૂરી થયે આ ગ્રામ હાટ યોજના આગળ વધશે.

## રાજયમાં કપાસનું ઉત્પાદન

***૨૧૧૯૨ શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સન ૨૦૦૬ના વર્ષમાં રાજયમાં કપાસના ઉત્પાદનનો કેટલો અંદાજ છે, અને

(૨) કિસાનોને કપાસના પોષણયુક્ત ભાવો મળી રહે તે માટે સરકારનું શું આયોજન છે?

**કૃષિ મંત્રીશ્રી:**

(૧) અંદાજે ૮૭ લાખ ગાંસડી કપાસ.

(૨) કિસાનોને કપાસના પોષણયુક્ત ભાવો મળી રહે તે માટે ટેકાના ભાવોની યોજના અમલમાં છે. ટેકાના ભાવો ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવે છે. જરૂર જણાયે ટેકાના ભાવે કપાસ ખરીદી નોડલ એજન્સી કૉટન કોરપોરેશન ઑફ ઇન્ડિયા મારફત કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

**શ્રી વેચાતભાઈ હ. બારિયા** : રાજયમાં ઉત્પાદન થયેલ કપાસની અન્ય દેશોમાં નિકાસ થઈ છે કે કેમ અને નિકાસ કરવામાં આવી હોય તો કયા કયા દેશોમાં નિકાસ કરવામાં આવેલ છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : મને જણાવતાં આનંદ થાય છે કે છેલ્લા પાંચેક વર્ષ પહેલા રાજય કૃષિ ઉત્પાદકતામાં અને ઉત્પાદનમાં આપણે દેશમાં પાંચમા કે છઠ્ઠા નંબરે હતા. પરંતુ જળ સંચય, કૃષિ મહોત્સવ, ડ્રીપ ઈરિગેશન આ બધા પ્રયત્નોને કારણે પાંચ જ વર્ષની અંદર રાજય સરકાર આજે દેશમાં કપાસના ઉત્પાદનમાં અને ઉત્પાદકતામાં પ્રથમ નંબરે આવ્યું છે. આ ઉત્પાદકતાની સાથે સાથે રાજય સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે લેબ ટુ લેન્ડનો અભિગમ અપનાવ્યો એના કારણે જે વૈજ્ઞાનિકો ખેતરો સુધી ગયા, ગામડાં સુધી ગયા એના કારણે એની ગુણવત્તામાં વધારો થયો છે. એ ગુણવત્તામાં વધારો થયો એના કારણે આજે અત્યાર સુધીમાં ૮૮ લાખ ગાંસડીનું ઉત્પાદન નોંધાયું છે. અને ૯૦ થી ૯૫ લાખ સુધી પહોંચે તેવી ગણતરી છે. ઉત્પાદકતા અને ઉત્પાદનની સાથે લેબ ટુ લેન્ડ સાથે ગુણવત્તાની વાત કરી તો ગુણવત્તામાં આખા વિશ્વમાં આપણે પહેલા નંબરે છીએ એના પરિણામે માનનીય સભ્યશ્રી જાણવા માગે છે તે અંદાજે ૨૭૦૦ કરોડની નિકાસ કરી છે. એ ૩૦ લાખ ગાંસડી ચીન, તૂર્કી, ઇન્ડોનેશીયા, પાકિસ્તાન, બાંગ્લાદેશ, મલેશિયા અને થાઈલેન્ડ ખાતે છેલ્લા ત્રણ વર્ષમાં થઈ છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : આ કપાસના ઉત્પાદનનો પ્રશ્ન છે અને કપાસનું ઉત્પાદન રાજયના ખેડૂતો પરસેવો પાડીને કરે છે. ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે કેન્દ્ર સરકારે સમયસર રાસાયણિક ખાતરની ફાળવણી નથી કરી એના કારણે કપાસનું ઉત્પાદન ઘટયું છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : સમયસર ખાતર નથી મળ્યું એ હકીકત છે. આપણે સમયસર વાવેતર વિસ્તારમાં વધારો કર્યો છે. એને ધ્યાનમાં રાખીને વેલ ઈન એડવાન્સ, એટલે કે ત્રણ ચાર મહિના પહેલા રૂબરૂ મળીને, પત્રો દ્વારા, અધિકારીઓને મોકલીને જયારે ખરીફનું આયોજન થાય છે ત્યારે દિલ્હીમાં આપણી જરૂરિયાતની માગણી કરેલ એ જરૂરિયાત પ્રમાણે સમયસર ખાતર નથી પહોંચ્યું એના કારણે અંદાજે પાંચ ટકાનો ઘટાડો થયો છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : મહારાષ્ટ્રના ખેડૂતો ગુજરાતની અંદર આવીને કપાસ વેચે છે. એટલે મહારાષ્ટ્ર કરતાં અહીંયા વધારે ભાવ મળે છે એ વાત સાચી છે અને એ વાત સાચી હોય તો ગુજરાતમાં મહારાષ્ટ્ર કરતાં વધારે ભાવો મળવા પાછળના કારણો શું છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્ર પ્રદેશ અને ગુજરાત આ ચાર મુખ્યત્વે કપાસ પકવતા રાજયો છે. ગુજરાત સિવાય બાકીના બધા રાજયોના કપાસ પકવતા ખેડૂતો આત્મહત્યા કરે છે અને ગુજરાતનો ખેડૂત આમાંથી કમાણી કરે છે એનું મુખ્ય કારણ જળ સંચય, કૃષિ મહોત્સવ અને લેબ ટુ લેન્ડ છે. મહારાષ્ટ્રમાંથી ચાલુ સાલે આખી સીઝન દરમિયાન પાંચથી આઠ લાખ ગાંસડી કપાસ હારીજ, કડી, ધોળકા,કપડવંજ, અને સુરેન્દ્રનગર જેવા સ્થાનો ઉપર આવ્યો છે. ત્યાં ભાવ મળતો નથી. આપણે ત્યાં સૌથી વધારે ઉત્પાદન છતાં પણ ત્યાંથી કપાસ આવે છે અને તેમને ભાવ પણ મળે છે. એટલે આના ઉપરથી આપ સૌએ અંદાજ એ કાઢવાનો કે ગુજરાતની વિશ્વસનીયતા વધી છે એટલા માટે. માનનીય મુખ્યમંત્રીશ્રીની વિશ્વસનિયતા વધી છે. આખા દેશમાં ગુજરાત રાજયની વિશ્વસનીયતા વધી છે તેનું આ પ્રમાણ છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કે કેન્દ્રમાંથી ખાતર સમયસર નહીં મળવાને કારણે પણ પાંચ ટકા જેવો કપાસના ઉત્પાદનમાં લોસ ગયો છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા વર્ષોમાં ખેડૂતો છે એ બી.ટી. કપાસનું બિયારણ વાપરતા થયા છે અને આપણાં દેશમાં અને રાજયમાં ખૂબ સક્ષમ વૈજ્ઞાનિકો છે અને એ વૈજ્ઞાનિકોનો ઉપયોગ કરીને તેનો લાભ બીજા દેશો લે છે. આપણે બી.ટી. કપાસના બિયારણના ઉત્પાદન માટેના જીન્સ લાવીને બિયારણ તૈયાર કરવામાં આવ્યું અને ખૂબ ઉંચા ભાવે મળ્યું. તેના કારણે બી.ટી. કપાસનું બિયારણ ખૂબ ઉંચા ભાવે ૫૦૦ ગ્રામની એક થેલી ૧૬૦૦ રૂપિયામાં ગયા વખતે ખરીદેલી. રાજય સરકારે જાહેરાત એવા સમયે કરી કે આટલું ઉંચું બિયારણ જ્યારે ખેડૂતોએ લેવું પડે છે. એ જાહેરાત ક્યારે કરી કે જ્યારે ખેડૂતોના ઘરમાં બી.ટી. કપાસનું બિયારણ આવી ગયું હતું. ત્યાર પછી કંપનીઓ ઉપર દબાણ લાવીને એમ કહ્યું હતું કે ખેડૂતોને ઉંચા ભાવે બિયારણ આપશો તો એ કંપનીનું બિયારણ ખરીદવા નહીં દઈએ અથવા તો તમારી જે કોઈ એજન્સી છે તે રદ કરીશું. ત્યારે હું એમ કહેવા માગું છું કે છેલ્લા વર્ષોમાં બી.ટી. કપાસનું બિયારણ બહારથી લાવીને ખેડૂતોએ ઉપયોગ કર્યો તેના કારણે કપાસના ઉત્પાદનમાં ખૂબ વધારો થયો છે. એ વાત સાચી. ફક્ત ખાતરને ધ્યાનમાં લઈને નહીં પણ હું એમ કહેવા માગું છું કે જે બી.ટી. કપાસનું બિયારણ છે તે સ્થાનિક વૈજ્ઞાનિકોનો સહારો લઈને હજી પણ બિયારણમાં સુધારો કરીને સસ્તા ભાવે ખેડૂતોને બિયારણ મળી રહે તેના માટે રાજય સરકાર કંઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે કેન્દ્ર સરકાર સાથે આઈ.સી.આર. સાથે એમ.ઓ.યુ. કરીને ક્રાઈવીન એસી અને આપણાં જીન એ બન્ને મિક્સ કરીને ત્રણ વર્ષનો પ્રયોગ થાય છે. તેમાંથી બે પ્રયોગ પૂરા થયા છે અને એક પ્રયોગ બાકી છે તેના માટે બીજ નિગમે ૫૦ લાખ રૂપિયા આપી પણ દીધા છે અને ત્રણ વર્ષનું સંશોધન કામ પૂરું થયા પછી આપણે પણ ઓફિશિયલ બી.ટી. કપાસનું બિયારણ આપી શકીશું અને ૭૫૦ની જે કુંવરજીભાઈએ ચિંતા વ્યક્ત કરી છે એ સમયસર જ આપણે જાહેરાત કરેલી અને આ વખતે પણ હું ખાતરી આપું છું કે એ જ ભાવે આવતા ખરીફમાં પણ ખેડૂતોને બિયારણ મળશે.

### વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકા ખાતે ફીશીંગ બંદરનું આયોજન

***૨૦૨૨૦ શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) વલસાડ જિલ્લાના ઉમરગામ ખાતે ફીશીંગ બંદર વિકસાવવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧-૦૭ અંતિત કયા તબક્કામાં આ કામની પ્રગતિ ચાલી રહી છે?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :**

(૧) હા,જી.

(૨) ૫૦ % કેન્દ્રીય પુરસ્કૃત યોજના હેઠળ ભારત સરકારશ્રીની વહીવટી મંજૂરી મેળવવા માટે જરૂરી પ્રોજૅક્ટ રિપૉર્ટ તૈયાર કરવાની કામગીરી ચાલી રહેલ છે.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા ત્રણેક વર્ષથી ઉમરગામ ફીશીંગ બંદર માટે કાર્યવાહી ચાલે છે. ત્યારે મને જે જવાબ મળ્યો છે તેમાં ૫૦ % કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ ભારત સરકારશ્રીની વહીવટી મંજૂરી મેળવવા માટે જરૂરી પ્રોજૅક્ટ રિપૉર્ટ તૈયાર કરવાની કામગીરી ચાલી રહેલ છે. તો હું એ જાણવા માગું છું કે એ જે તૈયારી ચાલી રહી છે એ કયા તબક્કામાં ચાલી રહી છે અને કેટલા સમયમાં કેન્દ્ર સરકાર તરફથી મંજૂરી મળવાની શક્યતા છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : આ ઉમરગામ બંદર માટે અત્યાર સુધીમાં સી.આઈ.સી.ઈ.એસ.-બેંગ્લોર દ્વારા એન્જિનિયરીંગ સરવેક્ષણ, ઈકોનોમીકલ સરવેક્ષણની કામગીરી અત્યાર સુધીમાં કરવામાં આવી છે. આ બધી કામગીરીને કારણે મોડું થયું છે એવું નથી. રાજય સરકાર આ બંદર કરવા માગે છે. આ બધી જ કામગીરી ઉપરાંત પણ જેટી રિપેરીંગનું કામ પણ રાજય સરકારે કર્યું છે. સંરક્ષણની દીવાલ રૂ.૪૨ લાખના ખર્ચે પૂરી કરવામાં આવી છે. મોડું થવાનું કારણ માનનીય સભ્યશ્રી જાણે છે કે, ત્યાંના સ્થાનિક લોકોએ સખત વિરોધ કરીને આ બંદર ન થવું જોઈએ એમ કરીને સતત વિરોધ કર્યો છે એટલા માટે આ બાકી રહ્યું છે. આ કામગીરી પૂર્ણ થાય

તે માટે હું સભ્યશ્રીને વિનંતી કરું છું કે, પોતે રસ લઈ સ્થાનિક કક્ષાએ જે વિરોધ થઈ રહ્યો છે એમને મનાવી લે અને નિર્ણય કરે તો આ કામગીરી આવતા ૬ મહિનામાં પૂર્ણ કરી પ્રપોઝલ કેન્દ્ર સરકારમાં મોકલી અપાશે.

**શ્રી કરસનભાઈ ભી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી પછીના વર્ષોમાં કોંગ્રેસના શાસનમાં વંચિતો માટે ક્યારેય ચિંતા કરવામાં આવી નથી. પણ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર આવો. પ્લીઝ.

**શ્રી કરસનભાઈ ભી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૧૦૦૦ કરોડ રૂપિયાની સાગર ખેડૂઓના સર્વાંગી વિકાસનું પૅકેજ જાહેર કરીને આ વંચિતોની ચિંતા મુખ્યમંત્રીશ્રીએ કરી છે, આ કોંગ્રેસના લોકોએ ક્યારેય ચિંતા કરી નથી. (અંતરાય) મારે પૂછવું છે કે, દક્ષિણ ગુજરાતના ઉમરગામ સિવાય અન્ય બંદરોની કોઈ મંજૂરી છે કે કેમ? અને એ ક્યારથી એનું કામ શરૂ થશે અને ક્યારે પૂર્ણ થશે અને કેટલો ખર્ચ થશે? અને ઉમરગામ બંદરને વિકસાવવા માટેની કામગીરી ક્યારથી શરૂ થઈ છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, દક્ષિણ ગુજરાતમાં આ સિવાય ધોલાઈ બંદરની કામગીરી ચાલુ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે ૨૦૦૫માં ખાત મુહૂર્ત થયું છે અને ૨૦૦૭ના અંત પહેલાં આ બંદરનું કામ પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, મારા સાથી સભ્યશ્રી લક્ષ્મણભાઈએ ચિંતા વ્યક્ત કરી છે. કોંગ્રેસ પક્ષના આદેશથી આ બંદરનો વિરોધ કરવામાં આવેલ અને આજ દિન સુધી વિરોધ ચાલુ છે. તો તેઓશ્રી કોંગ્રેસ પક્ષને સમજાવે અને આ આદેશને પાછો ખેંચાવી અને આ બંદર થાય એવું વિચારે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભ્યશ્રીને આપણે વિનંતી કરીએ અને સભ્યશ્રી સક્રિય થઈને આ વિરોધ સમાવે તો રાજય સરકાર એની કામગીરી આગળ વધારે. આ વિરોધ સમાવવા માટે, લોકોને સમજાવવા માટે અમારા અધિકારીઓ ઘણીવાર ગયા છે. અધિકારીઓ જ્યારે પણ જરૂર પડી છે ત્યારે એ વિરોધ કરનારા લોકોને સમજાવવા માટે ગયા છે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ફીશીંગ બંદરનું આયોજન ૫૦ ટકા કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ કઈ સાલમાં કરવામાં આવ્યું અને કેટલી રકમનું કરવામાં આવ્યું અને કોઈપણ નાના-મોટા ઉદ્યોગો હોય એમના નાના મોટા વાંધા વચકા હોય, એના ક્રાઈટ એરિયા પ્રમાણે આ ફીશીંગ બંદરનું કામ શરૂ કરીને રાજય સરકાર પૂરું કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ જ્યારે સમી જાય ત્યારે બધા સર્વેક્ષણની કામગીરી પૂર્ણ કરીને પ્રપોઝલ કેન્દ્ર સરકારને મોકલી આપીશું. (અંતરાય)

### અષ્ટાવક્ર યોજના હેઠળ વિકલાંગોને મદદ

***૨૦૭૩૦ શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) અષ્ટાવક્ર યોજના અનુસાર સરકાર તરફથી વિકલાંગોને કેવા પ્રકારની મદદ કરવામાં આવે છે,
(૨) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજકોટમાં વિકલાંગોની સંખ્યા કેટલી છે,
(૩) અષ્ટાવક્ર યોજનાના અમલ માટે રાજય સરકારે રાજકોટમાં કઈ કઈ સંસ્થાને માન્યતા આપેલ છે, અને
(૪) માન્યતા આપવામાં આવેલ સંસ્થાને વાર્ષિક કેટલી રકમની ગ્રાન્ટ આપવામાં આવે છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** :-

(૧) મહર્ષિ અષ્ટાવક્ર સમુદાય આધારિત વિકલાંગ પુનઃસ્થાપન યોજના અનુસાર સરકાર તરફથી વિકલાંગોને શિક્ષણ, આરોગ્ય, તાલીમ અને પુનઃવસવાટને લગતી વિવિધ જાણકારી તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ થાય તે હેતુસર માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. આ યોજના હેઠળ વિકલાંગોને સર્વે કરી રાજય સરકારશ્રીની યોજનાઓ જેવી કે વિકલાંગ શિષ્યવૃત્તિ, સાધન સહાય, સંત સુરદાસ, વિકલાંગ ઓળખકાર્ડ મળી રહે તે માટે ફોર્મ આપી માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

(૨) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં વિકલાંગ ઓળખકાર્ડની સંખ્યાના આધારે વિકલાંગોની સંખ્યા ૮,૯૫૦ છે.

(૩) રાજકોટ જિલ્લામાં નીચે દર્શાવેલ સંસ્થાઓને માન્યતા આપવામાં આવી હતી.

| અ.નં. | સંસ્થાનું નામ, સરનામું |
|---|---|
| ૧ | બ્લાઈન્ડ મેન્સ એસોસીએશન, રાજકોટ |
| ૨ | અંધજન કલ્યાણ ટ્રસ્ટ, ધોરાજી |
| ૩ | જય સચ્ચિદાનંદ ટ્રસ્ટ સંચાલિત બહેરા મુંગા શાળા, જેતપુર |
| ૪ | અંદ સર્વોદય મંડળ, રાજકોટ |
| ૫ | શ્રી બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ |

(૪) આ યોજના હેઠળની કામગીરી માટે માન્યતા આપવામાં આવેલ સંસ્થાને વાર્ષિક રૂ.૫,૮૨,૦૦૦/-ની ગ્રાન્ટ આપવામાં આવે છે.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા** : માનનીય અધ્યક્ષશ્રી, વિકલાંગોને રાજય સરકાર તરફથી સારી એવી મદદ કરવામાં આવે છે. પરંતુ આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે,

**શ્રી ટપુભાઈ લીંબાસિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિકલાંગોને રાજય સરકાર તરફથી ખૂબ સારી જે મદદ કરવામાં આવી છે. પરંતુ હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે આ વિકલાંગોની વ્યાખ્યામાં કઈ વ્યકિત આવી શકે? અને વિકલાંગોને મદદ કરવા માટે માન્ય સંસ્થાઓએ કેવા પ્રકારની કામગીરી કરવાની હોય છે? અને વાર્ષિક ૫ લાખ જેવી જે ગ્રાન્ટ આપવામાં આવી છે એનું ઑડિટ સરકાર દ્વારા કરવામાં આવે છે કે ખાનગી ચાટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા કરવામાં આવે છે? (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ બેસો. તમે બધા પાંચ મિનિટમાં પ્રશ્ન પૂરો ન થાય તો વાંધો લો છો અને અત્યારે આગળ નહીં જવાનું કહો છો. ( સતત અંતરાય) કોઈ સવાલ ગમે તે બોલે (અંતરાય) કોઈ સભ્ય બોલ્યો હોય એમાં ગૃહને કોઈ વાંધો નથી. ( સતત અંતરાય) નહીં નહીં સમય થયો છે. પ્લીઝ (સતત અંતરાય) સતત સૂત્રોચ્ચાર : આદિવાસી જિંદાબાદ, બંધ કરો રે બંધ કરો દાદાગીરી બંધ કરો. આદિવાસીઓને દબાવવાના બંધ કરો.

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આમનો જે સવાલ છે (અંતરાય) એ તો પૂરો કરવા દો.

**અધ્યક્ષશ્રી** : પણ સમય થઈ ગયો છે. પ્લીઝ બેસો બધા બેસો. (સતત અંતરાય) પ્રશ્ન ક્રમાંક:૧૨.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા** : માનનીય અધ્યક્ષશ્રી, વિકલાંગની વ્યાખ્યામાં કઈ વ્યકિતને ગણવામાં આવે છે? અને માન્ય સંસ્થા વિકલાંગને મદદ કરે એ સંસ્થાએ કેવા પ્રકારની કામગીરી કરવાની હોય છે અને વાર્ષિક જે ૫ લાખ ઉપરાંતની જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે એનું વાર્ષિક ઑડિટ રાજય સરકાર તરફથી કરવામાં આવે છે કે ચાટર્ડ એકાઉન્ટન્ટ તરફથી કરવામાં આવે છે, બસ આ ત્રણ પ્રશ્નો છે.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મહર્ષિ અષ્ટવક્ર યોજના એ ભારતીય જનતા પાર્ટીની યોજના છે. અત્યાર સુધીમાં માત્ર કોંગ્રેસે રેલીઓ કાઢીને ગરીબ લોકોનું ધ્યાન બીજે રસ્તે દોરવાનો પ્રયાસ કર્યો છે. આ કોંગ્રેસે કયારેય આ વિકલાંગો માટેની કોઈ યોજના અમલમાં મૂકી નથી અને એટલા માટે રાજય સરકારે મહર્ષિ અષ્ટવક્ર યોજના અંગે ૩ લાખ કરતા વધારે વિકલાંગોને ઓળખીને એમના પુનઃવસનની કામગીરી, એમની શૈક્ષણિક કામગીરી, એમની તાલીમ માટેની કામગીરી અને આરોગ્ય વિષયક કામગીરી આ મહર્ષિ અષ્ટવક્ર યોજનામાં આ સરકારે કરી છે.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા:૩૧-૧-૦૭ની સ્થિતિએ કુલ ૮૯૫૦ વિકલાંગોને ઓળખકાર્ડ આપવામાં આવ્યા ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ મહર્ષિ અષ્ટ્રવક્ર યોજના એ વિકલાંગોને લગતી યોજના છે. કોંગ્રેસની આ રેલીમાં અપંગ લોકોને, અમારા વિકલાંગોને પણ આ રેલીમાં સામેલ કરીને વિકલાંગોનું અપમાન કરવાનો પ્રયાસ કર્યો છે. એ સંજોગોમાં આ યોજના જે ભારતીય જનતા પાર્ટીની સરકારે અમલમાં મૂકી છે, એ યોજના સારી રીતે સફળ થાય એ માટેના રાજ્ય સરકારના પ્રયત્નો છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. બીજી, ત્રીજી, ચોથી અને પાંચમી યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

# અતારાંકિત પ્રશ્નો

### તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ અતારાંકિત પ્રશ્નો

### રાજ્યમાં ડૉ. આંબેડકર આવાસ અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ

**૧૯૦૮૧ ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં અનુસૂચિત જાતિઓ માટેની ડૉ. આંબેડકર આવાસ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૧) રૂા. ૧૯,૭૭,૦૮,૦૦૦/- ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |

(૨) કેટલી ગ્રાન્ટ ચૂકવવાની બાકી છે ? — (૨) કોઈ ગ્રાન્ટ ચૂકવવાની બાકી નથી.

-----------

**માળીયા તાલુકામાં તળાવો ઉંડા ઉતારવા આયોજન**

૨૦૫૫૯**શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા (મોરબી) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) માળીયા (મિં.) તાલુકામાં તળાવો ઉંડા ઉતારવા તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણીઓ આવી છે, અને | (૧) ૮ (આઠ) માંગણીઓ આવેલ છે. |
| (૨) સિંચાઈ સુવિધાથી વંચિત માળીયા (મિં.) તાલુકામાં નાળા, વ્હેણ, વોંકળા પર ચેકડેમ બનેલા ન હોઈ ગામ તળાવ, સીમ તળાવ ઉંડા ઉતારવા માટે કાર્યવાહી કરવા સરકાર આયોજન કરવા માંગે છે કે કેમ ? | (૨) હાજી. |

-----------

**ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ આવરી લીધલ જિલ્લાઓ**

૨૦૫૭૫**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧ જાન્યુ.-૦૭ની સ્થિતિએ કેન્દ્ર સરકારની ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ રાજ્યના ક્યા ક્યા જિલ્લાઓને આવરી લેવામાં આવેલ છે,

(૨) તા. ૩૧ જાન્યુ. ૦૭ સુધીમાં છેલ્લા એક વર્ષમાં આ જિલ્લાઓમાં કેવા પ્રકારની, કેટલી કેટલી રોજગારી, કેટલા લોકોને આપવાનું આયોજન કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) કેન્દ્ર સરકારની ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, ડાંગ, નર્મદા અને દાહોદ જિલ્લાઓને આવરી લેવામાં આવેલ છે.

(૨) તા. ૩૧ જાન્યુઆરી-૦૭ સુધીમાં છેલ્લા એક વર્ષમાં આ જિલ્લાઓમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ ગુજરાત ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં,

(અ) નીચે મુજબના કામો હાથ ધરવાની જોગવાઈ છે.

- (ક) જળ સંરક્ષણ અને જળસંગ્રહ
- (ખ) વનીકરણ અને વૃક્ષારોપણ સહિત દુષ્કાળ રાહત;
- (ગ) સુક્ષ્મ અને નાની સિંચાઈના કામ સહિત સિંચાઈ નહેર
- (ઘ) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના કુટુંબોની માલિકીની જમીનને અથવા જમીન સુધારણાના લાભાર્થીઓની જમીનને અથવા ભારત સરકારની ઈન્દિરા આવાસ યોજના હેઠળના લાભાર્થીઓની જમીનને સિંચાઈ સુવિધા પૂરી પાડવાની જોગવાઈ કરવી જોઈશે; સોથી વધુ ગરીબ હોય તેને અગ્રતા આપવી જોઈશે;
- (ચ) તળાવોના કાંપ નિકાલ સહિત પરંપરાગત જળાશયોનું સમારકામ;
- (છ) જમીન વિકાસ;
- (જ) જળ આચ્છાદિત વિસ્તારોમાં ગટર વ્યવસ્થા સહિત પૂર-નિયંત્રણ અને સંરક્ષણ કામો કાર્યો;
- (ઝ) તમામ ઋતુમાં ગામડાનો સંપર્ક જળવાય તે માટે ગ્રામીણ વિસ્તારમાં ગટર સહિત

જરૂરી હોય ત્યાં ગરનાળા સહિત રસ્તાઓનું બાંધકામ;

(ટ) કેન્દ્ર સરકાર રાજ્ય સરકાર સાથે વિચાર વિનિમય કરીને જાહેર કરે તેવું કોઈ બીજું કામ.

(બ) ઉપર મુજબના કામો માંગણીનુસાર હાથ ધરવાનું આયોજન કરવામાં આવે છે.

(૩) આ કાનૂન હેઠળ કેન્દ્ર સરકાર ધ્વારા કુલ કેટલી નાણાકીય રકમ રાજ્યને ફાળવી આપવામાં આવેલ છે, અને

(૩) આ કાનુન હેઠળ કેન્દ્ર સરકાર ધ્વારા કુલ રૂા. ૯૦૮૦.૧૪ લાખ રાજ્યને ફાળવવામાં આવેલ છે.

(૪) ફાળવેલ રકમ પેકી કેટલું ખર્ચ કરવામાં આવેલ છે ?

(૪) ફાળવેલ રકમ પેકી રૂા. ૫૮૫૯.૧૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

-----------

**માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકામાં સો ચોરસવારના પ્લોટ**

૨૦૧૨૮**શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં ૧૦૦ ચો.વા. જમીન મેળવવા કેટલી અરજીઓ મળી છે,

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** |
|---|---|---|
| ૧. | માંડવી | ૭૫ |
| ૨. | નખત્રાણા | ૧૦૨૬ |
| ૩. | અબડાસા | ૬૩ |
| ૪. | લખપત | ૧૯૬ |
| | **કુલ :-** | **૧૩૬૦** |

(૨) તે પેકી કેટલા અરજદારોના ૧૦૦ ચો.વા. પ્લોટ મંજૂર કરવામાં આવ્યા,

(૨)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મંજૂર કરવામાં આવેલ પ્લોટ** |
|---|---|---|
| ૧. | માંડવી | ૭૨ |
| ૨. | નખત્રાણા | ૨૫૩ |
| ૩. | અબડાસા | ૦૦ |
| ૪. | લખપત | ૫૭ |
| | **કુલ :-** | **૩૮૨** |

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) ૭૧૪ અરજીઓ પડતર છે.

(૪) કેટલા સમયમાં અરજીઓ મંજૂર કરવાની પ્રક્રિયા પૂરી કરવામાં આવશે ?

(૪) બનતી ત્વરાએ.

-----------

**અતિવૃષ્ટિથી જમીનોનું ધોવાણ**

૨૦૫૭૪ **શ્રી રાકેશ રાવ(માતર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં ૨૦૦૬ના વર્ષે થયેલ અતિવૃષ્ટિ દરમ્યાન આવેલા વિનાશક પૂરના કારણે નદી કિનારાની કુલ કેટલા હેક્ટર ખેતી લાયક જમીનો ધોવાઈ ગઈ છે,

(૧) કુલ ૩૮૬૦૪ હેક્ટર

(૨) આ જમીનોના વળતર પેટે રાજ્ય સરકારે શું મદદ કરેલ છે, અને

(૨) જમીનોના વળતર પેટે રાજ્ય સરકારે પેકેજ ૪(અ), ૪(બ) અને ૪(ક) જાહેર કરેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

૪(અ) નાના અને સીમાંત ખેડુતોના કીસ્સામાં મોટા પ્રમાણમાં જમીન ધસી પડી હોય કે નદી નાળા કે નદીના કોઇ ફાંટાના વહેણ બદલાવાથી ધોવાણના કીસ્સામાં જમીનને મોટા પ્રમાણમાં થયેલ નુક્સાનના કીસ્સામાં તેને સમતળ કરવા કે મુળ સ્વરૂપમાં લાવવા કેલીમેટી રીલીફ ફંડમાં સુચવેલ જોગવાઇ અનુસાર રૂા. ૧૦,૦૦૦/- પ્રતિ હેકટરની મર્યાદામાં સહાય મળવાપાત્ર થશે.

૪(બ) નાના અને સીમાંત ખેડુતોના કીસ્સાઓમાં ઉપરોક્ત કારણે જમીન અસમતોલ થઇ હોય કે જમીનનું ધોવાણ થયું હોય તેવા કીસ્સાઓમાં સી.આર.એફ. નોર્મ્સ પ્રમાણે નાના ખેડુતને ખર્ચના ૨૫ % અને સીમાંત ખેડુતને ખર્ચના ૩૩-૧/૩ % લેખે પ્રતિ હેકટરે વધુમાં વધુ રૂા. ૫૦૦૦/- નાબાર્ડની પેટર્ન પ્રમાણે ઉચ્ચક સહાય મળવાપાત્ર થશે.

૪(ક) નાના અને સીમાંત ખેડુતો સિવાયના તમામ ખેડુતોને મોટા પ્રમાણમાં જમીન ધસી પડી હોય/નદી-નાળા કે નદીના કોઇ ફાંટાના વહેણ બદલાવવાથી ધોવાણ થયેલ હોય કે જમીન અસમતલ થઇ હોય તેને સમતલ કરવા કે મુળ સ્વરૂપમાં લાવવા રૂા. ૫૦૦૦/- પ્રતિ હેકટર અથવા ખરેખર ખર્ચ એ બેમાંથી જે ઓછું હોય તે પરંતુ વધુમાં વધુ પાંચ વર્ષની મર્યાદામાં સહાય મળવાપાત્ર થશે.

(૩) ખેડા અને માતર તાલુકામાં જે પૂરથી સોથી વધુ પ્રભાવિત વિસ્તાર હતો તે ખેડૂતો માટે કોઈ ખાસ પેકેજ સરકાર આપવા માંગે છે કે કેમ ?

(૩) ખંડ-૨ માં દર્શાવ્યા મુજબના પેકેજ જાહેર કરેલ હોઇ, ખાસ પેકેજનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## બક્ષીપંચનો દાખલો કઢાવવામાં હાલાકી

૧૯૭૮૫ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વસતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોને બક્ષીપંચનો દાખલો કઢાવવા માટે પુરાવા તરીકે ૧૯૭૬ પહેલાનો પુરાવો માંગવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) આ ૧૯૭૬નો પુરાવા માંગવાના નિર્ણયના કારણે બક્ષીપંચના લાખો લોકોને બક્ષીપંચનો દાખલો કઢાવવામાં પડતી હાલાકીઓ જોતાં આ નિયમમાં ફેરફાર કરવા બાબતમાં સરકારને તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પ્રજાજનો કે પ્રજાકીય સંસ્થાઓ તરફથી કેટલી ફરિયાદો મળેલ છે, અને | (૨) શૂન્ય |
| (૩) સરકારે આ બાબતમાં શું નિર્ણય કર્યો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ભૂજ અને નખત્રાણા તાલુકામાં એસ. સી. અને પછાત વર્ગની મહિલાના ઉત્કર્ષ માટે પગલાં**

૨૦૦૫૬ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભૂજ અને નખત્રાણા તાલુકાઓમાં ગ્રામ્ય અનુસૂચિત જાતિના કારીગરો અને સા. શૈ. પછાત વર્ગની પરંપરાગત કારીગરી કરતી મહિલાઓના ઉત્કર્ષ માટે સન ૨૦૦૬-૦૭ના વર્ષમાં સરકારે શાં પગલાં લીધા છે, અને

(૨) આ ઉત્કર્ષ માટે સરકારે તા. ૩૧-૧-૦૭ સુધીમાં કેટલો ખર્ચ કરેલ છે ?

**જવાબ**

(૧) જુદા જુદા સ્વરોજગારીના વ્યવસાયો માટે બેન્કો/ખાતા દ્વારા ધિરાણ આપવામાં આવે છે અને તેના ઉપર રાજ્ય સરકારની યોજના અન્વયે નિયમોનુસાર સહાય પણ આપવામાં આવે છે.

(૨) કુલ : ૨૨૭ મહિલા લાભાર્થીઓને રૂા.૪૭.૧૨ લાખનું ધિરાણ અને રૂા.૧૦.૮૦ લાખની સહાય આપવામાં આવી છે.

-----------

**ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તો**

૨૧૦૫૨ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગ્રામ પંચાયતોનું વિભાજન નવીન સીમાંકન થાય ત્યાં સુધી નહીં કરવાનો સરકારે નિર્ણય કર્યો છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તો સરકાર સમક્ષ પડતર છે, અને

(૩) તેના નિકાલ અંગે સરકારે શું પગલાં લીધેલ છે ?

**જવાબ**

(૧) તા. ૫-૧-૦૭ સુધી સીમાંકન પંચનો બાન હતો.

(૨) ૬૪ દરખાસ્તો

(૩) આ અંગેની કોઈ અધિસૂચના બહાર પાડવામાં આવેલ નથી.

-----------

**રાજ્યમાં સોઈલ હેલ્થ કાર્ડ આપવાનું આયોજન**

૧૯૦૨૫ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ જિલ્લાવાર કુલ કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ કેટલા ખર્ચે આપવામાં આવ્યા,

**જવાબ**

(૧) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ સામેલ પત્રક મુજબ જિલ્લાવાર કુલ ૧૫,૩૩,૩૭૭ ખેડૂતોને રૂા. ૧૩૨.૯૫ના ખર્ચે સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે.

**પત્રક**

સોઈલ હેલ્થ કાર્ડ કાર્યક્રમ હેઠળ ખેડૂતોને વિતરણ કરેલ સોઈલ હેલ્થ કાર્ડની વિગત (તા. ૩૧-૦૧-૨૦૦૭ સ્થિતિએ)

| અ.નં. | જિલ્લો | ખેડૂતોને વિતરણ કરેલ સોઈલ હેલ્થ કાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫૪૯૦૩ |
| ૨ | ખેડા | ૬૪૪૨૪ |
| ૩ | આણંદ | ૩૯૬૭૨ |
| ૪ | ગાંધીનગર | ૩૦૪૪૦ |
| ૫ | વડોદરા | ૮૫૧૭૩ |
| ૬ | પંચમહાલ | ૮૪૩૪૭ |
| ૭ | ભરૂચ | ૬૮૨૭૬ |
| ૮ | દાહોદ | ૪૩૨૧૮ |
| ૯ | નર્મદા | ૪૨૦૮૨ |
| ૧૦ | સુરત | ૧૨૩૯૯૮ |
| ૧૧ | વલસાડ | ૬૨૯૧૨ |

| | | |
|---|---|---|
| ૧૨ | ડાંગ | ૭૧૪૬ |
| ૧૩ | નવસારી | ૭૧૬૭૫ |
| ૧૪ | મહેસાણા | ૫૯૬૪૪ |
| ૧૫ | બનાસકાંઠા | ૧૧૧૧૪૦ |
| ૧૬ | પાટણ | ૪૯૭૧૬ |
| ૧૭ | સાબરકાંઠા | ૧૨૧૬૨૨ |
| ૧૮ | રાજકોટ | ૮૨૬૯૩ |
| ૧૯ | કચ્છ | ૪૭૩૭૩ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૬૬૩૯૬ |
| ૨૧ | જામનગર | ૩૦૦૬૭ |
| ૨૨ | જુનાગઢ | ૬૭૩૦૬ |
| ૨૩ | અમરેલી | ૩૬૨૯૪ |
| ૨૪ | ભાવનગર | ૭૨૬૮૧ |
| ૨૫ | પોરબંદર | ૧૦૧૭૯ |
| | કુલ : | ૧૫૩૩૩૭૭ |

(૨) કેટલા ખેડૂતોને કાર્ડ આપવાના બાકી છે, તેના કારણો શાં છે, અને

(૩) બાકી ખેડૂતોને આ કાર્ડ ક્યારે આપવાનું આયોજન છે ?

(૨) અને (૩) અંદાજે ૨૨ લાખ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાના બાકી છે, અને બાકી રહેતા ખેડૂતોને તબકકાવાર અપાય તે મુજબની પ્રક્રિયા ચાલુ છે.

-----------

**કુંવરબાઈનું મામેરું યોજનાનું આયોજન**

૧૯૮૬૭**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૦૬ થી તા.૩૧-૧-૦૭ સુધીમાં રાજ્યમાં કુંવરબાઈના મામેરાની યોજનામાં કેટલી અરજીઓ આવેલ,

**જવાબ**

(૧)

| અનુ. જાતિ | સા.શૈ.પ.વ. |
|---|---|
| ૫૮૭૩ | ૫૧૨૭ |

એચબી-૯૨૦-૩

(૨) તે પૈકી કેટલી અરજીઓ માન્ય રાખવામાં આવેલ છે, અને કેટલા લાભાર્થીઓને ચેક આપવાના બાકી છે, અને

(૨) અનુસૂચિત જાતિની ૪૫૬૬ અરજીઓ માન્ય રાખવામાં આવેલ છે. તે પૈકી ૨૮૯ લાભાર્થીઓને ચેક આપવાના બાકી છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ૨૧૩૮ અરજીઓ માન્ય રાખવામાં આવેલ છે. અને ૧૪૨ લાભાર્થીઓને ચેક આપવાના બાકી છે.

(૩) આ બાકી લાભાર્થીઓને ક્યારે ચેક આપવાનું આયોજન છે ?

(૩) શક્ય તેટલા જલ્દી.

-----------

**વ્હેલ માછલીથી માછીમારોની જાળીને નુક્સાન**

૨૦૨૪૧**પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના દરીયા કિનારે વ્હેલ માછલી જોવા મળે છે તે હકીક્ત સાચી છે, અને

(૨) વ્હેલ માછલી માછીમારોની જાળીને નુક્સાન કરે તો સરકાર સહાય આપે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હા, જી.

-----------

**અમરેલી જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમાની અરજીઓ**

૨૦૫૭૮**શ્રી બાલુભાઈ તંતી(ધારી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ ૨૦૦૪, ૨૦૦૫ અને ૨૦૦૬ના વર્ષમાં કેટલી અરજીઓ આવેલ,

(૨) કેટલા કેસો મંજૂર થયા, અને

(૩) બાકી રહેલ અરજીઓ ક્યા તબકકે છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | આવેલ અરજીઓ |
|---|---|
| ૨૦૦૪ | ૪૬ |
| ૨૦૦૫ | ૬૨ |
| ૨૦૦૬ | ૭૮ |

(૨) કુલ ૫૫

(૩) બાકી રહેલ અરજીઓ ચકાસણી હેઠળ છે.

-----------

**કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવેલ બિયારણ**

૨૧૨૦૪**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા(સુરત શહેર (પશ્ચિમ): માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓએ તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ એક વર્ષમાં બિયારણની કઈ કઈ જાતો વિકસાવી છે ?

**જવાબ**

કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા નીચેની વિગતે ૯ (નવ) જાતો વિકસાવી છે.

| અ.નં. | પાકનું નામ | જાતનું નામ |
|---|---|---|
| (૧) | ડાંગર | - અશોકા-૨૦૦ એફ |
| (૨) | રીંગણ | - જુનાગઢ રીંગણ લીલા ગોળ-૧ |
| (૩) | તલ | - ગુજરાત તલ-૩ |
| (૪) | નાળીયેરી | - હાઈબ્રીડ ટીxડી |
| (૫) | ઘઉં | - જી.ડબલ્યુ-૩૬૬ |
| (૬) | મેથી | - ગુજરાત મેથી-૨ |
| (૭) | નાગલી | - ગુજરાત નાગલી-૪ |
| (૮) | તુવેર | - જી.ટી-૧૦૨ |
| (૯) | વરી | - ગુજરાત વરી-૨ |

-----------

**રાજ્યમાં બક્ષીપંચની આશ્રમશાળામાં શિક્ષકો અને રસોઈયાની ખાલી જ્ગા**

૧૯૧૭૭ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સમગ્ર રાજ્યમાં બક્ષીપંચની કુલ કેટલી આશ્રમશાળા આવેલ છે, જેમાં તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં છેલ્લા બે વર્ષથી શિક્ષકોની અને રસોઈયાઓની જ્ગ્યાઓ ખાલી છે, તે વાત સાચી છે,

(૨) જો હા, તો બક્ષીપંચની આશ્રમશાળામાં શિક્ષકોની ખાલી જ્ગ્યાના કારણે બાળકોનો અભ્યાસ બગડે છે, તો ઉપરોક્ત ખાલી જ્ગ્યાઓ સરકાર ક્યારે ભરવા માંગે છે, અને

(૩) અત્યાર સુધીમાં ખાલી જ્ગ્યા ભરવામાં નથી આવતી તેના શાં કારણો છે ?

**જવાબ**

(૧) ૧૮૭ આશ્રમશાળાઓ આવેલ છે. હા. જી.

(૨) આશ્રમશાળાઓ સ્વૈચ્છીક સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી હોવાથી શિક્ષકની નિમણૂંક અંગે સ્વૈચ્છિક સંસ્થાએ કાર્યવાહી હાથ ધરવાની થાય છે.

(૩) વહીવટી કારણોસર.

-----------

**પંચમહાલ જિલ્લામાં ગ્રામીણ સ્વચ્છતા માટે શોચાલયા**

૧૯૭૬૩**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ગ્રામીણ સ્વચ્છતા માટે કુલ કેટલા શોચાલયો બનાવવામાં આવ્યા,

(૨) કઈ કઈ નોડલ એજન્સીને કેટલા શોચાલયો બનાવવા માટે આપવામાં આવ્યા હતા, અને

(૩) નોડલ એજન્સીઓને કેટલી રકમ ચૂકવી આપવામાં આવી ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ગ્રામીણ સ્વચ્છતા માટે કુલ બી.પી.એલ. કુટુંબના ૩૦૦૬૮ શોચાલયો, એ.પી.એલ. કુટુંબોના ૧૦૫૯૫ શોચાલયો, ૨૦૪૪ શાળા શોચાલયો સંકુલ, ૧૦૩૧ આંગણવાડી શોચાલયો તથા ૮૩ સામુહિક શોચાલયો બનાવવામાં આવેલ છે.
(તાલુકાવાર વિગતો પરિશિષ્ટમાં આપેલ છે.

(૨) કોઈપણ નોડલ એજન્સીઓને શોચાલયો બનાવવાની કામગીરી સોપવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પરિશિષ્ટ**

તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ બી.પી.એલ. તેમજ એ.પી.એલ. કુટુંબો માટેનાં વ્યક્તિગત શોચાલયો, શાળા શોચાલય, આંગણવાડી શોચાલય તથા સામુહિક શોચાલયની વિગત નીચે મુજબ છે.

| અ.નં | તાલુકો | બી.પી.એલ. કુટુંબો માટેનાં પૂર્ણ થયેલ શોચાલય | એ.પી.એલ. કુટુંબોના પૂર્ણ થયેલ શોચાલય | પૂર્ણ થયેલ શાળા શોચાલય સંકુલ | પૂર્ણ થયેલ આંગડવાડી શોચાલય સંકુલ | પૂર્ણ થયેલ સામુહિક શોચાલય સંકુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ગોધરા | ૨૭૬૮ | ૭૩૯ | ૨૪૮ | ૧૦૧ | ૮ |
| ૨. | મોરવા(હ) | ૨૭૭૬ | ૧૫૫૧ | ૧૫૬ | ૮૧ | ૭ |
| ૩. | શહેરા | ૨૮૮૦ | ૩૦૫ | ૨૪૭ | ૧૨૩ | ૮ |
| ૪. | લુણાવાડા | ૩૬૦૦ | ૧૭૮૩ | ૨૫૫ | ૧૧૦ | ૯ |
| ૫. | ખાનપુર | ૨૩૦૭ | ૭૬૦ | ૯૦ | ૬૫ | ૭ |
| ૬. | કાલોલ | ૨૮૫૧ | ૧૪૬૭ | ૧૩૦ | ૧૧૭ | ૮ |
| ૭ | હાલોલ | ૨૨૨૧ | ૧૬૫૩ | ૧૯૨ | ૯૬ | ૨ |
| ૮. | જાંબુઘોડા | ૧૫૫૭ | ૫૫૫ | ૧૫ | ૪૮ | ૯ |
| ૯. | ઘોઘંબા | ૨૧૨૨ | ૭૬૩ | ૨૪૪ | ૧૧૧ | ૯ |
| ૧૦. | સંતરામપુર | ૪૧૧૫ | ૬૫૭ | ૨૯૯ | ૧૨૯ | ૮ |
| ૧૧. | કડાણા | ૨૮૭૧ | ૩૬૨ | ૧૬૮ | ૫૦ | ૮ |
| | કુલ : | ૩૦૦૬૮ | ૧૦૫૯૫ | ૨૦૪૪ | ૧૦૩૧ | ૮૩ |

-----------

**ગ્રામ પંચાયત અલગ કરવાની દરખાસ્તો**

૨૦૦૨૩ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં જિલ્લાવાર તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગ્રામ પંચાયત અલગ કરવાની કેટલી દરખાસ્તો મળી, અને

(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો અલગ કરવાની મંજૂરી આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૦૫

(૨) આ અંગે કોઈપણ અધિસૂચના બહાર પાડવામાં આવી નથી.

-----------

**સમરસ થયેલ ગ્રામ પંચાયતોને પ્રોત્સાહન**

૨૧૧૭૯**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર, ૨૦૦૬માં યોજેલ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં રાજ્યમાં કુલ કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ, અને

(૨) તેમને શી પ્રોત્સાહન ગ્રાન્ટ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૨૮૪૨

(૨) (૧) પાંચ હજાર સુધીની વસતી ધરાવતી ગ્રામ પંચાયતના કિસ્સામાં રૂપિયા ૧.૦૦ લાખ.
(૨) પાંચ હજારથી પંદર હજાર સુધીની વસતી ધરાવતી ગ્રામ પંચાયતના કિસ્સામાં રૂપિયા ૧.૫૦ લાખ
(૩) જે ગ્રામ પંચાયતો સતત બીજીવાર

| | |
|---|---|
| સમરસ ક્સ્સિામાં ૨૫ ટકા | જાહેર થાય તેવી ગ્રામ પંચાયતોના મળવાપાત્ર ગ્રાંટ ઉપરાંત વધારાની ગ્રાંટ આપવામાં આવે છે. |

-----------

**રાજ્યમાં બાયો ફર્ટીલાઈઝર ખેતીને પ્રોત્સાહન**

૨૦૭૨૨**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સજીવ ખેતીને પ્રોત્સાહન આપવા સન ૨૦૦૬-૨૦૦૭ના વર્ષ દરમ્યાન સરકાર દ્વારા શી પ્રવૃત્તિઓ કરવામાં આવી, અને | (૧) રાજ્યમાં સજીવ ખેતીને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર દ્વારા સજીવ ખેતીના ઘટકો જેવા કે સેન્દ્રીય ખાતર, જૈવિક ખાતર, વર્મી કમ્પોસ્ટના ઘટકોમાં સહાય આપવામાં આવે છે. પ્રચાર માધ્યમો દ્વારા તેમજ કૃષિ મહોત્સવ દરમ્યાન માર્ગદર્શન તેમજ પુરતી જાણકારી આપવામાં આવે છે. |
| (૨) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સજીવ ખેતીમાં કેટલા પ્રમાણમાં વૃધ્ધિ થઈ છે ? | (૨) ઉત્તરોત્તર વધારો થતો જાય છે. |

-----------

**રાજ્યમાં વિદેશ અભ્યાસ માટે વિદ્યાર્થીઓને સહાય**

૨૧૦૪૬ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ વિદેશ અભ્યાસ કરવા જતા બક્ષીપંચ અને અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને કેટલી સહાયતા આપવામાં આવી ?

**જવાબ**

| જાતિ | વિદ્યાર્થીઓની સંખ્યા | ચૂકવેલ લોન (રૂા. લાખમાં) |
|---|---|---|
| બક્ષીપંચ | ૨૦ | ૧૦૦ |
| અનુસૂચિત જાતિ | ૧૦૯ | ૫૪૫ |

-----------

**જામનગર જિલ્લામાં બી.પી.એલ. કુટુંબોની યાદી**

૨૦૫૬૪ **ડૉ. દિનેશ પરમાર (જામનગર રૂરલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં બી.પી.એલ. કુટુંબોના સર્વે બાબતે યાદી તૈયાર કરવા માટે તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં યાદી તૈયાર કરવામાં આવી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) આ નવી તૈયાર કરવામાં આવેલ યાદી બાબતે અનિયમિતતા સંબંધી કુલ કેટલી ફરિયાદો સરકારને મળેલ છે, | (૨) મોજણી દરમ્યાન આવી અનિયમિતતા થયેલ હોવાની કુલ ૬૪,૫૬૭ રજુઆતો મળેલ હતી. |
| (૩) આ ફરિયાદોમાંથી કુલ કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે અને કેટલી ફરિયાદોનો નિકાલ બાકી છે, અને | (૩) તમામ રજુઆતોનો નિયત થયેલ જોગવાઇઓને આધિન રહી નિકાલ કરવામાં આવેલ છે. |
| (૪) બાકી ફરિયાદોનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે અને ગંભીર પ્રકારની બેદરકારી/ગેરરીતિ બાબતે કેટલા કર્મચારી/અધિકારીઓ સામે ક્યા પ્રકારના પગલાં લેવામાં આવ્યા ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**અમદાવાદ ગ્રામ પંચાયતમાં ગ્રામ મિત્રોની અરજી**

૧૯૧૪૮ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧-૦૭ સુધીમાં અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતમાં | (૧) ૨૧૦૯. |

સુધીમાં અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતના વહીવટમાં સહાયરૂપ થવા કેટલા ગ્રામમિત્રોની અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલા ગ્રામમિત્રોની પસંદગી કરી ? (૨) ૧૨૨૧.

-----------

**ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા અંગે**

૨૦૮૪૪ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યના કેટલા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે, અને

(૨) તે પૈકી અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૧૫,૩૩,૩૭૭ ખેડૂત ખાતેદારોને સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે.

(૨) તે પૈકી અમદાવાદ જિલ્લામાં કુલ ૫૪,૯૦૩ ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે. તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| સીટી | ૫૭૩ |
| દસક્રોઇ | ૭૫૯૯ |
| સાણંદ | ૬૮૫૭ |
| વિરમગામ | ૬૦૦૪ |
| માંડલ | ૩૧૯૫ |
| દેત્રોજ | ૬૦૬૫ |
| ધોળકા | ૧૧૭૦૭ |
| બાવળા | ૪૩૨૩ |
| ધંધુકા | ૫૩૮૩ |
| બરવાળા | ૧૪૨૭ |
| રાણપુર | ૧૭૭૦ |
| કુલ : | ૫૪૯૦૩ |

(૧) જામજોધપુર તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલી ખેત તલાવડીઓ બનાવવામાં આવેલ, તેમાં ગેરરીતિઓ અંગેની કોઈ ફરીયાદ મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ક્યા ક્યા ગામોની ફરીયાદ મળેલ છે, અને

(૩) ફરીયાદના આધારે શી કાર્યવાહી કરેલ છે ?

**જવાબ**

(૧) જામ-જોધપુર તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ૮૫ ખેત તલાવડીઓ બનાવવામાં આવેલ છે તેમાં ગેરરીતિની કોઈ ફરિયાદ મળેલ નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ખેતીના વિકાસ માટે કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ**

૧૯૯૫૯ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઓછા પાણીથી થતી ખેતીના વિકાસ માટે કેન્દ્ર સરકારે સને ૨૦૦૫-૦૬ તથા સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધી કેન્દ્ર સરકારે કુલ કેટલી રકમ વર્ષવાર રાજ્ય સરકારને ફાળવી છે,

**જવાબ**

(૧) આવી કોઈ યોજના અમલમાં નથી.

(૨) કેન્દ્ર સરકાર ધ્વારા ફાળવાયેલી રકમ પેકી કુલ કેટલી રકમ વર્ષવાર ચૂકવવામાં આવી છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) રાજ્ય સરકારને મળેલ આ રકમ પેકી કેટલી રકમનો ખર્ચ વર્ષવાર આ યોજના હેઠળ કરવામાં આવ્યો છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**કપાસનું ઉત્પાદન અને વેચાણ**

૨૦૧૭૨ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ચાલુ વર્ષે રાજ્ય સરકારને કપાસના કેટલા ઉત્પાદનની ધારણા હતી,

(૧) ૭૫ લાખ ગાંસડી.

(૨) ધારણા મુજબ કપાસનું ઉત્પાદન થયેલ છે કે કેમ, અને

(૨) ધારણાથી વધારે.

(૩) પડોશી મહારાષ્ટ્ર રાજ્યમાંથી ગુજરાતમાં કેટલો કપાસ વેચાણથી આવે છે તેનાથી સરકાર વાકેફ છે કે કેમ ?

(૩) મુક્ત વ્યાપાર નીતિના કારણે અન્ય રાજ્યોમાંથી કપાસનો જથ્થો રાજ્યમાં વેચાણ માટે આવતો હોવાનું જાણમાં છે. મહારાષ્ટ્રમાંથી અંદાજે સિઝનમાં ૫ થી ૮ લાખ ગાંસડી કપાસનો જથ્થો વેચાણ માટે આવ્યો હોવાનો અંદાજ છે.

-----------

**જૂનાગઢ જિલ્લામાં ગોકુળ ગામ તરીકે જાહેર થયેલ ગામો**

૧૯૧૩૫**શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ગોકુલ ગામ યોજના હેઠળ ક્યા ક્યા પ્રકારના કામો છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવ્યા, અને

(૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ગોકુળ ગ્રામ યોજના અંતર્ગત કુલ ૬૩૫ કામો છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવ્યા છે.

| **વર્ષ** | **મંજૂર કરેલ કામોની સંખ્યા** |
|---|---|
| ૨૦૦૫ | ૩૯૦ |
| ૨૦૦૬ | ૨૪૫ |
| કુલ.. | ૬૩૫ |
| (તાલુકાવાર વિગતોનું પરિશિષ્ટ-૧ સામેલ છે.) | |

(૨) મંજૂર કરેલ કામો પેકી કેટલા કામો પૂર્ણ કરી ગોકુલ ગ્રામ જાહેર કરવામા આવ્યા ?

(૨) ૬૩૫ કામો પેકી ૫૫૩ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે અને ૩૮ ગામોને ગોકુળ ગ્રામ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **પુર્ણ થયેલ કામો** | **જાહેર થયેલ ગામો** |
|---|---|---|
| ૨૦૦૫ | ૩૪૭ | ૨૭ |
| ૨૦૦૬ | ૨૦૬ | ૧૧ |
| કુલ.. | ૫૫૩ | ૩૮ |
| (તાલુકાવાર વિગતોનું પરિશિષ્ટ-૨ સામેલ છે.) | | |

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે).

-----------

તા.૮મી માર્ચ, ૨૦૦૭
અતારાંકિત પ્રશ્નો

**રાજકોટ જિલ્લામાં તલાટી કમ મંત્રીઓની ખાલી જગા**

૨૦૮૨૧ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ તાલુકાવાર કેટલા તલાટી-કમ-મંત્રીઓની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શાં પગલાં લીધા છે?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકો** | **ખાલી જગ્યા** |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૧૧ |
| ૨ | મોરબી | ૦૮ |
| ૩ | ટંકારા | ૦૬ |
| ૪ | ધોરાજી | ૧૫ |
| ૫ | પડધરી | ૦૫ |
| ૬ | ગોંડલ | ૨૧ |
| ૭ | ઉપલેટા | ૧૪ |
| ૮ | લોધીકા | ૧૧ |
| ૯ | વાંકાનેર | ૦૮ |
| ૧૦ | માળીયા મીંયાણા | ૦૯ |
| ૧૧ | જામકંડોરણા | ૧૧ |
| ૧૨ | કોટડાસાંગાણી | ૧૧ |
| ૧૩ | જેતપુર | ૧૫ |
| ૧૪ | જસદણ | ૧૯ |
| | કુલ :- | ૧૬૪ |

૧૬૪ જગાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

(૨) પંચાયત સહાયકની ભરતી તથા રહેમરાહે નિમણૂંકમાં તલાટી-કમ-મંત્રીનો વિકલ્પ મેળવી જગ્યાઓ ભરાયેલ છે.

-----------

**તીર્થગામ જાહેર થયેલ ગામોને પ્રોત્સાહન**

૨૦૮૪૨ **શ્રી કાંતિલાલ ૨ા. લકુમ(બાવળા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તીર્થગ્રામ કેવા ગામોને જાહેર કરવામાં આવે છે,

(૨) તા. ૩૧-૧-૦૭ સુધીમાં રાજ્યના કેટલા ગામોને જાહેર કરવામાં આવ્યા છે, અને

(૩) આવા ગામોને રાજ્ય સરકાર પ્રોત્સાહન તરીકે શું આપે છે?

**જવાબ**

(૧) સામેલ પત્રક મુજબ.

(૨) કુલ-૪૦૮ ગામોને તીર્થગામ તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

(૩) રૂા. ૧,૦૦,૦૦૦/-(પ્રત્યેકને એકલાખ)

**પત્રક**

**તીર્થગામ યોજના હેઠળ યોજનાનો લાભ મેળવવાની પાત્રતાના ધોરણો નીચે મુજબ છે. આ યોજનાનો લાભ તે ગામ લઈ શકશે, કે જે ગામમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન કોઈપણ ગુન્હો ન નોંધાયો હોય**

૧. ગામમાં સમીક્ષાના વર્ષમાં કોઈપણ ફોજદારી ગુન્હો, તકરાર નોંધાયેલ કે કરેલ ન હોવી જોઈએ.

૨. ગામમાં માદક કે કેફી દ્રવ્યોનું ઉત્પાદન, વેચાણ કે સેવન થતું ન હોવું જોઈએ. તેમજ તેના ભંગ અંગેનો કોઈ ગુનો સમીક્ષા વર્ષ કે તે દરમ્યાન નોંધાયેલ ન હોવો જોઈએ.

૩. ગામ સ્વચ્છ હોવું જોઈએ. ગામમાં રસ્તાઓ ઉપર કે પાદરમાં ઉકરડા હોવા જોઈએ નહિં.

૪. પ્રાથમિક શાળામાં પ્રવેશપાત્ર કન્યાઓનું નામાંકનનું પ્રમાણ સારું હોવું જોઈએ અને વર્ષ દરમ્યાન ધોરણ-૭ સુધીના ડ્રોપ આઉટના કેસોનું પ્રમાણ ઓછું હોવું જોઈએ.

૫. સમરસ જાહેર થયેલ ગ્રામ પંચાયતોને અગ્રીમતા આપવાની રહેશે.
૬. ગામના સ્થાનિક પ્રશ્નો અંદર-અંદરની સમજાવટથી, લોક અદાલતની ઉચ્ચ ભાવનાથી સ્થાનિક કક્ષાએ નિકાલ કરવામાં આવતો હોવો જોઈએ.
૭. ગામના ધાર્મિક સ્થાનો અંગે ગામમાં કોઈ વિવાદ ચાલતો ન હોવો જોઈએ કે થવો ન જોઈએ.
૮. ગામમાં દલિત અને આદિવાસી વિસ્તારમાં ગામમાં અન્ય વિસ્તારમાં મળતી પ્રાથમિક સુવિધાઓ જેવી જ સુવિધાઓ ઉપલબ્ધ થયેલી હોવી જોઈએ.
૯. ગામમાં જળસંચય યોજના હેઠળ ખેત તલાવડી/બોરીબંધ બનાવવામાં સારી સિદ્ધિ હાંસલ કરેલી હોવી જોઈએ.
૧૦. ગામમાં મધ્યાહન ભોજન યોજના હેઠળ ગ્રામજનોએ તિથિઓ નોંધાવવામાં (શાળાના ઓરડાઓ સાધનો વિગેરે) ભાગીદારી લીધેલ હોવી જોઈએ.
૧૧. ગામમાં અશ્પૃશ્યતા નિવારણનો ચૂસ્ત અમલ થતો હોવો જોઈએ.

-----------

**સુવર્ણ જ્યંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ સ્વરોજગારી**

૨૦૫૮૦**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન તા. ૩૧-૧-૦૭ સુધીમાં જામનગર જિલ્લામાં તાલુકાવાર સુવર્ણજ્યંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ કુલ કેટલા લોકોને સ્વરોજગારી પૂરી પાડવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૦૭ સુધીમાં જામનગર જિલ્લામાં તાલુકાવાર સુવર્ણજ્યંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ નીચે મુજબ લોકોને સ્વરોજગારી પૂરી પાડવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | સ્વરોજગારીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | જામનગર | ૯૪ |
| ૨ | લાલપુર | ૨૧ |
| ૩ | જામજોધપુર | ૧૫ |
| ૪ | ભાણવડ | ૬૫ |
| ૫ | કલ્યાણપુર | ૧૧ |
| ૬ | દ્વારકા | ૨૮ |
| ૭ | ખંભાળીયા | ૫૮ |
| ૮ | જોડીયા | ૭૧ |
| ૯ | ધ્રોલ | ૨૮ |
| ૧૦ | કાલાવડ | ૩૭ |
| | **કુલ :-** | **૪૨૮** |

(૨) સરકારે કુલ કેટલી રકમનું ખર્ચ કરેલ છે?

(૨) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૬-૨૦૦૭ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૦૭ સુધીમાં રૂા. ૬૪.૩૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

-----------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં ફળઝાડના રોપાઓનું વિતરણ**

૨૧૧૭૩ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા અને પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને વર્ષવાર ફળઝાડના વાવેતર માટે ક્યા પ્રકારની અને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે, અને

(૨) આ ફળઝાડના રોપાઓનું ક્યા સરકારી અર્ધ સરકારી ફાર્મમાંથી કેટલી કિંમતે વિતરણ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) જે પત્રક સામેલ છે.

(૨) પાટણ જિલ્લામાં કોઈ સરકારી કે અર્ધસરકારી નર્સરી આવેલ નથી. મહેસાણા જિલ્લામાં જગુદન ખાતેની સરકારી નર્સરી ઉપરથી નીચે મુજબની કિંમતે કલમ/રોપાનું વેચાણ કરવામાં આવેલ છે.

| અ.નં. | કલમ/રોપાનું નામ | એક કલમ/રોપાની કિંમત રૂા. |
|---|---|---|
| ૧. | લીંબુ | ૫.૦૦ |
| ૨. | જાંબુ | ૫.૦૦ |
| ૩. | ખારેક (રોપા) | ૧.૦૦ |
| ૪. | સીતાફળ | ૫.૦૦ |

| | | |
|---|---|---|
| ૫. | જામફળ | ૫.૦૦ |

સને ૨૦૦૬-૦૭માં નર્સરી કૃષિ યુનિ.ને આપેલ છે. જે અર્ધ સરકારી નર્સરી ઉપરથી નીચે મુજબની કિંમતે કલમ/રોપાનું વેચાણ કરવામાં આવેલ છે.

| અ.નં. | કલમ/રોપાનું નામ | એક કલમ/રોપાની કિંમત રૂા. |
|---|---|---|
| ૧. | પપેયા | ૨.૦૦ |
| ૨. | આંબા (કલમ) | ૪૦.૦૦ |
| ૩. | દાડમ (કલમ) | ૧૫.૦૦ |
| ૪. | સીતાફળ | ૭.૦૦ |
| ૫. | આંબા (નૂતન) | ૨૫.૦૦ |
| ૬. | જામફળ | ૭.૦૦ |
| ૭. | ફાલસા | ૬.૦૦ |
| ૮. | આમળા (દેશી) | ૭.૦૦ |

**પત્રક**

મહેસાણા જિલ્લો

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૦૪-૦૫ | | ૨૦૦૫-૦૬ | | ૨૦૦૬-૦૭ (તા. ૧-૪-૦૬ થી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ) | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ચૂકવેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા | ચૂકવેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા | ચૂકવેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા | ચૂકવેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા |
| ૧. | મહેસાણા | ૧૨૯૪૦૨ | ૨૯ | ૩૫૧૪૦૨ | ૧૨૨ | ૫૮૭૬૩૧ | ૧૧૩ | ૧૦૬૮૪૩૫ | ૨૬૪ |
| ૨. | કડી | ૨૦૫૧૮૭ | ૪૧ | ૪૬૪૨૭ | ૨૩ | ૪૪૦૦ | ૪ | ૨૫૬૦૧૪ | ૬૮ |
| ૩. | વિજાપુર | ૨૯૬૬૨ | ૯ | ૨૦૭૦ | ૨ | ૩૭૨૯૭ | ૮ | ૪૫૯૩૭ | ૧૧ |
| ૪. | વિસનગર | ૬૫૭૦ | ૧ | ૨૦૭૦ | ૨ | ૩૭૨૯૭ | ૮ | ૪૫૯૩૭ | ૧૧ |
| ૫. | બેચરાજી | ૦ | ૦ | ૯૯૦ | ૧ | ૬૯૩૦ | ૧ | ૭૯૨૦ | ૨ |
| ૬. | ખેરાલુ | ૧૪૫૧૬ | ૩ | ૬૨૯૫ | ૪ | ૩૮૯૧૭ | ૭ | ૫૯૭૨૮ | ૧૪ |
| ૭. | સતલાસણા | ૦ | ૦ | ૫૯૪૦ | ૨ | ૧૮૫૨૭ | ૨ | ૨૪૪૬૭ | ૪ |
| ૮. | ઉંઝા | ૦ | ૦ | ૫૪૭૫ | ૨ | ૯૮૭૬ | ૪ | ૧૫૩૫૧ | ૬ |
| ૯. | વડનગર | ૧૪૯૨૨ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૪૯૨૨ | ૫ |
| | કુલ : | ૪૦૦૨૫૯ | ૮૮ | ૫૦૪૩૩૦ | ૧૮૯ | ૭૪૮૪૭૭ | ૧૭૭ | ૧૬૫૩૦૬૬ | ૪૫૪ |

પાટણ જિલ્લો

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૦૪-૦૫ | | ૨૦૦૫-૦૬ | | ૨૦૦૬-૦૭ (તા. ૧-૪-૦૬ થી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ચૂકવેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા | ચૂકવેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા | ચૂકવેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા | ચૂકવેલ સહાય રૂા. | લાભાર્થીની સંખ્યા |
| ૧. | પાટણ | ૩૦૬૯૦ | ૧૧ | ૨૪૬૨૧ | ૧૧ | ૧૦૭૮૮૭ | ૫ | ૧૬૩૧૯૮ | ૨૭ |
| ૨. | ચાણસ્મા | ૭૫૯૫ | ૪ | ૧૨૦૬૨ | ૫ | ૧૪૮૮૩ | ૫ | ૩૪૫૪૦ | ૧૪ |
| ૩. | સિધ્ધપુર | ૧૧૭૯૫ | ૪ | ૧૩૮૦૪ | ૫ | ૦ | ૦ | ૧૧૮૫૯ | ૭ |
| ૪. | હારીજ | ૩૨૨૦ | ૪ | ૮૬૩૯ | ૩ | ૦ | ૦ | ૧૧૮૫૯ | ૭ |
| ૫. | રાધનપુર | ૧૨૬૦ | ૨ | ૦ | ૦ | ૧૦૩૮૩ | ૧ | ૧૧૬૪૩ | ૩ |
| ૬. | સમી | ૭૦૦ | ૧ | ૪૫૯૬૪ | ૧૦ | ૦ | ૦ | ૪૬૬૬૪ | ૧૧ |
| ૭. | સાંતલપુર | ૦ | ૦ | ૧૮૯૦ | ૧ | ૦ | ૦ | ૧૮૯૦ | ૧ |
| | કુલ : | ૫૫૨૬૦ | ૨૬ | ૧૦૬૯૮૦ | ૩૫ | ૧૩૩૧૫૩ | ૧૧ | ૨૯૫૩૯૩ | ૭૨ |

-----------

## અનુસૂચિત જાતિ અને બક્ષીપંચના બાળકોને ગણવેશ સહાય

૨૧૨૫૮ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિ અને બક્ષીપંચના પ્રાથમિક શાળાના બાળકોને વર્ષવાર કેટલી ગણવેશ સહાય આપવામાં આવી, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિ અને બક્ષીપંચના પ્રાથમિક શાળાના બાળકોને નીચે મુજબ સહાય આપવામાં આવી,

| વર્ષ | અનુસૂચિત જાતિના બાળકોને સહાય | બક્ષીપંચના બાળકોને સહાય |
|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૬,૧૬,૩૫૦/- | ૧,૬૨,૭૯,૦૦૦ |

| | | |
|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૬,૧૬,૩૫૦/- | ૧,૬૨,૭૯,૦૦૦ |
| ૨૦૦૬-૦૭ | ૩,૯૪,૨૦૦/- | ૧,૬૩,૧૬,૦૦૦ |

(૨) કેટલી સહાય આપવાની બાકી છે?

(૨) અનુસૂચિત જાતિની કોઈ સહાય આપવાની બાકી નથી.

બક્ષીપંચની વર્ષ ૨૦૦૬-૦૭માં રૂા. ૫.૪૪ લાખની સહાય આપવાની બાકી છે.

-----------

## રાજ્યમાં કપાસનું વાવેતર અને ઉત્પાદન

૨૧૧૯૦ **શ્રી પરસોત્તમભાઈ ભોજાણી(જોડીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૬-૨૦૦૭ ના વર્ષમાં રાજ્યમાં કપાસનું વાવેતર કેટલા વિસ્તારમાં થયું, અને ઉત્પાદન કેટલું થયું,

(૨) રાજ્યમાં ઉત્પન્ન થતા કપાસની આંતરરાષ્ટ્રીય માંગ છે તે હકીક્ત સાચી છે, અને

(૩) જો હા, તો સન ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧-૦૭ સુધીમાં કપાસની કેટલી નિકાસ કરવામાં આવી?

**જવાબ**

(૧) ૨૦૦૬-૦૭ના વર્ષમાં રાજ્યમાં કપાસનું વાવેતર અંદાજે ૨૩,૯૦,૦૦૦ હેકટરમાં અને ઉત્પાદન આશરે ૮૭ લાખથી વધુ ગાંસડી થવાનો અંદાજ છે.

(૨) હા, જી.

(૩) અંદાજે કપાસની ૩૦ લાખ ગાંસડીની નિકાસ થયેલ છે.

-----------

## ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતનું વિભાજન

૧૮૮૨૨ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતની તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિભાજન માટેની દરખાસ્તો કરવામાં આવી, અને

(૨) ગ્રામ પંચાયતના વિભાજન માટે જે દરખાસ્તો આવી છે તેમાંથી કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## રાજ્યમાં ખેત ઉત્પાદન બજાર સમિતિનું આધુનિકરણ

૨૦૮૩૮**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં એ.પી.એમ.સી. ના આધુનિકરણ માટે સરકારનું શું આયોજન છે?

**જવાબ**

આધુનિક બજારો સ્થાપવા સામાન્ય વિસ્તાર હેઠળની ખેત ઉત્પન્ન બજાર સમિતિઓને પ્રોજેક્ટ કોસ્ટની ૫૦% અને આદિજાતિ વિસ્તાર હેઠળની ખેત બજાર સમિતિઓને પ્રોજેકટની કોસ્ટની ૨૫% નાણાંકીય સહાય આપવામાં આવે છે.

(૨) ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડ દ્વારા ટેક્નોલોજી મીશન ઓન કોટન (ટી.એમ.સી.) અંતર્ગત ખેત ઉત્પન્ન બજાર સમિતિઓને પ્રોજેકટ કોસ્ટની ૬૦% નાણાંકીય સહાય આપવામાં આવે છે. તેમજ વિના મુલ્યે ખેત ઉત્પન્ન બજાર સમિતિઓને કોમ્પ્યુટર્સ આપવામાં આવે છે.

-----------

## ૨૪૧/page>સુરેન્દ્રનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરું અને સાતફેરા સમૂહ લગ્નની અરજીઓ

૧૯૪૫૪ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર તા. ૧-૧-૦૪ થી તા. ૩૧-૧૨-૦૬ના રોજ બક્ષીપંચની કુંવરબાઈનું મામેરું અને સાત ફેરા સમૂહ લગ્નની કેટલી અરજીઓ

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | કુંવરબાઈનું | સાતફેરા સમૂહ |
|---|---|---|
| (૧) વઢવાણ | ૨૦૭ | ૨૩ |

મળી,

| | | | |
|---|---|---|---|
| (૧) | વઢવાણ | ૨૦૭ | ૨૩ |
| (૨) | લીંબડી | ૯૦ | ૦૬ |
| (૩) | ચૂડા | ૪૬ | -- |
| (૪) | ધાંગધ્રા | ૧૦૬ | -- |
| (૫) | હળવદ | ૬૯ | -- |
| (૬) | પાટડી | ૧૮૧ | -- |
| (૭) | લખતર | ૫૫ | -- |
| (૮) | મૂળી | ૩૦ | -- |
| (૯) | ચોટીલા | ૮૯ | ૧૪ |
| (૧૦) | સાયલા | ૪૫ | -- |

(૨) તે પૈકી ચોટીલા અને સાયલા તાલુકામાં કેટલી અરજીઓ મળી, અને

| (૨) | | **કુંવરબાઈનું મામેરૂ** | **સાતફેરા સમૂહ લગ્ન** |
|---|---|---|---|
| (૧) | ચોટીલા | ૮૯ | ૧૪ |
| (૨૦ | સાયલા | ૪૫ | -- |

(૩) કેટલી મંજૂર કરી કેટલી ના મંજૂર કરી અને કેટલી બાકી છે ?

(૩) ચોટીલા તાલુકાની કુંવરબાઈના મામેરાની ૪૬ અરજી મંજૂર અને ૪૩ અરજી ના મંજૂર કરવામાં આવી જ્યારે સાયલા તાલુકાની ૨૨ અરજી મંજૂર ૨૧ અરજી ના મંજૂર થઈ અને બે અરજી પડતર છે.
સાતફેરા સમૂહ લગ્નની ચોટીલા તાલુકાની ૧૨ અરજી મંજૂર અને બે અરજી ના મંજૂર કરવામાં આવી, જ્યારે સાયલા તાલુકામાં કોઈ અરજી મળેલ નથી.

-----------

## સેન્દ્રીય ખાતર બનાવવાનું આયોજન

૨૦૮૨૮ **શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સેન્દ્રિય ખાતર માટે હાલ રાજ્ય સરકારની સહાયની કોઈ યોજના છે,

(૨) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા વિસ્તારમાં કેટલા જથ્થામાં સેન્દ્રિય ખાતર બનાવવામાં આવ્યું છે, અને

(૩) તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) આ યોજના હેઠળ તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ૩x૨x૧ મીટરના ૧૧૭૩૨ ખાડા બનાવવામાં આવેલ છે. આ ખાડાઓમાંથી અંદાજે ૭૦,૦૦૦ મે. ટન સેન્દ્રિય ખાતર ઉત્પન્ન થાય છે.

-----------

## વિકલાંગો માટે અકસ્માત વીમાની ચૂકવેલ રકમ

૨૧૩૧૪ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલા વિકલાંગોના અકસ્માતે મૃત્યુ થયા પછી વિમો મેળવવા કુલ કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલા વિકલાંગોને કેટલી રકમ વિમા યોજના હેઠળ ચૂકવવામાં આવી છે ?

**જવાબ**

(૧) અને (૨) : વીમા યોજના અંગેની કાર્યવાહી પ્રગતિમાં હોઈ ચૂકવણી કરવાનો પ્રશ્ન રહેતો નથી..

-----------

**પાકિસ્તાન દ્વારા માછીમારોને પકડવા અંગે**

૨૧૦૪૯ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્યનાં સાગર કાંઠાએથી ૩ વર્ષમાં કેટલા માછીમારોને પાકિસ્તાન કોસ્ટ ગાર્ડ દ્વારા ગેર કાયદેસર પકડવામાં આવ્યા, | (૧) ૧૬૬૪. |
| (૨) હાલમાં કેટલા માછીમાર જેલમાં છે, અને | (૨) ૩૭૮. |
| (૩) તેમને છોડાવવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ ક્યા ક્યા પ્રયો ર્ક્યા ? | (૩) પત્રક સામેલ છે. |

*(પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**ડાંગ જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં પાણી વેરો લેવાનો નિર્ણય**

૧૯૫૩૦**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં સન ૨૦૦૬માં ગ્રામ પંચાયતોમાં પાણી વેરો લેવાનું નક્કી કરેલ છે તે હકિક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આદિવાસી અને પછાત એવા આ વિસ્તારને તેમાંથી મુક્તિ આપવા સરકાર કોઈ કાર્યવાહી કરવા માંગે છે કે કેમ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**કૃષિ મેળા માટે ખરીદેલ દવા**

૨૦૫૬૨ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ(ખેરાલુ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ અંતિત પશુપાલન ખાતાએ કૃષિમેળા માટે કેટલી રકમની દવા ખરીદી, | (૧) એકપણ નહીં. |
| (૨) તેમાંથી કેટલા ખેડૂતોને રાજ્યભરમાં કીટ ફાળવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આપેલ કીટથી પશુપાલક્ને કેટલો ફાયદો થયો? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ગ્રામ મિત્ર યોજના હેઠળ કરેલ ખર્ચ**

૨૦૭૨૦ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ગ્રામ મિત્ર (વિકાસ) યોજના અંતર્ગત તા. ૩૧ ડીસેમ્બર-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવાના આશયથી જોગવાઈ કરેલ રકમ પેકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) શૂન્ય. |
| (૨) કેટલા યુવાનોને ગ્રામ મિત્ર તરીકે હંગામી ધોરણે નિમણૂક આપી ? | (૨) શૂન્ય. |

## હાલોલ અને જાંબુઘોડા તાલુકામાં વિકાસના કામો

૧૯૮૯૫**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લા પંચાયત દ્વારા હાલોલ તેમજ જાંબુઘોડા તાલુકાઓમાં અન્ય ગ્રામિણ વિકાસ કાર્યક્રમ હેઠળ કેટલા કામોને મંજૂરી આપેલ છે, અને | (૧) ૧. રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર બાંહેધરી કાર્યક્રમ અંતર્ગત હાલોલ અને જાબુંઘોડા તાલુકામાં અનુક્રમે ૩૩ અને ૨૭ કામોની મંજૂરી આપેલ છે.<br>૨. એસ.જી.આર.વાય. યોજના હેઠળ હાલોલ તાલુકામાં ૨૬ અને જાંબુઘોડામાં ૯ કામની મંજૂરી આપેલ છે. |
| (૨) કેટલી રકમના કામોને મંજૂરી આપવાની બાકી છે ? | (૨) કોઈ કામોને મંજૂરી આપવાની બાકીમાં નથી. |

-----------

## ભિલોડા તાલુકામાં ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ સહાય

૨૧૦૪૧**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાંથી આંબેડકર આવાસ યોજના માટે કુલ કેટલી અરજીઓ આવી, | (૧) ૧૮૪ અરજીઓ |
| (૨) તે પેકી કેટલા કેસોમાં સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૪૧ કેસોમાં |
| (૩) બાકીના કેસોમાં ક્યારે સહાય ચૂકવવામાં આવશે? | (૩) શક્ય તેટલી વહેલી તકે |

-----------

## કૃષિ વિષયક ધિરાણ ક્ષેત્રે કિસાન ક્રેડીટ કાર્ડ

૨૦૮૩૭**શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં રાજ્યમાં કેટલા કિસાન ક્રેડીટ કાર્ડ આપવામાં આવેલ છે ? | સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં ૫૬,૫૦૨ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં ૧૫,૭૪૭ કિસાન ક્રેડીટ કાર્ડ આપવામાં આવેલ છે. |

-----------

## કચ્છ જિલ્લામાં માછીમારી કરતા દરીયાઇ માર્ગો બંધ કરવા અંગે

૨૦૮૧૯ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના દરીયાઇ કિનારે પરંપરાગત માછીમારી કરતાં પરિવારોનાં દરીયામાં જવાના માર્ગો અને નાની હોડીઓ સાચવવાની ક્રીક (ખાઇઓ) બંધ કરવાની ફરિયાદો પ્રત્યે કોઇ પગલાં લેવામાં આવતા નથી તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા આવા અસરગ્રસ્ત માછીમાર પરિવારો જીવન નિર્વાહ કરવા દરિયામાં જઇ શકે તે હેતુસર પરંપરાગત માર્ગો ખોલવા નિયમ અનુસાર કાર્યવાહી કરશે, અને | (૨) હા, જી. |
| (૩) જો ના, તો સુરજબારીથી કોટેશ્વર સુધીના દરિયા કિનારાનાં માચ્છીમારીના પરંપરાગત રસ્તાઓનું સર્વે થશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**જૂનાગઢ જિલ્લાના માછીમારોને કેરોસીનની ફાળવણી**

૧૯૬૬૩**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના તમામ માછીમારોને એકસરખું કેરોસીન ફાળવવામાં આવે છે, | (૧) હા, જી, એકથી વધુ કેટેગરી હોવાથી જે તે કેટેગરી વાઈઝ સરખું કેરોસીન ફાળવવામાં આવે છે. |
| (૨) જૂનાગઢ જિલ્લામાં માછીમારોને તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલા પ્રમાણમાં કેરોસીનની ફાળવણી કરવામાં આવી છે, | (૨) ૫૭૫ કિલોલીટર |
| (૩) આ ક્વોટામાં સરકાર વધારો કરવા માંગે છે કે કેમ, અને | (૩) કેન્દ્ર સરકારે માગણી ગ્રાહ્ય રાખેલ નથી. |
| (૪) જો હા, તો ક્યારે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ડૉ. આંબેડકર ભવન બાંધવાનું આયોજન**

૨૦૫૭૧**શ્રી ઇશ્વરભાઇ ધ. મકવાણા(જોટાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૬-૦૭માં રાજ્યમાં કેટલા આંબેડકર ભવનો બાંધવાનું આયોજન હતું, | (૧) ૮(આઠ) |
| (૨) તે પૈકી તા.૩૧-૧-૦૭ સુધીમાં કેટલાં ભવનોનું બાંધકામ પૂર્ણ થયું, અને | (૨) ૫ (પાંચ) |
| (૩) કેટલા ભવનોનું લોકાર્પણ થયું, અને ભવનની સીલીંગ મર્યાદા કેટલી નક્કી છે ? | (૩) ૨ (બે) ભવનોનું લોકાર્પણ કરવામાં આવેલ છે અને રૂા. ૩૫.૦૦ લાખની સીલીંગ મર્યાદા નક્કી કરવામાં આવેલ છે. |

-----------

**રિલાયન્સ ગ્રામ વિકાસ ટ્રસ્ટ દ્વારા ફાળા પેટે જમા રકમ**

૨૦૭૧૭**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રિલાયન્સ ગ્રામ વિકાસ ટ્રસ્ટમાં પ્રોત્સાહક યોજનાના ભાગરૂપે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝને આપવાના થતા ફાળા પેટે તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ જમા કરાવી, | (૧) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા પ્રોત્સાહક યોજનાના ભાગરૂપે ગોકુળ ગ્રામ યોજના અંતર્ગત આપવાના થતા ફાળા પેટે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રૂા. ૫૪.૭૨ કરોડની રકમ ગોકુળ ગ્રામ વિકાસ ભંડોળમાં જમા કરાવેલ છે. |
| (૨) તે જ સમય સુધીમાં ગોકુળ ગ્રામ યોજનાના અમલ માટે કુલ કેટલો ખર્ચ કર્યો, અને | (૨) રિલાયન્સ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ દ્વારા ગોકુળ ગ્રામ યોજના અંતર્ગત યોજનાકીય કામો માટે ફેબ્રુઆરી-૦૬ થી જાન્યુઆરી-૦૭ અંતિત સ્થિતિએ રૂા. ૪૨.૩૫ કરોડનો ખર્ચ કરેલ છે. |
| (૩) આ ખર્ચ રાજ્યના જિલ્લાવાર કેટલો કેટલો કરવામાં આવ્યો ? | (૩) જિલ્લાવાર ખર્ચની વિગતોનું પરિશિષ્ટ સામેલ છે. |

**પરિશિષ્ટ**

**ગોકુળ ગ્રામ યોજના અંતર્ગત રીલાયન્સ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ દ્વારા ફેબ્રુઆરી-૦૬ થી જાન્યુઆરી-૦૭ની સ્થિતિએ જિલ્લાવાર કરવામાં આવેલ ખર્ચની વિગત**

| ક્રમ | જિલ્લો | થયેલ ખર્ચ (રૂા.લાખમાં) | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ | ૨૩૭.૨૨ | નર્મદા અને ડાંગ જિલ્લાને ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૬-૦૭માં આવરી લીધેલ છે અને તેમને નવેમ્બર-૦૬માં ફંડની ફાળવણી કરેલ છે. હાલમાં આ જિલ્લાઓમાં આયોજનની |
| ૨ | અમરેલી | ૧૨૬.૯૧ | |
| ૩ | આણંદ | ૧૭૧.૫૭ | |
| ૪ | બનાસકાંઠા | ૧૧૯.૯૯ | |

| | | | |
|---|---|---|---|
| ૫ | ભરૂચ | ૨૧૯.૬૦ | કામગીરીઓ ચાલતી હોઈ ખર્ચ થયેલ નથી. |
| ૬ | ભાવનગર | ૨૬૩.૦૪ | |
| ૭ | દાહોદ | ૨૨૮.૪૮ | |
| ૮ | ગાંધીનગર | ૩૫.૮૧ | |
| ૯ | ગોધરા | ૨૪૪.૧૧ | |
| ૧૦ | જામનગર | ૨૯૭.૪૦ | |
| ૧૧ | જૂનાગઢ | ૩૨૩.૪૮ | |
| ૧૨ | ખેડા | ૨૧૨.૧૭ | |
| ૧૩ | કચ્છ | ૧૫૦.૫૩ | |
| ૧૪ | મહેસાણા | ૨૩૭.૪૦ | |
| ૧૫ | નવસારી | ૨૨૯.૮૫ | |
| ૧૬ | પાટણ | ૨૦૦.૨૧ | |
| ૧૭ | પોરબંદર | ૨૪.૮૬ | |
| ૧૮ | રાજકોટ | ૧૫૭.૫૧ | |
| ૧૯ | સાબરકાંઠા | ૭૭.૭૩ | |
| ૨૦ | સુરત | ૩૫૯.૬૧ | |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૧૨૭.૬૮ | |
| ૨૨ | વડોદરા | ૬૯.૮૭ | |
| ૨૩ | વલસાડ | ૧૨૦.૮૭ | |
| ૨૪ | નર્મદા | ૦.૦૦ | |
| ૨૫ | ડાંગ | ૦.૦૦ | |
| | કુલ. | ૪૨૩૫.૫૦ | |

-----------

## વઢવાણ તાલુકામાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ

૧૯૪૯૧**શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વઢવાણ તાલુકામાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ કેટલી અરજીઓ આવી, અને | (૧) ૨૬૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૯૧ |
| (૩) બાકી અરજીઓનો સરકાર ક્યારે નિકાલ કરવા માંગે છે ? | (૩) કોઈ અરજી પડતર નથી. |

-----------

## અમદાવાદ શહેરમાં વિદ્યાર્થીઓને ગણવેશને બદલે રોકડ રકમ

૧૮૯૮૫ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૦૩-૦૪,૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં તા.૩૧-૧૨-૦૬ સુધીમાં પ્રા. શાળાના વિદ્યાર્થીઓને ગણવેશ આપવામાં આવેલ કે નહીં, | (૧) ના, જી. |
| (૨) જો ના, તો ગણવેશ ન આપવાનાં શાં કારણો છે, ગણવેશના બદલે રોકડ રકમ આપવાનો નિર્ણય ક્યારે કરવામાં આવ્યો, અને | (૨) વર્ષ ૨૦૦૧-૦૨થી ગણવેશના બદલે રોકડ રકમ આપવાનો નિર્ણય લેવાયેલ હોવાથી ગણવેશ આપવામાં આવેલ નથી. |
| (૩) અનુસૂચિત જાતિના આ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય મેળવવા માટે અગાઉ કોઇ આવક ધોરણો હતા કે કેમ, અને તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ આવકનું ધોરણ નક્કી કરેલ છે કે કેમ ? | (૩) હા, જી. અગાઉ આવકનું જે ધોરણ હતું તે આજની સ્થિતિએ પણ યથાવત છે. |

-----------

**શ્રમયોગી યોજના હેઠળ પસંદ કરેલા કુટુંબો**

૨૦૫૭૭ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી ૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા શ્રમયોગી યોજના હેઠળ જિલ્લાવાર કેટલા કુટુંબોને પસંદ કરવામાં આવ્યા, અને

(૨) કેટલા કુટુંબોને કેટલા ખર્ચે લાભ આપવામાં આવ્યો ?

**જવાબ**

(૧) જાન્યુઆરી-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે શ્રમયોગી યોજના હેઠળ કુલ ૧,૨૧,૦૭૬ કુટુંબોને પસંદ કરવામાં આવેલ છે. જિલ્લાવાર માહિતી સામેલ પત્રક મુજબ છે.

(૨) રાજ્યમાં કુલ ૮૩૧૬૦ કુટુંબોને લાભ આપવામાં આવેલ છે, અને રૂા. ૧૧૩૬૧.૧૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**પત્રક**

| અ.નં. | જિલ્લાનું નામ | છેલ્લા બે વર્ષમાં (જાન્યુઆરી-૦૭ની સ્થતિએ) પસંદ કરાયેલ કુટુંબોની સંખ્યા | તે પૈકી કેટલા કુટુંબોને લાભ આપ્યો | કેટલો ખર્ચ કરવામાં આવ્યો (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫૫૬૭ | ૨૮૮૩ | ૫૦૨.૨૬ |
| ૨ | અમરેલી | ૩૧૫૮ | ૩૧૫૮ | ૪૦૦.૯૬ |
| ૩ | આણંદ | ૧૮૩૫ | ૧૮૩૫ | ૧૫૧.૪૪ |
| ૪ | બનાસકાંઠા | ૬૨૧૮ | ૬૦૧૮ | ૪૭૫.૦૫ |
| ૫ | ભરુચ | ૩૩૦૪ | ૧૫૬૬ | ૫૬૩.૭૬ |
| ૬ | ભાવનગર | ૩૯૮૮ | ૩૯૮૮ | ૫૮૩.૨૩ |
| ૭ | દાહોદ | ૬૯૬૦ | ૨૯૦૭ | ૬૪૪.૨૬ |
| ૮ | ડાંગ | ૧૫૫૫ | ૧૧૯૭ | ૫૪.૨૦ |
| ૯ | ગાંધીનગર | ૧૪૭૯ | ૬૨૧ | ૧૦૧.૨૬ |
| ૧૦ | જામનગર | ૬૪૮૨ | ૨૮૪૬ | ૨૮૨.૮૭ |
| ૧૧ | જુનાગઢ | ૬૪૭૬ | ૩૯૭૯ | ૧૬૦.૮૩ |
| ૧૨ | કચ્છ | ૪૫૬૯ | ૪૪૪૨ | ૧૧૧.૫૩ |
| ૧૩ | ખેડા | ૩૧૫૫ | ૧૧૫૦ | ૨૮૬.૮૯ |
| ૧૪ | મહેસાણા | ૩૧૦૪ | ૩૧૦૪ | ૪૪૨.૭૦ |
| ૧૫ | નર્મદા | ૨૭૫૫ | ૧૫૨૪ | ૨૮૨.૧૮ |
| ૧૬ | નવસારી | ૧૯૬૫ | ૯૨૩ | ૧૯૪.૨૭ |
| ૧૭ | પંચમહાલ | ૧૧૬૯૮ | ૪૫૫૩ | ૧૧૦૯.૪૩ |
| ૧૮ | પાટણ | ૨૬૧૮ | ૧૨૬૫ | ૨૪૯.૬૪ |
| ૧૯ | પોરબંદર | ૧૬૩૫ | ૯૮૫ | ૨૧૦.૯૨ |
| ૨૦ | રાજકોટ | ૪૩૩૫ | ૪૩૩૫ | ૬૭૫.૪૪ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૧૨૬૨ | ૧૦૬૭૪ | ૨૯૪.૪૪ |
| ૨૨ | સુરત | ૧૧૫૭૫ | ૬૬૨૭ | ૬૫૦.૯૮ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૩૧૭૩ | ૩૧૭૩ | ૪૧૧.૭૯ |
| ૨૪ | વડોદરા | ૭૬૯૩ | ૭૬૯૩ | ૧૯૮૭.૧૭ |
| ૨૫ | વલસાડ | ૪૫૧૭ | ૧૭૧૪ | ૫૩૩.૬૫ |
| | કુલ | ૧૨૧૦૭૬ | ૮૩૧૬૦ | ૧૧૩૬૧.૧૫ |

-----------

**પશુ આરોગ્ય મેળાનું આયોજન**

૨૧૧૯૫ **શ્રી વેચાતભાઈ હ. બારિયા(પાવી-જેતપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલા પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧)

| વર્ષ | પશુ આરોગ્ય મેળાઓનું આયોજન |
|---|---|
| ૨૦૦૫--૦૬ | ૩૧૩૪ |
| ૨૦૦૬-૦૭ | ૩૦૮૮ |

(૨)

| વર્ષ | પશુઓને રસીકરણ કર્યું |
|---|---|
| ૨૦૦૫--૦૬ | ૪,૪૩,૬૧૫ |
| ૨૦૦૬-૦૭ | ૬,૬૩,૨૭૯ |

-----------

**પંચમહાલ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જ્ગ્યાઓ**

૧૯૭૬૫**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી કેટલી ગ્રામ પંચાયતોમાં તલાટી-કમ-મંત્રીની જ્ગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧)

| તાલુકો | ખાલી જ્ગ્યા |
|---|---|
| ગોધરા | ૦૨ |
| શહેરા | ૦૨ |
| લુણાવાડા | ૦૧ |
| કાલોલ | ૦૯ |
| હાલોલ | ૦૮ |
| જાંબુઘોડા | ૦૧ |
| ઘોઘંબા | ૦૫ |
| ખાનપુર | ૦૧ |
| કુલ : | ૨૯ |

**પ્રશ્ન**

(૨) આ જ્ગ્યાઓ ભરવા સરકારે શું આયોજન કર્યું છે?

**જવાબ**

(૨) ખાલી જ્ગ્યાઓ સરકાર પંચાયત સહાયકની ભરતી દ્વારા તેમજ રહેમરાહે નિમણૂંકમાં તલાટી-કમ-મંત્રીનો વિકલ્પ મેળવી ભરવાનું આયોજન છે.

-----------

**કેન્દ્ર સરકાર દ્વારા ખાંડ સહકારી ક્ષેત્રે મદદ**

૨૦૭૨૪**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૦૬-૦૭ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ખાંડ સહકારી ક્ષેત્રે એન.સી.ડી.સી. તરફથી કેટલી મદદ મળી છે, અને

(૨) આ મદદ સતત મળતી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા શું પ્રયત્ન કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) સને ૨૦૦૬-૦૭ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં રૂા. ૫૯.૯૫ લાખની મદદ એન.સી.ડી.સી. તરફથી મળેલ છે.

(૨) ગુણદોષને આધારે એન.સી.ડી.સી. ને રાજ્ય સરકાર દ્વારા ભલામણ કરવામાં આવે છે.

-----------

**ઈ-ગ્રામ યોજના હેઠળ આવરી લીધેલ ગામો**

૨૦૮૪૭ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઈ-ગ્રામ યોજના હેઠળ રાજ્યના કેટલા ગામોને તા. ૩૧-૧-૦૭ સુધીમાં આવરી લેવામાં આવ્યા છે, અને

(૨) અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાના કેટલા ગામોને આવરી લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ સુધીમાં કુલ ૮૯૫૧ ગ્રામ પંચાયતને આવરી લીધેલ છે.

(૨) ધંધુકા તાલુકાની ૨૨ ગ્રામ પંચાયત, બરવાળા તાલુકાની ૯ ગ્રામ પંચાયત અને રાણપુર તાલુકાની ૧૬ ગ્રામ પંચાયતને આવરી લેવામાં આવેલ છે.

-----------

**લઘુત્તમ ટેકાના ભાવોની યોજના હેઠળ પાકોને આવરી લેવા અંગે**

૨૧૧૭૭ **શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) લઘુત્તમ ટેકાના ભાવોની યોજના હેઠળ રાજ્યના ક્યા ક્યા પાકો આવરી લેવાયેલ છે, અને

(૨) જે પાકોમાં ખુબજ જોખમ રહેલું છે, તેવા દીવેલા, ઈસબગુલ અને જીરા જેવા રોકડીયા પાકો માટે આવી કોઈ યોજના હાથ ધરવામાં આવી છે ?

**જવાબ**

(૧) ટેકાના ભાવની યોજના હેઠળ ડાંગર, બાજરી, જુવાર, મકાઈ, તુવેર, મગ, અડદ, મગફળી, તલ, કપાસ, ઘઉં, ચણા, રાયડો અને શેરડી ને આવરી લેવાયેલ છે.

(૨) માર્કેટ ઈન્ટરવેન્શન અને ખેડૂતોને આર્થિક રક્ષણ આપવા માટેની યોજનાઓ રાજ્યમાં અમલમાં છે.

-----------

**રાજ્યના ખેડૂતોને અકસ્માત વીમા યોજનાનો લાભ**

૧૯૭૦૩ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતોને અકસ્માત વીમા યોજના લાભ મળતો નથી એ હકીકત સાચી છે, | (૧) હા, જી. યોજનાની જોગવાઈ અનુસાર માત્ર ૫ હેકટર સુધીની જમીન ધરાવતા ખેડૂતોને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. |
| (૨) જો હા, તો તમામ ખેડૂત ખાતેદારોને લાભ આપવા સરકારનું આયોજન છે કે કેમ, અને | (૨) નીતિ વિષયક બાબત હોઈ વિચારણા કરવામાં આવી રહેલ છે. |
| (૩) સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ વીમા રકમ ચૂકવણી અંગે બાકીમાં છે ? | (૩) સુરત જિલ્લામાં વ્યારા તાલુકાની ફક્ત એક અરજી વીમા રકમની ચૂકવણી માટે બાકીમાં છે. |

-----------

**જૂનાગઢ જિલ્લામાં સરદાર આવાસ યોજનાના પૂર્ણ થયેલ લક્ષ્યાંકો**

૧૯૧૩૬ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર સરદાર આવાસ યોજના હેઠળ ક્યા ક્યા ગામોમાં કઈ કઈ એજન્સી દ્વારા કેટલા મકાનો બાંધવામાં આવ્યાં, | (૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર સરદાર આવાસ યોજના હેઠળ સામેલ પત્રક-૧ મુજબના ગામોમાં અલગ અલગ એજન્સીઓ દ્વારા ૫૪૭ મકાનો બાંધવામાં આવ્યા. (*પત્રક-૧) |
| (૨) તે પૈકી કેટલા અરજદારોને કબજા/સનદો અપાઈ, અને | (૨) તે પૈકી ૫૪૭ અરજદારોને કબજો અને સનદ અપાઇ ગયેલ છે. |
| (૩) સરદાર આવાસ યોજનાનો સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ હેઠળનો લક્ષ્યાંક શું હતો તે લક્ષ્યાંક પૂર્ણ થયેલ છે કે કેમ ? | (૩) સરદાર આવાસ યોજનાનો સને ૨૦૦૫-૦૬નો લક્ષ્યાંક ૬૨૫ મકાનનો હતો તેની સામે તે વર્ષમાં ૧૩૩૫ મકાન પૂર્ણ કરવામાં આવેલ છે.<br>વર્ષ ૨૦૦૬-૦૭નો લક્ષ્યાંક ૧૨૫૦ નો છે.<br>મકાનો પૂર્ણ કરવાની કાર્યવાહી ચાલુ છે. |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**રાજકોટ જિલ્લામાં કૃષિ રથના વાહનો પાછળ ખર્ચ**

૨૦૮૨૨ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં કૃષિ મહોત્સવ દરમિયાન રાજકોટ જિલ્લામાં કેટલા કૃષિ રથ કાઢવામાં આવ્યા, અને | (૧) વર્ષ ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૭ સુધીમાં કૃષિ મહોત્સવ દરમ્યાન રાજકોટ જિલ્લામાં-૧૪ (ચોદ) કૃષિરથનું આયોજન કરવામાં આવેલ હતું. |
| (૨) તેની પાછળ કેટલા વાહનો રોકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) તેની પાછળ ૧૪ વાહન (કૃષિ રથ) રોકી રૂા. ૨૦૯૩૮૯૬/- નો ખર્ચ કરવામાં આવેલ છે. |

-----------

**ઈ-ગ્રામ યોજના હેઠળ આવરી લીધેલ ગામો**

૨૦૮૪૩ **શ્રી કાંતિલાલ ર઼ા. લકુમ(બાવળા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ સુધીમાં રાજ્યના કુલ કેટલા ગામોને ઈ-ગ્રામ યોજના હેઠળ આવરી લેવાયેલ છે, | (૧) કુલ-૮૯૫૧ ગ્રામ પંચાયતને આવરી લેવાયેલ છે. |
| (૨) આ યોજના દ્વારા ગ્રામજનોને કઈ કઈ માહિતી ઉપલબ્ધ થશે, અને | (૨) ૧. જન્મનું પ્રમાણપત્ર<br>૨. મરણનું પ્રમાણપત્ર<br>૩. ચારિત્રનું પ્રમાણપત્ર<br>૪. આવકનું પ્રમાણપત્ર<br>૫. વિજળીનું પ્રમાણપત્ર<br>૬. વેરાની વસુલાત |

૭. જાતિનું પ્રમાણપત્ર

(૩) રાજ્યના તમામ ગામો ક્યાં સુધી આ યોજના હેઠળ આવરી લેવાશે ?

(૩) વર્ષ ૨૦૦૭-૦૮ સુધીમાં તમામ ગ્રામ પંચાયતોને આ યોજના હેઠળ આવરી લેવાનું આયોજન હાથ ધરેલ છે.

-----------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો**

૨૧૧૭૪ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ના વર્ષમાં મહેસાણા અને પાટણ જિલ્લામાં તાલુકાવાર ગરીબી રેખા નીચે જીવતા કેટલા કુટુંબો હતા,

**જવાબ**

(૧) સને ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ના વર્ષમાં મહેસાણા અને પાટણ જિલ્લાના તાલુકાવાર ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની વિગતો સાથેના પરિશિષ્ટ-૧માં દર્શાવ્યા મુજબની છે.

(૨) આ કુટુંબોના ઉત્કર્ષ માટે સને ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ના વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) આ કુટુંબોના ઉત્કર્ષ માટે સને ૨૦૦૪-૨૦૦૫ તથા ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં મહેસાણા તથા પાટણમાં નીચે દર્શાવેલ વિગતે ખર્ચ કરવામાં આવેલ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ | ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૨૦૦૪-૦૫ | ૨૬૬.૪૪ |
| | | ૨૦૦૫-૦૬ | ૫૬૩.૨૨ |
| ૨ | પાટણ | ૨૦૦૪-૦૫ | ૨૩૩.૩૭ |
| | | ૨૦૦૫-૦૬ | ૩૬૫.૧૦ |

(૩) ખર્ચ કર્યા બાદ તાલુકાવાર કેટલા કુટુંબો ગરીબીની રેખા નીચેથી ઉપર આવ્યા ?

(૩) ખર્ચ કર્યા બાદ પરિશિષ્ટ-૨માં દર્શાવ્યા પ્રમાણેના કુટુંબો મહેસાણા તેમજ પાટણ જિલ્લામાં ગરીબી રેખાથી ઉપર આવેલ છે.

**પરિશિષ્ટ-૧**

મહેસાણા જિલ્લામાં સને ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ ના વર્ષમાં તાલુકાવાર ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો કુલ ૬૪૭૧૫ હતા. જે તાલુકાવાઈઝ નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ગરીબી રેખા હેઠળ જીવતા લાભાર્થીઓની સંખ્યા ૨૦૦૪-૦૫ | ગરીબી રેખા હેઠળ જીવતા લાભાર્થીઓની સંખ્યા ૨૦૦૫-૦૬ |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૬૫૧૧ | ૬૫૧૧ |
| ૨ | કડી | ૮૯૦૨ | ૮૯૦૨ |
| ૩ | વિજાપુર | ૫૭૮૧ | ૫૭૮૧ |
| ૪ | વિસનગર | ૪૪૦૦ | ૪૪૦૦ |
| ૫ | વડનગર | ૯૧૬૧ | ૯૧૬૧ |
| ૬ | ખેરાલુ | ૮૬૧૯ | ૮૬૧૯ |
| ૭ | સતલાસણા | ૮૬૯૨ | ૮૬૯૨ |
| ૮ | ઉંઝા | ૬૧૬૨ | ૬૧૬૨ |
| ૯ | બેચરાજી | ૬૪૮૭ | ૬૪૮૭ |
| | કુલ : | ૬૪૭૧૫ | ૬૪૭૧૫ |

પાટણ જિલ્લામાં સને ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ ના વર્ષમાં તાલુકાવાર ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો કુલ ૮૦૨૬૫ હતા. જે તાલુકાવાઈઝ નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ગરીબી રેખા હેઠળ જીવતા લાભાર્થીઓની સંખ્યા ૨૦૦૪-૦૫ | ગરીબી રેખા હેઠળ જીવતા લાભાર્થીઓની સંખ્યા ૨૦૦૫-૦૬ |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૧૩૪૫૩ | ૧૩૪૫૩ |
| ૨ | સિધ્ધપુર | ૮૩૩૧ | ૮૩૩૧ |
| ૩ | ચાણસ્મા | ૮૭૯૦ | ૮૭૯૦ |
| ૪ | હારીજ | ૭૭૨૬ | ૭૭૨૬ |
| ૫ | સમી | ૧૭૨૯૩ | ૧૭૨૯૩ |
| ૬ | રાધનપુર | ૧૧૮૯૭ | ૧૧૮૯૭ |

| | | | |
|---|---|---|---|
| ૭ | સાંતલપુર | ૧૨૭૭૫ | ૧૨૭૭૫ |
| | કુલ : | ૮૦૨૬૫ | ૮૦૨૬૫ |

**પરિશિષ્ટ-૨**

ખર્ચ કર્યા બાદ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર નીચે પ્રમાણેના કુટુંબોને તેમને મળેલ લાભની મર્યાદામાં ગરીબી રેખાથી ઉપર આવેલ છે.

| ક્રમ | તાલુકો | ૨૦૦૪-૦૫ની સંખ્યા | ૨૦૦૫-૦૬ની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૫૧ | ૨૭૬ | ૪૨૭ |
| ૨ | કડી | ૨૨૩ | ૩૮૩ | ૬૦૬ |
| ૩ | વિજાપુર | ૧૧૯ | ૧૬૯ | ૨૮૮ |
| ૪ | વિસનગર | ૧૨૧ | ૨૩૨ | ૩૫૩ |
| ૫ | વડનગર | ૨૦૭ | ૩૪૪ | ૫૫૧ |
| ૬ | ખેરાલુ | ૨૦૪ | ૪૦૬ | ૬૧૦ |
| ૭ | સતલાસણા | ૧૭૮ | ૩૩૯ | ૫૧૭ |
| ૮ | ઉંઝા | ૧૩૭ | ૨૭૦ | ૪૦૭ |
| ૯ | બેચરાજી | ૧૩૬ | ૩૦૪ | ૪૪૦ |
| | કુલ : | ૧૪૭૬ | ૨૭૨૩ | ૪૧૯૯ |

| ખર્ચ કર્યા બાદ પાટણ જિલ્લામાં તાલુકાવાર નીચે પ્રમાણેના કુટુંબોને તેમને મળેલ લાભની મર્યાદામાં ગરીબી રેખાથી ઉપર આવેલ છે. | | | |
|---|---|---|---|
| તાલુકો | ૨૦૦૪-૦૫ની સંખ્યા | ૨૦૦૫-૦૬ની સંખ્યા | કુલ |
| પાટણ | ૨૫૩ | ૪૯૯ | ૭૫૨ |
| સિધ્ધપુર | ૨૦૭ | ૨૬૬ | ૪૭૩ |
| ચાણસ્મા | ૨૦૪ | ૨૧૭ | ૪૨૧ |
| હારીજ | ૧૬૩ | ૨૦૩ | ૩૬૬ |
| સમી | ૨૨૬ | ૨૮૮ | ૫૧૪ |
| રાધનપુર | ૧૨૬ | ૨૧૦ | ૩૩૬ |
| સાંતલપુર | ૧૧૯ | ૧૦૮ | ૨૨૭ |
| કુલ : | ૧૨૯૮ | ૧૭૯૧ | ૩૦૮૯ |

-----------

**રાજ્યમાં કૃષિ રથથી ખેડૂતોને ફાયદો**

૨૧૧૯૧ **શ્રી પરસોત્તમભાઈ ભોજાણી(જોડીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં કૃષિ મહોત્સવ ૨૦૦૬ દરમિયાન ક્યા ક્યા ક્રમોથી કિસાનોને માહિતગાર કરવામાં આવ્યા છે ?

**જવાબ**

રાજ્યમાં કૃષિ મહોત્સવ ૨૦૦૬ દરમિયાન નીચે જણાવેલ ક્રમોથી કિસાનોને માહિતગાર કરવામાં આવ્યા છે.

૧. પશુઓમાં ઘટતા જતા ખનીજ તત્વો માટે મીનરલ મીક્ચર તથા ડી વર્મર બોલસ આપી પશુઓના આરોગ્ય તથા રોગ પ્રતિકારક શક્તિ માટે તેનું મહત્વ સમજાવ્યું.

૨. પશુઓ અને પક્ષીઓને રસીકરણ, કૃત્રિમ બીજદાણ, પશુ આરોગ્ય,

૩. ખેડૂતોને ઉંડીખેડ, શેઢાપાળા તથા પડતર જમીન ખેડાણનું માર્ગદર્શન અને નવા પાકો અંગેની બીજ માવજતની સમજાવટ આપી, ચેકડેમ, બોરીબંધ, ખેતતલાવડી તથા પેદાશની મુલ્ય વૃધ્ધિ માટે ગ્રીડીંગ પેકેજીન અને પ્રોસેસીંગ અંગેની જાણકારી આપી.

૪. કૃષિ મહોત્સવ-૨૦૦૬ દરમ્યાન નવા ફળપાકો અંગેની તાંત્રિક માહિતી, ફૂલ, ઓષધિય, સુગંધિત પાકો, ફુડ પ્રોસેસીંગ, મૂલ્ય વર્ધન તથા ગ્રીન હાઉસ, નેટ હાઉસની જાણકારી આપવામાં આવી.

-----------

**ભાવનગર જિલ્લામાં રહેમરાહેના પડતર કેસો**

૧૮૮૨૩**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ભાવનગર જિલ્લા પંચાયત વિભાગમાં વારસદારોને નોકરી આપવાના કેટલા રહેમરાહેના કેસો પડતર છે, | (૧) ૩૫ |
| (૨) પડતર રહેવાના કારણો શાં છે, અને | (૨) વહીવટી કારણોસર |
| (૩) સરકાર કેટલા સમયમાં આવા વારસદારોને નોકરી આપવા વિચારે છે ? | (૩) બનતી ત્વરાએ. |

-----------

**સરદાર આવાસ યોજના માટે વિચારણા**

૨૦૮૩૯ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| સરદાર આવાસ યોજનાને અસરકારક બનાવવા રાજ્ય સરકાર કોઈ વિચારણા કરવા માંગે છે ? | સરદાર આવાસ યોજના અસરકારક જ છે. |

-----------

**સુરેન્દ્રનગર જિલ્લામાં બક્ષીપંચના ડોકટર અને વકીલોને વ્યવસાય માટે લોન**

૧૯૪૫૫ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર તા. ૧-૧-૦૪ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં બક્ષીપંચના ડોકટરો અને વકીલોની વ્યવસાય માટે લોનની કેટલી માંગણીઓ આવી, | (૧) શૂન્ય |
| (૨) તે પૈકી ચોટીલા અને સાયલા તાલુકામાં કેટલા કિસ્સામાં લોન સહાય ચૂકવી, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા કેસો બાકી છે ? | |

-----------

**કૃષિ યુનિવર્સિટીએ વિકસાવેલ બિયારણની જાતો**

૨૦૮૨૯**શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓએ તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બિયારણની કઈ કઈ જાતો વિકસાવી છે ?

**જવાબ**

કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા નીચેની વિગતે ૯ (નવ) જાતો વિકસાવી છે.

| અ.નં. | પાકનું નામ | જાતનું નામ |
|---|---|---|
| ૧ | ડાંગર | અશોકા-૨૦૦ એફ |
| ૨ | રીંગણ | જૂનાગઢ રીંગણ લીલા ગોળ-૧ |
| ૩ | તલ | ગુજરાત તલ-૩ |
| ૪ | નાળીયેરી | હાઈબ્રીડ ટી x ડી |
| ૫ | ઘઉં | જી.ડબલ્યુ-૩૬૬ |
| ૬ | મેથી | ગુજરાત મેથી-૨ |
| ૭ | નાગલી | ગુજરાત નાગલી-૪ |
| ૮ | તુવેર | જી.ટી.-૧૦૨ |
| ૯ | વરી | ગુજરાત વરી-૨ |

-----------

**અમરેલી, ભાવનગર, રાજકોટ, જામનગર, જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ખેત તલાવડી પાછળ ખર્ચ**

૨૧૦૫૦ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી, ભાવનગર, રાજકોટ, જામનગર, જૂનાગઢ, પોરબંદર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં કુલ કેટલી ખેત તલાવડીઓ બનાવવામાં આવી,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબની ખેત તલાવડી બનાવવામાં આવી.

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાવેલ કુલ ખેત તલાવડી |
|---|---|---|
| ૧ | અમરેલી | ૩૨૯૬ |
| ૨ | ભાવનગર | ૯૩૭૨ |
| ૩ | રાજકોટ | ૪૮૧૩ |
| ૪ | જામનગર | ૬૧૩૭ |
| ૫ | જૂનાગઢ | ૨૭૦૨ |
| ૬ | પોરબંદર | ૧૦૪૧ |
| | કુલ : | ૨૭૩૬૧ |

(૨) આ ખેત તલાવડીઓ બનાવવા પાછળ કુલ કેટલો ખર્ચ થયો,

(૨) રૂા. ૯૫૦.૧૦ લાખ

(૩) આ ખેત તલાવડીઓ બનાવવામાં કેવા કેવા પ્રકારની ભષ્ટાચારની ફરિયાદો મળી,

(૩) સમયસર અનાજ નહીં મળવા બાબત તથા ખેત તલાવડી બનાવ્યા વગર ચૂકવણું કરવા બાબતની ફરિયાદો મળી.

(૪) તેમાં કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૪) ૧૧ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.

(૫) કુલ કેટલી રકમની ભષ્ટાચારની ફરિયાદો મળી ?

(૫) ભ્રષ્ટાચારની રકમની કોઈ ફરિયાદ મળેલ નથી.

-----------

**રાજ્યમાં પંચાયત ઘરો બનાવવા અંગે**

૧૯૫૩૧ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્યમાં સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં ક્યા ક્યા જિલ્લામાં કેટલા પંચાયત ઘરો બનાવવામાં આવ્યા, અને

(૨) હજુ કેટલા પંચાયત ઘરો બનાવવાના બાકી છે ?

**જવાબ**

(૧) પત્રકમાં સુચવ્યા મુજબ

(૨) ૪ (ચાર)

**પત્રક**

તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્યમાં સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં જિલ્લાવાર બનાવવામાં આવેલ પંચાયત ઘરોની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | જિલ્લો | ૨૦૦૫-૦૬ | | | ૨૦૦૬-૦૭ | | | એકંદર કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | પુર્ણ | પ્રગતિ | કુલ | પુર્ણ | પ્રગતિ | કુલ | |
| ૧ | અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ | ૫ | ૫ |
| ૨ | અમરેલી | ૧૦ | ૫ | ૧૫ | ૦ | ૦ | ૦ | ૧૫ |

| અ.નં. | જિલ્લો | ૨૦૦૫-૦૬ | | | ૨૦૦૬-૦૭ | | | એકંદર |
|---|---|---|---|---|---|---|---|---|
| | | પુર્ણ | પ્રગતિ | કુલ | પુર્ણ | પ્રગતિ | કુલ | કુલ |
| ૩ | આણંદ | ૦ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૩ |
| ૪ | બનાસકાંઠા | ૩૩ | ૧ | ૩૪ | ૦ | ૦ | ૦ | ૩૪ |
| ૫ | ભાવનગર | ૨૭ | ૦ | ૨૭ | ૦ | ૦ | ૦ | ૨૭ |
| ૬ | ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | ડાંગ | ૫ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ | ૫ |
| ૯ | ગાંધીનગર | ૪ | ૦ | ૪ | ૦ | ૦ | ૦ | ૪ |
| ૧૦ | જામનગર | ૧૯ | ૦ | ૧૯ | ૦ | ૦ | ૦ | ૧૯ |
| ૧૧ | જુનાગઢ | ૩૫ | ૦ | ૩૫ | ૦ | ૦ | ૦ | ૩૫ |
| ૧૨ | ખેડા | ૧૮ | ૦ | ૧૮ | ૨ | ૦ | ૨ | ૨૦ |
| ૧૩ | કચ્છ | ૧૧ | ૧૦ | ૨૧ | ૦ | ૦ | ૦ | ૨૧ |
| ૧૪ | મહેસાણા | ૧૦ | ૦ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૧૦ |
| ૧૫ | નર્મદા | ૫ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ | ૫ |
| ૧૬ | નવસારી | ૧૦ | ૦ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૧૦ |
| ૧૭ | પંચમહાલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | પોરબંદર | ૭ | ૦ | ૭ | ૦ | ૦ | ૦ | ૭ |
| ૧૯ | પાટણ | ૭ | ૦ | ૭ | ૦ | ૦ | ૦ | ૭ |
| ૨૦ | રાજકોટ | ૪૩ | ૫ | ૪૮ | ૦ | ૦ | ૦ | ૪૮ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૪૯ | ૦ | ૪૯ | ૦ | ૦ | ૦ | ૪૯ |
| ૨૨ | સાબરકાંઠા | ૧૩ | ૦ | ૧૩ | ૧ | ૦ | ૧ | ૧૪ |
| ૨૩ | સુરત | ૧૨ | ૦ | ૧૨ | ૨૫ | ૦ | ૨૫ | ૩૭ |
| ૨૪ | વડોદરા | ૪૬ | ૦ | ૪૬ | ૦ | ૦ | ૦ | ૪૬ |
| ૨૫ | વલસાડ | ૮ | ૦ | ૮ | ૦ | ૦ | ૦ | ૮ |
| | **કુલ :** | **૩૭૨** | **૨૪** | **૩૯૬** | **૩૩** | **૦** | **૩૩** | **૪૨૯** |

----------

**પશુઓ માટે ખરવા-મોવાસાની રસી**

૨૦૫૬૩**શ્રીમતી રમીલાબેન ર. દેસાઈ(ખેરાલુ) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૬-૦૭ના વર્ષમાં રાજ્યમાં કેટલા ખરવા-મોવાસાની રસી જાનવરોને મૂકવા ખરીદવામાં આવી, અને

(૨) તેમાં કેન્દ્ર સરકારનું ભંડોળ કેટલું અને રાજ્ય સરકારનું ભંડોળ કેટલું ?

**જવાબ**

(૧) કુલ ૩૨.૭૫ લાખ ડોઝ

(૨) કેન્દ્ર સરકારનું ભંડોળ રૂા. ૧૭૭.૦૯ લાખ

રાજ્ય સરકારનું ભંડોળ રૂા. ૫૯.૦૩ લાખ

-----------

**લઘુમતીઓના ઈસમોને લોન આપવાની યોજના હેઠળ કરેલ ખર્ચ**

૨૦૭૨૧ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ લઘુમતીઓના ઈસમોને

**જવાબ**

(૧) સને ૨૦૦૫-૦૬ માં : ૯૮૩
સને ૨૦૦૬-૦૭ માં : ૪૨૩

લોન સહાય આપવાની યોજના હેઠળ કેટલા ઈસમોને તેનો લાભ આપવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) સને ૨૦૦૫-૦૬ માં : રૂા. ૨૭૦.૩૪ લાખ
સને ૨૦૦૬-૦૭ માં : રૂા. ૪૭.૭૧ લાખ

-----------

**સાબરકાંઠા જિલ્લામાં ભારે વરસાદથી ધોવાણ**

૨૧૦૪૨ડૉ. **અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૬માં અતી ભારે વરસાદને કારણે સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં કેટલા ખેડૂતોને પાક સાથે જમીન ધોવાણ અને મોટરો તણાઈ જવાના કેસો બન્યા, અને

(૨) એમાંથી કેટલા ખેડૂતોને કુલ કેટલી રકમની સહાય તા. ૩૧-૧-૦૭ સુધીમાં ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) નીચે મુજબના કેસો બન્યા

| અ.નં. | વિગત | કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાકને નુકસાન | ૧૭૮૮ |
| ૨ | જમીન ધોવાણ | ૫૯૮ |
| ૩ | કુવા, ઓઈલ એન્જિન, ઈલેક્ટ્રીક મોટર | ૮૦ |

(૨) ૧૪૬૦ ખેડૂતોને રૂા. ૨૬,૯૩,૧૨૧ ની સહાય ચૂકવવામાં આવી.

-----------

**જુનાગઢમાં ગ્રામ મિત્રની ભરતી**

૧૯૬૭૨ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા ગ્રામ મિત્રની યોજના અન્વયે જુનાગઢ જિલ્લામાં કેટલી ભરતી કરવામાં આવી, અને

(૨) ગ્રામ મિત્રની ભરતીમાં બાકી રહેલી જગ્યાઓ તા. ૩૧-૩-૦૭ સુધીમાં ભરવાનું રાજ્ય સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) ૧૧૫૦

(૨) ગ્રામ મિત્રની ભરતી પ્રક્રિયા ચાલુ છે.

-----------

**ગોકુળ ગામ પ્રોત્સાહક યોજના હેઠળ ટ્રસ્ટ રચીને કરેલ અમલ**

૨૦૭૧૮ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રોત્સાહક યોજના નીચે ગોકુળ ગ્રામ માટે આપવાની રકમમાંથી પોતાના ગ્રામ વિકાસ ટ્રસ્ટ રચીને અમલ કરી રહ્યા હોય તેવા તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ક્યા ક્યા ટ્રસ્ટો છે,

(૨) આવા ટ્રસ્ટો દ્વારા કરાતા ગોકુળ ગ્રામ યોજનાના અમલીકરણ સમિતિમાં સ્થાનિક ધારાસભ્યોનો સમાવેશ કરાયેલ છે કે નહીં, અને

(૩) આવા ટ્રસ્ટને અમલીકરણમાં એસ.ઓ.આર.માં છૂટ આપેલ હોય તો કેટલી ?

**જવાબ**

(૧) રીલાયન્સ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ.

(૨) ના, જી.

(૩) એસ.ઓ.આર. મુજબ ૧૦ ટકા સુધીનો વધુ ખર્ચ થાય તો તે માટેના કારણો દર્શાવીને જે તે જિલ્લા અમલીકરણ સમિતિ દ્વારા મંજૂર કરવાની તથા ૧૦ ટકા કરતાં વધુ ખર્ચ થાય તો રાજ્ય સરકારની મંજૂરી મેળવવાની જોગવાઈ છે.

# અતારાંકિત પ્રશ્નો

# બીજી અતારાંકિત યાદી

### ધારાસભ્યશ્રીઓ દ્વારા માન. મુખ્ય મંત્રીશ્રીને ઉદ્દેશીને લખાયેલ પત્રો

અતારાંક્તિ : ૭૩૩૭ (૧૭-૮-૨૦૦૬)**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૭-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુખ્ય મંત્રીશ્રીને ધારાસભ્યશ્રીઓએ કેટ-કેટલા પત્રો લખ્યા,

(૨) તે અન્વયે કેટલાને પહોંચ કે વચગાળાનો જવાબ આપવામાં આવ્યો, અને

(૩) કેટલા પત્રોનો આખરી નિકાલ કરી જાણ કરવામાં આવી ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) : (૧૨-૧૦-૦૬)

(૧) ૫૩૨૨

(૨) માન. મુખ્ય મંત્રીશ્રીને મળેલ માન. ધારાસભ્યશ્રીઓના પત્રોની પહોંચ પાઠવવામાં આવેલ છે.

(૩) ૪૮૯૬

-----------

### લાંચના છટકામાં પકડાયેલ આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. અધિકારીઓ

અતારાંક્તિ : ૭૪૭૪ (૨૪-૮-૨૦૦૬) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) માર્ચ-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન વર્ષવાર રાજ્યમાં કેટલા આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. કક્ષાના અધિકારીઓ લાંચના છટકામાં પકડવામાં આવ્યા છે,

(૨) તે પૈકીના દરેક પર શિક્ષાત્મક શાં પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્ય મંત્રીશ્રી :** (સામાન્ય વહીવટ) (૧૩-૧૦-૦૬)

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

### કચ્છ જિલ્લામાં પશુઓને રોગચાળા વિરૂધ્ધ રસીકરણ

અતારાંક્તિઃ ૭૧૧૩ (૧૪-૮-૨૦૦૬) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૧-૧-૦૫ થી ૩૦-૬-૦૬ સુધી કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા અને ક્યા ક્યા પશુઓને વિવિધ રોગચાળા વિરૂધ્ધ વર્ષવાર તથા માસવાર રસીકરણ કરવામાં આવ્યું,

(૨) રસીઓના જથ્થાના અભાવે ક્યા ક્યા તાલુકાના ક્યા ક્યા ગામમાં રસીકરણ થઈ શક્યું નથી,

એચબી-૭૮૭-૧

(૩) રસીકરણ માટે વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી, અને

(૪) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૬-૧૦-૦૬)

(૧) તા. ૧-૧-૨૦૦૫થી તા. ૩૦-૬-૨૦૦૬ સુધી કચ્છ જિલ્લામાં પશુઓને વિવિધ રોગચાળા વિરૂધ્ધ કરવામાં આવેલ રસીકરણની તાલુકાવાર, વર્ષવાર તથા માસવાર માહિતી સામેલ રાખેલ *પત્રકો મુજબ છે.

(૨) માંગણી મુજબની રસી સમયમર્યાદામાં મળેલ હોઈ આવો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પશુજૈવિક સંસ્થા, ગાંધીનગર મારફતે વિના મૂલ્યે વિવિધ રસીઓ પુરી પાડવામાં આવતી હોઈ કોઈ અલગ ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી.

(૪) વિવિધ રસીઓનો જથ્થો પશુ જૈવિક સંસ્થા મારફતે વિના મુલ્યે પુરો પાડવામાં આવતો હોઈ ખર્ચની રકમનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------------

## જૂનાગઢ જિલ્લામાં મત્સ્યોદ્યોગ માટે ફાળવેલ ગ્રાન્ટ

અતારાંકિત : ૭૩૮૯ (૧૯-૮-૦૬)**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જુનાગઢ જિલ્લામાં તા. ૧-૩-૨૦૦૨ થી તા. ૩૦-૬-૦૬ સુધીમાં મત્સ્યોદ્યોગ પાછળ વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ક્યા ક્યા હેતુ માટે કેટલી ગ્રાન્ટ વપરાઈ અને ક્યા ક્યા ગામોએ કેટલી રકમ ચૂકવાઈ,

(૩) આ અન્વયે કેટલી ગ્રાન્ટ વર્ષવાર વણવપરાયેલી રહી, અને

(૪) તેના કારણો શા છે ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :** (૧૬-૧૦-૦૬)

(૧) નીચેની વિગતે વર્ષવાર ગ્રાન્ટ ફાળવવામાં આવી,

| **વર્ષ** | **ફાળવેલ ગ્રાન્ટ રૂપિયામાં** |
|---|---|
| ૨૦૦૧-૨૦૦૨ (તા. ૧-૩-૨૦૦૨ થી તા. ૩૧-૩-૨૦૦૨ એક માસ) | ૧૫,૪૦,૦૦૦ |
| ૨૦૦૨-૨૦૦૩ | ૩૭,૦૮,૦૦૦ |
| ૨૦૦૩-૨૦૦૪ | ૧૧,૩૭,૫૩,૩૮૪ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૧૮,૬૬,૩૯,૭૦૮ |
| ૨૦૦૫-૨૦૦૬ | ૩૭,૯૭,૫૮,૭૭૪ |
| ૨૦૦૬-૨૦૦૭ તા. ૧-૪-૨૦૦૬ થી તા. ૩૦-૬-૨૦૦૬ ત્રણ માસ | ૭૪,૨૧,૫૦૦ |

(૨) વર્ષવાર તથા ગામવાર તથા હેતુવાર *પત્રકો સામેલ છે.

(૩) નીચેની વિગતે વર્ષવાર ગ્રાન્ટ વણવપરાયેલી રહી,

| **વર્ષ** | **વણવપરાયેલી ગ્રાન્ટ રૂપિયામાં** |
|---|---|
| ૨૦૦૧-૨૦૦૨ તા. ૧-૩-૨૦૦૨ થી તા. ૩૧-૩-૨૦૦૨ એક માસ | (-) ૧,૩૦,૫૨૫ |
| ૨૦૦૨-૨૦૦૩ | (+) ૧,૧૩૪ |
| ૨૦૦૩-૨૦૦૪ | (-) ૧૪,૩૧૦ |
| ૨૦૦૪-૨૦૦૫ | (+) ૬૨,૯૬૯ |
| ૨૦૦૫-૨૦૦૬ | (+) ૧,૫૫,૫૭૩ |
| ૨૦૦૬-૨૦૦૭ તા. ૧-૪-૨૦૦૬ થી તા. ૩૦-૬-૨૦૦૬ ત્રણ માસ | (-) ૪૧,૫૩,૬૫૦ |

(૪) કારણોની વિગતો વર્ષવાર *પત્રકો સામેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

તા.૮મી માર્ચ, ૨૦૦૭
અતારાંકિત પ્રશ્નો

-------------

## રાજ્યમાં ગીર અને કાંકરેજ ગાયોની ઓલાદમાં વધારો

અતારાંક્તિ : ૭૪૬૪ (૯-૮-૦૬) **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં ગીર તથા કાંક્રેજ ગાયોનો વધુમાં વધુ સંખ્યામાં શુધ્ધ ઓલાદનો ફેલાવો થાય તે માટે કુદરતી સેવાઓ માટે શુધ્ધ ઓલાદના સાંઢ પુરા પાડવામાં આવે છે અને કૃત્રિમ બીજદાન માટે શુધ્ધ થીજવેલ બીજ પુરુ પાડવામાં આવે છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો રાજ્યના ક્યા ક્યા જીલ્લામાં છેલ્લાં સન ૨૦૦૪-૨૦૦૫, ૨૦૦૬ના વર્ષમાં તા. ૩૧-૭-૦૬ સુધીમાં સાંઢ પુરા પાડવામાં આવ્યા, અને કેટલું અને ક્યાં કૃત્રિમ બીજદાન પુરુપાડવામાં આવ્યું છે, અને

(૩) તે પૈકી વર્ષવાર કેટલી ગીર અને કેટલી કાંકરેજ ગાયોની સંખ્યામાં વધારો થયો છે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૬-૧૦-૦૬)

(૧) હા

(૨) સને ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ તથા ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૭-૦૬ સુધીમાં) રાજ્યના ૧૯ જીલ્લાઓમાં કુલ : ૨૧૨ સાંઢ પુરા પાડવામાં આવેલ જેની વિગતો પત્રક-૧માં સામેલ છે જ્યારે રાજ્યના કુલ : ૨૨ જિલ્લાઓમાં કૃત્રિમ બીજદાન પુરુપાડવામાં આવેલ છે. જેની વિગતો પત્રક-૨માં સામેલ છે.

(૩) સને ૨૦૦૪-૦૫ માં ૩૮૦૧ ગીર અને ૨૧૬ કાંક્રેજ ગાયોમાં, સને ૨૦૦૫-૦૬ માં ૪૯૭૧ ગીર અને ૨૮૨ કાંક્રેજ ગાયોમાં, જ્યારે તા. ૩૧-૭-૦૬ સુધીમાં (૨૦૦૬-૦૭) ૫૭૬ ગીર તથા ૧૩ કાંક્રેજ ગાયોમાં વધારો થયેલ છે.

### પત્રક-૧

| અ.નં. | કુદરતી સેવા માટે પુરા પાડેલ સાંઢ અન્વયે જીલ્લાનું નામ | પુરા પાડવામાં આવેલ સાંઢની સંખ્યા | | | | | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૪-૦૫ | | ૨૦૦૫-૦૬ | | ૩૧-૭-૦૬ ૨૦૦૬-૦૭ | | | |
| | | ગીર | કાંક્રેજ | ગીર | કાંક્રેજ | ગીર | કાંક્રેજ | ગીર | કાંક્રેજ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧. | રાજકોટ | ૧૭ | - | ૧૧ | - | ૨ | - | ૩૦ | - |
| ૨. | સુરેન્દ્રનગર | ૧ | - | ૨ | - | - | - | ૩ | - |
| ૩. | જુનાગઢ | ૯ | - | ૫ | - | ૩ | - | ૧૭ | - |
| ૪. | જામનગર | ૭ | - | ૪ | - | ૪ | - | ૧૫ | - |
| ૫. | વલસાડ | ૫ | - | - | - | ૨ | - | ૭ | - |
| ૬. | કચ્છ | - | ૧૩ | - | ૧૬ | - | ૯ | - | ૩૮ |
| ૭. | અમદાવાદ | - | - | - | ૧ | - | - | - | ૧ |
| ૮. | બનાસકાંઠા | - | ૭ | - | ૨૪ | - | ૩ | - | ૩૪ |
| ૯. | સુરત | - | ૩૦ | - | ૮ | - | - | - | ૩૮ |
| ૧૦. | મહેસાણા | - | ૯ | - | ૭ | - | - | - | ૧૬ |
| ૧૧. | નવસારી | - | - | - | ૧ | - | - | - | ૧ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૨. | ગાંધીનગર | - | ૩ | - | - | - | - | - | ૩ |
| ૧૩. | પાટણ | - | ૧ | - | - | - | - | - | ૧ |
| ૧૪. | ખેડા | - | - | - | ૨ | - | - | - | ૨ |
| ૧૫. | સાબરકાંઠા | - | - | - | ૨ | - | - | - | ૨ |
| ૧૬. | પંચમહાલ | - | ૧ | - | - | - | - | - | ૧ |
| ૧૭. | નર્મદા | - | - | ૧ | - | - | - | ૧ | - |
| ૧૮. | ભરૂચ | - | - | ૧ | - | - | - | ૧ | - |
| ૧૯. | ભાવનગર | - | - | ૧ | - | - | - | ૧ | - |
| | **કુલ :** | **૩૯** | **૬૪** | **૨૫** | **૬૧** | **૧૧** | **૧૨** | **૭૫** | **૧૩૭** |

### પત્રક-૨

| અ. નં. | જીલ્લો | ૨૦૦૪-૦૫ | | ૨૦૦૫-૦૬ | | ૩૧-૭-૦૬ ૨૦૦૬-૦૭ | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગીર | કાંક્રેજ | ગીર | કાંક્રેજ | ગીર | કાંક્રેજ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | જામનગર | ૨૯૮ | - | ૫૨૦ | - | ૨૨૬ | ૨૪ |
| ૨. | રાજકોટ | ૫૭૧૫ | - | ૯૮૧૩ | - | ૧૯૩૧ | - |
| ૩. | સુરેન્દ્રનગર | ૩૫૩ | ૬૨ | ૫૩૩ | ૭૨ | - | - |
| ૪. | ભાવનગર | ૪૦૨૬ | ૧ | ૫૫૪૯ | - | ૧૧૩૯ | ૪૦ |
| ૫. | અમરેલી | ૮૮૪ | - | ૧૨૨૩ | - | ૨૯૬ | - |
| ૬. | જુનાગઢ | ૬૬૦૮ | - | ૮૨૨૯ | - | ૬૮ | - |
(૨) અને (૩) : વસ્તિવાળા કુલ ૪૫૦ ગામો પૈકી ૪૪૮ ગામોમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ અને બાકી ૨ ગામો, જેમાં વિજળીકરણ થયેલ ન હોઇ સોર ઉર્જાથી વિજળીકરણ કરવામાં આવેલ છે. તેથી જ્યોતિગ્રામ યોજના હેઠળ કોઇ ગામને સમાવી લેવાનું બાકી નથી.

-----------

## પી.યુ.સી. સર્ટિફીકેટ ઇસ્યુ કરવા મંજૂર કરાયેલ મોબાઇલ વાહનો

અતારાંક્તિ : ૭૫૪૮ (૧૩-૧૧-૦૬)**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં જિલ્લાવાર ઓગષ્ટ-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આર.ટી.ઓ. દ્વારા પી.યુ.સી. સર્ટિફીકેટ, ઇસ્યુ કરવા માટે કેટલા મોબાઇલ વાહનોને મંજૂરી આપવામાં આવેલી છે,

(૨) દરેક જિલ્લાની આર.ટી.ઓ. કચેરી પાસે આવા અનઅધિકૃત મોબાઇલ વાહનો ઉભા રહે છે તે સરકાર જાણે છે, અને

(૩) આવા ગેરકાયદેસર વાહનોને બંધ કરવા શી વ્યવસ્થા ગોઠવાઇ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) (૧૩-૧૨-૦૬) :

(૧) શૂન્ય.

પી.યુ.સી. સર્ટિફીકેટ ઇસ્યુ કરવા કોઇપણ મોબાઇલ વાહનોને મંજૂરી આપવામાં આવેલી નથી.

(૨) આવા અનધિકૃત મોબાઇલ વાહનો ઊભાં રહેતાં હોવાનું જણાયું નથી.

(૩) આવા ગેરકાયદેસર વાહનો જણાઇ આવેલા નથી. જિલ્લામાં મોટર વાહન ખાતાના અધિકારીઓ દ્વારા સતત ઘનિષ્ટ ચેકીંગ કરવામાં આવે છે.

-----------

## ગાંધીનગર જિલ્લાનું વાહન વ્યવહાર ખાતાનું મંજૂર થયેલ મહેકમ

અતારાંક્તિ : ૭૫૭૪ (૧૩-૧૧-૦૬) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૦-૬-૦૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં વાહન વ્યવહાર ખાતાનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી હાજર મહેકમ કેટલું, અને

(૩) આ ખાલી જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) (૧૪-૧૨-૦૬) :

(૧) અને (૨) : તા.૩૦-૬-૨૦૦૬ ની સ્થિતિએ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, ગાંધીનગરનું સંવર્ગવાર મંજૂર થયેલ અને ભરેલ મહેકમ નીચે મુજબ છે :-

| અ.નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, વર્ગ-૨ | ૧ | ૧ |
| ૨ | મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨ | ૨ | ૧ |
| ૩ | સહાયક મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૩ | ૧ | ૧ |
| ૪ | હેડ ક્લાર્ક, વર્ગ-૩ | ૨ | ૨ |
| ૫ | સીનીયર ક્લાર્ક, વર્ગ-૩ | ૫ | ૫ |
| ૬ | સબ એકાઉન્ટન્ટ, વર્ગ-૩ | ૧ | ૧ |
| ૭ | જુનીયર ક્લાર્ક, વર્ગ-૩ | ૧૦ | ૧૦ |
| ૮ | ટાઇપીસ્ટ, વર્ગ-૩ | ૧ | - |
| ૯ | આંકડા મદદનીશ, વર્ગ-૩ | ૧ | ૧ |
| ૧૦ | નાયક, વર્ગ-૪ | ૧ | - |
| ૧૧ | પટાવાળા, વર્ગ-૪ | ૪ | ૩ |
| | **કુલ ....** | **૨૯** | **૨૫** |

(૩) જેમ બને તેમ જલ્દીથી.

**ઝઘડીયા અને વાલીયા તાલુકામાં છકડા તેમજ અન્ય વાહનોમાં થતી ગેરકાયદેસર મુસાફરી**

અતારાંક્તિ : ૭૫૮૩ (૧૩-૧૧-૦૬) **શ્રી છોટુભાઈ અ. વસાવા(ઝગડિયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૦-૯-૦૬ ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ઝઘડીયા અને વાલીયા તાલુકામાં છકડા તેમજ બીજા વાહનોમાં ગેરકાયદેસર મુસાફરો ભરવામાં આવે છે તે હકીક્ત સાચી છે,

(૨) આ અંગે ભરૂચ જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા છકડા તેમજ બીજા વાહનો છેલ્લા એક વર્ષમાં કેટલા ડીટેઇન કરવામાં આવ્યા,

(૩) ક્યા ક્યા વાહનોને આર.ટી.ઓ. ના મેમા અને જ્યુડીશીયલ કોર્ટના કેટલા મેમા આપવામાં આવ્યા, અને

(૪) ક્યા વાહનોને આર.ટી.ઓ. દ્વારા અને કોર્ટ દ્વારા કેટલો દંડ કરવામાં આવ્યો ?

**મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) (૧૪-૧૨-૦૬) :

(૧) ટ્રાફિક પોલીસ અને આર.ટી.ઓ. દ્વારા વારંવાર ચેકીંગ કરતાં છકડા તેમજ અન્ય વાહનોમાં મુસાફરોની ગેરકાયદેસર હેરફેર કરતાં માલુમ પડેલ છે.

(૨) તાલુકાનું નામ — ડીટેઇન કરેલ વાહનો

| તાલુકાનું નામ | ડીટેઇન કરેલ વાહનો |
|---|---|
| વાલીયા તાલુકો | ૨૬ |
| ઝઘડીયા તાલુકો | ૧૦ |

(૩) આર.ટી.ઓ. ની વિગતો.

| **વાહનનો પ્રકાર** | **વાલીયા** | **ઝઘડીયા** |
|---|---|---|
| છકડો | ૦૧ | ૦૧ |
| જીપ | ૧૩ | ૦૫ |
| રીક્ષા | ૦૬ | ૦૧ |
| ગુડઝ વાહન | ૦૬ | ૦૩ |
| **કુલ** | **૨૬** | **૧૦** |

જ્યુડીશીયલ કોર્ટનાં મેમા આપવામાં આવેલ નથી.

(૪) આર.ટી.ઓ. દ્વારા કુલ રૂા.૧,૪૧,૪૩૯ દંડ વસુલ કરવામાં આવ્યો છે.

| **વાહનનો પ્રકાર** | **કેસો** | **વસુલાત (રૂા.)** |
|---|---|---|
| છકડો | ૦૨ | ૩,૨૦૦ |
| જીપ | ૧૮ | ૯૭,૮૪૯ |
| રીક્ષા | ૦૭ | ૬,૭૧૫ |
| ગુડઝ વાહનો | ૦૯ | ૩૩,૬૭૫ |
| **કુલ ....** | **૩૬** | **૧,૪૧,૪૩૯** |

જ્યુડીશીયલ કોર્ટનાં મેમા બાબતની માહિતી શૂન્ય છે.

-----------

## રાજકોટ જિલ્લામાં આઇસીડીએસ યોજના

અતારાંક્તિ : ૭૪૭૭ (૨૯-૮-૦૬) **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) માર્ચ-૨૦૦૬ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર આઇસીડીએસ યોજનાના કેટલા અને કયા કયા કેન્દ્રો આવેલા છે, અને

(૨) આંગણવાડી કેન્દ્રો મારફતે બાળકોને કયા કયા પ્રકારના પોષક આહાર આપવામાં આવે છે ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૧૪-૧૨-૦૬) :

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **આંગણવાડી કેન્દ્રની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | રાજકોટ (ગ્રામ્ય) | ૧૩૮ |
| ૨ | મોરબી | ૧૬૧ |
| ૩ | જસદણ | ૧૮૪ |
| ૪ | લોધીકા | ૪૧ |
| ૫ | વાંકાનેર | ૧૧૪ |
| ૬ | પડધરી | ૮૭ |
| ૭ | જામકંડોરણા | ૮૪ |
| ૮ | ગોંડલ | ૧૭૦ |
| ૯ | ઉપલેટા | ૧૩૫ |
| ૧૦ | જેતપુર | ૧૦૭ |
| ૧૧ | ધોરાજી | ૧૦૦ |
| ૧૨ | કોટડા સાંગાણી | ૫૯ |
| ૧૩ | માળીયા મીંયાણા | ૬૩ |
| ૧૪ | રાજકોટ (અર્બન) | ૧૬૩ |
| ૧૫ | ટંકારા | ૬૯ |
| | **કુલ ...** | **૧૬૭૫** |

(૨) આંગણવાડીમાં બાળકોને ઘઉં, ચણા, તેલમાંથી વાનગી બનાવીને આપવામાં આવે છે. બાળકોને રોજીંદા પૂરક પોષણ આહારમાંથી કેલેરી અને ૮ થી ૧૦ ગ્રામ પ્રોટીન મળી રહે તે મુજબનું આયોજન કરવામાં આવે છે. લાભાર્થી દીઠ રૂા.૨-૦૦ ની ખર્ચ મર્યાદામાં પૂરક પોષણ આપવામાં આવે છે.

-----------

## અતારાંક્તિ યાદીમાં સમાવાયેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | સામાન્ય વહીવટ વિભાગ | ૭૪૬૦ | ૧ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૭૧૧૦, ૭૧૩૯, ૭૧૬૫, ૭૬૩૪, ૭૬૩૫, ૭૭૮૪, ૭૭૮૫ | ૭ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૭૨૭૩, ૭૩૫૯, ૭૪૪૪, ૭૪૪૫, ૭૪૪૭, ૭૬૧૪, | ૬ |
| ૪ | નાણા વિભાગ | ૭૫૪૧ | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૭૩૨૫ | ૧ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૭૧૬૧, ૭૪૨૪, ૭૪૭૮, ૭૪૭૯ | ૪ |
| ૭ | ગૃહ વિભાગ | ૭૫૩૬, ૭૫૪૫, ૭૫૫૪, ૭૫૬૮, ૭૫૮૪, ૭૬૧૬, ૭૭૩૩ | ૭ |
| ૮ | નર્મદા, જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૭૨૫૨, ૭૪૩૪, ૭૪૩૭ | ૩ |
| ૯ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૬૮૪૮, ૭૩૬૫, ૭૩૮૩, ૭૫૦૨, ૭૫૦૩, ૭૫૨૧ | ૬ |
| ૧૦ | મહેસૂલ વિભાગ | ૭૦૦૯, ૭૨૨૧, ૭૪૧૯ | ૩ |
| ૧૧ | માર્ગ અને મકાન વિભાગ | ૭૨૯૧, ૭૩૩૪, ૭૩૪૭, ૭૪૭૨, ૭૪૮૫ | ૫ |
| ૧૨ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૭૬૦૦ | ૧ |
| ૧૩ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૭૫૩૪ | ૧ |
| ૧૪ | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ | ૭૫૪૮, ૭૫૭૪, ૭૫૮૩ | ૩ |
| ૧૫ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૭૪૭૭ | ૧ |
| | | **કુલ ...** | **૫૦** |

------------

# પાંચમી અતારાંકિત યાદી

### નિવૃત્ત સનદી અધિકારીઓની લેવામા આવતી સેવા

અતારાંકિતઃ ૭૪૧૪ (૨૧-૮-૨૦૦૬) **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૦-૬-૦૬ની સ્થિતિએ રાજ્ય સરકારમાં ક્યા ક્યા અને કેટલા નિવૃત્ત સનદી અધિકારીઓની સેવા લેવામાં આવે છે,

(૨) હાલ આ અધિકારીઓ ક્યા ક્યા વિભાગમાં ક્યા પ્રકારની કામગીરી કરે છે,

(૩) ક્યા ક્યા અધિકારીઓ પાસે ક્યારથી સેવાઓ લેવામાં આવે છે, અને

(૪) સેવાઓ લેવા બદલ શું વળતર ચૂકવવામાં આવે છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૨૦-૧૨-૦૬) :

(૧) ૨૦ (વીસ)

(૧) શ્રી પી. કે. લહેરી

(૨) શ્રી જી. સુબ્બારાવ

(૩) શ્રી કે. વી. ભાનુજન

(૪) શ્રી ટી.સી.એ. રંગાદુરાઈ

(૫) શ્રી એ. કે. પટેલ

(૬) શ્રી બી. એલ. જોષી

(૭) શ્રી એસ. કે. શેલત

(૮) શ્રી અશોક ભાટિયા

(૯) શ્રી વી. એચ. શાહ

(૧૦) શ્રી સી. આર. બિશ્વાસ

(૧૧) શ્રી જી. આર. વીરદી

(૧૨) શ્રી એસ. ડી. શર્મા

(૧૩) શ્રી યુ. સી. રાણે

(૧૪) ડૉ. વી. આર. એસ. કોલગી

(૧૫) શ્રી એ. કે. પ્રધાન

(૧૬) શ્રી પી. કે. ઘોષ

(૧૭) શ્રી એચ. બી. વરિયા

(૧૮) શ્રી વી. એ. સાઠે

(૧૯) શ્રી આર. એમ. જોષી

(૨૦) શ્રી બી. ડી. જોષી

(૨) હાલ આ ૨૦ (વીસ) અધિકારીઓ તેઓની નિમણૂક જે હેતુસર કરવામાં આવી છે તે કામગીરી કરે છે. વહીવટી વિભાગોની દ્રષ્ટિએ જોઈએ તો આ અધિકારીઓ નીચે દર્શાવેલ વિગતે સંબંધિત વિભાગ હસ્તક કામગીરી કરે છે :-

| | |
|---|---|
| (૧) ન. જ. સં. પા. પુ. અને કલ્પસર વિભાગ | ૦૧ |
| (૨) ઉર્જા અને પેટ્રો. વિભાગ | ૦૧ |
| (૩) વન અને પર્યાવરણ વિભાગ | ૦૧ |
| (૪) મહેસૂલ વિભાગ | ૦૩ |
| (૫) ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૦૧ |
| (૬) સામાન્ય વહીવટ વિભાગ | ૧૦ |
| (૭) નાણા વિભાગ | ૦૧ |
| (૮) આ. અને પ. ક. વિભાગ | ૦૨ |

(૩) આ ૨૦ અધિકારીઓ પાસેથી તેમના નામ સામે દર્શાવેલ તારીખથી સેવાઓ લેવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી પી. કે. લહેરી | ૧-૪-૨૦૦૫ |
| શ્રી જી. સુબ્બારાવ | ૧૪-૫-૨૦૦૩ |
| શ્રી કે. વી. ભાનુજન | ૧-૧૨-૨૦૦૦ |
| શ્રી ટી.સી.એ. રંગાદુરાઈ | ૩-૧૧-૨૦૦૧ |
| શ્રી કે. એ. પટેલ | ૨૧-૨-૨૦૦૫ |
| શ્રી બી. એન. જોષી | ૧-૩-૨૦૦૬ |
| શ્રી એસ. કે. શેલત | ૧-૫-૧૯૯૭ |
| શ્રી અશોક ભાટિયા | ૬-૨-૨૦૦૪ |
| શ્રી વી. એચ. શાહ | ૧-૧૧-૨૦૦૪ |
| શ્રી સી. આર. બિશ્વાસ | ૫-૧-૨૦૦૪ |
| શ્રી જી. આર. વીરદી | ૬-૧-૨૦૦૪ |
| શ્રી એસ. ડી. શર્મા | ૧૦-૧૨-૨૦૦૩ |
| શ્રી યુ. સી. રાણે | ૨૮-૧૨-૨૦૦૫ |
| ડૉ. વી. આર. એસ. કોલગી | ૧૩-૧૨-૨૦૦૫ |
| શ્રી એ. કે. પ્રધાન | ૨-૬-૨૦૦૪ |
| શ્રી પી. કે. ઘોષ | ૭-૧૦-૨૦૦૪ |
| શ્રી એચ. બી. વરિયા | ૧૯-૬-૨૦૦૬ |
| શ્રી વી. એ. સાઠે | ૩૧-૮-૨૦૦૫ |
| શ્રી આર. એમ. જોષી | ૧-૧૦-૨૦૦૪ |
| શ્રી બી. ડી. જોષી | ૧૪-૧૨-૨૦૦૫ |

(૪) સેવાઓ લેવા બદલ સંબંધિત વિભાગો દ્વારા સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ નક્કી કરેલ મહત્તમ મર્યાદાને અનુરૂપ વળતર ચૂકવવામાં આવે છે.

-----------

**સચિવો અને આઈ. એ. એસ. અધિકારીઓની રજા માટે પ્રધાનોની મંજૂરી અંગે**

અતારાંક્તિઃ ૭૫૩૧ (૧૩-૧૧-૦૬)**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યના સચિવો અને આઈ. એ. એસ. અધિકારીઓને રજા જોઈતી હશે તો પ્રધાનોની મંજૂરી લેવાની રહેશે તેવો પરિપત્ર ક્યારે બહાર પાડવામાં આવ્યો, અને

(૨) આ પરિપત્ર પછી કેટલાક સચિવો અને આઈ. એ. એસ. અધિકારીઓએ તા. ૩૧-૮-૨૦૦૬ સુધીમાં રજાની મંજૂરી લીધી.

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) (૨૭-૧૨-૦૬) :

(૧) તા. ૪-૩-૨૦૦૬ના પરિપત્ર મુજબ સચિવાલયમાં ફરજ બજાવતાં અધિક મુખ્ય સચિવશ્રીઓ/ અગ્રસચિવશ્રીઓ/ સચિવશ્રીઓએ તેમની રજાની માંગણી પરત્વે સંબંધિત મંત્રીશ્રીની લિખિત/મૌખિક મંજૂરી મેળવવાની થતી હતી.
તા. ૪-૩-૨૦૦૬નો ઉક્ત પરિપત્ર તા. ૨૮-૦૪-૨૦૦૬ના રોજ સુધારવામાં આવ્યો. જે મુજબ સચિવાલયમાંના અધિક મુખ્ય સચિવ/અગ્ર સચિવ/સચિવશ્રીઓએ રજા માટે મંત્રીશ્રીઓની મંજૂરી લેવાની જરૂર નથી, પરંતુ માત્ર રજાની અરજીની એક નકલ સંબંધિત મંત્રીશ્રીને મોકલવાની રહે છે અને તે અંગેનો ઉલ્લેખ રજાની અરજીમાં કરવાનો રહે છે.

(૨) તા. ૪-૩-૨૦૦૬ અને તા. ૨૮-૪-૨૦૦૬ દરમ્યાન સચિવાલયમાંના ૦૬ અધિક મુખ્ય સચિવશ્રીઓ/અગ્ર સચિવશ્રીઓ/સચિવશ્રીઓએ રજા બાબતે સંબંધિત મંત્રીશ્રીઓની મંજૂરી લીધી હતી.

----------

**વલસાડ જિલ્લામાં લોકપ્રહરીની રચના**

અતારાંક્તિઃ ૭૫૩૨ (૧૩-૧૧-૦૬) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ વિભાગ) જણાવવા કૃપા કરશે કે -

રાજ્યમાં જિલ્લા કક્ષાએ વહીવટી તંત્રને સંગીન કરવા નિવૃત્ત ન્યાયાધીશના અધ્યક્ષપદે લોકપ્રહરી તંત્રની રચના કરવાનું તા. ૭-૭-૦૧ ઠરાવથી નક્કી કર્યા મુજબ વલસાડ જિલ્લામાં કઈ તારીખથી લોકપ્રહરી તંત્રની રચના કરી કાર્યરત કરવામાં આવી ?

**મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ)(૨૨-૧૨-૦૬) :

રાજ્યમાં જિલ્લા કક્ષાએ વહીવટી તંત્રને સંગીન કરવા નિવૃત્ત ન્યાયાધીશના અધ્યક્ષપદે લોકપ્રહરી તંત્રની રચના કરવાનું તા. ૭-૭-૨૦૦૧ના ઠરાવથી નક્કી કર્યા મુજબ વલસાડ જિલ્લાનો તા. ૨૬-૭-૨૦૦૪ના ઠરાવથી સુરત જિલ્લાના લોકપ્રહરી તંત્રના કાર્યક્ષેત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે.

-----------

**ગાંધીનગર જિલ્લામાં પશુપાલન ક્ષેત્રે નવી યોજનાઓની અરજીઓ**

અતારાંક્તિઃ ૭૬૩૩ (૮-૧૧-૦૬) **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તારીખ ૩૦-૬-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પશુપાલન ક્ષેત્રે કેટલી નવી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે, આ યોજનાઓનો લાભ લેવા ગાધીનગર જિલ્લામાંથી કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) બાકી રહેતી અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૧૯-૧૨-૦૬) :

(૧) તારીખ ૩૦-૬-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પશુપાલન ક્ષેત્રે ૯ નવી યોજનાઓ અમલમાં મુક્વામાં આવી છે. આ યોજનાઓનો લાભ લેવા ગાંધીનગર જીલ્લામાંથી ૬૧૯ અરજીઓ આવી છે. (પત્રક સામેલ છે.)

(૨) ૬૧૭ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. (પત્રક સામેલ છે.) બે અરજીઓ પાત્રતા ધરાવતા ન હોઈ પરત ક્રવામાં આવેલ છે.

(૩) શુન્ય માહિતી છે.

**પત્રક**

ગાંધીનગર જિલ્લામાં તા. ૧-૭-૨૦૦૫ થી તા. ૩૦-૬-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પશુપાલન ક્ષેત્રે અમલમાં મુકેલ નવી યોજના અને આવેલ અરજીઓની વિગત દર્શાવતું પત્રક

| અ. નં. | યોજનાનું નામ | આવેલ અરજી | નિકાલ/સહાય ચૂક્વેલ અરજી | બાકી રહેતી અરજીઓ અને નિકાલની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | બકરા એકમ સહાય | ૨૭ | ૨૫ | ૨ (બે અરજી પાત્રતા ધરાવતા ન હોય પરત) |
| ૨. | બકરી ઉછેર યુનિટ વ્યાજ પર સહાય | નીલ | નીલ | નીલ |
| ૩. | ઉંટગાડીના એકમ માટે વ્યાજ પર સહાય | નીલ | નીલ | નીલ |
| ૪. | નાબાર્ડ યોજના પશુ વ્યાજ સહાય યોજના | ૨૭ | ૨૭ | નીલ |
| ૫. | ગોચર સુધારણા યોજના | ૧ | ૧ | નીલ |
| ૬. | હાથસુડા સહાય ખાસ અંગભૂત | ૨૫ | ૨૫ | નીલ |
| | હાથસુડા સહાય (જનરલ) | ૧૯ | ૧૯ | નીલ |
| ૭. | અનુસુચિત જાતિના દુધાળા પશુઓના ઉત્પાદન વધારવા માટેની હેલ્થકીટ આપવાની યોજના | ૫૨૦ | ૫૨૦ | નીલ |
| ૮. | ગમાણ સહાય યોજના | નીલ | નીલ | નીલ |
| ૯. | કેટલ શેડ સહાય યોજના | નીલ | નીલ | નીલ |
| | કુલ : | ૬૧૯ | ૬૧૭ | ૨ (બે અરજી પાત્રતા ધરાવતા ન હોય પરત) |

-----------

**મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ઢોર ખરીદવાની અરજીઓ**

અતારાંક્તિઃ ૭૬૪૦ (૮-૧૧-૦૬)**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ગામોમાં તારીખ : ૩૦-૯-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વ્યક્તિઓએ દુધાળા ઢોર ખરીદવા અરજી કરી,

(૨) તા. ૩૧-૩-૨૦૦૬ની સ્થિતિએ કેટલી અરજીઓ ના મંજૂર કરી, અને,

(૩) બાકીની અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૧૯-૧૨-૦૬) :

(૧) ૪૨૧ વ્યક્તિઓએ દુધાળા ઢોર ખરીદવા અરજી કરેલ છે.

તાલુકાવાર અને ગામવારની માહિતી દર્શાવતું *પત્રક-અ આ સાથે સામેલ છે.

(૨) ૧૭ અરજીઓ ના મંજૂર કરેલ છે.

(૩) યોગ્ય પાત્રતા ધરાવતી અરજીઓનો નિકાલ સંબંધિત બેન્કો દ્વારા કરવાનો થાય છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**વલસાડ જિલ્લામાં પશુ દવાખાનાઓનું ચુકવેલ ભાડુ**

અતારાંક્તિઃ ૭૬૪૭ (૮-૧૧-૦૬)**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૮-૦૬ની સ્થિતિએ કેટલા પશુ દવાખાનાઓ હયાત છે, અને

(૨) આવા પશુ દવાખાનાઓ તાલુકાવાર ક્યાં ક્યાં ભાડાના મકાનમાં કાર્યરત છે, અને વર્ષમાં તેનું કેટલું ભાડુ ચૂકવવામાં આવે છે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૨૨/૧૨/૨૦૦૬) :

(૧) વલસાડ જિલ્લામા તાલુકાવાર તા. ૩૧-૮-૦૬ની સ્થિતિએ નીચે જણાવ્યા મુજબના પશુ દવાખાનાઓ હયાત છે.

| અ. નં. | તાલુકાનું નામ | પશુ દવાખાના |
|---|---|---|
| ૧. | વલસાડ | ૨ |
| ૨. | ધરમપુર | ૨ (૧ફરતુપ.દ.) |
| ૩. | કપરાડા | ૧ |
| ૪. | પારડી | ૨ |
| ૫. | ઉમરગામ | ૨ |
| | કુલ : | ૯ |

(૨) વલસાડ જિલ્લામાં એક પણ પશુ દવાખાનું ભાડાના મકાનમાં કાર્યરત નથી. જેથી ભાડુ ચુકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**પ્રાણીઓ દ્વારા ખોરાક સાથે પ્લાસ્ટિક કોથળી ખાઈ જવા અંગેનો પરિપત્ર**

અતારાંક્તિઃ ૭૬૬૦ (૧૭-૧૧-૦૬)**શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રસ્તામાં ફરતા પ્રાણીઓ ખોરાકની સાથે પ્લાસ્ટીકની કોથળી ખાઈ ન જાય તે માટે જાગૃત્તિ પ્રચાર કરવા પશુપાલન નિયામકશ્રી તરફથી તાઃ ૪-૧-૧૯૯૯ના રોજ પરિપત્ર પ્રસિધ્ધ થયો છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ પરિપત્રનો યોગ્ય પ્રચાર-પ્રસાર ચાલુ રહે તે માટે શા પ્રયાસો હાથ ધરાયા છે, અને

(૩) આ કામગીરી કોનો સોંપાઈ છે ?

**પશુપાલન મંત્રીશ્રી** (૪/૧/૦૭) :

(૧) ""હા જી""

(૨) માસિકપત્રોમાં લેખો દ્વારા, ખાતાની વિસ્તરણની કામગીરી દ્વારા, પશુ આરોગ્ય મેળા, કેમ્પ તથા કૃષિ મહોત્સવમાં ગોષ્ઠી વખતે પશુપાલકોને સમજ આપવામાં આવે છે.

(૩) ખાતાની ક્ષેત્રિય કચેરીઓ તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને તકેદારી રાખવાની કામગીરી સોંપાઈ છે.

-----------

## સુરત જિલ્લામાં ખેડૂતોને પાક વીમાની ચૂક્વણીની બાકી રકમ

અતારાંક્તિઃ ૭૭૯૧ (૧૭-૧૧-૦૬) **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં સુરત જિલ્લાના તાલુકાવાર કેટલા ખેડૂતોને પાક વીમાની કેટલી રકમ મળવાપાત્ર છે;

(૨) આ રકમ પૈકી તા. ૩૧-૧૦-૦૬ સુધીમાં કેટલી રકમ ખેડૂતોને ચૂક્વવામાં આવી અને કેટલી રકમ બાકી છે; અને

(૩) બાકી રહેલી રકમ ખેડૂતોને ક્યાં સુધીમાં ચૂક્વવામાં આવશે ?

**કૃષિ મંત્રીશ્રી** (૨૨-૧૨-૦૬) :

(૧) સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષની સુરત જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોને પાક વીમાની કોઈ રકમ મળવાપાત્ર નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## રાજ્યમાં જિલ્લાવાર પ્રાથમિક શાળાઓની મરામત કામગીરી માટે રકમની ફાળવણી

અતારાંક્તિઃ ૭૩૫૪ (૧૯-૮-૦૬) **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર પ્રાથમિક શાળાઓના કેટલા ઓરડાઓની મરામત કામગીરી માટે કેટલી રકમ ફાળવી;

(૨) આ ફાળવેલ રકમ પૈકી જિલ્લાવાર કેટલા ઓરડાઓની મરામત થઈ; અને

(૩) તા. ૩૧-૭-૦૬ની સ્થિતિએ હાલ કેટલા આવા ઓરડાઓની મરામત કામગીરી બાકી છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૬) :

(૧) પત્રક-૧ મુજબ

(૨) પત્રક-૨ મુજબ

(૩) ૧૬૧૭૩

**પત્રક-૧**

છેલ્લા બે વર્ષમાં પ્રાથમિકશાળાના ઓરડાઓની મરામત માટે ફાળવેલ ગ્રાન્ટની વિગત

| ક્રમ | જિલ્લો | ઓરડાઓની સંખ્યા | ફાળવેલ રકમ (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ | ૮૩૨ | ૧૨૫૦૦૦૦૦ |
| ૨ | અમરેલી | ૧૦૯૮ | ૧૫૦૦૦૦૦૦ |
| ૩ | આણંદ | ૬૨૯ | ૧૨૫૦૦૦૦૦ |
| ૪ | બનાસકાંઠા | ૬૨૩ | ૧૦૦૦૦૦૦૦ |
| ૫ | ભરૂચ | ૫૨૪ | ૧૦૦૦૦૦૦૦ |
| ૬ | ભાવનગર | ૭૮૨ | ૯૦૦૦૦૦૦ |
| ૭ | દાહોદ | ૬૬૧ | ૧૬૩૩૩૦૦૦ |
| ૮ | ડાંગ | ૮૮ | ૧૫૦૦૦૦૦ |
| ૯ | ગાંધીનગર | ૧૦૯૪ | ૧૫૦૦૦૦૦૦ |
| ૧૦ | જામનગર | ૭૧ | ૩૫૦૦૦૦૦ |

| ક્રમ | જિલ્લો | ઓરડાઓની સંખ્યા | ફાળવેલ રકમ (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧૧ | જુનાગઢ | ૧૧૨૨ | ૧૭૫૦૦૦૦૦ |
| ૧૨ | ખેડા | ૧૧૮૭ | ૧૫૦૦૧૦૦૦ |
| ૧૩ | કચ્છ | ૦ | ૦ |
| ૧૪ | મહેસાણા | ૧૭૭ | ૧૫૦૦૦૦૦૦ |
| ૧૫ | નર્મદા | ૨૭૧ | ૭૦૦૦૦૦૦ |
| ૧૬ | નવસારી | ૪૬૫ | ૬૫૦૦૦૦૦ |
| ૧૭ | પંચમહાલ | ૧૫૫૯ | ૧૭૫૦૦૦૦૦ |
| ૧૮ | પાટણ | ૨૩૨ | ૫૦૦૦૦૦૦ |
| ૧૯ | પોરબંદર | ૩૨૬ | ૭૦૦૦૦૦૦ |
| ૨૦ | રાજકોટ | ૫૮૩ | ૧૨૫૦૦૦૦૦ |
| ૨૧ | સાબરકાંઠા | ૬૭૧ | ૧૬૧૬૬૦૦૦ |
| ૨૨ | સુરત | ૬૭૪ | ૧૫૫૦૦૦૦૦ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૫૯ | ૧૪૦૦૦૦૦ |
| ૨૪ | વડોદરા | ૧૦૩૧ | ૧૯૦૦૦૦૦૦ |
| ૨૫ | વલસાડ | ૩૭૫ | ૩૬૦૦૦૦૦ |
| | કુલ | ૧૫૨૩૪ | ૨૬૪૦૦૦૦૦૦ |

**પત્રક-૨**

જિલ્લાવાર પ્રાથમિકશાળાના ઓરડાઓની મરામત કરવામાં આવેલ હોય તેની વિગત

| ક્રમ | જિલ્લો | મરામત કરેલ ઓરડાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ | ૭૯૩ |
| ૨ | અમરેલી | ૮૪૪ |
| ૩ | આણંદ | ૬૨૯ |
| ૪ | બનાસકાંઠા | ૬૨૩ |
| ૫ | ભરૂચ | ૫૨૪ |
| ૬ | ભાવનગર | ૭૮૨ |
| ૭ | દાહોદ | ૬૬૧ |
| ૮ | ડાંગ | ૮૮ |
| ૯ | ગાંધીનગર | ૧૦૮૮ |
| ૧૦ | જામનગર | ૫૫ |
| ૧૧ | જુનાગઢ | ૧૦૭૬ |
| ૧૨ | ખેડા | ૧૧૮૭ |
| ૧૩ | કચ્છ | ૦ |
| ૧૪ | મહેસાણા | ૧૭૭ |
| ૧૫ | નર્મદા | ૨૭૧ |
| ૧૬ | નવસારી | ૪૬૦ |
| ૧૭ | પંચમહાલ | ૧૪૪૧ |
| ૧૮ | પાટણ | ૨૩૨ |
| ૧૯ | પોરબંદર | ૩૨૬ |
| ૨૦ | રાજકોટ | ૫૧૮ |
| ૨૧ | સાબરકાંઠા | ૪૮૩ |
| ૧ | ૨ | ૩ |
| ૨૨ | સુરત | ૬૭૪ |

| ક્રમ | જિલ્લો | મરામત કરેલ ઓરડાની સંખ્યા |
|---|---|---|
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૫૯ |
| ૨૪ | વડોદરા | ૮૯૯ |
| ૨૫ | વલસાડ | ૩૭૫ |
| | કુલ | ૧૪૩૬૫ |

-----------

**રાજ્યમાં જિલ્લાવાર પ્રાથમિક શાળાઓના નવા ઓરડાઓ બનાવવાનો લક્ષ્યાંક**

અતારાંક્તિઃ ૭૩૫૫ (૧૯-૮-૦૬) **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર પ્રાથમિક શાળાઓના નવા ઓરડાઓ બનાવવા કેટલો લક્ષ્યાંક રાખેલ;

(૨) તે અન્વયે કેટલી રકમ બજેટમાં તેમજ અન્ય રીતે ફાળવવામાં આવી, અને

(૩) આ ફાળવેલ રકમ પેકી જિલ્લાવાર કેટલાં નવા ઓરડાઓ તા. ૩૧-૭-૦૬ સુધીમાં પૂર્ણ કર્યા અને કેટલાના કામો હજુ બાકી છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૬) :

(૧) પત્રક-૧ મુજબ

(૨) સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં રૂા. ૬૯૮૮.૨૩ લાખ અને સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં રૂા. ૨૭૮૬૧.૩૩ લાખ મળી કુલ રૂા. ૩૪૮૪૯.૫૬ લાખની જોગવાઈ બજેટમાં થયેલ છે. અન્ય રીતે કોઈ રકમ ફાળવેલ નથી.

(૩) પત્રક-૨ મુજબ

**પત્રક-૧**

| નવા ઓરડાઓ બનાવવાના લક્ષ્યાંક્ની વર્ષવાર વિગત (પત્રક : ૧) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લો | વર્ષ-૨૦૦૪-૦૫ | વર્ષ-૨૦૦૬-૦૭ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમદાવાદ | ૩૦૦ | ૫૩૧ | ૮૩૧ |
| ૨ | અમરેલી | ૧૯૦ | ૩૯૫ | ૫૮૫ |
| ૩ | આણંદ | ૨૨૦ | ૨૪૦ | ૪૬૦ |
| ૪ | બનાસકાંઠા | ૫૧૯ | ૧૨૩૫ | ૧૭૫૪ |
| ૫ | ભરૂચ | ૬૮ | ૪૨૪ | ૪૯૨ |
| ૬ | ભાવનગર | ૧૯૩ | ૬૪૫ | ૮૩૮ |
| ૭ | દાહોદ | ૨૪૧ | ૭૫૨ | ૯૯૩ |
| ૮ | ડાંગ | ૫ | ૬૦ | ૬૫ |
| ૯ | ગાંધીનગર | ૬૭ | ૧૨૭ | ૧૯૪ |
| ૧૦ | જામનગર | ૫૦ | ૬૮૫ | ૭૩૫ |
| ૧૧ | જુનાગઢ | ૧૧૫ | ૧૩૩૦ | ૧૪૪૫ |
| ૧૨ | ખેડા | ૩૨૬ | ૩૩૯ | ૬૬૫ |
| ૧૩ | કચ્છ | ૬૦ | ૪૦૦ | ૪૬૦ |
| ૧૪ | મહેસાણા | ૧૬૭ | ૨૧૨ | ૩૭૯ |
| ૧૫ | નર્મદા | ૪૮ | ૧૦૬ | ૧૫૪ |
| ૧૬ | નવસારી | ૪૯ | ૧૨૦ | ૧૬૯ |
| ૧૭ | પંચમહાલ | ૩૧૩ | ૮૦૧ | ૧૧૧૪ |
| ૧૮ | પાટણ | ૧૩૬ | ૨૧૮ | ૩૫૪ |
| ૧૯ | પોરબંદર | ૨૧ | ૧૨૯ | ૧૫૦ |
| ૨૦ | રાજકોટ | ૯૦ | ૮૬૦ | ૯૫૦ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૬૭ | ૫૫૮ | ૭૨૫ |
| ૨૨ | સુરત | ૨૧ | ૨૫૦ | ૨૭૧ |

| નવા ઓરડાઓ બનાવવાના લક્ષ્યાંક્ની વર્ષવાર વિગત (પત્રક : ૧) | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લો | વર્ષ-૨૦૦૪-૦૫ | વર્ષ-૨૦૦૬-૦૭ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૩૨ | ૬૧૨ | ૭૪૪ |
| ૨૪ | વડોદરા | ૨૦૪ | ૬૦૩ | ૮૦૭ |
| ૨૫ | વલસાડ | ૮૭ | ૨૩૬ | ૩૨૩ |
| | કુલ | ૩૭૮૯ | ૧૧૮૬૮ | ૧૫૬૫૭ |
| | નગરપાલિકા | ૫૧ | ૨૨ | ૭૩ |
| | એકંદર કુલ | ૩૮૪૦ | ૧૧૮૯૦ | ૧૫૭૩૦ |

**પત્રક-૨**

| નવા ઓરડાઓ બનાવવાના ક્રેલ આયોજન પેકી પૂર્ણકામો અને બાકી કામોની વિગત (પત્રક : ૨) | | | |
|---|---|---|---|
| ક્રમ | જિલ્લો | પૂર્ણકામોની સંખ્યા | બાકી કામોની સંખ્યા |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ | ૧૦૬ | ૭૨૫ |
| ૨ | અમરેલી | ૯૮ | ૪૮૭ |
| ૩ | આણંદ | ૧૦૦ | ૩૬૦ |
| ૪ | બનાસકાંઠા | ૧૭૧ | ૧૫૮૩ |
| ૫ | ભરૂચ | ૩૩ | ૪૫૯ |
| ૬ | ભાવનગર | ૫૦ | ૭૮૮ |
| ૭ | દાહોદ | ૭૨ | ૯૨૧ |
| ૮ | ડાંગ | ૫ | ૬૦ |
| ૯ | ગાંધીનગર | ૩૬ | ૧૫૮ |
| ૧૦ | જામનગર | ૫૦ | ૬૮૫ |
| ૧૧ | જુનાગઢ | ૪૮ | ૧૩૯૭ |
| ૧૨ | ખેડા | ૮૦ | ૫૮૫ |
| ૧૩ | કચ્છ | ૬૦ | ૪૦૦ |
| ૧૪ | મહેસાણા | ૭૧ | ૩૦૮ |
| ૧૫ | નર્મદા | ૨૫ | ૧૨૯ |
| ૧૬ | નવસારી | ૨૬ | ૧૪૩ |
| ૧૭ | પંચમહાલ | ૧૫૦ | ૯૬૪ |
| ૧૮ | પાટણ | ૮૦ | ૨૭૪ |
| ૧૯ | પોરબંદર | ૨૧ | ૧૨૯ |
| ૨૦ | રાજકોટ | ૯૦ | ૮૬૦ |
| ૨૧ | સાબરકાંઠા | ૩૭ | ૬૮૮ |
| ૨૨ | સુરત | ૨૧ | ૨૫૦ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૨૦ | ૭૨૪ |
| ૨૪ | વડોદરા | ૧૪૦ | ૬૬૭ |
| ૨૫ | વલસાડ | ૪૬ | ૨૭૭ |
| | કુલ | ૧૬૩૬ | ૧૪૦૨૧ |
| | નગરપાલિકા | ૧૨ | ૬૧ |
| | એકંદર કુલ | ૧૬૪૮ | ૧૪૦૮૨ |

-----------

## ઉના શહેરમાં પાસ થયેલ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ

અતારાંક્તિ : ૭૩૬૦ (૧૯-૮-૨૦૦૬) **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જૂનાગઢ જિલ્લાના ઉના શહેરમાંથી માર્ચ-૨૦૦૬માં લેવાયેલ ધોરણ-૧૦ની પરીક્ષામાં કેટલા વિદ્યાર્થીઓ અને કેટલી વિદ્યાર્થીનીઓ પાસ થઈ,

(૨) આ માટે ધોરણ-૧૧માં ત્રણેય પ્રવાહમાં થઈ શહેરમાં શાળામાં પ્રવેશ માટે કેટલી જ્ગ્યાઓ છે,

(૩) ધોરણ-૧૧માં પ્રવાહ દીઠ કેટલી અને કઈ કઈ શાળામાં કેટલા વર્ગો છે, અને

(૪) પ્રવેશથી વંચિત વિદ્યાર્થીઓ માટે ક્યા પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૨-૧૨-૦૬) :

(૧) વિદ્યાર્થીઓ-૧૦૨૬

વિદ્યાર્થીનીઓ-૭૦૫

(૨)

| ક્રમાંક | પ્રવાહ | પ્રવેશ માટે જ્ગ્યાઓ |
|---|---|---|
| ૦૧ | સામાન્ય | ૯૦૦ |
| ૦૨ | વિજ્ઞાન | ૧૩૨ |
| ૦૩ | વ્યવસાયલક્ષી | ૦૦૦ |
| | કુલ :- | ૧૦૩૨ |

(૩)

| ક્રમાંક | શાળાનું નામ | સામાન્ય પ્રવાહના વર્ગ | વિજ્ઞાન પ્રવાહના વર્ગ |
|---|---|---|---|
| ૧ | ગાંધી ક્ન્યા વિનય મંદિર, ઉના | ૦૪ | ૦૦ |
| ૨ | શાહ એચ. ડી. હાઈસ્કૂલ, ઉના | ૦૬ | ૦૧ |
| ૩ | સ્વામીનારાયણ વિદ્યાલય, ઉના | ૦૧ | ૦૦ |
| ૪ | શિશુ ભારતી માધ્યમિક શાળા, ઉના | ૦૦ | ૦૧ |
| ૫ | ગાયત્રી માધ્યમિક શાળા, ઉના | ૦૧ | ૦૦ |

(૪) કોઈ વિદ્યાર્થી પ્રવેશથી વંચિત રહેલ હોય તેવી રજૂઆત મળેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------------

## ઉના શહેરમાં પાસ થયેલ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ

અતારાંક્તિ : ૭૩૬૦ (૧૯-૮- ૨૦૦૬) **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જૂનાગઢ જિલ્લાના ઉના શહેરમાંથી માર્ચ-૨૦૦૬માં લેવાયેલ ધોરણ-૧૦ની પરીક્ષામાં કેટલા વિદ્યાર્થીઓ અને કેટલી વિદ્યાર્થીનીઓ પાસ થઈ,

(૨) આ માટે ધોરણ-૧૧માં ત્રણેય પ્રવાહમાં થઈ શહેરમાં શાળામાં પ્રવેશ માટે કેટલી જ્ગ્યાઓ છે,

(૩) ધોરણ-૧૧માં પ્રવાહ દીઠ કેટલી અને કઈ કઈ શાળામાં કેટલા વર્ગો છે, અને

(૪) પ્રવેશથી વંચિત વિદ્યાર્થીઓ માટે ક્યા પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૨-૧૨-૦૬) :

(૧) વિદ્યાર્થીઓ-૧૦૨૬

વિદ્યાર્થીનીઓ-૭૦૫

(૨)

| ક્રમાંક | પ્રવાહ | પ્રવેશ માટે જ્ગ્યાઓ |
|---|---|---|
| ૦૧ | સામાન્ય | ૯૦૦ |
| ૦૨ | વિજ્ઞાન | ૧૩૨ |
| ૦૩ | વ્યવસાયલક્ષી | ૦૦૦ |
| | કુલ :- | ૧૦૩૨ |

(૩)

| ક્રમાંક | શાળાનું નામ | સામાન્ય પ્રવાહના વર્ગ | વિજ્ઞાન પ્રવાહના વર્ગ |
|---|---|---|---|
| ૧ | ગાંધી કન્યા વિનય મંદિર, ઉના | ૦૪ | ૦૦ |
| ૨ | શાહ એચ. ડી. હાઈસ્કૂલ, ઉના | ૦૬ | ૦૧ |
| ૩ | સ્વામીનારાયણ વિદ્યાલય, ઉના | ૦૧ | ૦૦ |
| ૪ | શિશુ ભારતી માધ્યમિક શાળા, ઉના | ૦૦ | ૦૧ |
| ૫ | ગાયત્રી માધ્યમિક શાળા, ઉના | ૦૧ | ૦૦ |

(૪) કોઈ વિદ્યાર્થી પ્રવેશથી વંચિત રહેલ હોય તેવી રજૂઆત મળેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------------

**પાટણ જિલ્લામાં સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

અતારાંક્તિ : ૭૬૧૮ (૧૩-૧૧- ૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૮-૦૬ની સ્થિતિએ પાટણ જિલ્લામાં સરકારી માધ્યમિક શાળાઓવાર શિક્ષકોની કેટલી ઘટ છે.

(૨) આ ખાલી જ્ગ્યાઓ ક્યારથી છે, અને

(૩) કેટલા સમયમાં જ્ગ્યાઓ ભરવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૨-૧૨-૦૬) :

(૧) એક પણ ઘટ નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લામાં ગ્રાન્ટ**

અતારાંક્તિ : ૭૬૨૭ (૮-૧૧-૦૬) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લામાં સને ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૮-૨૦૦૬ સુધીમાં વર્ષવાર ક્યા ક્યા હેતુઓ માટે કુલ કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ફાળવેલ ગ્રાન્ટ પૈકી તાલુકાવાર વર્ષવાર ક્યા હેતુઓ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) કેટલી ગ્રાન્ટ પૂરી વાપરવામાં આવી નથી?

**શિક્ષણ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૬) :

(૧)

| નાણાંકીય વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|
| ૨૦૦૪-૦૫ | રૂા. ૫૨૮૬૦૯૯૯.૦૦ |
| ૨૦૦૫-૦૬ | રૂા. ૭૧૮૦૯૦૦૭.૦૦ |
| ૨૦૦૬-૦૭ | રૂા. ૫૭૧૭૯૦૨૩.૦૦ |

(૨) ( તા. ૩૧-૮-૦૬ સુધી )

| નાણાંકીય વર્ષ | કરેલ ખર્ચ |
|---|---|
| ૨૦૦૪-૦૫ | રૂા. ૫૨૦૫૧૯૯૨.૦૦ |
| ૨૦૦૫-૦૬ | રૂા. ૭૩૩૫૪૬૭૬.૦૦ |
| ૨૦૦૬-૦૭ | રૂા. ૪૨૦૮૭૧૦૦.૦૦ |

(તા. ૩૧-૮-૦૬ સુધી)

વર્ષવાર, તાલુકાવાર અને હેતુવાર અલગ અલગ પત્રકો સામેલ છે

(૩) વર્ષવાર ફાળવેલ ગ્રાન્ટ અને થયેલ ખર્ચ કરતાં બચત રહેલ રકમ તે પછીના વર્ષમાં ગણતરીમાં લેવામાં આવે છે. અને તેમાંથી પછીના વર્ષના ખર્ચમાં તેનો સમાવેશ થઈ જાય છે.

**પત્રક**

**તાલુકાવાર અને એકટીવીટી વાઈઝ થયેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક**

**(સને ૨૦૦૪-૦૫)**

| એકટીવીટીનું નામ | તાલુકાનું નામ | | | | | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|
| | વલસાડ | પારડી | ઉમરગામ | ધરમપુર | કપરાડા | જિલ્લા કચેરી | |
| બીઆરસી | ૭૩૫૦૦ | ૭૩૫૦૦ | ૭૩૫૦૦ | ૭૩૫૦૦ | ૭૩૫૦૦ | ૦ | ૩૬૭૫૦૦ |
| સીઆરસી | ૬૪૭૪૦૦ | ૬૭૮૩૦૦ | ૪૬૯૭૦૦ | ૫૨૫૬૦૦ | ૪૬૧૩૪૦ | ૦ | ૨૭૮૨૩૪૦ |
| સીવીલ વર્ક | ૪૨૯૯૨૮૭ | ૫૧૬૪૧૦૪ | ૪૧૭૪૩૩૧ | ૫૩૯૩૩૬૯ | ૫૧૮૧૪૮૯ | ૧૧૬૪૭૩૨ | ૨૫૩૭૭૩૧૨ |
| ઈજીએસ/એઆઈઈ | ૩૬૯૦૯૧ | ૩૨૭૯૫૨ | ૯૧૪૦૦ | ૧૬૮૭૭૧૨ | ૧૭૯૩૦૨૩ | ૧૦૮૩૭૯ | ૪૩૭૭૫૫૭ |
| ફ્રી ટેક્ષબુક | ૩૦૬૬૮૦ | ૨૨૧૩૨૦ | ૧૭૩૫૩૬ | ૯૫૫૬૮ | ૫૯૪૦૦ | ૦ | ૮૫૬૫૦૪ |
| ઈનોવેટીવ એકટીવીટી | ૮૯૬૦૪ | ૮૯૦૦૦ | ૯૩૦૦૦ | ૪૦૦૫૭૦ | ૪૮૫૬૦૫ | ૯૧૨૦૨૩ | ૨૦૬૯૮૦૨ |
| આઈઈડી | ૫૧૯૫૮ | ૪૫૫૫૧ | ૪૧૦૦૦ | ૪૪૪૧૯ | ૫૬૧૩૮ | ૨૨૨૬૬૭ | ૪૬૧૭૩૩ |
| મેન્ટેનન્સ ગ્રાન્ટ | ૧૧૧૮૮૦૦ | ૯૮૦૦૦૦ | ૮૫૪૭૪૫ | ૬૦૦૦૦૦ | ૧૧૮૦૫૦૦ | ૦ | ૪૭૩૪૦૪૫ |
| મેનેજમેન્ટ કોસ્ટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૨૦૫૪૫૪ | ૨૨૬૪૧૯૯ |
| રીચર્સ એન્ડ ઈવેલ્યુએશન | ૫૮૫૬૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૧૩૩૩૯ | ૪૧૩૧૫૯ |
| સ્કુલ ગ્રાન્ટ | ૬૭૬૦૦૦ | ૫૫૮૦૦૦ | ૪૪૦૦૦૦ | ૪૯૮૦૦૦ | ૫૫૨૦૦૦ | ૦ | ૨૭૨૪૦૦૦ |
| ટીચર્સ ગ્રાન્ટ | ૫૮૨૫૦૦ | ૫૦૧૫૦૦ | ૪૨૫૫૦૦ | ૩૭૧૫૦૦ | ૩૬૧૦૦૦ | ૦ | ૨૨૪૨૦૦૦ |
| ટીચર્સ ટ્રેનીંગ | ૪૨૩૦૬૬ | ૩૫૫૩૨૩ | ૩૧૬૯૪૮ | ૨૭૫૬૦૨ | ૨૭૯૭૧૯ | ૧૪૯૪૧૫૫ | ૩૧૪૪૮૧૩ |
| કોમ્યુનીટી | ૪૧૪૨ | ૩૬૫૮ | ૩૪૯૭ | ૦ | ૦ | ૨૨૫૭૩૧ | ૨૩૭૦૨૮ |
| કુલ :- | ૮૭૦૦૫૯૩ | ૮૯૯૮૨૦૮ | ૭૧૫૭૧૫૭ | ૯૯૬૫૮૪૦ | ૧૦૪૮૩૭૧૪ | ૬૭૪૬૪૮૦ | ૫૨૦૫૧૯૯૨ |

**પત્રક**

**તાલુકાવાર અને એકટીવીટી વાઈઝ થયેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક**

**(સને ૨૦૦૫-૦૬)**

| એકટીવીટીનું નામ | તાલુકાનું નામ | | | | | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|
| | વલસાડ | પારડી | ઉમરગામ | ધરમપુર | કપરાડા | જિલ્લા કચેરી | |
| બીઆરસી | ૨૩૫૦૦ | ૨૩૫૦૦ | ૨૩૫૦૦ | ૨૩૫૦૦ | ૨૩૫૦૦ | ૭૪૭૫૨૧ | ૮૬૫૦૨૧ |
| સીઆરસી | ૩૦૨૧૦૦ | ૨૭૦૩૦૦ | ૨૨૨૬૦૦ | ૩૧૮૦૦૦ | ૩૨૮૯૦૦ | ૧૬૫૭૨૮૨ | ૩૦૯૯૧૮૨ |
| સીવીલ વર્ક | ૫૬૧૨૭૭૩ | ૪૯૮૦૮૨૬ | ૭૫૯૧૬૧૪ | ૫૪૦૩૩૮૮ | ૯૧૮૫૫૪૦ | ૦ | ૩૨૭૭૪૧૪૧ |
| ઈજીએસ/એઆઈઈ | ૨૪૮૩૦૭ | ૧૮૫૯૮૦ | ૩૬૨૩૩૩ | ૨૦૭૪૨૦૪ | ૨૬૩૦૦૦૦ | ૮૭૬૯૬૩ | ૬૩૭૭૭૮૭ |
| ફ્રી ટેક્ષબુક | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૨૬૩૦૦૦ | ૨૨૬૩૦૦૦ |
| ઈનોવેટીવ એકટીવીટી | ૧૮૪૭૧૦ | ૧૫૦૫૩૦ | ૧૯૪૭૩૦ | ૬૨૨૫૮૫ | ૯૦૧૫૨૫ | ૨૯૧૩૧૯૯ | ૪૯૬૭૨૭૯ |
| આઈઈડી | ૯૩૦૭૭ | ૫૯૭૯૨ | ૬૧૭૩૮ | ૫૯૩૮૬ | ૭૦૩૪૬ | ૧૦૩૦૨૫૯ | ૧૩૭૪૫૯૮ |
| મેન્ટેનન્સ ગ્રાન્ટ | ૧૩૨૦૦૦૦ | ૧૧૧૫૦૦૦ | ૯૧૧૫૫૦૦ | ૧૨૨૮૫૦૦ | ૧૨૨૮૫૦૦ | ૦ | ૫૭૨૫૫૦૦ |
| મેનેજમેન્ટ કોસ્ટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૯૫૫૧૮૬ | ૧૯૫૫૧૮૬ |

| એકટીવીટીનું નામ | તાલુકાનું નામ | | | | | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|
| | વલસાડ | પારડી | ઉમરગામ | ધરમપુર | કપરાડા | જિલ્લા કચેરી | |
| રીચર્સ એન્ડ ઈવેલ્યુએશન | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૮૬૫૧૮૨ | ૧૮૬૫૧૮૬ |
| સ્કુલ ગ્રાન્ટ | ૬૮૪૦૦૦ | ૫૫૮૦૦૦ | ૪૫૨૦૦૦ | ૫૯૮૦૦૦ | ૭૧૮૦૦૦ | ૦ | ૩૦૧૦૦૦૦ |
| ટીચર્સ ગ્રાન્ટ | ૬૦૩૫૦૦ | ૫૦૯૦૦૦ | ૪૫૦૫૦૦ | ૪૩૧૫૦૦ | ૪૭૦૦૦૦ | ૦ | ૨૪૬૪૫૦૦ |
| ટીચર્સ ટ્રેનીંગ | ૧૫૪૪૪૭૭ | ૧૨૬૦૩૩૦ | ૧૦૮૯૪૪૮ | ૧૦૪૮૩૮૯ | ૧૦૪૯૩૮૭ | ૬૨૧૨૬૯ | ૬૬૧૩૩૦૦ |
| કોમ્યુનીટી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ :- | ૧૦૬૧૬૪૪૪ | ૯૧૧૩૨૫૮ | ૧૧૩૫૯૯૬૩ | ૧૧૭૨૯૪૫૨ | ૧૬૬૦૫૬૯૮ | ૧૩૯૨૯૮૬૧ | ૭૩૩૫૪૬૭૬ |

**પત્રક**

## તાલુકાવાર અને એકટીવીટી વાઈઝ થયેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક

## સને ૨૦૦૬-૦૭ (તા.૩૧-૦૮-૦૬ સુધી)

| એકટીવીટીનું નામ | તાલુકાનું નામ | | | | | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|
| | વલસાડ | પારડી | ઉમરગામ | ધરમપુર | કપરાડા | જિલ્લા કચેરી | |
| બીઆરસી | ૨૩૫૦૦ | ૨૩૫૦૦ | ૨૩૫૦૦ | ૨૩૫૦૦ | ૨૩૫૦૦ | ૨૫૧૯૦૦ | ૩૬૯૪૦૦ |
| સીઆરસી | ૩૦૨૧૦૦ | ૨૭૦૩૦૦ | ૨૨૨૬૦૦ | ૩૧૮૦૦૦ | ૩૨૮૯૦૦ | ૦ | ૧૪૪૧૯૦૦ |
| સીવીલ વર્ક | ૧૩૫૧૦૯૦ | ૧૩૨૭૬૭૭ | ૧૯૭૫૭૪૦ | ૫૭૦૯૪૧૯ | ૧૩૪૬૮૧૭૪ | ૦ | ૨૩૮૩૨૧૦૦ |
| ઈજીએસ/એઆઈઈ | ૦ | ૦ | ૧૧૧૭૦ | ૨૦૨૨૦ | ૦ | ૩૦૨૧૦ | ૬૧૬૦૦ |
| ફ્રી ટેક્ષબુક | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ઈનોવેટીવ એકટીવીટી | ૫૭૨૦ | ૫૭૨૦ | ૮૧૪૮૦ | ૨૩૮૭૮૦ | ૩૪૮૯૨૦ | ૧૮૪૪૮૦ | ૮૬૫૧૦૦ |
| આઈઈડી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૦૮૦૦ | ૨૦૮૦૦ |
| મેન્ટેનન્સ ગ્રાન્ટ | ૧૫૦૩૫૦૦ | ૧૪૨૭૦૦૦ | ૧૨૦૬૫૦૦ | ૧૩૭૬૫૦૦ | ૧૪૯૨૦૦૦ | ૦ | ૭૦૦૫૫૦૦ |
| મેનેજમેન્ટ કોસ્ટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬૦૩૨૦૦ | ૬૦૩૨૦૦ |
| રીચર્સ એન્ડ ઈવેલ્યુએશન | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૮૮૪૦૦ | ૮૮૪૦૦ |
| સ્કુલ ગ્રાન્ટ | ૬૮૪૦૦૦ | ૫૭૨૦૦૦ | ૪૭૨૦૦૦ | ૬૧૦૦૦૦ | ૭૩૨૦૦૦ | ૦ | ૩૦૭૦૦૦૦ |
| ટીચર્સ ગ્રાન્ટ | ૫૬૩૦૦૦ | ૪૯૨૦૦૦ | ૪૫૬૫૦૦ | ૪૩૨૦૦૦ | ૪૫૮૫૦૦ | ૦ | ૨૪૦૨૦૦૦ |
| ટીચર્સ ટ્રેનીંગ | ૩૬૮૫૭૮ | ૩૬૦૩૯૫ | ૫૦૦૧૮૨ | ૩૯૯૧૦૦ | ૫૩૮૦૦૫ | ૧૬૦૮૪૦ | ૨૩૨૭૧૦૦ |
| કોમ્યુનીટી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ :- | ૪૮૦૧૪૮૮ | ૪૪૭૮૫૯૨ | ૪૯૪૯૬૭૨ | ૯૧૨૭૫૧૯ | ૧૭૩૮૯૯૯૯ | ૧૩૩૯૮૩૦ | ૪૨૦૮૭૭૧૦૦ |

અચબી-૮૦૬-૪

----------

### સુરત જિલ્લામાં સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ

અતારાંક્તિ : ૭૭૭૮ (૧૪-૧૧- ૦૬) **શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૦-૬-૦૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની કેટલી ઘટ છે, અને

(૨) આ ખાલી જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૧-૧૨-૦૬) :

(૧) એક પણ ઘટ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

### વલસાડ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમની સંખ્યા

અતારાંક્તિ : ૭૬૨૬ (૧૩-૧૧- ૦૬) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૮-૦૬ની સ્થિતિએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમની કુલ કેટલી સંખ્યાઓ છે,

(૨) તે અન્વયે છેલ્લા ચાર વર્ષમાં કુલ કેટલા કેસો નોંધાયા, અને તા. તા.૩૧-૮-૦૬ની સ્થિતિએ કેટલા ચુકાદાઓ આપવાના બાકી છે, અને

(૩) તે અન્વયે કેટલા કિસ્સાઓમાં ગ્રાહકોએ ગ્રાહક હિત વિરુધ્ધના ચુકાદાઓમાં રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં અપીલ કરી ?

**ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** (૩-૧-૦૭) :

(૧) ૧ (એક)

(૨)

| વર્ષ | | ફરીયાદ દાખલ |
|---|---|---|
| ૨૦૦૩ | - | ૧૫૨ |
| ૨૦૦૪ | - | ૧૦૯ |
| ૨૦૦૫ | - | ૧૫૭ |
| ઓગષ્ટ-૨૦૦૬ | | ૨૨૧ |
| કુલ : | | ૬૩૯ કેસો નોંધાયા |

૩૧-૮-૦૬ની સ્થિતિએ - ૨૧૯ ચુકાદા આપવાના બાકી

(૩) ૬ (છ)

-----------

## રાજ્યમાં રક્તદાન તેમજ ચક્ષુદાનને પ્રોત્સાહન આપવા અંગે

અતારાંક્તિ : ૭૦૪૪ (૧૪-૮- ૦૬) **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૦-૬-૦૬ની સ્થિતિએ રાજ્યમાં રક્તદાન તથા ચક્ષુદાનને પ્રોત્સાહન મળેલ તે માટે પ્રોત્સાહક યોજના રાજ્ય સરકારે શરુ કરી છે કે કેમ,

(૨) જો હા તો રક્તદાન તથા ચક્ષુદાનની પ્રવૃત્તિઓ માટે સ્વેચ્છિક સંસ્થાઓને શી પ્રોત્સાહન ગ્રાન્ટ વગેરે આપવામાં આવે છે, અને

(૩) છેલ્લા બે વર્ષમાં કઇ કઇ સંસ્થાને શા શા પ્રોત્સાહનો અને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી છે ?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૬) :

(૧) હા, જી,

(૨) રક્તદાન માટે લોકોને સુરક્ષીત લોહી મળી રહે તે માટે બ્લડકોમ્પોનન્ટ સેપરેશન યુનિટ યોજના દ્વારા ચાર બ્લડ બેંકોને રૂા. ૧૪ લાખ ગ્રાન્ટ આપવામાં આવેલી છે. જે પેકી રૂા. ૧૨ લાખ કન્ઝયુમેબલ ખરીદી અર્થે અને રૂા. ૨ લાખ કન્ટીજન્સી ખર્ચ માટે આપવામાં આવે છે. મોર્ડનાઇઝશેન ઓફ બ્લડ બેંક અર્થે ૮ બ્લડ બેંકોને રૂા. ૩.૭૫ લાખ જે પેકી રૂા. ૩ લાખ કન્ઝયુમેબલ અને રૂા. ૭૫૦૦૦/- ટેક્નીશીયનના પગાર અર્થે આપવામાં આવે છે. જિલ્લા લેવલે ૨૯ બ્લડ બેંકોને રૂા. બે લાખ આપવામાં આવે છે. તે પેકી ૧.૨૫ લાખ કન્ઝયુમેબલ અર્થે અને ૭૫૦૦૦/- ટેક્નીશીયનના પગાર માટે આપવામાં આવે છે. ૭૦ બ્લડ બેંકોને એલાઇઝા/રેપીડ/એચઆઇવી/એચસીવી ટેસ્ટ અર્થે મફત કીટ આપવામાં આવે છે. રાજ્યના રીજીયોનલ બ્લડ સ્ટોરેજના માળખા સાથે રીજીઓનલ બ્લડ સેન્ટરો વિકસાવવાની કામગીરી ચાલે છે. જે સંદર્ભે પ્રથમ તબક્કે ૧૯ બ્લડ બેંકોને આર.બી.ટી.સી. તરીકે નક્કી કરી બ્લડ બેંક દીઠ રૂા. બે લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. ૧લી ઓકટોબરને સ્વેચ્છિક રક્તદાન દિન તરીકે ઉજવવામાં આવે છે. જેમાં રક્તદાન ક્ષેત્રે સારી કામગીરી કરનારાઓને સન્માનવામાં આવે છે. જે અર્થે રક્ત દાન જાગૃત્તિ અર્થે વિવિધ કાર્યક્રમ યોજવામાં આવે છે. રાજ્યના તમામ જિલ્લાના મુખ્ય મથકે પણ આ પ્રકારની કામગીરી હાથ ધરાય તે માટે તમામ જિલ્લા સરકારી હોસ્પિટલોના વડાઓને નાણાંકીય સહાય પુરી પાડવામાં આવે છે. રાજ્યભરમાંથી પ્રસિધ્ધ થતાં પ્રતિષ્ઠિત દૈનિક સમાચાર પત્રોમાં રક્તદાન કાર્યક્રમને સંલગ સૂત્રો સહિતની જાહેરાત આપવામાં આવે છે.

આઇ બેંક્ને એક પેર દીઠ રૂા. ૧૦૦૦/- અને આઇ ડોનેશન સેન્ટરને એક પેર દીઠ રૂા. ૫૦૦ આપી તેમને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

(૩) રક્તદાન માટે સામેલ પત્રક-ક અને પત્રક-ખ મુજબ, ચક્ષુદાન માટે એમ. એન્ડ જે ઇન્સ્ટીટયુટ, અમદાવાદને સને ૨૦૦૫-૦૬ ના વર્ષમાં ૧.૩૫ લાખ અને ઇન્ડીયન રેડ ક્રોસ સોસાયટીને રૂા. ૧,૫૪,૫૦૦/- ની ગ્રાન્ટ આપેલ છે. સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં ઇન્ડીયન રેડક્રોસ સોસાયટીને રૂા. ૧,૮૩,૦૦૦/- અનુદાન આપેલ છે. આમ છેલ્લા બે વર્ષમાં ચક્ષુદાન ક્ષેત્રે રૂા. ૪,૭૨,૫૦૦/- નું અનુદાન આપવામાં આવેલ છે.

તા.૮મી માર્ચ, ૨૦૦૭
અતારાંકિત પ્રશ્નો

**પત્રક - ક**

**છેલ્લા બે વર્ષમાં રક્તદાન ક્ષેત્રે ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટી દ્વારા વિવિધ સંસ્થાઓને ફાળવેલ ગ્રાન્ટની વિગતો દર્શાવતું પત્રક**

| ક્રમ | બ્લડ બેંક્નું નામ/સંસ્થાનું નામ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ |
|---|---|---|---|
| ૧ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, અમરેલી | ૩૮૫૯૧૧ | ૩૫૭૩૫૨ |
| ૨ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, ભુજ | ૨૭૧૩૬૩ | ૩૮૦૩૬૦ |
| ૩ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, આહવા-ડાંગ | ૧૨૪૫૮૪ | ૧૨૫૦૦૦ |
| ૪ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, ગાંધીનગર | ૨૧૯૧૩૫ | ૧૭૫૪૦૦ |
| ૫ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, ગોધરા | ૨૪૦૭૭૬ | ૧૭૫૪૦૦ |
| ૬ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, હિંમતનગર | ૧૮૫૫૦૭ | ૧૪૫૦૦૦ |
| ૭ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, જુનાગઢ | ૩૦૩૦૧૧ | ૩૫૨૩૪૨ |
| ૮ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, મહેસાણા | ૧૩૭૦૪૩ | ૧૭૪૬૫૩ |
| ૯ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, નવસારી | ૧૨૧૩૬૬ | ૧૩૧૮૮૭ |
| ૧૦ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, નડીયાદ | ૧૨૫૦૦૦ | ૧૭૪૨૦૦ |
| ૧૧ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, પાલનપુર | ૧૪૮૬૧૪ | ૨૩૯૨૭૧ |
| ૧૨ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, પાટણ | ૧૫૬૦૦૦ | ૧૮૭૨૫૨ |
| ૧૩ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, પોરબંદર | ૧૨૦૫૯૦ | ૧૨૫૦૦૦ |
| ૧૪ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, સોલા-અમદાવાદ | ૧૫૯૭૦૦ | ૧૭૫૪૦૦ |
| ૧૫ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, સુરેન્દ્રનગર | ૧૫૯૧૪૮ | ૧૭૫૫૫૩ |
| ૧૬ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, વલસાડ | ૧૪૪૪૩૮ | ૧૨૫૦૦૦ |
| ૧૭ | મેડીક્લ સુપ્રિન્ટેન્ડેન્ટ, જી. જી. હોસ્પિટલ, જામનગર | ૨૮૭૯૦૮ | ૩૦૦૦૦૦ |
| ૧૮ | મેડીક્લ સુપ્રિન્ટેન્ડેન્ટ, ગવર્નમેન્ટ હોસ્પિટલ, રાજકોટ | ૧૬૫૧૫૧ | ૨૩૬૦૪૬ |
| ૧૯ | મેડીક્લ સુપ્રિન્ટેન્ડેન્ટ, ન્યુ સીવીલ હોસ્પિટલ, સુરત | ૧૦૯૯૧૭૦ | ૨૩૩૩૬૪૩ |
| ૨૦ | મેડીક્લ સુપ્રિન્ટેન્ડેન્ટ, કરમસદ મેડીક્લ કોલેજ, કરમસદ | ૨૪૭૦૮૦ | ૩૦૦૦૦૦ |
| ૨૧ | મેડીક્લ સુપ્રિન્ટેન્ડેન્ટ, સર ટી. જનરલ હોસ્પિટલ, ભાવનગર | ૧૯૦૧૮૨ | ૨૩૬૦૩૪ |
| ૨૨ | મેડીક્લ સુપ્રિન્ટેન્ડેન્ટ, સ્મીમેર હોસ્પિટલ, સુરત | ૨૫૨૦૧૭ | ૩૦૦૦૦૦ |
| ૨૩ | પ્રોફેસર અને હેડ માઇક્રોબાયોલોજી, વડોદરા | ૨૫૦૦૦ | |
| ૨૪ | પ્રોફેસર અને હેડ માઇક્રોબાયોલોજી, સુરત | ૨૫૦૦૦ | |
| ૨૫ | પ્રોફેસર અને હેડ માઇક્રોબાયોલોજી, રાજકોટ | ૨૫૦૦૦ | |
| ૨૬ | પ્રોફેસર અને હેડ માઇક્રોબાયોલોજી, જામનગર | ૭૧૯૧૪ | |
| ૨૭ | રાજકોટ વોલંટરી બ્લડબેંક, રાજકોટ | ૬૨૯૦૦૮ | ૧૨૦૦૦૦૦ |
| ૨૮ | સુરત રક્તદાન કેન્દ્ર, સુરત | ૬૦૫૯૬૫ | ૧૨૦૦૦૦૦ |
| ૨૯ | ભાવનગર વોલંટરી બ્લડબેંક, ભાવનગર | ૨૩૪૪૬૧ | ૩૦૦૦૦૦ |
| ૩૦ | ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી, આણંદ | ૯૮૬૯૩ | ૧૨૫૦૦૦ |
| ૩૧ | ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી, ભરૂચ | ૨૪૮૯૩૭ | ૩૦૦૦૦૦ |
| ૩૨ | ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી, હિંમતનગર | ૯૮૬૯૩ | ૧૨૫૦૦૦ |
| ૩૩ | ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી, નવસારી | ૯૮૬૯૩ | ૧૨૫૦૦૦ |
| ૩૪ | સુરત હેલ્થકેર ફાઉન્ડેશન, સુરત | ૯૮૬૯૩ | ૧૨૫૦૦૦ |
| ૩૫ | વલસાડ રક્તદાન કેન્દ્ર, વલસાડ | ૯૮૬૯૩ | ૧૨૫૦૦૦ |
| ૩૬ | સીડીએમઓ, ભરૂચ | ૯૧૦૦૦ | |
| ૩૭ | સીડીએમઓ, ગાંધીનગર | ૨૧૯૦૫૪ | |

| ક્રમ | બ્લડ બેંક્નું નામ/સંસ્થાનું નામ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ |
|---|---|---|---|
| ૩૮ | સીડીએમઓ, સુરત | | ૧૧૨૦૦ |

**પત્રક - ખ**

**છેલ્લા બે વર્ષમાં રક્તદાન ક્ષેત્રે ગુજરાત સ્ટેટ કાઉન્સીલ ફોર બ્લડ ટ્રાન્સફ્યુઝન દ્વારા વિવિધ સંસ્થાઓને ફાળવેલ ગ્રાન્ટની વિગતો દર્શાવતું પત્રક**

| ક્રમ | બ્લડ બેંક્નું નામ/સંસ્થાનું નામ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ |
|---|---|---|---|
| ૧ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, અમરેલી | ૨૦૦૦ | ૫૦૦૦ |
| ૨ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, ભુજ | ૨૦૦૦ | ૫૦૦૦ |
| ૩ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, આહવા-ડાંગ | ૨૦૦૦ | ૫૦૦૦ |
| ૪ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, ગાંધીનગર | ૨૦૦૦ | ૫૦૦૦ |
| ૫ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, ગોધરા | ૨૦૦૦ | ૫૦૦૦ |
| ૬ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, હિંમતનગર | ૨૦૦૦ | ૫૦૦૦ |
| ૭ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, જુનાગઢ | ૨૦૦૦ | ૫૦૦૦ |
| ૮ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, મહેસાણા | ૨૦૦૦ | ૫૦૦૦ |
| ૯ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, નવસારી | ૨૦૦૦ | ૫૦૦૦ |
| ૧૦ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, નડીયાદ | ૨૦૦૦ | ૫૦૦૦ |
| ૧૧ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, પાલનપુર | ૨૦૦૦ | ૫૦૦૦ |
| ૧૨ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, પાટણ | ૨૦૦૦ | ૫૦૦૦ |
| ૧૩ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, પોરબંદર | ૨૦૦૦ | ૫૦૦૦ |
| ૧૪ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, સોલા-અમદાવાદ | ૨૦૦૦ | ૫૦૦૦ |
| ૧૫ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, સુરેન્દ્રનગર | ૨૦૦૦ | ૫૦૦૦ |
| ૧૬ | સીડીએમઓ ક્મ સીવીલ સર્જન, વલસાડ | ૨૦૦૦ | ૫૦૦૦ |
| ૧૭ | મેડીક્લ સુપ્રિન્ટેન્ડેન્ટ, સર ટી.જનરલ હોસ્પિટલ, ભાવનગર | ૨૦૦૦ | ૫૦૦૦ |
| ૧૮ | રાજકોટ વોલંટરી બ્લડબેંક, રાજકોટ | ૨૭૦૦૦ | ૨૧૦૦૦૦ |
| ૧૯ | સુરત રક્તદાન કેન્દ્ર, સુરત | ૨૭૦૦૦ | ૨૧૦૦૦૦ |
| ૨૦ | ભાવનગર વોલંટરી બ્લડબેંક, ભાવનગર | ૨૭૦૦૦ | ૨૧૦૦૦૦ |
| ૨૧ | ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી, આણંદ | ૨૭૦૦૦ | ૨૧૦૦૦૦ |
| ૨૨ | ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી, ભરૂચ | ૨૭૦૦૦ | ૨૧૦૦૦૦ |
| ૨૩ | ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી, હિંમતનગર | ૨૭૦૦૦ | ૨૧૦૦૦૦ |
| ૨૪ | ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી, નવસારી | ૨૭૦૦૦ | ૨૧૦૦૦૦ |
| ૨૫ | વલસાડ રક્તદાન કેન્દ્ર, વલસાડ | ૨૭૦૦૦ | ૨૧૦૦૦૦ |

-------------

**રાજ્યમાં જિલ્લાવાર સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં એક્ષરે-મશીન રેફ્રીજરેટર એમ્બ્યુલન્સની સુવિધા અંગે**

અતારાંક્તિઃ ૭૨૬૭ (૨૩-૮-૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૩-૨૦૦૬ની સ્થિતિએ રાજ્યમાં ચાલુ હોય એવાં કેટલાં સામુહિક આરોગ્ય કેન્દ્રમાં એક્ષરે-મશીન, રેફ્રીજરેટર, એમ્બ્યુલન્સ અને ઓટોક્લેવની સુવિધાઓ નથી,

(૨) ક્યા ક્યા જિલ્લામાં કેટલા સમયથી નથી, અને,

(૩) આ અંગે રાજ્ય સરકારનું શું આયોજન છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૧-૧૨-૦૬) :

(૧) અને (૨) આ સાથે સામેલ પત્રક મુજબ.

(૩) ભાવી આયોજન વખતે વિચારણા કરવામાં આવશે.

**પત્રક**

| | **જિલ્લાનું નામ** | **અ.નં.** | **સા.આ.કેન્દ્રનું નામ** | **એક્ષરે-મશીન** | **કઈ તારીખથી સુવિધા નથી.** | **એમ્બ્યુલન્સ** | **કઈ તારીખથી સુવિધા નથી** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરત | ૧ | કામરેજ | નથી | ૧૨/૯/૧૯૯૬ | -- | |
| | | ૨ | અનાવલ | નથી | ૪/૪/૨૦૦૦ | -- | |
| | | ૩ | સાયણ | નથી | ૧૬/૪/૦૧ | -- | |
| | | ૪ | ગડત | નથી | ૧૬/૪/૦૧ | -- | |
| ૨ | નવસારી | ૫ | ખેરગામ | નથી | ૭/૨/૨૦૦૦ | -- | |
| | | ૬ | રૂમલા | નથી | ૪/૪/૨૦૦૦ | -- | |
| | | ૭ | અંબાડા | નથી | ૨૨/૧૦/૯૭ | -- | |
| | | ૮ | ખડસુપા | નથી | ૧૦/૧/૨૦૦૦ | -- | |
| ૩ | વલસાડ | ૯ | પીંડવલ | નથી | ૮/૨/૧૯૯૪ | -- | |
| | | ૧૦ | નાનાપોઢા | નથી | ૧/૪/૨૦૦૦ | -- | |
| | | ૧૧ | રોહીણા | નથી | ૪/૨/૧૯૮૩ | -- | |
| | | ૧૨ | પારડી | નથી | ૧૦/૧/૨૦૦૦ | -- | |
| | | ૧૩ | ઉમરગામ | નથી | ૧૦/૧/૨૦૦૦ | -- | |
| | | ૧૪ | વાપી | નથી | ૨૩/૫/૦૨ | -- | |
| | | ૧૫ | ડુંગરી | નથી | ૧૨/૧/૨૦૦૪ | -- | |
| ૪ | આહવા | ૧૬ | વઘઈ | નથી | ૧૬/૪/૦૧ | -- | |
| ૫ | વડોદરા | ૧૭ | જાબુગામ | નથી | ૧૬/૪/૦૧ | -- | |
| | | ૧૮ | પોર | નથી | ૧૫/૧/૦૧ | -- | |
| | | ૧૯ | ઝોજ | નથી | ૧૨/૧/૨૦૦૪ | -- | |
| | | ૨૦ | છાણી | -- | | નથી | ૨૬/૫/૦૫ |
| ૬ | ભરૂચ | ૨૧ | ઉમલ્લા | નથી | ૧/૧/૧૯૯૯ | -- | |
| | | ૨૨ | પાલેજ | નથી | ૮/૨/૨૦૦૪ | -- | |
| ૭ | નર્મદા | ૨૩ | ગરૂડેશ્વર | નથી | ૧૨/૧/૨૦૦૪ | -- | |
| ૮ | પંચમહાલ | ૨૪ | ઘોઘંબા | નથી | ૧/૪/૨૦૦૧ | -- | |
| | | ૨૫ | ટીંબા | નથી | ૮/૪/૨૦૦૧ | -- | |
| | | ૨૬ | કોઠંબા | નથી | ૧/૩/૨૦૦૨ | -- | |
| | | ૨૭ | મોરા | નથી | ૨૦/૭/૯૯ | -- | |
| | | ૨૮ | કડાણા | નથી | ૧/૪/૨૦૦૦ | -- | |
| ૯ | દાહોદ | ૨૯ | સુખસર | નથી | ૨/૪/૧૯૮૩ | -- | |
| | | ૩૦ | પેથાપુર | નથી | ૧/૫/૧૯૯૫ | -- | |
| | | ૩૧ | ધાનપુર | નથી | ૧૩/૭/૯૯ | -- | |
| | | ૩૨ | પીપલોદ | નથી | ૧૬/૪/૦૧ | -- | |
| | | ૩૩ | ક્તવારા | નથી | ૨૧/૩/૦૧ | -- | |
| | | ૩૪ | સીંગવડ | નથી | ૨૧/૪/૦૨ | -- | |
| | | ૩૫ | લીમડી | નથી | ૧૨/૧/૨૦૦૪ | -- | |
| ૧૦ | અમદાવાદ | ૩૬ | સીંગરવા | નથી | ૬/૨/૨૦૦૪ | -- | |
| ૧૧ | ખેડા | ૩૭ | નવાગામ | નથી | ૬/૨/૨૦૦૪ | -- | |
| | | ૩૮ | આતરસુંબા | -- | -- | નથી | ૨૦/૬/૦૫ |
| ૧૨ | આણંદ | ૩૯ | મહેલાવ | નથી | ૨૩/૫/૦૨ | -- | |
| | | ૪૦ | ખંભાત | -- | -- | નથી | ૧૦/૧૧/૦૪ |
| ૧૩ | ગાંધીનગર | ૪૧ | ચરાડા | નથી | ૬/૨/૨૦૦૪ | -- | |
| ૧૪ | મહેસાણા | ૪૨ | ઉદલપુર | નથી | ૨૦/૨/૦૬ | -- | |

| | જિલ્લાનું નામ | અ.નં. | સા.આ.કેન્દ્રનું નામ | એક્ષરે-મશીન | કઈ તારીખથી સુવિધા નથી. | એમ્બ્યુલન્સ | કઈ તારીખથી સુવિધા નથી |
|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | બનાસકાંઠા | ૪૩ | અમીરગઢ | નથી | ૨૧/૧/૨૦૦૦ | -- | |
| | | ૪૪ | ભાભર | નથી | ૧/૧/૨૦૦૨ | -- | |
| | | ૪૫ | શિહોરી | નથી | ૬/૨/૨૦૦૪ | -- | |
| | | ૪૬ | વડગામ | નથી | ૬/૨/૨૦૦૪ | -- | |
| ૧૬ | સાબરકાંઠા | ૪૭ | બાયડ | નથી | ૧૫/૧/૦૧ | -- | |
| | | ૪૮ | પોશીના | નથી | ૧૭/૪/૦૧ | -- | |
| | | ૪૯ | રૂપાલ | નથી | ૨૧/૬/૯૪ | -- | |
| ૧૭ | ભાવનગર | ૫૦ | વરતેજ | નથી | ૯/૩/૧૯૯૫ | -- | |
| | | ૫૧ | તળાજા | નથી | ૨૬/૨/૮૭ | -- | |
| ૧૮ | અમરેલી | ૫૨ | ચલાલા | નથી | ૨૩/૫/૦૨ | -- | |
| ૧૯ | જુનાગઢ | ૫૩ | ગીરગઢડા | નથી | ૧૫/૧/૦૧ | -- | |
| | | ૫૪ | સુત્રાપાડા | નથી | ૧૫/૧/૦૧ | -- | |
| | | ૫૫ | બીલખા | નથી | ૨૩/૫/૦૨ | -- | |
| ૨૦ | પાટણ | ૫૬ | સમી | નથી | ૩૧/૩/૦૫ | -- | |

**નોંધ :-** સામુહિક આરોગ્ય કેન્દ્ર ખેરગામ, પીંડવલ, રોહિણા, ઉમરલ્લા, કોઠંબા, સીંગવડ, તળાજા, પેથાપુર ખાતે એક્સ-રે મશીન ફાળવવા વર્ષ ૨૦૦૬-૦૭માં કુલ રૂા. ૧૬.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

--------------

## વલસાડ જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુના

અતારાંક્તિઃ ૭૫૩૫ (૧૭-૧૧-૦૬) **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) વલસાડ જિલ્લામાં તા. ૧/૪/૦૪ થી ૩૧/૮/૦૬ સુધીમાં તાલુકાવાર દારૂ-જુગાર-બળાત્કાર અને લૂંટફાટના કેટલા ગુન્હાઓ નોંધાયા,

(૨) તે અન્વયે કેટલા ગુન્હેગારોની ધરપકડ થઈ, અને

(૩) હજુ કેટલા ગુન્હેગારોની ધરપકડ કરવાની બાકી છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ)(૧૯-૧૨-૦૬) :

(૧)

| તાલુકાનું નામ | દારૂ | જુગાર | બળાત્કાર | ધાડ/લૂંટ |
|---|---|---|---|---|
| વલસાડ | ૨૪૫૩ | ૭૯ | ૯ | ૧૫ |
| પારડી | ૨૬૧૦ | ૫૭ | ૧ | ૩૪ |
| ઉમરગામ | ૭૯૯ | ૭ | ૮ | ૩૩ |
| ધરમપુર | ૫૪૧ | ૧૩ | ૧ | ૪ |
| કપરાડા | ૩૭૫ | ૨ | -- | ૬ |

(૨) ધરપકડ થયેલ આરોપીઓ

| | | | | |
|---|---|---|---|---|
| વલસાડ | ૨૬૩૬ | ૩૦૬ | ૦૭ | ૫૪ |
| પારડી | ૨૮૧૭ | ૧૯૧ | ૦૧ | ૧૦૭ |
| ઉમરગામ | ૯૪૩ | ૨૧ | ૧૧ | ૮૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ધરમપુર | ૫૫૧ | ૪૧ | ૦૧ | ૧૪ |
| કપરાડા | ૪૦૩ | ૦૮ | -- | ૧૮ |

(૩) ધરપકડ કરવાના બાકી આરોપીઓ

| | | | | |
|---|---|---|---|---|
| વલસાડ | ૪૦ | -- | ૦૨ | ૫૪ |
| પારડી | ૨૯ | -- | -- | ૪૨ |
| ઉમરગામ | -- | -- | -- | ૬૨ |
| ધરમપુર | ૦૮ | -- | -- | -- |
| કપરાડા | -- | -- | -- | ૧૮ |

----------

**સમય મર્યાદામાં ચાર્જશીટ રજૂ થવા અંગે**

અતારાંક્તિઃ ૭૫૪૪ (૧૩-૧૧-૦૬) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) ગંભીર ગુનામાં ૯૦ દિવસ તથા ઓછા ગંભીર ગુનામાં ૬૦ દિવસોમાં આરોપી સામે ચાર્જશીટ પોલીસે ફાઈલ કરવું જરૂરી છે. તે હકીક્ત સાચી છે,

(૨) પાટણ શહેર અને જિલ્લામાં તા. ૩૧મી ઓગષ્ટ, ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા આરોપી સામે આ મર્યાદામાં પોલીસ દ્વારા ચાર્જશીટ ફાઈલ થયેલ નથી, અને

(૩) આ કામગીરી કરવામાં નિષ્ફળ ગયેલા પોલીસ અધિકારીઓ સામે શાં પગલાં લેવામાં આવ્યા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨-૧-૦૭) :

(૧) હા, જી.

(૨) પાટણ શહેરમાં કોઈ કેસ બનેલ નથી. જ્યારે પાટણ જિલ્લામાં કુલ-૪ કેસોમાં ૧૦ આરોપીઓ સામે નિયત સમય મર્યાદામાં ચાર્જશીટ ફાઈલ થયેલ નથી, અને

(૩) એક કેસમાં એક પોલીસ અધિકારીશ્રીને રૂા. ૫૦૦/- દંડ શિક્ષા પેટે કરવામાં આવેલ છે. તેમજ અન્ય ત્રણ કિસ્સાઓમાં શિક્ષાત્મક પગલાં લેવા સારૂ પ્રાથમિક કાર્યવાહી ચાલુ છે.

----------

**પ્રાણીના ક્રૂરતાપૂર્વક બલી ચઢાવવાની નોંધાયેલ ઘટનાઓ**

અતારાંક્તિ : ૭૫૫૦ (૧૩-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં જિલ્લાવાર પ્રાણીના ક્રૂરતાપૂર્વક બલી ચઢાવવાની કેટલી ઘટના સન ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬માં બનવા પામી,

(૨) તેમાં કેટલા ગુનાહિતો પકડાયાં,

(૩) ગુનાહિતો સામે શી કાર્યવાહી થઈ, અને

(૪) બલીની ઘટના નિવારવા શા પગલાં લેવાયાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૩-૧-૦૭) :

(૧) રાજ્યમાં નીચે જણાવેલ જિલ્લા/શહેરોમાં પ્રાણીના ક્રૂરતાપૂર્વક બલી ચઢાવવાની કુલ પાંચ ઘટનાઓ નોંધાયેલ છે. જે નીચે મુજબ છે.

| શહેર/જિલ્લો | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ |
|---|---|---|---|
| સુરત શહેર | ૦ | ૧ | ૦ |
| વડોદરા શહેર | ૦ | ૧ | ૨ |
| ભરૂચ | ૦ | ૧ | ૦ |
| કુલ.. | ૦ | ૩ | ૨ |

(૨) રાજ્યમાં પ્રાણીની ક્રૂરતાપૂર્વક બલી ચઢાવવા અંગે નોંધાયેલ ઘટનાઓ સંબંધમાં નીચે મુજબના ગુનાહિતો પકડવામાં આવેલ હતા.

| શહેર/જિલ્લો | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ |
|---|---|---|---|
| સુરત શહેર | ૦ | ૧ | ૦ |
| વડોદરા શહેર | ૦ | ૧ | ૨ |
| ભરૂચ | ૦ | ૨ | ૦ |
| કુલ.. | ૦ | ૪ | ૨ |

(૩) પકડાયેલ તમામ આરોપીઓ વિરુધ્ધ પ્રિવેન્શન ઓફ એનીમલ એક્ટ-૧૯૬૦ની ક્લમ. ૧૧ મુજબ ગુનો નોંધી તેમની અટક કરી કાયદેસરની કાર્યવાહી કરીને તેઓ વિરુધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૪) પ્રાણીની ક્રૂરતાપૂર્વક બલી ચઢાવવાની ઘટના/બનાવની હકીક્ત અથવા તો ફરિયાદ મળેથી પોલીસ તંત્ર તરફથી ત્વરીત તપાસ કરી ગુનાહિત જણાતાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. તેમ થતાં અંધશ્રધ્ધા નિવારવા લોક દરબારો યોજી

કાયદાકીય સમજ આપવામાં આવે છે.

---------------

**અમદાવાદ શહેરમાં નાગરિકોને ગુમરાહ કરતાં તાંત્રિકો**

અતારાંકિત : ૭૫૫૬ (૧૩-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) અમદાવાદ શહેરમાં ફેલાયેલા અને ગેરકાનૂની તાંત્રિકવિદ્યા કરી નિર્દોષ નાગરિકોને ગુમરાહ કરી, છેતરપીંડી કરતા કેટલા તાંત્રિકો જુન-૨૦૦૬ની સ્થિતિએ કામ કરી રહ્યા છે,

(૨) આ ગુનાહિત તાંત્રિકો પર સામુહિક રેડ પાડી તેની ધરપકડ કરવા અને તેની સામે કામ ચલાવવા શું આયોજન થયું છે, અને

(૩) આ જવાબદારી કોને સોંપાઈ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૩૦-૧૨-૦૬) :

(૧) અમદાવાદ શહેરમાં આ સમય દરમ્યાન આવી કોઈ પ્રવૃત્તિ ધ્યાને આવી નથી.

(૨) આવી પ્રવૃત્તિ અંગે માહિતી મળ્યેથી, શહેર પોલીસ દ્વારા જરૂરી, કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૩) શહેર પોલીસ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવશે.

---------------

**ગેરકાનૂની ક્તલખાને લઈ જવાતી ભેંસોને બચાવી લેવા અંગે**

અતારાંકિત : ૭૫૫૭ (૧૩-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) ગેરકાયદે રીતે ટેમ્પોમાં ભરી ગેરકાનૂની ક્તલખાનામાં લઈ જવાતી ૯ ભેંસોને તા. ૨૬-૦૬-૨૦૦૬ના રોજ પોલીસે સુરત જિલ્લાના અમરોલી ખાતેથી બચાવી લીધી હતી તે હકીક્ત સાચી છે.

(૨) આ કામના ગુનાહિતો કોણ હતા તેની સામે શી કાર્યવાહી તથા શિક્ષા થઈ,

(૩) ગુનાહિત વાહન સામે શા પગલાં લેવાયાં, અને

(૪) ક્યા ગેરકાનૂની ક્તલખાનામાં આ ભેંસોને લઈ જવાતી હતી, તેની સામે શી કાર્યવાહી થઈ ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૩-૧-૦૭) :

(૧) ના જી, અલબત્ત તા. ૨૭-૭-૦૬ના રોજ અમરોલી-સત્તાધાર સોસાયટી રોડ ઉપરથી ટેમ્પામાં ભેંસ નંગ-૫, પાડા નં. ૨ વાછરડા નંગ-૨ ભરીને ગેરકાયદેસર હેરાફેરી કરતા પકડાયેલ હતાં.

(૨) આ કામે આરોપીઓ સર્વશ્રી રમેશભાઈ દાનાભાઈ રાયકા રહે : રાંદેર, સુરત અને નકુમભાઈ પ્રતાપસિંહ રાજપુત, રહે : રાંદેર, સુરત સામે કતારગામ પો. સ્ટે. ાા ગુ.ર. નં. ૨૬૭/૦૬થી ગુન્હો નોંધી નામદાર કોર્ટ કસ્ટડીમાં મોકલી આપી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) ગુનાહિત વાહન કબજે લેવામાં આવેલ છે, અને નામદાર કોર્ટના હુકમથી ટેમ્પા વાહન માલિકને પરત સોંપવામાં આવેલ છે.

(૪) આ પશુઓને, ટેમ્પામાં ગેરકાયદેસર હેરાફેરી કરતા બાતમીના આધારે, પકડવામાં આવેલ છે.

------------------

**ગાયોના હાડકાં ભરેલ ટ્રક પકડાવા અંગે**

અતારાંકિત : ૭૫૬૪ (૧૩-૧૧-૦૬)**શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) કામરેજના ખોલવડ પાસેથી ગાયોના હાડકાં ભરેલો ટ્રક તા. ૩૧-૭-૦૬ના રોજ પસાર થતાં તેને વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગદળે અટકાવી પકડી પાડયો હતો તે હકીકત સાચી છે,

(૨) આ ગુનાહિત પ્રવૃત્તિના સુત્રધારો સામે શી કાર્યવાહી થઈ,

(૩) ગુનાહિત વાહનના માલિક તથા વાહન સામે શી કાર્યવાહી થઈ,

(૪) ગાયોના હાડકાં ક્યાંથી લાવવામાં આવ્યાં હતા તથા તેની સામે શી કાર્યવાહી થઈ, અને

(૫) ગાયોના હાડકાં ખરીદનારા ઈસમો કોણ હતા, તેની સામે શી કાર્યવાહી થઈ છે?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૩-૧-૦૭) :

(૧) ના. જી, કામરેજ ચાર રસ્તા નવા ગામ પાસેથી ગાયોના નહી પરંતુ પ્રાણીઓના હાડકાં ભરેલ ટ્રક વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગદળના કાર્યકરો દ્વારા જોવામાં આવતાં કામરેજ પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી હતી.

(૨) સદરહુ ટ્રકમાં હાડકાં સંબંધે વેટનરી ડો. તેમજ એફ.એસ.એલ.ની તપાસણીના અભિપ્રાય મુજબ સદરહુ હાડકાં ગાયના નહી પરંતુ અન્ય મોટા પ્રાણીઓના હોવાનું જણાયેલ હતું. તેથી કોઈ ગુનાહિત પ્રવૃત્તિ સંબંધમાં સુત્રધારો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી.

(૩) સદરહુ વાહનમાં મોટા પ્રાણીઓના હાડકાં ભરેલ હોવાથી જાહેર વાતાવરણમાં હવા પ્રદુષિત કરવા સંબંધમાં કામરેજ પો.સ્ટે.ના.કા.નં. ૧૬૫/૨૦૦૬ ઈ.પી.કો. કલમ. ૨૭૮ તથા મોટર વ્હીકલ એક્ટ ૧૯૨(૨) મુજબ ફરીયાદ દાખલ કરીને કોર્ટમાં મોકલાવતા નામ. કોર્ટે રૂા. ૨૧૦૦/- દંડ ફરમાવેલ હતો.

(૪) સદરહુ પ્રાણીઓના હાડકાં મહમદ યાસીન કુરેશી એન્ડ બ્રધર્સ પ્લોટ નં. ડી/૨૯/૧૩ TTC MIDC તુરંભા (નવી મુંબઈ)ના હાડકાના કારખાનામાંથી ભરી લાવેલ હતા.

(૫) સદરહુ પ્રાણીઓના હાડકા બાલીવાલા બોનમીલ, મુજાવર રોડ, ગોધરા ખાતે ખાલી કરવાના હતા તેઓની સામે કાંઈ ગુનાહિત નહીં જણાતાં કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

------------------

**ગો રક્ષકોને ગૃહ વિભાગ દ્વારા સત્તા આપવા અંગે**

અતારાંકિત : ૭૫૬૬ (૧૩-૧૧-૦૬) **શ્રી ભાવિનભાઈ ન. શેઠ(એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજ્યમાં ગોવંશને કતલખાનામાં જતાં બચાવી લેતા તથા જીવના જોખમે કામ કરતા કેટલા ગોરક્ષકોને પ્રાણી ક્રૂરતા નિવારણ ધારા-૧૯૬૦ અન્વયે જુલાઈ-૨૦૦૬ સ્થિતિએ ગૃહ વિભાગ દ્વારા સત્તા અપાઈ છે,

(૨) કેટલી અરજી/માંગણી પડતર છે, અને

(૩) તેને પોલીસ સત્તા આપવાની કાર્યવાહી ક્યાં સુધીમાં પુર્ણ થશે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૩-૧-૦૭) :

| ૧૦. | ઉમરપાડા | ૧૮૯.૪૯ |
| ૧૧. | વાલોડ | ૨૦.૩૯ |

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં સુરત જીલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ બનાવવામાં આવેલ તાલુકાવાર ચેકડેમોની સંખ્યા નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | ચેકડેમની સંખ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | બારડોલી | ૧૪ |
| ૨. | કામરેજ | ૦૭ |
| ૩. | વ્યારા | ૧૬૮ |
| ૪. | મહુવા | ૩૫ |
| ૫. | સોનગઢ | ૦૨ |
| ૬. | ઉચ્છલ | ૦૬ |
| ૭. | નિઝર | ૨૧ |
| ૮. | માંડવી | ૦૪ |
| ૯. | માંગરોળ | ૧૧૮ |
| ૧૦. | ઉમરપાડા | ૨૮ |
| ૧૧. | વાલોડ | ૦૬ |

-----------

**ભાવનગર જિલ્લામાં મહેસુલ હસ્તકની કચેરીઓમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

અતારાંકિતઃ ૭૧૭૮ (૧૪-૮-૦૬)**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૭-૦૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લા કલેકટર કચેરી અને જિલ્લાના તમામ તાલુકાની મામલતદાર કચેરીમાં સંવર્ગવાર કેટલા કર્મચારીઓની ઘટ છે,

એચબી-૨૦૦૬-૧૨ (૨) આ ઘટના હિસાબે વહીવટ પર કોઈ અસર થાય છે કે કેમ, અને,

(૩) આ જગ્યાઓ ભરવાનું સરકારનું શું આયોજન છે?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૬) :

(૧) તા. ૩૧-૭-૦૬ની સ્થિતિએ ભાનવગર જિલ્લા કલેકટર કચેરી અને જિલ્લાના તમામ તાલુકાની મામલતદાર કચેરીઓમાં સંવર્ગવાર નીચે મુજબના કર્મચારીઓની ઘટ છે.

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧. | નાયબ કલેકટર | ૨ |
| ૨. | મામલતદાર | ૨ |
| ૩. | નાયબ મામલતદાર | ૧૭ |
| ૪. | કલાર્ક | ૭૪ |
| ૫. | કેસ વર્કર કમ કલાર્ક | ૦૧ |
| ૬. | ટાઈપીસ્ટ | ૦૬ |
| ૭. | કલાર્ક-કમ-ટાઈપીસ્ટ | ૦૩ |
| ૮. | ડ્રાઈવર | ૦૩ |
| ૯. | સીટી તલાટી | ૧૨ |
| ૧૦. | પટાવાળા | ૦૯ |

(૨) આ ઘટને કારણે વહીવટ પર અસર થાય છે.

(૩) આ જગ્યાઓ તબક્કાવાર ભરવામાં આવશે.

-----------

**જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર મામલતદાર બાકી તુમાર**

અતારાંકિતઃ ૭૪૧૮ (૨૪-૮-૦૬) **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર મામલતદાર કચેરીઓમાં તા. ૩૦-૬-૦૬ ની સ્થિતિએ કયા કયા પ્રકારના કેટલા તુમારો નિકાલ કરવાના બાકી છે,

(૨) તેમાં ૧ વર્ષ, બે વર્ષ, ત્રણ વર્ષ કરતા વધુ સમયથી નિકાલ કરવાના બાકી હોય તેવા કેટલા તુમારો છે,

(૩) લાંબા સમય સુધી નિકાલ ન થવાના કારણો શાં છે, અને

(૪) બાકી રહેલા તુમારોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૬) :

(૧) જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર મામલતદાર કચેરીઓમાં તા. ૩૦-૬-૦૬ની સ્થિતિએ નીચે મુજબના તુમારો નિકાલ કરવાના બાકી છે.

| ક્રમ | કચેરીનું નામ | લોકોની અરજી | અન્ય વહીવટી બાબતો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | મામલતદાર કચેરી, જુનાગઢ | ૭૮૩ | -- | ૭૮૩ |
| ૨ | મામલતદાર કચેરી, વંથલી | ૫૭૦ | -- | ૫૭૦ |
| ૩ | મામલતદાર કચેરી, વિસાવદર | ૧૦૩ | -- | ૧૦૩ |
| ૪ | મામલતદાર કચેરી, ભેંસાણ | ૧૯૯ | -- | ૧૯૯ |
| ૫ | મામલતદાર કચેરી, મેંદરડા | ૬૮ | -- | ૬૮ |
| ૬ | મામલતદાર કચેરી, વેરાવળ | ૩૩૩ | -- | ૩૩૩ |
| ૭ | મામલતદાર કચેરી, તલાળા | ૯૯ | -- | ૯૯ |
| ૮ | મામલતદાર કચેરી, ઉના | ૪૯૪ | -- | ૪૯૪ |
| ૯ | મામલતદાર કચેરી, કેશોદ | ૧૯૩ | ૧ | ૧૯૪ |
| ૧૦ | મામલતદાર કચેરી, માળિયા-હાટીના | ૧૬૭ | -- | ૧૬૭ |
| ૧૧ | મામલતદાર કચેરી, માંગરોળ | ૧૫૦ | -- | ૧૫૦ |
| ૧૨ | મામલતદાર કચેરી, માણાવદર | ૧૨૯ | -- | ૧૨૯ |
| ૧૩ | મામલતદાર કચેરી, કોડિનાર | ૧૧૧ | -- | ૧૧૧ |
| ૧૪ | મામલતદાર કચેરી, સુત્રાપાડા | ૨૬૯ | -- | ૨૬૯ |
| | **કુલ ....** | **૩૬૬૮** | **૧** | **૩૬૬૯** |

(૨) ૧ વર્ષથી બે વર્ષ વચ્ચેના ૯૧
બે થી ત્રણ વર્ષ વચ્ચેના ૨૧
ત્રણ વર્ષ કરતાં વધુ સમયના <u>૪૩</u>
૧૫૫

(૩) ૧૫૫ બાકી તુમારો પૈકી તા. ૩૧-૮-૦૬ ની સ્થિતિએ ૧૫ તુમારોનો નિકાલ થતા ૧૪૦ બાકી તુમારો પ્રોસેસમાં છે, જેમાં કાયદાકીય જોગવાઈઓ જેવી કે કિંમત આકારણી તથા અન્ય જરૂરી અપૂર્ણતાઓ પૂર્ણ કરવા માટે બાકીમાં છે.

(૪) બાકી રહેલા તુમારો અંગેની જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી નિયમાનુસાર શક્ય ત્વરાએ નિકાલ કરવામાં આવશે.

-----------

**કેન્દ્રિય નવોદય વિદ્યાલયને જમીન ફાળવણીની મળેલ દરખાસ્તો**

અતારાંક્તિઃ ૭૫૩૦ (૪-૯-૦૬) **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) તા. ૩૧-૭-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના ક્યા ક્યા જિલ્લાઓમાંથી કેન્દ્રીય નવોદય વિદ્યાલય શરૂ કરવા અર્થે જમીન ફાળવવા દરખાસ્તો ક્યારે મળેલ છે,

(૨) આ દરખાસ્તો સંદર્ભે સરકાર દ્વારા શી કાર્યવાહી કરેલ છે, અને

(૩) ક્યા ક્યા જિલ્લાઓમાં જમીન ફાળવવામાં આવેલ છે, બાકીના જિલ્લાઓમાં ન ફાળવવાના કારણો શાં છે?

**મહેસૂલ મંત્રીશ્રી** (૧૬-૧૨-૦૬) :

(૧) નર્મદા (તા. ૩૦-૩-૦૬), બનાસકાંઠા (તા. ૭-૬-૦૬), સુરત (તા. -૬-૦૬), આણંદ (તા. ૨૫-૮-૦૬), અમરેલી (તા. ૨૬-૧૨-૦૫)

(૨) આ દરખાસ્તો સંદર્ભે સરકારે જમીન ફાળવણીના હુકમો કરેલ છે.

(૩) (૧) આણંદ, (૨) અમરેલી, (૩) કચ્છ, (૪) ગાંધીનગર, (૫) ડાંગ, (૬) પાટણ, (૭) પંચમહાલ, (૮) પોરબંદર, (૯) બનાસકાંઠા, (૧૦) ભરૂચ, (૧૧) ભાવનગર, (૧૨) વડોદરા, (૧૩) રાજકોટ, (૧૪) નર્મદા, (૧૫) સુરત, (૧૬) સુરેન્દ્રનગર, (૧૭) મહેસાણા જિલ્લામાં જમીન ફાળવવામાં આવેલ છે. બાકી જિલ્લાોમાં નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા સ્થળ પસંદગીની કાર્યવાહી ચાલે છે. એક જિલ્લામાં માહિતી માંગેલ છે.

-----------

## જૂનાગઢ જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ મળેલ અરજીઓ

અતારાંક્તિઃ ૭૩૮૨ (૧૯-૮-૦૬) **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર તા. ૧-૧-૦૩ થી તા. ૩૦-૬-૦૬ સુધીમાં વર્ષવાર માનવ ગરીમાં યોજના હેઠળ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા અનુસૂચિત જાતિના વર્ગોની કેટલી અરજીઓ વર્ષવાર આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ વર્ષવાર મંજુર કરી, કેટલી ના મંજુર કરવામાં આવી, અને

(૩) જે અરજીઓ મંજુર થઈ છે તે અન્વયે કેટલાને સહાય ચુકવવામાં આવી અને કેટલાને બાકી છે, બાકી હોવાના કારણો શા છે?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૨-૧૨-૦૬) :

| અ. નં. | તાલુકો | ૧-૧-૦૩ થી ૩૧-૧૨-૦૩ | | ૧-૧-૦૪થી ૩૧-૧૨-૦૪ | | ૧-૧-૦૫ થી ૩૧-૧૨-૦૫ | | તા. ૧-૧-૦૬ થી ૩૧-૬-૦૬ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સા. શૈ. પ. વ. | અ. જા. | સા. શૈ. પ. વ. | અ. જા. | સા. શૈ. પ. વ. | અ. જા. | સા. શૈ. પ. વ. | અ. જા. |
| (૧) | જુનાગઢ | ૨ | ૮૩ | ૪ | ૧૨૭ | ૧૬ | ૪૪૬ | ૨ | -- |
| (૨) | વંથલી | ૦ | ૧૩ | ૪ | ૧૦૯ | ૧૮ | ૪૯૫ | ૩ | -- |
| (૩) | માણાવદર | ૩ | ૧૬ | ૦ | ૭૦ | ૧૨ | ૧૯૩ | ૦ | -- |
| (૪) | કેશોદ | ૦ | ૨૨ | ૮ | ૩૯ | ૧૩ | ૧૭૭ | ૬ | -- |
| (૫) | માળીયા | ૦ | ૨૦ | ૦ | ૩૭ | ૨૮ | ૭૩ | ૨૦ | -- |
| (૬) | માંગરોળ | ૦ | ૨૩ | ૩ | ૧૦૩ | ૦૫ | ૧૨૮ | ૧૨ | -- |
| (૭) | વેરાવળ | ૦ | ૨૮ | ૯ | ૯૪ | ૧૫ | ૧૬૩ | ૧ | -- |
| (૮) | સુત્રાપાડા | ૦ | ૩૨ | ૦ | ૨૫ | ૦૭ | ૪૮ | ૦ | -- |
| (૯) | કોડીનાર | ૦ | ૩૭ | ૦ | ૯૫ | ૨૩ | ૧૧૨ | ૪ | -- |
| (૧૦) | ઉના | ૦ | ૧૧ | ૦ | ૭૬ | ૩૩ | ૪૪ | ૨ | -- |
| (૧૧) | તલાલા | ૦ | ૨૬ | ૧ | ૯૪ | ૧૫ | ૧૬૧ | ૧ | -- |
| (૧૨) | વિસાવદર | ૧ | ૭ | ૦ | ૧૪ | ૧૪ | ૪૯ | ૧ | -- |
| (૧૩) | મેંદરડા | ૦ | ૨ | ૦ | ૬૮ | ૦૬ | ૮૧ | ૦ | -- |
| (૧૪) | ભેંસાણ | ૦ | ૧ | ૧ | ૩૨ | ૨૪ | ૪૨ | ૦ | -- |
| | કુલ :- | ૬ | ૩૨૧ | ૩૦ | ૯૮૩ | ૨૨૯ | ૨૨૧૨ | ૫૨ | -- |

(૨)

| અ. નં. | | મંજુર | નામંજૂર |
|---|---|---|---|
| (૧) | તા. ૧-૧-૨૦૦૩ થી તા. ૩૧-૧૨-૨૦૦૩ | ૧૦૯ | ૧૭૯ |
| (૨) | તા. ૧-૧-૨૦૦૪ થી તા. ૩૧-૧૨-૨૦૦૪ | ૮૭૧ | ૧૨૭ |
| (૩) | તા. ૧-૧-૨૦૦૫ થી તા. ૩૧-૧૨-૨૦૦૫ | ૭૭૨ | ૧૬૪૨ |
| (૪) | તા. ૧-૧-૨૦૦૬ થી તા. ૩૦-૬-૨૦૦૬ | ૮૧ | ૧૭ |

(૩) જે અરજીઓ મંજુર થયેલ છે તે તમામને સહાય ચુકવવામાં આવેલ છે એટલે બાકી રહ્યા અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૭૪૧૪, ૭૫૩૧, ૭૫૩૨ | ૩ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૭૬૩૩, ૭૬૪૦, ૭૬૪૭, ૭૬૬૦, ૭૭૯૧ | ૫ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૭૩૫૪, ૭૩૫૫, ૭૩૬૦, ૭૬૧૮, ૭૬૨૭, ૭૭૭૮ | ૬ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૭૬૨૬ | ૧ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૭૦૪૪, ૭૨૬૭ | ૨ |
| ૬ | ગૃહ વિભાગ | ૭૫૩૫, ૭૫૪૪, ૭૫૫૦, ૭૫૫૬, ૭૫૫૭, ૭૫૬૪, ૭૫૬૬, ૭૫૬૭, ૭૫૭૧, ૭૭૪૦, ૭૭૪૧, ૭૭૪૬, ૭૭૪૭, ૭૭૯૩, ૭૭૯૮ | ૧૫ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૬૬૪૨, ૬૯૨૬, ૬૯૨૭, ૬૯૨૮, ૬૯૨૯, ૬૯૩૦, ૬૯૩૧, ૬૯૩૨, ૭૨૪૬, ૭૩૩૯, ૭૩૬૯ | ૧૧ |
| ૮ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૭૪૬૯, ૭૫૯૯, ૭૭૭૪ | ૩ |
| ૯ | મહેસૂલ વિભાગ | ૭૧૭૮, ૭૪૧૮, ૭૫૩૦ | ૩ |
| ૧૦ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૭૩૮૨ | ૧ |
| | | **કુલ ...** | **૫૦** |

-----------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### પાકિસ્તાન દ્વારા માછીમારોને પકડી જવા અંગે

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

"તા. ૨-૩-૨૦૦૭ના રોજ માંગરોળ-ઓખા દરિયાઈ પટ્ટીમાંથી પાંચ જેટલી માછીમારોની બોટ સાથે અંદાજે ૨૫ જેટલા માછીમારોને પાકિસ્તાન મરીનલાઈન્સ દ્વારા પકડી લેવામાં આવ્યા છે. ભારતીય જળસીમામાંથી વારંવાર પાકિસ્તાનીઓ દ્વારા માછીમારોને બોટ સાથે પકડી જવાના બનાવોથી માછીમાર સમાજમાં ભયની લાગણી ફેલાયેલ છે. તો આવા પકડાયેલા માછીમારોને તેમની બોટ સાથે મુક્ત કરાવવા તથા તેમનામાં ફેલાયેલ ભયની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (મત્સ્યોદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, પાકિસ્તાન મરીન સિક્યોરિટી એજન્સી દ્વારા તા. ૨-૩-૨૦૦૭ના રોજ ૬ માછીમારીની બોટો સાથે પકડવામાં આવેલ કુલ ૩૦ માછીમારો પૈકી ૧૨ માછીમારોને પાકિસ્તાન ખાતે જેલમાં રાખવામાં આવેલ છે. બાકીના ૧૮ માછીમારોને એક બોટ દ્વારા મુક્ત કરી પરત મોકલી આપવામાં આવેલ છે.

પાકિસ્તાન મરીન સિક્યોરિટી એજન્સી દ્વારા પકડવામાં આવતા માછીમારો અને બોટો છોડાવવાની બાબત એ ટોચ અગ્રતાની બાબત છે. આ માટે રાજ્ય સરકારના અધિકારીશ્રીઓ દ્વારા ભારત સરકારના વિદેશ મંત્રાલયના

સંબંધિત અધિકારીશ્રી સાથે સતત સંપર્ક જાળવવામાં આવે છે. જે બોટો અને માછીમાર પકડાય છે તેની વિગતો વિદેશ મંત્રાલયને મોકલી આપવામાં આવે છે. જે તે મંત્રાલય દ્વારા પાકિસ્તાન સરકારને પાકિસ્તાન ખાતેની ભારતીય એલચી કચેરી મારફત રજૂ કરવામાં આવે છે. રાજ્ય સરકારના સંબંધિત મંત્રીશ્રી કક્ષાએથી ભારત સરકારના સંબંધિત મંત્રીશ્રીઓને પત્રો લખી તેમજ રૂબરૂ મળીને આ બાબત ટોચ અગ્રતાએ હલ કરવા વિનંતી કરવામાં આવે છે. એટલું જ નહીં પણ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા રાજ્યના માનનીય સાંસદોની એક સંકલન બેઠક બોલાવવામાં આવેલ તેમાં પણ આ બાબત ચર્ચાસ્થાને લેવામાં આવેલ.

આ બાબત રાજદ્વારી અને આંતરરાષ્ટ્રીય હોઈ, રાજ્ય સરકાર ભારત સરકારશ્રી સાથે સતત સંપર્કમાં છે. આ ગરીબ માછીમારોના સળગતા પ્રશ્નો અંગે રાજ્ય સરકાર ચિંતિત છે અને તેમને બોટો સાથે મુક્ત કરાવવા તમામ કક્ષાએથી સઘન પ્રયત્નો હાથ ધરેલ છે અને ધરી રહેલ છે. આ પ્રયત્નોના પરિણામે જાન્યુઆરી ૨૦૦૫ થી જાન્યુઆરી ૨૦૦૭ દરમિયાન ૧૪૦૦ માછીમારોને મુક્ત કરાવી શકાયા છે. માછીમાર પકડાઈ ગયા બાદ તેમના કુટુંબને આર્થિક સંકડામણમાં મુકાઈ જવું ન પડે તે માટે તેઓના કુટુંબને રૂા. ૫૦/- પ્રતિદિન લેખે જ્યાં સુધી તે પાકિસ્તાન જેલમાં રહે ત્યાં સુધી આર્થિક સહાય ચૂકવવામાં આવે છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો ધરાવે છે. ગઈ કાલે રાજ્ય સરકારે માછીમાર સમાજ માટે લાગણી થઈ અને એક પૅકૅજ જાહેર કર્યું. પૅકૅજ જાહેર કર્યું ત્યારે શું થયું અને શું નહિ એમાં નથી પડવું. પણ છેલ્લા ત્રણ વર્ષમાં ૩૨૫ જેટલી બોટો મુદ્દામાલ સાથે પાકિસ્તાન ઉઠાવી ગયું. હવે અત્યારે માનનીય મંત્રીશ્રી એમના જવાબમાં એમ કહે છે કે રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને પાકિસ્તાનની સરકાર આ ત્રણ સરકારો પરામર્શ કરે. મારે આપના મારફત સમસ્ત માછીમાર સમાજ વતી વિનંતી કરવી છે, એટલા માટે કે એક બોટ ૧૬ લાખ રૂપિયાની થાય છે ત્યારે એ ઉપાડી જાય ત્યારે માછીમારનું એક કુટુંબ નહિ પણ એની સાથે જોડાયેલા છ-સાત જણા નિરાધાર થઈ જાય છે. એમની પાસે કશું રહેતું નથી. રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર કે પાકિસ્તાનની સરકાર કોઈ એનું પેટ ભરવા આવતું નથી. ત્યારે માનનીય મંત્રીશ્રીને કહીશ કે જ્યારે પૅકૅજ જાહેર કરો છો ત્યારે રાજ્ય સરકાર આ ૩૨૫ બોટો છે જે પાકિસ્તાન લઈ ગયા છે એના માટે કોઈ સ્પેશિયલ પૅકૅજ જાહેર કરવા માગો છો કે કેમ? બીજું, એન.સી.ડી.સી. ની જે સ્કીમ છે એ સ્કીમ હેઠળ જેની બોટો પાકિસ્તાન સરકાર લઈ જાય છે એને વગર વ્યાજની લોન આપવા માટે રાજ્ય સરકાર નિર્ણય કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ એક જટિલ સમસ્યા બહુ વર્ષોથી ચાલી આવે છે. પાકિસ્તાનની દાનત ખરાબ છે. કેન્દ્ર સરકાર આ જટિલ સમસ્યા પ્રત્યે ગંભીર નથી, ચિંતિત નથી. (અંતરાય) મને સાંભળો હવે. કેન્દ્ર સરકાર ગંભીર નથી, નથી અને નથી જ. રાજ્ય સરકારે આ બાબતે ટોપ પ્રાયોરિટી લીધી છે. રાજ્ય સરકારે મારા લેવલથી, મુખ્યમંત્રીશ્રીના લેવલથી, સચિવશ્રીના લેવલથી ૪૬ પત્રો, રૂબરૂ રજૂઆતો કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીને પણ પત્ર લખ્યો છે કે પાકિસ્તાન અને ભારતના સંબંધો સુધારવાની વાતો કરો છો, જ્યારે આ ગરીબ માછીમારોની ચિંતા કરો છો ત્યારે (અંતરાય) આ આંતરરાષ્ટ્રીય સંબંધનો પ્રશ્ન છે અને એટલા માટે ભારત સરકાર અને પાકિસ્તાન સરકાર એ બંને સરકારો મળીને આ બોટ મુકત કરવા માટેની રજૂઆત આપણે જ્યારે જ્યારે પણ મિટિંગો થાય છે ત્યારે આ અંગે વારંવાર રજૂઆતો પણ કરવામાં આવી છે અને પૅકૅજની વાત કરી છે ચંદ્રિકાબેને તો એમના કલ્યાણ માટે પરમદિવસે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૧૧૦૦૦ કરોડનું પૅકૅજ જાહેર કર્યુ છે. બોટ માટે કોઈ એમનું પૅકૅજ છે એ સમગ્ર વેલ્ફેર માટે છે એટલે ભષ્વિયમાં કોઈ એમને સ્પેસિફિક પૅકૅજ જાહેર કરવાની જરૂર પડશે નહિ. એ સિવાય ૧૧૦૦૦ કરોડનું પૅકૅજ માત્ર માછીમારો માટે જ નહિ એ ૩૮ તાલુકાના બાકીના લોકો માટે પણ આ સર્વાંગી વિકાસ પૅકૅજ જાહેર કર્યુ છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષજી, એક માહિતી આપને કામમાં આવશે. ચંદ્રિકાબેને જે ચિંતા વ્યકત કરી છે એ હું માનું છું કે સમગ્ર ગૃહની ચિંતા હોવી જોઈએ, કારણ કે સમગ્ર મામલો પાકિસ્તાન સાથેની લડાઈનો છે. સમગ્ર બાબત પાકિસ્તાનના ભારત વિરોધી વલણમાં જુદા જુદા નુસકા કરે છે એના અંગે છે. કેન્દ્ર સરકાર હોય, ગુજરાત સરકાર હોય આ સમગ્ર બાબત એવી છે કે કેન્દ્ર સરકારે જ કરી શકાય. મેં ભારત સરકારને કેટલાક સૂચનો કરેલ છે. કદાચ આપને ખબર હશે કે ભારત સરકાર અને શ્રીલંકા સરકાર વચ્ચે કરાર થયો છે એ કરાર એવો છે કે ભારત અને શ્રીલંકાની વચ્ચે પણ આ પ્રકારે માછીમારોને પકડવાની પ્રક્રિયા ચાલતી હોય છે પણ કોઈ permanent વ્યવસ્થા છે કે દર ૧૫ દિવસે સંબંધિત અધિકારીઓ બેસે છે અને માછીમારો પુરતી જ આ ધરપકડ હોય તો એના અંગે cross verification કરીને એ લોકોને ૧૫ દિવસમાં છોડી નાંખવાની વ્યવસ્થા છે. એ ભારત સરકારની NDCની મિટિંગની અંદર પ્રધાનમંત્રીને રૂબરૂ મળ્યો હતો ત્યારે શીવરાજ પાટીલજી જોડે મેં આગ્રહ કર્યો છે કે અનેકવાર ભારત અને પાકિસ્તાન સાથે જે અનેક કરારો કરો છો એમાં એક

કરાર આ કરવો જોઈએ કે ૧૫ દિવસમાં તુરતજ બેસીને cross checking કરીને એમના અહીંયા હોય અને અહીનાં ત્યાં હોય એને છોડાવવાની વ્યવસ્થા કરવી જોઈએ.

બીજું મેં આગ્રહપૂર્વક કહ્યું છે કે આ પાકિસ્તાન માત્ર બોટ લઈને માછીમારોને નુકસાન કરે છે એવું નહિ એમાં securityનો પ્રશ્ન પણ ગંભીરપણે છવાયેલો છે. કારણ કે ભારતમાંથી બોટ લઈ જવામાં આવે છે એ બોટનો એમને ત્યાં દુરુપયોગ કરવામાં આવે છે, ખાલી રાખી મૂકવામાં આવે છે એવું નહિ આ ગંભીર સમસ્યા છે. આ બાબતમાં પણ મેં ભારત સરકારનું ધણીવાર ધ્યાન દોર્યુ છે. National securityનો મુદ્દો એની સાથે જોડાયેલો છે. અગાઉ જ્યારે પાકિસ્તાન આપણા માછીમારોને લઈ જતું એ બોટ દ્વારા જ દરિયા કિનારે પાછા આવતા હતા. આજે એમને વાઘા બૉર્ડર પર છોડવામાં આવે છે ત્યાર પછી એમની પાસે કોઈ વ્યવસ્થા ના હોય એમને અથડાતા-કુટાતા પોતાના વતન પાછા આવવું પડે છે. આ એક નવી સમસ્યા ઊભી થઈ છે, આ પણ એક ગંભીર બાબત છે અને તેથી આપણે બધાએ મળીને આપણા સાંસદોને વિનંતી કરીએ, ભારત સરકારને વિનંતી કરીએ કે પાકિસ્તાન સાથે કડકાઈથી કામ લે, આ પ્રશ્નનું નિરાકરણ લાવે. કારણ કે આમાં તમે અને હું વિવાદ કરીએ તેનો કોઈ ઉપાય નથી અને તેથી ચંદ્રિકાબેન આપે ધ્યાન દોર્યુ એ ખૂબ સારું કામ કર્યુ છે અને આપણે ભારત સરકારનું ધ્યાન દોરીએ કે ભાઈ, આમાં કાંઈ રસ્તો કાઢો. તમે જેમ શ્રીલંકા સાથે કરાર કરી શકો, પાકિસ્તાન સાથે ૫૦ પ્રકારના કરાર કરો છો તો અમારા ગુજરાતના માછીમાર માટે શા માટે કરાર નથી કરતા? આપણે બધા સાથે મળીને કરીશું તો પરિણામ મળશે. (અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : કેન્દ્ર તો પ્રયત્ન કરતી જ હોય છે તો રાજ્ય સરકાર શું કરતી હોય છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : રાજ્ય સરકાર પકડાયેલાના વારસદાર હોય તેને વ્યકિતદીઠ રોજના ૫૦ રૂપિયા લેખે એમને ભથ્થું આપીએ છીએ.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય મુખ્યમંત્રીશ્રીએ વાત કરીએ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર, આ કેન્દ્રનો આંતરરાષ્ટ્રીય પ્રશ્ન હોય એમાં કાંઈ વાંધો નથી પણ અમારો સ્પેસિફિક માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીને પ્રશ્ન એટલો જ છે કે પહેલા જ્યારે માછીમારોને પકડી જતા હતા ત્યારે એક રૂપિયો પણ વળતર મળતું નહતું. આપણે બે-ત્રણ વર્ષથી ૫૦ રૂપિયા નક્કી કર્યા છે એમાં હવે આખા કુટુંબનો નિર્વાહ શક્ય નથી. એમાં એક તો વધારો ( અંતરાય )

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : કુટુંબ દીઠ પચાસ રૂપિયા પર ડે, પર હેડ.

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : હું આપને એ પૂછવા માગું છું કે,એમાં કાંઈ વધારો કરવા માગો છો કે કેમ? અને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું છે કે, પૅકેજમાં કે બીજી કોઈ વાતમાં નથી પરંતુ આ જે બોટ છે એ વીસ થી પચ્ચીસ લાખ રૂપિયાની બોટ થાય છે અને દસ જણા ભાગીદારો થઈને આ બોટ બનાવે છે, આ આંતર રાષ્ટ્રીય પ્રશ્નમાં પડ્યા પહેલાં આ પૅકેજ જે કર્યુ છે એમાં તાત્કાલિક અસરથી બોટોને જે નુકસાન થાય છે એ બોટોનું પૂરેપૂરું વળતર, આ દસ જણા ભેગા થઈને જે બોટ જ્યાં સુધી એ છૂટી ન થાય ત્યાં સુધી એ આપવા માગો છો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : સૂચન છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : કેન્દ્ર સરકારે પૅકેજ આપ્યું છે, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ બહુ જ સારી વાત કરી છે, મારે મંત્રીશ્રીને કહેવું છે કે, જેની બોટો જાય છે એને વગર વ્યાજની લોન આપવા માટેની આપણી તૈયારી ખરી?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : સૂચન છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : વગર વ્યાજની ખાલી લોન આપો, મારે વધારે કાંઈ જોઈતું નથી.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : પણ તમારી વગ વાપરીને એ બોટો પાછી આવે એવું કરો ને, તમારી વગ વાપરોને ઉપર જઈને (અંતરાય )

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : માનનીય અધ્યક્ષશ્રી, માછીમારોની બોટો લઈ જાય છે ત્યારે એની બોટો પાછી આપતા નથી એના અનુસંધાને કેન્દ્રએ પાંચ લાખ રૂપિયા જે બોટો ગઈ હોય એને પૅકેજ જાહેર કર્યુ છે તમે શું કરવા માગો છો એ કહો? એક બોટના પાંચ લાખ રૂપિયા કેન્દ્ર સરકારે આપવાનું જાહેર કર્યુ છે.

**અધ્યક્ષશ્રી .** : અહીંયા બેઠેલા બધા સાંભળી શકે છે, ધીમેથી બોલો પ્લીઝ.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : સાહેબ મેં કહ્યું કે અમે પચાસ રૂપિયા પર ડે, પર હેડ આપીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

# શિક્ષણ મંત્રીશ્રીનું નિવેદન નિયમ-૪૪

### કન્યા કેળવણીના ઉત્તેજન માટે વિશેષ સુવિધાઓ તથા પ્રોત્સાહક યોજનાના અમલ અંગે

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, કન્યા કેળવણીને ઉત્તેજન આપવા સારું વિશેષ સુવિધાઓ તથા પ્રોત્સાહક યોજના અમલમાં મૂકવા અંગે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૪૪ હેઠળ હું નિવેદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દિવસ છે. સૌને હું શુભેચ્છા પાઠવું છું. ગુજરાતની સ્વર્ણીમ આવતીકાલના નિમાર્ણ માટે શિક્ષણ એ વિકાસનો મૂળભૂત પાયો છે. કોઈપણ રાષ્ટ્રના વિકાસ માટે સ્ત્રી હોય કે પુરુષ, દીકરો હોય કે દીકરી વિકાસમાં સમાન ભાગીદારી જરૂરી છે. મહાત્મા ગાંધીજી કહેતા હતા કે, 'દીકરો ભણે તો એક વ્યક્ત ભણે છે પરંતુ દીકરી ભણે તો એક પરિવાર ભણે છે'. (અંતરાય) ( આ તકે વિરોધપક્ષના મોટાભાગના સભ્યો તેમની જગ્યાએ ઊભા થઈ જતાં )

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : દલિત રેલીમાં મહિલાઓ ઉપર લાઠી ચાર્જ થયો છે. (અંતરાય)

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ મહિલા દીન છે ત્યારે આ મહિલાઓનું અપમાન કરી રહ્યા છે ( અંતરાય ) તમે બધા, જ્યારે મહિલાઓ માટે યોજનાઓની અહીં જાહેરાતો થાય છે સાહેબ, આ બધા મહિલાઓનો વિરોધીઓ છે. જ્યારે મહિલાઓ માટેની યોજનાઓની જાહેરાતો થાય છે ત્યારે આપ શું કામ વિરોધ કરી રહ્યા છો? મહિલા વિરોધીઓ છે બધા ( અંતરાય )

**અધ્યક્ષશ્રી .** : પ્લીઝ બેસો બધા, ( અંતરાય ) પ્લીઝ ( અંતરાય )

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, દલિત મહિલાઓ ઉપર ( અંતરાય )

**અધ્યક્ષશ્રી** : બેન ચાલો. બોલો હવે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આજે મહિલાઓ ઉપર લાઠી ચાર્જ થયો છે ( અંતરાય )

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : મને જ્યારે હું મહિલાઓ માટેની યોજનાઓની જાહેરાત કરી રહી છું ત્યારે વિરોધપક્ષ સાંભળવા માટે તૈયાર નથી અને આજે લાગે છે કે, મહિલા દીન નિમિત્તે કોંગ્રેસ વિરોધ કરી રહી છે. મહિલાઓનો વિરોધ કરી રહ્યા છે (અંતરાય) મહિલાઓની યોજનાઓની જયારે હું જાહેરાત કરી રહી છું ત્યારે સાથી વિરોધ પક્ષના સભ્યો સાંભળવા તૈયાર નથી. આઝાદીના ૬૦ વર્ષે પણ કન્યા શિક્ષણ ક્ષેત્રે ઘણુ બધુ કરવાની જરૂર જણાય છે. પરિવાર હોય, સમાજ હોય, પંચાયતો હોય કે સરકારો હોય ભૂતકાળમાં આ બાબતે જાગૃત પ્રયાસોની જરૂર હતી.

ભારત સરકારના અહેવાલ પ્રમાણે વર્ષ-૨૦૦૧માં મહિલા સાક્ષરતાનો દર આશરે ૫૭ ટકા હતો તેની સામે પુરુષોનો સાક્ષરતાનો દર આશરે ૮૦ ટકા હતો. ભારત સરકારના આંકડા સ્વયં સ્પષ્ટ છે કે આઝાદી પછી કન્યા કેળવણીના મહત્વને સમજવામાં આપણે નિષ્ફળ ગયા હતા. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, જુઓ એક ચિઠ્ઠી આ ગૃહમાં આવી છે એ બરાબર નથી. હું વાંચી જઉં છું. માનનીય અર્જુનભાઈ મોઢવાડીયા સાહેબ, રાજુભાઈ પરમારનો ફોન હતો કે આજની રેલીના મુદ્દા અંગે પ્રસંગને રેકર્ડ ઉપર લાવવા અને પોતાની જગ્યા પર બેઠા બેઠા રજૂ કરવા ત્યારબાદ એની ઉપર થયેલ લાઠીચાર્જ, ટીયરગેસ અને પાણીનો મારો ચલાવેલ છે. એવી રજૂઆત પણ કરવી (અંતરાય) અહીં ના વંચાય. નો. નો. પ્લીઝ. (અંતરાય) (આ તબકકે વિરોધ પક્ષના સભ્યો દ્વારા ઉભા થઈને દલિત વિરોધી સરકાર નહીં ચલેગી, નહીં ચલેગી સૂત્રોચ્ચારકર્યા)

# વિશેષાધિકારભંગનો મુદ્દો

### સભાગૃહમાં પત્રિકા સ્વરૂપની ચિઠ્ઠી મોકલવા અંગે

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. સભાગૃહની બહાર બનેલી ઘટનાને પ્રતિભાવ આપવો એ એક અલગ વસ્તુ છે. પરંતુ રાજુભાઈ પરમાર નામની વ્યકિતએ એમણે લખેલો આદેશ એ આ સભાગૃહની અંદર આ સભાગૃહના સભ્યોને મોકલીને એમણે જે આદેશ મોકલ્યો છે એ વિશેષાધિકારનો ભંગ છે. એમણે જે જાતની ચિઠ્ઠી મોકલી છે એ આ સભાગૃહનું અવમાન છે. આ સભાગૃહના વિશેષાધિકારનો ભંગ થાય છે. કોઈપણ બહારની વ્યકિત આ જાતની પત્રિકા સભાગૃહમાં વહેંચી શકે નહીં, વહેંચાવડાવી શકે નહીં. આ સભાગૃહના ઔચિત્ય અને વિશેષાધિકાર ભંગની ઘટના એ ગંભીર પ્રકારની ઘ

ટના છે. ૧૯૬૦થી આ સભાગૃહની અંદર આજસુધી કોઈપણ બહારની વ્યકિતએ આ પ્રકારની પત્રિકા આ સભાગૃહમાં મોકલી નથી અને આ રીતે સભાગૃહમાં પત્રિકાઓને મોકલવી તે ઔચિત્યભંગ છે એ ગુનો બને છે. એ ગુના માટે આપ જોશો તો પાર્લામેન્ટરી પ્રૅક્ટિસમાં લોકસભામાં આવી પ્રવૃત્તિ કરનાર સામે સજા પણ થઈ હતી એટલા માટે કાર્યાલયની અંદર પટાવાળો આપવામાં આવે છે. એ સૂચના આપવી હોય તો દંડકને બહાર બોલાવીને સૂચના આપી શકે એનો મને કોઈ વાંધો નથી. કોંગ્રેસ પક્ષની અંદરથી સૂચના આવે એ અલગ વસ્તુ છે. એ એમનો અધિકાર છે, પણ આ સભાગૃહની અંદર રાજુભાઈ પરમાર નામના બહારના વ્યક્તિએ સભાગૃહની અંદર આવીને પત્રિકા મોકલે. મારો વાંધો પત્રિકાનો છે. સંદેશાનો નથી. પત્રિકા ન મોકલી શકાય. આ સભાગૃહની અંદર પત્રિકાઓ મોકલવી એ ઔચિત્ય ભંગ છે અને જેમણે પત્રિકા મોકલી છે, એને સજાની કક્ષાના પગલાં ભરવા માટે હું માગણી કરું છું. માત્ર પૉઈન્ટ ઑફ ઑર્ડરનો સવાલ નથી. સભાગૃહના ગૌરવનો સવાલ છે. આ સભાગૃહની અંદર કયારેય ૧૯૬૦ થી આજસુધી આવી ઘટના બની નથી. પત્રિકા આપની સમક્ષ વહેંચાઈ છે. પત્રિકા એ કાર્યાલયના પટ્ટાવાળાને અહીંયા આપવા માટે મોકલી છે. પત્રિકા દ્વારા આદેશ આપવામાં આવ્યો છે. સાહેબ, સભાગૃહની અંદર બહારની વ્યક્તિ આ સભાગૃહની અંદર આદેશ આપી શકે જ નહિ. આ ઔચિત્ય ભંગની સૌથી મોટી ઘટના ૧૯૬૦ થી આજસુધી નથી બની. લોકસભાની અંદરનો દાખલો ખ્યાલ છે એ હું ટાંકીશ, જ્યારે ટાંકવાનો આવશે ત્યારે. આવી રીતે પટ્ટાવાળો બહારથી આવીને આ પ્રકારે કર્યુ હતું, તેને પણ સજા થઈ હતી. જો સજાને પાત્ર હોય તો રાજુભાઈ પરમાર છે કે જેમણે સભાગૃહની અંદર પત્રિકા મોકલી છે. જેમાં પત્રિકા ઉપરથી નાખવાની ઘટના બને છે અને તેમાં જે સજા થાય છે એ જ પ્રકારની ઘટના એટલો જ ગંભીર પ્રકારનો ગુનો રાજુભાઈ પરમારે કર્યો છે. રાજુભાઈ પરમારને સજા કરવી જોઈએ એવો પ્રસ્તાવ હું મૂકું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઈએ જે દરખાસ્ત મૂકી છે, પ્રસ્તાવ મૂક્યો છે એને મારું સમર્થન આપું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અશોકભાઈ સાહેબે પૉઈન્ટ ઑફ ઑર્ડર કઈ કલમના આધાર ઉપર આટલા વિદ્વાન હોવા છતાં કઈ કલમના આધાર ઉપર લાવ્યા છે તે પણ વાત કરી નથી. કોઈપણ નિયમ એ નિયમ ટાંકીને વાત થવી જોઈએ. આજે આટલા વિદ્વાન હોવા છતાં નિયમ ટાંક્યો નથી અને જે વાત કરી છે. એ વાત હું એ કહેવા માગું છું કે માનનીય અશોકભાઈ સાહેબે રાજુભાઈ પરમારનો ઉલ્લેખ કર્યો છે. માત્રને માત્ર ત્યાં આગળથી જે આવ્યું છે ઉપનેતા પાસે, જે આજે અત્યાચાર થયો આજે ૧૦,૦૦૦ મેદની ઉપર, બહેનો ઉપર જબરજસ્ત લાઠીચાર્જ થયો. એમના ઉપર આટલો બધો એ કરવામાં આવે (અંતરાય) મને રક્ષણ આપો. હું વાત કરવા માગું છું. જ્યારે હું વાત કરતો હોય જે નિમિત્તનું થયું છે, તે નિમિત્ત વિષે (અંતરાય) નિમિત્ત બન્યું છે, જેના ઉપર પૉઈન્ટ ઑફ ઑર્ડર અશોકભાઈ લાવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : વિશેષાધિકાર છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : હું એની જ વાત કરું છું. જે વિષય ઉપરની વાત છે, તેના ઉપર હું બોલી રહ્યો છું. જ્યારે દલિત સમાજ (અંતરાય) વજુભાઈ હું બોલું છું. મને આદેશ આપ્યો છે, એટલે હું ઊભો છું. મને રક્ષણ આપો તો હું બોલી શકું. (અંતરાય) (આ તબક્કે સભ્યશ્રી રમીલાબેન દેસાઈ તેમના સ્થાન ઉપર ઊભા થઈ પત્રિકા બતાવતા )

**અધ્યક્ષશ્રી** : ત્યાં કોઈ પ્રદર્શન ન થાય, પગલાં લેવામાં આવશે. કોઈ પ્રદર્શન ન કરે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : અશોકભાઈ સાહેબે વાત કરી તે માત્રને માત્ર રાજુભાઈએ ત્યાં આગળ પત્રિકા નથી મોકલી. કે તેમના નામની કોઈ ચિઠ્ઠી મોકલી છે. તેમને તો માત્ર એ વાત કરી છે. દલિત સમાજની બહેનો અને ભાઈઓ ઉપર જબરજસ્ત લાઠીચાર્જ કરવામાં આવ્યો છે. તેમના ઉપર પાણીના ફુવારાઓ મારવામાં આવ્યા છે. પોલીસે અત્યાચાર કર્યો છે. તે વાત છે. તે વાત છે. અધ્યક્ષશ્રી, મને બોલવા તો દો. પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર બોલી રહ્યો છું. તેની ઉપર બોલી રહ્યો છું. આમ વચ્ચે.

**અધ્યક્ષશ્રી** : આ પૉઈન્ટ ઑફ ઑર્ડર નથી. વિશેષાધિકાર ભંગ છે. પૉઈન્ટ ઑફ ઑર્ડર નથી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું તેની વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : તમે કયાં તેની વાત કરો છો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, રાજુભાઈ પરમારે.. હું તેની ઉપર જ બોલું છું. તેની ઉપર જ બોલું છું. અશોકભાઈ વાત કરતા હતા અને તેમને તો માત્ર સરકારમાં જે થઈ રહ્યું છે, જે અત્યાચાર થઈ રહ્યા છે તે બાબતની વાત આજે અહીં આગળ(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ચિઠ્ઠીમાં કન્ટેઈન શું છે તેની સાથે સવાલ નથી. હાઉસમાં આ પ્રકારનું પેમ્ફલેટ આપી શકે નહીં અને આપે તો તે વિશેષાધિકાર ભંગ થાય. તેની અંદર શું છે તેની સાથે સવાલ નથી. વિગતો સાથે સવાલ નથી. ખાલી ઝીરો કરીને પેમ્ફલેટ મોકલે તો ગુનો બને છે. હાઉસમાં વહેચવું તે ગુનો બને છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, પેમ્ફલેટ વહેચ્યું નથી. પટાવાળાએ વહેચ્યું છે તે આપે જોયું છે? માત્ર ઉપદંડકશ્રીને બતાવતો હતો. બતાવતો હતો. ખાલી ઉપદંડકને બતાવતો હતો. ઉપનેતાને બતાવતો હતો. હજી આપ્યું નથી.

**અધ્યક્ષશ્રી** : બધે વહેચ્યું છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, તમે તેને પાછો બોલાવી લીધો છે. તમે વિડિયો દેખી શકો છો. તમે દેખી શકો છો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આના બદલે આપ નિર્ણય આપી દો. એટલા માટે કે આપે જ ડીકલેર કર્યુ છે. ચિઠ્ઠી લઈને (અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : પહેલાં અમને સાંભળો પછી બોલો ને?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી,

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : અશોકભાઈ હું બોલું છું. આ કંઈ રીતે ઉભા થઈ શકે. અમને રક્ષણ નહીં આપવાનું? મારા પોઈન્ટ ઑફ ઑર્ડર ઉપર બોલી રહ્યો છું. હું જે વાત કરી રહ્યો છું. પટાવાળાએ વહેંચ્યું નથી આપે જોયું છે. આપે તેને સૂચના આપી છે કે તમે બહાર નીકળી જાઓ એટલે તે બહાર નીકળી ગયો છે. ચિઠ્ઠી એકપણ વ્યકિતને બતાવી નથી. તમે જે વાંચ્યું છે તે અમે જોયું છે. અમે તો એમ કહીએ છીએ કે સરકાર અત્યાચારો કરી રહી છે. દલિત સમાજ ઉપર અત્યાચાર થઈ રહ્યા છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ચિઠ્ઠીના કન્ટેઈન સાથે સવાલ નથી.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બલવંતભાઈએ, માનનીય દંડકશ્રીએ (અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : મારી વાત પૂરી કરવા દો. કયાં રીપીટ કરું છું.

**અધ્યક્ષશ્રી** : તમે કેટલું લાંબું બોલ્યા.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : સાહેબ હું લાંબુ નથી બોલતો.

**અધ્યક્ષશ્રી** : આપ રીપીટ કરો છો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : રીપીટ નથી કરતો. હું માત્ર આ જે વાત કરું છું. મને વાત કરવા દો. આવું ચાલશે? હું જે કહેવા માગું છું તે બહું શાંતિથી કહું છું. જ્યારે આપે સૂચના આપી ત્યારે હું પ્રત્યક્ષ જોઈ રહ્યો હતો. હજી તે આવ્યો હતો અને આપે એમ કહ્યું કે તુ બહાર નીકળી જા. મેં જોયું છે. એ બહાર નીકળીને ઉભો હતો અને આપે ચિઠ્ઠી મંગાવી અને તુરત જ ચિઠ્ઠી આપી દીધી છે. ચિઠ્ઠીની અંદર શું હતું કે શું નહિ અને આપે વાંચ્યું છે ત્યારે આ બાબતે મારે કહેવું છે. મારે જે વાત કરવાની છે કે માત્ર ઉપનેતાને બતાવ્યું નથી અને આપે કહ્યું એટલે બહાર નીકળી ગયો છે. આ સ્થિતિ છે. આપે જ્યારે ચિઠ્ઠી વાંચી છે ત્યારે અમારે કહેવાનું છે કે આ સરકાર આ રીતનો અત્યાચાર કરે, દલિતો પર અત્યાચાર કરે એટલે આવો પૉઈન્ટ ઑફ ઑર્ડર બનતો નથી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, કન્ટેઈન સાથે સવાલ નથી. બધા શબ્દો કાઢી નાંખવા જોઈએ. કન્ટેઈન સાથે સવાલ નથી. ચિઠ્ઠી હાઉસમાં મોકલવી તે વિશેષાધિકાર ભંગ છે. આટલી જ વાત છે.

**શ્રીઅશોક ભટ્ટ**: માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર નથી. મારો વિશેષાધિકારનો મુદ્દો છે અને વિશેષાધિકારનો મુદો ૨૪૯ નીચે છે. નિયમ ૨૪૯ની નીચે વિશેષાધિકાર ભંગનો મુદો સભાગૃહનું અપમાન સભાગૃહની નજર સમક્ષ કરવામાં આવ્યું હોય ત્યારે કોઈ પણ સભ્ય તે બાબત ઔપચારિક રીતે સભાગૃહના ધ્યાન ઉપર લાવે તે સિવાય પણ સભાગૃહ તે બાબતમાં પગલાં લઈ શકે છે. ૨૫૦માં કહ્યું છે કે, સભાગૃહના વિશેષાધિકારનો ભંગ અને અપમાનનો કોઈ પ્રશ્ન સભાગૃહમાં લાવવા ઈચ્છતા સભ્યે લેખિત આપવું પડે. અત્યારે ૨૪૯ લાગુ પડે છે. ૨૪૯ નીચે આ સભાગૃહમાં રાજુભાઈ પરમાર નામના બહારના કોઈ વ્યકિતએ આ સભાગૃહની અંદર એક પત્રિકા મોકલી આ પત્રિકા (અતરાય) માધુભાઈ, જૂઠ્ઠાને સાચવવાનો મહેરબાની કરીને પ્રયત્ન ન કરો. બધાની પાસે એ પત્રિકા આવી છે અને પત્રિકા મોકલવામાં આવી છે અને એ પત્રિકા બધાને અહીં વેચવામાં આવી છે અને બધા સભ્યશ્રીઓએ ઊંચા હાથ કરીને બતાવી છે. એમને મળી છે એ બાબત હકીકત છે.(અંતરાય) માનનીય ચંદ્રિકાબેન, મહેરબાની કરીને જૂઠું આટલી નાની બાબતમાં ન બોલો. તમે જ ચીઠ્ઠીને બતાવી છે, તમે જ બતાવી છે. એટલા માટે આ પત્રિકા વહેંચવી એ વિશેષાધિકારનો પ્રશ્ન થાય છે અને એ એટલો જ ગુનો બને છે જેટલો ગૃહની અંદર બહારની વ્યકિત ઉપરથી ગેલેરીમાંથી પત્રિકા નાંખે અને જેટલો ગુનો બને અને એને આપણે સજા કરીએ છીએ એ પ્રકારની સજા થઈ શકે એવી આ ઘટના છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપને હું વિશેષાધિકારનો મુદ્દો ઉઠાવીને રાજુભાઈ પરમાર જેમણે આ પત્રિકાઓ મોકલી છે અને જે પટાવાળા દ્વારા અહીંયા મોકલી છે અને એમણે અહીંયા બધાને વહેંચી છે એની સામે વિશેષાધિકાર ભંગનો મુદ્દો ઉપસ્થિત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બળવંતભાઈએ જે વાત કરી છે એ વાતમાં કોઈ તથ્ય નથી અને એટલા માટે મારો ઉઠાવેલો મુદ્દો અને વજુભાઈએ જેને ટેકો આપ્યો છે એને આ સભાગૃહમાં મત માટે મૂકીને આપ કાર્યવાહીને આગળ ધપાવો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હવે બધા ઘણું બોલ્યા છે. (અંતરાય) એમણે વિશેષાધિકારનો મુદ્દો ઉઠાવ્યો છે, એમાં તમે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવો એ કેવી રીતે ચાલે? હવે આમાં બોલવાનો કોઈ સવાલ જ નથી. મેં જાતે જોયું છે પછી ક્યાં સવાલ છે? (અંતરાય)

માનનીય સંસદીય મંત્રીશ્રીએ ઉપસ્થિત કરેલ વિશેષાધિકારના મુદ્દાને જે માનનીય સભ્યો અનુમતિ આપવાની તરફેણમાં હોય તેઓ તેમની જગ્યા પર ઊભા થાય.

**આ તબક્કે સભાગૃહમાં ૧૭ કરતાં વધારે સભ્યશ્રીઓ ઊભા થયા**

**અધ્યક્ષશ્રી** : હવે માનનીય સંસદીય મંત્રીશ્રીએ ઉપસ્થિત કરેલ વિશેષાધિકારના મુદ્દાને ગૃહની અનુમતિ મળી છે તેથી હું આ મુદ્દો તપાસ અને અહેવાલ અર્થે નિયમ ૨૫૩ હેઠળ વિશેષાધિકાર સમિતિને સોંપું છું.

**વિશેષાધિકારનો મુદ્દો નિયમ ૨૫૩ હેઠળ વિશેષાધિકાર સમિતિને સોંપવામાં આવ્યો**

# શિક્ષણ મંત્રીશ્રીનું નિવેદન નિયમ-૪૪ (ક્રમશ:)

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભૂતકાળની સરકારોની નિષ્ફળતાને કોષવાને બદલે રચનાત્મક અભિગમ અપનાવ્યો છે. શિક્ષણ ક્ષેત્રે વિશેષ કરીને કન્યા કેળવણી માટે વિશેષ અભિયાન ઉપાડયુ. ધોમધખતા તાપમાં જૂન મહિનામાં કન્યા કેળવણી મહોત્સવ હોય, શાળા પ્રવેશોત્સવ હોય, સાક્ષરદીપ કાર્યક્રમ હોય, વિદ્યાલક્ષ્મી બોન્ડ જેવી અનેકવિધ પ્રોત્સાહક પ્રવૃત્તિને કારણે કન્યા કેળવણી જન આંદોલન બની ગયું.(અંતરાય)

માનનીય મુખ્યમંત્રીશ્રી, મંત્રી મંડળના સભ્યો, સંસદ સભ્યો, ધારાસભ્યો, પદાધિકારીઓ, સનદી અધિકારીઓ ભર ઉનાળે ૪૫ ડિગ્રી તાપમાન વચ્ચે કન્યા કેળવણી રથ લઈને ગુજરાતના ગામડા ખૂંદતા રહ્યાં. ગુજરાતના છેવાડાના માનવીને આ બાબત સ્પર્શી ગઈ. સતત ૫ વર્ષના એકધારા પ્રયાસોના સુફળ પણ મળ્યા છે. વર્ષ ૨૦૦૬-૦૭માં ૯૯ ટકા કરતા પણ વધુ શાળા પ્રવેશમાં સિધ્ધિ મળી છે (અંતરાય.) (આ તબકકે વિરોધ પક્ષના સભ્યો તરફથી સતત સૂત્રોચ્ચાર ચાલુ )

કન્યાઓનું શાળા છોડી જવાનું પ્રમાણ ( ડ્રોપ આઉટ રેટ ) ની વિગતો નીચે મુજબ છે. સન ૧૯૯૮-૯૯માં ધોરણ ૧ થી ૫માં ડ્રોપ આઉટ રેટ ૨૭.૫૬ ટકા હતો જેને આ રાજય સરકારે ૨૦૦૬-૦૭માં ૩.૬૮ ટકા ઉપર લઈ આવ્યા છીએ. ૧૯૯૮-૯૯માં ધોરણ ૧ થી ૭નો ડ્રોપ આઉટ રેટ ૪૯.૭૪ ટકા હતો તે આ સરકારે ૨૦૦૬-૦૭માં ૧૧.૬૪ ટકા ઉપર લાવીને મૂકયો છે.

છેલ્લા ત્રણ વર્ષથી અમલમાં મુકાયેલ સાક્ષરદીપ કાર્યક્રમમાં કુલઈ ૨૬.૭૫ લાખ જેટલી નિરક્ષર વ્યકિતઓ સાક્ષર બનેલ છે. જેમાં ૧૬.૨૫ લાખ જેટલી તો મહિલાઓ સાક્ષર બનેલ છે.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ કન્યા કેળવણીને જન આંદોલન તો બનાવ્યું જ પણ સાથે સાથે પોતાની અંગત પ્રતિબધ્ધતાના દર્શન કરાવી દેશ માટે અને ગુજરાત માટે જાહેર જીવનમાં નવા મૂલ્યોના દર્શન કરાવ્યાં.

ગામડે ગામડે અને પછાત વર્ગોના જુદા જુદા સમાજોના સંમેલનોમાં ' હું ભિક્ષુક બનીને આવ્યો છું, મને તમે તમારી દીકરીઓને ભણાવવાનું વચન આપો ' એવી હ્રદયસ્પર્શી ટહેલ નાંખતા મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના જાહેર જીવનને કન્યા કેળવણી ખાતર નવી ઉંચાઈ ઉપર ગૌરવભેર મૂકયું છે.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ પોતાને મળેલ ભેટ સોગાદો રાજયની તિજોરીમાં જમા કરાવવાની નવી કેડી કંડારી છે. સને ૧૯૬૦ થી ૨૦૦૧ સુધીના ૪૦ વર્ષના ગુજરાતમાં ભૂતકાળની સરકારો અને મુખ્યમંત્રીશ્રીઓ દ્વારા તોશાખાનામાં કુલ ૧૬૮ ભેટ સોગાદો જમા કરાવી હતી. જયારે પાંચ જ વર્ષમાં ૨૪૦૦ જેટલી ભેટ સોગાદો તોશાખાનામાં જમા કરાવી માનનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કન્યા કેળવણી અંગે સમગ્ર દેશના જાહેર જીવનમાં વ્યકિતગત પ્રતિબધ્ધતાનું બેમિશાલ દ્રષ્ટાંત પૂરું પાડયું છે.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ મળેલ ભેટ સોગાદોની જાહેર હરાજીથી મેળવેલ રકમ ' મુખ્યમંત્રીશ્રીની કન્યા કેળવણી નિધિ'માં જમા કરાવવામાં આવે છે.

મુખ્યમંત્રીશ્રીની કન્યા કેળવણી નિધિમાં આશરે રૂપિયા ૧૧ કરોડ કરતા પણ વધુ રકમ જમા થઈ છે. આ રૂપિયા ૧૧ કરોડ જેટલી માતબર રકમ કન્યા શિક્ષણને પ્રોત્સાહન માટે ખર્ચવાની માનનીય મુખ્યમંત્રીશ્રીની નેમ છે.

મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિનો ઉપયોગ કન્યાઓના શિક્ષણના વિકાસ માટે થાય તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ આ મહત્વપૂર્ણ યોજના અમલમાં મૂકવામાં આવનાર છે.

**મુખ્યમંત્રીશ્રીની કન્યા કેળવણી નિધિ યોજના**

૧ ૩૦ આર્થિક પછાત તાલુકાની ધોરણ ૮માં પ્રવેશ મેળવેલ અને અભ્યાસ કરતી આશરે ૨૫ હજાર જેટલી કન્યોઓને કન્યા દીઠ રૂપિયા એક હજારની કિંમતના બોન્ડ આપવા માટે રૂપિયા બે કરોડ પચાસ લાખ જેટલો ખર્ચ કરવામાં આવશે.

૨ ૩૦ આર્થિક પછાત તાલુકાની મેડીકલ, એન્જીનીયરીંગ, એમ.બી.એ., એમ.સી.એ. વગેરેમાં અભ્યાસ કરતી આશરે ૨૦ કન્યાઓને કોમ્પ્યુટર આપવા માટે રૂપિયા પાંચ લાખ જેટલો ખર્ચ કરવામાં આવશે.

૩ ૩૦ આર્થિક પછાત તાલુકાની ધોરણ ૧૧ તથા ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતી કન્યાઆને અભ્યાસ અંગે વધુ માર્ગદર્શન સારું વિશિષ્ટ તાલીમની વ્યવસ્થા કરવી. આ માટે અંદાજે રૂપિયા એકવીસ લાખ જેટલો ખર્ચ થનાર છે.

૪. સિવિલ સર્વિસીસની પરીક્ષાની પૂર્વ તૈયારી સારુ સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા, સ્પીપા દ્વારા ચલાવવામાં આવતા તાલીમી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ કન્યાઓને અભ્યાસક્રમની ફી, પરીક્ષા ફી, હોસ્ટેલ ફી અને પુસ્તકો માટે થઈને રૂપિયા દસ હજારની મર્યાદામાં આર્થિક સહાય આપવા માટે અંદાજે રૂપિયા એક લાખ પચાસ હજારનો ખર્ચ થનાર છે.

૫. માન્યતા પ્રાપ્ત વ્યવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ ૩૦ આર્થિક પછાત તાલુકાની કન્યાઓને હોસ્ટેલ ફી, અભ્યાસક્રમ ફી, ગણવેશ સારુ આર્થિક સહાય આપવામાં આવશે. આશરે ૧૦૦૦ કન્યાઓને આ લાભ મળવાપાત્ર થશે, જે માટે રૂપિયા એક કરોડનો ખર્ચ થનાર છે.

૬. એસ.એસ.સી. અને એચ.એસ.સી., તમામ પ્રવાહમાં દરેક તાલુકામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર કન્યાઓને રૂપિયા પાંચ હજારનો પુરસ્કાર આપવા માટે આશરે રૂપિયા બે કરોડ જેટલો ખર્ચ થનાર છે.

૭. એસ.એસ.સી. અને એચ.એસ.સી. તમામ પ્રવાહમાં દરેક તાલુકામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવે તેવી અપંગ કન્યાને રૂપિયા પાંચ હજાર સહાયક પુરસ્કાર આપવા માટે આશરે રૂપિયા બે કરોડ જેટલો ખર્ચ થનાર છે.

૮. કન્યા કેળવણીના સંદર્ભમાં દરેક જિલ્લામાં કોઈ સંસ્થા કે વ્યકિત વિશિષ્ટ કામગીરી કરતી હોય તથા કન્યા કેળવણીને ઉત્તેજન પૂરું પાડવા માટે કાર્યરત હોય તેવી સંસ્થા કે વ્યકિતને જિલ્લા દીઠ 'કન્યા કેળવણી ગૌરવ પુરસ્કાર' તથા પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવશે. જેમાં પ્રથમ ઈનામ રૂપિયા પચાસ હજાર, દ્વિતીય ઈનામ રૂપિયા ચાલીસ હજાર અને તૃતીય ઈનામ રૂપિયા ત્રીસ હજાર જિલ્લાવાર આપવાનું આયોજન છે. આ માટે આશરે રૂપિયા ૩૦ લાખ જેટલો ખર્ચ થનાર છે.

૯. જે કુટુંબમાં માત્ર દીકરીઓ જ હોય તેવા બી.પી.એલ. કુટુંબની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી કન્યાને રૂપિયા એક હજારનું પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે. આ માટે આશરે રૂપિયા દસ લાખ જેટલો ખર્ચ થનાર છે.

૧૦. જે પ્રાથમિક શાળામાં કન્યાઓનું ૧૦૦ ટકા નામાંકન થયેલ હોય અને ડ્રોપ આઉટ રેટ શૂન્ય હોય તેવી શાળાને અભિનંદન પત્ર તેમજ તમામ શિક્ષકોને પ્રમાણપત્ર અને શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિના વિકાસ માટે રૂપિયા પચ્ચીસ હજારનું ઈનામ આપવામાં આવશે. આ માટે રૂપિયા પચ્ચીસ લાખ જેટલો ખર્ચ થનાર છે.

આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે માન. મુખ્યમંત્રીશ્રીની કન્યા કેળવણી નિધિના અમલ માટેની યોજનાની આ સન્માનનીય સભાગૃહને જાણ કરતા ગૌરવ અનુભવું છું. મને વિશ્વાસ છે કે માન. મુખ્યમંત્રીશ્રીની કન્યા કેળવણી માટેની પ્રતિબદ્ધતાનું આ ઉમદા ઉદાહરણ રાજયમાં નારી ગૌરવને બળ આપશે. કન્યા કેળવણી ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિઓ હાંસલ થશે. જય જય ગરવી ગુજરાત.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ મહિલા દિવસ માટેની બાબતો માટેની જાહેરાત હોય તે આવકાર્ય છે. વિધાનસભાના ગૃહની અંદર ગૃહ વિભાગની તમામ ધારાસભ્યોના ખાનામાં વિશ્વ મહિલા દિન નિમિત્તે ઉજવણીનો પ્રોગ્રામ હોય અને આપણા વિભાગમાં, આપણી સત્તામાં આવે છે ત્યારે આજે સ્પોર્ટસ ઓથોરિટી દ્વારા વિશ્વ મહિલા દિન-૨૦૦૭ની ઉજવણી છે. (સતત અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભામાં કોઈ કાર્યવાહી થઈ હોય તો એના માટે કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર હોય. બહારની છાપેલી પત્રિકા ઉપર અહીં પોઈન્ટ ઓફ ઓર્ડર ન હોય. આવું તો રોજેરોજ છપાય છે. આ પોઈન્ટ ઓફ ઓર્ડર હોય નહીં. કોઈ સંજોગોમાં વિધાનસભામાં કોઈ કાર્યવાહી થઈ હોય અને એ નિયમની વિરૂદ્ધ હોય તો પોઈન્ટ ઓફ ઓર્ડર હોય. આમાં કોઈ દિવસ પોઈન્ટ ઓફ ઓર્ડર ન હોય. (અંતરાય) નહીંતર તો છાપાના છાપા લઈને તમે આવો. પત્રિકાઓ લઈને આવો. આ વિધાનસભા છે. તમારા કાર્યાલયમાં બેઠા બેઠા ચર્ચા કરજો. (સતત અંતરાય) આ વિધાનસભા છે. અહીં ના વંચાય. કયા મુદ્દા ઉપર પોઈન્ટ ઓફ ઓર્ડર છે? (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, સાંભળી લો કે પોઈન્ટ ઓફ ઓર્ડર કયારે હોઈ શકે કે આ ગૃહ જયારે ચાલતું હોય અને કોઈ વ્યકિત અહીંયાં જે હોય અને એ માણસ ગૃહને ડિસ્ટર્બ થાય, ગૃહ વ્યવસ્થિત ના ચાલે એવા કોઈના પ્રયત્નો હોય, અલગ રીતે એનું વર્તન હોય એવા સમયે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કરી શકાય છે. આ પત્રિકા જે હોય બહાર એના અંગેનો કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર ના આવી શકે, અહીંયાં કોઈ કાર્યવાહી થતી હોય તો આવી શકે, બાકી અહીંયાં એ ના થઈ શકે, એ અહીંયાં ના આવી શકે. (અંતરાય અને સતત ધોંધાટ)

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : એ પત્રિકા અમારા ખાનામાં આવેલ છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ પત્રિકા આપને મોકલાવું છું. (સતત અંતરાય અને ધોંધાટ)

**(માનનીય સભ્યશ્રી રમીલાબેન દેસાઈએ પોતાની જગ્યા ઉપર ઉભાં રહીને પત્રિકાનું પ્રદર્શન કરવાનું સતત ચાલુ રાખ્યું)**

**અધ્યક્ષશ્રી** : નેક્સ્ટ....(સતત અંતરાય ચાલુ)

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ અને હિસાબો

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**
(રમીલાબેન દેસાઈ દ્વારા પત્રિકાનું સતત પ્રદર્શન જારી)

### ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનો સન ૨૦૦૫-૨૦૦૬ નો વાર્ષિક વહીવટ અહેવાલ અને કામચલાઉ હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વહીવટી અહેવાલ અને કામચલાઉ વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી રમણલાલ વોરા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૨-૨૦૦૩ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**
(રમીલાબેન દેસાઈ દ્વારા પત્રિકાનું સતત પ્રદર્શન જારી)

### ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

**શ્રી રમણલાલ વોરા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૦૪-૨૦૦૫ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

**(રમીલાબેન દેસાઈ દ્વારા પત્રિકાનું સતત પ્રદર્શન જારી)**

**ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમનો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી રમણલાલ વોરા ( સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૦૩-૨૦૦૪ નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

**(રમીલાબેન દેસાઈ દ્વારા પત્રિકાનું સતત પ્રદર્શન જારી)**

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ (અંતરાય)

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

**અધ્યક્ષશ્રી** : તારીખ ૭ મી માર્ચ, ૨૦૦૭ના રોજ અધૂરી રહેલી ચર્ચા હવે આગળ ચાલશે. માનનીય સભ્યશ્રી સી. જે. ચાવડા.

**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ** : (પોતાની જગ્યા પર ઉભા થઈને પત્રિકા પ્રદર્શિત કરતા કરતા) માનનીય અધ્યક્ષશ્રી, મારી સાથે ન્યાય કરો.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સને ૨૦૦૭-૦૮નું જે અંદાજપત્ર લઈને આવ્યા છે, તેનાથી ગુજરાતના આમ આદમીને કોઈપણ પ્રકારનો ફાયદો થાય તેમ નથી. (અંતરાય) સાહેબ, ચાલુ જ છે. આ ગુજરાત રાજયની રચના થયા પછી ૩૦ વર્ષ સુધી ગુજરાત રાજયના વિકાસના કામો કોંગ્રેસે કર્યા છે. છેલ્લા પંદર, સોળ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકારે જયારથી ગુજરાતનું શાસન સંભાળ્યું છે, ત્યારથી માનનીય નાણામંત્રીશ્રીએ પોતાના બહોળા અનુભવનો ઉપયોગ કરીને આંકડાને ભરમાવીને ગુજરાતના લોકોનું અહિત થાય એવું અંદાજપત્ર રજૂ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની આવક વધી છે. ઉત્પાદન વધે અને ખેડૂત આબાદ થાય એનાથી કોંગ્રેસને કે અમને કોઈને વાંધો નથી. પણ, માનનીય અધ્યક્ષશ્રી, દરેક બાબતનો યશ ગુજરાતની સરકાર કે મંત્રીને નહીં, પણ માનનીય મુખ્યમંત્રીશ્રીને આપવામાં આવે. ગુજરાત નંબર વન, મુખ્યમંત્રી નંબર વન, ગુજરાત નંબર વન, મુખ્યમંત્રી નંબર વન. આ રીતના પોકારો પાડીને ગુજરાતની પ્રજાને ગેરમાર્ગે દોરવા સિવાય આ સરકારે કંઈ કર્યુ નથી. (સતત અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ આપો.

માનનીય અધ્યક્ષશ્રી, આર્થિક વિકાસની સાથોસાથ ભારતની લોકશાહીમાં અને ગાંધીજી અને સરદારના ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જળવાય એ સૌથી અગત્યની બાબત છે. એને આ સરકાર વિસરી ગઈ છે. આ રાજયમાં છેલ્લા ૧ વર્ષમાં ૧૧ હજાર જેટલા ગંભીર ગુના બન્યા છે. છેલ્લા ૧ વર્ષમાં કાયદો અને વ્યવસ્થા જેવું આ રાજયમાં કશુ રહ્યું નથી. આ રાજયમાં ૧૨૧૫ જેટલા ખૂન ધોળા દિવસે થયેલા છે. આત્મહત્યા ૬ હજાર જેટલી થઈ છે. ૨૦ સામૂહિક હત્યા, ૫૮૬ મહિલાઓએ આત્મહત્યા કરી છે. એકબાજુ મહિલા વિશ્વ દિન ઉજવી રહ્યા છીએ અને બીજી બાજુ મહિલાઓની આત્મહત્યા દિન પ્રતિદિન વધતી જાય છે. આવા સંજોગોમાં ૧૧ હજાર જેટલા ગંભીર ગુના કરીને અને છેલ્લા ૪ વર્ષમાં ૫૦ હજાર જેટલા ગંભીર ગુના થયા હોય ત્યારે કાયદો અને વ્યવસ્થા જેવું નહીં રાખીને આપણા માનનીય ગૃહમંત્રી ગુજરાતને યુ.પી., ઝારખંડ, બિહાર અને ઓરિસ્સા કરતા ઓછા ગુના થાય છે એમ કહીને આનંદ માણે છે, ત્યારે ગૃહમંત્રીશ્રીને આપે કહેવું પડે. (માનનીય સભ્ય શ્રીમતી રમીલાબેન દેસાઈ દ્વારા સતત અંતરાય) આ રાજયમાં પોતે ધર્મના ધૂરંધર છે, એવું કહેનાર લોકોના રાજમાં ધાર્મિક સ્થળોમાં અને મંદિરોમાં લૂંટ થતી હોય, પૂજારીની હત્યા થતી હોય, સાધુ, સંતોની હત્યા થતી હોય...(સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ બેસો. (સતત અંતરાય) સી. જે. તમે પ્રવચન ચાલુ રાખો.

( આ તબકકે માનનીય સભ્ય શ્રીમતી રમીલાબેન દેસાઈ વેલમાં ધસી આવ્યા.)

**અધ્યક્ષશ્રી** : એમને બહાર લઈ જાઓ. હું નિયમ ૫૧ નીચે માનનીય ધારાસભ્યશ્રી રમીલાબેન દેસાઈને આજના દિવસ માટે સભાગૃહમાંથી દૂર કરુ છું. (અંતરાય) કંઈ ફરિયાદ કરવી હોય ત્યારે ગંભીર તો રહો? તમે હસો છો એમાં કયાં તમારી ગંભીરતા છે?

(આ તબક્કે મહિલા સાર્જન્ટો દ્વારા રમીલાબહેનને ગૃહની બહાર લઈ જવામાં આવ્યા)

**ડૉ. સી. જે. ચાવડા** : રાજયમાં કાયદો અને વ્યવસ્થા જેવું કંઈ રહ્યું નથી એની હું વાત કરી રહ્યો હતો. સમાજ સુધારક સંત શ્રી સચ્ચીદાનંદજી મહારાજ ઉપર ગંભીર હુમલો થતો હોય ત્યારે આ સરકાર ચૂપ બનીને બેસી રહે એણે શરમ જેવું કંઈ રાખ્યું નથી. ત્યારે મારે કહેવું છે કે લોકશાહીમાં એકબાજુ તમે અંદાજપત્ર રજૂ કરતાં હોય, પ્રજા એનો આક્રોશ વ્યક્ત કરવા નીકળતી હોય. અંદાજપત્રના વિરોધમાં દલિતો જ્યારે આક્રોશ વ્યક્ત કરતા હોય ત્યારે એની ઉપર લાઠી ચાર્જ થાય, દલિતોની રેલીને તોડવાનો પ્રયત્ન કરવામાં આવે, કાયદો અને વ્યવસ્થા જેવું કંઈ રાખવામાં ન આવે. વિશ્વ મહિલા દિનની ઉજવણી થતી હોય તો બે ધારાસભ્યશ્રીઓના નામ બાકાત રાખવામાં આવે, બાકીની મહિલાઓના નામ છાપવામાં આવે. એની વાહ વાહ થતી હોય જેના વખાણ કરતી હોય તેવી જ મહિલાઓના નામ લખવાના. એક મુસ્લિમ સમાજના લઘુમતી સમાજના ધારાસભ્ય અને બક્ષીપંચ સમાજના ધારાસભ્ય એમનું નામ નહિ લખીને ક્યા મહિલા સમાજને કયો સંદેશો આપવા માનનીય મંત્રીશ્રી અને આ સરકાર માગે છે. એનો જવાબ આપની સમક્ષ હું માગુ છું.

માનનીય મંત્રીશ્રી વજુભાઈ ખૂબ અનુભવી નાણામંત્રી છે. તેઓએ આંકડા ગોઠવીને ગુજરાતની પ્રજાને ગેરમાર્ગે દોરવા સિવાય કંઈ કર્યુ નથી. કાયદો અને વ્યવસ્થાની જ્યારે વાત ચાલતી હોય અને ગૃહમાં એક પરિપત્ર આવતો હોય, એક સામાન્ય બાબત આવતી હોય તો પણ આપણે વિશેષાધિકારનો ભંગ બનતો હોય, આ રાજયમાં સૌથી મોટી લોકશાહીની કલંકિત દુર્ઘટના બની છે એ આપના ધ્યાન ઉપર મૂકું છું. ભારતની લોકશાહીની સ્થાપના થયા પછી રાજયના ગૃહ ખાતા મારફત જિલ્લા પોલીસ વડાઓ મારફત પોલીસ અધિકારીને ધારાસભ્યોના ઘેર મોકલીને ધમકીઓ આપીને લેખિત નોટિસો આપીને પાંચ કોરા તારાંકિત પ્રશ્નોના ફોર્મ આપીને સહીઓ કરાવીને સરકારની વાહવાહ કરે તેવા પ્રશ્નો પૂછવાનું દબાણ કરે ત્યારે રાજયના ગૃહમંત્રીશ્રીએ જ્યારે આ વિશેષાધિકારનો ભંગ કર્યો છે ત્યારે ગૃહ મંત્રીશ્રીએ રાજીનામું આપવું જોઈએ એવી મારી આપની સમક્ષ માગણી છે. સરકારની વાહવાહ કરે તેવા પ્રશ્નો પૂછવા સરકારની વાહવાહ કરે તેવી જ અંદાજપત્રમાં વાત કરવી આ કોઈપણ જગ્યાએ ચલાવી શકાય નહિ. અને એમને વખાણ કરાવવા જ હોય તો એમના તરફથી વખાણમંત્રી ઊભા કરે કે જે આખો દિવસ સરકારના વખાણ કરે રાખે પણ ધારાસભ્યની સત્તા ધારાસભ્યોના તારાંકિત પ્રશ્નો, પ્રજાના પ્રશ્નો પૂછવાની સત્તા જિલ્લા પોલીસ વડાના હાથમાં લેવામાં આવે તેવી કલંકિત દુર્ઘટના ભારતની લોકશાહીમાં કયાંય નથી બની. એ ગાંધી અને સરદારના ગુજરાતમાં બની છે ત્યારે આ અંદાજપત્રનો કોઈ અર્થ રહેતો નથી.

મારે આ તકે બીજી વાત કરવી છે. આ સરકારે દારૂની છૂટ કરી છે એના વિશે કહેવું છે. આ ગાંધી અને સરદારના ગુજરાતમાં જયાં શ્રીકૃષ્ણ દ્વારકામાં આવીને વસ્યા હોય, સહજાનંદ સ્વામી ગુજરાતમાં આવ્યા હોય જયાં વીર નર્મદ જેવા વીર પ્રતિષ્ઠિત વ્યકિતઓ અહીંયા પેદા થઈ હોય, કલાપી જેવા શૂરવીરો પેદા થયા હોય તેવી ભૂમિમાં દારૂની છૂટ આપવી એ ગાંધી અને સરદારની સ્મૃતિને કલંકિત કરવા સિવાય કંઈ નથી. આ સરકારને બેઠા પછી દારુની ૯૦ હજાર જેટલી પરમિટો આપવામાં આવી છે. આ રેકર્ડ ઉપરની વાત છે, તારાંકિત પ્રશ્નનો જવાબ આ સરકારે આપ્યા પછી મને દુઃખ એ બાબતનું છે.... ' સસ્તા દારૂ મહેંગા તેલ ' જેવી પરિસ્થિતિ માનનીય અશોકભાઈ ભટ્ટ હવે ઉભી થઈ છે. તમે કહેતા હતા એ પરિસ્થિતિ હવે આજે ઉભી થઈ છે. આ સરકારમાં ત્રણ વસ્તુઓ વધી છે. દેવુ વધ્યું છે, દારૂ વધ્યો છે અને રોઝડા વધ્યા છે. દેવા ઉપર કોઈ કંટ્રોલ નથી. દારૂની પરમીટ આપવી, દારૂની લહાણી કરી. દારૂમુકિત કરી, ગાંધી અને સરદારના ગુજરાતને દારૂમય બનાવવાની નીતિ તેના ઉપર કોઈ કંટ્રોલ નથી અને ગુજરાતમાં રોઝની સંખ્યા વધતી જાય છે. રોઝડા વધતા જાય છે. આનો કોઈ કંટ્રોલ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ૮૭,૦૦૦ કરોડનું દેવું. તેમને પૂછેલા પ્રશ્નના જવાબમાં સરકારે કહ્યું છે. તારાંકિત પ્રશ્નના જવાબમાં કહ્યું છે. રાજયમાં ૮૭,૦૦૦ રોઝ અને રાજયમાં ૮૭,૦૦૦ દારૂની પરમીટ. આંકડાઓ પણ કેવા ફીટ કરતા જાય છે. આ રાજયમાં દેવુ, દારૂ અને રોઝની સંખ્યા વધી છે. તેને કંટ્રોલ કરવામાં સરકાર નિષ્ફળ ગઈ છે ત્યારે કરોડો રૂપિયા આ સરકાર કયાં વાપરે છે તેની વાત મારે ગળે ઉતરતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, જેમ દારૂડિયો પોતાના કુટુંબને બરબાદ કરી નાખે છે અને ઉત્સવો ઉજવે તેમાં આ સરકારની પરિસ્થિતિ પણ આજે એવી થઈ છે. નવરાત્રિ મહોત્સવ દ્વારા, પતંગ મહોત્સવ દ્વારા, શરદ ઉત્સવ દ્વારા, મહિલા વિશ્વદિનની ઉજવણી દ્વારા કરોડો રૂપિયા, પ્રજાના પરસેવાના પૈસાની રેલમછેલ કરીને ગુજરાતની પ્રજાનું અપમાન કરવા સિવાય આમાં કશું જ નથી. નવરાત્રિ તો તમે પણ નહોતા અને હું પણ નહોતો ત્યારથી હજારો વર્ષોથી ગુજરાતની માં-બહેન-દીકરી ગરબાની રમઝટ જમાવે છે અને માં જગદંબાની આરાધના કરે છે, પણ આમના ગરબા તો કંઈક જુદા જ પ્રકારના છે. કરોડો રૂપિયાનું ખર્ચ કરીને, સ્ટેજ બનાવીને જાપાનની દીકરીઓને નચાવીને ડાન્સ ફેસ્ટીવલમાં

રાજયના મુખ્યમંત્રી અને વિરોધપક્ષના ભારત સરકારના નેતા અડવાણીજી હાજર હોય એવી પરિસ્થિતિમાં રાજયમાં ડાન્સ ફેસ્ટીવલ કરવામાં આવે અને એમ.ઓ.યુ. કરવામાં આવે. ગુજરાત માટે આના જેવી કલંકિત ઘટના બીજી કોઈ નથી. એ વાત આપની સમક્ષ મૂકવા આવ્યો છું. પતંગ ઉત્સવો આવે એટલે એમ.ઓ.યુ. આવે. મારે એમ.ઓ.યુ. વિશે વાત નથી કરવી. એમ.ઓ.યુ.ના ખોટા ખોટા આંકડાઓ અને સરવાળા બાદબાકીમાં મારે પડવું જ નથી. જ્યારે મૂડીરોકાણ આવશે ત્યારે આ સરકાર હશે તો વાહ વાહ કરીશ. પણ આ સરકાર ઝાઝી આ એમ.ઓ.યુ.ના આંકડા ઉપર રહેવાની નથી. તેની ચિંતા તમારે કરવી જોઈએ તેના બદલે હું કરું છું. હવે પછી મારે જે વાત કરવી છે, ખેડૂતોની વાત કરવી છે. આ અંદાજપત્રમાં ખેડૂતો માટે કોઈ ચિંતા આ સરકારે કરી છે ખરી? ખેડૂતોના નામ ઉપર, ધર્મના નામ ઉપર, રામમંદિરના નામ ઉપર તમે સત્તા તો હાંસલ કરી. જ્યારે ખેડૂતોને ૧૪ કલાક અને ૧૮ કલાકની વીજળી કોંગ્રેસની સરકાર દ્વારા આપવામાં આવતી હતી ત્યારે તમે કિસાનોના આંદોલનો કર્યા હતા. એ દિવસો તમે યાદ કરો. જ્યારે ૧૪ કલાક વીજળી આપવામાં આવતી હતી, માનનીય અમરસિંહભાઈ ચૌધરીના રાજમાં મીટર પ્રથા હતી તે દૂર કરીને હોર્સપાવરની પ્રથા દાખલ કરવામાં આવી. ૬૫૦ રૂપિયા હોર્સપાવરદીઠ કરવામાં આવ્યા તો પણ વધારે પડતા હતા અને તમે આંદોલનો કરાવ્યા હતા. એસ.ટી.ઓ ફૂટી બાળી હતી, રોડ ખોદાવી નાખ્યા હતા, લાખો વૃક્ષોનું નિકંદન આ લોકોએ કઢાવી નાખ્યું હતું. વીજળી અને તારના થાંભલા તોડી નાખ્યા હતા. એ લોકોને મારે એ દિવસો યાદ કરાવવા છે. ૧૪ કલાક વીજળી આપવાનું વચન આપ્યું હતું એ ભૂલી ગયા ખેડૂતો માટેનું? ચાર કલાક પણ વીજળી આપી શકતા નથી અને આપો છો તો તૂટક-તૂટક. અમે રાત્રે નહીં, દિવસે વીજળી આપીશું. તમે વીજળીનો લોડ પણ વધારી શકતા નથી. વીજ લોડની લાખો અરજીઓ અને ડિપૉઝિટોની લાખો રૂપિયાની રકમ સરકાર હજમ કરી ગઈ છે અને ખેડૂતો પૈસા પાછા પણ આપ્યા નથી. તત્કાલ વીજ જોડાણ યોજના દાખલ કરી. પાછલા બારણે મીટર પ્રથા દાખલ કરી અને તત્કાલ વીજ જોડાણ યોજનાના કરોડો રૂપિયા એકત્ર કરીને આ પ્રકારે એક પણ ખેડૂતને જોડાણ આપ્યું નથી અને ખેડૂતોને બરબાદ કરવા સિવાય આ સરકારે કંઈ કર્યું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મહોત્સવ. ઉજવો, તમારે તો મહોત્સવના દિવસો છે. હવે કૃષિ મહોત્સવનો મહિનો આવશે. પછી પ્રવેશ ઉત્સવનો મહિનો આવશે. ઉત્સવ પછી ઉત્સવ. આ ઉત્સવ ગોઠવી આપે છે કોણ એ પણ મારે જાણવું છે. માલધારીની ચિંતા નહીં, પશુપાલકોની ચિંતા નહીં, કોઈ જાતની ચિંતા આ રાજયમાં થઈ નથી. ફક્ત સત્તા મેળવવા માટે ખોટા વચનો અને પ્રલોભનો આપવા.

**અધ્યક્ષશ્રી** : સી.જે. ચાવડા, આપનો સમય પૂરો થાય છે.

**ડૉ. સી. જે. ચાવડા** : બે જ મિનિટ. ખોટા આંકડાઓથી ખોટા ખોટા નામે પારદર્શક વહીવટની વાત કરવાની, કરોડો રૂપિયા આચરવા, જમીનોની ફાળવણી કરવી, રાહેજા અને ડી.એલ.એફ. જેવા બિલ્ડરોને કરોડો રૂપિયાની ગાંધીનગરમાં જમીન આપી દેવામાં આવી અને કર્મચારીઓને ૧૦૦ ચોરસમીટરના પ્લૉટ આપવામાં ન આવે.

**અધ્યક્ષશ્રી** : સૌરભભાઈ.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સમય ઓછો હોવાને કારણે હું એક જ વિષય ઉપર ભારપૂર્વક રજૂઆત કરવા માગું છું. છેલ્લા ઘણાં દિવસોથી..

**અધ્યક્ષશ્રી** : આપ સમયનું ધ્યાન રાખીને બોલજો.

**શ્રી સૌરભ પટેલ** : પાંચ જ મિનિટ. ઘણાં દિવસોથી દેવા ઉપરની વાતથી આ હાઉસમાં ચર્ચા થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે અહીં સ્પષ્ટપણે કહેવું છે અને બધા સભ્યશ્રીઓ ધ્યાનથી સાંભળે. રાજયનું દેવુ છેલ્લે વધવાનું કારણ એ નાની બચતના કારણે છે. નાની બચતના કારણે, કેન્દ્ર સરકારે નીતિ બનાવી છે કે, આ નાની બચતની જેટલી ડિપૉઝિટ ગુજરાતમાં થાય એ ૧૦૦ ટકા ફરજિયાત ગુજરાતે લેવી પડશે. એના કારણે ૨૦૦૫-૦૬ની અંદર ૮૪૫૮ કરોડ લીધા, ૨૦૦૪-૦૫માં ૮૭૮૮ કરોડ અને ૨૦૦૩-૦૪માં ૬૦૭૭ કરોડ ૪૩૦૦૦ કરોડના નાની બચતના ટોટલ દેવાના કારણે ૨૨૦૦૦ કરોડ છેલ્લા ૩ વર્ષમાં કેન્દ્રે ફરજિયાત આપણા ઉપર મૂક્યા છે. એમાં ગુજરાત સરકારનો બિલકુલ વાંક નથી. તા.૩૦-૪-૦૫ના રોજ ગુજરાત સરકારે લખ્યું છે અને તા.૨૬-૯ના રોજ પણ લખીને આપ્યું છે કે ફરજિયાત ન કરો. એમ્પાવર્ડ કમિટીમાં દરેક રાજયોએ ચિદમ્બરમ્જીને લખીને આપ્યું કે ફરજિયાત ન કરો, બધા ચિદમ્બરમ્જીને મળ્યા. એમણે ના પાડી. આદરણીય મુખ્યમંત્રીશ્રી એન.ડી.સી. કાઉન્સિલની અંદર મનમોહનસિંહને મળ્યા એમને વાત કરી, મનમોહનસિંહે ચિદમ્બરમ્જીની અધ્યક્ષતામાં એક કમિટી રચી, એ કમિટીએ અહેવાલ આપ્યો અને એની અંદર એવું નક્કી કર્યું એ આ બજૅટની અંદર ચાલુ થશે. હજુ પણ ૮૦ ટકા ફરજિયાત અને માત્ર ૨૦ ટકા ફરજિયાત નથી. નાની બચતની યોજના આવી છે એના કારણે ગુજરાતે ફરજિયાત ૮૦ ટકા દેવું લેવું પડે છે. આ માત્રને માત્ર કેન્દ્ર સરકારને કારણે આ દેવું વધે છે. એમાં આપણો ગુજરાત સરકારનો કોઈ વાંક નથી.

મારે એક વિષય ભારપૂર્વક કહેવો છે એ સૌથી એનાથી પણ અગત્યનું છે. નાની બચતની યોજનાની અંદર આપણા ઉપર જેટલા ટકા, દા.ત. ગુજરાતની પ્રજાને ૭ %, ૭.૫%, ૮% ડિપૉઝિટ આવે છે એની સામે

કેન્દ્ર સરકાર ૧૩.૫ % વ્યાજ લેતી હતી. અમે કહેતા હતા કે આ ૪ ટકાનો ગાળો બહુ મોટો ગાળો કહેવાય. એના માટે અમે એમને અનેકવાર રજૂઆત કરી છે કે તમે આ ૪ ટકાનો ગાળો ન બનાવો અને તમે આટલો નફો ન બનાવો. આપણી અનેક વખતની રજૂઆત કર્યા પછી ૧૨.૫ %થી ૧૦.૫% આ પહેલી એપ્રિલથી નક્કી કર્યું. અમે લખીને આપ્યું. વાર્ષિક ગુજરાતને ૧૨૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થાય છે. ગુજરાતને ૩૦૦૦ કરોડ રૂપિયા આપે છે એમાંથી ૧૨૦૦ કરોડ રૂપિયા પાછલા બારણે લઈ લે છે. એવી અનેક રજૂઆત થઈ છે અને દેવાની વાત કરીએ છીએ તો આંધ્ર પ્રદેશ ૫૫૯૬૬ કરોડ, પશ્ચિમ બંગાળ ૮૫૭૦૨ કરોડ, મહારાષ્ટ્રમાં ૮૨૪૪૪ કરોડ આ ઈન્ટરનલ દેવું છે. આ આપના કારણે થયું છે અને જો આપનામાં ત્રેવડ હોય તો સોનીયાજી પાસે જઈને આ દેવું માફ કરાવી આવો.

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ (અંતરાય) બધાને મિનિટ ફાળવી છે એ જ પ્રમાણે છે. મારો સમય શું કરવા એ કરો છો? બધાને બોલવા દીધા છે. માનનીય સભ્યશ્રીઓએ જે જુદી જુદી રજૂઆતો કરી છે એ રજૂઆતોની અંદર માનનીય વિરોધપક્ષના વ્યકિતઓએ જે રજૂઆતો કરી છે એમાં આ બજેટને લગતી કેટલી છે અને ખાતાને લગતી કેટલી છે એ વાત જુદી છે. ગુજરાત રાજયની આર્થિક પરિસ્થિતિ સદ્ધર થઈ છે અને હજુ દિવસે દિવસે પ્રગતિમાં છે. એની હું થોડીક નોંધ આપવા માગું છું. છેલ્લા ૫ વર્ષમાં મહેસૂલ આવક ૨૦૦૧-૨૦૦૨માં ૧૫૯૩૬ કરોડની હતી એ ૨૦૦૭-૦૮માં ૩૨,૯૬૪ કરોડ એટલે કે મહેસૂલી આવકમાં ૧૦૦ ટકા કરતાં વધુ વધારો થયો છે. ૨૦૦૧-૦૨માં મહેસૂલી ખાદ્ય ૬૭૩૨ કરોડની હતી એ ખાદ્ય પૂરી થઈ અને એને બદલે ૧૬૫૧ કરોડની પૂરાંત થઈ. એનો અર્થ એ થાય કે ૭૩૮૩ કરોડની એની અંદર અમે બચત કરી એના આધારે રાજયની આવક વધી છે. રાજયની કરવેરાની આવકમાં ઉત્તરોત્તર વધારો થયો છે. ૨૦૦૧-૨૦૦૨માં ૯૨૪૨ કરોડની આવક હતી. એ આગામી વર્ષની અંદર ૨૦૮૬૮ એટલે ૧૦૦ ટકા કરતા વધુ વાર્ષિક આવક થશે.. વિકાસલક્ષી ખર્ચમાં પણ સતત વધારો જ થતો જાય છે. ૨૦૦૧-૦૨માં જે વિકાસલક્ષી ખર્ચ જે ૧૭૨૯૫કરોડ હતો અને આગામી વર્ષમાં આ ૨૫૫૦૯ કરોડ થવાનો છે. વિકાસલક્ષી ખર્ચ વધે છે. બિનવિકાસલક્ષી ખર્ચ હતો ૨૦૦૧-૦૨માં એ ૨૫૮૬૨ કરોડ હતો એ ક્રમશઃ: ઘટાડી અને આગામી વર્ષની અંદર ૧૭૧૪૪ કરોડનો અંદાજેલ છે. પ્લાનની સાઈઝ વધતી જાય છે પણ વિકાસની અંદર બિનવિકાસલક્ષી ખર્ચ છે એ ઘટતો જાય છે. એ જ રીતે જે આપણી સામાજીક સેવાઓ છે, એ સામાજીક સેવાઓની અંદર પણ ઉત્તરોત્તર વધારો થતો જાય છે. ૨૦૦૩-૦૪ના બજેટની અંદર જે ૮૩૧૨ કરોડનો સામાજીક સેવા પાછળ ખર્ચ હતો એ આગામી વર્ષની અંદર ૧૩૨૧૯ કરોડનો ખર્ચ થવાનો છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે વાત કરી કે આ તમારો ગ્રોથરેટ છે એ યોગ્ય નથી. એ ગ્રોથરેટ છે એ કરંટ પ્રાઈઝને બદલે કોન્સ્ટંટ પ્રાઈઝે હોવો જોઈએ. એમાં મારે એટલું જ કહેવાનું છે કે અમે ૧૦.૬૨ જે ગ્રોથરેટ બતાવ્યો છે એ ગ્રોથરેટ અમે એ જે અત્યારે કરંટ પ્રાઈઝને બદલે કોન્સ્ટંટ પ્રાઈઝ ઉપર જ બતાવ્યો છે. જો મેં એ કરંટ પ્રાઈઝ ઉપર બતાવ્યો હોત તો એ ૧૫.૧૧ હોત. એનો અર્થ એમ થયો કે અત્યારે કોન્સ્ટંટ પ્રાઈઝ ઉપર છે એના કરતા કરંટ પ્રાઈઝ ઉપર દોઢો છે. એનો અર્થ એમ થયો કે આ કરંટ પ્રાઈઝ અને કોન્સ્ટંટ પ્રાઈઝ વચ્ચેનો તફાવત બતાવે છે કે ૫ વર્ષની અંદર મોંઘવારી દોઢી થઈ છે. આજે કેન્દ્ર સરકારની અણઆવડતભરી નીતિના કારણે મોંઘ ાવારી વધી છે એ હું નથી કહેતો પણ એમના પાર્ટીના પ્રમુખે પણ સ્વીકારેલ છે કે અમારી જે હાર થઈ છે એ હારના મુખ્ય કારણોની અંદર મોંઘવારી છે. આ રીતે જે ગ્રોથરેટની ચિંતા કરવા માટેની વાત છે અને હું એટલું પણ કહીશ કે જેની અંદર દસમી પંચવર્ષીય યોજનાની અંદર જે ૧૦.૨નો લક્ષ્યાંક હતો એ અમે ૧૦.૬નો સિદ્ધ કર્યો છે. એ જ રીતે એમણે કહ્યું કે તમે ૭૮૦૦કરોડનું વ્યાજ ભરો છો એમ કહે છે કે ૭૧,૦૦૦ કરોડ રુપિયાનું અમારી માથે દેવું છે. એની માથે સાત હજાર બાર કરોડનું અમે વ્યાજ ભરીએ છીએ અને જે આપણા કર્મચારીઓના પ્રોવિડંડ ફંડ, હાઉસિંગ લોન અને બાકીના ઉપર અમે ૭૦૦ કરોડ રૂપિયાનું વ્યાજ ભરી અને ૭૮૦૦ કરોડનું જે અમે વ્યાજ ભરીએ છીએ પરંતુ અત્યાર સુધીમાં કોઈપણ જગ્યાએ વ્યાજનો એક હપ્તો અમે ચૂકયા નથી અને લોનનો એક હપ્તો પણ ચૂકયા નથી. અમે તમામ સરકારી લોનો નિયમિત ભરીએ છીએ. વ્યાજ પણ નિયમિત રીતે ભરીએ છીએ એ નિર્વિવાદ વાત છે.

વિરોધપક્ષના નેતાએ કહ્યું કે દર વર્ષે તમારે ભીખ માગવા જવું પડે છે. મારે એમને કહેવાનું છે બાબુભાઈ કે ગયા વખતે આ રાજય સરકારે માર્કેટ બોરોઈંગ કર્યુ નથી. એક રૂપિયાનું માર્કેટ બોરોઈંગ કરીને લોન લીધી નથી. (અંતરાય) તમે બેસો તમારા વખતનું પણ કહીશ. તમે હજી ઉભા થઈને બેસી ગયા, પછી તમે બેસી જ નહીં શકો એવું પણ કહીશ , ધીરજ રાખો. જે દર વર્ષે ભીખ માગવા જવું પડે છે, કોની પાસે ભીખ માગી? અમે માર્કેટ બોરોઈંગ કર્યુ નથી. અમે ઓ.ડી. નથી લેતા. અમે ઓવરડ્રાફ્ટ નથી લેતા, અમે કોઈ અમારા ફંડમાંથી વેજ એન્ડ મીન્સ છે એનો ઉપયોગ નથી કરતા. આજે રિઝર્વ બેંકની અંદર અમારા પૈસા જમા પડયા છે. વેજ એન્ડ મીન્સ લેવાનો અમને અધિકાર છે એ પણ લેતા નથી. ઓ.ડી. પણ લેતા નથી. આટલી આર્થિક સ્થિતિ હોવા છતાં એમ કહે કે ભીખ માગવા જવું પડે છે, બીજી વાત કરી એમણે કે બિનવિકાસલક્ષી ખર્ચ તમે ૪હજાર કરોડનો બતાવ્યો છે. મારે એટલું કહેવું છે કે સીંકીંગ ફંડનો અમે ઉપયોગ કરતા નથી છતાંપણ આગામી બજેટમાં કદાચ જરૂર પડે તો ૧હજાર કરોડ રૂપિયાનું પ્રોવિઝન અમે સીંકીંગ ફંડ માટે રાખ્યું છે. નાની

બચતની લોન છે એના ૯૫૦ કરોડ અમારે ભરવા પડે છે એના બદલે અમે ૨હજાર કરોડ રૂપિયા ભરવાનું અમે આયોજન કર્યુ છે. એટલા માટે થઈને કે સાડાતેર ટકાવાળી લોન છે એ અમને નવ ટકાની પડે. ચાર ટકા વ્યાજમાં રાહત થઈ. એટલે અમારે ભરવાપાત્ર લોન હતી એના કરતા ડબલ કરતા વધુ પૈસા ભર્યા છે. ૧૦૦૫ કરોડ રૂપિયા એમાં ભર્યા છે. કોંગ્રેસના શાસનમાં કોઈ દિવસ સિંકિંગ ફંડ કર્યું ન હતું. અમે કોઈપણ જગ્યાએ એક સાથે દેવું ભરવાની વાત આવે તો ભરી શકીએ એટલા માટે સિંકિંગ ફંડ ભેગું કરીએ છીએ. એના માટે આ બજેટમાં ૮૮૦ કરોડ રૂપિયા રાખ્યા છે. આજે ગેરંટી માટે પ્રોવિજન રાખવામાં આવતું નથી એમ કહેવાયું પણ ૩૦૦ કરોડનું પ્રોવિજન કરવામાં આવ્યું છે. કર્મચારીઓને મોંઘવારી ભથ્થું અને ઘરભાડામાં વધારો થયો એના કારણે ૩૦૦ કરોડ રૂપિયા રિટાયર્ડ પેન્શનરો છે એને ચૂકવવાની વાત કરી છે. આ રીતે જોઈએ તો જે ૪૦૦૦ કરોડ રૂપિયા છે એ આગોતરા આયોજન માટે થઈને કર્યું છે. કોઈ કરજમાં કે બીન વિકાસ ખર્ચ માટે નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરી કે ૪૦૦ કરોડની રાહતો આપી છે પણ જંત્રીના ભાવો વધાર્યા છે. મારે એટલું જ કહેવાનું કે ૧૯૯૭-૯૮માં જંત્રીના ભાવ હતા એ ૨૦૦૭માં વધાર્યા. જમીનના અને મકાનના ભાવો ૧૦ વર્ષમાં કેટલા બધા વધી ગયા છે? એના કરતાં જંત્રીના ભાવ દોઢા અમે કર્યા છે. મને ખબર નથી કે પ્રજામાંથી કાંઈ ઉહાપોહ નથી આવ્યો અને વિરોધ પક્ષના નેતાના મગજમાં આ જંત્રીના ભાવ દોઢા કરી દીધા અને જાણે સમાજમાં ઉહાપોહ થઈ ગયો હોય. એક પણ સભ્ય નથી બોલ્યા કે જંત્રીના ભાવો ઓછા કરવા જોઈએ. જંત્રીના ભાવ વધુ હોય તો માર્કેટ વેલ્યુ ઉપર સ્ટેમ્પ ડ્યૂટી ભરવી જોઈએ. માર્કેટ વેલ્યુ કરતા જંત્રીના ભાવ ઓછા છે. બીજી વાત કરી કે ઓકટ્રોય નાબૂદ કરો. અમે નાબૂદ કરવા માટેનું વચન આપ્યું હતું અને ૮૦ ટકા વિસ્તારમાંથી ઓકટ્રોય નાબૂદ કરી દીધી છે. હવે ફકત સાત કોરપોરેશનવાળા શહેરોમાં ઓકટ્રોય નાબૂદ કરવા માટેની વાત છે. સ્થિતિ એવી થઈ કે જ્યારે આ જાહેરાત કરી તે દિવસે આપણે ત્યાં સેલ્સ ટેક્સનો કાયદો અમલમાં હતો. એ કાયદો અમલમાં હોય ત્યારે ટર્ન ઓવર ટેક્સ અને એન્ટ્રી ટેક્સ રાખી શકીએ પણ જ્યારે વેટ આવ્યો ત્યારે એક જ વેચાણ ઉપર ટર્ન ઓવર ટેક્સ રાખવો વાજબી નથી. એટલા માટે થઈને અમે વિકલ્પ શોધીએ છીએ. વિકલ્પ યોગ્ય રીતે મળી રહે જેના કારણે તમામ કોરપોરેશનો પણ સારી રીતે ચાલી શકે અને વેપારીઓને હેરાન ન થવું પડે. આમ બન્ને રીતે સરળતાભર્યો વિકલ્પ મળશે તો ચોક્કસ નાબૂદ કરીશું.

અહીં એમ કહેવાયું કે દંભનો દશકો હોય અને સત્યની સદી હોય છે. જો બધા સત્યવાદી હતા તો અહીંથી ઉઠાવી સામે શા માટે જતા રહ્યા? એનું કારણ શું છે એનું પોસ્ટમોટર્મ કરો. બળવંતસિંહ, આપ તો ઓરિજિનલ છો પછી આવું કેમ? આ હાઉસમાં એક વખત અમે અને ચિમનભાઈની સરકારમાં ભેગા હતા ત્યારે ડ્યુઅલ મેમ્બરશીપના કારણે ભારતીય જનતા પક્ષવાળા જુદા થયા અને જનતાદળને કોંગ્રેસે ખોળે લીધું. ત્યારે મેં સી.ડી.પટેલને કહ્યું હતું કે તમે ૩૩ જણા છો અને આ ૬૫ છે. અમારામાં એક કહેવત છે કે બટાકાના કોથળામાં બે ડુંગળી આવે તો આખો કોથળો સડાવી દે એને બદલે તમે ૩૩ બટાકામાં આ ૬૫ ડુંગળી તમે નાખી દીધી. આ તમારી દશા થવાની છે. એ અનુભવમાંથી તમે ન શિખ્યા, અમારામાંથી જે ૪૫ ગયા એ ત્યાં બેઠા અને અંતે આ કોંગ્રેસે કહેવું પડ્યું કે આ ભ્રષ્ટાચારી લોકો છે, આને કાઢો. એ ભ્રષ્ટાચારી હોવા છતાં એનો અંશ હજી રહી ગયો છે. આ તો કહેવાય છે કે ભા.જ.પ.માંથી કાઢી મૂકેલા હતા, અમારો ભંગાર હતો એ ત્યાં શિરતાજ થઈને બેસી ગયા છે. આ સ્થિતિમાં મહેરબાની કરીને આ માલ ટકોરાબંધ માલ લો તો કોંગ્રેસ આગળ આવશે. આ કોઈ દંભના દશકાની વાત નથી. (અંતરાય) હશે, હજી બોલવાનો વારો આવશે બાબુભાઈ, અત્યારે તો સાંભળવાનો વારો છે. (અંતરાય) તમે બધા સતી સિતા માતા જેવા પવિત્ર છો એટલે અગ્નિપરીક્ષા આપો એના માટે કોઈ સવાલ નથી. હું તો અમારા મિત્રો બલવંતસિંહભાઈને જવાબ આપું છું. કે દોસ્તાર રાખવા તો એવા રાખવા કે અમારાં કાઠિયાવાડમાં કહેવાય છે કે "મરદની મૈયતમાં જવું પણ હીજડાની જાનમાં ના જવાય" માટે મરદ દોસ્તાર ગોતવો. બીજી વાત એવી આવી કે Why ગુજરાતના બદલે My ગુજરાત. આ બધી જે સ્કીમો છે, (અંતરાય) મને સાંભળો તો ખરા બાબુભાઈ. આપણે રિસેસમાં સાથે ચર્ચા કરીશું, મને ૨-૩૦ પહેલા બોલી લેવા દો.

માનનીય અધ્યક્ષશ્રી, એમ કહ્યું કે મુઠ્ઠીભર ઉદ્યોગકારોને પ્રોત્સાહિત કરવા માટે થઈને આ રાજ્ય સરકારે કર્યુ છે. આ ઉદ્યોગકારોને પ્રોત્સાહન છે? આ ગુજરાત રાજ્યની અંદર કોંગ્રેસની સરકાર વખતે ઈન્ડસ્ટ્રીઝને પ્રોત્સાહિત યોજના નીચે એણે જેટલો કેપિટલ ખર્ચ કર્યો હોય એ સોએ સો ટકા કેપિટલ ખર્ચ સેલ્સ ટેકસમાંથી બાદ આપતા હતા ત્યારે આ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ આવી કોઈ પણ કેપિટલ બાદ આપ્યા વગર ઉદ્યોગકારોને આમંત્રણ આપીને ૬,૬૬,૦૦૦ કરોડના M.O.U. આ ગુજરાતની ધરતી ઉપર થયા છે જેના કારણે ૨૫ લાખ લોકોને રોજગારી મળવાની છે, આ Why ગુજરાત નહિ My ગુજરાત. આમાં ગુજરાતની તમામ પ્રજાને ફાયદો થવાનો છે.

બીજી વાત એ છે કે, ખેડૂતો વચ્ચે જતા નથી, તમે ત્યાં રહેતા નથી. ત્યારે એટલું કહેવાનું કે મારી જે આ યોજના છે એ યોજનાની અંદર ૭૦ ટકા વસ્તી ગામડામાં વસે છે. ૭૦ ટકા રકમ તો ગ્રામ્ય વિસ્તારની અંદર રહેતા ં એસ.ટી., એસ.સી. અને બક્ષીપંચના લોકો માટે થઈને મારો ૧૫,૫૦૦ કરોડનો પ્લાન હતો. તેની અંદર ૧૧,૦૦૦ કરોડ કરતા વધુ રકમ તો આ જ વિસ્તારના લોકો માટે છે. ગ્રામ્ય વિસ્તારની અંદર દીકરી ભણે એના

માટે થઈને કન્યા કેળવણી રથ લઈને ગુજરાતના એકેએક મંત્રીઓ અને અધિકારીઓ ગામડે ગામડે જઈને ભીખ માગતા હતા કે તમારી દીકરીને અમારી નિશાળમાં ભણવા માટે મોકલો તો આ ખેડૂતો માટે નથી જતા?

આ ગામડાના કિસાનોને સદ્ધર કરવા માટે થઈને કૃષિ રથ લઈને ગામડે ગામડા ખૂંદી વળ્યા છીએ અને એજ પ્રમાણે ભૃણ હત્યા અટકાવવા થઈને માતૃવંદના યોજના માટે ગામડામાં કોણ જાય છે? અને છતાં એમ કહે છે કે ખેડૂતોને વીજળી નથી આપતા. ખેડૂતોને વીજળી નથી જોઈતી, ખેડૂતોને પાણી જોઈએ છે, પાણી કાઢવા માટે વીજળી જોઈએ છે. એના બદલે ખેડૂતોને ડાયરેકટ પાણી મળતું હોય તો એને વીજળીની ક્યા જરૂર છે? જોઈ આવો. એક લાખ ચેકડેમોના કારણે કેટલા ખેડૂતો સદ્ધર થયા છે? સુજલામ્ સુફલામની યોજનાના કારણે ઉત્તર ગુજરાતના કેટલા જિલ્લાની અંદર સદ્ધરતા મેળવી છે? આ પાણી આપવા માટેની વાત છે. નર્મદા ડેમ કેનાલ મારફત કેટલા લોકોને પાણી મળવાનું છે? લોકોને પાણી જોઈએ છે, વીજળી નથી જોઈતી છતાં વીજળી આપવાની અંદર અચકાણા નથી અને અચકાવવાના પણ નથી એ જ રીતે વંચિતોના વિકાસ માટેની વાત કરી એમાં વંચિતોના વિકાસ માટે ૧૫,૦૦૦ કરોડની યોજના કરી આદિવાસી માટે થઈને. એમાં ફાળવણી ૨,૩૫૦ કરોડ રૂપિયા હતી. મારે એટલું કહેવાનું કે પહેલા વર્ષે ૨,૩૫૦ કરોડ જ હોય. આપણો જે પ્લાન હતોને એ પ્લાનની અંદર ૨૦૦૨-૦૩માં ૬,૦૦૦ કરોડ રૂપિયા હતા અને અત્યારે છેલ્લે ૧૨,૫૦૩ કરોડ થયા અને આપણે ૪૭,૦૦૦ કરોડનો પ્લાન મૂક્યો છે અને મને કહેતા આનંદ થાય છે કે દસમી પંચવર્ષીય યોજનાની અંદર ૪૭,૦૦૦ કરોડ રૂપિયાનો આપણો પ્લાન હતો એ પ્લાનના બદલે, ૧૦૦ ટકા સિદ્ધિના બદલે ૧૦૪ ટકા સિદ્ધિ મેળવીને ૪૮,૮૦૦ કરોડનો પ્લાન પૂરો થવાનો છે. બાબુભાઈ તમારા વખતની અંદર તમે વળ ચડાવીને બેઠા છોને તો વાત કરું કે તમારા વખતની અંદર ૪,૫૦૦ કરોડનો પ્લાન મૂક્યો હતો એ ૩,૯૦૦ કરોડનો જ પૂરો કરી શક્યા. ૬૦૦ કરોડની એમાં ઘાટી હતી.(અંતરાય)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : પાણીની પાઈપ લાઈનનું કામ અટકી ગયું છે?

**શ્રી વજુભાઈ વાળા** : પાઈપ લાઈન કરતા તમારી લાઈનો બહુ મોટી હોય છે. હવે એમ કહે છે કે વંચિતોના વિકાસ માટે થઈને આ સરકારે જેટલું કામ કર્યુ છે એટલું ભૂતકાળની એકેય સરકારોએ અને એમાં કોંગ્રેસની સરકારે અહીં તો શું કેન્દ્રમાં પણ નથી કર્યુ એટલું હું હિંમતથી કહી શકું. કુંવર બાઈના મામેરા માટે થઈને મામેરા દેવાને બદલે મામા બનાવ્યા એવી જે વાત હતી પછી શબ્દોની હારમાળા કર્યા કરે. મારે એટલું જ કહેવાનું કે, આ જે યોજના છે એ ભાવનાત્મક યોજના છે. ગરીબ દીકરીઓને એની યોજના મળે એના માટે ૬૮૩૮૦ લાભાર્થીઓને છેલ્લા પાંચ વર્ષમાં આ કુંવરબાઈનું મામેરું યોજનામાં આવરી લીધેલ છે. બીજું એજ પ્રમાણે નર્મદા કેનાલોના કામો પણ એજ રીતે આગળ ગતિમાં છે, કચ્છ અને સૌરાષ્ટ્રને એક મિલિયન એકરે ફીટ પાણી મળે એના માટે આયોજન અને પ્રગતિમાં આગળમાં જ છે. એજ રીતે ૩૫૦૦ કરોડ કોંગ્રેસના વખતમાં સબસીડી આપી હતી એવું એમણે કહ્યું. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના વખતમાં કોઈ દિવસ ૩૫૦૦ કરોડની સબસીડી જી.ઈ.બી.ને આપેલ નથી, સબસીડી આપી એ ૨૦૦૧-૦૨માં ૩૫૩૬ કરોડની સબસીડી આપી એ ભા.જ.પ.ની સરકારે આપી છે. કેન્દ્રની સરકારમાં ૧૯૯૭-૯૮માં ૧૧૬૭ કરોડની જ હતી એના કરતાં ત્રણગણી વધુ સબસીડી આ સરકારે આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, એ એમ કહે કે, બિલ્ડરોને તમે સસ્તા ભાવે જમીનો આપી. માનનીય અધ્યક્ષશ્રી, તો એ આઈ.ટી. પાર્ક માટે અને ઈન્ફરમેશન ટૅક્નૉલૉજીના વિકાસ માટેના ખર્ચ માટે આપીએ છીએ, બાકી જ સ્પેશિયલ ઈકોનોમિ ઝોનની વાત કરી છે એ તો જ્યારે વાત કરીશું ત્યારે એ કહેશે. એમ કહે છે કે, એમાં દારૂની છૂટ છે, તો મારે એટલું કહેવાનું કે દારૂ છે એ કાયદાથી પ્રતિબંધિત છે અને કાયદાથી પ્રતિબંધિત વાત હોય અને કાયદામાં સુધારો કરવો હોય તો મારે આ હાઉસમાં આવવું પડે અને આ હાઉસમાં આવી મેં એક પણ સુધારો કર્યો નથી. આજ રીતે કાયદો અને વ્યવસ્થા માટેનો જે ક્રાઇમ રેટ છે એ ૧.૬ ટકામાંથી ઘટાડી પૉઈન્ટ ૬ નો જ થયો છે. એમને પણ કહેવાનું કે, ગુજકોક તમે મંજૂર કરાવીને લાવો તો ગુજરાતની પ્રજાનું ઘણું ભલું કરશો, એ નિર્વિવાદ વાત છે. એજ રીતે શ્રીમાધુભાઈ ભોયેએ વાત કરી છે એમના આદિવાસી વિસ્તાર માટે, પણ હું ચોક્કસ વાત કરીશ કે, એમણે કહ્યું કે બધા આદિવાસીઓ છે એની પાસે બાવન જાતની કળા છે. મેં કહ્યું ચોક્કસ એમની પાસે કળા છે એમને પ્રોત્સાહન આપીશું પણ માધુભાઈને મારે કહેવાનું કે તમારી પાસે એક ત્રેપનમી જાતની કળા છે એ કળા તમારી પાસે રાખજો કયાંય એનો ચેપ ન લાગે એટલું તમે જોજો. એ કળા કઈ છે એ તો મારે ગોતવી છે.

**અધ્યક્ષશ્રી** : ઝડપથી ત્રણ મિનિટ બાકી છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી બાબુભાઈએ પણ જે રીતે એ વાત કરી છે કે માથાદીઠ કરજ અને વ્યાજ તમારું વધતું જાય છે. તો મારે એટલું જ કહેવાનું કે, ગુજરાત રાજયમાં માથાદીઠ કરજ છે એ ૧૨૮૫૯ કરોડનું છે અને ભારત સરકાર ઉપર ૨૦૫૯૨ કરોડનું છે. ભારત સરકાર પાસે જેટલું છે એના ૬૦ ટકા અમારી પાસે આ વ્યાજ નથી ચઢતું. અને બજૅટ પછી એમ કહે છે કે, આર્થિક સ્થિતિ સુધારી શક્યા નથી. તો મારે એટલું જ કહેવાનું કે, ૧૯૯૭-૯૮માં જે મહેસૂલી ખાદ્ય ૧૦૧૮ કરોડ હતી એમાં ૨૦૦૬-૦૭માં અમે ૧૮૦૦ કરોડ રૂપિયાની પુરાંત લાવી શક્યા છીએ. આજ એની આર્થિક સ્થિતિ સૂચવે છે. માનનીય બલવંતસિંહ રાજપૂતે વાત કરી કે વીજળી પૂરતી નથી, એનો જવાબ આપ્યો. વેટના કાયદાથી નવ નવ માસથી પૈસા મળતા

નથી, તો એના માટે જે કાયદામાં જોગવાઈ હતી એના બદલે નિયમમાં જોગવાઈ કરી અને ૭૫ ટકા તરત જ મળી જાય એના માટે આયોજન કર્યુ છે. નગરપાલિકાઓને અમે સાત ટકાને બદલે દસ ટકા આપવા માટેની પણ વાત કરી છે. દસમી પંચવર્ષીય યોજનાની પણ મેં વાત કરી છે, અગિયારમી પંચવર્ષીય યોજનામાં અમે સુડતાળીસ હજાર કરોડને બદલે એક લાખ કરોડ રૂપિયા લાવ્યા છીએ, અધિકારી કક્ષાએ આ વાત થઈ ગઈ છે અને આ વાત જ્યારે બીજી એપ્રિલે અમને બોલાવ્યા છે ત્યારે એ ત્રીજી એપ્રિલના છાપામાં તમે વાંચજો તો એક લાખ કરોડ રૂપિયા ચોક્કસ આપણને મળશે. ગુજરાતની અંદર આવક, આપણી પાસેથી આવક લઈ જાય એનો દસમો ભાગ આપણને એ આવક મળતી નથી. પ્રવિણભાઈએ કહ્યું કે, તમે તો બધા પથ્થરના પગથિયાના જેવા છો, અમારા સોનિયાબેન, ઇન્દિરા છે એ દેવી જેવા છે. તો અમારે એમ કહેવાનું કે, દેવી જ છે પથ્થરમાં અમે કયાં ના પાડી, ખાલી પથ્થરના નથી આરસપહાણના છે અને આરસપહાણ પણ ઇટાલીનો છે અમે કોઈ દિવસ ના જ નથી પાડી, તમે તમારે એની પૂજા કરે રાખો, ગરબા ગાયે રાખો એ નિર્વિવાદ વાત છે. આ રીતે જે કાંઈ છે એમાં મેં બજેટમાં બધી સ્પષ્ટતા કરી દીધી છે છતાંય વિભાગની ચર્ચા વખતે બધા એના જવાબો મળી રહેશે. આભાર.

**વિરામ : બપોરના ૨.૩૦ થી ૩.૧૫**

**અધ્યક્ષશ્રી, પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને.**

**ડો.ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારે તમારું રક્ષણ માગવું છે. આજે વિશ્વ મહિલા દિન છે. એ નિમિત્તે માનનીય મુખ્યમંત્રીશ્રીએ બહુ સારો પ્રોગ્રામ રાખ્યો છે પરંતુ દુ:ખની વાત એ કહેવાય કે આ ગૃહના બે ધારાસભ્ય શ્રીમતી રશીદાબહેન અને રમીલાબહેનનું નામ વિભાગ દ્વારા નહીં લખાયું હોય. હું એમ નથી કહેતી કે અહીં કોઈના દ્વારા નથી લખાયું. (અંતરાય) અહીં સહી લઈને અમને કાર્ડ આપવામાં આવ્યા છે એટલે અમે તમારી પાસે રક્ષણ માગીએ છીએ. પોષ્ટ થયું હોત તો ન માગત પણ જયારે બે ધારાસભ્યશ્રીઓના નામ લખાયા નથી ત્યારે મારી વિનંતી છે કે આટલો સારો પ્રોગ્રામ હોય, મહિલાઓનો પ્રોગ્રામ હોય, વિશ્વ મહિલા દિન હોય, મુસ્લિમ માઈનોરીટી સમાજમાંથી એક જ પ્રતિનિધિ હોય ત્યારે મારી વિનંતી છે કે આ બે નામો કેમ લખાયા નથી એની તપાસ થાય.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

**અધ્યક્ષશ્રી .** : પોઈન્ટ ઓફ ઓર્ડર નથી, એમણે માહિતી આપી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા દિને આ બે બહેનોને શા માટે બાકાત રાખવામાં આવી એની તપાસ થવી જોઈએ અને મહિલા દિને એક મહિલાને ગૃહમાંથી ઉંચકીને બહાર લઈ જવા પડયા એવી પરિસ્થિતિ ઉભી થઈ એ ગંભીર બાબત છે. આપ વડીલ છો અને આપે આ પ્રકારે મહિલા ઉપર આટલો બધો આક્રોશ હતો (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હું મંત્રીશ્રીને વાત કરીશ અને આવું કેમ બન્યું એ જણાવીશ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ કાર્ડ છે એ આપની પરવાનગી વગર દરેકના પીજીયન બૉક્સમાં મૂકવામાં આવ્યા હતા.

**અધ્યક્ષશ્રી .** : એની ચર્ચા ન હોય.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પેલી ચિઠ્ઠીમાં આપે લીધું કે પીજીયન બૉક્સમાં આપની પરવાનગી વગર મૂકયા હતા.

**અધ્યક્ષશ્રી .** : આપ પરવાનગી સિવાય એવું ન બોલી શકો. પ્લીઝ, વાત થઈ ગઈ છે. પતી ગયું. ચાલો.

# બિનસરકારી કામકાજ

**દાખલ કરવાના બિન સરકારી વિધેયકો**

**સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક ક્રમાંક:**

**ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક, ૨૦૦૭**

**ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રી સિદ્ધાર્થ મા. પરમાર(રાજકોટ રૂરલ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

nj**rશ્રી સિદ્ધાર્થ મા. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૭નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક**

**ગુજરાત રેગિંગ અટકાવવા બાબત વિધેયક,૨૦૦૭.**

**ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓમાં રેગિંગ અટકાવવા અને તેની સાથે સંકળાયેલી બાબતો બાબત વિધેયક**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા(માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭નું ગુજરાત રેગિંગ અટકાવવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૭નું ગુજરાત રેગિંગ અટકાવવા બાબત વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી .** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી સિદ્ધાર્થ મા. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન છે. બહાર દલિતોની રેલીમાં.

**અધ્યક્ષશ્રી .** :પ્લીઝ, પ્લીઝ, બહેન ઉભા થાવ.

**સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક**

**ગુજરાત ઓછી આવકવાળા વર્ગના દરેક કુટુંબમાંથી એકને રોજગાર આપવા બાબતનું વિધેયક,૨૦૦૭**

**ગુજરાત રાજ્યમાં ઓછી આવકવાળા વર્ગના દરેક કુટુંબમાંથી ઓછામાં ઓછી એક વ્યક્તિને રોજગાર આપવાની જોગવાઈ કરવા બાબત વિધેયક.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા(માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૦૭નું ગુજરાત ઓછી આવકવાળા વર્ગના દરેક કુટુંબમાંથી એકને રોજગાર આપવા બાબતનું વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, સન-૨૦૦૭નું ગુજરાત ઓછી આવકવાળા વર્ગના દરેક કુટુંબમાંથી એકને રોજગાર આપવા બાબતનું વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી .** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક

**ગુજરાત રાજય સફાઈ કર્મચારી આયોગ વિધેયક,૨૦૦૭**

**સફાઈ કર્મચારીઓ માટે રાજ્ય સ્તરીય આયોગ રચવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા(માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭નું ગુજરાત રાજ્ય સફાઈ કર્મચારી આયોગ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૭નું ગુજરાત રાજ્ય સફાઈ કર્મચારી આયોગ વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક

**ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયક,૨૦૦૭.**

**માતાપિતા, પત્ની અને બાળકો માટે અને તે સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા(માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૭નું ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી .** : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૭નું ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી .** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

# બિન સરકારી સંકલ્પો

## અસામાજિક તત્ત્વો સામે પગલાં લેવા અંગે

**શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે - " રાજ્યમાં ખૂન, લૂંટ, ધાડ, વેપારીઓ અને બાળકોના અપહરણ - મંદિરો આશ્રમો તથા સાધુ સંતો ઉપર હુમલાના બનાવો દિવસે દિવસે વધતા જાય છે, જે ચિંતાનો વિષય છે. પોલીસ તંત્ર એકશન પ્લાન બનાવે છે, પરંતુ નિષ્ફળ જઈ રહ્યો છે. અસામાજિક તત્ત્વો સામે સખ્તાઈથી પગલાં લેવાતાં નથી. પોલીસ તંત્રમાં ઓછો સ્ટાફ હોઈ આમજનતાની સલામતી માટે જરૂરી કાર્યવાહી કરી શકતો નથી. વળી આવા બનાવો વખતે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સમક્ષ અરજદાર રજૂઆત કરવા જાય છે ત્યારે અલામતીની લાગણી અનુભવે છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડતી જાય છે. આમજનતા પોલીસની સલામતી માટે ચિંતિત બની ગઈ છે ત્યારે ગુનો આચરતા તત્ત્વો સામે સખ્તાઈ ભર્યા પગલાં લઈ આવા બનાવો તાત્કાલિક અસરથી અટકાવવા અને ગુનેગારોને નશ્યત કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે."

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા(માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ ઉપરનો મારો સુધારો નીચે મુજબ રજૂ કરું છું.

સંકલ્પની સાતમી લીટીમાં "અસલામતીની લાગણી અનુભવે છે" એ શબ્દો પછી નીચેની લીટી મૂકવી

" અને ખાસ બળાત્કારના કેસોમાં રજૂઆત કરનારને પોલીસ અધિકારીઓ હડધૂત કરી કાઢી મૂકે છે."

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ ઉપરનો મારો સુધારો નીચે મુજબ રજૂ કરું છું.

સંકલ્પની નવમી લીટીમાં "તાત્કાલિક અસરથી અટકાવવા અને" એ શબ્દો પછી નીચેના શબ્દો મૂકવા.

" ખુલ્લેઆમ ફરતાં"

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** :માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે ગાંધીના ગુજરાતમાં વસી રહ્યા છીએ. આપણે ગાંધીના સિદ્ધાંતને વરેલા ગુજરાત માટે આખા વિશ્વમાં એમ કહીએ છીએ કે ગુજરાતમાં શાંતિનું વાતાવરણ છે. ગુજરાત અહિંસાને વરેલું છે. ગુજરાતની અંદર ખૂબ ભયમુકત વાતાવરણ ઉભું થાય તેવા આપણે બધાએ સંયુકતરીતે પ્રયત્નો કરવા જોઈએ. આપણે જાણીએ છીએ કે દિવસે દિવસે આપણા સૌની સલામતીનું રક્ષણ કરનાર સરકાર પોતે અસલામતીનો ભોગ બની રહી છે. તેનું મુખ્ય કારણ એ છે કે મુખ્યમંત્રી અને તેમની સરકાર અને તેમના પક્ષના ધારાસભ્યશ્રીઓ આજે પોતે દરેક ધારાસભ્યશ્રી તેમના પક્ષનો જે છે તે પોતાના રક્ષણ માટે સુરક્ષા કર્મચારીની માગણી કરે છે. મારી દૃષ્ટિએ લગભગ તમામ ધારાસભ્યશ્રીઓ સાથે એક એક સુરક્ષાકર્મી જોડાયોrહોય તેવું સ્પષ્ટ ચિત્ર દેખાય છે. આપણે પ્રજાની અંદર મત લેવા જઈએ છીએ, પ્રજાના પ્રતિનિધિ છીએ, ચૂંટણીના સમયે આપણી ઉપર કોઈ ફાયરીંગ નથી કરતું આપણી ઉપર કોઈ હુમલો નથી કરતું આપણા શબ્દોને

કોઈ વખોડતું નથી. પણ ચૂંટાયા પછી કોણ જાણે કેમ પ્રજા આપણાથી એટલી બધી વિમુખ થઈ જતી હોય છે અને આપણું મોઢુ જોવા નથી માગતી. આપણે જ્યારે જઈએ છીએ ત્યારે આપણું અપમાન કરે છે અને કયાંક આક્રોશભર્યુ વર્તન કરી એવો દાખલો બેસાડવાની કોશિશ કરે છે કે કદાચ આપણા ઉપર હુમલો થાય તેવું અનુમાન આપણે કરીએ છીએ. આ અનુમાનના આધારે ગાંધીના ગુજરાતની અંદર સત્તાધારી પક્ષના ધારાસભ્યશ્રીઓ પોલીસ રક્ષણ માટે, મંત્રીમંડળ પોતાનું હિત જળવાય, પોલીસ રક્ષણ સાથે, પોલીસ બંદોબસ્ત સાથે મોભો મરતોબો જળવાય અને એનાથી પોતાનું રાજકારણ ચાલે એના કારણસર આજે પ્રજા પોતે અસલામતીની લાગણી પેદા કરી રહી છે અને સરકાર ઉપરનો વિશ્વાસ દિન-પ્રતિદિન ઊઠતો જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં સંકલ્પ લઈને એટલા માટે આવવું પડયું છે, શું આપણે એવું તો કયું કૃત્ય કરીએ છીએ કે આપણે પ્રજાથી ડરવું પડે, પ્રજા આપણી ઉપર હુમલો કરશે એવો ભય આપણને ૨૪ કલાક સતાવતો રહે? આ સરકારના મંત્રીશ્રીઓને ધારાસભ્યશ્રીઓ ઉપર વિશ્વાસ રહ્યો નથી. મંત્રીશ્રીઓ અહીંયા હોય કે તેમના બંગલે આપણે મળવા જઈએ ત્યારે પોલીસવાળા, 'ઊભા રહો તમે રિવૉલ્વર કે બીજુ કોઈ હથિયાર તો નથી લઈ જતાને' એવો પ્રશ્ન કરે છે. અમે કહીએ કે હું ધારાસભ્ય છું. તો કહે અમને સૂચના છે, તમારી તપાસ કરવી પડશે તમારી ગાડીમાં હથિયાર તો નથીને? આવા સંજોગોમાં, આવા વાતાવરણમાં ગાંધીની વિચારધારાને કયાંથી વળગી શકીએ? આપણે ગાંધીના નામે ભાષણો કરીએ, ગાંધીજીની અહિંસાની વિચારધારાનો પ્રજાને ગુમરાહ કરવા માટે સો ટકા પ્રચાર-અપ પ્રચાર કરીએ પણ મનથી આપણે બધા ડરીએ છીએ, સત્તાધારી પક્ષ તો વિશેષ ડરે છે. કોણ જાણે કેમ ડરે છે? આની પાછળનું બહું ચિંતન કર્યા પછી કેટલાક મુદ્દાઓ ગૃહ સમક્ષ લાવવા માગુ છું. અસલામતીમાંથી સલામતી તરફ ગુજરાત જાય, ગુજરાતના પ્રજાજનો જાય એના માટે રાજય સરકારે ખૂબ ચિંતન કરવું જોઈએ, ચિંતા વ્યકત કરવી જોઈએ. આપણે એક બાજુ જાહેરાતો કરતા હોઈએ છીએ, રાજય સરકાર જાહેરાતો કરે છે મોટી મોટી કે ક્રાઈમ રેટ આપણો ઘટતો જાય છે. આખા ભારતમાં ૧૮.૨ છે જ્યારે ગુજરાતમાં ૧૧.૨ છે. શા માટે ગુજરાતમાં ૧૧.૨ છે? આખા ભારતની વસતિ ૧૦૦ કરોડની છે જ્યારે આપણે તો માત્ર ૫ કરોડ છીએ અને ૫ કરોડમાં ૧૧.૨નો ક્રાઈમ રેટ આવતો હોય તો એ આપણા માટે શરમજનક છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર ઈચ્છતી હોય તો હું આંકડા આપવા તૈયાર છું. અમદાવાદ શહેરની વાત કરીએ તો લૂંટ ગયા વર્ષે ૧૭૨ થઈ હતી અમદાવાદ શહેરમાં અને આ વખતે માત્ર જાન્યુઆરીમાં ૪૧ લૂંટ થઈ છે. આ ક્રાઈમ રેટ છે આપણો? ચેન સ્નેચીંગ ૨૬ થયા હતા, ઘરફોડ ચોરી દિવસે અને રાત્રે ૮૦૨ આખા વર્ષમાં થઈ અને આ વખતે એક મહિનામાં દિવસે ૧૧ થઈ અને રાત્રે ૭૦ ઘરડોડ ચોરી થઈ, અપહરણ આખા વર્ષમાં ૧૮૨ થયા હતા આ એક મહિનામાં ૧૮ થયા, ખૂન ૧૦૬ થયા હતા, (અંતરાય) આ અમદાવાદ શહેરના આંકડા છે આ રીતે આખા ગુજરાત રાજયમાં કેટલા કેટલા કયા કયા જિલ્લામાં ખૂન, લૂંટ, ધાડ થઈ છે એની માહિતી મારી પાસે છે. આપણે જ્યારે ગુજરાત સલામત છે એવા •(xxxx) ત્યારે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : (xxxx) શબ્દ કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, સાધુ-સંતોનું પણ કોઈ રક્ષણ થતું નથી. જેના થકી આપણે ચૂંટાઈને બેઠા છીએ અને આપણે ધર્મનો આંચળો ઓઢીને પ્રજા પાસેથી મતો લીધા છે અને આપણામાં વિશ્વાસ વ્યકત કરીને સાધુ-સંતોએ પણ એમ કહ્યું હતું કે એક વખત રામ રાજય સ્થાપવું હોય તો ભાજપને લાવો. એવું કહેનારા સાધુ-સંતોની પણ આજે સલામતી નથી. આજે એના કારણે જ સ્વામી સચ્ચિદાનંદજી ઉપર હુમલો થયો, ઉત્તર ગુજરાતમાં એક વર્ષમાં ૧૧ મંદિરોમાં ઘરફોડ ચોરી થઈ, સાધુ-સંતો ઉપર હુમલાઓ થયા, લૂંટ થઈ, અપહરણ થયા, હિંસા થાય છે આ બધું કયાં જઈને અટકશે? આપણે પણ બિહાર, ઝારખંડ, છત્તીસગઢ કે રાજસ્થાન કે બીજા રાજયોની જેમ આપણા ગુનાઓના આંકડા વધારતા જવા છે? આમાં પણ આપણે નંબર વન થવું છે? આ ખૂબ શરમજનક બાબત છે આપણા સૌના માટે.એક દાખલો આપું રાધનપુર નવાબ સાહેબનો આપણે જ્યારે રાધનપુરમાં નવાબી રાજય હતું અને તેની અંદર તે વખતે ખેડૂતને માટે તે પોતાનું હળ અને તેનું ખેતી માટેનું મુખ્ય છે તે હળધારી ખેડૂત તેનો બળદ ચોરાય તો એ જે તે તાબાના સૂબાને એમ કહેવામાં આવતું કે આ બળદ ત્રણ મહિનાની અંદર પાછો નહીં લાવી શકે તો તારા પગારમાંથી આ બળદ આ ખેડૂતને અપાશે. આજે પરિસ્થિતિ કયાં છે? આજે તો પોલીસમાં નાની મોટી ફરિયાદ લઈને કોઈ જાય કે ફલાણી વ્યકિતએ મને ધમકાવ્યો છે તો પોલીસ એમ કહે કે જાવા દેને યાર, તું મને આ બધી વાતમાં કયાં નાખે છે. કેટલીક જગ્યાએ સમજણથી કરતા હોય છે, કેટલીક જગ્યાએ આંખ કાઢીને કહેતા હોય છે તો કેટલીક જગ્યાએ ધાક ધમકી પોલીસ પોતે વાપરતી હોય છે. તેમાં એમ હું નથી કહેવા માગતો હતો કે સરકાર આ બાબતમાં ચિંતિત નથી પણ સરકારની પકકડ દિન પ્રતિદિન ઘટતી જાય છે. નંબર વન થવાની હરોળની અંદર પાણી પીવું હોય તો પણ મુખ્યમંત્રીશ્રીની રજા લેવી પડે એવી ગુજરાત રાજયની આજે પરિસ્થિતિ પેદા થઈ છે અને આ ટ્રેઝરી બેચના મંત્રીઓ તેમને પૂછ્યા વગર પાણી પણ પી શકતા નથી. આજે ખરેખર આપણાં બધા માટે ચિંતાજનક બાબત છે. આજે એટલા માટે સંકલ્પ લઈને આવવું પડ્યું છે કે આ ગૃહે ખરેખર ગંભીરતાપૂર્વક ચિંતા કરવી જોઈએ. આ વર્ષ ચૂંટણીનું વર્ષ છે.

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

લોકો આપણને પૂછશે, આપણે પ્રજામાં જઈશું ત્યારે લોકો આપણને પૂછવાના છે કે અમારા ગામની અંદર આ મંદિરમાં ચોરી થઈ તમે ધારાસભ્ય હતા ત્યારે શું ધ્યાન રાખ્યું ? આ તમારા ગામનું ચરોતરું થયું શું તમે ધ્યાન રાખ્યું ? આ ગામની અંદર બ્રાહ્મણોની હત્યા થઈ, તમે શું ધ્યાન રાખ્યું ? આ દલિતોની રેલી ઉપર પથ્થરમારો થયો, ટીયર ગેસ છૂટ્યા, તેની ઉપર ઘોડાઓ દોડાવ્યા જે રીતે અંગ્રેજોના જમાનામાં ઘોડાઓ દોડાવતા હતા તે રીતે ઘોડાઓ દોડાવ્યા તમે શું ધ્યાન રાખ્યું? આજે પ્રજા આપણને સૌની પૂછવાની છે એટલા માટે આપણાં સૌને માટે આ ચિંતાનો વિષય બન્યો છે કે હવે ખરેખર આપણે બધાએ આ દિશામાં બહુ ગંભીરતાપૂર્વક વિચારવું જોઈએ. ખૂબ ચિંતિત રીતે વિચારવું જોઈએ અને આ ક્રાઈમ રેઈટ કેવી રીતે ઓછો થાય આ ક્રાઈટેરિયાની અંદર કેવી રીતે ઘટાડો થાય અને ભ્રષ્ટાચાર કેવી રીતે ઘટે. આપના વિશેષાધિકારની વાત કરું તો પણ મને નવાઈ લાગે છે.

**અધ્યક્ષશ્રી .** : ના, તેમાં નહીં પડો.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, એક મુદ્દો એ છે કે, ગૃહ મંત્રીશ્રીને ત્યાંથી એક પ્રશ્નનું ફોર્મ મોકલી આપવામાં આવ્યું. આપની પરવાનગીથી કહું ડી.એસ.પી.ને લખેલો કાગળ છે.

**અધ્યક્ષશ્રી .** : ના, ના તેમાં ના પડશો હજુ વિચારણાં હેઠળ છે તેની ચર્ચા નહીં થાય.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી :** માનનીય અધ્યક્ષશ્રી, સંમત. આવા કાર્યક્રમોની અંદર અને આ રીતે પોલીસની વગનો ઉપયોગ આ રીતે જો કરવામાં આવે તો ખૂબ ગંભીર બાબત છે આપણાં સૌને માટે આ તો ધારાસભ્યોનો પોતાનો વિશેષ અધિકાર છે અને તેની અંદર પૉઝિટીવ પ્રશ્નો પૂછવા એટલા માટે પાંચ ફોર્મ મોકલી આપું છું અને આ ફોર્મમાં સહી કરીને મોકલી આપો. તે આપણાં સૌના માટે શરમજનક બાબત છે અને તે આપણી પોતાની સત્તા ઉપર તરાપ છે. મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડીયા. આવતીકાલે આપ પણ અહીંયા બેસવાના છો ત્યારે આ જ પરિસ્થિતિ પેદા થવાની છે એટલા માટે એવા અભિમાનમાં રાચશો નહીં. અભિમાન તો રાજા રાવણનું પણ રહ્યું નથી સી.ડી. એટલે અભિમાનની વાત છોડી દેજો અને સ્વાભિમાન ઉપર આવો. ધીરે ધીરે બને ત્યાં સુધી પ્રજાના પ્રશ્નો, પ્રજાની સલામતી, પ્રજા કેવી રીતે શાંતિપૂર્વક રહી શકે રાત્રેના હું જાગીશ દિવસે તમે જાગજો, દિવસે હું જાગીશ રાત્રીના તમે જાગજો તે વાતોને ભૂલી જાવ અને વાસ્તવિકતા ઉપર આવીએ. આપણે સૌ એ ચિંતા કરીએ કે ખરેખર આજની તારીખે ગુજરાતની પરિસ્થિતિ કાયદો અને વ્યવસ્થા કથળવાના કારણોસર આજે અસલામતીનો ભોગ બનતી જાય છે અને પોલીસ તંત્ર પોતે આજે તેની પોતાની જોહુકમી, ત્રાસ અને પદાધિકારીઓની સેવાના કારણોસર એટલી થાકીને લોથ થઈ ગઈ છે કે આજે સ્ટાફની ભરતી પણ પૂરતાં પ્રમાણમાં થઈ નથી. પોલીસના પોતાના નક્કી કરેલા ક્રાઈટેરિયા છે તેને પણ મોભે મૂકી અને આપણે તંત્ર બનાવ્યું છે તેની અંદર લોક રક્ષકની ભરતી થાય. તેની અંદર આપણે બધા સભ્યો છીએ અને આપણે કેવી ભરતી કરતા હોઈએ આપણાં દીકરાની સો ટકા આપણે લાગવગ કરવાના છીએ. પ્રજા વચ્ચે આપણે જવાનું છે. આપણે એવી ભરતી થાય તેની ઉપર આપણે કેવી અપેક્ષા રાખી શકીએ ? લોક રક્ષક પંચાયતનું છે તમે બનાવેલું તેમાં. આવી ભરતી થાય, હવે એને પોલીસના નકકી કરેલા ક્રાઈટેરિયા હોય તે આખા છિન્નભિન્ન થઈ ગયા છે. ક્રાઈટેરિયાની આખી યાદી જોઈ છે કે ફલાણા ફલાણા વ્યકિતને સંઘના અમારા આટલા આટલા સંઘચાલકો છે, એમના દીકરા છે અથવા તો એમની ભલામણ છે. એમને પ્રથમ પસંદગી આપીને પછી મેરિટ નકકી કરો. મેરિટમાં ખ્રિસ્તી અને મુસ્લિમ કોઈ હોય તો એને છેલ્લે મેરિટમાં મૂકવા, એની ભરતી ન થાય એનું ખાસ ધ્યાન રાખવું. આવી સૂચનાઓ આપવામાં આવે છે. આ આપણા સૌને માટે દુ:ખની બાબત છે. આ ભરતીના કાર્યક્રમમાંથી આપણે બહાર આવીએ, ટ્રેઝરી બેંચ બહાર આવે. આ તો વહીવટી કાર્યક્રમના ભાગરૂપ હોય છે. વહીવટી બાબતોમાં અધિકારીઓને છૂટ આપવી જોઈએ. એમની પસંદગીના માણસો, સિલેકટેડ માણસો, એકસ. આર્મીમેન આવે, એવા લોકો આવે એ જરૂરી છે. એટલા માટે કહેવું પડે છે કે આ બધી વાતોમાંથી પોતાના પદની ગરિમા જાળવીએ અને આપણે પણ કેટલીક ભલામણો કરવામાં વિચાર કરવો પડે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના થકી એક નમ્ર વિનંતી કરવી છે કે પોલીસ પટેલની પહેલાના જમાનામાં નિમણૂક કરવામાં આવતી હતી. તેમને ૧૦૦ રૂપિયા આપવામાં આવતા હતા, પણ આખા ગામમાં શાંતિ રાખવાના હેતુથી કોઈની ગુનાહિત માનસિકતા થતી હોય તો એને બદલાવી દેવાના પ્રયત્નો તેમના દ્વારા કરવામાં આવતા હતા. આથી મારી નમ્ર અરજ છે કે આ મુદ્દાને હકારાત્મક રીતે લઈને વિચારે અને મારો સંકલ્પ સ્વીકારે એટલી વિનંતી સાથે વિરમું છું.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિનિયર ધારાસભ્ય શ્રી મુકેશભાઈ ગઢવી દ્વારા આ વિધાનસભા ગૃહમાં સંકલ્પ દ્વારા ગુજરાતની પોલીસ, ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ શું છે, એના માટે ખૂબ જ સારો સંકલ્પ લઈને આ વિધાનસભાગૃહમાં તમામ ધારાસભ્યો સમક્ષ મૂકવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર આંધ્ર, બિહાર, યુ.પી. એ બધા રાજયો કરતા આપણી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી છે, એવી વાત વારંવાર રાજયના ગૃહમંત્રી કરતા હોય કે રાજયના બીજા મંત્રીઓ કરતા હોય છે. આપણા ગુજરાતની એક આગવી ઓળખ છે. એ આગવી ઓળખ એવી છે કે મહોત્સવો ભલે આજે થાય, પણ ૨૫ કે ૩૦ વર્ષ પહેલા પણ નવરાત્રિમાં રાત્રે બે કે અઢી વાગે નવરાત્રિમાંથી બહેન દીકરી રાત્રે

સલામત રીતે પોતાના ઘરે પાછી ફરતી હતી. આ ઓળખ ગુજરાતની હોય, ત્યારે આજે પરિસ્થિતિ શું થાય છે? આજે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ શું છે? (અંતરાય) ભૂપેન્દ્રસિંહભાઈ, આ ધીર-ગંભીર પ્રશ્ન છે. રાજકારણના આંટાપાટા તો બહાર ચુંટણીમાં ખેલી લઈશું. પણ, આજે તો કાયદો અને વ્યવસ્થાની વાત થાય છે, ત્યારે મારે નમ્ર ધ્યાન દોરવાનું છે કે રાજયના ગૃહમંત્રી અમદાવાદના છે. અમદાવાદમાં રહે છે. રાજયના સેક્રેટરી ગાંધીનગરમાં રહે છે. રાજયના મોટા ડી.જી.પી. પણ ગાંધીનગરમાં રહે છે. અમદાવાદ અને ગાંધીનગર, જયાં સમસ્ત પહેલા નંબરના કહેવાય, આગવા સ્થાનના લોકો રહે છે, ત્યારે છેલ્લા ૪ વર્ષની અંદર ક્રાઈમ રેઈટની વાત મારે કરવી છે. અમદાવાદની વાત મારે કરવી છે કે અમદાવાદની અંદર છેલ્લા ૪ વર્ષમાં ૨૪૪ લૂંટ થઈ છે., ૧૧૩ ખૂન થયા છે. ૧૫૯ છેતરપીંડી. અમિતભાઈ, છેતરપીંડી તો ચાલ્યા કરે. પણ સૌથી ચોંકાવનારા કિસ્સા ૬૬૭ આપઘાતના કિસ્સા આપ જયાં રહો છો, જયાં મત માગવા જવાના છો, એ અમદાવાદ શહેરમાં થયા છે. ૧૦૩ જેટલા બળાત્કાર અને ૪૮૬ જેટલાં અપહરણ થયાં છે. આ અમારા આંકડા નથી, પરંતુ ગૃહ વિભાગની પ્રશ્નોત્તરીમાં સરકારે આપેલા આંકડા છે, એ તમારે તપાસવા હોય તો તપાસી લેજો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બે ત્રણ બાબતોની વાત કરવી છે. આજે આપણે જોઈએ તો પોલીસ તંત્ર ગમે તેવી પરિસ્થિતિમાં અને ગમે તેવા સંજોગોમાં રાતદિવસ એક કરીને કામ કરે છે. આજે પોલીસ તંત્રમાં એની સંખ્યાનું પરિબળ જોઈએ તો ઓછું છે. પી.એસ.આઈ, પી.આઈ. અને ડી.વાય.એસ.પી.ની જગ્યાઓ ખાલી છે અને છેલ્લે ગ્રામ રક્ષક દળના નામે આ સરકારે મશ્કરી કરવાનું કામ કર્યુ હોય તો એમની ૨૫૦૦ રૂપિયામાં ભરતી કરીને કર્યુ છે. ૨૫૦૦ રૂપિયા એટલે શું? ઓલો કર્મચારી પોતાના ઘેરથી નીકળે છે ત્યારે હાથમાં મોત લઈને નીકળે છે, એને ખબર નથી કે કાલે શું થવાનું છે? એને ૨૫૦૦ રૂપિયાનો પગાર મળે છે. તો એક દિવસનો એના કુટુંબનો કેટલો ખર્ચ થાય એ ખબર છે? એના મકાનનું ભાડું કેટલું હોય છે એ ખબર છે? તો આવી ૨૫૦૦ રૂપિયામાં ભરતી કરવાની શરમજનક વાત ગૃહ વિભાગમાં થાય અને પછી પોલિસ તંત્રને એમ કહે કે ૨૪ કંલાક કામ કરો તો એ યોગ્ય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ટૂંકમાં બે ત્રણ વાત કરવી છે કે આજે વિશ્વ મહિલા દિન છે. આ દિવસે આ ગૃહમાં શું થયું એ બધાને ખબર છે. આજે આપણે ૨૧ મી સદીની વાત કરીએ છીએ એવા સમયે પહેલાં દીકરીને દૂધ પીતી કરતા હતા અને આજે ભ્રુણ હત્યા થાય છે. મહિલાઓની પરિસ્થિતિ શું છે? સામાજીક બેકલોગ અને સામાજિક સેટ અપ છે એમાં કાંઈ ફેરફાર થયો નથી. હું માનનીય ગૃહમંત્રીશ્રીને કહીશ કે બળાત્કાર થાય અને ફરિયાદ કરવા જાય અને પોલીસ ખાતામાં બેઠેલા લોકો એમ કહે કે આ ફરિયાદ ખોટી છે ત્યારે આપને પૂછું છું કે આ રાજયની કોઈ સ્ત્રી, કોઈ બહેન કે કોઈ દીકરી આવું ખોટું બોલવાની લાલચ કરી શકે ખરી કે મારી ઉપર બળાત્કાર થયો છે? તો આ રીતે પોલીસ ખાતા તરફથી એમ કહેવામાં આવે કે આ ખોટી ફરિયાદ છે અને પછી એની એફ.આઈ.આર ના નોંધાય અને પછી સામેવાળાને એમ કહેવામાં આવે કે તમારે જેટલું થાય એટલો કરી લેજો નહીંતર પરિસ્થિતિ બગડશે. આવી જ બાબત આપઘાતના કિસ્સાઓમાં બને છે કે દીકરીના આપઘાતના કિસ્સામાં મા-બાપ ફરિયાદ કરવા જાય ત્યારે પહેલી ભૂલ પોલીસ ખાતું મા-બાપની કાઢે છે કે તમને ખબર છે કે સાસરીમાં ત્રાસ છે તો શું કામ દીકરીને મોકલો છો? ત્રાસ હોય તો તમારે ના મોકલવી જોઈએ ને? તો મા-બાપ સમાજની બીકે અને આબરૂની બીકે પોતાની દીકરીને મોકલે અને દીકરી આપઘાત કરે અને માતા પિતા રોતા કકળતા ફરિયાદ કરવા જાય ત્યારે એની ફરિયાદ ના લેવાય.એક બાજુ દીકરીનું માત, એકબાજુ દીકરીની નનામી પડી હોય અને મા-બાપ ફરિયાદ કરવા જાય ત્યારે (અંતરાય) મારી માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે આવા બનાવો આપણી દીકરીઓ ઉપર થઈ શકે છે ત્યારે આ બાબત સૌ ચિંતિત રહે, હાઉસમાં હાસ્ય કે મજાકની બાબત ના બનાવે. તો જયારે મા-બાપ આવી પરિસ્થિતિમાં એની ફરિયાદ કરવા જાય કે એનાં સાસરીયાંએ એને મારી નાંખી છે ત્યારે એમને એમ કહેવામાં આવે કે જુબાની લાવો, સાક્ષીઓ લાવો. તો મને લાગે છે કે અમીતભાઈ, આ બાબતને ધીર ગંભીરતાથી વિચારણામાં લેજો. એટલા માટે કે રાતોરાત તો પરિસ્થિતિ બદલાઈ જવાની નથી, પરંતુ ધીરે ધીરે એ પરિસ્થિતિમાંથી બહાર નીકળીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારી ત્રીજી વાત એ છે કે ખૂન થાય, પરંતુ એ પોલીસ રક્ષણ નીચે થાય. મને ખબર છે કે મારું ખૂન થવાનું છે એટલે હું પોલીસ રક્ષણ માગું અને પોલીસ રક્ષણ નીચે પોલીસની હાજરીમાં ખૂનની પરંપરાઓ થાય છે ત્યારે આ રાજયમાં કોને ફરિયાદ કરવા જવું? માંગરોળ તાલુકાના એક ગામમાં ૫-૫ ખૂન થયાં અને ૫ એ ૫ ખૂન પોલીસ રક્ષણ નીચે થયાં. આ પોલીસ રક્ષણ નીચે પોલીસ હાજર હોય અને પેલો માણસ આવીને એને મારીને જતો રહે અને આ રીતે જેલમાંથી પણ છૂટી જાય અને જતો રહે ત્યારે આપણે અમદાવાદમાં ભલે રહીએ, પરંતુ સમસ્ત ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનું ધ્યાન રાખીએ અને પહેલો નંબર લાવવાની વાતમાં ગુજરાતમાં પહેલો નંબર લાવીએ ત્યારે બધા સભ્યશ્રીઓએ ચિંતા કરવાની વાત છે ત્યારે

બધા સભ્યશ્રીઓ આ વાતમાં ધ્યાન રાખે અને મહિલા દિને, મહિલા ભેટમાં મહિલા પોલીસ અધિકારી ગીતાબેન જોહરી પાસેથી કેસ પરત લઈ લીધો છે.

આજે વિશ્વ મહિલા દિવસ છે ત્યારે એક વાત કરવી છે કે જે પરિસ્થિતિ થઈ છે એમાં આવતા દિવસોમાં ગુજરાતની બહેન અને દીકરી મુકત અને સલામત રહે, ગુજરાતની માતાઓ સલામત રહે....તો જ રાજયના મુખ્ય મંત્રી સૂઈ શકશે. બાકી રાજયના મુખ્ય મંત્રીશ્રી ૨૪ કલાક જાગે તો પણ આ પરિસ્થિતિ બગડતી રહેશે.

એક નાની વાત છે, એક રાજા ઘોડો લઈને નીકળ્યો, રસ્તામાં એક માતા પોતાની દીકરી સાથે ઊભી હતી, તેમણે દીકરીને એમ કહ્યું કે અહીં રસ્તામાં કેમ ઊભી છો, મારા ઘોડા ઉપર આવતી રહે, ત્યારે માં એ રાજાને કહ્યું કે મારી દીકરીને નથી આવવું, એટલે રાજા આગળ ચાલ્યો ગયો, વળી રાજાને મનમાં થયું કે ચાલ એમને લેતો જાઉં, એટલે પાછો આવ્યો અને દીકરીને કહ્યું કે દીકરી, મારા ઘોડા ઉપર આવી જા. ત્યારે દીકરીની માતાએ કહ્યું કે ભલે, રાજા આ રાજની સલામતી તારા હાથમાં છે, પણ તને જેમ ઉપર વાળાએ સૂઝાડયું અને તું પાછો આવ્યો, તેમ મને પણ ઉપર વાળાએ સૂઝાડયું છે કે તારી દાનત બગડી છે એટલે તું મારી દીકરીને લેવા પાછો આવ્યો છે, એટલે એ રીતે રાજયની રખેવાળી કરનારાને રાજયની ચિંતા ન રહે તો ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બગડશે. ફરી વાર કોઈ આક્ષેપ કર્યા વગર હું વિનંતી કરીશ કે આવતા દિવસોમાં ગુજરાતમાં કાયદો અને વયવસ્થા પહેલા નંબરમાં રહે તેવી કાર્યવાહી કરો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુકેશભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે જેમાં માનનીય ચંદ્રિકાબહેને પોતાનો સૂર પુરાવ્યો છે એમાં હું પણ મારો સૂર પુરાવું છું. આજે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ એવી થઈ ગઈ છે કે અમદાવાદ એક મેગા સીટી હતું તે ક્રાઈમ સીટી થઈ ગયું છે એવી સ્થિતિ થઈ છે. આજે મહિલા દિન છે. માટે એક વર્ષમાં ૫૪૨૬ મહિલાઓના અપમૃત્યુ થયા છે. આપઘાત કરવા પડ્યા છે આવી સ્થિતિ છે. અને ભાજપના ચાર વર્ષના આ સરકારના ચાર વર્ષનાં જે ગુનાઓ બન્યા છે તેના આંકડાઓ પરફેકટ મારે આપવા છે. આ રાજયમાં કુલ ગુનાઓ જે બન્યા છે તે ૩,૦૦,૧૯૯ ગુનાઓ નોંધાયા છે. ખૂન ૪૫૧૩ જેટલા થયા છે. ખુનની કોશિશના ૧૮૬૪ જેટલા બનાવો નોંધાયા છે. ઘરફોડ ચોરીના ૨૧૭૧૩ બનાવો થયા છે. ધાડના ૧૩૦૦ જેટલા ગુનાઓ થયા છે. ચોરીના બનાવો ૧૩૧૭૧ જેટલા થયા છે. હંગામાંના બનાવો ૫૩૬૦ બન્યા છે. ઈજા ૪૨૮૩૪ જેટલી થઈ છે. અપહરણના બનાવો ૪૩૨૪ થયા છે. અને અન્ય ગુનાઓ ૧,૦૦,૦૪૪ થી વધારે થયા છે. આ સરકારે જ્યારથી શાસન સંભાળ્યું ત્યારથી અત્યારસુધીના આ ગુનાઓના આંકડાનું લિસ્ટ છે. દર વર્ષે ૪ આતંકવાદી ઘટનાઓ આ રાજ્યમાં બને છે. જેલની કડક સુરક્ષામાં ૬૨ જેટલા મારામારીના બનાવો થયા છે. દર વર્ષે ૪ થી ૫ જેલમાંથી ૧૦ કરતાં વધારે ગુનેગારો ભાગી ગયા છે. પોલીસના હાથમાંથી ૨૦ જેટલા કેદીઓ ફરાર થયા છે. છેલ્લા છ મહિનામાં ૯૭૨ બાળકો ગુમ થયા છે. અને શાળામાંથી ૪ અને અન્ય સ્થળેથી ૬૧૮ એમ કુલ ૬૨૨ જેટલા બાળકોના અપહરણ થયા છે. ૧૦૨ બાળકો આજે પણ લાપતા છે. આવી ગુનાઓની સ્થિતિ આ રાજયમાં છે. અને માનનીય મુકેશભાઈએ જે પ્રમાણે ચિંતા કરી છે એમ ૨૦૦૫ થી છેલ્લા ૩ વર્ષમાં મંદિરોની અંદર ૬૬ જેટલી લૂંટ થઈ છે. મંદિરમાં ચોરીના ૬૯૯ જેટલા બનાવો બન્યા છે. અત્યારસુધીમાં મંદિરોમાં ધાડ ના ૫૨ (બાવન) કિસ્સાઓ નોંધાયા છે. અનેક પૂજારીઓની હત્યાઓ થઈ છે. કાયદો અને વ્યવસ્થાની અંદર જેમ કોઈની આપણે હરિફાઈ કરતા હોઈએ તેવી પરિસ્થિતિ છે. મેં હમણાં થોડા દિવસ પહેલા પણ કહેલું કે આપણે બિહાર કે ઉત્તર પ્રદેશની સાથે સરખામણી નથી કરવી. ગુજરાત માટે આપણને ગૌરવ છે કે ગુજરાત કેવું હોય, નિર્મલ ગુજરાતની આપણે વાતો કરીએ છીએ. પાંચ કરોડ જનતાની વાતો કરીએ છીએ, પણ જો આપણા લોકો સલામત ન હોય અને કાયદો અને વ્યવસ્થાની આવી સ્થિતિ હોય તો દિન પ્રતિદિન જો ગુનામાં ઘટાડો ન થાય તો ખરેખર એ ચિંતા ઊભી કરે તેવી બાબત છે. આજે આ પરિસ્થિતિ કયાં જઈ અને અટકશે? આટલા બધા ગુનાઓ બનતા હોય અને તેને અટકાવવા માટેના પ્રયત્નો નથી કરતાં અને જે લોકો પોતાના વિચારો અને પોતાનો અવાજ રજૂ કરવા માટે રેલી કરતા હોય અને ત્યાં આજે દલિત સમાજ ગુજરાત આખાનો ભેગો થાય અને માત્ર સરકારને વાત કરવા માગતા હોય ત્યારે તેના ઉપર અત્યાચાર થાય, લાઠીમાર થાય ૨૨૦૦ કરતાં વધુ લોકોની આજે ધરપકડ થઈ છે. એના ઉપર અત્યાચારો થાય, એની ઉપર લાઠી ચાર્જ થાય, ૨૨૦૦થી વધારે લોકોની ધરપકડ કરવામાં આવી છે. ઘોડા દોડાવવામાં આવે આતો મોટા લૂંટારા હોય એ રીતે એની ઉપર ૭૦ થી વધારે ટીયરગેસ છોડવામાં આવ્યા છે. ગુજરાતમાં સાચી વાત કરે, ગુજરાતમાં અન્યાય થાય એની વાત રજૂ કરવા ભેગા થાય એના ઉપર દમન કરવામાં આવે એ કોઈ રીતે યોગ્ય નથી. પરંતુ જ્યાં ગુનાઓ થાય છે ત્યાં સરકાર જરાય ચિંતિત નથી. માનનીય મુકેશભાઈ સંકલ્પ લઈને આવ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરુ છું કે આપણે સૌ ભેગા થઈને ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી થાય એના માટે ચિંતા કરીએ. માનનીય મંત્રીશ્રી પણ આ અંગે વધારે ચિંતા કરે તેવી વિનંતી કરુ છું. માનનીય મુકેશભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુકેશકુમાર ગઢવી જે બિન સરકારી સંકલ્પ લઈને આવ્યા છે એ સંકલ્પના સંદર્ભમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

હમણાં થોડા સમય પહેલા ગુજરાતમાં ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટનું આયોજન થયેલ હતું. એમાં ૪ લાખ ૬૫ હજાર કરોડના એમ.ઓ.યુ. થયા છે. દેશ ભરના કુલ ઉત્પાદનમાં જેનો ૭૦ ટકા હિસ્સો છે તેવા આ દેશના ગણમાન્ય વેપારી ઉદ્યોગપતિઓએ મંચ ઉપરથી એકી અવાજે કહ્યું હતું કે ગુજરાત એ ઉદ્યોગ માટે સર્વ શ્રેષ્ઠ છે અને ગુજરાત એ માટે સર્વ શ્રેષ્ઠ ત્યારે બને કે જ્યારે ગુજરાતમાં શાંતિ હોય, ગુજરાતમાં સલામતી હોય, ગુજરાતમાં સુરક્ષા હોય અને એવા સંજોગોની અંદર માનનીય મુકેશભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે એ સંકલ્પના આધાર ઉપર એવું લાગે છે કે ગુજરાતને વિકૃત કરીને, ગુજરાતને નીચું દેખાડવાની અને ગુજરાતને અહિત કરવાની માનસિકતા આ સંકલ્પની અંદર ઊભી કરવાનો પ્રયત્ન કર્યો છે.

આપણે ગુજરાતી છીએ અને ગુજરાતી હોવાની વાતનું ગૌરવ થાય આ સંકલ્પની અંદર, (અંતરાય) માનનીય ગોવાભાઈ આ સંકલ્પમાં મુકેશભાઈને ખૂન, લૂંટ, ધાડ દેખાઈ પરંતુ જે ગોધરાના રામ ભકતોને જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા એની આગની ઘા હજી પણ રૂજાઈ નથી. આ માનનીય મુકેશભાઈ કેમ ભૂલી ગયા? આજે વિશ્વમાં આતંકવાદની મુખ્ય સમસ્યા છે. આ ગુજરાત છે આ ગુજરાત તરફ આતંકવાદીઓ ઊંચી આંખ કરીને જોવાનું ભૂલી ગયા છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : માનનીય ગોવાભાઈ તથા જેઠાભાઈ, આપ બંને આ ગૃહની બહાર ચાલ્યા જાવ.

(આ તબક્કે બંને સભ્યશ્રીઓ સભાગૃહની બહાર ચાલ્યા ગયા)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હવે ગોવાભાઈ સુધરી જશે. અહીંયા વાત કરવા માટે આવ્યા છે. આ આતંકવાદી તત્ત્વોને તોડવા માટે આ આતંકવાદી તત્વોને લક્ષ્મણરેખા દોરીને અટકાવવા માટે એન.ડી.એ.ની સરકારે પોટાનો કાયદો કર્યો હતો., પરંતુ જ્યારથી યુ.પી.એ.ની સરકારે કેન્દ્રમાં સત્તાના સૂત્રો સંભાળ્યા, સૌથી પહેલું કામ લઘુમતી તુષ્ટિકરણ કરવા માટે પોટાનો કાયદો રદ કર્યો અને આ દેશની સલામતીની ચિંતા નથી કરી. બેનર્જી સમિતિનું ગઠન કર્યું, બેનર્જી સમિતિનું ગઠન એટલા માટે કર્યું કે જેના કારણે આ ગોધરાના કેસનો સાચો ન્યાય મળતો અટકે. આ આતંકવાદી તત્ત્વોને નાથવા માટે ગુજરાત સરકારે ગુજકોકનો કાયદો બનાવ્યો. આ ગુજકોકનો કાયદો બનાવીને સતત કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી. પરંતુ ક્યાંક ગુજકોકનો કાયદો બનાવતા ફરી એકવાર લઘુમતીઓ નારાજ થશે તો અમારા મતનું શું થશે? માત્ર ને માત્ર મતોની રાજનીતિમાં રમનારા આ કોંગ્રેસના મિત્રોને ભારતીય જનતા પાર્ટીની આ ગુજરાતના માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ લડતી આ સરકાર આતંકવાદી તત્ત્વોને જેર કરવા માટે સફળ રહી છે એ સફળતા એ પચાવી શકતાં નથી. એ ખબર નથી પડતી કે તમે આતંકવાદીઓની ચિંતા કેમ કરો છો? એ ખબર નથી પડતી કે સલામતીના ભોગે લઘુમતી તુષ્ટિકરણની ચિંતા તમે શા માટે કરો છો? ભૂતકાળના દિવસો હજી તમે ભૂલી નથી ગયા. ૧૯૯૧થી ૧૯૯૫માં જ્યારે કોંગ્રેસનું શાસન હતું આ ભૂતકાળમાં શસ્ત્રોના સોદાગરોને રાજકીય આશ્રય કોણ આપતું હતું?

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ. તમે આ સાઈડમાં જોઈને બોલો પ્લીઝ. આખો દિવસ લડવાના મુડમાં વાત નહીં કરો, મારે બેસાડી દેવા પડશે ધ્યાન રાખો પ્લીઝ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : પૂર્વ મંત્રી મોહમ્મદ સુરતીને શા માટે વડોદરાની જેલના હવાલે કરવામાં આવ્યા? એક સમય હતો, લતીફ ગેંગ સમગ્ર અમદાવાદ શહેરને બાનમાં લેતી હતી. ૧૯૮૫ના એ દિવસો, જગન્નાથ મંદિરની રથયાત્રા નીકળે તેના ઉપર હિંસક હુમલાઓ કરીને સમગ્ર અમદાવાદ શહેરની શાંતિ હણનારા તત્ત્વો કોણ છે? આ તત્ત્વોને કેમ રાજકીય આશ્રય આપવામાં આવતો હતો? લતીફની ગેંગ હોય, રસૂલ પાર્ટીની ગેંગ હોય, મમ્મુમીયાં હોય કે પંજુમીયાં હોય, આ બધા કોના રાજકીય આશ્રય હેઠળ આ ગુજરાતની શાંતિને હણીને ગુજરાતની સલામતીની સાથે ચેંડા કર્યા છે? આજે પોલીસ નીડર થઈને નૈતિકતાપૂર્વક ગુજરાતની શાંતિ હણનારા લોકોને ગુજરાતની પોલીસ તેમની ભાષામાં જવાબ આપે છે. મોતના સોદાગરોને પકડી પકડીને તેમને જેલના હવાલે કરવાનું કામ આજે ગુજરાત પોલીસ કરી રહી છે. ગુજરાતની પોલીસથી આ કામ કરવાનું ક્યારે શકય બને છે કે પ્રબળ ઈચ્છાશકિતના આધાર ઉપર અને રાજકીય પીઠબળના આધાર ઉપર રાજયના મુખ્યમંત્રી અને રાજયના ગૃહમંત્રી જ્યારે પોલીસ તંત્રમાં રાજકીય દખલગીરીઓ બંધ થઈ હોય ત્યારે જ આ પ્રમાણે સફળતા આપણને મળી શકે છે.

જમાનો બદલાયો છે. પહેલાંના સમયમાં જે ગુનાઓ થતા, અત્યારના સમયમાં જે ગુનાઓ થાય છે ગુનાઓને પકડવા માટે આપણે ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરીના માધ્યમથી ક્રાઈમ ડિટેક્શન રેઈટ, તેનું પ્રમાણ ઉંચું આવે તેના માટે આપણે જુદા જુદા સંસાધનોનો ઉપયોગ કરીએ છીએ. બ્રેઈન, ફીંગર પ્રિન્ટર, નાર્કો એનાલીસીસ, ડી.એન.એ. લાઈ ડિટૅક્શન ટેસ્ટ આ બધાના માધ્યમથી ગુનેગારોનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરીને ગુનેગારોને નશ્યત થાય, ગુનેગારો ગુનો કરીને છટકી ન જાય તેના માટે પૂરતા પગલાં લેવાનું કામ રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. માત્ર ગુનેગારો પકડાય એટલે નહીં, પરંતુ પોલીસ તંત્ર દ્વારા પકડાયેલા ગુનેગારોને કોર્ટ સમક્ષ રજૂ કરીને કેસની પૂરતી ચકાસણી કરીને અને કોર્ટમાં આધારભૂત પુરાવાઓના માધ્યમથી આજે ૨૦૦૦થી ૨૦૦૬ની અંદર થયેલ હિંસક ગુનાઓમાં ૪૨૬ જેટલા આરોપીઓને ૧૦ વર્ષની સજા અથવા તેના કરતા વધારે સજા રાજય સરકારના પોલીસ તંત્ર દ્વારા કરવામાં આ રાજયનું પોલીસ તંત્ર સફળ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બળવંતસિંહ હરહંમેશ આંકડાના આધાર ઉપર વાત કરતા હોય છે. એમણે જે આંકડા આપ્યા એમાં મારી પાસે જે આંકડા છે એ આપના મારફત એમને કહેવું છે કે, ૧૯૯૧થી ૧૯૯૪ની અંદર કોંગ્રેસ શાસન વખતે ૫૯૪૩ ખૂન થયા હતા. જ્યારે ભારતીય જનતા પાર્ટીના આ શાસનમાં આ ટકાવારી ઘટીને ૪૫૧૩ ખૂન થયા છે. ખૂન, લૂંટ, ધાડ આ બધાની અંદર ટકાવારીનું પ્રમાણ ઘટ્યું છે. વસ્તી વધી છે. પોલીસ તંત્રની અંદર રાજકીય હસ્તક્ષેપ બંધ થવાના કારણે..

**અધ્યક્ષશ્રી .** : હવે પૂરું કરો. ચાલો જલદી પ્રવચન પૂરું કરો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ૬ મિનિટ થઈ છે, આપ જેમ કહો તેમ. (અંતરાય) મારે તો આપે જે આંકડા આપ્યા છે એ આંકડાની સામે સમજાવવું પડેને? એ આંકડાની સામે ઑલ ઈન્ડિયાની અંદર બળાત્કારનું પ્રમાણ ૧.૬ છે અને ગુજરાતની અંદર ૦.૬ છે. ગુજરાતની અંદર આખા દેશની અંદર બળાત્કાર જેવા ગુનાઓની અંદર ૨૮મો ક્રમ છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુકેશભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો ટૂંકમાં ઉપસ્થિત કરવા માગું છું.

માનનીય પ્રદિપસિંહ બોલતા હતા. પણ મને એમ લાગ્યું કે ગૃહમંત્રીશ્રીએ ગૃહ વિભાગની વખાણ કરતી જે સ્પિચ તૈયાર કરી હોય એ કદાચ એમના હાથમાં આવી ગઈ હોય. એમાં વખાણ સિવાય કાંઈ સંકલ્પ ઉપર બોલ્યા નથી. મારે તો સંકલ્પ ઉપર જ બોલવું છે. પ્રદિપસિંહે જે બે-ચાર ઉલ્લેખો કર્યા એની વાત કરવી છે. પોટાના કાયદાની અને ગુજકોકના બિલની એ પછી કરીશું પણ ત્રાસવાદીઓને આપણે અહીંથી લઈને માનભેર સ્પેશિયલ પ્લેન ભરી આપણા વિદેશમંત્રી ત્યાં મૂકવા ગયા હતા અને તે અફઝલના ગુરુ હતા અને આપે તે દિવસે તે વખતના નાયબ વડાપ્રધાન છે એમને કહ્યું હોત તો આજે દેશને શરમ ભરી સ્થિતિમાંથી પસાર થવું ન પડ્યું હોત. કારણ કે, આપનો ઇતિહાસ પણ એવો છે. આપ લતીફની વાત કરો છો. પણ લતીફને તો શંકરસિંહ વાઘેલાએ એનું સરનામું નાબૂદ કર્યું હતું અને પાછલા બારણેથી સાઠગાંઠ રાખતા હતા. આ વખતની કૉર્પોરેશનની ચૂંટણીઓ થઈ એમાં આ લતીફના ભાઈઓને બહાર કાઢીને મદદ આપે લીધી હતી એમાં વધારે નહીં પડું. એના જૂના ભાઈબંધો કેટલાય અહીં બેઠેલા લોકો છે. મમુ મિયાં પંજુમિયાંની વાત કરો છો. મમુમિયાં પંજુમિયાં શું હતો? એ પોરબંદરમાં આર.ડી.એક્સ. ઉતારનાર એક ત્રાસવાદી હતો અને આ ગૃહ વિભાગ હેઠળ કામ કરતા એક અધિકારી જે તે વખતે ડી.એસ.પી. હતા એમણે આ મમુમિયાં પંજુમિયાં સાથે વાત કરી અને આ ગૃહ વિભાગના એક મજબૂત અધિકારી હતા એનું નામ આપણે મમુમિયાં પંજુમિયાંના મોઢે બોલાવડાવ્યું અને એ દોષિત છે એમ કરી અને એનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને પછી જ્યારે અહીં પકડવામાં આવ્યો ત્યારે મોટો ઉદ્યોગપતિ હોય એવું સન્માન આ સરકારે આપ્યું હતું અને એના પછી જે અધિકારીઓને ફસાવવા માગતા હતા એ બહુ સારા અધિકારી હતા. પણ એ અધિકારીની એક જગ્યાએ સાઈડમાં પોસ્ટિંગ કરી દીધું અને જે આ અધિકારી હતા એને એન્ટીટેરરીસ્ટ સ્કવોર્ડની અંદર એક્સ્ટોર્સનનું કામ સોંપાયું છે. અને આજે અમદાવાદમાં બિલ્ડરો પાસેથી એક્સ્ટોર્સનનું કામ કરે છે. મારે તો માત્ર અહીં જે ઉલ્લેખ થયો છે એની વાત કરવી છે. ગુજરાતની અંદર કયારેય બાળકોના અપહરણ નથી થયા અને આ વખત સૌથી વધારેમાં વધારે બાળકોના અપહરણો અને એમની હત્યા થઈ. વેપારીઓના અપહરણ થયા, એમની હત્યા થઈ, માત્ર સુરત શહેરની અંદર પહેલી જાન્યુઆરીથી સાતમી જાન્યુઆરી સુધીમાં સાત બાળકોના અપહરણ થયા અને છતાં આ સરકાર એમ કહે છે કે અમે તો કાયદો અને વ્યવસ્થાની અંદર બહુ આગળ છીએ. મારે એટલું જ કહેવું છે કે આ જે ત્રાસવાદી લોકો છે એવા એને સરકાર રાજયાશ્રય આપે છે અને આજે એક અમારી શાંત દલિતોની રેલી હતી એ રેલી ઉપર જેટલું ટોર્ચરીંગ, એ મહિલાઓ ઉપર જેટલું ટોર્ચરીંગ થાય, જેટલો ત્રાસ અપાય એ તમામ પ્રકારનો ત્રાસ અપાયો, એને માર મારવામાં આવ્યો, ૨૨૦૦ જેટલા લોકોની અટક કરવામાં આવી, એના ઉપર ટીયરગેસ છોડાયો, લાઠીચાર્જ કરાયો, આજે વિશ્વ મહિલા દિન છે એ દિવસે મહિલા ઉપર પણ લાઠીચાર્જ થયો અને છતાં આ બહાદુર સરકાર છે એ બહાદુર સરકાર આવા લોકોને કહી શકતી નથી પણ જે નિર્દોષ લોકો છે, એને ત્રાસ આપે છે અને જે ત્રાસ આપનાર લોકો છે એને રાજય સરકાર, મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રી એને રક્ષણ આપે છે. આ પ્રકારે એ જે સંકલ્પ લઈને આવ્યા છે એ ગુજરાત માટેની ગંભીર સ્થિતિની આલબેલ પોકારે છે અને આ આલબેલ જયારે પોકારાતો હોય ત્યારે આ ગૃહ કોઈ સંજોગોમાં શાંતિથી બેસી શકે નહીં.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મુકેશભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે એ સંકલ્પ ઉપર માનનીય સભ્યશ્રી ચંદ્રિકાબેન ચુડાસમા, માનનીય બળવંતસિંહભાઈ, શ્રીમાન અર્જુનભાઈ, માનનીય પ્રદિપભાઈ (સતત અંતરાય ) માનનીય અધ્યક્ષશ્રી, અમે એમને બહુ શાંતિથી સાંભળ્યા છે. એ જવાબ સાંભળવા ના માગે એ કઈ રીતે ચાલે? અમે બહુ શાંતિથી સાંભળ્યા છે. ( સતત અંતરાય ) (સતત સુત્રોચ્ચાર દલિત વિરોધી યે મંત્રી નહીં ચલેગા નહીં ચલેગા)

આ તબકકે વિરોધ પક્ષના નેતા સહિત ગૃહમાં હાજર રહેલા કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કરી ગયા. (સમય ૪-૧૨કલાક )

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતા અને વિરોધ પક્ષના સભ્યશ્રીઓ અત્યારે આરોપ કરતા નિવેદનો કર્યા પછી વોકઆઉટ કરી ગયા છે. મને એમની સમજણની દયા આવે છે. એ લોકો એવું માને છે કે એ સત્યને નહીં સાંભળે તો સત્ય સત્ય નથી રહેવાનું. આ ગૃહ સમગ્ર રાજયની જનતાનું પ્રતિનિધિત્વ કરે છે અને જો આવું જ એમનું વલણ રહેશે તો કદાચ જેટલા છે એટલા પણ આવતી વખતે પ્રતિનિધિત્વ કરવા માટે અહીં નહીં રહે. પ્રજા એમનો હિસાબ માગવાની છે. માનનીય મુકેશભાઈ જે સંકલ્પ લઈને આવ્યા અને એના ઉપર જે જુદાજુદા વિચારો વ્યકત થયા એની ઉપર હું મારું

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલ્પ ઉપર માનનીય ગૃહમંત્રીશ્રીનું નિવેદન પૂરું થાય ત્યાં સુધી આ સંકલ્પ પૂરતો સમય લંબાવવા માટે વિનંતી છે.

**અધ્યક્ષશ્રી .** : સમય લંબાવવામાં આવે છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જુદા જુદા સભ્યશ્રીઓએ ગુજરાત રાજ્યની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર પોતાના વિચારો રજૂ કર્યા છે. આ રાજ્યની સ્થાપના થઈ ત્યારથી મુખ્યત્વે બે પક્ષોની સરકાર શાસનમાં રહી છે. મોટાભાગનો સમય કોંગ્રેસ પક્ષનું શાસન આ રાજ્યમાં રહ્યું અને બીજું ભારતીય જનતા પક્ષનું શાસન રહ્યું. હું જ્યારે ગૃહ વિભાગની પ્રશ્નોત્તરીનો જવાબ આપવા ઊભો થતો હોઉ છું ત્યારે સતત વિપક્ષના સભ્યો કહે કે ભાઈ, ગુજરાતમાં ગુનાઓ વધ્યા છે, વધ્યા છે, વધ્યા છે. એટલે હું સરખામણી કરતો હોઉ છું કે એમના શાસિત રાજ્યોમાં આટલા છે અને ગુજરાતમાં આટલા છે. પરંતુ એમને એ મંજૂર નથી. હું તો લોકશાહીમાં માનું છું એટલે એમને મંજૂર નથી એ છોડી દઈએ. હું આજે ગુજરાતની સરખામણી કોઈ બીજા રાજ્યો સાથે કરવા માગતો નથી. ગુજરાતની સરખામણી ગુજરાત સાથે કરવા માગું છું. ગુજરાતની અંદર બે પક્ષોનું શાસન રહ્યું, કોંગ્રેસ અને ભા.જ.પ.નું.

(આ તબક્કે સભાત્યાગ કરી ગયેલા કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ સભાગૃહમાં પાછા આવ્યા)

માનનીય અધ્યક્ષશ્રી, આજે કોંગ્રેસ પક્ષના શાસનના ગુજરાતના આંકડા અને ભારતીય જનતા પક્ષના શાસનના ગુજરાતના આંકડાની સરખામણી હું કરવા માગું છું. માનનીય મુકેશભાઈ એવું કહેતા હતા, માનનીય બલવંતસિંહજીએ એવું કહ્યું કે બિહાર સાથે કે ઝારખંડ સાથે સરખામણી ન થાય. મેં બિહાર અને ઝારખંડ સાથે નહિ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન અને મધ્યપ્રદેશ સાથે પણ સરખામણી કરી છે. પરંતુ મુકેશભાઈ, તમે ના પાડતા હતા પણ તમારી ગેરહાજરીમાં તમારી વાત માની આજે ગુજરાત, મહારાષ્ટ્ર, ઝારખંડ, મધ્યપ્રદેશ કે રાજસ્થાન સાથે સરખામણી મારે નથી કરવી. હું કોંગ્રેસ શાસિત ગુજરાત અને ભા.જ.પ. શાસિત ગુજરાતની સરખામણી કરવા માગું છું અને મારી વિનંતી છે કે એ લોકો સ્વસ્થતાથી સાંભળે. ભારતીય જનતા પક્ષનું શાસન આ રાજ્યમાં આવ્યું ત્યારથી શાંતિ અને સલામતી વધી છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર અંકુશ મેળવ્યો છે. આજે એક પણ માફિયા ગેંગ રાજ્યમાં અસ્તિત્વમાં નથી. જ્યારે કોંગ્રેસનું રાજ્ય હતું ત્યારે ડઝન ડઝન ગેંગો અસ્તિત્વમાં હતી. પ્રજા પારેવાની જેમ ફફડતી હતી અને ધોળા દિવસે ગેંગ મશીનગનથી આતંક ફેલાવતી અને આઠ-દસ માણસોની લાશો ઢાળી દેતી. આ બધું કોંગ્રેસના રાજમાં હતું. ભારતીય જનતા પક્ષના શાસનમાં આ બધી ગેંગોને નશ્યત કરી છે. છેલ્લા ચાર વર્ષમાં એક પણ ખેડૂત આંદોલન થયું નથી.

હમણાં વાત કરતા હતા મોરચો કાઢ્યો અને પાણીના ફુવારા છોડ્યા, ટિયર ગેસ છોડ્યા. મારે યાદ કરાવવું છે એમના શાસનમાં ગુજરાતના ગરીબ ખેડૂતો ગુજરાત વિધાનસભામાં મોરચો લાવ્યા હતા ત્યારે એમના ઉપર ગોળીબાર કર્યો હતો અને ૧૯ ખેડૂતોની નિર્મમ હત્યા કરી હતી. કયા મોઢે અત્યાચારની વાતો કરો છો? મુકેશભાઈ, આ મધ્યપ્રદેશની વાત નથી, આ બિહારની વાત નથી કે આ ઝારખંડની વાત નથી. આ કોંગ્રેસના શાસનમાં ગુજરાતની વાત છે. ગોળીબારમાં ૧૯ ખેડૂતોને મારી નાખ્યા હતા અને એ વખતે કોંગ્રેસની સરકાર હતી. છેલ્લા ચાર વર્ષમાં એક પણ ખેડૂત આંદોલન થયું નથી. છેલ્લા ચાર વર્ષમાં એક પણ છાત્ર આંદોલન નથી થયું. અમારા સમયમાં નવનિર્માણ નથી કરવું પડ્યું કારણ કે અમારી સામે અસંતોષ ઊભો નથી થયો. છેલ્લા ચાર વર્ષમાં એક પણ મજૂર હડતાલ નથી પડી કે એક પણ માનવદિન નકામો ગયો નથી. આ બતાવે છે કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી છે. છેલ્લા ચાર વર્ષમાં એક પણ (અંતરાય) ભીખાભાઈ, સાંભળો. હમણાં જ અધ્યક્ષશ્રીએ બે લોકોને શિખામણ આપી છે. છેલ્લા ચાર વર્ષમાં એક પણ લઠ્ઠાકાંડ નથી થયો. એટલું જ નહિ, લઠ્ઠાકાંડમાં એક પણ વ્યક્તિને ઈજા નથી થઈ. એમના ૧૯૯૦ થી ૧૯૯૪ ના શાસનમાં ૨૩ લઠ્ઠાકાંડો થયા હતા. ૬૫ લોકો મરી ગયા હતા અને ૧૦૦ લોકો ઘવાયા હતા.

આ લોકો કાયદો અને વ્યવસ્થાની વાત કરે છે. અમારાં રાજ્યની અંદર એક પણ લઠ્ઠાકાંડ નથી થયો. અમારાં રાજ્યની અંદર છેલ્લા ચાર વર્ષમાં એક પણ મોટા કોમી તોફાનોની ઘટના નથી બની. ખાલી વડોદરાની અંદર એક ઘટના બની છે ચાર વર્ષમાં, બાકી કયાંય કોમી તોફાનોની ઘટના નથી. (અંતરાય) સાંભળો, માનનીય ફારુકભાઈ. આખું સાંભળો. હું બીજા કેટલાક આંકડા આપવા માગુ છું. જો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ખરેખર અંકુશ હેઠળ ના હોય અને અંકુશ ઉપર લેવડાવવી હોય તો પોલીસે ગોળીબાર કરવા પડે. એટલા માટે હું

આંકડો આપું ૧૯૯૧ની અંદર ૧૯૧ પોલીસ ફાયરિંગ કરવા પડ્યા હતા, ૨૬ નાગરિકો મર્યા હતા અને ૫૧ને ઈજા થઈ હતી. ૧૯૯૫માં ૬૯ ઘટના બની હતી એમાં ૫૭ નાગરિકોના મૃત્યુ થયા હતા. ૨૦૦૫માં ૧૯ ઘટના થઈ છે અને ૧૬ પોલીસે ગુનેગારો પર છોડેલી ગોળી છે, નાગરિક એકેય મર્યો નથી. આ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહજીએ ચિંતા વ્યકત કરી, સમગ્ર દેશની અંદર આતંકવાદ વધ્યો છે એ હકીકત છે અને આતંકવાદ વધવાનું કારણ કેન્દ્રની યુ.પી.એ.ની સરકારની મુલાયમ નીતિ. મુલાયમ પ્રજા પ્રત્યે નહિ મુલાયમ આતંકવાદી પ્રત્યે છે. આતંકવાદને કાબૂમાં લેવા માટે અમે પોટાનો કાયદો લાવ્યા એ કાયદો રદ કરી નાંખ્યો. અફઝલને ફાંસી આપવામાં મોડું કરે, કાશ્મિરની અંદર મિલેટ્રી પાછી ખેંચી લેવા માટેની વાટાઘાટ કરે પછી આતંકવાદીઓના મનમાં ડર ક્યાંથી રહે? આતંકવાદ ખાલી પોલીસના જવાનોની શહીદીથી કે પોલીસના જવાનોની કાબેલિયતથી નથી આવતો, પોલીસના જવાનોની પાછળ રાજકીય ઈચ્છા શકિતનું પીઠબળ આપવું પડે અને એ ગુજરાતે આપ્યું છે અને એટલે ગુજરાતમાં આતંકવાદ કાબૂમાં છે. હું કેટલાક આંકડા આપવા માગુ છું, મુકેશભાઈ સાંભળો. ૨૦૦૩, ૨૦૦૪, ૨૦૦૫, ૨૦૦૬ની અંદર સમગ્ર દેશની અંદર ૪,૦૯૦ નાગરિકો આતંકવાદીઓનો ભોગ બન્યા. ૧,૫૨૯ સિકયોરિટી જવાનો ભોગ બન્યા છે, ૬,૦૦૦ આતંકવાદીઓ ભોગ બન્યા છે. ગુજરાતની અંદર ૨૦૦૩, ૨૦૦૪, ૨૦૦૫, ૨૦૦૬ની અંદર મરણ પામનાર નાગરિકોની સંખ્યા કેવળ એક, સિકયોરિટી જવાન ઝીરો અને આતંકવાદીઓ ૧૬ આ ગુજરાત અને તમારા શાસનની સરખામણીમાં હજુ જો આમાંથી નહિ શીખે તો જેટલા છે એટલા પણ ગુજરાતની પ્રજા નહિ મોકલે, હજુ ઓછા થશે.

કોંગ્રેસી સભ્યશ્રીઓ દલિતોની વાતો કરતા હતા. હમણાં રેલી કાઢી. રેલીનું નામ શું? ભાઈ, "દલિત આક્રોશ રેલી" દલિતોનો આક્રોશ રાજકીય રીતે ના થાય હું તમારા અને અમારા શાસનના આંકડાની સરખામણી આપવા માગુ છું. ૧૯૯૦ થી ૧૯૯૪ અને ૨૦૦૨ થી ૨૦૦૬ ના ચાર વર્ષની સરખામણી આપું છું. ૧૯૯૦ થી ૧૯૯૪માં ૭૭૨ દલિતોના રાજ્યમાં ખૂન થયા હતા. અમારાં શાસનમાં ખાલી ૭૦ થયા છે, ૩૭ ટકા ઘટાડો થયો છે. ગંભીર ઈજામાં ૨૮ ટકા ઘટાડો થયો છે, આગના ૩૭ ટકા, અન્ય ગુનામાં ૩૪ ટકા ઘટાડો કુલ દલિતો ઉપરના અત્યાચારમાં ૩૯ ટકા ઘટાડો થયો છે. મહિલા ઉપરના અત્યાચારની બાબતમાં છેડતી, બળાત્કાર, જાતિય હુમલો, દહેજ અને અનૈતિક વેપાર બધાની અંદર એમના કરતા અમારા શાસનમાં ૨૦ ટકા ઘટાડો એ બતાવે છે કે મહિલાઓ અમારા શાસનમાં કેટલી સુરક્ષિત છે. અનુસૂચિત જનજાતિ વિરુદ્ધના ગુના એમાં ખૂનમાં ૫૦ ટકા ઘ ટાડો. ગંભીર ઈજામાં ૫૫ ટકા ઘટાડો, બળાત્કારમાં ૨૬ ટકા ઘટાડો, અન્ય ગુનામાં ૫ ટકા ઘટાડો. કુલ ૪૯ ટકા ઘટાડો એ બતાવે છે કે અમારા રાજ્યમાં આદિવાસી કેટલા સલામત છે. મુકેશભાઈ સાંભળી લેજો તમારે ત્યાં આદિવાસી બહુ છે. એમણે લૂંટ, ઘરફોડ ચોરી, ખૂન, બળાત્કારની વાત કરી. કદાચ એમના મનમાં એવું હશે (અંતરાય) ભીખાભાઈ, મને તો શ્વાસ ચડયો છે પણ તમે ચૂંટણીમાં જશો તો તમને એવો શ્વાસ ચડશે કે અહીં પાછા આવવાની તકલીફ થવાની છે. (અંતરાય)

**શ્રી દોલતભાઈ પરમાર** : સાહેબ, ગુલાલ છોડ્યો.

(અંતરાય ) **શ્રી અમિત અ. શાહ** : દોલતભાઈ આપ બેસો, આપ મારો સમય બગાડી રહ્યા છો. માનનીય અધ્યક્ષશ્રી, હું એમણે જે એ લોકોએ, જે વિપક્ષના સભ્યશ્રીઓએ જે હેડ કહ્યા એ હેડની પણ કોંગ્રેસનું શાસન, કોંગ્રેસનું ગુજરાત અને ભા.જ.પ.ના શાસનવાળું ગુજરાત એની સરખામણી આપવા માગું છું. એમના રાજયમાં ૫૯૪૩ ખૂન થયા હતા, ચાર વર્ષના અમારા આજ ચાર વર્ષમાં ૪૫૧૩ ખૂન થયા છે, ૨૪ ટકા ખૂન ઓછા થયા છે,મુકેશભાઈ. ખૂનની કોશિશ ૪૨ ટકા ઘટી છે, ધાડમાં ૧૦ ટકાનો ઘટાડો, ઘરફોડ ચોરીમાં ૬ ટકાનો ઘટાડો, ચોરીઓ તમામમાં ૧૩ ટકાનો ઘટાડો, હંગામામાં ૨૮ ટકાનો ઘટાડો, ઈજાઓમાં ૨૯ ટકાનો ઘટાડો, અપહરણમાં ૪૧ ટકાનો ઘટાડો અન્ય ગુનાઓમાં ૧.૯ ટકાનો ઘટાડો, અને કઈ રીતે ગુજરાત અસલામત? માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના સભ્યો અમારા ઉપર આરોપ કરતા પહેલાં પોતાના શાસનના આંકડા એકવાર વાંચીને અહીંયા આવે તો હું માનું છું કે, જો એટલો અભ્યાસ કરશે તો એમણે પણ કહેવું પડશે કે ગુજરાત સલામત બન્યું છે, ગુજરાત શાંત બન્યું છે અને ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી છે. (અંતરાય ) ( આ તકે સભ્યશ્રી દોલતભાઈ પરમાર ઊભા થઈ કાંઈક બોલતાં )

**અધ્યક્ષશ્રી .** : શું થયું દોલતભાઈ? ( અંતરાય ) ચાલો, અમીતભાઈ શાહ.

**શ્રી અમિત અ. શાહ** : દોલતભાઈ આ તમારા પક્ષમાંથી સમય કપાય છે. માનનીય અધ્યક્ષશ્રી, કાયમ એ લોકો કહેતા હતા કે, ગુજરાતની સરખામણી ગુજરાત બહારના રાજયો જોડે ના કરી શકાય. હું પણ એમાં સંમત છું. ગુજરાતની સરખામણી ગુજરાત બહારના રાજયો જોડે ના કરાય. આજે અમે ગુજરાતની સરખામણી કૉન્ગી શાસિત ગુજરાત અને ભા.જ.પ. શાસિત ગુજરાતની સાથે કરી છે અને એમાં પણ મારે કહેવું છે માનનીય મુકેશભાઈ અમે ઘણી સારી સ્થિતિ કરી છે. દિન-પ્રતિદિન ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુધરી છે. ખેડૂતો ઉપર ગોળીબાર નથી થયા, દલિતો ઉપર નથી થયા, ગરીબો ઉપર નથી થયા, આદિવાસીઓ ઉપર નથી થયા, ખૂબ ઘટ્યા છે ( અંતરાય ) કોઈ છાત્ર આંદોલનો નથી થયું, કોઈ મજૂર આંદોલન નથી થયું, ખૂનમાં ઘટાડો, લૂંટમાં ઘટાડો, ખૂનની કોશિશમાં ઘટાડો, ઘરફોડ ચોરીમાં ઘટાડો, દલિત, મહિલા, આદિવાસી ઉપર અત્યાચારમાં ઘ

ટાટાડો, આતંકવાદ તો લગભગ ઝીરોની સ્થિતિ ઉપર લાવીને મૂક્યો છે, કોમી તોફાનો ઝીરોની સ્થિતિ ઉપર લાવીને મૂક્યા છે અને એમ છતાંય જો વિપક્ષના મિત્રોને જો ગુજરાત સલામત ના લાગતું હોય, ભાઈ તમને ગુજરાત સલામત લાગે ના લાગે, તમારા રાજમાં, ગુજરાત સલામત નહતું. અમારા રાજયમાં ગુજરાત સલામત છે, શાંત છે એટલે અમે આજે અહીંયા બેઠા છીએ અને તમે ત્યાં બેઠા છો એમાં કોઈ બીજી સાબિતીની જરૂર નથી એટલે માનનીય મુકેશભાઈને સમગ્ર ગૃહ વતીથી હું વિનંતી કરું છું કે, કેવળ રાજકીય કારણોથી લાવેલ આ ઠરાવ પાછો ખેંચે અને ગૃહનો સમય બગાડ્યા વગર સર્વ સંમતિથી આપણે બધા સ્વીકાર કરીએ કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સારી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** :ડૉ. ચંદ્રિકાબેન.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી દોલતભાઈ પરમાર** : સાહેબ આ ઠરાવ મૂક્યો છે એ ગૃહનો સમય બગાડ્યો કહેવાય ?

**અધ્યક્ષશ્રી .** : બેસો, ના બગડ્યો કહેવાય.

**અધ્યક્ષશ્રી .** : બલવંતસિંહ, આપનો સુધારો પાછો ખેંચવા માગો છો?

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો પાછો ખેંચતો નથી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ભૂતકાળની સરકારે સ્વીકારેલા વિનાશના રાજકારણને વાગોળવાની જગ્યાએ વિકાસ અંગેના અને સલામતીની સરકાર ચિંતા કરે તેવો હું અનુરોધ કરું છું અને એમણે જે કહયું આપણે કંદહારના પ્રકરણમાં જવા માગતા નથી. કંદહારની વાત કરવા માગતા નથી. જશવંતસિંહે શું કર્યું એ કહેવા માગતા નથી. ભલે એ લોકોએ બીરીયાની પીરસી પણ એની વાત કરવા માગતા નથી. ૧૯૯૧માં કોંગ્રેસની વાત કરતા હતા. ગૃહના રેકર્ડમાં રહે અને ગૃહના ધ્યાન ઉપર આવે એ માટે કહું ૧૯૯૧માં સંયુકત સરકાર હતી. ભા.જ.પા. અને જનતા દળની, ચીમનભાઈ પટેલ અને કેશુભાઈ પટેલની સંયુકત સરકાર. આ બધા આંકડા આપ્યા એટલે હું ચર્ચામાં પડવા માગતો નથી. (અંતરાય) એ વખતે સંયુકત રીતે ચૂંટાયા હતા. ઈતિહાસમાં આપણે પડવું નથી પણ બીજી વાત એ છે કે એમણે જે કહ્યું કે છેલ્લા ચાર વર્ષની અંદર(અંતરાય)

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ બરાબર રહેવો જોઈએ. ૧૯૯૧માં ભા.જ.પા. સત્તા ઉપર નહોતી.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, સંયુકત સરકાર હતી.

**શ્રી અમિત અ. શાહ** : સંયુકત સરકાર પણ નહોતી.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, એક તબકકે આપણે માની લઈએ કે જનતા દળની સરકારે સત્તા હાંસલ કરી અને અમે ટેકો આપ્યો પણ સંયુકત રીતે ચૂંટાયા હતા એમાં કોઈ મીનમેખ નથી. એમણે જે આંકડા આપ્યા.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**ખેડૂતોને પૂરતા પ્રમાણમાં વીજળી મળવા અંગે**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે " સરકારની જાહેરાત મુજબ રાજ્યના ખેડૂતોને ચૌદ કલાક વીજળી આપવાની નીતિ રહી છે, પરંતુ ખેડૂતોને આજે પણ માત્ર છ કલાક જેટલી વીજળી મળે છે અને તે પણ તૂટક તૂટક મળે છે, વળી મોટા ભાગે રાતના સમયે જ વીજળી મળતી હોય છે, તેથી ખેડૂતોને રાતના ઉજાગરા કરવા પડે છે. તેવા સંજોગોમાં ખેડૂતો ઊભા પાકને બચાવી વધુ ઉત્પાદન મેળવી શકે તે માટે પૂરતા પ્રમાણમાં અને સતત એકધારો વીજ પ્રવાહ મળી રહે તેવું અસરકાર આયોજન કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે".

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : બિન સરકારી સંકલ્પની ચર્ચા ઉપર હું ખૂબ જ અગત્યના મુદા અને સમસ્યા લઈને સંકલ્પ રજૂ કરવા ઉપસ્થિત થઈ છું. રાજ્યના ૧૮,૦૦૦ જેટલાં ગામડાઓમાં ૭૦ ટકા જેટલો વર્ગ ખેતી ઉપર આધારિત છે. આ ખેડૂત ઉપર મોટો શ્રમજીવી વર્ગ આધારિત છે. સરકારની જાહેરાત મુજબ રાજ્યના ખેડૂતોને ચૌદ કલાક વીજળી આપવાની નીતિ રહી છે, પરંતુ ખેડૂતોને આજે પણ માત્ર છ કલાક જેટલી વીજળી મળે છે અને તે પણ તૂટક તૂટક મળે છે, વળી મોટા ભાગે રાતના સમયે જ વીજળી મળતી હોય છે, તેથી ખેડૂતોને રાતના ઉજાગરા કરવા પડે છે. તેવા સંજોગોમાં ખેડૂતો ઊભા પાકને બચાવી વધુ ઉત્પાદન મેળવી શકે તે માટે પૂરતા પ્રમાણમાં અને સતત એકધારો વીજ પ્રવાહ મળી રહે તેવું અસરકાર આયોજન કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

એક આવા અગત્યના સંકલ્પ ઉપર મને વિશ્વાસ છે કે રાજ્યના સમગ્ર ખેડૂતોનું હિત જોડાયેલ હોય ત્યારે અન્ય સભ્યશ્રીઓ પણ જરૂરથી સમર્થન આપશે. રાજ્યમાં દિન-પ્રતિદિન ખેડૂતો બેહાલ બનતા જાય છે, એટલું જ

નહિ દેવાદાર પણ બનતો જાય છે. વિપુલ ઉત્પાદનના દહાડા પછી પણ ખેડૂતોની પરિસ્થિતિ આવી કેમ છે? સરકાર અવાર-નવાર જાહેરાત કરે છે કે પૂરતી વીજળી આપવામાં આવે છે, પરંતુ અત્યંત દુઃખ સાથે જણાવવું પડે છે કે ખેડૂતોને દિવસ દરમ્યાન શિડ્યૂલ માત્ર ૬ કલાક અને તે પણ અનિયમિત રીતે વીજળી મળે છે, એટલું જ નહિ રાત્રિના સમયગાળામાં પણ આ જ પરિસ્થિતિ છે. સળંગ ૬ કલાક વીજળી મળે ત્યારે એક વીઘા જમીનની સિંચાઈ થઈ શકે છે અને જો ટ્રિપિંગ થાય તો ફરી પાણી પીવડાવવા ઉપરાંત જમીનમાં નવેસરથી પાણી છોડવામાં આવતા બેવડો સમય જાય છે. આ પરિસ્થિતિના કારણે ખેડૂતોને મોંઘુ બિયારણ, ઊભો પાક નિષ્ફળ જતો હોય છે. આ બિયારણ પાકની માવજત માટે મોંઘા ખાતર અને મોંઘા લેબર ખર્ચના કારણે ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થતા હોય છે અને આવા કારણસર દેવામાં ડૂબી જાય છે. સમગ્ર વર્ષમાં મે અને જૂન મહિનાઓમાં ગરમીની ઋતુમાં ખાસ કરીને કપાસ અને શેરડી માટે પાણીની તીવ્ર જરૂરિયાત રહેતી હોય છે. આ ઉપરાંત ચોમાસુ પૂરું થાય અને નવરાત્રિના એક મહિના સુધી વીજળીની અત્યંત જરૂરિયાત ઊભી થતી હોય છે. આ સંજોગોમાં સમગ્ર વર્ષમાં ખૂબ ઓછા સમયગાળા માટે ખેડૂતોની જરૂરિયાત પર અવગણના કરવામાં આવે છે. જગતના તાત જેને ખેડૂત કહેવાય છે તેવા ખેડૂતોની રાજ્યભરમાં આ સ્થિતિ જોવા મળે છે. ખેડૂતનો વ્યવસાય અને ખેતી સાથે જોડાયેલા ખેડૂતોનો ધર્મ અને પક્ષ માત્ર ખેતી અને ખેત ઉત્પાદન હોય છે, જેના કારણે તેનું પરિવાર અને બાળકોનાં શિક્ષણ ઉપરાંત સામાજિક જવાબદારી જોડાયેલી હોય છે. માત્ર ૬ કલાક વીજળી માંડ તેને મળે છે અને તે પણ તૂટક તૂટક મળે છે. સાથે કૂવાઓ ઉપર સિંગલ ફેઈઝ વીજળી ૨૪ કલાક મળવી જોઈએ, જેથી ખેડૂતોના કૂવા ઉપર મજૂર રહી શકે અને ચોરીના બનાવો, ટ્રાન્સ્ફૉર્મર ચોરવાના બનાવો અટકી શકે છે. એ ઉપરાંત ખેડૂતો પાસે વધુ હોર્સ પાવરના પૈસા ભરાવી મોટી મોટરો નખાવી બીજો બોર બનાવડાવી પછી વીજ કનૅક્શન આપવાની ના પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવા કનૅક્શન આપવામાં આવતા નથી. નવા કનેકશન માટે તત્કાલ યોજનામાં ફી ભરવા છતાં નવા વીજ જોડાણ મળતા નથી. રાજયના ૫૭ તાલુકાઓને ડાર્કઝોન જાહેર કરવામાં આવ્યા છે. ડાર્કઝોન જાહેર કરી નવા વીજ જોડાણ આપવામાં આવતા નથી. ખેડૂતો સાથે ખૂબ મોટો અન્યાય થઈ રહ્યો છે. સરકારે જયોતિગ્રામ યોજના હેઠળ સતત ચોવીસ કલાક વીજ પુરવઠો આપવાની જાહેરાત કરી છે. પરંતુ રાજયમાં તૂટક તૂટક વીજળી મળે છે. ઉદ્યોગગૃહોને સતત એકધારો વીજ પુરવઠો મળે છે. ખેડૂતો ઉપર આકરા નિયંત્રણ મૂકવામાં આવી રહ્યા છે. રાજયના ખેડૂતોને વધુ ખેત ઉત્પાદન મેળવવા તથા ઉભી થતી સમસ્યા નિવારવા માટે ૧૪ કલાક સતત વીજ પુરવઠો આપવાની નીતિ કરવા હું આ બિનસરકારી સંકલ્પ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરું છું. તેમાં કોઈ રાજકીય અવલોકનો કર્યા સિવાય ખેડૂતોને વધારેને વધારે વીજળી મળે તે માટે સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે તેવી વિનંતી છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી રશીદાબેન જે સંકલ્પ લઈને આવ્યા છે. આ બિનસરકારી સંકલ્પમાં હું એટલા માટે સંમત થઈ શકતો નથી કે ખેડૂતોની સમસ્યા માત્ર વીજળી નથી પણ ખેડૂતની સમસ્યા પાણી છે. માનનીય સભ્યશ્રીએ બીજી પણ વાત કરી તે મને સમજાતી નથી. બહેને કહ્યું કે તૂટક તૂટક વીજળી આવે છે. છ કલાક આવે છે અને તે રાત્રીના સમયે આવે છે તેથી ઉજાગરા કરવા પડે છે. આ તૂટક તૂટક અને છ કલાકની વાત હોય તો તે ગુજરાતની વાત નથી કદાચ તે મહારાષ્ટ્રની વાત હશે. માનનીય અધ્યક્ષશ્રી આ સભાગૃહમાં એ બાબતનો મને આનંદ છે કે અગાઉ પણ વીજળી મળતી હશે. ખેડૂતો ખેતી કરતા હશે. પરંતુ અત્યારે અને ત્યારની જે પરિસ્થિતિ છે તેમાં મોટો બદલાવ આવ્યો છે. પહેલાં સાહેબ વીજળી મળતી હતી ત્યારે વારંવાર ટ્રીપીંગ થતું હતું. એક વખત બે કલાક, એક કલાક વીજળી આપે અને ઢાળીયાથી કયારા સુધી પાણી પહોંચે ત્યારે ફરી કયારીયો પાવડો લઈને આવે અને કહે કે સાહેબ લાઈટ ગઈ, લાઈટ ગઈ. સાહેબ પહેલી વખતે એવું બન્યું છે કે અને એક ખેડૂતના દીકરા તરીકે હું ગૌરવ લઈ શકું કે રાજય સરકાર બોલે આઠ કલાક વીજળી મળશે એટલે આઠ કલાક. તેના કયારા સુધી પાણી પહોંચે છે. માનનીય મુકેશભાઈ ખેડૂતના દીકરો છું અને પ્રત્યક્ષ ખેતી કરું છું. એકરન્ડીશન બંગલામાં બેસી ખેડૂતની ચિંતા ન કરી શકાય. તેના માટે ખેતી કરવી પડે. ખેતી કરીએ તો જ ખેડૂતની સમસ્યાની ખબર પડે. આ લોકો કેવા ખેડૂતોની ચિંતા કરે છે. કદાચ ખેડૂતોના પ્રશ્ન બાબતે સામેની પાર્ટી ગંભીર હોત તો સાહેબ વિરોધપક્ષના નેતાશ્રી કે દંડકશ્રી બેમાંથી એક હાજર હોત. આ તો કેવી વાત છે. ખેડૂતોની ચિંતા કરવાની હતી ત્યારે કોઈએ ચિંતા કરી નહીં. * (xxxx) જેવી વાત થાય છે. અહીં તો કોણ ભલાને પૂછે છે, કોણ બુરાને પૂછે છે, આ મતલબ તણી દુનિયા છે કોણ સારાને પૂછે છે.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. આ શબ્દો કાઢી નાંખવા પડે. (xxxx) વાત એ અસંસદીય શબ્દો છે. બુકમાં આપેલા છે એટલે તે કાઢી નાખવા પડે.

**અધ્યક્ષશ્રી** : પૉઈન્ટ ઑફ ઑર્ડર ન કહેવાય. શબ્દો કાઢી નાખવાનું કહેવાય. આ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે. શબ્દો કાઢવાનું કહેવાય.

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, અહીં તો કોણ ભલાને પૂછે છે, કોણ બુરાને પૂછે છે, આ મતલબ તણી દુનિયા છે કોણ સારાને પૂછે છે. સુગંધને નીચોવીને ફરી ફૂલોને કોણ પૂછે છે. અરે, ભઈલા આ તો સંજોગ ઝુકાવે છે નહીંતર કોણ ભગવાનને પૂછે છે. એ વખતે જ્યારે ચિંતા કરવાની હતી ત્યારે નથી કરી. હવે ખેડૂત ખેડૂત, ખેડૂત કરે છે. કયા ખેડૂતની વાત છે? સાહેબ ખેડૂત ગામડામાં રહે છે.

અને ખેડૂતોને વીજળી માત્ર ખેતી માટે જ જોઈએ છે એવું નથી, પોતાના ઘરમાં પણ જોઈએ છે. ખેડૂતના દીકરાને અભ્યાસ કરવો હોય એના માટે ૨૪ કલાક લાઈટ જોઈએ છે. અત્યાર સુધી કોઈએ ચિંતા ન કરી, ખેડૂત માત્ર ગામમાં નથી કહેતો ખેતરમાં પણ રહે છે અને ખેતરમાં લાઈટ જાય છે. ખેડૂતનો દીકરો ભણતો હોય, એને કૉમ્પ્યુટરનું શિક્ષણ મેળવવું હોય તો ૨૪ કલાક એને લાઈટ જોઈએ ત્યારે પહેલીવાર આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ગામડાંમાં ૨૪ કલાક વીજળી આપી છે. એના કારણે અમને આનંદ થયો છે, ગૌરવ અનુભવીએ છીએ.

જયોતિગ્રામના માધ્યમથી આજે ઘરે ઘરે ૨૪ કલાક વીજળી મળતી થઈ છે. સૌથી મોટી આનંદની વાત એ છે કે, આ સરકારે એક ઘર પણ દલિત સમાજનું હોય તો ત્યાં પણ મફત વીજળી પહોંચાડવાની વ્યવસ્થા કરી છે. આનાથી આનંદ થવો જોઈએ, ગૌરવ થવો જોઈએ. ખેતરમાં રહેતો ખેડૂત એ પણ ૨૪ કલાક વીજળી મેળવી શકે છે. ઉત્તર ગુજરાતના ખેડૂતો માટે કેટલી ઉદાર છે આ સરકાર એના માટે રાજયના મુખ્યમંત્રીશ્રી અને વીજળી મંત્રીશ્રીનો આભાર માનવો જોઈએ કે જીરાનો પાક થાય છે એમાં ખેડૂતો પાક લેતા હોય ત્યારે ' વાસીદામાં સાંબેલું ' જાય એવી વ્યવસ્થા હતી, અમે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરી કે જીરાનો પાક કરતા હોય ત્યારે અમને ૨ કલાક વધારે વીજળી આપો. અમને ૮ કલાકની જગ્યાએ ૧૦ કલાક વીજળીની વ્યવસ્થા કરી આપી છે. ખેડૂતોની સમસ્યા આ સરકાર સમજે છે અને એના પરિણામો આવે છે. અમારા ખેડૂતો આને કારણે ખુશ છે. રોજ રોજ એક જ ઈલેકિટ્રકનો તાર પકડાવી દીધો છે કે ખેડૂતોની સમસ્યા વીજળી છે. પણ ખરેખર તો ખેડૂતોની સમસ્યા વીજળી કરતા પાણીની વધારે હતી. પાણીની સમસ્યાને ડાઈવર્ટ કરી ખેડૂત કયારેય બેઠો જ ન થાય, ખેડૂતનું કાર્ટૂન આવે અખબારમાં તો એમાં પણ થીગડા દીધેલ કપડાં પહેરેલો ખેડૂત બતાવાય છે. આટલા વર્ષો સુધી ખેડૂત ગરીબ શા માટે રહ્યો? ખેડૂતની મૂળ સમસ્યા ઉપર ધ્યાન જ ન આપ્યું.. પાણી એના ખેતર સુધી પહોંચાડવું પડે એના માટે ચિંતા ન કરી. નર્મદા યોજનાના માધ્યમથી ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચ્યું, એનું જબરજસ્ત એક આંદોલનના સ્વરૂપમાં કામ થયું, વર્ષોથી સૂકીભઠ્ઠ રહેતી બનાસ, સરસ્વતી, રૂપેણ, સાબરમતી આ બધી નદીઓને પુન:જીવિત કરી એના કારણે વોટર લેવલ અપ થયા. ઉત્તર ગુજરાતની ધરતીમાંથી અમે ૮૦૦-૯૦૦ ફૂટ નીચેથી પાણી કાઢતા હતા, પાણીના લેવલ બિલકુલ નીચા ગયા હતા, ૨૫૦૦ ટી.ડી.એસ.જેવું પાણી ખેતીમાં કામ ન આવે એવી સ્થિતિ હતી એવા સંજોગોમાં બે સરદાર સરોવર ડૅમમાં જેટલું પાણી માય એનાથી ડબલ જેટલું પાણી કાઢી લીધું. હવે એનું રીચાર્જ કરવાની વ્યવસ્થા કઈ રીતે થઈ શકે? આ સરકારે સુજલામ-સુફલામ યોજના, ખેત તલાવડીઓ, ચેક ડૅમોની સિરીઝના કારણે ફરી આ તળને પુન: જીવિત કર્યા છે એનો અમને આનંદ થાય છે, એનું ગૌરવ છે. માત્ર વીજળીની વાત કરીએ અને જો આ સમસ્યાથી આંખ આડા કાન કરી દઈએ તો ૫-૧૦ વર્ષ પછી શું સ્થિતિ થાય? આજે ઉત્તર ગુજરાતમાં ૮૦૦-૯૦૦ ફૂટ નીચેથી પાણી લાવવા વાળા ખેડૂતોને ૮ કલાક નૉન સ્ટૉપ વીજળી આપી છે. કોઈ પણ ખેડૂતના ઘરે જઈને પૂછો કે પેલા તમે પિયત કરતા હતા એનાથી એક પણ ક્યારો ઓછો પિયત કર્યું છે? તો ખેડૂત જવાબ આપશે સાહેબ, એજ પ્રમાણે કરીએ છીએ. અમે કરકસર યુક્ત રીતે પાણીનો ઉપયોગ કરીને બગાડ ઘટાડ્યો છે, વોટર લેવલ પણ અપ થયા છે. ખેડૂતોમાં અવેરનેશ આવે, ખેડૂત કમાતો થાય તેના માટેની આખી સિસ્ટમ છે, ઈરિગેશનની સિસ્ટમ છે એમાં બદલાવ લાવ્યા. ધોરિયાથી અને નીક દ્વારા પિયત થતું હતું તેની જગ્યાએ ડ્રીપ અને સ્પ્રીંકલર અને એમાં ૫૦ ટકા સબસીડી ખેડૂતોને આપવામાં આવી જેના કારણે અત્યારે ડિસાના બટાકા પકાવતા ૭૦ ટકા ખેડૂતોએ ડ્રીપ અને સ્પ્રીંકલર પદ્ધતિ અપનાવી છે. અત્યારે ખેડૂતો કમાય છે, ૧૨૦ રૂપિયા ૨૦ કિલો બટાકાનો ભાવ છે, એક વીઘામાંથી ૨૫ થી ૩૦ હજાર રૂપિયા સુધીનું ઉત્પાદન લેતા થયા છે. આજે પહેલી વખત અમારા રાધનતપુર તાલુકામાં એ.પી.એમ.સી.માં પાંચ હજાર બોરીની આવક થઈ છે અને એક દિવસની ૨૦ કરોડ રૂપિયાની આવક ઓલરેડી અત્યારે એ.પી.એમ.સી.ની અંદર થઈ રહી છે. આ આવક શાને કારણે વધી? કૃષિ મહોત્સવ દ્વારા સરકાર જે ખેડૂતોમાં અવેરનેશ અને જાગૃકતા લાવી એને કારણે ખેડૂતોના ઘરમાં પૈસા પહોંચ્યા. આ તો ખેડૂતને પૈસાદાર કરવો નહીં, ખેડૂતને મદદ કરવી નહીં અને માત્ર વીજળીનો વાયર પકડાવી તમારી સમસ્યા વીજળી છે, તમારી સમસ્યા વીજળી છે. ખેડૂત સમજતો થયો કે આપણી સમસ્યા વીજળી નહીં પાણી છે અને પાણી બચાવવા પાણીનો કરકસરયુકત ઉપયોગ કરવો જોઈએ તેને કારણે અત્યારે ખેડૂતો નહીંતર તો તેમના શાસનની અંદર ખેડૂતો વીજળી માગવા જતાં અને માંગવા જતાં વીજળી સરકાર આપતી શું ? વીજળી ના આપતી તે સમયમાં ખેડૂત જ્યારે વીજળી માગવા જાય ત્યારે બંદૂકની ગોળીઓ આપવામાં આવતી અને એક નહીં ૧૮-૧૮, ૨૦-૨૦ ખેડૂતોની હત્યા તે વખતની સરકારે કરેલી છે. આજે પહેલી વખત ખેડૂતોનું હિત કરવાવાળી સરકાર આવી છે. પોષણક્ષમ ભાવો કઈ રીતે ખેડૂતોને મળે તેને માટે આ રાજય સરકાર સતત ચિંતિત છે. (સમય સૂચક ઘંટડી) વીજળીની વાત અહીંયા જ્યારે કરવામાં આવે છે ત્યારે મારે એ બાબતનું પણ ધ્યાન દોરવું છે કે અનેક વખત સુધી મફત વીજળીના નામ આપી અને મફત વીજળી આપીશું એવું આંધ્રની, પંજાબ હોય કે

મહારાષ્ટ્રની અંદર અમે મફત વીજળીનું નામ લઈ અને ચૂંટાઈને આવ્યા. આજે તેની સ્થિતિ શું છે ? જોવા જેવી છે.

**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રીમતી રશીદાબેન પટેલ જે સંકલ્પ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે સોળ કલાક લાઈટ આપવાનું વચન આપીને આ સત્તા ઉપર બેઠેલી છે. જ્યારે જ્યારે આંદોલનો થયા ત્યારે ખેડૂતોને આગળ ધર્યા અને ખેડૂતોને આગળ ધરીને જે મારા ખાધો તે ખેડૂતોએ માર ખાધો એમના કોઈ પણ નેતાઓએ માર ખાધો નથી. આજે દલિત રેલી ઉપર અમારા નેતાએ માર ખાધો. એટલે જ્યારે જ્યારે આંદોલનો કર્યા કિસાનોના અમે આંદોલન કર્યા અને કિસાનોને આગળ ધરીને આજે સત્તા ઉપર બેઠા છે અને તેમણે એમ કહ્યું કે સોળ કલાક લાઈટ અને હોર્સ પાવર્સ પદ્ધતિ ચાલુ રાખીશું અને મીટર પ્રથા દાખલ નહીં કરીએ તેમ વાત કરી હતી. આજે મીટર પ્રથા દાખલ કરી દીધી અને સોળ કલાકના બદલે આજે આઠ કલાક ઉપર આવી ગયા છે અને વાત કરી એવી ખેડૂતો પાસે કે જો સોળ કલાક લાઈટ આપીશું તો તમારા કૂવામાંથી પાણી ખેંચાઈ જશે. પાણી ઓછું થઈ જશે એટલે આઠ જ કલાક લાઈટ આપીએ અને આઠ કલાકમાં ચાર કલાક દિવસે અને ચાર કલાક રાત્રેના અને તેમાં પણ ટ્રીપીંગ સાથે ચાર કલાક લાઈટ દિવસે મળે છે.

મારા વિસ્તારમાં માનનીય મંત્રીશ્રી તપાસ કરો કે પંદર દિવસે સાંજના સમયે ચાર વાગ્યા પછી લાઈટ મળતી હોય. સાહેબ, બે કલાક જ દિવસે લાઈટ મળતી હોય છે આ પરિસ્થિતિ ગામડાંઓની છે. જ્યારે સ્વર્ગીય અમરસિંહ ચૌધરી સાહેબનું શાસન હતું ત્યારે હોર્સ પાવર પ્રમાણે પાંચ હોર્સ પાવરના મીટરના ૧૭૦૦ રૂપિયા આખા વર્ષના લેવાતા હતા. શંકરસિંહ વાઘેલાનું શાસન આવ્યું ત્યારે હોર્સ પાવરના ૬૦૦ ના ૫૦૦ કર્યા હતા અને આ સરકારે મીટર લાવીને અત્યારે ખેડૂતોની કેડ ભાંગી નાંખી છે અને એટલું બધું બિલ આવે છે કે ખેડૂતો ભરી શકતા નથી. કિસાનોને ત્યાં સુધી આગળ ધર્યા અને પછી કિસાનોની ઓફિસોની પણ તોડફોડ કરી નાંખી. આ કિસાનોને કયાંય આગળ ના આવવા દીધાં ત્યાં સુધી આ લોકો નહીં અટકયા પણ આ જે જી.ઈ.બી. છે તેનું ખાનગીકરણ કરી નાંખ્યું અને જ્યારે ખેડૂતોએ પૂછયું, જનતાએ પૂછયું ત્યારે એમ કહ્યું કે ના આપણે કંપનીકરણ કરીએ છીએ આપણે ખાનગીકરણ નથી કરતા એવી વાત કરી. સાહેબ, છેવટે કરી નાંખ્યુ ખાનગીકરણ. અત્યારે જે નર્મદામાંથી ૧૪૫૦ મેગાવોટ વીજળી મળવાની છે તે વીજળીમાંથી પણ જે ખેડૂતોને જે વિસ્તારમાંથી પાણી નથી મળતું તે વિસ્તારમાં સબસીડરાઈઝડ રેઈટથી વીજળી સરકાર આપે તો કદાચ જરૂર ફાયદો થશે પણ તેમ નહીં કરે. સરકાર એમ કહે કે ચોવીસ કલાક થ્રી ફેઈઝ લાઈટ આપી છે. મારા ગામડામાં આજે ઉર્જામંત્રી તપાસ કરાવે બે છેડાં અમુક વિસ્તાર પૂરતા જ આપે છે. હજુ ૨૨ ટકા ઘરોનું વીજળીકરણ બાકી છે. આજે ઘણાં બધા લોકો રાત્રેના હેરાન થાય છે. લાઈટ નથી મળી શકતી આ પરિસ્થિતિ છે. ખેડૂતોને બીજી રીતે પણ હેરાન કરે છે. પાણીનો દર હતો હેકટર દીઠ આખી સીઝનનો પહેલાં લેવાતો હતો તે ૨૫૦-૩૦૦ રૂપિયા સીઝનનો હતો આજે શંકરભાઈ પણ દીઠ હેકટરના ૩૦૦ રૂપિયા કર્યા છે આ સરકારે. એક સીઝન હોય તો છ થી સાત પાણ આપવા પડતા હોય છે એટલે તેનો ભાવ ગણી નાંખો કે કેટલો બધો વધારે કરી નાંખ્યો. એટલે આ રીતે સરકારે ભાવ વધારવાનું જ કામ કર્યુ છે. ડાર્ક ઝોન શંકરસિંહ વાઘેલાની સરકારમાં ઉઠાવવામાં આવ્યો હતો અત્યારે તે ફરી ચાલુ છે. તેના લીધે કનેકશન નથી મળી શકતા ત્યારે મારી વિનંતી મંત્રીશ્રીને કે જ્યારે આપણે ચેક ડેમો બનાવીએ છીએ, જ્યારે પાણીના તળ ઉંચા આવી ગયા છે તો કેમ તમે ડાર્ક ઝોન ઉઠાવી નથી લેતાં ખેડૂતોને કેમ કનેકશન નથી આપતાં. માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે આ સરકારે ખેડૂતોને ખૂબ મોટું નુકસાન કર્યુ છે. મારી વિનંતી છે કે વચન આપ્યું છે એટલું ૧૪ કલાક તો આપીને પાળે. જેથી દિવસે લાઈટ મળે તો ખેડૂત પોતાની રીતે કામ કરી શકે.

આ સિવાય ખેડૂતો ઉપર આ સરકારે રેડ ઉપર રેડ પાડીને એમને હેરાન હેરાન કરી દીધા. લગભગ ૧૮૫ કરોડ રૂપિયા જેટલો દંડ એમની પાસેથી વસૂલ કર્યો. ઉદ્યોગો બહુ ચોરી કરતા હશે, પણ એ કોઈ દિવસ પકડાઈ જતા નથી. ગામડાનો ખેડૂત પોતાના એકર કે અર્ધા એકર ચલાવવા માટે, પોતાના ઘરનું ગુજરાન ચલાવવા માટે કંઈ એણે કર્યુ હશે, તો એને આટલો મોટો દંડ કરવામાં આવ્યો કે એ હેરાન હેરાન થઈ ગયો. અને પાછા બોર્ડ મારી દીધા હાથકડીઓવાળા. એનો ખર્ચ કેટલો થતો હશે? આ પ્રજાના પૈસા જાહેરાતોમાં જાય છે. આ રીતે ખેડૂતોને ખૂબ મોટું નુકસાન થયેલ છે, ત્યારે મારી વિનંતી છે કે આ રશીદાબેનના સંકલ્પમાં માનનીય મંત્રીશ્રી સંમત થાય અને ૧૬ કલાકનું વચન ભલે આપ્યું હોય, ૧૪ કલાક વીજળી આપે તો પણ ખેડૂતોને ફાયદો થશે. આટલું કહીને વિરમું છું.

**શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા(હળવદ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં માનનીય સભ્ય શ્રીમતી રશીદાબેન જે સંકલ્પ લઈને આવ્યા છે, એ મારી દૃષ્ટિએ ભૂતકાળમાં લાવવાની જરૂર હતી, ત્યારે એ લોકો જો લાવ્યા હોત, તો સારું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમયની મર્યાદા જે છે. ૮ કલાક, ૧૪ કલાક, ૧૦ કલાક. જે સમયની મર્યાદા છે, એ મારે સભ્યશ્રીને વાત કરવી છે કે ૧૪ કલાક લાઈટ મળતી હતી ત્યારે સીંગલ ફેઈઝ લાઈટ મળતી હતી અને એમાં ૨૮ વખત ટ્રીપીંગ આવે. એ ખેડૂત પોતાના પાણમાં પાણી જે પાવું જોઈએ એટલા વીઘા કે એટલા

એકરમાં પાણી પાઈ શકતો નહોતો. અત્યારે ૮ કલાક થ્રી ફેઈઝ લાઈટ મળે છે. આ આંકડાકીય માહિતી મારે કહેવી છે. સાહેબ, આજે આ આઠ કલાક એકધારી લાઈટ મળે છે, એટલા માટે ખરેખર હું સાચી વાત કરવા માગું છું કે ૧૪ કલાક કે ૧૬ કલાક વખતે ૬૦૦ ફૂટેથી પાણી ખેંચતા હતા એ અત્યારે ૪૦૦ ફૂટેથી ખેંચે છે. અને થ્રી ફેઈઝ વીજળી પૂરા વોલ્ટેજ સાથે મળે છે એટલે પાણી પણ દોઢું નીકળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની અંદર માનનીય બાબુભાઈ અને કચ્છના બીજા મિત્રોને ખબર હશે. ૫, ૭ વર્ષ પહેલા મોટર બનાવતી એક કંપની મોટા પાયે ચાલુ થઈ. એના માલિકને હું મળ્યો. અમારા જિલ્લામાં એજન્સી આપવાની હતી. એટલે મેં કીધું, તો મને કહે કે ખરેખર મને આવી ખબર હોત કે આ રીતે સરકાર પાવર આપવાની છે, તો હું આ કારખાનું ન કરત. સાહેબ, મારા તાલુકામાં વર્ષે એક હજાર મોટર આવતી હતી તે આજે ૫૦ પણ નથી આવતી. આ ફાયદો આ આઠ કલાક વીજળી આપવાના હિસાબે થયો છે. (અંતરાય) ભાઈ, મનહરભાઈ. અમારા ખેડૂતને ટી.સી. બળી ગયા હોય તો ૨૦ થી ૨૫ મહિના સુધી ટી.સી. મળતા નહોતા. આજે સરકારને અને મંત્રીશ્રીને મારે અભિનંદન આપવા છે કે ૫૦૦ ટી.સી. મારા સર્કલમાં આજે હાજર છે. ખેડૂત કહે કે મારું ટી.સી. બળ્યું, તો અત્યારે જ આપી શકાય તેમ છે. આજે આ ખેડૂતોની વાત અને ખેડૂતોના હિતની વાત કરે છે તેમને હું સ્પષ્ટપણે કહું છું કે આજે ખરેખર જે તળ ઉંચા આવ્યા હોય અને આજે હું કહું છું કે ૬૦૦ ફૂટે પાણી ગયા ત્યારે તો ફરી ગયા હતા. એ સમયે જે પાણી મળતું હતું એ મોલને અનુકૂળ નહોતું. આજે જે ૪૦૦ ફૂટથી પાણી ખેંચે છે એ પાક અને જમીનને અનુકૂળ છે. આજે હું આંકડા સાથે કહું છું અને ગમે ત્યાં સરવે કરાવો. કૃષિ ઉત્પાદનના આંકડા આ વાતની સાક્ષી પૂરે છે અને મેં જોયું છે કે એક ફીડરમાં ૪૦૦ એમ.પી.આર.નો લોડ લેવાતો હતો. આજે હું જાહેર કરું છું કે આખા ગુજરાતમાં કોઈપણ જગ્યાએ કોઈપણ ફીડરમાં ૪૦૦ એમ.પી.આર.નો લોડ હોય તો તમે કહો એટલું હારી જાઉં. એટલે આ ફીડરો બાયફરગેટ કર્યા એના ઉપર આજે ૧૫૦ એમ.પી.આર.નો લોડ છે એના કારણે પૂરા વોલ્ટેજ મળે છે. આપણને સારી સવલત મળે તો એની પાછળ ખર્ચ થવાનો છે. મનહરભાઈ, ૪૦૦ એમ.પી.આર.નો લોડ રહેતો હોય ત્યારે વીજળીના વાયર ગરમ થઈને નીચે પડી જાય છે. (અંતરાય).ખરેખર સુરેન્દ્રનગર જિલ્લાના....(અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : માનનીય મનહરભાઈ, પ્લીઝ, તમારી તબિયત સાચવો, આખો દિવસ •(xxxx) છો એ સારું કહેવાય?(અંતરાય)

**શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં અમે આંદોલનો કરીને થાકી ગયા હતા. ટી.સી. માટે અને ફીડરો અલગ કરવા માટે આંદોલનો કર્યા હતાં, ૬૬ કે.વી. મેળવવા માટે આંદોલનો કરવાં પડતાં હતાં અને આજે છેલ્લા ૫ વર્ષમાં મનહરભાઈને ખબર છે કે એક પણ આંદોલન આના માટે કરવું પડયું નથી. એકપણ જગ્યાએ ખેડૂત આંદોલન થયું નથી. આ ગુજરાત વિદ્યુત બોર્ડને હું ધન્યવાદ આપું છું કે...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** :એ શબ્દો હું કાઢી નાંખું છું. પ્લીઝ, બેસોને પ્લીઝ. (અંતરાય)

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ સભ્યશ્રી જયારે આવા કોઈ શબ્દ બોલે ત્યારે આપ ટકોર કરો છો ત્યારે આજે અધ્યક્ષ તરીકે આપ આ કહો છો એ બરાબર નથી.

**અધ્યક્ષશ્રી** : મેં એ શબ્દો કાર્યવાહીમાંથી કઢાવી નાંખ્યા છે.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : આપ આવું બોલો એ કેવી રીતે ચાલે?

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે..

**અધ્યક્ષશ્રી** : આપ આખો દિવસ બેઠા બેઠા બોલ બોલ કરો છો એટલે મારે કહેવું પડે છે. મર્યાદા રાખો ને? આખો દિવસ આ રીતે કર્યા કરો છો. (અંતરાય)

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય સભ્યશ્રી ખોટું બોલતા હોય તો કહેવું પડે ને?(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો કાઢી નાંખજો.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** :માનનીય અધ્યક્ષશ્રી, હું ખોટું બોલતો નથી ખોટું બોલવાવાળા બાકસો અહીં છે અને જે કાંઈ કહું છું એ સત્ય બોલું છું. સુરેન્દ્રનગર જિલ્લો એવો છે કે જયાં ગુજરાત વિદ્યુત બોર્ડે જેટલી વીજળી આપવાની થાય, જેટલાં સબ સ્ટેશનો કરવાનાં થાય એ માત્ર ખેડૂતો માટે છે, ત્યાં કોઈ ઉદ્યોગો ચાલતા નથી કે જેની અંદર બોર્ડની રેવન્યુ આવક મળી રહે. મારા એક તાલુકામાં ૧૮, ૬૬ કે.વી.નાં સબસ્ટેશન છે, ૨, ૨૨૦ કે.વી. નાં સ્ટેશન છે અને હું જયારે આ વીજળીની વાત કરું છું ત્યારે હું દર સોમવારે હળવદમાં ૧૧ થી ૫-૦૦ વાગ્યા સુધી ઓફિસમાં બેસું છું. પહેલાં ૨૦૦-૨૦૦ અને ૩૦૦-૩૦૦ લોકોની ફરિયાદ આવતી હતી અને આજે એકપણ માણસ ફરિયાદ કરવા આવતો નથી, પહેલાં તો મારું ટી.સી. બદલાવી દો, અમારું ફીડર બદલાવી દો, અમારું ફીડરનું બાયફરગેટ કરાવી દો, તો આજે ખરેખર આ બધી મુશ્કેલીમાંથી આપણે બહાર નીકળી શકયા છીએ. આ જે છે ને એ આજે નહીં, પરંતુ એ આપણા ગુજરાતના હિત માટે કર્યુ છે અને એ આજે નહીં, પરંતુ કાલે યાદ આવશે. એટલા માટે તમને કહું છું કે જમીનમાંથી કેટલે ઉંડેથી ઝેર કાઢવાના છો? પાણી બધું ફરી ગયું છે. આજે જે ખરેખર...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બધા સભ્યશ્રીઓને ટેવ પડી ગઈ છે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** :માનનીય અધ્યક્ષશ્રી, હું આપની સામે જોઈને જ બોલીશ. એ મને અવળે પાટે ચઢાવી દે છે.

**અધ્યક્ષશ્રી** : કોઈ કાંઈ કહે એ તમારે સાંભળવાનું નથી. તમારી ઈચ્છા ન હોય કે કોઈ મને કહે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, તો ખરેખર માનનીય સભ્યશ્રી આ જે સંકલ્પ લઈને આવ્યા છે એ મારી દ્રષ્ટિએ રાજય સરકારમાંથી ઉર્જા વિભાગ અને દરેક પ્રાંતોમાં આજે ભારતના તમામ રાજયોમાં જો વીજળીની પરિસ્થિતિ જોવામાં આવે અને આ પરિસ્થિતિની ગુજરાત સાથે સરખામણી કરવામાં આવે તો આ ગુજરાત વીજળની ક્ષેત્ર ઘણું આગળ છે. અમે તો ઘણી વખત કહીએ છીએ કે વીજળીની આટલી કામગીરી ઉપર આ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય ઉર્જા મંત્રીશ્રીએ જે ધ્યાન આપ્યું છે, વીજળી વિભાગ ઉપર જે ધ્યાન આપ્યું છે તેને ધન્યવાદ છે. વીજળી વિભાગના અધિકારીઓને પણ ધન્યવાદ છે, કે જેમણે ખરેખર આ કામગીરી કરી છે. અને સાત કંપનીઓ બનાવી અને કામગીરી કરી છે. આજે જી.ઈ.બી.ના અધિકારીઓ તો કહે છે કે અમને કામ કરવાની ખરેખર મજા આવે છે. અમે જે દસ ટકા કામ કરતાં હતાં તે આજે સો ટકા કામ કરીએ છીએ. એટલે કામ કરવાની મજા આવે છે. આજે બોર્ડ સધ્ધર બન્યું છે. આજે એ જ રૂપિયા ખેડૂતો માટે સબસ્ટેશનો બનાવવામાં અને બીજી કામગીરી કરવામાં વપરાવાના છે. એટલે બોર્ડની કામગીરીને ધ્યાનમાં રાખી અને હું આ સંકલ્પ સાથે સંમત થઈ શકતો નથી.

**શ્રી ધારશીભાઈ લ. ખાનપુરા(કાંકરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય રશીદાબેન જે સંકલ્પ લઈને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું. અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના વિકાસ માટેનો આ જે સંકલ્પ લઈને આવ્યા છે ત્યારે ખરેખર અત્યારે ગુજરાતમાં ખેડૂતોની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ થઈ રહેલી છે. માનનીય શ્રી શંકરભાઈ અને જયંતીભાઈએ ખૂબ વખાણ કર્યા, પણ એમને કદાચ વધારે પાણી મળતું હશે. પણ મારી પરિસ્થિતિની વાત હું કરું તો અત્યારે ગુજરાતમાં હું એક સાચા ખેડૂત તરીકે વાત કરું છું, જાતે ખેતી કરું છું, આજે પણ વિધાનસભામાંથી જઈ અને પહેલા ખેતરમાં જાઉં છું અને પછી ઘરે જાઉં છું. મારો આ નિયમ છે. અત્યારે મોટાભાગના ખેડૂતો ખેતર ઉપર રહે છે. ઘણાં બધા ફાર્મ હાઉસમાં રહે છે. અને આઠ કલાક લાઈટ મળે છે. સોળ કલાક એમને અંધારામાં બેસી રહેવું પડે છે. અમારું હ્યદય જાણે છે કે અમે કેમ જીવીએ છીએ, અમે દિલની વાત કરીએ છીએ. માનનીય શંકરભાઈ કહેતા હતા કે પુરતી વીજળી મળે છે, કદાચ એમની સરકાર બહુમતીમાં છે અને એમાં પણ પક્ષપાત રહેતો હોય તો રામ જાણે, મને ખબર નથી. પણ અત્યારે ખેડૂતો ખરેખર મુશ્કેલીમાં છે. મારે તો એક જ વાત કહેવી છે, અત્યારે ખેડૂતો ઉપર જે ત્રાસ વર્તાઈ રહ્યો છે, અને અડધી રાત્રે બાર વાગ્યે અધિકારીઓ આવી અને ત્રાસ ગુજારે છે અને તપાસ કરવા આવે છે, અને મોટા ગુનેગાર હોય તેવી સ્થિતિ ખેડૂતની થાય છે.

મારે એક ખેડૂતનો એક જ દાખલો આપવો છે. કે એક ખેડૂત જે ખાતેદાર હતો, એમનો બોર જતો રહ્યો અને પાણી જતું રહ્યું તેથી એ લેઈટ પડ્યો, અને એમનું કનેકશન પી.ડી.સી. કરી નાખવામાં આવ્યું પછી એમણે ત્યાર પછી બધા પૈસા ભર્યા તો પણ એ ચાલુ ન કરવામાં આવ્યું અને એમ કહેવામાં આવ્યું કે તત્કાલમાં માંગણી કરો તો ચાલુ કરવામાં આવશે. અને એમણે ૧ લાખ ૨૦ હજાર રૂપિયા ભર્યા. તત્કાળમાં કનેકશન મળ્યું, એમણે દસ મહિના ચલાવ્યું, અને ફરી પાછા તપાસવા ગયા અને ૮૧ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો, હવે કયો માણસ આટલા સમયમાં બીજી વાર આ ૮૧ હજાર રૂપિયા કાઢી શકે? એ માણસ આજે ચાર દિવસથી મારી પાસે આવે છે. એટલે ખેડૂતોની દશા બહુ ખરાબ છે. અને ખરેખર આ સરકારની વીજળી વેરણ થવાની છે. જેમ કહેવતમાં

કહેવાયું છે કે વીજળી વેરણ થઈ એમ આ સરકારની વીજળી વેરણ થવાની છે. એટલે ખેડૂતો માટે હમદર્દી રાખે અને ખેડૂતો માટે સારા કામો કરે તો વાંધો નથી. બાકી વીજળીનો પ્રશ્ન આજે તો બહુ મોટો છે. ખેડૂતો માટે વધારે કલાક વીજળી આપવી જોઈએ. તમે ૧૬ કલાકની વાત કરતા હતા, પણ ૧૬ કલાક ન આપો તો કંઈ નહીં પણ દસ કે બાર કલાક તો કરી આપો. તો થોડીક રાહત થાય. એટલી મારી વિનંતી છે. આ ખેડૂતો માથે જે તવાઈ આવે છે અને મોટા મોટા દંડ ફટકારવામાં આવે છે તેમાં કંઈક રાહત થાય અને વધારે કલાક વીજળી ખેડૂતોને મળે તેવી વિનંતી કરું છું.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં ૭૦ ટકા લોકો ખેતી કરે છે એટલે કે ૭૦ ટકા લોકો ખેડૂત છે. ખેતી એ એક પ્રકારનો ઉદ્યોગ જ છે. પહેલા સૌરભભાઈ પટેલ ખેડૂતના દીકરા હતા હવે ઉદ્યોગપતિના થઈ ગયા છે એટલે એમને ખબર નથી કે ખેડૂતોને શું તકલીફ છે. ખેડૂત એ જગતનો તાત છે. એને દુઃખી કરવો પરવડે તેમ નથી. ગુજરાતમાં ૭૦ ટકા ખેડૂતો છે અને ૩૦ ટકા જ બીજા લોકો છે. જો ઉદ્યોગપતિને રૂપિયા ભરવાના બાકી હોય તો એને કશું જ કરવામાં ન આવે જ્યારે ખેડૂતના પૈસા બાકી હોય તો એને હપતા પણ ગોઠવી આપવામાં આવતા નથી અને સીધું કનૅક્શન કાપી નાખવામાં આવે છે. ઉદ્યોગપતિઓના કરોડો રૂપિયા બાકી હોય છે એ ન ભરે તો ચાલે પરંતુ ખેડૂતના પૈસા બાકી હોય તો એ ચલાવવામાં આવતું નથી. પહેલા તત્કાલ યોજના નીચે કનેકશનો આપવામાં આવતા હતાં એ પણ બંધ કરી દેવામાં આવ્યા છે. અમુક જગ્યાએ ગુજરાતમાં પાણી ઉપર છે ત્યાં આગળ ખેતીમાં બે હોર્સ પાવર કે ત્રણ હોર્સ પાવર કે પાંચ હોર્સ પાવરના કનેકશનો આપવામાં આવે તો એ નાના નાના ખેડૂતો એના ઉપર જીવી શકે.. ખેતી એક ઉદ્યોગ છે. એના ઉપર નાના નાના ખેડૂતો જીવી શકે, પોતાની રોજી રોટી મેળવી શકે એની આ સરકારને ખબર નથી. કોઈ ઉદ્યોગપતિને બે હોર્સ પાવર કે પાંચ હોર્સ પાવરની જરૂર પડે તો એને તાત્કાલિક કનૅક્શન આપવામાં આવે છે. પરંતુ ખેડૂત માગણી કરે તો એ આપવામાં આવતું નથી. ખેડૂતને આપવામાં શું તકલીફ છે એની ખબર પડતી નથી. જો તમે ખેડૂતને નહિ આપો તો એ તમને માફ નહિ કરે. અત્યારે આઠ કલાક પણ વીજળી આપવામાં આવતી નથી. કનેકશનો પણ ઘણા બધા કાપી નાખવામાં આવ્યા છે. વિદ્યુત બોર્ડનું કંપની કરણ કર્યા પછી તો ખેડૂતોનું નખ્ખોદ વાળી નાખ્યું છે. વગર વાંકે એને દંડ કરવામાં આવે છે. તે ડાયરેકટ કનૅક્શન લીધું છે એમ કરીને કનેકશન કાપી નાખવામાં આવે છે. જ્યારે મોટા ઉદ્યોગપતિને કશું જ કરવામાં આવતું નથી. જો ખેડૂતોના પૈસા બાકી હોય તો જઈને સમજાવવા જોઈએ કે તમારા પૈસા ભરવાના બાકી છે એ ભરી આપો પણ એ સમજાવ્યા વગર સીધા કનૅક્શન કાપી નાખવામાં આવે છે. અત્યારે ઘઉંનો પાક તૈયાર થવા આવ્યો છે તેવે વખતે વીજળી પૂરતી આપવામાં આવતી નથી. એક પાણી બાકી છે એના માટે પૂરતી વીજળી આપવામાં આવે એ ખૂબ જ જરૂરી છે. ખેડૂતો પ્રત્યે સાહનુભૂતિ રાખે તેવી માનનીય મંત્રીશ્રી સૌરભભાઈને અપીલ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપ ૫.૩૦ વાગ્યા સુધી બોલી શકો છો.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય સભ્ય શ્રીમતી રશીદાબહેન પટેલ જે સંકલ્પ લઈને આવ્યા છે અને એ સંકલ્પની અંદર લખ્યું છે એ વિચારીએ તો એમ લાગે કે આ વિધાનસભામાં આ સંકલ્પ મૂકી શકવાની આવશ્યકતા છે ખરી? આખા દેશના નિષ્ણાંતો ગુજરાતમાં આવે છે. હમણાં જ આદરણીય શીંદેજી વડોદરા આવ્યા હતા. માનનીય શીંદેજી કેન્દ્રીય ઊર્જા મંત્રી છે એ આપ સૌ જાણતા હશો. એમણે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે દેશની અંદર વીજળી ક્ષેત્રે સારામાં સારી કામગીરી થઈ હોય તો એ ગુજરાતમાં થઈ છે. મારી પાસે આખું લાઈવ રેકોર્ડિંગ છે અને હું બધા સભ્યશ્રીઓને આપવા માટે તૈયાર છું. ચૂંટણીમાં તો અમે એ વાપરવાના જ છીએ. કેન્દ્રના મંત્રીશ્રીએ આવીને એમ કહ્યું કે દેશમાં સારામાં સારો વહીવટ થતો હોય તો આ ગુજરાતમાં થાય છે. એકબાજુ કેન્દ્રીય મંત્રી ગુજરાતમાં આવીને જુદુ કહે છે અને બીજી બાજુ એમના જ પક્ષના ધારાસભ્યશ્રીઓ અહીંયા જુદુ કહે છે. વીજળી અને ટ્રીપીંગ એ ફ્રીકવન્સી ઉપર આધારિત છે. ફ્રીકવન્સી સારી હોય, ૪૯ અને ૫૦ વચ્ચે હોય તો ટ્રીપીંગ બિલકૂલ નથી આવતું. છેલ્લા ઘણાં વખતથી વૅસ્ટર્ન ગ્રીડમાં ડીસીપ્લીન સારું રાખવામાં આવ્યું હતું અને તેના કારણે વર્ષો સુધી ટ્રીપીંગનું પ્રમાણ ખૂબ ઓછું હતું. ૪૯થી ૫૦ની ફ્રીકવન્સી ૯૭ ટકા રહેતી હતી. એટલે ટ્રીપીંગ થવાની કોઈ શક્યતા નથી.

મારે દુઃખ સાથે કહેવું પડે છે કે કેન્દ્રએ ૨૬-૮એ નિર્ણય લીધો કે આપણે નોર્ધન ગ્રીડમાં જોડાણ કરીએ. નોર્ધન ગ્રીડમાં ખૂબ ડીસીપ્લીન છે. નોર્ધનગ્રીડમાં વીજળી નથી. પંજાબ, હરિયાણામાં બિલકૂલ વીજળી નથી. તેના કારણે થયું શું કે નોર્ધન ગ્રીડે વીજળી ખેંચવાનું વધારે ચાલુ કર્યું. બીજું જે કર્યું કે આપણે અંધારપટ ન થાય તેના માટે રીલે સ્વિચ મૂકવામાં આવી. આપણે જે રીલે સ્વિચ મૂકી હતી એ ૪૮.૬એ મૂકી હતી. કારણ કે આપણને વિશ્વાસ હતો કે ૪૮.૬ સુધી નહીં આવે. એટલે આપણી રીલે સ્વિચ કયારેય ટ્રીપ નહીં થાય. કેન્દ્રએ ઑર્ડર કર્યો કે ૪૮.૮ કરો. એટલે થયું શું કે ૪૮.૮ જેવી ફ્રીકવન્સી કરી અને બીજી બાજુ નોર્ધન ગ્રીડમાં વીજળી ખેંચાવા માંડી. તો ૪૮.૮ થાય. આપણું મેન્ટેનન્સ સારું હોવાને કારણે આપણી રીલે સ્વિચ ફટાફટ ઓપરેટ થાય એટલે ટ્રીપીંગ ચાલુ થઈ જાય. હવે ૪૮.૭૯ થાય એટલે ટ્રીપ થાય, ૪૮.૮૧ આવે એટલે પાછું ચાલુ થાય. ૪૮.૭૯ આવે એટલે ટ્રીપ થાય. આવી પરિસ્થિતિ ઉભી થઈ અને તેમાં આપણો આટલો પણ દોષ નહોતો. એક ટકાનો દોષ

નહોતો. વૅસ્ટર્ન ગ્રીડની ઈમરજન્સી મિટિંગો થઈ, તેમાં કેન્દ્રને કહેવામાં આવ્યું કે તમે નોર્ધન ગ્રીડનું છૂટું પાડો. આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આદરણીય શીંદેજીને રજૂઆત કરી કે આ તમે દૂર કરો. અમને દિવસમાં બહુ તકલીફ પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, ન કરવામાં આવ્યું. પરિણામ શું આવ્યું કે આજની તારીખમાં ૪૯ ટકા અને ૫૦ની જે ફ્રીકવન્સી છે એ લેવલ ૭૧ સુધી પહોંચી ગયું. ગઈકાલે ૮મી તારીખે મિટિંગ થઈ અને મિટિંગમાં નક્કી કર્યું કે જો કોઈ ઓવર ડ્રૉ કરીએ તેને બે લાખ રુપિયા ૧૫ મિનિટના ૫૦ મેગાવોટની પેનલ્ટી આપવામાં આવશે. એટલે કેન્દ્રની અણઆવડતના કારણે, તેણે ધ્યાન ન આપવાના કારણે, નોર્ધન ગ્રીડને કંટ્રોલ ન કરવાને કારણે આપણે ત્યાં આ ટ્રીપીંગ ઉભું થયું છે. નહીં તો પહેલાં કયારેય નહોતું. એટલે મારી પણ સભ્યશ્રીઓને વિનંતી કે એક નાનો પત્ર કે આપણે નોર્ધનગ્રીડમાંથી છૂટું પાડવાનું શીંદેજીને લખો એવી મારી આપને વિનંતી છે.

બીજું, મહારાષ્ટ્રની વાત કરું. મહારાષ્ટ્રમાં ખૂબ મોટો પ્રોબ્લેમ છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૧૫ દિવસમાં બે વાર ૨૫-૨એ અને ૨૮-૨એ એ લોકોએ વીજળી ખેંચી લીધી. ખેંચી લીધી એટલે એટલી બધી ખેંચી કે આપણાં પાવર પ્લાન્ટ બંધ થઈ ગયા અને પાવર પ્લાન્ટ ચાલુ કરતાં બે કલાક થયા. ૯૦ ટકા સિસ્ટમ સચવાઈ રહી પણ ૧૦ ટકા સિસ્ટમમાં નુકસાન થયું. મહારાષ્ટ્રમાં ૧૬-૧૬ કલાક, ૧૮-૧૮ કલાક આ ટ્રીપીંગના કારણે વીજળી બંધ રહી હતી અને ત્યાંના ઉર્જામંત્રીએ વન મેન કમિટી એપોઈન્ટ કરી કે આ મહારાષ્ટ્રે જે ખોટું કર્યું છે તેનો રિપૉર્ટ તમે ત્રણ દિવસમાં આપો. ત્રણ દિવસમાં રિપૉર્ટ આપ્યો અને મહારાષ્ટ્રને કહેવામાં આવ્યું કે આ પ્રમાણે તમે વધારે વીજળી ખેંચો નહીં. એટલે આ પણ જે અત્યારે ટ્રીપીંગ થઈ રહ્યું છે, અત્યારે આપ જોઈ રહ્યા છો એ માત્રને માત્ર મહારાષ્ટ્ર અને નોર્ધન ગ્રીડમાં બન્યું છે તેના કારણે થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસપણે બીજું કહું કે જ્યારે આપણી જરૂરિયાત હતી ત્યારે કેન્દ્રના નિર્ણયના કારણે ગુજરાતના ખેડૂતોની વીજળી લેવામાં આવી હતી. આપણી સારી વ્યવસ્થા ચાલે, કોઈ જગ્યાએ લોડ શેડીંગ નહીં, ૨૪ કલાક જયોતિગ્રામમાં આપવામાં આવે, શહેરોને વીજળી આપવામાં આવે, ઉદ્યોગોને આપવામાં આવે, ખેડૂતોને સમયસર વીજળી આપવામાં આવે અને જોયું કે ગુજરાતની વ્યવસ્થા ખૂબ સારી છે. આપણે તેમાં ભંગાણ પાડો. આપણી ૨૦૮ મેગાવોટ વીજળી લઈ ગયા. એટલે દિવસનું આપણે જે મોંઘી વીજળીને કારણે આખા વર્ષની જે ગણતરી કરી તેમાં ૬૧૭ કરોડ રૂપિયા નુકસાન કર્યું. ઉદ્યોગોને બે દિવસ કાપ મૂકવો પડ્યો હતો. ખેડૂતોને વીજળી આપવા માટે. હું સંપૂર્ણપણે સભ્ય બેનને ખાતરી આપું છું. આ ૨૦૦ મેગાવોટ જો પાછી ખેંચી લાવો તો એકેએક યુનિટ ખેડૂતોને આપવા માટે તૈયાર છું. આપણી હાલત તો જુઓ કેવી બનાવી છે? આ વીજળી તો લઈ ગયા પણ પછી આપણે નક્કી કર્યું કે કોઈપણ ભાવે આપણે બહારથી વીજળી ખરીદવી છે. અને આપણી દશા તો જુઓ. આપણે વીજળી લેવા માટે ઈસ્ટ ગ્રીડમાં જઈએ સધર્ન ગ્રીડમાં જઈએ ત્યાંથી વીજળી લેવી હોય કે ગમે ત્યાંથી વીજળી લાવવી હોય તો કેન્દ્રના કોરીડોરમાંથી લેવી પડે. આપણે ૨૦૦ મેગાવોટ ઈમીજીએટ ખરીદી કરીએ, ઊંચા ભાવે ખરીદી કરીએ. અને એમણે મંજૂરી કેટલી આપી? ૨૦૦ મેગાવોટની સામે માત્રને માત્ર ૯૬ મેગાવોટ આ ગ્રીડમાંથી લઈ જવાની પરવાનગી આપી છે. કેન્દ્રના આ ગ્રીડમાં એટલી વીકનેશ છે કે આપણે પાણીની પાઈપલાઈન છે એમાં ૨૦ લિટર લઈ જતા હોય અને એમાં ૫ લિટર જો વધારીએ તો આ વીકનેશને કારણે શું થાય? એવી વીકનેશ આ ગ્રીડમાં છે. આજે ૨૦૦ મેગાવોટ માગો તો આજે ૬૦ મેગાવોટ મળે, બીજા દિવસે ૪૦ મેગાવોટ મળે, ત્રીજા દિવસે ૩૦ મેગાવોટ મળે. શું સામાવાળા આપણી રાહ જુએ? આપણને હેરાન કરવા માટે આ ગ્રીડમાંથી પણ નથી આપતા અને આપણે અનેક કાગળો લખ્યા છે કે તમે આ ગ્રીડની કેપેસીટી વધારો અને આ ગ્રીડમાંથી વીજળી આવવા દો. આવા અનેક અનેક કારણોસર આ ટ્રીપીંગ, વીજળીની શોર્ટેજ ઊભી થતી હોય છે. પણ ખેડૂતોની ચિંતા અમે કરી છે. ખેડૂતોને જોઈએ ગુણવત્તાવાળી વીજળી માટે સબ સ્ટેશન જોઈએ. તમે લોકોએ ૧૯૯૦થી ૧૦ વર્ષની અંદર ૨૩૧ સબ સ્ટેશન કર્યા. આજે છેલ્લા ત્રણ વર્ષમાં ૧૬૦ સબ સ્ટેશન થયા. સબ સ્ટેશન હોય તો ગુણવત્તાવાળી વીજળી અપાય. માનનીય સભ્યશ્રી જયંતિભાઈએ કહ્યું કે ત્રણ ત્રણ સબ સ્ટેશન કર્યા છે. લોડ વધારવો છે. અને કવોલીટીવાળી વીજળી આપવી છે તો સબ સ્ટેશન ઊભા કરવા પડે. અહીંયાં બનાસકાંઠા જુઓ, સુરેન્દ્રનગર જુઓ, મહેસાણા જુઓ, પુષ્કળ લોડ છે. ગઈ સાલ ૫૦ સબ સ્ટેશનો કર્યા એમાંથી ૪૭ ગ્રામ્ય વિસ્તારોમાં કર્યા. એક રૂપિયો કમાવાનો નથી. માત્રને માત્ર ગુણવત્તાવાળી વીજળી આપવાની છે. ૨૦૦૧-૦૨માં ૫૮૦ ટ્રાન્સફરમરમાં લોડ શીફટ કરવામાં આવ્યા હતા. ૨૦૦૫-૦૬માં ૧૬૧૯ થયા. કેટલો લોડ શીફટ થયો છે કે જેથી ખેડૂતોને વીજળીની તકલીફ ન પડે.

માનનીય અધ્યક્ષશ્રી, કન્ડકટર, વાયરો ગરમ થઈ જાય, વાયરોમાં લોડ વધારો થાય, વાયરો ગરમ થઈ જાય એટલે તૂટી જાય આવી અનેક ફરિયાદો વર્ષો સુધી ચાલી. વાયરો બદલાતા નહોતા. ૨૦૦૧-૦૨માં ૬૦૦ કિ.મિ. વાયરો નાખ્યા, ૨૦૦૫-૦૬માં ૨૬૦૦ કિ.મિ. નાખ્યા છે. આપ વિચાર તો કરો કે આ કયાં વપરાય છે? આ શહેરોમાં નાખ્યા નથી. જે કાંઈ થાય છે એ ગામડામાં થાય છે. વાયરો બદલાય છે, ફીડરો બદલાય છે. આ કોના માટે છે? એવી જ રીતે જ્યાં ફીડર બાયફરગેશન કરવાનું ખૂબ અગત્યનું છે, ત્યાં ફીડર બાયફરગેશન કરીને લોડ ડ્રીસ્ટ્રીબ્યુશન કરવામાં આવ્યું છે ત્યારે બે ફીડરના કારણે લોડ ડ્રીસ્ટ્રીબ્યુશન થતું હોય છે. ૨૦૦૧-૦૨માં ૧૫૧ ફીડર બાયફરગેશન થયું હતું. ૨૦૦૬-૦૭ના ડિસૅમ્બર સુધીમાં ૩૯૯ કર્યા છે. આપ કલ્પના કરો. ગઈ સાલ ૨૭૨ કર્યા હતા. એટલે દરેક સાલ કરીએ છીએ, ફીડર બાયફરગેશન વધારેમાં વધારે કરીએ છીએ. જેથી આપણે

ગુણવત્તાવાળી વીજળી આપી શકીએ. એવી જ રીતે આપણે જોઈએ તો આજે અમે લોકદરબાર કરીએ છીએ. તો પાવરની ફરિયાદો આવતી નથી. આજે એવરી ડે મોનીટરીંગ કરવામાં આવે છે. કેટલું ટ્રીપીંગ થાય છે? કયા ફીડર ઉપર થાય છે. ટ્રીપીંગ થતું હોય છે એ માહિતી ડૅપ્યુટી ઍંજિનિયર, એક્ઝિક્યુટિવ ઍંજિનિયર, એ.સી., સુપ્રિ. એ.સી.ને અને અહીંયાં સચિવાલયમાં મોકલવામાં આવે છે કે અહીંયાં આ ફીડર ઉપર આટલું ટ્રીપીંગ થયું હતું? અને આ ટ્રીપીંગ ઓછું કરવા માટે અમે ઘણું બધું આઉટ સોર્સીંગનું કામ આપ્યું છે. આ વર્ષે દરેક સબ સ્ટેશનમાં આઉટ સોર્સીંગની ગૅન્ગ આપી છે અને ઓન્લી ફોર મેઈન્ટેનન્સની ગૅન્ગ આપીએ છીએ. આ મેઈન્ટેનન્સને કારણે ૩૬૦ જેવી આઉટ સોર્સીંગની નવી ટીમો ઊભી કરી છે અને એટલે એનું એકલું  કામ મેઈન્ટેનન્સનું આપ્યું છે કે જેથી ટ્રીપીંગ ઓછું થાય. એટલે સભ્યશ્રીઓને વિનંતી કરું કે, તેમના વિસ્તારમાં એવું લાગે કે, આઉટ સોર્સીંગની જે ટીમો ઊભી કરી છે એનો સંપૂર્ણ પણે ઉપયોગ કરે.

**અધ્યક્ષશ્રી .** : જલદી પૂરું કરો. બહેનને ૫ મિનિટ જોઈશે.

